જથ્થાબંધ દવાઓના ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરવા અને તે રીતે પ્રમાણભુત પરીક્ષણ અને માળખાકીય સુવિધાઓની સરળ એક્સેસ પ્રદાન કરીને સ્થાનિક બલ્ક દવા ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવાના હેતુથી, **બલ્ક ડ્રગ પાર્ક** મહત્વપૂર્ણ છે. આ જ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે દરખાસ્ત રજુ કરી છે અને ''પ્રમોશન ઓફ બલ્ક ડ્રગ પાર્ક'' યોજના હેઠળ **ભરૂચ જીલ્લાના જંબુસરમાં** ૮૧૫.૪૪ હેક્ટર વિસ્તારમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટે ભારત સરકાર પાસેથી સૈધ્ધાંતિક મંજૂરી મેળવી છે.

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

રાજ્યપાલશ્રીનું સંબોધન

"એક ભારત - શ્રેષ્ઠ ભારત"ના મંત્ર સાથે દેશના દરેક રાજ્યના સાંસ્કૃતિક વારસાને સન્માન આપવા ગુજરાત સરકારે સોમનાથ મહાદેવના પવિત્ર સાંન્નિધ્યમાં ઐતિહાસિક **સૌરાષ્ટ્ર - તમિલ સંગમ** કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું હતું.આ કાર્યક્રમ દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતની સંસ્કૃતિઓનો સંગમ છે. લગભગ બારસો વર્ષના લાંબા સમયગાળા પછી આટલી ભવ્યતા સાથે આ પ્રકારનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

**કૃષિ અને ખેડૂત કલ્યાણ**

ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં એક એવું રાજ્ય છે જ્યાં કૃષિ અને ઉદ્યોગનો વિકાસદર એકસાથે તાલ મેળવી રહ્યાં છે. રાજ્યની વિવિધ કૃષિ વિકાસલક્ષી યોજનાઓ અને તેનો અસરકારક અમલ,સિંચાઈની સુવિધા વધારવી, પાણીના કરકસર તેમજ સમજપૂર્વકના ઉપયોગ માટે ફુવારા અને ટપકસિંચાઇ વિસ્તાર વધારવાની યોજનાઓ, કૃષિસંશોધનોના પરિણામો તેમજ વ્યવહારુ તકનીકી અને તજજ્ઞતા ખૂબ જ ટૂંકા ગાળામાં ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવાનો રાજ્ય સરકારશ્રીનો સર્વગ્રાહી અભિગમ રહ્યો છે.

**પ્રાકૃતિક કૃષિ**

- પ્રાકૃતિક કૃષિને રાજ્યમાં વેગ મળે તે માટે દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના, સંપૂર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લા અંતર્ગત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો માટે નાણાકીય સહાયની યોજના તેમજ પ્રાકૃતિક કૃષિના અમલ માટે **ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ**ની રચના કરવામાં આવેલ છે.
- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં વિશેષ સંસાધનો,શિક્ષણ અને વિસ્તરણ માટે **"ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી"** ની સ્થાપના કરવામાં આવેલ છે.
- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની જાણકારી ગ્રામ્ય કક્ષાએ દરેક ખેડૂતો સુધી પહોંચે તે માટે રાજ્યના સ્થાપન દિન ૧ મે,૨૦૨૩ થી ૧૦-૧૦ ગ્રામ પંચાયતના ૧૪૬૬ કલસ્ટરની રચના કરવામાં આવેલ છે. દરેક કલસ્ટરમાં એક ટેકનીકલ અધિકારીઅથવા કર્મચારી (ટેકનિકલ માસ્ટર ટ્રેનર) તથા એક પ્રાકૃતિક કૃષિ અપનાવી ચુકેલ સફળ ખેડૂત(ફાર્મર માસ્ટર ટ્રેનર) દ્બારા કલસ્ટરના પ્રત્યેક ગામમાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિની તાલીમ કમ નિદર્શન દ્બારા જાણકારી આપવામાં આવી રહી છે.અત્યાર સુધીમાં ૨૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે.
- **કૃષિ રાહત પેકેજ** : વર્ષ ૨૦૨૩માં માર્ચ માસમાં થયેલ વિવિધ કુદરતી આપત્તિઓ કમોસમી વરસાદ, બિપરજોય વાવાઝોડુ,ભારે વરસાદ અને નદીઓના ઉપરવાસમાં થયેલ વરસાદને કારણે નદીઓમાં આવેલ પુર અને તેના કારણે થયેલ પાક નુકસાની સામે ૧૩ જિલ્લાઓમાં કુલ ૩૭,૦૪૫ ખેડૂત લાભાર્થીઓને રૂ.૮૫.૪૯ કરોડ, કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં કુલ ૫૦,૬૨૭ ખેડૂત લાભાર્થીઓને રૂ.૧૩૩.૧૯કરોડ તથા ભરુચ,નર્મદા અને વડોદરા જિલ્લામાં કુલ ૨૨,૧૪૬ ખેડૂત લાભાર્થીઓને રૂ.૬૨.૭૩ કરોડની સહાય કૃષિ રાહત પેકેજ સ્વરૂપે ચુકવવામાં આવેલ છે.
- **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના** :પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ આજદિન સુધીમાં એક થી પંદર હપ્તાની કુલ રૂ.૧૫,૪૦૭.૮૨ કરોડનીરકમ ૬૪.૧૩ લાખ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવેલ છે.
- **ટેકાના ભાવે ખરીદી:** રાજ્યના ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવ મળી રહે, તે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૧,૯૩,૦૮૭ ખેડુતો પાસેથી કુલ રૂ. ૨૨૧૨.૯૨ કરોડ મૂલ્યની ૪,૧૨,૯૬૦.૨૨ મેટ્રિક ટન જેટલી વિવિધ જણસોની સરકારે ટેકાના ભાવે ખરીદી કરેલ છે.
- **કૃષિ યાંત્રિકીકરણ** માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૫૩,૧૫૪ જેટલા લાભાર્થીઓને રૂ.૨૪૩.૪૬ કરોડની સહાય ચુકવવામાં આવી છે.
- **કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી (કૃષિ વિમાન) નાં ઉપયોગની યોજના:** વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અદ્યતન ડ્રોન ટેક્નોલોજી (કૃષિ વિમાન) ના ઉપયોગથી રાજ્યમાં કુલ ૨૨,૪૮૯ એકર વિસ્તારમાં રૂ. ૪૧.૭૪ લાખની સહાય સાથે ૬૩૧૨ ખેડૂતોને લાભ આપવામાં આવેલછે.
- **આંતરરાષ્ટ્રીય મિલેટવર્ષ- ૨૦૨૩:** ભારત સરકારેવર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટવર્ષતરીકે ઉજવવાનું નક્કી

કર્યું હતું,જે અંતર્ગત ભારત સરકારના વિઝનને ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા "**શ્રી અન્ન**" નો ખાધ્યમાં રોજીંદા જીવનમાં ઉપયોગ થાય, રાજયમાં મિલેટ પાકોના ઉત્પાદનમાં વધારો થાય તથા પાકોનું મુલ્ય વર્ધન કરી ખેડૂતોની આવકમાં વધારો થાય તે હેતુથી રૂ. ૩૫કરોડની મિલેટ ડેવલોપમેન્ટ યોજના અમલી કરેલ છે.

**ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી.**

- સરકારની ખેડૂતલક્ષી યોજનાઓ સાથે ખેડૂતોને વાજબી ભાવે ગુણવત્તાયુક્ત રાસાયણિક ખાતર પણ પૂરું પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં નવેમ્બર-૨૦૨૩ સુધીમાં **૩.૩૧ લાખ મેટ્રિક ટન રાસાયણિક ખાતર**પૂરુંપાડવામાં આવેલ છે.

**બાગાયત**

રાજ્યના ખેડૂતોને બાગાયત પાક માટે અદ્યતન ટેકનોલોજી પ્રદાન કરવાના હેતુથી રાજ્યમાં સાત (૭) **સેન્ટર ઓફ એક્સેલેન્સ**) સાબરકાંઠા, ગીર સોમનાથ, કચ્છ, મહેસાણા, વલસાડ, ઈસરામા(આણંદ)અને મજીવાણા (કાર્યરત છે. વધુમાં, રાજ્યમાં અમદાવાદ,જામનગરઅને ખેડા ખાતેતથાઅલગ અલગ ત્રણ આદિજાતિ વિસ્તારો નર્મદા,પંચમહાલ અને અરવલ્લી ખાતેનવા સેન્ટર ઓફ એક્સેલેન્સ નિર્માણ પામી રહ્યાં છે.

**પશુપાલન**

- ગુજરાત રાજ્યના આર્થિક અને સામાજીક વિકાસમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રનું આગવું યોગદાન છે.
- વર્ષ ૨૦૨૩-૨૪માં નવેમ્બર ,૨૦૨૩ સુધીમાં **પશુઆરોગ્ય ક્ષેત્રે** ૩૯.૧૩ લાખ પશુઓને સારવાર આપવામાં આવી છેઅને ૩,૧૦૨ **પશુ આરોગ્ય મેળાની** કામગીરી કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં રાજ્યમાં ૧ કરોડ ૪૫ લાખ પશુઓમાં ખરવા મોવાસા રસીકરણ હાથ ધરવામાં આવ્યું છે.

**મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના**

- વર્ષ ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા અને પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓના નિભાવ માટે પશુ દીઠ પ્રતિદિન રૂ.૩૦ લેખે રોકડ સહાય આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળઅંદાજે આજ દિન સુધી ૩.૬૬ લાખ પશુઓ માટે રૂ.૧૪૮.૫૭ કરોડની નિભાવ સહાયઆપવામાં આવેલ છે.

**ડેરી સહાય**

- સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના **દૂધ સંઘોને માળખાકીય સુવિધા** માટે સહાયની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ,મોરબી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અને જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના કુલ રૂ .૩૦ કરોડના પ્રોજેક્ટ્સ માટે રાજ્ય સરકાર દ્વારા **રૂ.૧૬.૮૯ કરોડની સહાય** મંજૂર કરવામાં આવી છે અને પ્રથમ તબક્કે કુલ રૂ. ૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**મત્સ્યોદ્યોગ**

- સાગરખેડુઓને **હાઈસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના** હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ માટે કુલ રૂ. ૪૪૩.૪૪ કરોડની જોગવાઈ સામે ડિસેમ્બર અંતિત **રૂ.૩૩૨.૫૮ કરોડની સહાય** આપવામાં આવી છે તેમજ સહાયની રકમનું પારદર્શક રીતે ઓનલાઈન પદ્ધતિ દ્વારા ચુકવણું કરવામાં આવે છે.
- સરકાર દ્વારા નોટીફાઈ કરવામાં આવેલ ૧૦૭ મત્સ્ય કેંદ્રો ખાતે જરૂરીયાત મુજબ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા,આધુનિકરણ/અપગ્રેડેશનની કામગીરી કરવા તથા ડ્રેજીગની કામગીરી કરવા જેવી બાબતો માટે ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજના તરીકે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૨૨૫.૭૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
- વધુમાં નાબાર્ડ દ્વારા લોન સહાયથી ચાર નવા મત્સ્યબંદર માઢવાડ,સુત્રાપાડા,નવાબંદર અને વેરાવળ ફેઝ-૨ વિકસાવવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ. ૩૩૭.૫૦ કરોડની જોગવાઈ કરેલ તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે માંગરોળ ફેઝ-૩ મત્સ્યબંદર વિકસાવવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ. ૭૭.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ માળખાકીય કામો માટે ડિસેમ્બર સુધીમાં કુલ રૂ. ૧૯૮.૩૮ કરોડનો ખર્ચ થયેલ છે.

**સહકાર**

**બજાર સમિતિની વ્યવસ્થા**

- ખેડૂતોને ખેત ઉત્પન્નના પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે સુદ્દઢ બજાર વ્યવસ્થા જરૂરી છે. રાજ્યમાં ખેડૂતોને તેમના ખેતરની નજીક જ યાર્ડની સવલત મળી રહે તેવી રાજ્ય સરકારની નીતિ રહેલ છે.હાલમાં રાજ્યમાં ૨૧૨ મુખ્યયાર્ડ, ૧૯૨ સબયાર્ડ સહિત કુલ ૪૦૪ બજાર આવેલ છે. ખેડૂતોને વધુમાં વધુ માર્કેટયાર્ડની સુવિધા મળી રહે તે માટે પ્રાઇવેટ માર્કેટોને પણ રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે. હાલમાં, રાજ્યમાં ૩૦ પ્રાઇવેટ માર્કેટ માટે લાઇસન્સ આપવામાં આવેલ છે.

**જળ વ્યવસ્થાપન**

પ્રકૃતિના પંચમહાભૂતો પૈકી પાણી એ અસ્તિત્વનો આધાર છે. જીવસૃષ્ટિની ઉત્પત્તિ,સંવર્ધન અને વિકાસના પાયામાં રહેલી પાણીની ઉપલબ્ધતા જે તે સંસ્કૃતિ કે સમાજનું ગુણવત્તાયુક્ત જીવનધોરણ અને સમૃદ્ધિનો માપદંડ છે. જનસામાન્યની પર્યાપ્ત અને શુદ્ધ પીવાના પાણીની પ્રાથમિક જરૂરિયાતોને પરિપૂર્ણ કરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર પેયજળ વ્યવસ્થાપનમાં સમગ્ર દેશ માટે પથદર્શક બની છે.

- સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી **સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ) સૌની) યોજનાની** ચાર લીંક પાઇપલાઇન અંતર્ગત ૩૨ પેકેજોના કામ પૂર્ણ થયા છે. અને ૪ પેકેજોના કામ પ્રગતિ હેઠળ છે. પૂર્ણ થયેલ કામગીરી દ્વારા અત્યાર સુધીમાં ૮૫ જળાશયો,૧૪૬ ગામ તળાવો અને ૯૨૭ ચેકડેમોમાં આશરે ૭૫,૦૬૦ મિલીયન ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે. જેના દ્વારા આશરે ૬,૫૦,૦૦૦ એકરમાં સિંચાઇ સુવિધા સુદ્દઢ થયેલ છે તેમજ રાજકોટ,ગોંડલ,જામનગર,ભાવનગર,બોટાદ,રાણપુર અને મોરબી જેવા શહેરોમાં પીવાના પાણીની સુવિધા સુદ્દઢ થયેલ છે.
- સમગ્ર રાજયમાં જળસ્ત્રોતના સંગ્રહનો વ્યાપ વધારવા **સુજલામ સુફલામ જળ અભિયાન** અંતર્ગત છેલ્લા છ વર્ષમાં કુલ ૯૮,૨૩૪ કામો પૂર્ણ કરવામાં આવેલ છે .જે પૈકી તળાવો ઉંડા કરવાના કુલ ૩૫,૩૦૩ કામો કરવામાં આવેલછે તથા કુલ ૨૧,૩૮૯ ચેકડેમોનું ડીસીલ્ટીગ કરવામાં આવેલ છે .જેના થકી૧,૦૭,૬૨૧લાખ ઘનફૂટ જેટલો જળસંગ્રહ ક્ષમતામાં વધારો થયેલ છે.
- સિંચાઈ યોજનાઓના જળ વ્યવસ્થાપનમાં રાજ્યસરકારે ખેડૂતોને સામેલ કર્યા છે. **સહભાગી સિંચાઇ** વ્યવસ્થાની કામગીરી વધુને વધુ ખેડૂત પિયત મંડળીઓને સોંપવામાં આવે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે .સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીમાં સહભાગી સિંચાઇ હેઠળ ૨૮૩૭ મંડળીઓ દ્વારા ૮,૫૦,૫૬૧ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે.
- ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં વિવિધ યોજનાઓ થકી રાજ્યમાં ૧૨૪ નાના ચેકડેમો અને ૧૦૯ મોટા ચેકડેમો મળી **કુલ ૨૩૩ ચેકડેમો** પૂર્ણ થયા છે.આ ઉપરાંત,૧૧૬ નાના ચેકડેમો તથા ૬૩ મોટા ચેકડેમના કામો પ્રગતિ હેઠળ છે,જે પૂર્ણ થતાં આગામી વર્ષે ૭૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈના લાભ મળશે. નવેમ્બર-૨૦૨૩ સુધીમાંકુલ ૧,૮૭,૧૪૫ થી વધુ ચેકડેમોથી આશરે ૪,૫૧,૯૯૮ હેક્ટર વિસ્તારને સીધી અને આડકતરી સિંચાઈના લાભ મળી રહ્યાં છે.
- જળ સંચય ક્ષેત્રે રાજ્ય એ કરેલી કામગીરીને દેશમાં નમૂના રૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી છે. હજારો ચેકડેમ, ખેતતલાવડીઓ, બોરીબંધ,જલમંદિરો ,તળાવો ઊંડાં કરવાનું અભિયાન,જૂની કેનાલોનું મરામત અને આધુનિકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ,સુજલામ સુફલામ યોજના, ક્ષારપ્રવેશ નિયંત્રણ યોજના વગેરે યોજનાઓનાં નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામ મળ્યાં છે. જળસંચય અભિયાનને લીધે ગુજરાતમાં પાણીનાં તળ ઊંચાં આવવા માંડ્યાંછે અને ખેત ઉત્પાદનમાં મોટા પાયે વૃદ્ધિ થયેલ છે.
- ઉત્તર ગુજરાત વિસ્તારના નર્મદાના પાણીના લાભથી વંચિત રહેલ બનાસકાંઠા જીલ્લાના થરાદ,ધાનેરા,ડીસા,દિયોદર,અને કાંકરેજ તાલુકાઓના ગામો માટે સરકાર દ્વારા ૦૨ નવીન પાઈપલાઇન યોજનાઓની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાઓ થકી ૧૫,૦૦૦ હેકટર કરતાં વધુ વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ/પરોક્ષ લાભ થશે.
- નવસારી જીલ્લાના વિરાવળ -કસ્બાપાર ગામ ખાતે પૂર્ણા નદી પર અંદાજે રૂ. ૧૧૦ કરોડના ખર્ચે **પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટરના** બાંધકામની કામગીરી પ્રગતિમાં છે .આ યોજના થકી નવસારી શહેર અને આસપાસના ૨૧ ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ થશે. વધુમાં,દરિયાઇ પાણીથી થતી ખારાશ આગળ વધતી અટકશે અને ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો થશે .

આદિવાસી વિસ્તાર જ્યાં અંતરિયાળ/પર્વતીય વિસ્તારોમાં પાણી પહોંચાડવું મુશ્કેલ હતું,ત્યાં **ઉદ્વહન પાઈપલાઇન યોજનાઓ**નું સફળતાપૂર્વક આયોજન/અમલીકરણ કરવામાં આવેલ છે.

- પાનમ હાઇ લેવલ કેનાલ આધારિત પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકાના કુલ ૩૮ ગામોના ૫૩ તળાવો તથા મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ૦૯ તળાવો મળી કુલ ૬૨ તળાવો ભરવાની યોજનાના રૂ. ૧૩૭ કરોડની રકમના કામો પ્રગતિમાં છે. જેનો લાભિત વિસ્તાર ૮૫૦૦ હેક્ટર છે.

- સુરત જિલ્લાના મરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના આદિજાતિ વિસ્તારના કુલ ૭૩ ગામોના ૨૧,૭૩૨ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધાનો લાભ આપવા માટે કુલ રૂ. ૭૧૧ કરોડની અંદાજિત રકમની **તાપી-કરજણ લીંક પાઇપલાઇન યોજના**ની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- **કચ્છ વિસ્તારમાં** નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી ૧ મીલીયન એકર ફીટ પાણીનું વિતરણ કરવા માટે પ્રથમ તબક્કે **૩) ત્રણ) પાઈપલાઈન યોજનાના** કામો રૂા.૪૧૧૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે અને આ ત્રણેય લીંકોથી કુલ મળીને ૩૮ જેટલી સિંચાઇ યોજનાઓમાં નર્મદાનું પૂરનું વધારાનું પાણી પહોંચાડાશે અને ૭૭ ગામના ૧,૦૪,૨૧૬ જેટલા હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભ મળશે તેમજ પાણીની અછત ધરાવતા રાપર, અંજાર, મુન્દ્રા, ભુજ, માંડવી અને નખત્રાણા તાલુકાને લાભ મળશે.

- બનાસકાંઠા જીલ્લામાં પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત જે કિસ્સામાં ખેડુતોએ સ્વખર્ચે ખેત તલાવડી બનાવેલ હોય તેમાં સરકાર દ્વારા જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવેલ અને તેવી ખેત તલાવડીઓ ઘણી ઉપયોગી સાબિત થયેલ છે. પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં ખેત તલાવડી બનાવવામાં આવે અને તેમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણી સીધેસીધું જમીનમાં ઉતરતું નથી અને ખેડૂત સંગ્રહિત થયેલ પાણીનો વિપરીત સંજોગોમાં ઉપયોગ કરીને પાક બચાવી શકે છે. ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ૧૦ જીલ્લાના ૮૬ તાલુકાઓમાં કુલ રૂ.૩૮ કરોડના અંદાજિત ખર્ચે ૩૦૫૦ **ખેતતલાવડીઓમાં જીઓમેમ્બ્રેન** (૫૦૦ માઈક્રોનના પ્લાસ્ટીક લેયર) ફીટ કરી આપવાની યોજના અમલમાં મુકેલ છે.

**પાણી પુરવઠો** રાજયના દૂરંદેશી નેતૃત્વમાંપાણી પુરવઠા વિભાગે રાજ્યને પીવાના પાણીમાટે જળ સલામતીના હેતુસર ૨૨ વર્ષના આયોજન અને અમલના લીધે આજે દૈનિક ૩૨૦૦ એમએલડી જેટલુ પીવાનું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પુરૂ પાડી ગુજરાત મોડેલનું ઉત્તમ ઉદારહણ પુરૂ પાડેલ છે.

- પાણી પુરવઠા માટે માત્ર ભૂર્ગભ જળ પર આધાર નહિ રાખતાં મહદઅંશે સરફેસ વોટર પૂરું પાડવા માટે સરદાર સરોવર કેનાલ તેમજ પાણીનાં અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૨૦૦ કિલોમીટરની મુખ્ય પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક ઊભું કરી દેશમાં સૌપ્રથમ એવી **"રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ"** દ્વારા રાજ્યના ૧૪,૬૧૭ ગામો અને ૨૪૧ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે. બાકી રહેતા ગામોને પણ ક્રમશઃ સરફેસ જળ સ્ત્રોત આધારીત જૂથ યોજનાઓમાં આવરી લેવા માટે કામગીરી હાથ ધરવામા આવેલ છે.

- રાજ્ય સરકાર દ્વારા જલ જીવન મીશન અતર્ગત "**નલ સે જલ યોજના**" હેઠળ વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ ગ્રામ્ય વિસ્તારોના ઘરોને નળ દ્વારા પીવાનુ પાણી પુરુ પાડવા માટેના કામો પૂર્ણ કરવા માટેનો લક્ષ્યાંક નિર્ધાર કરેલ હતો. રાજય સરકાર દ્વારા આ વિસ્તારોમા ૯૧ લાખથી વધારે ઘરોને નળ દ્વારા પીવાનું પાણી પુરુ પાડવા માટે જોડાણ આપવામા આવેલ છે.

- ગ્રામ્ય વિસ્તારોમાં ૧૯,૫૮૮ મીની પાઇપ યોજનાઓ અને ૨,૭૯,૭૧૬ હેન્ડપમ્પ બેસાડી છેવાડાના માનવી સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ છે. જે પૈકી, ૧૭,૪૭૮ મીની પાઇપ યોજનાઓ તેમજ ૨,૧૬,૧૪૬ હેન્ડ પમ્પ આદિજાતિ વિસ્તારમાં બનાવી સરકારે છુટાછવાયા, ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોની સુવિધામાં સતત વધારો કરેલ છે.

**સરદાર સરોવર નર્મદા યોજના**

સરદાર સરોવર યોજના ગુજરાત રાજ્યમાં નર્મદા નદી ઉપર નિર્માણ પામેલ આંતરરાજ્ય બહુહેતુક પરિયોજના છે.

- સરદાર સરોવર યોજનાના બંન્ને પાવર હાઉસ કાર્યરત થતાં ૧૪૫૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવેલ છેઅને ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ ૫૯૩૫.૦૪ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયેલ છે.

- નર્મદા યોજનાની વડોદરા,મિયાગામ,સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ઉપર જુદી જુદી જગ્યાએ લઘુ વીજ મથકોના બાંધકામ ની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ લઘુ વીજ મથકો મારફત આશરે ૮૫.૪૬ મેગા વોટ વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે. ડિસેમ્બર-૨૦૨૩ ના અંત સુધીમાં કુલ ૪૨.૦૨ કરોડ વીજ યુનિટ ઉત્પાદન થયેલ છે.

- કચ્છ શાખા નહેરની કુલ ૩૫૭ કી.મી.ની લંબાઇમાં બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે.
- ડિસેમ્બર-૨૦૨૩ સુધી કુલ ૧૭.૯૨ લાખ હેકટર પિયત વિસ્તારમાંથી ૧૭.૨૧ લાખ હેકટર વિસ્તારમાં પ્રશાખા નહેરો સુધીનાં કામ પૂર્ણ કરી સિંચાઇ ક્ષમતા વિકસિત કરવામાં આવી છે.

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો**

**"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩" હેઠળ રાહતદરે અનાજ વિતરણ**

- "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"(N .F .S .A )હેઠળ સમાવિષ્ટ રાજ્યના અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોને મળતા યોજનાકીય લાભો અંતર્ગત ભારત સરકારની **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**હેઠળ વર્ષ-૨૦૨૩માં રાજ્યની કુલ ૩.૫૪ કરોડ જનસંખ્યાને વિનામૂલ્યે માસિક ધોરણે ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે.

**રાજ્ય સરકાર દ્વારા રાહતદરે અનાજ વિતરણ**

- રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં ૭૨ લાખ એન.એફ.એસ.એ.કાર્ડ ધારકોને અન્ન સુરક્ષાની સાથો-સાથ પોષણ સુરક્ષા મળી રહે તે માટે વર્ષ-૨૦૨૩માં દર મહિને પ્રતિ કાર્ડ ૧ કિલોગ્રામ **તુવેરદાળનું** રૂ.૫૦ના રાહત દરે, ૧ કિલોગ્રામ **ચણાનું** રૂ.૩૦ના રાહત દરે **અને** ૧ કિલોગ્રામ **ડબલ-ફોર્ટીફાઇડ મીઠાનું** રૂ.૧ના અત્યંત રાહત દરે વિતરણ કરવામાં આવેલ છે.
- નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૨૨,૯૮૮ મેટ્રિક ટન તુવેરદાળ, ૫૪,૬૫૨ મેટ્રિક ટન ચણા અને ૪૬,૯૩૩ મેટ્રિક ટન ડબલ-ફોર્ટીફાઇડ મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે.
- વર્ષમાં આવતા બે તહેવારો **જન્માષ્ટમી** અને **દિવાળી** દરમ્યાન લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ ૧ લીટર ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર સબસિડી ભોગવીને રાહત દરે વિતરણ તેમજ ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૩૮ લાખ પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

**"પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના"**

- "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" હેઠળ સમાવિષ્ટ ૩૮ લાખ લાભાર્થી કુટુંબો તથા રાજ્ય સરકારની "પીએનજી/એલપીજી સહાય યોજના"ના લાભાર્થીઓ મળી **રાજ્યના આશરે ૩૮.૨૦ લાખ લાભાર્થીઓને** વર્ષમાં બે વખત વિનામૂલ્યે એલ.પી.જી. સિલીન્ડર રીફીલીંગ કરવામાં આવે છે.
- વિભાગ હસ્તકનાં રાજ્યવ્યાપી અનાજ સંગ્રહના ગોડાઉનો ખાતેની રોજબરોજની ગતિવિધિઓનાં મોનીટરીંગ માટે તેમજ સંગ્રહ અને વિતરણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાના હેતુથી રાજ્યમાં કુલ **૩૧૭ જેટલા ગોડાઉન લૉકેશન ખાતે સી.સી.ટી.વી. કેમેરાઓનું** ઇન્સ્ટોલેશન કરવામાં આવેલ છે તેમજ જરૂરી મોનીટરીંગ માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની વડી કચેરી ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની તેમજ જિલ્લા કચેરીઓમાં વીડીયોવોલની સુવિધા સ્થાપિત કરવામાં આવેલ છે.

**" માય રેશન" મોબાઇલ એપ્લિકેશન દ્વારા રેશન કાર્ડની સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ**

- જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડની ઓનલાઇન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા વહીવટી સુધારણાના ભાગરૂપે"My Ration"Mobile Appતૈયાર કરવામાં આવેલ છે.જેમાંથી દરેક રેશનધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી,પરિવારના સભ્યોની વિગતો,પોતાને મળવાપાત્ર જથ્થો,જથ્થાની કિંમત,છેલ્લા ૬ માસના વિતરણની વિગત,બિલની રસીદ,નજીકની વાજબી ભાવની દુકાનોના સ્થળ વગેરે પ્રકારની પ્રાથમિક માહિતી મેળવી શકે છે તેમજ પુરવઠાને લગત ફરિયાદ પણ કરી શકે છે.

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ**

- કોઇપણ રાજયના સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં રાજયનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૨૨૮૩ યુનીટ હતો. જે વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૪૦૨.૪૯ યુનીટ થયેલ છે,જે રાજયના વિકાસને પ્રતિબિંબિત કરે છે.
- વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૩૮૨ મેગાવોટના વધારા સાથે રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૪૮,૬૧૨ મેગાવોટ થયેલ છે જે પૈકી **બિન-પરંપરાગત ઊર્જા**ની સ્થાપિત વીજ ક્ષમતા ૨૨,૬૬૯ મેગાવોટ છે, જે કુલ

સ્થાપિતવીજક્ષમતાના ૪૭ % જેટલી છે.

- રાજ્યના ખેડૂતો તેમના ખેતીવાડી વીજ જોડાણનો વીજ ભાર નિયમિત કરાવી શકે તે માટે જાહેર કરવામાં આવેલ સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨ અંતર્ગત કુલ ૫૦ હજારથી વધુ ખેડૂતોએ લાભ લીધેલ છે તથા આ ખેડૂતોને એસ્ટિમેટમાં કુલ રૂ. ૩૯ કરોડની રાહત આપવામાં આવેલ છે.

- ચાલુ વર્ષે જૂન ૨૦૨૩માં આવેલ બિપોરજોય વાવાઝોડાને કારણે ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં અંદાજે ૧ લાખથી વધુ વીજ લાઇન / ટ્રાન્સફોર્મર સેન્ટર ક્ષતિગ્રસ્ત થયેલ. પરંતુ, રાજ્ય સરકારના આગોતરા આયોજનોને કારણે કોઇ પણ પ્રકારની જાનહાની થયેલ ન હતી અને શહેરો અને ગામડાઓમાં ૨૪ થી ૭૨ કલાકમાં જ્યારે ખેતીવાડી વિસ્તારોના ફિડરો ઉપર ૧૫ દિવસમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવામાં આવેલ.

- **વિશ્વનો સૌથી મોટો** એવો ૩૦,૦૦૦ મેગાવોટની ક્ષમતાનો **રિન્યુએબલ એનેર્જી પાર્ક ખાવડા-કચ્છ ખાતે** વિકસાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જેની ૫૦% વીજ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં અને ૧૦૦% વીજ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં સ્થાપવાનો લક્ષ્યાંક છે.

- રાજયમાં નવીન સબસ્ટેશનો, વીજરેષાઓ તેમજ **વીજ પ્રવહન માળખાને વધુ સુદઢ કરવાની** કામગીરી માટે માર્ચ-૨૦૨૩ અંતે કુલ **રૂ.૩૬૪૯ કરોડનો** ખર્ચ થયેલ છે.

- રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા ગુજરાત સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી **"કિસાન સૂર્યોદય યોજના"** અમલમા મુકવામા આવી છે. જે અંતર્ગત જરૂરી માળખાકીય નેટવર્ક ઊભું કરવા માટે રૂ.૩૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ યોજના હેઠળ ૭૦૮૪ ગામોમાં દિવસે વીજળી આપવાની શરૂઆત પણ કરી દેવામાં આવેલ છે.

- **કૃષિ વિષયક વીજ જોડાણો યોજના** અંતર્ગત ચાલુ વર્ષે ૪૦,૮૪૫ કૃષિ વિષયક વીજ જોડાણ આપવાના લક્ષ્યાંક સામે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૩૯,૯૩૮ કૃષિ વિષયક વીજ જોડાણો આપી દેવામાં આવેલ છે.

- **"સૂર્ય ગુજરાત" સોલાર રૂફટોપ યોજના** હેઠળ રાજ્યના રહેણાંક વીજ ગ્રાહકોમાં સોલાર એનર્જીના વપરાશને વધારવાના હેતુથી નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૪,૯૪,૫૬૮ સોલર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે જેની કુલસ્થાપિત ક્ષમતા ૧૯૫૭ મેગાવોટ છે.

- **પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન(PM-KUSUM)** યોજના કોમ્પોનન્ટ–B હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૮૬૯ સોલાર પંપ સ્થાપિત કરવામાં આવેલ છે અનેચાલુ વર્ષે રૂ. ૧૫૨ કરોડના ખર્ચે અંદાજિત ૪૯૫૦ સોલર પંપસેટ સ્થાપવા માટેનું આયોજન છે.

- બનાસકાંઠા જિલ્લાના **વાવ તાલુકાના રાધાનેસડા ગામ ખાતે** પડતર જમીન પર સ્થપાનાર**અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ (UMSPP)**કુલ ૭૦૦ મેગાવોટ પૈકી ૬૦૦ મેગાવોટના સોલાર પ્રોજેક્ટ કાર્યાન્વિત થઈ ગયેલ છે.

**ગ્રીન હાઇડ્રોજન**

- ભારતના ૭૫મા સ્વતંત્રતા દિવસ પર માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય હાઇડ્રોજન મિશનની ઘોષણા કરી અને ત્યારબાદ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૫ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજન હાંસલ કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય સાથે નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન જાહેર કર્યું.

- રાજ્ય સરકાર ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન અને નિકાસ માટે ગુજરાતને હબ બનાવવા માટે ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન ક્ષમતાના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. રાજ્યએ તાજેતરમાં ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન માટે પાવર સપ્લાય કરવા માટે RE પ્રોજેક્ટ્સના વિકાસ માટે જમીન નીતિ ૨૦૨૩ જાહેર કરી છે અને વિકાસકર્તાઓને ફાળવણી માટે ૨ લાખ હેક્ટર જેટલી જમીન નિર્ધારિત કરી છે જેના પરિણામે લગભગ ૪૦ લાખ MTPA (વાર્ષિક મેટ્રિક ટન) ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન ક્ષમતા હાંસલ થશે.

- તાજેતરમાં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૨૪માં ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રે કુલ રૂ.૩ લાખ કરોડથી વધુના એમ.ઓ.યુ. (MOU) કરવામાં આવેલ છે.

- આમ, માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત, ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક લીડર તરીકે ઊભરી આવવા માટે તૈયાર છે.

- ભારત સરકાર તરફથી CoP -26સમિટમાં ક્લાયમેટ એક્શનના ભાગરૂપે રજૂ કરાયેલ પંચામૃત મુજબ વર્ષ 2030સુધીમાં બિન પરંપરાગત ઊર્જા સંસાધનોનો ઉપયોગ કરીને ૫૦૦ ગીગાવોટ ઊર્જા પ્રાપ્ત કરવા તેમજ રાષ્ટ્રની ઊર્જા જરૂરિયાતના 50% જરૂરીયાત રિન્યુએબલ ઊર્જાના માધ્યમથી મેળવવાના લક્ષ્યાંકો રાખેલ છે.ભારત સરકારના લક્ષ્યાંકો સાથે રાજ્યના લક્ષ્યાંકોને સુસંગત કરવા અર્થે સ્વચ્છ ઊર્જા તરફ એનર્જી ટ્રાન્ઝિશન માટે રાજ્ય સરકાર મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. આ લક્ષ્યાંકોને પરિપૂર્ણ કરવા માટે ગુજરાત સરકારે **રિન્યુએબલ એનર્જી પોલીસી - ૨૦૨૩** જાહેર કરેલ છે.

**ઉદ્યોગ**

**ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ:**

- ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ, એ દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં સમાવિષ્ટ ગુજરાત સરકારનો ફ્લેગશીપ પ્રોજેક્ટ છે. હાલમાં, ઔદ્યોગિક તેમજ બિન- ઔદ્યોગિક હેતુ માટે જમીનની ફાળવણી હાથ ધરવામાં આવેલ છે. ઔદ્યોગિક તેમજ બિન-ઔદ્યોગિક હેતુ માટે કુલ ૫૩૧ એકર જમીન ફાળવવામાં આવેલ છે. આવનાર વર્ષોમાં, સદર ફાળવેલ જમીન પર સ્થપાનારા ઔદ્યોગિક એકમોમાં આશરે રૂ.૧.૫૦ લાખ કરોડનાં નિવેશ થશે અને અંદાજિત ૧ લાખ રોજગારીની તકો ઉભી થશે. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ અંતર્ગત ૪,૪૦૦MWસોલાર પાર્કનું આયોજન કરેલ છે તે પૈકી ૩૦૦MWસોલાર પાર્ક કાર્યરત થયેલ છે. જે ગ્રીન ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન પરિભાષાને ચરિતાર્થ કરે છે.

**પીએમ ગતિશક્તિ**

- PM ગતિ શક્તિના 2 વર્ષ સાથે, ભૌતિક અને સામાજિક માળખાના આયોજન માટે ડેટા આધારિત નિર્ણયો લેવા માટે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલ ગુડ ગવર્નન્સ ટુલનો ઉપયોગ કરવામાં ગુજરાત એક અગ્રણી રાજ્ય બનેલ છે. ગુજરાતે રાજ્ય સરકારના 1100 થી વધુ ડેટા લેયર્સ, 84 પોર્ટલ અને આંતર-વિભાગ સંકલન માટે 46 ઓનલાઈન NOC બનાવ્યા છે. ગુજરાત આગળ જતાં આર્થિક આયોજન અને શાસનમાં આ નવીન સાધનનો વધુ અસરકારક રીતે ઉપયોગ કરવા પ્રતિબદ્ધ છે.

**Logistics Ease Across Different States (LEADS)**

- ભારત સરકારનું વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયવર્ષ ૨૦૧૮થી સમગ્ર રાજ્યોમાં બેન્ચમાર્ક લોજિસ્ટિક્સ કામગીરી માટે ' લોજિસ્ટિક્સ ઇઝ એક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (LEADS) પર વાર્ષિક સર્વેક્ષણનો અહેવાલ બહાર પાડી રહ્યું છે. ભારત સરકારે ડિસેમ્બર-૨૦૨૩માં વર્ષ ૨૦૨૩ માટે LEADS રેન્કિંગની જાહેરાત કરી. આ માટે રાજ્યોને ચાર જૂથોમાં એટલે કે, દરિયાકાંઠા, લેન્ડલોક, ઉત્તર-પૂર્વ, કેન્દ્રશાસિત પ્રદેશો વર્ગીકૃત કરવામાં આવ્યા હતા, આ જૂથોમાંગુજરાતને દરિયાકાંઠાના રાજ્યોમાં 'સિદ્ધિ પ્રાપ્ત કરનાર' શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

**સ્ટાર્ટઅપ**

- ગુજરાત છેલ્લી સતત ૪ ટર્મથી ભારત સરકાર દ્વારા “સ્ટાર્ટઅપ્સ રેન્કીંગ ફ્રેમવર્ક” અતર્ગત સમગ્ર દેશમાં “બેસ્ટ પર્ફોમર” ઘોષિત થયેલ છે. છેલ્લા આઠ વર્ષમાં ગુજરાત એક સબળ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિકસાવી વિશ્વ સમક્ષ ગૌરવભેર ખડું છે. જેમાં ભારત સરકારદ્વારા માન્ય ૯૪૦૦ થી વધારે સ્ટાર્ટઅપ્સ અને ૨૦૦ થી વધારે રાષ્ટ્રીય કક્ષાના ઇંક્યુબેટર કેંદ્રો અસ્તિત્વમાં આવ્યા છે.

**માંડલ-બેચરાજી સર**

- માંડલ-બેચરાજી ખાસ મૂડી રોકાણ પ્રદેશ અને તેની આસપાસ મારુતિ સુઝુકી અને હોન્ડા જેવી આંતરરાષ્ટ્રીય ઔદ્યોગીક એકમોની સ્થાપના સાથે ગુજરાત ઓટોમોબાઈલ હબ તરીકે ઉભરી રહેલ છે. મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ (MSIL) દ્વારા રૂ.૭૩૦૦ કરોડના EV બેટરી પ્લાન્ટઅનેરૂ.૩૧૦૦ કરોડના EVનાં મેન્યુફેચરીંગ પ્લાન્ટ સ્થાપવાં માટે ગુજરાત સરકારે ૨૦૨૨માં MSIL નજીકમાં વધુ ૫૦ એકર જમીન ફાળવી છે. જેનાંથી, પ્રત્યક્ષ અને પરોક્ષ અંદાજિત ૧.૨૫ લાખ રોજગારી ઊભી થશે.

**લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ**

- રાજ્ય સરકાર દ્વારા લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો માટે મિનિ ક્લસ્ટર યોજના, પ્લોટ એન્ડ શેડ યોજના, માર્કેટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઈ. હેઠળના ઉદ્યોગ સાહસિકોને મુડી રોકાણ સહાય, વ્યાજ

સહાય સહિત વિવિધ યોજનાઓ અંતર્ગત સહાય આપવાની જોગવાઇઓ કરવામાં આવે છે તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત રૂ.૪૩૫ કરોડથી વધુ સહાય તેમજ ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ અંતર્ગત રૂ.૬૨૧ કરોડથી વધુ સહાય ચુકવવામાં આવી છે.

**ગુજરાત ટેક્સટાઇલ નીતિ**

- ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનમાં સમાવિષ્ટ એકમોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર દ્વારા વ્યાજ સહાય યોજના તથા અન્ય પ્રોત્સાહનો જાહેર કરેલ છે તે અંતર્ગત ચાલુ વર્ષે રૂ.૧,૦૦૦ કરોડથી વધુ સહાયની ચૂકવણી કરવામાં આવી છે.

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ**

- ગુજરાત રાજ્યમાં કુલ ૪૨૨ માઇનીંગ લીઝો અને ૭૩૧૩ ક્વોરી લીઝો અસ્તિત્વ ધરાવે છે. જેનાથી ગત વર્ષે રૂ.૨,૦૭૨ કરોડની મહેસૂલી આવક રાજ્ય સરકારને થયેલ છે. રાજ્યના ખનીજ સભર વિસ્તારોના મુખ્ય ખનીજ લાઇમ સ્ટોન અને બોકસાઇટના કુલ ૧૮ બ્લોક્સની ઇ-ઓકશનથી ફાળવણી કરવામાં આવી છે તેમજ ગૌણ ખનીજ બ્લોકની આજદિન સુધી ૧,૯૫૦ બ્લોકસની સફળ હરાજી થયેલ છે.

**પ્રવાસન**

- રાજ્ય સરકારે વડનગર ખાતે સ્વદેશ દર્શન અને અન્ય વિકાસના કામો માટે આશરે રૂ.૧૦૦ કરોડના ખર્ચે કામો પૂર્ણ કરેલ છે તેમજ અંદાજે રૂ.૫૦ કરોડના કામો હાલ પ્રગતિમાં છે.હિલ સ્ટેશન સાપુતારા, સાસણ ગીર-દેવળીયા પાર્ક, નડા બેટ, ધોળાવીરા, ઉપર કોટ કિલ્લાનું પુન:નિર્માણ અને સંરક્ષણની કામગીરી હાથ ધરાયેલી છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વારાણસી તેમજ અયોધ્યા ખાતે ઓગસ્ટ-૨૦૨૩ માં પ્રવાસન માહિતી કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.

**ધરોઈ ડેમ પ્રદેશનો વિકાસ**

- ગુજરાત સરકાર ધરોઈ પ્રદેશને વિશ્વ કક્ષાના પ્રવાસી સ્થળ તરીકે વિકસાવી રહી છે. આ પ્રોજેક્ટ ઉત્તર ગુજરાત માટે એન્કર તરીકે કામ કરશે જે ૯૦કિમીની ત્રિજ્યામાં આવતા નજીકના પ્રવાસન સ્થળને ધરોઇ સાથે જોડશે. ધરોઈ એન્કર તરીકે અન્ય નજીકના પર્યટન સ્થળની સાથે પ્રવાસીઓની વિવિધ માંગ જેમ કે આધ્યાત્મિક, સંસ્કૃતિ, હેરિટેજ, ઈકો અને મનોરંજનના સંપૂર્ણ પેકેજ તરીકે કામ કરશે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

- રાજ્યમાં લોકોની આરોગ્ય સુખાકારી “હેલ્થ અને વેલનેસ” બંન્ને દ્દષ્ટિકોણો સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર Curativeઅને preventative બન્ને પ્રકારની આરોગ્ય સેવાઓ પૂરી પાડવા કરવા કટિબદ્ધ છે. ૯૨૩૧ પેટા કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રોઅને ૧૦૪ હોસ્પિટલોસાથે અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત અગ્રીમ હરોળમાં છે.
- વર્ષ દરમ્યાન રાજ્યસરકારની વિવિધ હોસ્પિટલોઅનેઆરોગ્ય કેન્દ્રો ખાતેઅંદાજે ૪.૫૭કરોડદર્દીઓને OPD અને૫૦.૬૭લાખદર્દીઓને IPD સારવાર આપવામાં આવેલ છે. તથા ૮૯૨ આયુર્વેદઅનેહોમીયોપેથી દવાખાનાઅને હોસ્પિટલોમાં અંદાજે ૫૬.૨૭ લાખ દર્દીઓને ઓપીડી સારવાર અને ૨ લાખ દર્દીઓને આઇપીડી સારવારનો લાભ આપવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારાવિવિધ સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો માટે વર્ષ ૨૦૨૩-૨૪માં તા.૦૩/૦૧/૨૦૨૪ સુધીમાં રૂ.૬૨૧.૪૨ કરોડના ખર્ચે દવાઓ, તબીબી સાધનો, સર્જિકલ આઇટમોવગેરે પુરા પાડવામાં આવ્યાં છે.
- આરોગ્ય સેવાઓ સુદ્દઢ કરવા રાજ્ય સરકારે હોસ્પિટલો,આરોગ્ય કેન્દ્રો,કોલેજો,હોસ્ટેલોવગેરેના નિર્માણ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધી રૂ.૧૪૭૪ કરોડનો ખર્ચ કરેલ છે અને આરોગ્ય સેવાઓને માળખાકીય સુદઢીકરણ કરેલ છે. વર્ષ દરમ્યાન નવી૨૦૩ એમ્બ્યુલન્સ ઉમેરેલ છે.
- “સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ”ના વિવિધ સુચકાંકો પૈકી ગોલ નંબર ૩ કે જે “સારું સ્વાસ્થ્ય અને સુખાકારી”છે,તેમાં ગુજરાત રાજ્યનો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ આવેલ છે.
- લોકોના આરોગ્ય માટે સુરક્ષાકવચ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારદ્વારા“પી.એમ.જે.એ.વાય.–મા” યોજના હેઠળપ્રતિ વર્ષ કુટુંબદીઠ રૂ.૧૦ લાખસુધીની ૨,૪૭૧ નિયત કરેલ પ્રોસીજર માટેનું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ તા.૨૪.૦૧.૨૦૨૪ સુધીમાં કુલ ૨.૩૩ કરોડ લાભાર્થીઓની નોંધણી કરીને આયુષ્માનકાર્ડ આપેલ છે.

- શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ડિસેમ્બરઅંતિત ૦-૧૮ વર્ષના કુલ ૧.૩૨ કરોડથી વધુ બાળકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. આકાર્યક્રમની શરૂઆતથી આજ દિન સુધી ૨૨૬ કિડની ટ્રાન્સપ્લાન્ટ,૨૮ લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૩૦૧૨ કોક્લીયર ઇમ્પ્લાન્ટ,૧૯૮ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ,૧,૪૯,૫૯૯ હૃદયરોગની સારવાર,૨૪,૨૮૩ કિડની સંબંધિત સારવારઅને૧૬,૬૨૪ કેન્સર સંબંધિત સારવાર રાજ્ય સરકારના બજેટમાંથી વિનામૂલ્યે કરવામાં આવેલ છે.

- રાજ્યમાં સરકારી તેમજ ખાનગી મેડિકલ કોલેજો ખાતે સ્નાતકકક્ષાએ ૬૩૫૦ બેઠકોમાં ૭૦૦ બેઠકોનો વધારો થતાં કુલ ૭૦૫૦ બેઠકો થયેલ છે. રાજ્યમાં સરકારી તેમજ ખાનગી મેડિકલ કોલેજો ખાતે અનુસ્નાતકકક્ષાએ ૨૩૪૭ બેઠકોમાં ૪૧૪ બેઠકોનો વધારો થતાં કુલ ૨૭૬૧ બેઠકો થયેલ છે.

- મેડીસિટી અમદાવાદખાતેસિવીલ હોસ્પિટલકેમ્પસમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ,કેન્સર,કાર્ડીયોલોજી ઉપરાંત ઉચ્ચત્તમ કક્ષાની સારવાર માટે GCRI કેન્સર હોસ્પિટલ,કિડની હોસ્પિટલ, યુ.એન.મહેતા જેવી સુપરસ્પેશીયાલીટી હોસ્પિટલોઅનેમધર અને ચાઇલ્ડ હોસ્પિટલકાર્યરત છે. તમામ પ્રકારના રોગોની સારવાર એક જ જગ્યાએ ન્યુનત્તમ ખર્ચથી મળી શકે તે મુજબ માસ્ટર પ્લાન અંતર્ગત ટ્રોમા સેન્ટર, ૧૨૦૦ પથારીની હોસ્પિટલ,નર્સિંગ કોલેજ,ડેન્ટલ હોસ્પિટલ અને પેરાપ્લેજીયા કોલેજોનું નવીનીકરણ જેવી કામગીરીઓ પૂર્ણ કરેલ છે અને સ્પેશિયલ રૂમો અને પોસ્ટમોર્ટમ રૂમ માટે રૂ.૬૦ કરોડ, રેન બસેરા માટે રૂ. ૪૦ કરોડ અને ગર્લ્સ હોસ્ટેલ માટે રૂ.૫૦ કરોડના કામો પ્રગતિમાં છે. આવી જ રીતે રાજ્યના ચાર ઝોન માટે વડોદરા,ભાવનગર,જામનગર,સુરત ખાતે મધર-ચાઇલ્ડ,કિડની,સ્પાઇન, કાર્ડીયાક વગેરેની સુપર સ્પેશ્યાલિટી શરૂ કરવા રૂ. ૧૯૫૦ કરોડના ખર્ચે વિકસાવવાનો પ્રારંભ કરેલ છે.

- ગંભીર પરિસ્થિતિમાં તાત્કાલિક અને સારી સારવારઉચ્ચ કક્ષાની હોસ્પિટલોમાં મળી રહે તે ખુબ જ જરૂરી છે,જે માટે રાજ્ય કક્ષાએ "સ્માર્ટ રેફરલ સિસ્ટમ"(SRS) તૈયાર કરવામાં આવેલ છે, જેનું દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ સુધી અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

**શિક્ષણ** શિક્ષણ એ સમાજનીમૂળભૂત જરૂરિયાત છે. ગુજરાતમાં બાળકોને બાળમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દીક્ષા આપવા માટે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજય સરકાર શિક્ષણનું સુદૃઢ માળખું વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે.

**પ્રાથમિક શિક્ષણ**

- રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ખાસ કરીને ' મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સ' માં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર કરાર આધારિત 'જ્ઞાન સહાયક' મૂકવા માટેનો નિર્ણયકરવામાં આવેલ છે. જેમાંરાજ્ય સરકાર દ્વારા ૧૫,૦૦૦ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ. પ્રથમ તબક્કાને અંતે ૯૬૬૨ જ્ઞાન સહાયકોની નિમણૂક કરેલ છે બાકી રહેલ જગ્યા ભરવા માટેની બીજા તબક્કાની કાર્યવાહી પ્રગતિમાં છે.

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦** અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટીકાનો ફરજિયાત સાર્વત્રિક અમલ શરૂ કરવામાં આવેલ છે.જેમાં રાજ્યમાં કુલ ૫,૧૬,૬૨૧ વિદ્યાર્થીઓએ **બાલવાટિકામાં પ્રવેશ** મેળવેલ છે.

- રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતીકેન્દ્રીયકૃત રીતે હાથ ધરી ૧૪૪૧ જેટલા આચાર્યોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

- વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૩૫૨૮ શાળાઓમાં ૧૫,૪૦૦ નવા વર્ગખંડોના બાંધકામ તથા ૨૪૦૩ શાળાઓમાં ૨૪,૭૭૯ વર્ગખંડોનાં રીપેરીંગ માટે રૂ. ૩૩૧૮.૬૨ કરોડના કામ હાથ ધરવામાં આવેલ છે.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

**ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ ૨૦૨૩**

- રાજ્યની ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરતી જાહેર યુનિવર્સિટીઓમાં ગુણવત્તાયુક્ત વહીવટ, ઉમદા શિક્ષણ, સ્વાયતતા, લોકશાહી ધોરણે પૂરતું પ્રતિનિધિત્વ, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં યુનિવર્સિટીઝની સહભાગિતા સુનિશ્ચિત થાય તે માટે અલગ-અલગ કાયદાઓ રદ કરી તા.૦૯.૧૦.૨૦૨૩ થી 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-

૨૦૨૩' નો અમલ કરવામાં આવ્યો છે.

- વિદ્યાર્થીઓના પ્રવેશ, પરિણામ અને રોજગાર(Enrolment To Employment) સુધીની સર્વ માહિતી મેળવવાના મુખ્ય ઉદ્દેશ્યથી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓના પ્રવેશ સમયથી જ તેમના શિક્ષણ, જ્ઞાન અને કૌશલ્યનું પદ્ધતિસર ટ્રેકિંગ કરી શકાય, શિક્ષિત યુવાઓની રોજગાર ક્ષમતામાં વધારો થાય તેમજ યુવા ટેકનોક્રેટ્સ પણ તેમના પોતાના સાહસો સ્થાપે અને તેઓને તેમની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવાની તક મળી રહે તે હેતુથી મારી સરકાર દ્વારા "Students' Academic Monitoring, All Round Review, Training and Hand Holding of Young Aspirants (SAMARTHYA)" (સામર્થ્ય સંસ્થાન)યોજના શરૂ કરવામાં આવેલ છે.

- નવી શિક્ષણ નીતિ, ૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓને જુદીજુદી યુનિવર્સીટીઓમાં પ્રવેશ માટે જુદીજુદી રજીસ્ટ્રેશન ફી ભરવી પડતી હતી વિદ્યાર્થીઓના આ ફીના ભારણને ઘટાડવા માટે અને અલગ અલગ યુનિવર્સિટીના પ્રવેશ ફોર્મ ભરવા ન પડે તે માટે સામર્થ્ય સંસ્થાન યોજના અંતર્ગત "**ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ પોર્ટલ-GCAS**" શરૂ કરવામાં આવેલ છે.

- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)**અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૭૨,૫૦૦ વિદ્યાર્થીઓને **રૂ.૩૭૫ કરોડની સહાય** ચુકવવામાં આવશે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૪,૬૦,૮૬૯ વિદ્યાર્થીઓને રૂ.૨૧૧૦.૬૭ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

- **મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના(CMSS)**અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૨૫૦૦ વિદ્યાર્થીઓને રૂ.૩૦ કરોડની સહાય ચુકવવામાં આવશે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૩,૨૦૨ વિદ્યાર્થીઓને રૂ.૧૦૨.૯૨ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)**અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં કુલ ૧૮,૫૯૯ વિદ્યાર્થીનીઓને રૂ.૫૫૩.૨૩ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

- **શોધ યોજના-** Scheme of Developing High quality researchઅંતર્ગત પી.એચ.ડી. કોર્ષમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન પ્રત્યે અભિમુખ કરવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૩૫૪૬ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૭૫.૧૪ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

**ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ(G3Q)**

- મારી સરકાર શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ નવીનતમ પ્રયાસો હાથ ધરી રહી છે. રાજ્યના વિદ્યાર્થીઓ તેજસ્વી, પ્રતિભાશાળી અને જ્ઞાનસમૃદ્ધ બનેતથા તમામ પ્રકારના જ્ઞાન સાથે સરકારે પ્રજાજનો માટે કરેલ કામગીરીથી માહિતગાર બને તે હેતુથી શિક્ષણ વિભાગદ્વારા ધો. ૯થી ૧૨ તેમજ કૉલેજો અને યુનિવર્સિટીકક્ષાએ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના તમામ પ્રજાજનો માટે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ' (G3Q)શરૂ કરવામાં આવી છે. ગત વર્ષે ૨૫ લાખથી વધુ લોકો એ આ કિવઝ માં ભાગ લઈ લાખોના ઇનામો જીત્યા હતા. આ ભવ્ય સફળતાં બાદ ચાલુ વર્ષે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q 2.0) ની શરૂઆત તા:૨૪/૧૨/૨૦૨૩થી માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામા આવેલ છે. જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન વિજેતાઓને રૂ.૨૫ કરોડ ની રકમ જેટલા ઇનામો તથા સ્ટડી ટુર પ્રાપ્ત થશે.

**સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP 2.0)**

- G20સમિટ અંતર્ગત ગુજરાત નોલેજ સોસાયટી, શિક્ષણ વિભાગદ્વારા SSIP૨.૦ હેઠળ "ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩"નુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સરકારી વિભાગો, જીલ્લા વિકાસ અધિકારીની ઓફિસો, કલેકટર ઓફિસો અને મ્યુનિસિપલ કોર્પોરેશન, PSUs તરફથી ૨૩૧ પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટ મેળવેલ છે. આ હેકાથોન ૨૦૨૩માં ૨૦૬૨ ટીમોએ (૧૦૪૪૯ વિદ્યાર્થીઓ) રજીસ્ટ્રેશન, ૧૪૬૩ ટીમોએ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સિલેક્શન કરેલ હતા. આ હેકથોનમાં ૧૦ સેક્ટરમાં વિજેતા થયેલ ૩૬ ટીમોને કુલ રૂ.૪૨ લાખના ઇનામો આપવામાં આવેલ.

**સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૩**

- વર્ષ-૨૦૨૩માં સ્ટાર્ટઅપ કોન્કલેવ તથા સ્ટાર્ટઅપ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આશરે

૨૮૦ સ્ટોલ પર ઉદ્યોગ સહાસિકો દ્વારા રાખવામાં આવેલ વિવિધ ક્ષેત્રના સ્ટોલની આશરે ૩૦ હજારથી વધુ નાગિરકોએ મુલાકાત લીધેલ હતી.

**વંચિતોનો વિકાસ**

પંડિત દીનદયાળ ઉપાધ્યાયે કહ્યું હતું કે,"દરિદ્રતાના અંતિમ પગથિયે બેઠેલો માનવી અમારું પ્રથમ લક્ષ્ય છે." તેથી વંચિતોના વિકાસ માટે સતત કાર્યરત એવી મારી સરકારે સહુને સમાન તક,સમાન ન્યાય મળે અને છેવાડાના માનવીઓ પણ રાજ્યના વિકાસ માર્ગે વિશ્વાસભરી શરૂઆત કરી શકે તેવા ઉમદા હેતુથી વંચિતોના જીવનમાં ગુણાત્મક સુધારણા લાવવા અનેક નવતર યોજનાઓ અમલમાં મૂકી છે.

**વિકસતી જાતિ કલ્યાણ**

- રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાતવર્ગો, લઘમુતીઓ અને વિચરતી વિમુકત જાતિઓના સર્વાંગી વિકાસ માટે વર્ષ૨૦૨3-૨૪માં રૂ.૨૫૯૯.૪૯ કરોડની જોગવાઇ સામે નવેમ્બર-૨૩ અંતિત રૂ**.૧૪૭૮.૩૭ કરોડનો** ખર્ચકરવામાં આવેલ છે.
- પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા આજાતિઓના અંદાજે ૨૧ લાખ વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ આશરે **રૂ.૧૭૨.૧૩ કરોડની શિષ્યવૃત્તિ** રકમ ગુજરાત પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.
- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા **બિન અનામત વર્ગો** માટે અમલીકૃત વિવિધ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓ માટે **રૂ.૫૦૦ કરોડની** ફાળવણી કરવામાં આવી છે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને **વિદેશમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમો** માટે નવેમ્બર-૨૩ સુધીમાં અંદાજે ૩૯૭ વિદ્યાર્થીઓને રૂ**.૫૫.૦૩ કરોડની લોન**આપવામાં આવી છે .
- **પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના** અંતર્ગત છેવાડાના અતિપછાત, વિચરતી વિમુકત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક પછાતવર્ગના ૧૦,૦૦૦ લાભાર્થીઓને મકાન બાંધવા માટે **રૂ.૯૮.૮૪ કરોડની સહાય** ચુકવવામાં આવી છે.
- **પીએમ યશસ્વી** પ્રિ.મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૩ લાખ વિદ્યાર્થીઓને રૂ.૩૬૯.૧૦ કરોડની શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.

**અનુસૂચિત જાતિ કલ્યાણ**

- સને ૨૦૨૩-૨૪ માં અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કુલ અંદાજપત્રીય જોગવાઇ રૂ.૯૮૩.૩૧ કરોડ સામે નવેમ્બર-૨૩ સુધીમાં **રૂ.૫૦૬.૪૪ કરોડનો** ખર્ચ કરવામાં આવેલ છે.
- **પ્રિ.મેટ્રિક શિષ્યવૃત્તિની યોજનામાં**)કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચાલતી યોજના) રૂ.૭૫૦/- થી રૂ.૮૦૦૦/-સુધીની શિષ્યવૃત્તિ આપવામાં છે. આ યોજનામાં નવેમ્બર-૨૩ સુધીમાં રૂ.૪૪.૬૦ કરોડના ખર્ચે ૨,૪૦,૬૫૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ તેમજ ૧,૪૨,૨૮૯ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી છે.
- **પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં** રૂ.૨૫૦૦ થી ૧૩૫૦૦ સુધી (વાર્ષિક) શિષ્યવૃત્તિ ઉપરાંત માન્ય શિક્ષણ ફી અને માન્ય નોન-રીફંડેબલ ફી ચુકવવામાં આવે છે. આ યોજનામાં નવેમ્બર-૨૩ સુધીમાં રૂ.૧૧૫.૧૮ કરોડનો ખર્ચ કરી ૬૧,૬૨૨ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ લાભ આપવામાં આવેલ છે.
- **ડૉ.આંબેડકર આવાસ યોજના** હેઠળ આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજનામાં નવેમ્બર-૨૩ અંતિત રૂ.૫૦.૬૦ કરોડનો ખર્ચ કરી ૧૧,૫૫૬ લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવામાં આવી છે.
- **ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના** અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે રૂ.૧૫ લાખની લોન ૪%ના દરે આપવામાં આવે છે. જેમાં નવેમ્બર-૨૩ અંતિત **રૂ.૯૯ કરોડનો** ખર્ચ કરી **૬૬૦ વિદ્યાર્થીઓને વિદેશમાં ભણવા માટે** લોન આપવામાં આવી છે.

**સમાજ સુરક્ષા**

- દિવ્યાંગ વ્યકિતઓ માટે શિષ્યવૃત્તિની યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં નવેમ્બર અંતિત કુલ-૪૬૨૧

લાભાર્થીઓને રૂ.૭૫.૯૩ લાખની સહાય આપવામાં આવેલ છે.

- ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન અને વય વંદના યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ માં નવેમ્બર સુધીમાં કુલ- ૯,૨૯,૯૪૪ લાભાર્થીઓને કુલ રૂ.૭૬૭.૯૬ કરોડની સહાય ચૂકવેલ છે.
- પાલક માતા-પિતા યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ માં માહે નવેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ-૧૯૫૮૫ લાભાર્થીઓને કુલ રૂ.૪૦.૮૭ કરોડની સહાય ચૂકવેલ છે.

**આદિજાતિ વિકાસ** આદિજાતિ વિકાસની વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા અને માળાખાકીય સુવિધાઓ દ્વારા આદિજાતિ સમૂહો અનેવિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તેવો રાજ્ય સરકારનો ધ્યેય રહેલો છે.

- **વનબંધુ કલ્યાણ યોજના** અંતર્ગત વર્ષ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૮,૭૫૫.૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.
- **"ગુજરાત પેટર્ન"** હેઠળ ચાલુ વર્ષ૨૦૨૩-૨૪ માટે રૂ.૩૩૭.૨૮કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૦,૧૦૭ કામોનું આયોજન કરવામાં આવેલ છે.

**અનુસૂચિત જનજાતિ કલ્યાણ યોજનાઓઃ**

- અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની **પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃતિની યોજના** હેઠળ નવેમ્બર-૨૦૨૩ સુધીમાં રૂ. ૮૪.૩૧ કરોડના ખર્ચે ૧૦.૪૪ લાખ અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.
- અનુસૂચિત જનજાતિના ધોરણ-૧થી૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માહે-નવેમ્બર-૨૦૨૩ અંતિત રૂ. ૯૩.૮૭ કરોડના ખર્ચે ૧૦.૪૪ લાખ વિદ્યાર્થીઓને **ગણવેશ સહાયનો** લાભ આપવામાં આવેલ છે.
- હળપતિ જાતિના લાભાર્થીઓ માટે ચાલુ વર્ષે માહે-નવેમ્બર-૨૦૨૩ અંતિત ૨૪૮૧ મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તેમજ ૫૧૫ મકાનોની કાર્યવાહી પ્રગતિમાં છે. તેમજ વ્યકિતગત આવાસ યોજના હેઠળ ૧૨૧૫ મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે અને ૨૧૮૯ મકાનો પ્રગતિ હેઠળ છે.
- અનુસૂચિત જન જાતિ સમાજના ક્ષય, કેન્સર, રક્તપિત્ત, પ્રસૂતિના ગંભીર કેસ, વગેરેનો ભોગ બનેલ દર્દીઓને **તબીબી સારવાર તથા પૈષ્ટિક આહારના** ખર્ચમાં સહાય રૂપ થવા માટે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં રૂ. ૫.૭૮કરોડના ખર્ચે કુલ-૧૦,૬૮૬ દર્દીઓને સહાયનો લાભ આપવામાં આવેલ છે.

**વન અધિકાર અધિનિયમ-૨૦૦૬**

- અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત આદિજાતિ સમૂદાયોને વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે તેઓના કબ્જા હેઠળની માન્ય જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના અધિકાર માન્ય કરવામાં આવ્યા છે. કુલ મળેલ ૧,૮૨,૮૬૯ દાવા પૈકી ૯૭,૩૪૨ દાવા માન્ય કરવામાં આવ્યા છે. સામુદાયિક દાવા હેઠળ મળેલ કુલ ૭,૧૮૭ અરજીઓ સામે ૪,૭૯૧ દાવા માન્ય કરવામાં આવ્યા છે. માળખાકીય સુવિધાઓ માટે મળેલ કુલ ૨,૧૧૮ દરખાસ્તો પૈકી ૨,૦૪૫ માન્ય કરવામાં આવી છે.

**મહિલા અને બાળ કલ્યાણ** કોમળતાની સાથે અડગતા, સહનશીલતાની સાથે મક્કમતા, પરિશ્રમની સાથે પરમાર્થતા, આ ઉપરાંત ધીરજ,ગંભીરતા, નિર્મળતા અને પ્રેમનો સમુચ્ચય એટલે નારી. પ્રકૃતિએ નારીમાં મૂકેલા આવા અનેક ગુણોને વધુ સારી રીતે ખીલવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

**ટેકહોમરેશન:**

- આઇસીડીએસ યોજના અતર્ગત લાભાર્થીને આપવામાં આવતા માસિક ટેક હોમ રેશન પૈકી ૬ માસ થી ૩વર્ષના સામાન્ય વજનવાળા બાળકોને બાલશક્તિના ૭ પેકેટ,૬ માસ થી ૩ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૧૦ પેકેટ, ૩ વર્ષ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૪ પેકેટ,સગર્ભા અને ધાત્રીમાતાને માતૃશક્તિના ૪ પેકેટ,કિશોરીઓને પૂર્ણાશક્તિના ૪ પેકેટ આપવામાં આવે છે. પૂરક પોષણ માટેના કુલ લાભાર્થી અંદાજે ૨૬,૮૬,૦૦૦ છે.
- ટેક હોમ રેશનમાં આયુર્વેદિકઔષધિઓનોઉપયોગ કરીમુલ્યવર્ધન વધારવા વર્ષ-૨૦૨૧-૨૨ થી ૭ જિલ્લાઓમાં (નર્મદા, દાહોદ, ભાવનગર ગ્રામ્ય અને અર્બન, ડાંગ, જામનગર અને દેવભૂમિ દ્વારકા) પાઇલટ પ્રોજેકટ તરીકે

બાળકોને બાલશક્તિ+, સગર્ભા અને ધાત્રી માતાને માતૃશક્તિ+(રસાયણ ચૂર્ણ) આપવામાંઆવેછે.વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૧.૪૯કરોડનાકુલ ખર્ચે ૨,૯૦,૦૦૦ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

**દૂધ સંજીવની યોજના :**

- ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય છે. જેમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત રોજે-રોજ તાજુ ફોર્ટીફાઇડ પેશ્ચ્યુરાઇઝડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. રાજ્યના ૨૦ જિલ્લાઓના ૧૪૧ આદિજાતિ અને વિકાસશીલ ઘટકોમાં દૂધસંજીવની યોજના અંતર્ગત ૬માસથી૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ એમ.એલ. દૂધ આપવામાં આવે છે. જ્યારે સગર્ભા અને ધાત્રી માતાને અઠવાડિયામાં ૨ દિવસ ૨૦૦ એમ.એલ. દૂધઆપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં અંદાજે ૧૦,૩૪,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૯૫કરોડના ખર્ચે આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

**મુખ્યમંત્રી માતૃ શક્તિ યોજના:**

- આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ પહેલી વખતની સગર્ભા માતા હોય ત્યારથીબાળક ૨ વર્ષ સુધીનુથાય ત્યાં સુધી બાળકની માતાનેદર માસે એકસ્ટ્રા રો રેશનમાં૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણાઅને૧ કિલો ફોર્ટિફાઈડસીંગતેલ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૨૧૪ કરોડનીજોગવાઈસામે અંદાજે ૧,૮૦,૦૦૦ લાભાર્થી માટે રૂ ૧૧૪.૩૬ કરોડ ખર્ચ કરવામાં આવ્યાં છે.
- **વ્હાલી દીકરી યોજના હેઠળ** સમાજમાં દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા અને બાળ લગ્ન અટકાવવા તેમજ દીકરીઓની આર્થિક-સામાજિક સ્થિતિ મજબૂત કરવા માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.નવેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ **બે લાખ તેર હજાર એકસો પાંત્રીસ** દીકરીઓનેઆ યોજના અંતર્ગત સહાય આપવામાં આવેલ છે.

**બાંધકામ:**

- માર્ચ-૨૦૨૩ થી નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૨૮૬ આંગણવાડી કેંદ્રો, ૪ ઘટક કચેરી તેમજ ૨ સેજા કચેરીનું લોકાર્પણ અને ૪૯ આંગણવાડી કેંદ્રોના ખાતમૂહર્ત કરવામાં આવેલ છે.

**પોષણ અભિયાનની સિદ્ધિઓ :-**

- રાજયની તમામ આંગણવાડીઓ માટે ઇન્ફન્ટોમીટર, સ્ટેડીયોમીટર, બાળકોનો વજનકાંટા તથા સગર્ભા અને ધાત્રી માતાઓ માટેના વજનકાંટા રૂ.૨૧.૫૬ કરોડના ખર્ચે ખરીદવામાં આવેલ છે.રાજયના આંગણવાડીકાર્યકરો દ્વારા ૪૪.૮૭ લાખ જેટલા એકટીવ લાભાર્થીઓની પોષણ ટ્રેકરમાં એન્ટ્રી કરવામાં આવેલ છે.

**ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

- આ યોજના હેઠળની સહાય લાભાર્થી મહિલાનો પુત્ર ૨૧ વર્ષનો થતાં બંધ કરવામાં આવતી હતી. તે શરત રદ કરી આજીવન સહાય આપવામાં આવે છે. લાભાર્થીના ખાતામાં D B T મારફતેસહાયનીરકમ સીધા જમા કરાવી ચૂકવણી કરવામાં આવે છે. રાજ્યમાં નવેમ્બર ૨૦૨૩ સુધીમાં અંદાજિત ૧૩.૭૧ લાખ જેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવેલ છે.

**મહિલા સ્વરોજગાર મેળા / લોન ધિરાણ મેળા (મુદ્રા કેમ્પ) યોજના**

- દરેકજિલ્લાપંચાયતોદ્વારામહાનગરપાલિકા/નગરપાલિકા/જીલ્લાપંચાયત ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ઔદ્યોગિક સંસ્થાઓના સંકલનથી રૂ.૨ લાખની ખર્ચમર્યાદામાં મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવે છે.ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૨૩ અંતિત**૨૮** મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

**પ્રદર્શન સહ વેચાણ યોજના**

- ગુજરાતના મહિલા ઉદ્યમીઓ દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજ વસ્તુઓને બજારની સુવિધા પૂરી પાડવા આ યોજના અમલમાં છે. વર્ષ૨૦૨૩-૨૪માંનવેમ્બર- ૨૦૨૩સુધીમાં**૧૩** મેળાનું આયોજન કરેલ છે. જેમાં કુલ **૬૫૧** મહિલા હસ્તકલા કારીગરો દ્વારા **રૂ.૩૧૧.૦૭ લાખ**નું વેચાણ થયેલ છે.

**નારી અદાલત**

- નારી અદાલત મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતી બિન ઔપચારિક ન્યાય પ્રણાલી છે. જયાં મહિલાઓ પોતાના પ્રશ્નોનો વિનામૂલ્યે અને સરળતાથી ઉકેલ લાવી શકે છે. રાજય સરકાર દ્વારા દરેક તાલુકાઓ તેમજ મહાનગરપાલિકાઓમાં **૨૭૦** નારી અદાલતો શરૂ કરવામાં આવી છે.છેલ્લા એક વર્ષમાં નારી અદાલતના માધ્યમથી **૫૦૬૭**જેટલા કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**

શહેરી વિકાસની વાત કરવામાં આવે તો,ગુજરાત એ ભારતના સૌથી વધુ ઔદ્યોગિકિકરણ અને શહેરીકરણ ધરાવતાં રાજ્યો પૈકીનું એક છે. ગુજરાત છેલ્લા બે દાયકાઓમાં નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી બન્યું છે. શહેરી વિસ્તારમાં રહેતા ગરીબોને માટે સારા સુવિધાયુક્ત મકાનની સગવડતા મળે એ માટે લોક ભાગીદારીથી આવાસોના નિર્માણ કરવાનાં પ્રેરણાદાયી પગલાં રાજ્ય સરકાર દ્વારા લેવાયાં છે.

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

- આ યોજના અંતર્ગત મુખ્યત્વે ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ, સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ, શહેરી પરિવહન, શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો, ખાનગી સોસાયટીમાં જનભાગીદારી યોજના વગેરે જેવાં કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજના માટે રૂ.૭૪૫૬.૬૪ કરોડની ગ્રાન્ટની ફાળવણી સામે આશરે કુલ રૂ.૫૦૭૩.૪૪ કરોડની રકમના ૧૫૧૮ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે.

**સ્માર્ટ સિટી મિશન**

- સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ભારત સરકાર દ્વારા પસંદગી પામેલ **અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ** એમ **કુલ ૬ સ્માર્ટ સિટી** માટે કુલ રૂ.૧૧,૪૪૩ કરોડની રકમના ૩૫૧ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી રૂ.૯૪૧૬ કરોડના ૩૦૯ પ્રોજેક્ટસ પૂર્ણ થયેલ છે અને રૂ.૨૦૨૬ કરોડના ૪૨ પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે.

**ગિફ્ટ સિટી**

- વૈશ્વિક કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે વિકસીરહેલગિફ્ટ સિટી થકી ગુજરાતમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો બહોળા પ્રમાણમાં ઊભી થઇ રહી છે. હાલમાં ગિફ્ટ સિટી ખાતે દેશનું સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર (IFSC) કાર્યરત છે કે જેમાં બે આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેંજ, આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેંજ, આંતરરાષ્ટ્રીય બૅન્કો તથા જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રની બૅન્કો, ઇન્સ્યોરન્સ કંપનીઓ, ગ્લોબલ ફંડ્સ, એરક્રાફ્ટ લીઝીંગ કંપનીઓવગેરે કાર્યરત છે. આ ઉપરાંત બે ઓસ્ટ્રેલિયન યુનિવર્સીટીના બ્રાન્ચ કેમ્પસનીપણસ્થાપના થયેલ છે. સિંગાપોર નિફ્ટીએ તેની કામગીરી સિંગાપોરથી ગિફ્ટ સિટી ખાતે તબદીલ કરેલ છે જેનું માસિક ટર્નઓવર US$ ૭૦ બિલિયન છે તથા આજસુધીમાં US$ ૪૩૧ બિલિયનના નાણાકીય વ્યવહારો થયેલ છે.ગિફ્ટ સિટીના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાંથી થતી નિકાસ જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૩,૪૦૨કરોડ હતી તે વધીને વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૨,૩૨૫ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માંડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં રૂ.૧૯,૩૧૭.૧૯ કરોડ થયેલ છે.

**પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)**

- શહેરોમાં વસતા મકાન વિહોણા લોકોને આવાસ પૂરા પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૭૧,૩૯૬આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- PMAY યોજના અંતર્ગત ખાનગી ભાગીદારી મારફતે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને મૂળ સ્થાન પર જ પુન:વસનઅંતર્ગતમંજૂર થયેલ ૫૬,૯૫૫ આવાસો પૈકી ૧૭,૧૩૦ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે,ક્રેડિટ લિંક્ડ સબસિડી સ્કીમ (સીએલએસએસ)અંતર્ગત૫,૯૩,૨૪૬ લાભાર્થીઓને વ્યાજ સબસિડી આપેલ છે, એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (એએચપી)અંતર્ગતમંજૂર થયેલ ૧,૪૨,૭૩૩આવાસો પૈકી ૯૦,૫૦૩ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છેતથાબેનીફીસીયરીલેડકન્સ્ટ્રક્શન (બીએલસી) અંતર્ગતમંજૂર થયેલ ૧,૫૬,૯૭૮ આવાસો પૈકી ૧,૦૪,૦૭૧ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.
- ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા રી-ડેવલમેન્ટ હેઠળ અમદાવાદ, સુરત, ભાવનગર તથા જામનગર ખાતે હયાત કુલ ૧૮૯૧ મકાનોનુ બાંધકામ પ્રગતિ હેઠળ છે.

**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**

- રાજ્યની૧૬૫ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ૧૩૮૭ વોર્ડમાં **ઘન કચરાનું ૧૦૦% ડોરટુડોર કલેક્શન** થાય

છે.સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાંથી એકત્ર થયેલ ૧૦,૨૪૮ મેટ્રિક ટન પ્રતિ દિવસ કચરામાંથી આશરે ૮૪ ટકા કચરાનું પ્રોસેસિંગ થાય છે.

**સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત**

ભારત સરકારના આવાસન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા શહેરોમાં સ્વચ્છતા રહે તે માટે સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધાનું આયોજન સમગ્ર ભારતમાં કરવામાં આવે છે. જેમાં મને જણાવતા આનંદ થાય છે કે, સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩માં :

- **સુરત મહાનગરપાલિકાને** ઈન્દોરની સાથે દેશનાં **સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ** એનાયત કરવામાં આવ્યો અને ગાર્બેજ ફ્રી સિટી(G F C )નાં સર્ટીફીકેશનમાં ૭ સ્ટાર રેટિંગનો લક્ષ્યાંક હાંસિલ કર્યો છે.
- અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને જામનગર મહાનગરપાલિકાઓએ Water+ સર્ટીફીકેટ અને G F C માં ૩ સ્ટાર રેટિંગનો લક્ષ્યાંક હાંસિલ કર્યો છે.
- રાજ્ય કક્ષાએ ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં બાંટવા અને ૧ લાખથી ૧૦ લાખ સુધીની વસ્તી ધરાવતાં શહેરોમાં વાપી નગરપાલિકાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**ભાવિલક્ષી શહેરી આયોજન અને અમલ**

- રાજ્યની નગર રચના યોજના જાહેર જનતા ઓનલાઇન જોઇ શકે તે માટે હાલ ગૂગલ ઈમેજ સાથે ૪૦૦ નગર રચના યોજના પોર્ટલ પર ઉપલબ્ધ છે તથા વર્ષના અંત સુધીમાં વધુ ૪૭૫ ટીપી સ્કીમોને ડિજિટલાઈઝેશન કરી વેબપોર્ટલ પર મૂકવાનો ઉદ્દેશ છે.
- રાજ્યસરકાર દ્વારા વર્ષ ૨૦૨૩માં ૧ વિકાસ યોજના, ૨૩ મુસદ્દા રૂપનગર રચના યોજના, ૧૬ પ્રારંભિક નગર રચના યોજના અને ૧૨ આખરી નગર રચના યોજના મંજૂર કરવામાં આવેલ છે.

**અગ્નિ નિવારણ સેવાઓ**

- શહેરી વિકાસ વિભાગે અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદૃઢ અને પારદર્શી બનાવવાના હેતુસર રાજયમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ તેમજ તેના રિન્યુઅલ સહિતની પ્રક્રિયા માટે ઓનલાઇન **"ગુજરાત ફાયર સેફ્ટી કોપ"** ઇ-પોર્ટલ તા.૧૫/૧૨/૨૦૨૩ના રોજ લોન્ચ કરેલ છે.

**"પી.એમ.-સ્વનિધિ -PM Street Vendors AtmaNirbhar Nidhi"**

- ભારત સરકારના આવાસન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા શેરી ફેરીયાઓ તેઓની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી તેઓને વર્કીંગ કેપીટલ લોન આપવા માટે PM SVANidhi ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના લાગુ કરવામાં આવેલ છે. સદર યોજના અંતર્ગત રાજ્યમાં કુલ**૪,૨૨,૨૮૨શેરી ફેરીયાઓને લોન સહાય** આપવામાં આવેલ છે.

**વીજબિલ પ્રોત્સાહક યોજના**

- રાજ્યની નગરપાલિકાઓ તેમના વીજબીલોનું ચુકવણું નિયમિતપણે કરી શકે તે માટેરાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ નાં અંદાજપત્રમાં વીજબિલ પ્રોત્સાહન યોજના માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**પંચાયત**

ગામના છેવાડાના માનવીને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે રાજ્ય સરકારની નેમ છે. ત્રિસ્તરીય પંચાયતી માળખાને સુદૃઢ બનાવવા ગ્રામ,તાલુકા,જિલ્લા પંચાયતના મકાનોનું નવીનીકરણ,રેકર્ડનું મોર્ડનાઈઝેશન અને ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ કરી ગામડાંના સર્વાંગી વિકાસ માટેના વિવિધ પગલાં સરકાર લઈ રહી છે.

**માનવ સંસાધન સશક્તિકરણ**

- પંચાયતી રાજની વહીવટી કામગીરી વધુ ઊર્જાવાન બનાવવા **છેલ્લા બે વર્ષમાં** પંચાયત વિભાગ દ્વારા **વર્ગ-૩** ની વિવિધ ૧૭ સંવર્ગની **કુલ ૧૨,૭૮૬ જગાઓ પર નિમણૂક પત્ર** એનાયત કરવામાં આવેલ છે.
- વિભાગદ્વારા**ચાલુ વર્ષમાં** પંચાયત સેવાના વર્ગ-૩ના કુલ ૪ સંવર્ગોની જગ્યાઓ માટે સીધી ભરતીથી **૬૫૬૫ ઉમેદવારોને નિમણૂકો** આપવામાં આવેલ છે. જેમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ૧૮૬૬, ગ્રામ સેવકની ૮૧, તલાટી કમ મંત્રીની ૩૪૩૭ અને જુનિયર ક્લાર્કની ૧૧૮૧ જગ્યાઓનો સમાવેશ થાય છે.

**૧૫મું નાણાપંચ**

- ૧૫મા નાણાપંચ અંતર્ગત પાંચ વર્ષમાં સને ૨૦૨૫-૨૬ સુધીમાં રાજ્યને કુલ રૂ.૧૫,૬૫૦/- કરોડ ની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે, જે પૈકી રાજય સરકાર દ્વારા અત્યાર સુધીમાં મળેલ રૂ. ૯૨૩૯.૫૦કરોડની ગ્રાંટ પંચાયતોના ખાતામાં જમા કરી દેવામાં આવી છે.જે પૈકી ચાલુ વર્ષે રૂ.૨૨૦૦ કરોડના કુલ૩૪,૦૦૦ જેટલાં કામોના લોકાર્પણ/ખાતમુર્હત કરવામાં આવેલા છે.

- નાણાપંચની ગ્રાન્ટમાંથી થનાર તમામ કામો માટે આયોજન તૈયાર કરવાથી લઇને ચુકવણા સુધીની તમામ કામગીરી **''ઇ ગ્રામ સ્વરાજ પોર્ટલ''** મારફતે ''ઓનલાઇન'' કરવામાં આવે છે. હાલ ૧,૭૧,૮૨૮ જેટલી વેપારી પેઢીઓની ઇ ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર નોંધણી કરવામાં આવેલી છે. રાજયની ૧૪,૫૩૦ ઉપરાંત ગ્રામ પંચાયતોદ્વારા ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૫૭૭૫.૯૩/- કરોડના ચૂકવણા સફળતાપૂર્વક કરવામાં આવેલ છે.

**નવીન ગ્રામ પંચાયત ઘર યોજના**

- રાજયની ૧૦૦ ટકા ગ્રામ પંચાયતોને પંચાયતઘરો ઉપલબ્ધ થાય તેવા હકારાત્મક અભિગમ સાથે રાજયની તમામ જર્જરીત ગ્રામ પંચાયતો અને ઘરવિહોણી ગ્રામ પંચાયતોના મકાનનું બાંધકામ ઝડપથી પૂર્ણ કરવા સત્તાનું વિકેન્દ્રીકરણ કરી ગ્રામ પંચાયત ઘર બનાવવા માટેની તમામ સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૬ થી ચાલુ વર્ષ:૨૦૨૩-૨૪ સુધીમાં કુલ ૫૬૮૮ નવીન ગ્રામ પંચાયત ઘર મંજૂર કરવામાં આવેલ છે, જે પૈકી ૩૩૦૫ ગ્રામ પંચાયત ઘરો પૂર્ણ થયેલ છે તથા ૧૭૦૭ ગ્રામ પંચાયત ઘરો પ્રગતિ હેઠળ છે.

**જિલ્લા / તાલુકા પંચાયત મકાન ભવન બાંધકામ**

- આ યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષમાં ૧ જિલ્લા પંચાયત (સુરત) તેમજ ૨ તાલુકા પંચાયત (વાપી અને સંતરામપુર) નાનવીન ભવનનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**ગ્રામ પંચાયત વિભાજન**

- ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી યોજનાઓ સહજ રીતે સુલભ થાય તેમજ ગામડાના લોકોને દૂર સુધી કામગીરી અર્થે જવુ ન પડે તે માટે મોટી જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરી નવીન ગ્રામ પંચાયત બનાવવામાં આવેલ છે.

- ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૩ની જોગવાઇ મુજબ **ઓગસ્ટ-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૩દરમ્યાન૨૯જૂથગ્રામપંચાયત** માંથી વિભાજન દ્વારા **૬૫ નવી ગ્રામ પંચાયતોની** રચના કરવામાં આવી છે.

**ગ્રામ વિકાસ** મારી સરકાર દ્વારા રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોના જીવનમાં આર્થિક ઉન્નતિ લાવવા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકીય સુવિધાના અનેકવિધ કાર્યક્રમો સંલગ્ન વિભાગો સાથે મળીને ચલાવવામાં આવી રહ્યા છે.

**અમૃત સરોવર**

- આઝાદીના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં માનનીય વડાપ્રધાનશ્રીએ ૨૨ એપ્રિલ ૨૦૨૨ ના રોજ કરેલા આહ્વાનના પ્રતિસાદરૂપે ભારત સરકારશ્રી દ્વારા દેશના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નવનિર્માણઅથવા નવીનીકરણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. ગુજરાત રાજ્યના કુલ ૨૪૭૫ અમૃત સરોવરના લક્ષ્યાંક સામે ૨૬૪૯ અમૃત સરોવર નિર્માણ માટે કામગીરી હાથ ધરવામાં આવી, જે તમામ ૨૬૪૯ (લક્ષ્યના ૧૦૭%) અમૃત સરોવરો નું નિર્માણ/નવીનીકરણ પૂર્ણ કરી સ્થાનિક આગેવાનો, સ્વતંત્રતા સંગ્રામના સેનાનીઓ, શહીદ વીરોના પરિવારજનો, વયોવૃદ્ધો અને ગામના નાગરિકોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન સમારોહ યોજવામાં આવ્યો હતો.

**પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)**

- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૬,૦૬,૦૪૧ લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે જે પૈકી ૬,૦૪,૫૬૭ આવાસોની મંજૂરી આપવામાં આવેલ છે અને તે પૈકી કુલ ૪,૯૫,૬૬૬ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

- રાજયમાં "**ગોબરધન યોજના**"અંતર્ગત ૩૩ જિલ્લાઓમાં કુલ ૩૮ કલસ્ટર બેઇઝ બાયોગેસ પ્લાન્ટ માટેનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ ૭૬૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટનો લક્ષ્યાંક નક્કી કરી ૭૬૦૦ પ્લાન્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪
રાજ્યપાલશ્રીનું સંબોધન

**રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન**

- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી ગ્રામીણ વિસ્તારની બહેનોનું સામાજીક ઉત્થાન થાય, જીવનધોરણ ઊંચું આવે અને આર્થિક રીતે પગભર થાય તે માટે ગ્રામીણ વિસ્તારોમાં સ્વસહાય જૂથોની રચના કરી તેને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડી આર્થિક પગભર બનાવવાનો ઉદ્દેશ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં ૨૨,૫૩૫ નવા સ્વસહાય જૂથોની, ૨,૦૧૦ ગ્રામ સંગઠનની અને ૨૩૯ કલસ્ટર લેવલ ફેડરેશનની રચના કરવામાં આવેલ છે. રીવોલ્વીંગ ફંડ પેટે કુલ ૭,૦૧૩ સ્વસહાય જૂથોને કુલ રૂ. ૨૦.૩૦/- કરોડ સહાય આપવામાં આવેલ છે. કૉમ્યુનિટી ઈન્વેસ્ટમેંટ ફંડ પેટે ૧૫,૫૮૩ સ્વસહાય જૂથોને રૂ. ૧૪૬.૯૦/- કરોડ સહાય પેટે આપવામાં આવેલ છે. કુલ ૬૫,૪૧૪ સ્વસહાય જૂથોને કેશ ક્રેડિટ પેટે બેન્ક માથી રૂ. ૯૯૭.૪૮/- કરોડનું ધિરાણ આપવામાં આવેલ છે.

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના**

- વર્ષ ૨૦૨૩-૨૪માં (નવેમ્બર-૨૩ અંતિત) જમીન અને ભેજ સંરક્ષણના, જળસંગ્રહના અને ભૂ-જળરિચાર્જના કુલ ૮૫૫૬ કામો તેમજ આજીવિકા વૃધ્ધિને લગતા ૨૪,૧૨૯ કામો પૂર્ણ થયેલ છે. કુલ રૂ. ૧૨૦.૫૬ કરોડનો ખર્ચ થયેલ છે.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર**

- **શ્રમસેતુપોર્ટલ:-**શ્રમ સેતુ પોર્ટલ શ્રમિકોના પ્રશ્નોના નિરાકારણ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ઔદ્યોગિક શ્રમયોગીઓના ગ્રેજ્યુઈટી ચૂકવણી અધિનિયમ,૧૯૭૨ હેઠળના દાવા તેમજ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળની અરજીઓ ઝડપથી, સરળતાથી અને પારદર્શક રીતે ચલાવવા તમામ પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવેલ છે
- **e-Shram પોર્ટલ:-**ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી માટે e Shram પોર્ટલ શરૂ કરવામાં આવેલછે. ઈ-શ્રમપોર્ટલ પર રાજ્યમાં ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ૧ કરોડ ૧૪ લાખ ઉપરાંત અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજ્યમાં ૧૭ જીલ્લામાં કુલ ૨૭૭ કડીયાનાકા ઉપર તબક્કાવાર ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ ૬૦,૨૭,૬૭૯ ભોજન વિતરણ થયેલ છે.

**શ્રમિક બસેરા યોજના**

- નોંધાયેલ બાંધકામ શ્રમિકોને તેમના રહેઠાણની સઘનતા ધરાવતા(બાંધકામ સાઈટ સિવાયના) વિસ્તારોમાં ડીસમેન્ટલ કરી શકાય તેવા પ્રાથમિક સગવડવાળા કામચલાઉ પ્રીફેબ્રીકેટેડ આવાસોમાં ભાડેથી રહેવાની સુવિધા પૂરી પાડવા "શ્રમિક બસેરા" યોજના તા.૦૧.૦૯.૨૦૨૩થી અમલમાં મુકવામાંઆવેલ છે.
- બાંધકામ શ્રમિકોને તેઓના કામકાજના નજીકના સ્થળે ઉત્કૃષ્ટ અને પરવડે તેવા પાયાની મૂળભૂત સુવિધાઓ સાથેના સસ્તા ભાડાના કામચલાઉ આવાસો મળી રહેતથા બાંધકામ શ્રમયોગીઓના જીવનસ્તરમાં વધારો થાય તે હેતુથી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- **મુખ્યમંત્રીએપ્રેન્ટીસશીપતાલીમયોજના:-**મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના (MATS) અંતર્ગત, પ્રતિ સ્નાતક એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૩૦૦૦/-, પ્રતિ ડિપ્લોમા એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૨૦૦૦/- અને પ્રતિ ડિપ્લોમાથી નીચેની કક્ષાના તમામ પ્રકારના એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૧૫૦૦/- નુ માસિક વળતર એકમોએ એપ્રેન્ટીસોને ચુકવેલ સ્ટાઇપેન્ડની સામે એકમોને આપવામાં આવે છે. વર્ષ૨૦૨૩-૨૪માંતા.૧૫/૧૨/૨૦૨૩અંતિત ૧,૦૨,૩૯૨ તાલીમાર્થીઓ એપ્રેન્ટીસશીપ તાલીમનો લાભ લઈ રહેલ છે.
- **ઔદ્યોગિક ભરતી મેળા-જોબફેર:-**વર્ષઃ૨૦૨૩-૨૪માં નવેમ્બર-૨૦૨૩ અંતિત ૮૬૬ ઔદ્યોગિક ભરતી મેળાના આયોજનથી ૮૪,૫૫૪ (ચોર્યાસી હજાર પાંચસો ચોપન) ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.
- **"અનુબંધમ"વેબપોર્ટલ તથા મોબાઇલએપ**: આ વેબપોર્ટલ થકી રોજગારવાંચ્છુ ઉમેદવારો તથા નોકરીદાતાઓ ઓનલાઇન નામ નોંધણી કરી શકે છે. અનુબંધમ વેબપોર્ટલ ઉપર૩,૮૪,૨૩૩ રોજગારવાંચ્છુ ઉમેદવારો તથા

૪૬,૬૨૬ નોકરીદાતાઓ નોંધાયેલા છે.

- **મેગાઆઈ.ટી.આઈ. (મેગા ટેકનીકલ એન્ડ વોકેશનલ એજ્યુકેશન ટ્રેનીંગ):** રાજ્યમાં ઉદ્યોગોની જરૂરિયાતને પહોંચી વળવા બદલાતા સમયસાથે Industry 4.0ને ધ્યાનમાં લઈ યુવાનો/ તાલીમાર્થીઓની સ્કીલમાં વધારો થાય તે જરૂરી છે. આજના આધુનિક સમયમાં ઔદ્યોગિક ઓટોમેશન, એડવાન્સ વેલ્ડિંગ, મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી, ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી, ઈન્ટરનેટ ઓફથિંગ્સ (IoT), આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સ (AI) જેવી એડવાન્સ ટેકનોલોજીને ધ્યાનમાં લઇ આ જરૂરીયાતને પહોંચી વળવા માટે વર્ષ૨૦૨૩-૨૪માં રાજયની પાંચ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ **કુબેરનગર, સુરત, તરસાલી, રાજકોટ અને દાહોદને મેગા આઈ.ટી.આઈ. તરીકે ડેવલપ** કરવાની રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

- **શિક્ષણ સહાય યોજના:** શિક્ષણ સહાય યોજના હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોના બે બાળકો માટે ધોરણ ૧થી લઈને P h d સુધીના અભ્યાસમાં રૂ.૧૮૦૦થી રૂ.૨ લાખ સુધીની મર્યાદામાં શિક્ષણ સહાય આપવામાં આવે છે. તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કુલ ૪૬,૧૦૦ શ્રમિકોને કુલ રૂ.૪૦૩૦.૪૦લાખની સહાય આપવામાં આવેલ છે.

- **સ્કૂલ ઓફડ્રોન્સ:** ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા સ્કૂલ ઓફડ્રોન્સ, કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી (KSU) એ રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન (RPTO) લાઇસન્સ મેળવનાર પ્રથમ રાજ્ય યુનિવર્સિટી છે. છેલ્લા બે વર્ષમાં રજિસ્ટર્ડ થયેલ ઉમેદવારો પૈકી આજ દિન સુધીમાં કુલ ૩૦૩ તાલીમાર્થીઓને ડ્રોન પાયલોટ લાઇસન્સ આપવામાં આવેલ છે.

**માર્ગ અને મકાન**

- માર્ગ અને મકાન વિભાગ દ્વારા કુલ ૯૩૮.૮૨ કિ.મી લંબાઇના રસ્તાઓને રૂ.૫,૨૪૩.૭૭ કરોડના ખર્ચે ચાર માર્ગીયકરણ / ૧૦મીટર / ૭મી.પહોળા કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે ૧૫૦૮કિ.મી. લંબાઇના રસ્તાઓનું રૂ.૪૪૧૩.૧૫ કરોડની અંદાજિત રકમથી ચારમાર્ગીયકરણ / ૧૦મીટર / ૭મી. પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં છે.

- ડભોઈ– શિનોર-માલસર-અશારોડ નર્મદા નદી પર પુલ, ખેડા–ધોળકા રોડ સાબરમતી નદી પર પુલ, હરીયાળા-રધવાણજ ચોકડી રોડ વાત્રક નદી પર **નવા** પુલ સહિત **૨૭ પુલોનું** રૂ.૬૯૫.૧૯ કરોડના ખર્ચે **નિર્માણ પૂર્ણ થયેલ** છે.જયારે રૂ.૨,૪૨૫.૧૫ કરોડના ખર્ચે **૬૨ પુલોની કામગીરી પ્રગતિમાં** છે.

- નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાંથી પસાર થતા સાપુતારા-શબરીધામ-સોનગઢ-શેરુલા-ઝરવાણી થઈને સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધીના ૨૩૭.૧૦ કિ.મી. લંબાઇના રસ્તાઓને ૧૦મી પહોળા કરવાનું બે તબક્કામાં આયોજન કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કામાં ૯૨.૫૦ કિ.મી લંબાઇના હયાત રસ્તાઓને ૧૦મી પહોળા કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- મહેસાણા-પાલનપુર રસ્તાની ૬૧કિ.મી. લંબાઇમાં રૂ.૪૪૩ કરોડના ખર્ચે હયાત ચાર માર્ગીય રસ્તાને બહુહેતુક પાથ વે સાથે છ-માર્ગીય કરણની કામગીરી પૂર્ણ થયેલ છે.

- **મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના :** વર્ષ૨૦૨૩-૨૪માં રૂ.૧૧૧૯ કરોડની રકમના ૨૦૮૯ કિ.મી. લંબાઇના ૯૨૧ રસ્તા/પુલોના કામોની મંજૂરી આપવામાં આવેલ છે. જે કામો પ્રગતિ હેઠળ છે.

- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના ફેઝ-૩** હેઠળ ૩૦૧૫ કિ.મી. લંબાઈના ગ્રામ્ય માર્ગોને અંદાજિતરૂ.૧૭૪૯.૬૨ કરોડના ખર્ચેપ.૫૦મી પહોળા કરવાનાં ૩૦૪ કામો મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૨૩૭૪ કિ.મી, લંબાઈના ૨૩૦ કામો પૂર્ણ થયેલ છે. જયારે ૫૫૩ કિ.મી. લંબાઈના ૬૬ કામો પ્રગતિ હેઠળ છે.

- રાષ્ટ્રીય મહત્વના ધાર્મિક સ્થળ તેમજ પ્રવાસન સ્થળના વિકાસ માટે ખૂબજ અગત્યની ઓખા અને બેટ દ્વારકાને જોડતી **સીગ્નેચર બ્રિજની** કામગીરી પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત ઓખા અને બેટ દ્વારકાને જોડતા, અરબી સમુદ્ર ઉપર ૪.૫૬ કિ.મી. એપ્રોચ રસ્તા સહિતના ચાર માર્ગીય કેબલ સ્ટેઇડ બ્રિજનું બાંધકામ **રૂ.૯૬૨ કરોડના ખર્ચે પૂર્ણતાના આરે** છે.

- ગાંધીનગર ખાતે રૂ.૫૯૫.૫૦ કરોડની અંદાજિત રકમના વિવિધ કક્ષાના ૨૫૭૬ સરકારી આવાસોનું નિર્માણ તથા રૂ. ૨૯૦ કરોડના અંદાજિત ખર્ચે માન.ધારાસભ્યશ્રીઓ માટે નવું સદસ્ય નિવાસ બાંધવાનું કામ હાલપ્રગતિમાં છે.

- રાજ ભવન ખાતે વિવિધ કક્ષાના ૧૩૬ આવાસો માટે રૂ.૬૦કરોડની અંદાજિત રકમના કામ પ્રગતિ હેઠળ છે.

- ગાંધીનગર-કોબા-હાંસોલ (એરપોર્ટ) રોડ પર **રક્ષા શક્તિ સર્કલ (ધોળાકુવા) ખાતે ફ્લાય ઓવર** બ્રિજનું રૂ.૫૦ કરોડનું કામ પૂર્ણ થયેલ છે.
- ભરૂચ, જામનગર અને ગોધરા ખાતે **અતિથી ગૃહનાકામો** રૂ.૧૩.૯૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે જ્યારે ભાવનગર અને પોરબંદર ખાતે અતિથી ગૃહના કામો રૂ.૧૨.૧૮કરોડના ખર્ચે હાલ પ્રગતિમાં છે. વિજાપુર અને ધાનપુર ખાતે રૂ.૪.૧૭કરોડના ખર્ચે વિશ્રામગૃહની કામગીરી પૂર્ણ થયેલ છે.

**વાહન વ્યવહાર** **ગુજરાત ઈલેક્ટ્રીક વ્હીકલ પૉલીસી**

- ગુજરાત સરકાર પર્યાવરણ મુદ્દે હંમેશા ગંભીર રહી છે અને એટલે જ પેટ્રોલ ડીઝલ થી ચાલતા વાહનો ના બદલે ઇલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા ઇલેક્ટ્રીક વ્હીકલ પૉલિસી અમલમાં લાવી ખૂબ જ દુરંદેશીભર્યો નિર્ણય લીધો છે. આ પૉલીસી ચાર વર્ષના સમયગાળા માટે કાર્યરત રહેશે. જેમાં અંદાજે કુલ બે લાખ ઇલેક્ટ્રીક વાહનો પર સબસિડી આપવામાં આવશે.
- સબસિડીનું ધોરણ વાહનની બેટરી કેપેસિટીના ધોરણે ટુ-વ્હીલર માટે મહત્તમ રૂ.૨૦,૦૦૦/-, થ્રી વ્હીલર માટે મહત્તમ રૂ.૫૦,૦૦૦/- અને ફોર વ્હીલર માટે મહત્તમ રૂ.૧,૫૦,૦૦૦/- નિયત કરવામાં આવ્યું છે.
- અત્યાર સુધીમાં કુલ ૯૭,૫૯૪ લોકોને રૂ.૨૫૫.૧૮ કરોડની રકમ સબસિડી સ્વરૂપે તેમના ખાતામાં જમા કરાવવામાં આવેલ છે.

**વાહન સ્ક્રેપીંગ પોલિસી**

- જૂના અનફિટ વાહનો અકસ્માતનું મોટું કારણ બને છે ઉપરાંત પ્રદૂષણ પણ ફેલાવે છે. આવા અનફિટ વાહનો નો યોગ્યનિકાલ થાય એ માટે વાહન સ્ક્રેપીંગ પોલિસી ૧૩ ઓગસ્ટ-૨૦૨૧ના રોજ માન. વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે અનાવરણ કરવામાં આવેલ. આ પોલિસીહેઠળ રાજ્યમાં કુલ પાંચ સ્ક્રેપીંગ ફેસીલીટીને મંજૂરી આપવામાં આવેલ છે.જેની વાર્ષિક સ્ક્રેપીંગ ક્ષમતા 3 લાખ વાહનોની છે.

**વાહનના ફિટનેશ ઈન્સપેક્શન અર્થે PPPબેઝ્ડ ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન**

- કેન્દ્ર સરકારની ગાઇડલાઇન મુજબ રાજ્ય સરકાર દ્વારા P P P ધોરણે ઓટોમેટેડ ફિટનેશ સેન્ટર સ્થાપવા માટે પોલિસી અમલી બનાવેલ છે.
- હાલમાં ઓટોમેટેડ ફિટનેશ સેન્ટર માટે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ૨૫ ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશનને ફાઇનલ રજિસ્ટ્રેશનસર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવેલ છે તથા કુલ ૧૮૦ ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશનને શરતી પ્રાથમિક મંજૂરી આપવામાં આવેલ છે.

**'વાહન' અને 'સારથી' ની ફેસલેસ સેવાઓનો શુભારંભ**

- વાહન વ્યવહાર ખાતાની કુલ ૨૦ સેવાઓ ઇ-કેવાયસીની મદદથી અને ૮ સેવાઓ મોબાઇલ O T P ની મદદથી એમ કુલ ૨૮ સેવાઓ ફેસલેસ તરીકે શરૂ કરવામાં આવેલ છે.જેના અમલથીવર્ષ ૨૦૨૩-૨૪માં નવેમ્બર-૨૩ સુધીમાંકુલ ૩,૦૪,૭૬૭ લોકોએ ડ્રાઇવીંગ લાઇસન્સ સંબંધિત સેવા તથા કુલ ૧,૯૪,૪૩૫ લોકોએ 'વાહન' સેવાનો લાભ લીધેલ છે.

**ડિજિટલ ચલણ અને સ્માર્ટ એન્ફોર્સમેન્ટ**

- મોટર વાહન ખાતા દ્વારા ચાલુ વર્ષે કુલ ૩૫ અત્યાધુનિક ઇન્ટરસેપ્ટર વાહનો ખરીદવામાં આવ્યા છે. જે સ્માર્ટ એન્ફોર્સમેન્ટના હેતુથી સ્પીડ ગન, કેમેરા અને પબ્લીક એડ્રેસ સિસ્ટમથી સજ્જ છે. રાજ્યમાં કુલ ૫૮ ચેકપોઇન્ટ પર આ ઇન્ટરસેપ્ટરથી સઘન કામગીરી થાય છે.
- તા.૦૧/૦૪/૨૦૨૩ થી આજ દિન સુધી અંદાજિત રૂ.૩૧.૨૪ કરોડના ખર્ચે સુરેન્દ્રનગર, મોરબી (નવું), ધાનપુર, ડેસર, લીમખેડા, મહુવા, રાજકોટ (સેટેલાઇટ) વસો, ચકલાસી ખાતે બસ સ્ટેશન મળી કુલ-૯ એકમોનું લોકાર્પણ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજિત રૂ.૨૮ કરોડના ખર્ચે કુકરવાડા, લોધીકા, ઉમરગામ, સુઇગામ, માતાનો મઢ, ગરબાડા વગેરે મળી કુલ ૧૩ નવીન બસ સ્ટેશનો તથા અંદાજિત રૂ.૩૬ કરોડના ખર્ચે વિજાપુર, હારિજ, ચંડોળા, અંજાર વગેરે મળી કુલ ૯ નવીન ડેપો-વર્કશોપ તેમજ રૂ.૩૨ કરોડના ખર્ચે ભાવનગર, વલસાડ, કૃષ્ણનગર-નરોડા અને જામનગર ખાતે કુલ ૪ નવીન સ્ટાફ કોલોનીની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

**બંદરો** **બંદરોનો વિકાસ**

ખાનગી મૂડીરોકાણથી વિકાસની સાથોસાથ ગુજરાત મેરીટાઈમ બોર્ડ હયાત બંદરોનો વિકાસ કરવા પણ કટિબદ્ધ છે.

- છારા ખાતે રૂ. ૪૨૯૩ કરોડનાં ખાનગી મૂડીરોકાણથી નવનિમાર્ણ થયેલ એલ.એન.જી. ટર્મિનલ વર્ષ ૨૦૨૪માં કાર્યાન્વિત થનાર છે તેમજ ભાવનગર બંદરના ઉત્તર ભાગમાં બ્રાઉન ફિલ્ડ બંદર (સી.એન.જી. ટર્મિનલ અને અન્ય ટર્મિનલો) વિકસાવવા માટે અંદાજિત રૂ. ૪૦૨૪ કરોડનાં રોકાણના આયોજન માટે કન્સેશન એગ્રીમેન્ટને મંજૂર કરવામાં આવેલ છે.

- દહેજ ખાતે બંદરીય સુવિધાઓનાં વિસ્તૃતિકરણ નાં ભાગરૂપે મે.પેટ્રોનેટ એલ.એન.જી. દ્વારા રૂ. ૧૭૦૦ કરોડનાં ખાનગી મૂડીરોકાણથી ત્રીજી જેટીના વિકાસ માટેની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે અને મે.ગુજરાત કેમિકલ પોર્ટ ટર્મિનલ (GCPL) દ્વારા અંદાજિત રૂ. ૧૨૦૦ કરોડ ના ખર્ચે બીજી જેટી વિકસાવવા માટેનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.

- મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિઓને વેગ આપવા રૂપિયા ૧૩૦૦ કરોડના ખર્ચે વેરાવળ, માઢવાડ અને સુત્રાપાડા ખાતે મત્સ્ય બંદરો વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છે.

**મહેસૂલી વ્યવસ્થાપન**

- મહેસૂલ વિભાગના તા: ૧૩-૦૪-૨૦૨૩ ના પરિપત્રથી ગુજરાત રાજ્યમાં સ્થપાતા **રિન્યુએબલ એનર્જીના** તમામ **પ્રોજેકટસને** ગુજરાત જમીન મહેસુલ સંહિતાની કલમ-૬૫(બી) હેઠળ ડીમ્ડ એન.એ. પરવાનગીનો લાભ આપવા બાબત સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે તથા તા.૦૮/૦૫/૨૦૨૩ના ઠરાવથી બિન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો જેવા કે વિન્ડ/સોલાર/વિન્ડ-સોલાર હાઈબ્રીડ એનર્જીના ઉપયોગથી **ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન** માટે સરકારી પડતર જમીન ભાડાપટે ફાળવણી કરવા અંગેની નીતિ બહાર પાડવામાં આવેલ છે.

**પ્રોપર્ટીકાર્ડ**

- સ્વામિત્વ યોજના હેઠળ રાજ્યના કુલ-૧૮૪૯ ગામોમાં ૨,૮૭,૫૭૪ પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવ્યા છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારની  પ્રોપર્ટીકાર્ડ બનાવવાની યોજનાઓ હેઠળ ૧,૩૪,૭૮૮ પ્રોપર્ટીકાર્ડ તથા બિનખેતી યોજના હેઠળ કુલ ૫૦,૩૬૮ પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવ્યા છે. આમ, કુલ-૪,૭૨,૭૩૦ નવા પ્રોપર્ટીકાર્ડ મિલ્કત ધારકોને આપી તેમની મિલ્કતનાં ટાઇટલ/આધારો આપવામાં આવ્યા.

**iMojni**

- iMojniપોર્ટલ પર કુલ ૩,૦૬,૦૨૧ માપણી અરજીઓ આવેલ છે તે પૈકી ૨,૯૧,૫૯૧ માપણી અરજીઓનો નિકાલ કરેલ છે.

- iMojni સોફ્ટવેરના iORAસાથે ઈન્ટિગ્રેશન કરતા,iMojni એપ્લીકેશનમાં તા.૨૧/૧૨/૨૦૨૩ સુધીમાં બિનખેતી હુકમથી ઓટો જનરેટ થયેલ ૪૪,૬૫૩ માપણી અરજીઓ પૈકી ૪૧,૭૦૩ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

**ઘરેબેઠાદસ્તાવેજનીપ્રમાણિતનકલમેળવવાઅંગેનીસુવિધા**

- લોકો ઘરે બેઠા દસ્તાવેજની પ્રમાણિત નકલ ઓનલાઈન મેળવી શકે તે માટેની સુવિધા iORAપોર્ટલ પરતા.૨૫/૧૨/૨૦૨૧થીઉપલબ્ધકરેલછે. તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધી કુલ-૬૫,૬૪૮ અરજીઓ મળેલ છે તથા તે અન્વયે રૂ. ૩,૯૩,૮૮,૮૦૦/- ની આવક થયેલ છે.

**કાયદો અને વ્યવસ્થાપન**

મારી સરકાર પ્રજાના તમામ વર્ગો સુખ શાંતિથી રહે,રાજ્યની પ્રજાનો સર્વાંગી વિકાસ થાય,રાજ્યમાં એકંદરે શાંતિ અને સલામતી જળવાઇ રહે તે હેતુ ચરિતાર્થ કરવાતેમજ પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનો સેતુ દૃઢ બનેઅને પરસ્પર સહકારથી વધુ ગુનાઓ બનતાં અટકાવી જનકલ્યાણના રચનાત્મક કાર્યો કરવા કટિબદ્ધ છે.

**નશાબંધી નીતિનો ચુસ્ત અમલ**

- રાજયમાં નશાબંધીને લગતા ગુન્હાઓ નેસ્તનાબુદ કરવાએ મારી સરકારની પ્રાથમિકતા છે. ગાંજો,ચરસ,અફીણ,હેરોઇન જેવા નશીલા પદાર્થોના સેવનનું દૂષણ અસરકારક રીતે દૂર કરવા તથા આ પ્રવૃતિમાં સંડોવાયેલ ગુનેગારોને પકડવા ગુજરાત સરકાર દ્વારા એક અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ભારતીય તટરક્ષકદળ તથા અન્ય એજન્સીઓના સહયોગથી પડોશી દેશો દ્વારા માદક પદાર્થો ગુજરાત રાજયમાં ઘુસાડવાના નાપાક ઈરાદાઓ સામે ગુજરાત પોલીસ સતર્ક રહી જાન્યુઆરી-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ સુધી રાજયમાં NDPS Act(The Narcotic Drugs and Psychotropic Substances Act) હેઠળ ૪૭૬

ગુન્હા દાખલ કરી કુલ- ૬૩૭ આરોપીઓ પકડી અંદાજે ૧૫૦૬ કરોડ રૂપિયાનો મુદ્દામાલ પકડી સમગ્ર દેશમાં નાર્કોટીક્સના દૂષણથી દેશના યુવાધનને બચાવવા માટેનો એક સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

- ગુજરાત રાજયમાં એન.ડી.પી.એસ. ના કેસોનાં ઝડપી નિકાલ માટે અમદાવાદ,વડોદરાઅનેરાજકોટ ખાતે સ્પેશલ કોર્ટ શરૂ કરવામાં આવેલ છે. તેમજ રાજ્યકક્ષાએ એક સંકલિત પ્રયાસના ભાગરૂપે'**Anti-Narcotics Task Force'**ની રચના કરવામાં આવેલ છે.

**સાયબર ક્રાઈમ**

- દેશમાં આર્થિક ગુન્હાઓનો વ્યાપ ઘણો બહોળો છે. આર્થિક ગુન્હાઓ અને સાયબર ક્રાઈમ સંબંધી ફરિયાદોના નિવારણ માટે I4C (Indian Cyber Crime Coordination Centre), NCCRPપોર્ટલ(National Cyber Crime Reporting Portal), અને Cyber Crime Helpline Number-૧૯૩૦ અસરકારક કામગીરી કરી રહેલ છે.

**મહિલા સુરક્ષા**

- ગુજરાત રાજયમાં મહિલાઓ વિરૂદ્ધ થતા કેસના નિવારણ માટે તા. ૩૦/૦૫/૨૦૧૭ થી ૨૬ જિલ્લાઓમાં ઈન્વેસ્ટીગેટીવ યુનિટ ફોર ક્રાઇમ અગેઇન્સ્ટ વુમન (I .U .C .A .W) મહિલા પોલીસ સ્ટેશનોમાં કાર્યરત છે.
- મહિલાઓ અને બાળકો પરઅત્યાચાર અંગેના પોક્સો ના કેસોમા તપાસમા સંવેદનશીલ અભિગમથી સમયસર ચાર્જશીટ થાય અને મોનીટરિંગ થાય તે માટે ITSSO પોર્ટલ (Investigation Tracking System for Sexual Offences)કાર્યરત કરવામા આવેલ છે.

**સુરક્ષા સેતુ સોસાયટી**

- સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ વર્ષ-૨૦૨૩-૨૪ માટે કુલ -૧,૩૯,૧૦૦મહિલાઓને સ્વ રક્ષણ તાલીમ આપવાનાં લક્ષ્યાંક સામે ઓક્ટોબર-૨૦૨૩ સુધી ૯૧,૩૮૪ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપેલ છે .
- સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ સુધી કુલ ૮૮,૩૬૧ બાળકોને ટ્રાફીકના નિયમો અંગે તાલીમ અને જાણકારી આપવામાં આવેલ છે.

**નાણા વ્યવસ્થાપન**

**કરવેરાની ઓનલાઈન ચૂકવણી**

- રાજ્યના કરોની સમયસર ઓનલાઈન વસૂલાત માટે સાયબર ટ્રેઝરી પોર્ટલ કાર્યરત છે.
- સંકલિત નાણાંકીય વ્યવસ્થાપન પદ્ધતિ અંતર્ગત ઈન્ટરનેટ બેન્કીંગ સુવિધા મારફત રાજ્યના કરદાતાઓને પોતાના કરો ઓન લાઇન ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. હાલ GST, પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી, રોડ ટેક્સ, સ્ટેમ્પ ડ્યુટી વગેરે આવકનું ઓનલાઇન Collection થાય છે.

**ઇ-પેમેન્ટ**

- રાજ્યના તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને ડિજિટલ સિગ્નેચર ઇસ્યુ કરવામાં આવેલ છે જેના થકી ઇ-પેમેન્ટથી રકમ સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.
- IFMSઅંતર્ગત તમામ કર્મચારીઓ, પેન્શનરો તથા સંબંધિત લાભાર્થીઓના ખાતામાં સીધે સીધી રકમ જમા થાય તે માટે e-Paymentસુવિધાની અમલવારી રાજયના તમામ ૩૩ જિલ્લા તિજોરી કચેરીમાં કરવામાં આવે છે .

**પેન્શનરો માટે કરવામાં આવેલ સરળતા**

- રાજ્યના અંદાજિત ૫,૧૦,૯૭૪ પેન્શનરોના **પેન્શનનું ચુકવણુ** તિજોરી કચેરીઓ દ્વારા **ઇ-પેમેન્ટથી** કરવામાં આવે છે.
- જે જિલ્લાઓમા પેન્શનરોની સંખ્યા વધુ છે, તેવા જિલ્લાઓમા પેન્શનરોને હાલાકી ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા અલગ **પેન્શન ચુકવણા કચેરી** શરૂ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવેલ છે.
- પેન્શનરો ઘરેબેઠાં હયાતીની ખરાઈ કરી શકે તે માટે "**જીવન પ્રમાણ પોર્ટલ**" ની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે.
- Pension Portal Gujaratપરથી પેન્શનરો પોતાની વિગતવાર માસિક પેન્શનની માહિતી ઓનલાઇન મેળવી

શકે છે.

- નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત તા.૩૦-૧૧-૨૦૨૩ સુધીમાં ૨,૪૬,૬૮૫ લાભાર્થીઓના કેંદ્રીયકૃત યોજના હેઠળ PRAN (Permanent Retirement Account Number)મેળવી તેઓનો માસિક ફાળો તથા રાજ્ય સરકારનો ફાળો કેંદ્રીયકૃત યોજના હેઠળ જમા કરાવવામાં આવે છે.
- ગુજરાત સામૂહિક જૂથ) જનતા)અકસ્માત વીમા યોજના હેઠળ કુલ ૩.૯૪ કરોડથી વધારે લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂત, ખાતેદાર ખેડૂતના પતિ અથવા પત્ની, તેમના તમામ સંતાન, અસંગઠિત શ્રમિકો, ગુજરાતના પ્રાથમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, વિધવા, વિકલાંગ, હિરાઘસુ કારીગરો જેવા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.
- ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં નવેમ્બર-૨૦૨૩ સુધીમાં રાજ્યને કરવેરાની રૂ **.૮૦,૪૭૭ કરોડની આવક**થયેલ છે.
- **જીએસટી કાયદા હેઠળ નોંધણી** મેળવવાની સમગ્ર પ્રક્રિયા પારદર્શક-સરળ બની રહે, ease of doing business ને પ્રોત્સાહન મળે અને પ્રામાણિક કરદાતાઓને ઝડપથી નોંધણી નંબર મળી શકે તે હેતુથી સમગ્ર દેશમાં પાયલટ પ્રોજેક્ટ તરીકે ગુજરાત રાજ્યમાં **"બાયોમેટ્રિક બેઇઝ્ડ આધાર ઓથેન્ટીકેશન"**ની પ્રક્રિયા અમલી બનેલ છે. નોંધણી મેળવનાર અરજીકર્તાએ પોતાનાં ધંધાનાં સ્થળેથી દુર જવું ન પડે તે માટે સમગ્ર રાજ્યમાં કુલ ૧૨ સ્થળોએ **જીએસટી સુવિધા કેન્દ્રો** ઊભા કરી "State of Art"તરીકે વિકસાવવામાં આવેલ છે.આ તમામ કેન્દ્રો અત્યાધુનિક તકનીકી સાધનો અને જાણકાર સ્ટાફથી સજ્જ છે.

**રમતગમત અને સંસ્કૃતિક પ્રવૃતિઓ**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ભવ્ય ઐતિહાસિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક વારસાને ગરિમાપૂર્ણ રીતે ઉજાગર કરવાની સાથોસાથ યુવાનો, કલાકારો અને કૌશલ્ય ધરાવતા ખેલવીરોને પ્રોત્સાહન આપી તેમની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તેવા બહુયામી આયોજનો સફળતાપૂર્વક અમલમાં મુકવામાં આવ્યાં છે.

- વર્ષ૨૦૧૦થી શરૂ કરેલ **ખેલમહાકુંભ** હેઠળ દર વર્ષે ગ્રામ્ય કક્ષાથી રાજયકક્ષા સુધીની વિવિધ સ્પર્ધાઓનું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. સને-૨૦૨૪ માં શરૂ થયેલ **ખેલમહાકુંભ૨.૦** માં અંદાજિત ૬૬ લાખ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક રજીસ્ટ્રેશન કરાવેલ છે. ભારત સરકારના **DBT(ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર)**અભિગમ મુજબ વિજેતા ખેલાડીઓને RTGS મારફતે ચૂકવણું કરવામાં આવશે.
- ભારત સરકારના નવીન અભિગમને આગળ વધારતા દેશના તમામ **રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી ગુજરાતના રાજભવન ખાતે** કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ૨૩ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે. જેમાં જે-તે રાજ્યોના સાંસ્કૃતિક ગૃપોને ગાંધીનગર ખાતે આમંત્રિત કરીને કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા છે.
- ભારતે મેળવેલ આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થતાં હોઇ તેની ઉજવણીના ભાગરૂપે દેશવાસીઓમાં દેશભક્તિની લાગણી ફેલાવાના હેતુથી ભારત સરકારે "આઝાદી કા અમૃત મહોત્સવ" હેઠળ ૧૨ માર્ચ ૨૦૨૧ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધી ૭૫ અઠવાડીયા દરમિયાન વિવિધ કાર્યક્રમો આયોજીત કરેલ હતા. આ કાર્યક્રમોમાં આઝાદીના ૭૫ વર્ષના સ્વતંત્રતા સંઘર્ષ,વિચારો,સિદ્ધિઓ,કાર્યો અને સંકલ્પો એમ પાંચ સ્તંભો પર વિશેષ બળ આપવામાં આવ્યું હતું.
- **"મારી માટી મારો દેશ"**અભિયાન અંતર્ગત નવી દિલ્હી ખાતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં માનનીય પ્રધાનમંત્રીશ્રીના હસ્તે જે ટોચના 3 રાજ્યોને "આઝાદી કા અમૃત મહોત્સવ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો તેમાં બીજા ક્રમે ગુજરાતનો સમાવેશ થાય છે.
- રાજયનાસામાન્ય વિસ્તારો તથા આદિજાતિ વિસ્તારોમાં આવેલ **સરકારીજિલ્લા/તાલુકા ગ્રંથાલયોના નવીન સ્માર્ટ ભવનના નિર્માણની** કામગીરી પ્રગતિમાં છે. વડોદરા, આણંદ, જામનગર, ભરૂચ અને વ્યારા ખાતે કાર્યરત સરકારી ગ્રંથાલયોને **સ્માર્ટ ગ્રંથાલય**તરીકે વિકસાવવાની તથા રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના **આધુનિકીકરણની** કામગીરી પ્રગતિ હેઠળ છે.
- ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા **વિશ્વ માતૃ ભાષા દિવસે' માતૃભાષામહોત્સવ' નું** આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગતગુજરાતના ૩૦૦થી વધુ સાહિત્યકારો વિવિધ સ્થળોએ ઉપસ્થિત રહ્યા હતાં. માતૃભાષા મહોત્સવમાં કવિ સંમેલન, પરિસંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.

**વિજ્ઞાન અને**

ઈન્ફોર્મેશન અને ટેક્નોલોજીને લગતા ઉત્પાદન અને સેવાઆપતી કંપનીઓ સ્થાપવા અને સ્થપાયેલ કંપનીઓ

**પ્રૌદ્યોગિકી** વિસ્તારવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ રાજ્ય સરકારની આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. નીતિનું અમલીકરણ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

- ભારતને સેમિકંડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સેમિ કંડક્ટર પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ, જે અંતર્ગત સેમિકંડક્ટર મેન્યુફેક્ચરીંગ માટે થનાર રોકાણને ગુજરાતમાં આકર્ષવા માટે ગુજરાતસરકાર દ્વારા એક આગવી સેમિકંડક્ટર નીતિ રજૂ કરવામાં આવેલ. એક **અલાયદી સેમિકંડક્ટર નીતિ અને મિશનનું નિર્માણ કરનાર** ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે,જે આપણા માટે ગૌરવની વાત છે.
- અમેરીકાની સેમિ કંડક્ટર મેમરી મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રની અગ્રેસર કંપની **માઈક્રોન દ્વારા** તેના **નવા સેમિકંડક્ટર પ્લાન્ટ માટે** ગુજરાતના **સાણંદ જી.આઈ.ડી.સીની પસંદગી કરવામાં** આવી અને અંદાજિત બાવીસ હજાર પાંચસો કરોડના પ્રોજેક્ટ ખર્ચે સેમિકંડક્ટર એસેમ્બલી ટેસ્ટ માર્કિંગ પેકેજીંગ (A T MP ) પ્રોજેક્ટ સાથે **ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકંડક્ટર ચીપનું વ્યાપારી ધોરણે ૨૦૨૫થી ઉત્પાદન થશે.** આ પ્રોજેક્ટથી ઉચ્ચ કૌશલ્યવાન નવી ૫૦૦૦ પ્રત્યક્ષ તથા ૧૫૦૦૦ પરોક્ષ રોજગારીની તકોનું ગુજરાતમાં સર્જન થશે.
- આ પ્રોજેક્ટની સ્થાપનાથી સેમિકંડક્ટર ઉત્પાદનસાથે જોડાયેલ અન્ય સપ્લાયચેન ઉદ્યોગો માટે ગુજરાત પ્રથમ પસંદગીનું સ્થળ બનશે.
- **સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્કયુબેટર(S T B I )**દ્વારા અત્યાર સુધી ૧૦૦થી વધુ સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગ-સાહસિકોને ઇન્ક્યુબેશનની સુવિધા પૂરી પાડેલ છે.તથા ૧૧ જેટલી સંસ્થાઓ સાથે સહકાર અર્થે Mo U કરેલ છે બાયોસ્પેક્ટ્રમ જેવા નામાંકિત સર્વે મુજબ, આ સંસ્થા ત્રણ વર્ષથી દેશના પ્રથમ પાંચ જાહેર ક્ષેત્રના બાયો-ઇન્ક્યુબેટરમાં સ્થાન ધરાવતી સંસ્થા બની છે.
- **ગુજરાત બાયો ટેકનોલોજી રિસર્ચ સેન્ટર(GB RC )**દ્વારા છેલ્લા સાડા પાંચ વર્ષમાં વિવિધ આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ પાસેથી આશરે રૂ. ૭૮ કરોડના સંશોધન ભંડોળ સાથે ૪૫ થી વધુ પ્રોજેક્ટ ચલાવવામાં આવેલ છે.
- ભારત સરકારના મહત્વના ફ્લેગશિપ પ્રોગ્રામ જેવા કે,જીનોમ ઈન્ડિયા ઈનિશિએટિવ,ઈન્ડિયન SARS-CoV-2 જીનોમ સિક્વન્સિંગ કન્સોર્ટિયા, TATVAM પ્રોજેક્ટમાં ગુજરાત બાયો ટેકનોલોજી રિસર્ચ સેન્ટરમહત્વનું યોગદાન આપી રહેલ છે.
- **ગુજરાત સાયન્સ સિટીના** મુખ્ય આકર્ષણોમાં વિષય વસ્તુ પર આધારીત પેવેલીયન,ભવ્ય થ્રી-ડી આઇમેક્સ થિયેટર, પ્લેનેટ અર્થ, નેચર પાર્ક, લાઇફ સાયન્સ પાર્ક, મલ્ટિમીડિયા લેસર એન્ડ ફાઉન્ટન શૉ, હોલ ઓફ સાયન્સ અને સ્પેસવગેરેનો સમાવેશ થાય છે. સાયન્સ સિટી ખાતે નવા સ્થપાયેલ **એક્વેટિક ગેલેરી અને રોબોટિકસ ગેલેરીના** પેવેલીયનો વિશેષ આકર્ષણ બન્યા છે. સાયન્સ સિટી ખાતે વૈવિધ્ય સભર આકર્ષણોના કારણે મુલાકાતીઓની સંખ્યામાં ઉતરોત્તર વધારો થઇ રહેલ છે.
- **આઈ.ટી. નીતિ (૨૦૧૬-૨૦૨૧)** અંતર્ગત અત્યાર સુધી કુલ ૧૩૬ કરોડ રકમની સહાય આઈ.ટી ઔદ્યોગિક એકમોને ચૂકવવામાં આવી છે. જ્યારે **આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. નીતિ (૨૦૨૨-૨૭)**થી ગુજરાતમાં નવી ૧ લાખ રોજગારીનું સર્જન થશે અને ગુજરાતનું આઈ.ટી નિકાસ (Export) આઠ ગણું વધી ૨૫ હજાર કરોડ જેટલું થશે.
- **રાજ્યની ઈલેક્ટ્રોનિક્સ પોલિસી** હેઠળ અત્યાર સુધી કુલ રૂ.૨૯૮.૬૩ કરોડરકમની સહાય ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રના ઔદ્યોગિક એકમોને ચુકવવામાં આવી છે.

**વન અને પર્યાવરણ** પર્યાવરણની સમસ્યાઓનો એકમાત્ર ઉપાય વૃક્ષ ઉછેરનો છે. આપણા પ્રશ્નો અને જરુરિયાતોને ધ્યાનમાં રાખીને વધુ ને વધુ વિસ્તાર વૃક્ષાચ્છાદિત થાય તે માટે જુદી જુદી યોજનાઓ હેઠળ વૃક્ષારોપણના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવેલ છે. વરસાદનું પાણી જમીનમાં ઉતરે અને ધોવાણ થતું અટકે તે માટે ભૂમિ અને ભેજ સંરક્ષણ યોજના હેઠળ વાવેતરો ઉપરાંત વન તલાવડી અને ચેક ડેમ પણ કરવામાં આવે છે. રણ સરહદે હવામાન તથા જમીનને માફક આવે તેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે તેમજ દરિયાકાંઠે ખાડી વિસ્તારોમાં ચેરના વૃક્ષોના વાવેતર જેવી યોજનાઓ અમલમાં છે.

- વર્ષ ૨૦૨૧ના ફોરેસ્ટ સર્વે ઓફ ઈંડિયાના અહેવાલ મુજબ, ગુજરાતમાં **વન આચ્છાદિત વિસ્તાર**(વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર) માં વર્ષ ૨૦૧૯ની સરખામણીએ વધારો થયો છે. વર્ષ ૨૦૧૯માં કુલ વન આચ્છાદિત વિસ્તાર ૧૪,૮૫૭ ચો.કિ.મી હતો, જે વર્ષ ૨૦૨૧ના અહેવાલ પ્રમાણે ૧૪,૯૨૬ ચો.કિ.મી જેટલો થયેલ છે.
- રાજ્ય સરકારના **ઘાસ સુધારણા કાર્યક્રમના** અથાગ પ્રયત્નોથી ઘાસ ઉત્પાદનમાં અકલ્પનીય સિદ્ધિ મેળવેલ છે, છેલ્લાં ૧૦ વર્ષમાં ઘાસનાં ઉત્પાદનમાં ૩.૫૩ ગણી વૃદ્ધિ હાંસલ થયેલ છે. તેમજ વર્ષ:૨૦૨૨-૨૩ માં,૨૩૯ લાખ કિ.ગ્રા ઘાસનું ઉત્પાદન થયેલ છે.

- વન વિસ્તારની આસપાસ રહેતા લોકો માટે વાંસની ઉપલબ્ધતા વધારવા તેમજ તેમના માટે આજીવિકાનાં સાધનોમાં વધારો કરવાના હેતુથી વર્ષ ૨૦૨૧-૨૨ તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫,૦૬૦ હેક્ટરમાં વાંસ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે,જેના પરિણામે અંદાજિત ૯૫ લાખ વાંસનું વનોમાં રહેતા સ્થાનિકોને મફત વિતરણ કરવામાં આવ્યું છે.
- **"૭૪ મા વન મહોત્સવ"** ની ઉજવણી દરમિયાન રાજ્યમાં ૧૦.૪૦ કરોડ રોપાનું વિતરણ કરવાનું આયોજન કરેલ હતું,જેની સામે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૦.૦૮ કરોડ રોપાનું વિતરણ કરવામાં આવેલ છે.
- ચાલુ વર્ષે રાજયમાં ૩૧(એકત્રીસ) **પવિત્ર ઉપવન** તૈયાર કરવાના આયોજન સામે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૨ ઉપવન તૈયાર થયેલ છે. **તથા** ૧૨૨ **વન કુટીર** તૈયાર કરવાના આયોજન સામે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૪૦ વન કુટીર તૈયાર થયેલ છે.
- રાજ્યમાં એશિયાઈ સિંહોની સંખ્યા વર્ષ ૨૦૦૫માં ૩૫૯ હતી જે વર્ષ ૨૦૨૦માં ૬૭૪ થયેલ છે જેમાં ૨૯% નો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૫.૦૭ લાખ તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૯.૭૦ લાખ મુલાકાતીઓએ ગીર અભયારણ્યની મુલાકાત લીધી.

**વહીવટી સુધારણા**

**ચિંતન શિબિર**

- જ્ય કક્ષાની ૧૦મી ચિંતન શિબિર ૧૯મી મે થી ૨૧મી મે,૨૦૨૩ દરમિયાન ગુજરાતના નર્મદા જીલ્લામાં એકતાનગર, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાઈ હતી. આ શિબિરમાં માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,કેબિનેટ મંત્રીશ્રીઓ,રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓઉપરાંત અનેક મહાનુભાવો સહિત કુલ ૨૦૯ સહભાગીઓતેમજ વિષય નિષ્ણાંત અને ગેસ્ટ સ્પીકર ઉપસ્થિત રહ્યાં હતા.
- તન શિબિરમાં **આરોગ્ય અને પોષણ**, **શિક્ષણમાં ગુણાત્મક સુધારણા, સરકાર અને સ્વાયત્ત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતા નિર્માણ, ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતા નિર્માણ, શહેરીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ**પર ચર્ચા- વિચારણા અને ભલામણો રજૂ કરવામાં આવી છે.

**સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા**

- સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) ખાતે યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા માટે ઉમેદવારોને વિનામૂલ્યે પ્રશિક્ષણ આપવામાં આવે છે. યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ ના અંતિમ પરીણામમાં સ્પીપાના કુલ ૧૬ ઉમેદવારો સફળ થયેલ. સંસ્થાના સ્થાપના વર્ષ ૧૯૯૨થી હાલ પર્યન્ત સુધીમાં કુલ ૨૬૦ ઉમેદવારો સફળ થયેલ છે.

**આયોજન**

**વિકસિત ગુજરાત@૨૦૪૭**

- ગુજરાત રાજયએ વિઝન ડોક્યુમેન્ટના રૂપમાં Viksit Gujarat @ 2047 અહેવાલ તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં પ્રકાશિત કરેલ છે, જે દેશમાં પ્રથમ છે. આ ડોક્યુમેન્ટ નીતિ આયોગ, રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સંસ્થાઓ અને અન્ય ભાગીદારો સાથે ચર્ચા વિચારણા કરી તૈયાર કરવામાં આવેલ છે. આ ડોક્યુમેન્ટ્સમાં નાગરીકોના "Living Well" અને "Earning Well" ના સિધ્ધાંતને અનુરૂપ વિવિધ સેક્ટર જેવા કે; આરોગ્ય, પોષણ, શિક્ષણ, ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય બાબતો માટે ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના (૨૦૪૭ સુધીના) લક્ષ્યાંકો નિર્ધારીત કરવામાં આવેલ છે. આમ, ગુજરાતનો વિકાસ ચોક્કસ દિશામાં તેની સમયમર્યાદામાં થાય તે માટેની નીતિ ઘડતર માટે આ ડોક્યુમેન્ટ પથદર્શિ બની રહેશે.

**માહિતી અને પ્રસારણ**

- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી રાજ્યના અંતરિયાળ વિસ્તારના લોકોને ઝડપથી મળે તે હેતુથી દસ્તાવેજી ફિલ્મો,ખાસ મલ્ટી મીડિયા દસ્તાવેજી ચિત્રો તેમજ ટી.વી ક્વિકી અને રેડિયો ઝીંગલનું માહિતી ખાતા દ્વારા નિર્માણ કરવામાં આવે છે. ગુજરાતના ધરતીપુત્રો અને કૃષિને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવા માટે ગુજરાતના માહિતી ખાતાએ સંચાર પ્રસારના તમામ ક્ષેત્રોનો સમુચિત ઉપયોગ કરીને મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે.
- માહિતી ખાતાએ પત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ૨૫થી ૬૦ વર્ષ વચ્ચેની વયના, માન્ય પત્રકારોને આવરી લેવામાં આવે છે. આ યોજના હેઠળ કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂ. એક

લાખ તથા અકસ્માત મૃત્યુના કિસ્સામાં રૂ. પાંચ લાખનું વીમા કવચ પૂરું પડવામાં આવે છે. જે અંતર્ગત ૧૧૮૨ માન્ય પત્રકારોને વીમા કવચ પૂરૂ પાડવામાં આવેલ છે.

**કુટિર અને ગ્રામોધોગ**

- One District One Productપ્રોગ્રામનો હેતુ ગ્રાહકોને સ્થાનિક રીતે બનાવેલ ઉત્પાદનો ખરીદવા માટે પ્રોત્સાહિત કરીને, જાગૃતિ વધારવા,વેચાણ વધારવા અને સ્થાનિક અર્થતંત્રોને ટેકો આપવાનો છે. G20 સમિટમાં રાજ્યોના One District One Product ઉત્પાદનનું વ્યાપકપણે પ્રદર્શન કરવામાં આવ્યું.
- કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત "**પીએમ-વિશ્વકર્મા**" નામની આ નવી યોજનાનો હેતુ કારીગરોનાં ઉત્પાદનો અને સેવાઓની ગુણવતામાં સુધારો કરવાનો છે, તેમજ વિશ્વકર્મા સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શ્રૃંખલાઓ સાથે જોડાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ યોજનાનો ધ્યેય વિશ્વકર્મા એટલે કે કારીગરો અને હસ્તકલા કારીગરોને તેમના સંબંધિત વેપારમાં મૂલ્ય વૃદ્ધિની શ્રૃંખલાને આગળ વધારવા, સક્ષમ બનાવવા માટે શરૂઆતથી માંડીને અંત સુધી સર્વગ્રાહી સહાય પ્રદાન કરવાનો છે. આ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા રાજયનાં તમામ જિલ્લાઓમાં બહોળા પ્રમાણમાં વ્યવસાયિક કારીગરોમાં વેરીફીકેશનની કામગીરી હાથ ધરેલ છે, જેઓને ટૂંક સમયમાં પ્રાથમિક તાલીમ આપવાની શરૂઆત કરવામાં આવશે. જેથી તેઓમાં ઉદ્યોગ સાહસિકતાનું કૌશલ્ય વિકસાવી શકાય.

**નાગરિક ઉડ્ડયન**

- રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે ૨૧ માર્ચ ૨૦૨૨થી શરૂ કરેલ એર એમ્બ્યુલન્સ સેવા અંતર્ગત જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ૧૦ મેડિકલ ફ્લાઈટ પેશન્ટ સાથે અને ૧૫ માનવ અંગોને સફળતાપૂર્વક પહોંચાડવામાં આવેલ છે. પ્રવાસન ક્ષેત્રે હવાઇ ઉડ્ડયનના આકર્ષણને સંતોષવા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તેમજ ધોરડો કચ્છ રણોત્સવ દરમ્યાન હેલિકોપ્ટર જોય રાઇડની સેવાઓ શરૂ કરી છે. આ ઉપરાંત ''ઉડાન'' યોજના હેઠળરાજ્યના શહેરો સાથે અન્ય રાજ્યો સાથેની ફ્લાઇટ શરૂ કરાઈ છે.

**ન્યાયતંત્ર**

- વાહન અંગેના કાયદાનો ભંગ કરનાર વ્યકિતને આર.ટી.ઓ અને ટ્રાફીક પોલીસ દ્વારા આપવામાં આવતા ઈ-ચલણ માટે નાગરિકોને અસુવિધાનો સામનો ન કરવો પડે તે માટે વિભાગ દ્વારા કુલ-૨૦ જેટલી વર્ચ્યુલ ટ્રાફીક કોર્ટોની રચના કરેલ છે.
- રાજયમાં ન્યાયિક કાર્યવાહીને વેગવંતી બનાવવા માટે નામ. હાઇકોર્ટની ભલામણ મુજબ ડિસ્ટ્રિક્ટ જજની કુલ-૧૦૧ જગ્યાઓ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કુલ- ૨૫ જગ્યાઓ, સીવીલ જજની કુલ-૦૫ જગ્યાઓ ઉભી કરેલ છે. તે જ પ્રમાણે ન્યાયિક કાર્યવાહીને ઝડપી બનાવવા માટે તાબાની અદાલતોમાં કુલ-૪૭૨૬ સ્ટાફની નવીન જગ્યાઓ ઉભી કરેલ છે.
- વર્ષ૨૦૨૩માં ચેરિટીતંત્રની સંયુકત ચેરિટી કમિશનરની કચેરી તથા જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરીઓ સુરત, ભાવનગર, પાટણ, દેવભુમિ દ્વારકા (ખંભાળીયા), રાજકોટ, તથા વડોદરાની કચેરીઓના મકાન બાંધકામ માટે ભૂમિપૂજન કરવામાં આવેલ છે.

**ક્લાઈમેટ ચેન્જ**

- વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રાજ્યમાં સ્વચ્છ અને હરીયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ પવન ઊર્જા નિતિ – ૨૦૧૬ હેઠળવધુ ૫૮૩.૩૭ મેગાવોટ ક્ષમતાના વિન્ડફાર્મ નવેમ્બર-૨૦૨૩ સુધીમાં કાર્યરત કરાયા છે. આમ રાજયની કુલ **પવન વિદ્યુત ઉત્પાદનક્ષમતા** વધીને **૧૦,૩૮૨.૫૨૫ મેગાવોટ** થઇ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રાજ્યમાં કુલ ૧૦૮૬ મેગાવોટ કુલ ક્ષમતાના સોલાર પાવર પ્લાન્ટ નવેમ્બર-૨૦૨૩ સુધીમાં કાર્યરત કર્યા છે. જેથી રાજયની કુલ **સોલાર ઉત્પાદન ક્ષમતા** વધીને **૧૦,૦૩૧.૩૦ મેગાવોટ** થઇ છે
- વર્ષ ૨૦૨૩-૨૪માં વિવિધ સરકારી ઇમારતો સરકારી કોલેજો,કોર્ટ સંકુલ,પોલીસ સ્ટેશન,સરકારી સિવિલ હોસ્પિટલો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે ઉપર નવેમ્બર-૨૦૨૩ ની સ્થિતિએ કુલ ૨૪૫૧ ઇમારતો પર રૂ. ૨૬૨.૪૧ કરોડના ખર્ચે ૪૮.૭૮ મેગાવૉટ સોલાર ફોટો વોલ્ટેઇક રૂફટોપ સિસ્ટમની સ્થાપના કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ધોરણ ૯ થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત દ્વિચક્રી વાહન માટે નવેમ્બર-૨૦૨૩ની સ્થિતીએ કુલ રૂ.૨.૫૭ કરોડની સબસિડી (સહાય) આપવામાં આવેલ છે.

માઘ ૧૨, ૧૯૪૫ શાકે

શોકદર્શક ઉલ્લેખો

પંદરમી વિધાનસભાના આ સન્માનીય ગૃહને સંબોધવાનો મને અવસર મળ્યો છે ત્યારે મને જણાવતાં આનંદ થાય છે કે, માનવીય સંવેદનાથી ધબકતી, આર્થિક પ્રગતિ અને માનવ શક્તિના વિકાસને વરેલી મારી સરકાર સામાન્ય માનવીની સર્વાંગી સુખાકારીઅને રાજયની વિકાસ યાત્રામાં તમામ નાગરિકોની ભાગીદારીના ધ્યેય સાથે સતત કાર્યરત છે. વિશાળ જનસમુદાયના હિતને હંમેશાં અગ્રતા આપી કરવામાં આવતી કામગીરી થકી રાજયના વિકાસની સામાન્ય પ્રજાજનને અનુભૂતિ થઇ છે. સરકાર તેઓની પડખે છે એવો અહેસાસ પ્રજાને થાય તેવું દાયિત્વ મારી સરકારે નિભાવ્યું છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે અને તેને વધુ મજબૂત બનાવવાની આપણા સૌની જવાબદારી છે.

મારી સરકારે પ્રજાકલ્યાણના સંકલ્પને સાકાર કરવા '**સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ**'ના સૂત્રથી કરેલા ભગીરથ પ્રયત્નોના પરિણામે ગુજરાતની પ્રજામાં સરકાર પ્રત્યે આપણાપણું પેદા થયું છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાની અપેક્ષાઓ નજર સમક્ષ રાખીને આ સભાગૃહમાં જનતાના પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠત્તમ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું. આપ સૌ વધુને વધુ પ્રજાલક્ષી નિર્ણયોમાં સહભાગી બની સવા છ કરોડ ગુજરાતીઓના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે સક્રિય રીતે પ્રયત્નશીલ રહેશો તેવા વિશ્વાસ સાથે આપ સૌને મારી શુભકામનાઓ પાઠવું છું.

ભારત માતા કી જય

જય જય ગરવી ગુજરાત

*****

**રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શોકદર્શક ઉલ્લેખો**

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, સ્વ.શ્રી નાથાભાઇ દેવજીભાઇ પટેલ, સ્વ.શ્રી મોહનદાસ નેમચંદ શાહ, સ્વ.શ્રી સુનિલ બાલકૃષ્ણભાઇ ઓઝા, સ્વ.શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણી, સ્વ.શ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંધાણીના અવસાન અંગે**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(સભાગૃહના નેતાશ્રી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણનું ૨૬ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ૮૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ચૌહાણનો જન્મ ૧૯મી એપ્રિલ, ૧૯૪૨ના રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મહેલોલ મુકામે થયો હતો .તેઓશ્રીએ એસ.એસ.સી .સુધીનો અભ્યાસ કરેલ હતો અને તેઓશ્રી ખેતીના વ્યવસાય તેમજ સમાજ સેવાના કાર્ય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ચૌહાણ છઠ્ઠી, સાતમી, નવમી, દસમી તથા અગિયારમી ગુજરાત વિધાનસભામાં કાલોલ મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચુંટાઇ આવ્યા હતા .તેઓશ્રીએ સન ૧૯૯૮થી ૨૦૦૨ના સમયગાળામાં ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના નાયબ મંત્રીશ્રી તરીકે તેમજ પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે તથા ૨૦૦૨થી ૨૦૦૭ના સમયગાળામાં ગૌસંવર્ધન, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ અને આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે નોંધપાત્ર યોગદાન આપેલ હતું .સ્વર્ગસ્થશ્રી ચૌહાણે પંદરમી અને સોળમી લોકસભામાં પંચમહાલ મતવિસ્તારના સંસદસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરેલ હતું .તેઓશ્રીના અવસાનથી રાજયએ આજીવન સામાજિક ક્ષેત્રે પ્રદાન આપનાર નેતા ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મોહનલાલ નેમચંદ શાહનું ૧૪મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

શોકદર્શક ઉલ્લેખો

સ્વર્ગસ્થશ્રી શાહનો જન્મ ૧૨મી ઓગસ્ટ, ૧૯૪૦ના રોજ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના બેલા મુકામે થયો હતો . તેઓશ્રીએ જુનિયર બી.એ .સુધીનો અભ્યાસ કરેલ હતો તથા જીવન વીમા નિગમના વિકાસ અધિકારી તરીકે કાર્યરત હતા.

સ્વર્ગસ્થશ્રી શાહે છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ભૂજ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યરત રહી બહુમૂલ્ય યોગદાન આપેલ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ એક આગેવાન ગુમાવ્યા છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સુનીલ બાલકૃષ્ણભાઇ ઓઝાનો શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સુનીલ બાલકૃષ્ણભાઇ ઓઝાનું૨૯મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ ૬૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ઓઝાનો જન્મ બીજી સપ્ટેમ્બર, ૧૯૫૫ના રોજ ભાવનગર મુકામે થયો હતો .તેઓશ્રીએ બી.કોમ., એલ.એલ.બી સુધીનો અભ્યાસ કરેલ હતો તથા વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી ઓઝા દસમી તથા અગિયારમી ગુજરાત વિધાનસભામાં ભાવનગર શહેર દક્ષિણ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી તેઓએ જનપ્રતિનિધિ તરીકે વિવિધક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપેલ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સામાજિકપ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા આગેવાન ગુમાવ્યા છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાનાપૂર્વ સભ્યશ્રીમતી જ્યોત્સનાબહેન જીતેન્દ્રભાઇ સોમાણીનો શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ  સભ્ય શ્રીમતી જ્યોત્સનાબહેન જીતેન્દ્રભાઇ સોમાણીનું ચોથી નવેમ્બર, ૨૦૨૩ના રોજ ૬૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ જ્યોત્સનાબહેનનો જન્મ સાતમી નવેમ્બર, ૧૯૫૯ના રોજ અમદાવાદ જિલ્લાના વિરમગામ મુકામે થયો હતો .તેઓશ્રીએ એસ.એસ.સી સુધીનો અભ્યાસ કરેલ હતો તથા અનેક વિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા .

સ્વર્ગસ્થ જ્યોત્સનાબહેન અગિયારમી ગુજરાત વિધાનસભામાં વાંકાનેર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનસમુદાયના કલ્યાણના તેમજ સામાજિક  વિકાસના અનેક કામોને અગ્રતા આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ મહિલા ઉત્કર્ષની કામગીરી સાથે સંકળાયેલ ઉમદા સમાજ સેવિકા ગુમાવ્યા છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંઘાણીનો શોકદર્શક ઉલ્લેખ

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંઘાણીનું ચોથી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી સેંઘાણીનો જન્મ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના રાજપર મુકામે થયો હતો .તેઓશ્રીએ ધોરણ-૯ સુધીનો અભ્યાસ કરેલ હતો, તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા .તેઓશ્રી અનેક સહકારી અને સામાજિક સંસ્થાઓમાં કાર્યરત હતા.

સ્વર્ગસ્થશ્રી સેંઘાણી બારમી ગુજરાત વિધાનસભામાં માંડવી મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રજાહિતના કામોને અગ્રિમતા આપેલ હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ સહકારી અને સામાજિક ક્ષેત્ર સાથે સંકળાયેલ એક નેતા ગુમાવ્યા છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી નાથાભાઇ દેવજીભાઇ પટેલનું તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ૮૯ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૩૪ના રોજ સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના કાનપુર મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. તેઓશ્રી સમાજ સેવા તેમજ વેપારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વ.શ્રી પટેલે છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં હિંમતનગર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને વિવિધ સામાજિક પ્રવૃત્તિઓના કાર્યોને વેગ આપ્યો હતો. તેઓશ્રીના

અવસાનથી રાજયએ સામાજિક કાર્યકર ગુમાવ્યો છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી અમિત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે તેમાં અમારા સૌના તરફથી સૂર પુરાવું છું. ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.પ્રભાતસિંહ ચૌહાણનું ૮૧ વર્ષને જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. માનનીય પ્રભાતસિંહભાઇ પંચમહાલ વિસ્તારના ગોધરા અને કાલોલ મત વિસ્તારમાંથી રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. એક સરપંચથી શરૂઆત કરીને વિધાનસભા અને લોકસભા સુધી ખૂબ લાંબા સમય સુધી તેમનું જાહેર જીવન રહ્યું હતું. તે જાહેર જીવન દરમ્યાન રાજકીય પ્રવૃત્તિમાં તો સતત કાર્યરત રહ્યા પણ સાથે સાથે સમાજમાં સામાજિક દૂષણો દૂર કરવા માટે તેમનું ખૂબ મોટું યોગદાન રહ્યું હતું. એસ.એસ.સી. સુધી ભણેલા તેમ છતાં લોકોની વચ્ચે સતત કામ કરવાને કારણે છઠ્ઠી, સાતમી, નવમી, દસમી અને અગિયારમી ગુજરાત વિધાનસભામાં પાંચ ટર્મ સુધી પંચમહાલ જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કર્યું. વર્ષ ૧૯૯૮થી ૨૦૦૨ અને વર્ષ ૨૦૦૨થી ૨૦૦૭ દરમ્યાન રાજ્ય સરકારમાં મંત્રી તરીકેની જવાબદારી નિભાવી હતી. બે વખત સંસદસભ્ય તરીકેની તેમની સેવાઓ આપણા રાજ્યને મળી છે. આજીવન છેલ્લા સમય સુધી લોકોની વચ્ચે રહ્યા અને લોકોની સેવા કરી. સામાજિક અને રાજકીય ક્ષેત્રે ખૂબ મોટું પ્રદાન કરનાર નેતા ગુમાવવાનું આપણને સૌને દુઃખ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપના મારફતે તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગૃહના પૂર્વ સભ્ય શ્રી મોહનલાલ નેમચંદ શાહનું પણ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. કચ્છ જિલ્લામાં જન્મ લીધો અને ભૂજ મત વિસ્તારમાંથી ચૂંટાઇને છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં એક સભ્ય તરીકે તેમની સારી સેવાઓ રહી છે. સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા હતા તેવા એક સામાજિક આગેવાન ગુમાવ્યાનું આપણને સૌને દુઃખ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપના મારફતે તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગૃહના પૂર્વ સભ્ય શ્રી સુનિલભાઇ ઓઝાનું પણ ૬૮ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. આ ગૃહમાં તેમની સાથે કામ કરવાની તક મળી છે. એક વિદ્વાન અને વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા રહ્યા હતા. આપણે રાજકીય ક્ષેત્રે સતત જાગૃત આગેવાન ગુમાવ્યા છે. દસમી અને અગિયારમી વિધાનસભામાં આ જ ગૃહમાં ભાવનગર શહેર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી લોકોના પ્રશ્નોને જાગૃતતા સાથે ઉજાગર પણ કર્યા હતા. તેમના અવસાનથી આપણા રાજ્ય એ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા એક રાજકીય આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેમના પરિવારજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગૃહના પૂર્વ સભ્ય શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણીનું ૬૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. તે જ રીતે આ જ ગૃહના પૂર્વ સભ્ય શ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંઘાણીનું પણ ૭૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે. આ ગૃહના પૂર્વ સભ્યોના જે અવસાન થયા છે તેમણે જાહેર જીવનમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ મોટું યોગદાન આપ્યું છે ત્યારે આપણે સૌ તેમને યાદ પણ કરીએ છીએ અને તેમના જાહેર જીવનના યોગદાનને હંમેશાં લોકો પણ યાદ કરશે. પ્રભુ સદ્ગતના આત્માઓને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફતે તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે થોડા દિવસ પહેલાં વડોદરામાં હરણી તળાવ ખાતે એક બોટ ઉંધી વળી જવાના કારણે જે દુર્ઘટના બની અને તેમાં ૧૨ જેટલા માસૂમ બાળકો તથા બે શિક્ષિકાઓના મૃત્યું થયા છે. તેમને આ ગૃહ તરફથી અને આપણા સૌના તરફથી શ્રદ્ધાંજલિ પાઠવીએ. સદ્ગતના આત્માઓને શાંતિ મળે અને તેમના પરિવારજનોને પણ આપના તરફથી તથા ગૃહના સભ્યો વતી દિલસોજીનો સંદેશો પાઠવીએ એ જ પ્રાર્થના.

શ્રી શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભા.જ.પ.): માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આ ગૃહના પૂર્વ સભ્યશ્રીઓ આદરણીય પ્રતાપસિંહ ચૌહાણ, આદરણીય નાથાભાઇ પટેલ, આદરણીય મોહનદાસ શાહ, આદરણીય સુનિલભાઇ ઓઝા, શ્રીમતી જ્યોત્સ્નાબેન સોમાણી તેમજ ધનજીભાઇ સેંઘાણીના શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બધા જ સભ્યશ્રીઓએ આપણા રાજયમાં એક પ્રતિનિધિ તરીકે ઉત્તમ સેવાની સુવાસ ફેલાવી છે. પણ હું જે મત વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર ભાવનગર (પશ્ચિમ) તરીકે ઓળખાય છે. જે તે વખતે આદરણીય સુનિલભાઇ બાલકૃષ્ણ ઓઝા વર્ષ ૧૯૯૮ અને ૨૦૦૨ ભાવનગર (દક્ષિણ) તરીકે જે વિસ્તાર ઓળખાય છે એ વિસ્તારમાંથી બે વખત ચૂંટાયા હતા. વિદ્યાર્થી પરિષદમાં અમારા સિનિયર એટલે વિપક્ષમાં હતા ત્યારથી એમની સાથે અને એમના માર્ગદર્શનમાં કામ કરવાનો મોકો મળ્યો હતો અને શાસનમાં આવ્યા બાદ પણ મેં એમને કામ કરતા જોયા છે. માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવતા હતા, જે આજે હું ત્રીજી વખત પ્રતિનિધિત્વ ભારતીય જનતા પાર્ટી વતી કરી રહ્યો છું. જનતાના આશીર્વાદથી એ વિસ્તાર ખૂબ જ પછાત અને શ્રમજીવી વિસ્તાર ગણાતો ભાવનગર શહેરનો એ ધારાસભા મત વિસ્તાર અને ખૂબ જ દયનીય સ્થિતિમાં લોકો માંડ જીવન નિર્વાહ કરતા. અશુદ્ધ પીવાના પાણીથી માંડીને અનેક સમસ્યાઓ હતી ત્યારે માનનીય સુનિલભાઇએ બે વાર ભારતીય જનતા પાર્ટીનું પ્રતિનિધિત્વ કર્યું તો એમણે એ વિસ્તારના

વિકાસની યાત્રા આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં અવિરતપણે ચાલુ રાખી હતી અને આજે પણ એ યાત્રા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના અને માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ચાલુ છે પણ એમણે જે સંવેદનાથી કામ કર્યું હતું એ મેં જોયું છે. જ્યાં અગાઉ કંઇ જ થયું ન હતું એવા એ વિસ્તારના લોકોને વિકાસથકી, રોજગારીથકી નિઃસહાય જેવી સ્થિતિમાં રહેતા લોકોને બહાર લઇ આવવાનો પ્રયાસ એમણે કર્યો હતો એટલું જ નહીં સમગ્ર જીવનમાં અનેક ઉતાર ચડાવ પણ આવ્યા એનો પણ હું સાક્ષી રહ્યો છું. મહાગુજરાત પાર્ટી બની એના મહામંત્રી પણ તેઓ બન્યા હતા અને એ પછી પુનઃ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીમાં પાછા આવીને ઉત્તરપ્રદેશના સહપ્રભારી કે પછી બિહારના સહપ્રભારી તરીકે સંગઠનનું ઉત્તમ કામ કુશળતાપૂર્વક એમણે કર્યું હતું. જય શિયારામના નારા સાથે સમગ્ર જીવન તેઓ જયારે પણ કોઇ મળે ત્યારે જય શીયારામ કહીને જ બોલાવતા એ એમની હંમેશા પેટર્ન રહી હતી. એક વકીલાતનો વ્યવસાય, ખૂબ વહેલા ઉઠીને સતત જાગૃકતાથી વિસ્તારનું અને રાજયનું તેઓ કામ કરતા હતા. પી.એ.સી. કમિટીમાં પણ મેં જાણ્યું છે કે તેઓ હતા ત્યારે ખૂબ જ ઉંડાણથી અભ્યાસ કરીને રાજયની જનતા માટે એમણે અમારા ભાવનગરના વિસ્તારની અને રાજયની સેવા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઉલ્લેખ મારે કરવો ઘટે કે છેલ્લે મને મળ્યા ત્યારે સ્વસ્થ હતા. મને એમણે કહેલું કે હવે આપણું જીવન પણ ગંગા કિનારે જાય એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું. એટલે તેઓ ત્યાં જ સ્થાયી થયા અને યોગાનુંયોગ શ્રી રમેશભાઇ ઓઝાની કથા હજુ શરૂ હતી અને એમના અવસાનના દુઃખદ સમાચાર મળ્યા એટલે એમને જે મનમાં હતું કે મારો અંત પણ ગંગા કિનારે થાય. માનનીય પ્રધાન મંત્રીશ્રીના મત વિસ્તાર બનારસમાં પણ એમણે ખૂબ કામ કર્યું હતું અને એક સારી સુવાસ ત્યાં પણ ફેલાવી હતી અને આપણા રાજયમાં પણ ફેલાવી હતી. માનનીય ગૃહના નેતા આ શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે સમગ્ર પૂર્વ સભ્યશ્રીઓના પરિવારને ગૃહવતી આપના મારફત શોકાંજલિનો સંદેશ પાઠવવામાં આવે એવી મારી અભ્યર્થના.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(ભા.રા.કોં.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતાશ્રી જે પાંચ મહાનુભાવોના શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા નેતાએ જેને અનુમોદન આપ્યું છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રભાતસિંહ ચૌહાણ આ ગૃહની અંદર જ રાજય કક્ષાના મંત્રી રહ્યા, સભ્યશ્રી રહ્યા અને એમની સાથે કામ કરવાનો મને પણ મોકો મળ્યો હતો. ગ્રામ્ય જીવનમાંથી આવતું એવું એક વ્યક્તિત્વ હતું.કે જે તળપદી કોઠાસૂઝવાળું હતું. બહુ વધારે પડતા ભણ્યાં ના હોઇએ અને છતાં લોકોની સાથે જે તાદાત્મ્ય સાધવાની શકિત હતી તેમાંના શ્રી પ્રભાતસિંહભાઇ એક હતા અને જીવનના છેલ્લા દિવસો સુધી તે સમાજ સેવાની અને રાજનીતિમાં સક્રિય રહ્યાં. સતત લગભગ એ વિસ્તારમાંથી લોકસભામાં કે ધારાસભામાં ચૂંટાતા રહ્યાં ૮૧ વર્ષની જૈફ વયે આપણી વચ્ચેથી તેમણે વિદાય લીધી અને અનેક સ્મૃતિઓ આપણાં બધાની વચ્ચે તે મૂકીને ગયા છે. કચ્છમાંથી ચૂંટાયેલા મોહનભાઇ શાહ એ પણ એવુ જ એક વ્યકિતત્વ હતું. કચ્છ જેવા છેવાડાના વિસ્તારમાંથી ભણી ગણીને આગળ આવ્યા, રાજનીતિમાં આવ્યા અને છઠ્ઠી વિધાનસભામાં ભૂજ મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવતા હતા અને આ ગૃહની અંદર તેમણે પણ શોભા વધારી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુનિલભાઇ ઓઝા એમની સાથે અગિયારમી વિધાનસભામાં માત્ર વિધાનસભામાં નહીં પરંતુ બીજી એક બે સમિતિઓમાં પણ તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. ખૂબ જ હિંમતવાન, સ્પષ્ટ વકતા અને અભ્યાસુ સભ્ય હતા અને સમિતિઓની અંદર તેનુ ખૂબ મોટું પ્રદાન રહ્યું છે. જીવનના છેલ્લાં દિવસો સુધી માનનીય જીતુભાઇએ કહ્યું તે પ્રમાણે તેઓ પોતાનું કર્તવ્ય બજાવતાં રહ્યા અને કર્તવ્ય બજાવતાં બજાવતા આપણા બધાની વચ્ચેથી વિદાય લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણી આ ગૃહના અગિયારમીની વિધાનસભાના સભ્ય હતા. બહુ ઓછું બોલવાનું અને પ્રજાની સાથે તાદાત્મ્ય સાધવાનું તે શ્રી જીતુભાઇની જેમ જ શ્રીમતી જયોત્સનાબેને પણ વાંકાનેર મત વિસ્તારની અંદર ઉત્તમ પ્રકારની કામગીરી કરી હતી અને ૬૩ વર્ષની અધૂરી વયે તેઓ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. સ્વર્ગસ્થ ધનજીભાઇ સેંઘાણી બારમી વિધાનસભામાં આ ગૃહના સભ્ય હતા અને તેમની સાથે પણ સભ્ય પદે કામ કરવાનો મોકો મળ્યો હતો અને એ પોતાના વિસ્તારની અંદર એકદમ સક્રિય રહ્યા. ઓછું ભણેલા હોવા છતા એ વિસ્તારની અંદર ગરીબ અને મધ્યમ વર્ગના લોકો, ખેડૂતો માટે એમણે ઉત્તમ કામગીરી બજાવી છે. આ પાંચેય મહાનુભાવો એક સમયે આ ગૃહની ગૌરવપૂર્ણ પ્રતિભા ઉપસાવવામાં ખૂબ મોટો ભાગ ભજવ્યો હતો અને પોતાના મત વિસ્તારની અંદર અને પોતાના વિસ્તારોની અંદર પણ તેમનુ ખૂબ મોટું પ્રદાન રહ્યું છે. આપના મારફત અમારા સૌનો શોક સંદેશો તેમના પરિવારજનો સુધી પહોંચે એવી વિનંતી કરું છું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે તેમના સમર્થનમાં હું મારી વાત રજૂ કરવા ઉપસ્થિત થયો છું. જે આ ગૃહના છ સદસ્યો દિવંગત થયા છે તેમના સંદર્ભમાં -

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः। न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥**

ભગવત ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે, આત્મા અજર, અમર અને અવિનાશી છે એને કોઇ પણ પ્રકારે બાળી શકાતો નથી, શોષી શકાતો નથી, ડૂબાડી શકાતો નથી, કાપી શકાતો નથી. એ જ પ્રકારે આ જે પૂર્વ સદસ્યો આપણી આ વ્યવસ્થામાં

કામ કરીને લોકતંત્રમાં ગરીબ લોકોના કામ માટે જે કર્યું છે તેની યાદ આજે આપણે સૌ કોઇ કરીએ છીએ અને આપના માધ્યમથી તેમને શોક સંદેશો પઠવાય તે માટ હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. ધનજીભાઇ ગોવિંદભાઇ સેંધાણી હું જે મત વિસ્તારમાંથી આવું છું એ જ મત વિસ્તારના તે સદસ્ય હતા અને તેમને મંગલદાદાના હુલામણા નામથી સૌ કોઇ જાણતા હતા. તેમણે સંગઠનમાં ખૂબ કામ કર્યું. સરપંચથી કરી અને ધારાસભ્ય સુધી અનેક લોક પ્રતિનિધિત્વની જવાબદારી નિભવાતા નિભાવતા ૪થી જાન્યુઆરીના રોજ તેમનું અવસાન થયુ. સંગઠાનાત્મક કાર્યમાં અવાર-નવાર તેમનું માર્ગદર્શન મળતું અને મળતાં રહેતાં હતા. છેલ્લે સાહેબ હું તેમને મળ્યો ત્યારે તેમના શરીરમાં લકવાની તકલીફ ઊભી થયેલી અને ચાલવામાં મુશ્કેલી હતી. એક સંગઠનાત્મક કાર્યમાં વડીલ કાર્યકર્તાને ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસે મળવા જવું એવા અભિગમ સાથે હું એમના ઘરે એમને મળવા ગયો ત્યારે તેઓ વાડી ઉપર હતા. ત્યાં તેઓ લાંબુ ચાલીને ખાટલા સુધી આવ્યા ત્યારે એમના દીકરાએ કહ્યું કે, ''આમ થોડું પણ ચાલી શકતા નથી પણ તમને જોઇને ભાજપના કાર્યકર્તાને જોયા એમ સમજીને આવ્યા છે.'' આમ એક કાર્યકર્તા કેવો હોઇ શકે એ ભાવને હું યાદ કરું છું. એમણે શરૂઆતમાં જીપ લીધી હતી ત્યારે એ જીપની પાછળ 'રામરથ' લખાવ્યું હતું. એ કારસેવામાં અને સમિતિમાં સતત કામ કરતા હતા. આજે જ્યારે ભગવાન રામનું મંદિર બન્યું ત્યારે તેમનો અંતર-આત્મા ખૂબ આનંદિત હશે અને એમની ઉપર ભગવાનની કૃપા વરસતી હશે. એ જ પ્રકારે જે બીજા છ સદસ્યો છે એ પૈકી ત્રણ સદસ્યોને વ્યક્તિગત રીતે વધતા-ઓછા પ્રમાણમાં મળવાનું થયું છે. સ્વર્ગીય મોહનભાઇએ જિલ્લાના કાર્યકર્તા તરીકે ખૂબ કાર્ય કર્યું છે અને કચ્છને ફાયદો કરાવ્યો છે. વિધાનસભાના સભ્ય બન્યા પછી કાશી-વિશ્વનાથ મંદિરે દર્શન કરવા જવાનું થયું ત્યારે શ્રી સુનિલભાઇ ઓઝાને મળવાનું થયું. એમનું પણ મને માર્ગદર્શન મળ્યું કે, ''તમને તક મળી છે ત્યારે ખૂબ અભ્યાસપૂર્વક કાર્ય કરજો.'' આવું વ્યક્તિત્વ જ્યારે આપણી વચ્ચે નથી રહ્યું ત્યારે એમને અને એમના પરિવારને આપના માધ્યમથી સાંત્વના પ્રાપ્ત થાય એવી પ્રાર્થના છે. તમામ સદગતોના આત્માને શાંતિ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના સાથે વિરમું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગૃહના છ જેટલા સદગત સભ્યશ્રીઓના અવસાન બદલ શોક પ્રસ્તાવ રજૂ કર્યો છે અને વિપક્ષના નેતાએ જેમાં સૂર પૂરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું. સ્વર્ગસ્થ પ્રભાતસિંહ ચૌહાણ સાથે મેં આ વિધાનસભામાં કામ કર્યું છે. તેમનો મળતાવડો સ્વભાવ, તળપદી ભાષામાં વાત કરવાની રીત અને સામેના માણસને મદદરૂપ થવાની એની ભાવના મને કાયમ માટે યાદ રહેશે. એમણે પોતાના વિસ્તાર માટે પણ ઘણું બધું કામ કર્યું છે. સદગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચીર શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું. સ્વર્ગસ્થ નાથાભાઇ પટેલે પણ ખેડૂતોના ઉત્કર્ષ માટે, ગ્રામ્ય વિસ્તાર માટે ખૂબ કામ કર્યું છે. તેમણે શિક્ષણ ક્ષેત્રે પણ ખૂબ સારું કામ કર્યું છે ત્યારે એમને પણ હું હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું. સ્વર્ગસ્થ મોહનભાઇ શાહે પણ ધારાસભ્ય તરીકે પોતાના જિલ્લાના અને કચ્છ વિસ્તારનાં કામો કર્યા છે એને આજે પણ લોકો યાદ કરે છે. સ્વર્ગસ્થ સુનિલભાઇ ઓઝા છેલ્લે મને મળવા પણ આવ્યા હતા. અમે ધારાસભામાં એમની સાથે બે ટર્મ સુધી કામ પણ કર્યું છે. તેઓ ખૂબ જ મળતાવડાં અને લોકોને ઉપયોગી થનાર સુનિલભાઇ છેલ્લે આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના કાર્યાલયમાં એમના મતવિસ્તારનું કામ કરતાં હતાં અને ઉત્તર પ્રદેશના ભારતીય જનતા પાર્ટીના સહપ્રભારી તરીકે પણ એમણે કામ કર્યું છે. શ્રી સુનિલભાઇની યાદ કાયમ લોકોના હૃદયમાં રહેશે. શ્રીમતી જ્યોત્સનાબેન સોમાણી અમારા સૌરાષ્ટ્રના ઝુઝારું મહિલા આગેવાન હતા. વાંકાનેર નગરપાલિકા હોય, ધારાસભાનો વિસ્તાર હોય કે સૌરાષ્ટ્ર વિસ્તારના પ્રશ્નો હોય ત્યારે કાયમ માટે જ્યોત્સનાબેને એક આગેવાન તરીકે, મહિલા અગ્રણી તરીકે સમાજની સેવા કરી છે. સ્વર્ગસ્થ ધનજીભાઇ સેંધાણી જેમની સાથે મેં વિધાનસભામાં સભ્ય તરીકે કામ કર્યું છે તેઓ ખેડૂત આગેવાન હતા. ખેડૂતોના સહકારી પ્રવૃત્તિના ઉમદા કાર્યકર તરીકે એમણે વિસ્તારની સેવા કરી છે. આ તમામ સદગત સભ્યોના આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચીર શાંતિ આપે અને એમના કુટુંબીજનોને આપના મારફત દિલસોજીનો સંદેશો મળે એવી પ્રાર્થના કરું છું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વ. પૂર્વ ધારાસભ્યશ્રીઓનો શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં વિવિધ માનનીય સભ્યશ્રીઓએ જે સૂર પૂરાવ્યો છે તેમાં મારો પણ સૂર પૂરાવું છું. બૃહદ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી મુરબ્બી સ્વ. નાથાકાકાએ ઘણાં વર્ષો સેવાનું કામ કર્યું છે. વર્ષ ૧૯૪૭માં આઝાદી સમયે સ્વતંત્રતાની ચળવળમાં પણ ભાગ લીધો હતો. જ્યારે વર્ષ ૧૯૭૦માં જનસંઘની સ્થાપના થઇ ત્યારે જનસંઘમાં ઘણું કામ કરેલું છે. ત્યાર બાદ વર્ષ ૧૯૮૦માં સ્વ. અટલજીએ મુંબઇમાં જે ભાજપની સ્થાપના કરી તેમાં મુરબ્બી નાથાભાઇની આગેવાનીમાં તેમની સાથે જવાનો મને મોકો મળ્યો હતો. ત્યાર બાદ વર્ષ ૧૯૮૦માં ભાજપની ૯ સીટ આ રાજ્યમાં આવી તેમાં હિંમતનગરની સીટ ઉપર મુરબ્બી સ્વ. નાથાકાકા ધારાસભ્ય તરીકે અહીં ચૂંટાઇને આવ્યા હતા. એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા સ્વ. નાથાકાકાએ સમગ્ર જીવન ખેડૂતો માટે સતત લડત આપી હતી અને છેક સુધી પૂર્વ ધારાસભ્યશ્રીઓની સમિતિમાં પણ તેમણે ઘણું યોગદાન આપ્યું છે. માર્કેટ યાર્ડમાં પણ તેમનું યોગદાન રહેલું છે. ભાજપના સંગઠનમાં જિલ્લા પ્રમુખ રહ્યા હતા. તે પછી મને પણ જિલ્લા પ્રમુખ થવાનો મોકો મળ્યો એટલે તેમની સાથે વર્ષો સુધી કામ કરવાનો મોકો મળ્યો છે. જીવ્યા ત્યાં સુધી પોતે સતત જાગૃત રહ્યા અને લોકોની સેવામાં સતત કાર્યરત રહ્યા. બધા જ સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રીઓના પરિવારને દિલસોજી પાઠવું છું અને આ શોક પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવું છું.

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

શોકદર્શક ઉલ્લેખો

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતા અને લાડીલા મુખ્યમંત્રીજી જે શોક સંદેશો લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. અમારા પંચમહાલ જિલ્લાના ખૂબ સિનિયર નેતા સ્વ. પ્રભાતસિંહ ચૌહાણે પાંચ વાર વિધાનસભાનું નેતૃત્વ કર્યું છે અને બે વાર લોકસભાના સભ્ય પણ બન્યા છે. એ પોતે પ્રણામી સંપ્રદાયના શિષ્ય હતા અને ખેડૂત આગેવાન હતા. ખેડૂતોના પ્રશ્ન માટે કાયમ લડતા રહ્યા. અધિકારીઓ પાસેથી કામ લેવાની તેમની આવડત હતી. ગામડાની ગામઠી/તળપદી ભાષામાં, ગરીબોનું કામ કરવાની તેમની કુનેહ હતી. એમના સિવાય અન્ય ચાર સ્વ. પૂર્વ સભ્યશ્રીઓને પરમાત્મા સદગતિ આપે તેવી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને આ ગૃહના સભ્યશ્રી અને કૉંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિતભાઇ ચાવડા તેમજ માનનીય શ્રી જીતુભાઇ વાઘાણી, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી અનિરુદ્ધભાઇ દવે, શ્રી વી. ડી. ઝાલા અને શ્રી ફતેસિંહ ચૌહાણ સહિત તમામ સભ્યશ્રીઓએ શ્રદ્ધાંજલિ આપી છે તેને હું મારું અનુમોદન આપું છું.

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી સ્વ. શ્રી પ્રભાતસિંહ ચૌહાણ કે જેમણે પાંચ વાર આ સભાગૃહમાં અને બે વાર લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું છે. સ્વર્ગસ્થ હંમેશા છેવાડાના માનવીને લક્ષમાં રાખી તેમના ઉત્કર્ષ માટે જીવનપર્યંત ઝઝુમતા રહ્યા. સ્વ. શ્રી પ્રભાતસિંહ ચૌહાણને હું હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સ્વ. મોહનદાસ શાહ અને સ્વ. નાથાકાકાને મારે અલગ અલગ રીતે વ્યક્તિગત મળવાનું થતું હતું. સાબરકાંઠામાં જઇએ એટલે સ્વ. નાથાકાકાને તો મળવાનું થાય. એમના સિવાયના માનનીય સ્વ. સભ્યશ્રીઓ સાથે પ્રત્યક્ષ આ વિધાનસભામાં સાથે કામ કરવાનો મોકો મળ્યો. સ્વ. પ્રભાતસિંહ ચૌહાણનો ચહેરો આજે પણ નજર સામે તરવરે છે. એટલી મોટી ઉંમર તો પણ યુવાન જેવો ચહેરો, ઊંચી મૂછ, મોટાભાગે સફારી પહેરેલી હોય, પ્રજાના નાના નાના પ્રશ્નો માટે પણ પ્રજાની વચ્ચે જવાવાળા માણસ આજે આપણી વચ્ચે નથી તો સ્વ. પ્રભાતસિંહ ચૌહાણને હું હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું. વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી નાથાભાઇ દેવજીભાઇ પટેલનું ગઇકાલે તા. ૩૧/૦૧/૨૦૨૪ના રોજ ૮૯ વર્ષની જૈફવયે દુઃખદ અવસાન થયું છે. શ્રી નાથાકાકાએ છઠ્ઠી વિધાનસભામાં ચૂંટાઇને હિંમતનગર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા. તેમણે જીવનભર સમાજસેવા થકી તેમના વિસ્તારમાં લોકપ્રિય સેવક તરીકે જીવન વ્યતિત કર્યું હતું. સ્વ. શ્રી નાથાભાઇ પટેલને હું હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સ્વ. શ્રી મોહનદાસ નેમચંદ શાહે ભૂજ વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઇને વર્ષ ૧૯૮૦થી ૧૯૮૪ દરમિયાન આ સભાગૃહમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વ. શ્રી મોહનદાસ શાહ રેડક્રોસ સોસાયટી, ઇન્ડિયન સોસાયટી ઓફ પ્રોફેશનલ સોશિયલ વર્ક, વિશ્વ ગુજરાતી પરિષદ અને પીપલ્સ એજ્યુકેશન સોસાયટી, ભૂજ જેવી સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેઓશ્રી આ દરેક સંસ્થાઓને નાની-મોટી આર્થિક સહાય આપીને દાતા તરીકેની નામના ધરાવતા હતા. આવા શ્રી મોહનદાસ નેમચંદ શાહને હું હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સ્વ. શ્રી સુનિલ બાલકૃષ્ણભાઇ ઓઝા કે જેઓએ ભાવનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમાંથી ચૂંટાઇને દસમી અને અગિયારમી વિધાનસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. અમારે બંનેને ગૃહમાં બાજુ-બાજુમાં જ બેસવાનું થતું હતું. માનનીય શ્રી જીતુભાઇએ કહ્યું એ પ્રમાણે તેઓ 'જય સીયારામ' કરીને શરૂઆત કરતા હતા. ઘણા લાંબા સમય સુધી અમે એકબીજાની બાજુમાં જ બેસતા હતા. કૉલેજકાળથી જ સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા સુનિલભાઇએ વર્ષ ૧૯૮૦માં પગદંડી સંધ્યા સમાચારપત્ર દ્વારા સામાજિક ઉત્થાનનું ઉમદા કાર્ય કર્યું હતું. તેઓએ વર્ષ ૧૯૯૫માં ભા.જ.પ.ના મહામંત્રીપદની જવાબદારી સંભાળી હતી. અમે ડીલિમિટેશન સમિતિના સભ્ય તરીકે ચૂંટણીપંચના માર્ગદર્શનમાં રહી સાથે કામ કરેલું. એમની પાસેથી ચીવટપૂર્વક કઇ રીતે કામગીરી કરવી એ શીખવા જેવું હતું. સ્વ.શ્રી સુનિલભાઇએ માન.વડાપ્રધાનશ્રીના સંસદીયક્ષેત્રમાં કામગીરી પણ સંભાળી હતી. ઉત્તરપ્રદેશના સહપ્રભારી તરીકે અને છેલ્લે બિહાર રાજ્યના સહપ્રભારી તરીકેની જવાબદારી તેઓશ્રીએ સંભાળી હતી. કાશીમાં ગંગાકિનારે ગૌધુલી આશ્રમની સ્થાપના કરી ગૌસેવાનું કાર્ય તેઓ જીવનભર કરતા રહ્યા. સ્વ. શ્રી સુનિલભાઇ તેમની પાછળ તેમના પત્ની ગંગાસ્વરૂપા સુચેતાબેન તથા બે પુત્રો વિરલભાઇ અને ઋત્વિજભાઇને છોડીને ગયા છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું. સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણી કે જેઓ વર્ષ ૨૦૦૨માં ચૂંટણીમાં વિજયી બની આ સભાગૃહમાં વાંકાનેર વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ સમાજસેવાના ભેખધારી હતા. વાંકાનેર કુવાડવા વિધાનસભા વિસ્તારના વિકાસકાર્યમાં તેમનો સિંહફાળો રહ્યો. વાંકાનેરનું હિત હંમેશા તેમના હૈયે રહ્યું હતું. વાંકાનેરમાં ૯૯ દીકરીઓના સમૂહલગ્ન કરાવી સમાજઉપયોગી કાર્ય કરવાની એમણે શરૂઆત કરી અને આ કામને સતત આગળ વધાર્યું. સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેનના પતિ અને વાંકાનેર વિસ્તારના ધારાસભ્ય માનનીય શ્રી જિતેન્દ્રભાઇ સોમાણી અત્રે સભાગૃહમાં ઉપસ્થિત છે. એમને અને એમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે. સ્વ. શ્રી ધનજીભાઇ સેંઘાણી શરૂઆતમાં યુગાન્ડા ખાતે અને ત્યારબાદ દુબઇ ખાતે સ્થાયી થયા હતા. સ્વદેશ પરત ફરી તેઓ રાજકારણમાં સક્રિય થયા. તેઓ વર્ષ ૧૯૮૧માં રાજપર ગામના ઉપસરપંચ તરીકેની જવાબદારી સંભાળી રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૭માં તેમણે આ સભાગૃહમાં માંડવી વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ તેમના વિસ્તારમાં મંગલદાદાના હુલામણા નામથી જાણીતા હતા. તેઓએ પંચાયત, સહકાર અને સરકાર એમ વિવિધ ક્ષેત્રે જવાબદારીઓ નિભાવી હતી. સ્વ. શ્રી ધનજીભાઇ સેંઘાણીને હું હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. આજે જે સ્વ. સભ્યશ્રીઓનો શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યો છે

તે પૈકી સ્વ. શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ, સ્વ. શ્રી સુનિલ બાલકૃષ્ણભાઇ ઓઝા, સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણી તથા સ્વ. શ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંધાણી સાથે આ સભાગૃહમાં કામ કરવાની તક મને પ્રત્યક્ષ રીતે મળી હતી. એમના કામને મેં નજદીકથી નિહાળ્યું હતું. ઉક્ત તમામ સદગૃહસ્થના અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ આપે તે માટે પોતાની જગ્યા પર ઊભા થઇ બે મિનિટનું મૌન પાળીએ.

**(બે મિનિટ મૌન)**

અધ્યક્ષશ્રી :ઓમ શાંતિ, શાંતિ. સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે માનનીય ધારાસભ્યશ્રીઓએ શોકાંજલિ આપી છે તેઓના મુખેથી ભૂલથી 'શુભેચ્છા' શબ્દ નીકળી ગયેલ છે. એ શબ્દને રેકર્ડ ઉપર 'શોકાંજલિ' શબ્દ તરીકે લેશો.

અધ્યક્ષશ્રી : હા, રેકર્ડ ઉપર 'શોકાંજલિ' શબ્દ લઇશું. બાકી પણ કોઇ જગ્યાએ હશે તો એનો સુધારો કરી લઇશું.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**સન ૨૦૨૧-૨૨નો ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (જળસંપત્તિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાના થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**સને ૨૦૨૨-૨૩ના ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષાને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૫-૧૬ના નવસારી કૃષિ યુનિવર્સિટીના વાર્ષિક હિસાબ**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૫-૧૬નો ઓડિટ અહેવાલ અને તેના પર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, નિવેદન તથા વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨-૨૩ના ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના વાર્ષિક હિસાબો પરના ઓડિટ અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**સન ૨૦૨૧-૨૨નો ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૧-૨૦૨૨નો વાર્ષિક વહીવટી અને ઓડીટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૯-૨૦ના ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના વાર્ષિક હિસાબ**

શ્રી હર્ષ સંઘવી ( રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ, ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૩ ના વિધેયક ક્રમાંક- ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલાં વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીઓના રાજીનામા અંગે**

**અધ્યક્ષશ્રી**: મારે એક જાહેરાત કરવાની છે.

૮૭- વિસાવદર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ ગાંડુભાઇ ભાયાણીએ તા. ૧૩-૧૨-૨૦૨૩ ના રોજ બપોર પહેલા, ૧૦૮-ખંભાત મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી ચિરાગભાઇ અરવિંદભાઇ પટેલે તા. ૧૯-૧૨-૨૦૨૩ના રોજ બપોર પહેલા, ૨૬-વિજાપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્ય ડો. સી. જે. ચાવડાએ તા. ૧૯-૧-૨૦૨૪ ના રોજ બપોર પહેલા અને ૧૩૬-વાઘોડિયા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવેલા ગુજરાત વિધાનસભાના સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલાએ તા. ૨૫-૧-૨૦૨૪ના રોજ બપોર પહેલા સભ્ય પદેથી રાજીનામા આપેલા છે, જેનો મેં સ્વીકાર કરેલો છે.

**કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ**

**કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી**: ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. ગુરુવાર, તા.૦૧/૦૨/૨૦૨૪ના રોજ સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૪ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકની ચર્ચા હાથ ધરવી.

૨. તા. ૩, ૧૦ અને ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ને શનિવારના રોજ સભાગૃહની રાખેલ બેઠક રદ કરવામાં આવે. શનિવાર, તા.૦૩/૦૨/૨૦૨૪ના રોજનું સરકારી કામકાજ રદ કરવું અને સદરહુ દિવસની પ્રશ્નોતરી મંગળવાર, તા.૦૬/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં હાથ ધરવી.

૩. સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ તા.૧૩ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ને મંગળવારના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી તેમજ મંગળવાર, તા. ૧૩/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં શનિવાર, તા.૧૦/૦૨/૨૦૨૪નું અને મંગળવાર, તા.૨૦/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં શનિવાર, તા.૧૭/૦૨/૨૦૨૪નું પ્રશ્નોત્તરી સહિતનું કામકાજ હાથ ધરવું.

એટલે તે દિવસનું બાકીનું કામકાજ બંધ રહેશે, પરંતુ પ્રશ્નોત્તરી ચાલુ રાખીએ છીએ. બાકીના દિવસમાં જે બે બેઠકો થશે, તો બન્ને બેઠકોની અંદર પ્રશ્નોત્તરી ચાલુ રહેશે.

૪. સોમવાર, તા.૦૫/૦૨/૨૦૨૪ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચા પહેલાં અયોધ્યા ખાતે રામમંદિર નિર્માણ અને રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન કરવા બદલ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતો માનનીય મુખ્યમંત્રીશ્રીનો નિયમ-૧૨૦ હેઠળનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા તે દિવસે ગૃહની બેઠકનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

૫. બુધવાર, તા.૦૭/૦૨/૨૦૨૪ના રોજ શાળાકીય શિક્ષણના ધોરણ ૬ થી ૧૨ના અભ્યાસક્રમમાં "ગીતાસાર" નો સમાવેશ કરવા રાજ્ય સરકારને જરૂરી તમામ પગલાં ભરવા અનુરોધ કરતો નિયમ - ૧૨૦ હેઠળનો માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા તે દિવસે ગૃહની બેઠકનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

૬. શુક્રવાર, તા.૧૬/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૧૦-૦૦ને બદલે સવારના ૮-૩૦ વાગ્યાનો રાખવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા)વિધેયક, ૨૦૨૪**

**ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

માઘ ૧૨, ૧૯૪૫ શાકે

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી બલવંતસિંહ ચ .રાજપૂત(**મહેસૂલ મંત્રીશ્રી**)**:** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન-૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૧, સન ૨૦૨૪ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૪નું ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ સભ્યશ્રીઓને આજે જયારે પ્રથમ દિવસ છે ત્યારે જયશ્રી રામ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં જયારથી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને મહેસૂલ વિભાગના જૂના કાયદાઓ જેના થકી પ્રજાને હેરાનગતી કે વિલંબનો સામનો કરવો પડે અથવા સમયની જરૂરીયાત પ્રમાણે કાયદામાં સુધારો કરવો પડે તેવા કાયદાઓમાં વિવિધ પ્રજાલક્ષી સુધારા કર્યા છે. આપણા હાલના દૂરદર્શી લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ ગુજરાતમાં સખાવતી સંસ્થાઓની પ્રવૃત્તિને ખૂબ પ્રોત્સાહન આપ્યું તેના કારણે સખાવતી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓએ રામરાજયની ભાવનાને ખૂબ સારી રીતે ચરિતાર્થ કરી છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબના હકારાત્મક વિચારસરણીવાળા પગલાઓને કારણે ગુજરાતમાં ઉદ્યોગોનો ખૂબ વિકાસ થયો જેના લીધે ઉદ્યોગમાં સી.એસ.આર. એકટીવીટી હેઠળ સારું એવું ભંડોળ, જે સખાવતી પ્રવૃત્તિઓ દર વર્ષે કરવામાં આવતી હોય એના કારણે સી.એસ.આર.માં સારું એવું ફંડ એકત્ર થયું અને સખાવતી પ્રવૃત્તિઓ વિકસે અને લોકઉપયોગી સખાવતી પ્રવૃત્તિઓ થતી હતી. આ પ્રવૃત્તિઓ અનેક સંસ્થાઓ સખાવતી પ્રવૃત્તિ જયારે કરતી હોય જેવી કે સ્વામીનારાયણ સંપ્રદાય, દિગ્વીજય ટ્રસ્ટ, ગાંધીનગર, સ્થાનક વાસી જૈન સંઘ, મહેમનગર, ગુરૂકૂળ વિદ્યાશ્રમ ટ્રસ્ટ ધૂમા, અમૃત એજયુકેશન ટ્રસ્ટ, મોરીયા, વલ્લમમાન ઉદ્યોગ માંડલ, ઇસનપુર શિક્ષણ સંસ્થા આવી અનેક સેવાકીય સંસ્થાઓ સુંદર કામગીરી કરે છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ જયારે ગુજરાતમાં મૂડીરોકાણ આવે એ માટે ગુજરાતનું યુવાધન સારી રીતે અભ્યાસ કરે અને રોજગારીની શ્રેષ્ઠ તકો મળી શકે અને રાજયમાં ધંધા રોજગારી વધે, દરેક ઘર સુધી વિકાસના ફળો પહોંચે, દરેક ગુજરાતીને તેનો લાભ મળે એવા લોકકલ્યાણના આયોજનો પણ કર્યા છે. અમારા લોકલાડીલા મુખ્યમંત્રી અને ગૃહના નેતા આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે વધુમાં વધુ સુધારા કરીને મહેસૂલ વહીવટને વધુને વધુ પારદર્શક બનાવ્યો છે. ગુજરાતના ખેડૂતો અને સમગ્ર પ્રજાને વધુને વધુ ઉપયોગી થાય એવી રીતે કામગીરી કરી રહ્યા છે ત્યારે આપ સૌ જાણો છો કે મહેસૂલ વિભાગમાં અમૂક કાયદાઓ અંગ્રેજો અને રાજાશાહી વખતના હતા. જેના જૂના કાયદાઓને અત્યારના બદલાતા સમયમાં બદલવાની જરૂર છે. જે બદલવાથી લોકોની હાડમારી ઓછી થાય, પારદર્શકતા આવે અને લોકોને ફાયદો થાય તે માટે આજે અમે જે બિલમાં જે સુધારો સૂચવ્યો છે તે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકું છું. કલમ-૨ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ કલમ-૬૩ એ.સી. કલમ -૩ સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ-૫૪-બી તેમજ કલમ-૪ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન વિવિધ પ્રદેશ અને કચ્છ ક્ષેત્રે અધિનિયમ ૧૯૫૮-કલમ ૮૯-સી હેઠળ સખાવતી હેતુ માટે ગુજરાતમાં પબ્લિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ નોંધાયેલા પબ્લિક ટ્રસ્ટ અથવા સખાવતી પ્રવૃત્તિને ઉત્તેજના આપવાના ઉદ્દેશથી કંપની એક્ટ ૨૦૧૩ હેઠળ નોંધાયેલી કંપનીઓ કલમ ૬૩-(૧)ની જોગવાઇમાં અમલ નહીં કરેલ એટલે અવારનવાર આ પ્રવૃત્તિઓ સારી થાય, લોકોને જમીન મળે, એન.એ. થાયે એના માટે આપણે આ કાયદામાં અમલ ના કરી શકવાના કારણે તા.૩૦-૬-૨૦૧૫ ના પહેલા જેની ખેતીની જમીન હોય તેવી સંસ્થાઓએ સુધારેલા અધિનિયમ-૨૮ ૨૦૧૫ માં અમલમાં આવ્યા તારીખથી ૬ માસની અંદર પ્રવર્તમાન કૃષિ જંત્રીમાં ૨૫ ટકા રકમ લઇ બિનખેતી રૂપાંતર કરવાની અરજી કરી શકાય તે મુજબની જોગવાઇ કરાવમાં આવી હતી. પહેલો એવો કાયદો લાવ્યાં હતા કે ૨૫ ટકા જંત્રી થાય અને ૨૦૧૫ પહેલા જે લોકોએ ટ્રસ્ટો બનાવ્યાં હોય તે લોકોને ૬ મહિનાની સુવિધા પ્રાપ્ત થાય. ઘણાં બધા કારણોવસાત આ લોકો નહીં કરવાના કારણે ફરીથી ત્યારબાદ સુધારા અધિનિયમ-૧૮, ૨૦૧૯ આવી ધાર્મિક સંસ્થાઓ આરોગ્ય, શિક્ષણ, સામાજિક ક્ષેત્રે કાર્યરત હોય અને સખાવત કાર્ય કરતી હોય તેવી સંસ્થાઓ માટે સુધારો તા.૧૮-૨-૨૦૧૯ માં એક વર્ષ સુધી ખેતીની બિનખેતી અરજી કરી શકે અને જંત્રીના ૨૫ ટકાના બદલે ૧૦ ટકા વસૂલ કરવી એ મુજબનો પણ સુધારો લાવ્યા. જેના કારણે લોકોને ફાયદો થાય. ૨૫ ટકાના બદલે ૧૦ ટકા આપણે કરીએ તો લોકો સારું કામ કરે છે એની પ્રવૃતિને વેગવંતી બનાવી શકાય. લોકોની લાગણીને ધ્યાનમાં લઇ ઉપરોકત સુધારાની જોગવાઇ મુજબ આવી સંસ્થા બિનખેતી અરજી કરવાની તા. ૨૯-૮-૨૦૧૯ થી તા.૨૮-૮-૨૦૦૦ સુધી એક વર્ષ સુધીની હતી. પરંતુ વિવિધ કારણોસર આ મર્યાદામાં સંસ્થા અરજી ના કરી શકે અને આ મુદત એટલે કે તા.૩૦-૬-૨૦૧૫ પહેલાની ખેતીની જમીન હોય તેવી સંસ્થાઓ દ્વારા બિનખેતી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા માટે રાજ્ય સરકારે અલગ અલગ સવાખતી સંસ્થાની

* વિધેયક તા. ૨૫મી જાન્યુઆરી,૨૦૨૪ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રજૂઆત અમારી પાસે આવી જેને લીધે સરકારે હકારાત્મક અભિગમ દર્શાવી સરકારશ્રીએ આ બિલ લાવવાનું નક્કી કર્યું છે. મહત્ત્વનો ઉદ્દેશ એટલો જ છે કે જે સંસ્થાઓ રહી ગઇ છે એ લોકોને આપણે ૬ મહિનાની મુદત આપી, ૧ વર્ષની મુદત આપી, ૨૫ ટકાના બદલામાં ૧૦ ટકા જંત્રી કરી અને છતાંય કોઇ રહી ગયા હોય એવા બધા લોકોએ જ્યારે સરકારશ્રીએ રજૂઆત કરી અને આ બધી સંસ્થાઓ દરેક ક્ષેત્રે સારુ કામ કરતી હોય છે ત્યારે અમારા મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે નક્કી કર્યું કે આપણે એમને આ બિલમાં પણ કઇ રીતે સુધારો લાવી શકાય કે જેમનો કાયમી પ્રશ્ન ઉકેલી શકે તે માટે નક્કી કર્યું છે કે તા.૩૦-૬-૨૦૧૫ પહેલા કલમ-૩૦(૧)નો ભંગ કરી સંસ્થા હોય કે કંપની દ્વારા ખરીદેલી તેની ખેતીની જમીન હોય ચેરીટેબલના ઉદ્દેશમાં કામ, સેવા કરતી સંસ્થા ધર્માદા ફંડ પર આધારિત રહેતી હોય છે જેથી આ સંસ્થામાં જમીન બિનખેતી કરવા માટે, બાંધકામ વગેરે કરવા માટે તેનું આયોજન દાનમાં લેવું પડતું હોય છે. એટલા માટે આ લોકો નથી કરી શકતા હોતા કે તેમને ટાઇમસર ધાર્મિક ફંડ નહીં મળ્યું હોય, કોઇ કારણોવસાત વિલંબ થયો હશે, બાંધકામમાં પૈસા ખર્ચ્યા હશે એટલા માટે એ લોકો નહીં કરી શક્યા અને એના કારણે આ કલમ-૬૩-એસી(૧) હેઠળની ચેરીટેબલ સંસ્થાઓ માટે કરેલી જોગવાઇ જમીન બિનખેતી મુદત સાથેની સંબંધિત મુદતમાં વધારો આપી શકાય એ રીતેનો આપણો ઉદ્દેશ રહ્યો છે. જે નિયત કરેલી રકમ ભરી સંસ્થા બિનખેતી કરી શકે એવી સખાવત આગળ વધારી શકાય એટલે આવી જો સંસ્થાઓ હોય ફરીથી આ જોગવાઇમાં કરીએ તો આમાં વધારો કરી શકાય જેના અનુસંધાનમાં પુખ્ત વિચારણા બાદ કાયદામાં ઉપરોક્ત જોગવાઇ બિનખેતીની અરજી કરવાની સમય મર્યાદા સરકારશ્રીએ વખતો વખત ઠરાવે એ મુજબનો કાયદામાં સુધારો કરવા માટેનો બિલ હું રજૂ કરું છું કે વારેઘડીએ ૬ મહિના, ૧૨ મહિના કરવા કરતા આપણી સંસ્થાઓ સારું કામ કરે છે તો બધાને તક મળે એના માટે અત્યારે સમય નહીં પણ સરકાર વખતો વખતમાં કરી શકાય એ પ્રમાણેનો આપણે સુધારો કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઔદ્યોગિક વહિવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ કલમ-૬૩-૧(સી) કયા કયા કાયદામાં સુધારો કરીએ છીએ તો આ ત્રણ કાયદાઓ છે. સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતી જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ-૫૪ બી તેમજ ગુજરાત ગણોત વહીવટ અને ખેતી જમીન વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્રે અધિનિયમ ૧૯૫૮ કલમ- ૮૯ સીમાં સમાન રીતે લાગુ પડશે. આ ત્રણેય કાયદાઓની અંદર આપણે જે સુધારો લઇને આવ્યા છીએ એ ત્રણેયમાં લાગુ પડશે. ઉપરોકત કલમ-૨, ૩, જમાં ઉલ્લેખ કરેલો. ૬૩(એ)(સી) ૫૪ (બી) અને ૮૯-સી ની જોગવાઇ મુજબ ફકત બીનખેતીની અરજી કરવાની સમયમર્યાદામાં સુધારો કરવા અંગેનું બિલ છે. એનો કોઇ હાર્દ આપણે બદલતા નથી. માત્ર સમય જે ૨૦૨૦ સુધીનો હતો એ સમય સિવાય આખા બિલમાં કયાંય કોઇ જાતનો આમાં ફરક પડવાનો નથી. માત્ર સમયનો ફરક પડવાનો છે અને એ પણ ૨૦૧૫ પહેલા જે લોકોએ લીધી હોય એના માટે છે. કોઇ નવું આના માટેનું છે નહીં. માત્ર આ જ છે. આપણે સૌ જાણીએ છીએ કે સખાવત પ્રવૃત્તિ માટે શૈક્ષણિક સંસ્થાઓ, ચેરીટેબલ ટ્રસ્ટો, સામાજિક સંસ્થાઓ જમીન ખરીદીમાં ખબર હોતી નથી. ઘણા લોકો કે ટ્રસ્ટોને સમયસર ૬૩ની પરવાનગી લેવાની પણ ખબર હોતી નથી. એના કારણે પણ રહી જતું હોય છે. આવી સંસ્થાઓ લોકોના દાન, ફંડ આધારિત ફંડ ઊભું થાય, વિકાસના કામો થાય, સમયમર્યાદામાં પૂરું કરી શકાય તેના પાછળ પરવાનગી લેવાનું એ વખત નહીં કર્યું હોય એના કારણે આ પ્રશ્ન ઊભો થયો છે તો મારી આપ સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલ માત્ર સમય પૂરતું છે. આખા બિલમાં કયાંય આપણે સુધારો કરતા નથી. માત્ર સમયમાં સુધારો કરીએ છીએ. અને એના કારણે સંસ્થાઓ જે છે એની જે માગણીઓ આવેલી છે એ માગણીઓની સમયમર્યાદામાં વધારો કરવા માટે આ બિલ લઇને હું આવ્યો છું. બધા સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આ એક સારામાં સારું કામ છે. ગુજરાતમાં આપણી જે સંસ્થાઓ કામ કરે છે એ આખા ભારતની અંદર આપણી જે સેવાકીય પ્રવૃત્તિઓ છે એ સમગ્ર જિલ્લાઓમાં જયારે વખણાતી હોય ત્યારે આપણે આવા લોકોને તક આપીએ અને આ સંસ્થાઓને સમય જો આપીએ તો એમની જમીન સારી રીતે ડેવલપ થઇ શકે એવી વિનંતી આપ સૌ સભ્યોને કરું છું. આપ સૌ ખરા અંતરથી આનો અનુરોધ કરો એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી બોલ્યા એમાં વિધાયક શબ્દની જગ્યાએ વિધેયક એવો રેકર્ડ ઉપર સુધારો કરવો.

શ્રી અમિત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા વિધેયક ૨૦૨૪ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ બિલના હાર્દમાં કોઇ ફેરફાર નથી પણ ફકત એની સમય-મર્યાદામાં ફેરફાર અંગેનો આ સુધારો છે. પહેલા સુધારો એ કર્યો હતો કે એક વર્ષ સુધી અરજી કરી શકશે એની સમયમર્યાદા નકકી કરી હતી અને હવે બિલમાં લખવામાં આવ્યું કે વખતોવખત સરકાર જયારે ઇચ્છે ત્યારે એટલે માનનીય મંત્રીશ્રી પાછળથી એનો ખુલાસો પણ કરે કે આ વખતોવખત એટલે એનો કોઇ અંત થવાનો છે કે ફરી એ ચાલુ જ રહેવાનું છે. ખાસ કરીને બિલના ઉદ્દેશોમાં જે આપવામાં આવ્યું છે કે હાલમાં રાજયમાં ત્રણ જુદાજુદા ગણોત કાયદા અમલમાં છે. ગુજરાત રાજયના મુંબઇ વિસ્તારમાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ અમલમાં છે. એ જ રીતે ગુજરાત રાજયમાં કચ્છ વિસ્તારમાં ગુજરાત ગણોત વહીવટ અને ખેતીનીજમીન વિદર્ભ પ્રદેશ કચ્છક્ષેત્ર અધિનિયમ ૧૯૫૮ અમલમાં છે અને ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ અમલમાં છે. અહીંયા જે બિલમાં જોગવાઇ લઇને આવ્યા છે એ મુજબ ગુજરાત ગણોત વહીવટ ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૬૩ (ક) (ગ) ની જે જોગવાઇઓ છે એમાં ખાસ કરીને એમણે ફેરફાર સૂચવ્યો છે અને ખાસ કરીને જે જૂનો વર્ષ ૨૦૧૯માં જે સુધારો આપણે લાવ્યા ત્યારે એની સમયમર્યાદા આપણે નકકી કરી હતી કે કોઇપણ સખાવતી સંસ્થાઓ હોય કે કંપનીઓ હોય, ટ્રસ્ટ હોય કે કંપની હેઠળ રજિસ્ટર્ડ

હોય. ૩૦ જૂન ૨૦૧૫ પહેલાંની જે જમીનો ખરીદાયેલી છે તેને બિનકૃષિ વિષયક હેતુ માટે રૂપાંતરિત કરવી હોય એટલે કે, ખેતી સિવાયના હેતુ માટે રૂપાંતરિત કરવી હોય તો તેની સમય મર્યાદા એક વર્ષમાં અરજી કરવાની હતી. તેમાં સુધારો કરીને અત્યારે કલમ-૬૩(ક)(ગ) માં પેટા નિયમ કલમ-૧ છે તેમાં પહેલા શબ્દો એવા હતા કે, ''ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા અધિનિયમ ૨૦૧૯ના આરંભથી એક વર્ષની અંદર આવી જમીનને બિનખેતી વિષયક હેતુમાં ફેરવવા માટે'' તેમાં આપણે સુધારો કરીને એવા શબ્દો લાવીએ છીએ કે, ''ગુજરાત સરકાર વખતોવખત રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર આવી જમીનને બિનખેતી વિષયક હેતુ માટે ફેરવવા માટે''. એટલે હવે કોઇ સમય મર્યાદા રહેતી નથી. સરકાર ઇચ્છે તેમ અને જેમ ઇમ્પેક્ટ ફીના કાયદામાં બિલ લાવ્યા અને સુધારા લાવ્યા અને હજું પણ તેનો કોઇ અંત આવતો નથી. તેમ આ જ સંસ્થાઓ તેમાં કેટલીક સારી સંસ્થાઓ પણ છે. સારા હેતુઓ માટે કામ કરે છે. આરોગ્ય ક્ષેત્રે, સમાજસેવા ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે સારું કામ કરે છે. તેવી સંસ્થાઓ માટે જમીનો પણ છે. તેણે સખાવતી હેતુ માટે જમીનનો ઉપયોગ કરવાનો હોય અને કદાચ સમય મર્યાદામાં તે સંસ્થા અરજી કરી શકી ન હોય તો તેને માટે વિચારી શકાય. પરંતુ કેટલીક સંસ્થાઓ અને હવે તો કંપની એકટમાં રજિસ્ટર થયેલી કેટલીક કંપનીઓ એવી પણ છે કે, જે ચોક્કસ હેતુ માટે નફો કરવા માટે આવી જમીનો છે તેનો ક્યાંક વેપાર કરશે અને તેમાંથી નફો કમાશે તેની ચિંતા આપણે આ બિલ લાવીએ છીએ ત્યારે ચોક્કસ કરવી જોઇએ. સાથે સાથે આ કાયદો ગણોત અને જમીન સાથે જોડાયેલો છે. આપણે બધાએ એ ભૂલવું ન જોઇએ કે જમીનો સતત ઘટતી જાય છે. ખેતીની જમીનોમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. ખેતી ઘટી રહી છે અને બીજી બાજુ વસતિ વધી રહી છે. જે રીતે આપણે ઔદ્યોગિકરણને વેગ આપીએ છીએ એટલે આવનારા દિવસોમાં જે અસમાનતા ઊભી થવાની છે તે અસમાનતા રાજ્ય અને સમાજ માટે ખૂબ પડકારજનક બાબત છે. એટલે તેની ચિંતા પણ ચોક્કસ થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે દેશ આઝાદ થયો ત્યારે મોટાભાગની જમીનો રાજા રજવાડાઓ પાસે હતી, જાગીરદારો પાસે હતી. તે વખતે મોટી જમીનો હતી. પૂરી ખેતી ના થઇ શકતી હોય અને તેની દેખરેખ ના થઇ શકતી હોય એટલા જ માટે તે જમીનમાં જે ખેતમજૂરો હતા, ગણોતિયા હતા તેને જે તે વખતે કાયદાકીય જોગવાઇ કરીને ખેતમજૂરમાંથી તેમને જમીનના માલિક બનાવ્યા, ખેડૂત બનાવ્યા તથા વખતો વખત તેના હક્કો છિનવાઇ ન જાય અને તેને રક્ષણ મળે, ખેતીની જમીનો જળવાઇ રહે તેટલા માટેના કાયદા અને નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. એટલા જ કારણે આ જમીનો વર્ષો સુધી જળવાઇ રહી હતી. જે રીતે જમીનના કાયદામાં છેલ્લા ત્રીસેક વર્ષમાં સુધારા આવ્યા અને તે જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવી, ૮ કિલોમિટરનો કાયદો કાઢી નાખવામાં આવ્યો, ગણોતના જે કાયદા હતા તેમાં પણ ક્યાંક પાછલા બારણે છૂટછાટ આપવામાં આવે. અનેક ગણોતિયાઓના હક્કો ડૂબતા આપણે બધાએ જોયા છે. હમણાં જ મૂલસણાનું આખું કૌભાંડ જે બહાર આવ્યું તેમાં કેટલાય ગણોતિયાઓના હક્કો ડૂબાડી મુઠ્ઠીભર લોકોને ફાયદો આપ્યાના કિસ્સા આપણા રેકર્ડ પર છે અને તેના માટે લોકો જેલમાં પણ ગયા છે. તેવા સંજોગોમાં આપણો દેશ અને રાજ્ય ખેતીપ્રધાન હોય ત્યારે ખેતીની જમીનો ઓછી થાય, બિનખેતી માટેની મંજૂરીઓ આપવામાં આપણે કાયદો લાવી પ્રોત્સાહન આપીએ છીએ અને વખતો વખત તેમાં મુદતો પણ વધારીએ છીએ. તો હું માનું છું કે, ભવિષ્યમાં ખૂબ મોટી ચિંતા આના માટે કરવી પડશે. અહીં સખાવતી સંસ્થાઓની જે વાત થઇ તેમાં મેં કહ્યું કે, કેટલીક સંસ્થાઓ સારું કામ કરે છે અને સાથે સાથે કેટલીક સંસ્થાઓ જમીનના કાયદાની જે જોગવાઇઓ છે, આપણે ટ્રસ્ટો અને સંસ્થાઓને જે લાભ આપીએ છીએ, છૂટછાટ આપીએ છીએ તે જોગવાઇઓનો દૂરુપયોગ કેવી રીતે કરે છે તેનો એક જ દાખલો મારે આપવો છે. *(xxx)

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની બહાર બોલી રહ્યા છે.

શ્રી અમિત ચાવડા : સખાવતી સંસ્થાઓને આપણે કાયદાની જોગવાઇ મુજબ જે લાભ આપીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોએ વર્ષ ૨૦૧૫ પહેલા માગણી કરી છે અને જેણે પહેલા જમીન લઇ રાખી છે એટલા પૂરતો જ આ બિલનો હાર્દ છે અને આપણે સમયની મર્યાદા જ વધારી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે બિલનો હાર્દ છે કે, સખાવતી સંસ્થાઓને આવી બિનખેતી વિષયક હેતુ માટે મંજૂરીઓ આપવાની સમય મર્યાદા છે. એટલે સખાવતી સંસ્થાઓ એનો કેવો દૂરુપયોગ કરે છે એનો એક જ દાખલો આપવો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ એક્ઝામ્પલ આને બેસતું નથી. આ નિયમ જે છે અને આ જે સુધારો લઇને આવ્યા છે એને સુસંગત નથી.

શ્રી અમિત ચાવડા : મારું એક્ઝામ્પલ સાંભળે તો પછી સુસંગત છે કે નથી એનો ખ્યાલ આવેને? અને હું રેકર્ડ આધારીત જ કહું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે રીતે આમૂખમાં શરૂઆત કરી અને ત્યાર પછી જે રીતે બિલને ડાઇવર્ટ કરી રહ્યા છે એ બિલકુલ બિલના હાર્દની બહાર બોલી રહ્યા છે. બિલનો જે લિમિટેડ સ્કોપ છે એ તો ખાલી એક જ સુધારા માટે છે કે, ૧૫ વર્ષ પહેલા જે જમીનો લેવાયેલી હોય નોન પ્રોફિટેબલ જે આપણા ઓર્ગેનાઇઝેશનો છે, ટ્રસ્ટો છે કે કંપનીઓ છે એના પૂરતો જ છે અને એમાં જે વર્ષ ૨૦૨૦ પછી વધારો સરકારશ્રી કરી શકે એનો મૂળભૂત હેતુ એટલો જ છે. આ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સખાવતી સંસ્થાઓ છે અને સખાવતી સંસ્થાઓ જ્યારે પણ જમીન લેતી હોય ત્યારે જમીન લેવાની એની સગવડ હોય પરંતુ જે ઉદેશ્ય એના મનમાં હોય કે ભવિષ્યમાં આવું આવું કરીશું પરંતુ એની પૂરતી ન થતા એને સમય લંબાવવા માટે, કારણ કે આ વર્ષ ૨૦૧૫ પછી આપણે લાગુ નથી કર્યો. વર્ષ ૨૦૧૫ પહેલાની જ વાત છે કે જેમણે પણ જમીન ખરીદી છે અને જ્યારે જમીન ખરીદી હોય એટલે કે કોઇને કોઇ હેતુ માટે ખરીદી હોય, પરંતુ આવી જે સંસ્થાઓ નોન પ્રોફિટેબલ સંસ્થાઓ જ્યારે કોઇ એનો ઉપયોગ કરવા ઇચ્છે તો સરકાર પાસે એની મંજૂરી લેવા આવે અને સરકાર મંજૂરી આપે એટલો જ વિષય છે. અને માનનીય અધ્યક્ષશ્રી, આપને મારી વિનંતી છે કે, સ્કોપ બહાર કોઇ આવા દાખલાઓ આપીને એક્ઝામ્પલ સેટ કરવાની વાત છે એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : આમાં નિયમ બહાર અને બાકી આ ટાઇપના એક્ઝામ્પલો આપણે ન લઇએ અને જેનો ઉલ્લેખ જે આ બિલની અંદર છે એટલા પૂરતી જ ચર્ચા રાખીએ. એનાથી બહાર બીજા એક્ઝામ્પલો આપવા માટેનો પ્રયત્ન આપણે ન કરીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે બિલના ઉદ્દેશોમાં સ્પષ્ટ લખ્યું છે કે, વર્ષ ૨૦૧૫ પહેલા ખરીદવામાં આવી હોય તેવી જમીનોની રૂપાંતરણ માટેની અરજીની તારીખ લંબાવવા માટે સખાવતને પ્રોત્સાહન આપતી સખાવતી સંસ્થાઓ પાસેથી રજૂઆત આવે. એટલે આખું બિલ તમે કોઇ ગણોતિયા માટે, ખેડૂત માટે કે કોઇ સામાન્ય માણસ અરજી કરે એને માટે મુદત વધારવા માટે નથી લાવ્યા. આખું બિલ ફક્તને ફક્ત કેટલાક ચોક્કસ ટ્રસ્ટો માટે, કેટલીક ચોક્કસ કંપનીઓ માટે મુદત વધારવા માટેની જે માગણીઓ છે એના માટે લાવ્યા છો એટલે હું પણ જે દાખલો આપુ છું એ એટલા માટે આપુ છું કે, આવી સખાવતી સંસ્થાઓ, ટ્રસ્ટોને કાયદાની જોગવાઇ મુજબ જે લાભ આપીએ છીએ, આ બિલ શેના માટે લાવ્યા છીએ? આપણે વર્ષ ૨૦૧૫ પહેલા ખરીદેલી હતી ત્યારે વર્ષ ૨૦૧૯માં સુધારો લાવ્યા ત્યારે એક વર્ષની સમય મર્યાદા લાવ્યા હતા. આજે વર્ષ ૨૦૨૪માં સુધારો લાવીએ છીએ ત્યારે એમ કહીએ છીએ કે, રાજય સરકાર વખતો વખત જ્યારે જાહેર કરે. એટલે હજુ તમે કેટલા વર્ષ સુધી એને છૂટ આપવાના છો એનો તો કોઇ ઉલ્લેખ કર્યો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે જે એક્ઝામ્પલ આપ્યું હતું એના ઉપર મારું ધ્યાન કેન્દ્રીત હતું. મને લાગે છે કે, માનનીય મંત્રીશ્રી જ્યારે ઊભા થયા અને વચ્ચે એમણે સ્પષ્ટતા કરી છે ત્યારે આપણે એ રીતે એક્ઝામ્પલ આપીને એને સેટ આપણે કરી ન શકીએ. એટલે રેકોર્ડ ઉપરથી એટલી બાબતો હું દૂર કરું છું જે ખાસ કરીને સ્પેસિફિક સ્થિતિ, સ્પેસિફિક વાત કરીને જે ઉલ્લેખ કર્યો છે એને હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું અને એનો ફરી ઉલ્લેખ આ રીતે ન કરવા મારી આપને વિનંતી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ચિંતા એ જ છે કે આપણે સારા હેતુ માટે કોઇ બિલ લાવતા હોય તો એની સાથે સાથે કેટલીક સંસ્થાઓ આવા જે કાયદા કે કાયદાના સુધારા આવે છે એનો દુરુપયોગ કેવી રીતે કરે છે એનો જ દાખલો હું આપું છું અને એટલા જ માટે કહું છું કે, આપણે એક સંસ્થાને કોઇ શૈક્ષણિક હેતુ માટે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : વાત તમારી સાચી છે, પરંતુ ગુજરાતમાં અનેક સારી શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણનું કામ કરવામાં આજે આખા દેશભરમાં આપણી સંસ્થાઓનું નામ છે જેણે શૈક્ષણિક કામો કર્યાં છે અને બાકી સખાવતી કામો અનેક સારાં કર્યાં છે એટલે ક્યાંય આપણો ઉલ્લેખ એવો ન હોય કે એક કોઇ વિષયને લઇને આપણે અનેક ઘણાં સારાં કામ કરતી સંસ્થાઓ છે એની કોઇ ઇમેજને નુકસાન આપણા કોઇ વક્તવ્યના કારણે થાય તે મને લાગે છે કે એ આપણા માટે ન્યાયોચિત નહીં ગણાય. એટલા માટે ઘણું સારું કામ થઇ રહ્યું છે જે બધા માટે ઉદાહરણરૂપ છે એવું ઘણું કામ થઇ રહ્યું છે એને મદદરૂપ થઇએ. આપણા શબ્દોથી, આપણે આ વિધાનસભા ગૃહના માધ્યમથી પણ આપણો વ્યવહાર, આપણી વાણી એવી હોય કે સારાં કામને પ્રોત્સાહન મળે અને કયાંય ત્રૂટી હોય તો આપણે ચોક્કસ ધ્યાન દોરીએ, પરંતુ કોઇ એક સંસ્થા પાછળ આપણે જઇને એના માટે આ આવું છે અથવા તો એનું નેગેટીવ કોઇ પાસુ ઉજાગર કરવાનો પ્રયત્ન કરીએ તે મને લાગે છે કે આપણા માટે ઠીક ના કહેવાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તમારી વાત સાથે સંપૂર્ણ સંમત છું અને મેં પહેલાં જ કહ્યું કે આ બિલનો અમે કોઇ વિરોધ કરવાને બદલે તેની જે આપણી લાગણી છે કે જે સખાવતી સંસ્થાઓ છે, ટ્રસ્ટો છે, કંપનીઓ છે કે જે શિક્ષણ, આરોગ્ય કે અન્ય ક્ષેત્રે સારું કામ કરે છે તે બધાને બિરદાવીએ છીએ, આપણે તેને પ્રોત્સાહન પણ આપવું જોઇએ તેના માટે સુધારો લાવ્યા છીએ, તેને સમર્થન પણ હોય પણ ચોક્કસ જયારે આપણે ગૃહમાં કાયદો ઘડવા બેઠા છીએ આપણા એક શબ્દના સુધારાથી આવનારા સમયમાં તેની ખૂબ દૂરોગામી અસરો થવાની છે. અનેક લોકોને તેનો ફાયદો પણ થવાનો અને કયાંક તેના બહાને કેટલાક લોકો પોતાનો લાભ પણ જોવાના. તો એ ચિંતા એટલા માટે કરવી જરૂરી છે કે જયારે અહીંયા આગળ આપણે કોઇ કાયદો બનાવીએ અને એ લોકોને લાભ કરવાની સાથે સાથે બીજા લોકોને નુકસાન થાય કાં તો તેનું બેલેન્સ જળવાય છે કે કેમ? તેની ચિંતા પણ સો ટકા આપણે કરવી જોઇએ. અહીંયા બિનખેતી વિષય માટે આપણે હસ્તાંક તેને પરિવર્તન કરવાની મંજૂરી આપીએ, પણ સાથે સાથે ખેડૂતોની ચિંતા થવી જોઇએ અને જે હેતુથી, જે હાર્દથી આપણે મંજૂરી આપીએ છીએ કે કાયદો સુધારીએ છીએ તેમનો કોઇ સંસ્થાઓ ગેરલાભ ના ઉઠાવી જાય તેની પણ ચોક્કસ ચિંતા કરવી જોઇએ અને અમે તો માનનીય મંત્રીશ્રીનું એટલે ધ્યાન દોરીએ છીએ કે આવો તેનો કોઇ ગેરફાયદો ના ઉઠાવે. એટલા માટે કોઇ સંસ્થા હોય કે જે શૈક્ષણિક હેતુ સાથે સંકળાયેલી હોય આપણા કાયદામાં જોગવાઇ છે કે કોઇ શૈક્ષણિક કે આરોગ્ય કે સારા હેતુ માટે સરકાર પાસે જમીનની માગણી કરે તો સરકાર તેને રાહત દરે અથવા ટોકન કિંમતે જમીન આપતી હોય છે. આ મેં દાખલો

આપ્યો ગોધાવીનો કે એક સંસ્થા શૈક્ષણિક હેતુ સાથે સંકળાયેલી છે...(અંતરાય.)..હવે હું સંસ્થાનું નામ નથી લેતો તો પણ તમને ચિંતા થાય છે. હું એ જ કહું છું કે એક શૈક્ષણિક સંસ્થા પોતાના શૈક્ષણિક હેતુઓ માટે...

પોઇન્ટ ઓફ ઓર્ડર

બિલના સ્કોપની બહાર પ્રવચન કરવા અંગે

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, બિલના હાર્દ ઉપર અને બિલનો લિમિટેડ સ્કોપ છે અને તે સ્કોપની અંદર કેવળ અને કેવળ સખાવતી સંસ્થાઓ વર્ષ ૨૦૨૦ સુધી એની કેપેબિલીટી ના થઇ હોય અને એન.એ.કરાવવામાંથી રહી ગઇ હોય તો એવી સંસ્થાઓ માટે વખતો વખત એ સરકારશ્રી એને પરમિશન આપી શકશે આટલી જ વાત છે. એમાં ફલાણી સંસ્થા અને ફલાણું ગામ અને આ સ્કોપની બહારની વાત છે, એટલે ટોટલ જે તેમનું પ્રવચન ચાલી રહ્યું છે. સખાવતી સંસ્થા માટે છે અને નોન પ્રોફિટેબલ સંસ્થાઓ માટે છે આ બહુ કિલયર છે. આની અંદર કોઇ પણ પ્રોફિટ કરતી સંસ્થા કોઇને લાભ, કોઇને નુકસાન કરવું એ પ્રકારની પ્રવૃત્તિવાળી વાત નથી. શિક્ષણની વાત હોય, આરોગ્યની વાત છે કે બીજી કોઇ બહેનો ભેગી થઇ અને ટ્રસ્ટ બનાવ્યું હોય કે ભૂતકાળમાં જમીન લીધી હોય પરંતુ સગવડ ના થઇ હોય અને સગવડ ના થઇ હોય એટલે આગળ ના ચાલી શકયા હોય, એન.એ.ના કરાવ્યુ હોય અને જે લોકો રહી ગયા છે એટલે આ જો સુધારો ના કરીએ તો સાહેબ વર્ષ ૨૦૧૫ પહેલાં જે લોકોએ સારા...

અધ્યક્ષશ્રી : સુધારો ના કરે એવું નથી કહેતા. તેઓ માત્ર કોઇ સંસ્થાનો વ્યકિતગત ઉલ્લેખ ના કરે મને લાગે છે આટલો જ તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે પોતાનું બિલ વાંચી રહ્યા હતા ત્યારે તેમણે અમુક સંસ્થાઓનાં નામ વાંચ્યાં હતાં બોલ્યા હતા. તે જો કોઇ સંસ્થાનાં નામ બોલ્યા ના હોત તો અમારા નેતાશ્રી અમીતભાઇ જે કોઇ સંસ્થાનું નામ દઇને ઉલ્લેખ કરી રહ્યા છે. જો જનરલ ચર્ચા કોઇ સંસ્થાની કરી જ ના હોત પણ આપ સંસ્થાઓનાં નામ બોલેલા છો એ જો ના બોલ્યા હોત તો શ્રી અમીતભાઇ પણ કોઇ પણ સંસ્થાનું નામ ના બોલી શકયા હોત અને જનરલ જ ચર્ચા થતી હોત.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બે વાત સ્પષ્ટ છે જેને વર્ષ ૨૦૧૫. મેં સ્પષ્ટ કહ્યું છે આ જે સંસ્થાઓના નામ જે હું બોલ્યો છું તે ૨૦૧૫ પહેલાં એ લોકોએ જમીનમાં આ રીતે કરીને લોકહિતના કામ કર્યાં છે નંબર વન. નંબર ટુ કે જે વર્ષ ૨૦૧૫ પહેલાંની જમીન હોય. આ અત્યારનો દાખલો વિદ્વાન ધારાસભ્યશ્રી છે, વિપક્ષના નેતા છે તે આજનો દાખલો આપે છે. મારો વાંધો ત્યાં છે કે વર્ષ ૨૦૧૫ની કોઇ સંસ્થા આપણે લેવાના નથી. આજે કંઇક થઇ જવાનું છે કે ૮ વર્ષ પહેલાં કંઇક થઇ જવાનું છે એનો કોઇ પ્રશ્ન જ નથી. વર્ષ ૨૦૧૫ પહેલાંની કોઇ સંસ્થા હોય તો આપણને એમ થાય કે આ વર્ષ ૨૦૧૫ પહેલાંની સંસ્થા છે અને આ કરવાનું છે. એવું હોય તો માનનીય સભ્યશ્રી બતાવે કે આ વર્ષ ૨૦૧૫ પહેલાંની જમીન લીધેલી છે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિષય એટલો જ છે કે ગુજરાતની સારી સંસ્થાઓની ઇમેજને નુકસાન થાય એવો ઉલ્લેખ આપણે ન કરીએ.

શ્રી અમિત ચાવડા : કોઇની ઇમેજને નુકસાન નહિ થાય પણ જે સાચી હકીકત છે એ કહેવી પડે. તમે ભલે સુધારો લાવ્યા પણ મૂળ બિલના હાર્દને નુકસાન થતું હોય તો એના માટે બોલવાનો મારો અધિકાર છે અને હું માનું છું કે હું બિલના સ્કોપની બહાર કાંઇ બોલતો નથી.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. માનનીય અમિતભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ ૨.૩૬થી ૩.૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અમિત ચાવડા (ક્રમશ:)માનનીય અધ્યક્ષશ્રી, આપણે બિલ પર ચિંતા કરીએ છીએ કે ગુજરાતમાં ખેતીની જમીનો ન ઘટે, ખેડૂતોનું હિત જળવાય અને સાથે સાથે જે સારા હેતુ માટે સંસ્થાઓ રજીસ્ટર્ડ થઇ છે, સખાવતી સંસ્થાઓ દ્વારા સારાં કામો થાય છે તેને પણ પ્રોત્સાહન મળે. અહીંયા આપણે સખાવતી સંસ્થાઓને જે બિનખેતીની મંજૂરી માટેની મુદત વધારવા માટેની જોગવાઇ કરી તેમાં કોઇ જમીનને બિનખેતી કરાવીને ત્યાં શાળા, હોસ્પિટલ કે લોકોપયોગી પ્રવૃત્તિ થાય તો ચોક્કસ આવકાર્ય જ છે પણ કેટલીક જગ્યાએ જે રીતે સખાવતી સંસ્થાઓ, ટ્રસ્ટોની જમીનો મોકાના સ્થાન પર હોય અને તેનો વ્યાપારિક રીતે ઉપયોગ થાય, ક્યાંક કોમ્પ્લેક્ષ બનાવવાનું હોય, ક્યાંક બીજી ધંધાકીય પ્રવૃત્તિઓ કરવાની હોય તો આ જોગવાઇ હેઠળ એવા લોકોને પણ પ્રોત્સાહન અને પ્રોટેક્શન મળશે એટલે હું ચિંતા કરું છું. માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે આપણે જયારે સુધારો લાવીએ છીએ ત્યારે તેનો કેટલાક લોકો જે દુરુપયોગ કરશે તેની પણ ચોક્કસ ચિંતા આપણને થવી જોઇએ. કયાંક તેમાં એવું પણ ઉમેરવું જોઇએ કે ચોક્કસ હેતુઓ માટે મુદત વધારવા માટેની મંજૂરી હોય તો જ મુદત વધારી શકાશે અન્યથા કોઇ ધંધાકીય હેતુઓ માટે મુદત વધારાની મંજૂરી હશે તો તેને રોકવા માટેની જોગવાઇ પણ આમાં હોવી જોઇએ. હું જે વાત કરતો હતો કે કેટલીક સંસ્થાઓની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની, રાહત આપવાના કાયદા લાવીએ છીએ, નિયમો બનાવીએ છીએ તેનો ઘણીવાર દુરુપયોગ પણ થતો હોય. જેમ કે, કોઇ શૈક્ષણિક સંસ્થા શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે

સરકાર પાસે જમીન માગે તો ખૂબ કિંમતી જમીન હોય, મોકાની જગ્યા હોય, બીજા લોકોની તેના પર નજર હોય તેમ છતાં સરકાર તેને પ્રાથમિકતા આપતી હોય છે. પ્રાયોરિટી આપતી હોય છે. *(xxx).....(અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આમાં ક્યાં કંઇ ખોટું કહ્યું છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ. તમે બધા બેસો. તેઓ શું વાત કરે છે એ પહેલાં સાંભળો. પછી ઊભા થાવ. તમે શા માટે એમને સ્કોપ આપો છો? તમે શું વાત કરવા માંગો છો?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઇ સંસ્થાનું નામ નહીં આપું. મારો હેતુ છે કે દુરુપયોગ......

અધ્યક્ષશ્રી : આપના ધ્યાન ઉપર રહે કે વિધાનસભાના નિયમોના નિયમ-૫૦ અંતર્ગત આપ તો જાણકાર છો. કોઇપણ સંસ્થા સારું કામ કરતી હોય તો એના માટે નેગેટિવ ટિપ્પણ ન કરવી એ માટે મેં બે વખત સૂચના આપી છે. તમે જો ફરી આનો ઉલ્લેખ કરો તો નિયમ-૫૧નો ભંગ થાય અને જો નિયમ-૫૧ અંતર્ગત જો ભંગ કરીએ તો હું આપને પ્રવચન કરતા અટકાવી શકીશ. એટલે મારી વિનંતી છે કે કોઇ સંસ્થાની ટીકા કરવાનું કામ તમે અહીંથી નહીં કરી શકો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઇ સંસ્થાની ટીકા નથી કરવી પણ જે કાયદા અને પ્રોત્સાહન માટેની નીતિઓ છે એનો દુરુપયોગ કેવી રીતે થાય છે એનો દાખલો આપવો છે. શૈક્ષણિક હેતુ માટે કોઇ સંસ્થા આપણી પાસે જમીન માંગે, કિંમતી જમીન હોય, જમીનની જે વેલ્યુએશન થાય એના પચાસ ટકામાં આપણે જમીન આપીએ છીએ. હું દાખલો આપું કે, *(xxx) મારી પણ એ જ વિનંતી છે કે આપણે સખાવતી સંસ્થાઓ માટે આ કાયદો લાવીએ છીએ. કાલ ઉઠીને.....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે ઉલ્લેખ કર્યો છે એ હું રેકર્ડ પરથી દૂર કરું છું. ત્રણ વખત કહ્યા પછી પણ માનનીય સભ્યશ્રી આપને વિનંતી કરું છું કે, તમે જે સંસ્કારધામ સંસ્થાનો ઉલ્લેખ કરો છો એ રાજ્યની એજ્યુકેશન બાબતમાં ગણમાન્ય સંસ્થા છે. માત્ર ગુજરાતની જ નહીં, દેશભરની ગૌરવરૂપ સંસ્થા છે. આ સંસ્થા અત્યારે સ્પોર્ટસની બાબતમાં ગુજરાત અને દેશના વિદ્યાર્થીઓ દેશભરમાં આગળ વધી શકે તે માટે કામ કરતી સંસ્થા છે. સામાન્ય પરિવારના બાળકોને સુખી-સંપન્ન લોકો લઇ શકે એવું એજ્યુકેશન આપતી આ સંસ્થા છે. આવી સંસ્થાઓનો ક્યાંય ટીકાત્મક ઉપયોગ ન કરો એ માટે મારી વિનંતી છે કે હવે આ વિષયને ત્યાંથી પૂર્ણ કરો. તમારા શબ્દો મેં રેકર્ડ પરથી દૂર કર્યા છે. આવું ફરીથી કરશો તો મને લાગે છે કે, નિયમ-૫૦ પ્રમાણે આગળની કાર્યવાહી કરવી પડશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્ય સરકારની તિજોરીને નુકસાન થતું હોય, નિયમોનો દુરુપયોગ થતો હોય અને એને જો અમે સરકારના પ્રતિનિધિ તરીકે સરકારનું ધ્યાન ન દોરીએ, ઉજાગર ન કરીએ તો હું માનું છું કે અમે અમારી ફરજ ચૂક્યા કહેવાઇએ. મારો કોઇ સંસ્થાની ટીકા-ટિપ્પણી કે પ્રવૃત્તિઓ માટેનો કોઇ પ્રશ્ન નથી પણ કોઇપણ સંસ્થા હોય એના મારફત જો ખોટું થયું હોય, સરકારના વિભાગો દ્વારા એને મદદ થઇ હોય એની વાત ન થાય તો અમારે બોલવાનો કોઇ પ્રશ્ન જ રહેતો નથી.

અધ્યક્ષશ્રી : આ વિષય તમારો રહેતો નથી. બિલ ઉપર બોલો?

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે 'સખાવત' શબ્દ છે એનું અર્થઘટન સમજવું પડશે. આપણે આ જમીન વર્ષ ૨૦૧૫માં જે લોકોએ ખરીદ કરી હોય, વર્ષ ૨૦૧૫માં સંસ્થાએ પોતાના પૈસાથી ખરીદી કરી હોય, નહીં કે સરકારી પૈસે. એના માટેનું આ બિલ છે, નહીં કોઇ બીજી બાબતનું. મારી વિનંતી એક જ છે કે, આ બિલનું હાર્દ આપણે જ્યાં સુધી સમજીશું નહીં ત્યાં સુધી આડુંઅવળું બોલવાનું થશે. આપના માધ્યમથી મારી વિનંતી છે કે, આ જે આપણે બિલ લાવ્યા છીએ એ બિલ વર્ષ ૨૦૧૫માં પોતાના ખર્ચે જે સંસ્થાએ જમીન ખરીદી હોય, આમાં કોઇ સરકારે આપેલી કે કોઇને કાંઇ લાગુ પડતું નથી. એટલા માટે હું આપને કહું છું કે, વારંઘડિયે એકની એક વાત દોહરાવવામાં આવે છે. બિલની બહાર જવામાં આવે છે. આ બિલનું મહત્ત્વ માત્ર આટલું જ છે. ટ્રસ્ટે ખાનગી જમીન પોતાના પૈસાથી ખરીદી હોય એના માટે જ લાગુ પડે છે.

અધ્યક્ષશ્રી : જે ન સમજતા હોય એ બરાબર છે, પણ આ તો જે સમજતા હોય છતાંયે બોલે એનો પ્રશ્ન છે. ન સમજતા હોય અને પ્રશ્ન છે એવો તો પ્રશ્ન જ નથી. સમજતા હોય અને છતાંયે બોલતા હોય એની વાત છે. માનનીય અમિતભાઇ, મેં આપને સૂચના આપી છે એ પરમેનન્ટ સૂચના છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નામથી તકલીફ હોય તો ઉલ્લેખ નહીં કરીએ. મારી વાત એટલી જ છે કે, અહીંયા જે ઉલ્લેખ થયો છે કે જે ટ્રસ્ટો માટે આપણે આ સુધારો લાવીએ છીએ એનો જે ઉપયોગ થવાનો છે (માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત બેઠાં-બેઠાં બોલતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેઠાં-બેઠાં ન બોલી શકો. આ તમારું બિલ છે અને બિલ મંજૂર કરાવવાની જવાબદારી તમારી છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમ સમજે છે કે કોઇ ટ્રસ્ટે પોતાના પૈસે જમીન ખરીદી એટલે એ ટ્રસ્ટ છે, કાયદાની જોગવાઇ મુજબ એ રજિસ્ટર્ડ સંસ્થા છે, કોઇ વ્યકિત નથી. એટલે રજિસ્ટ્રેશન વખતે એના જે બાયલોઝ છે એ પણ લાગુ પડે છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, એ બાબતે ચેરિટીનું બિલ આવે ત્યારે બોલજો. અત્યારે મહેસૂલનું બિલ છે એના ઉપર જ ચર્ચા કરો. હવે એ વિષય પૂરો કરો. અત્યારે ચેરિટીનું બિલ નથી. આ વિષય છે એમાં જ ચર્ચા કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે, તમે જો એને પોતાના પૈસે ખરીદી હોય (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, અત્યારે ચેરિટીનું બિલ નથી. અત્યારે આ વિષય ઉપર જ ચર્ચા કરીને આ બિલમાં જ રહો. મેં માનનીય મંત્રીશ્રીને ટકોર કરી છે. તમે અત્યારે સામસામે બે જણા ચર્ચાઓમાં ના પડશો. બિલ ઉપર બોલો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯માં આપણે ૧ વર્ષની સમયમર્યાદા માટે એની મુદત વધારી હતી. હવે વર્ષ ૨૦૨૪માં સુધારો લાવીને એને વખતોવખત એટલે કે, કેટલા વખત સુધી તમે એની મર્યાદા વધારવા માગો છો? એની કોઇ ચોખવટ નથી. બીજું, એના જે બિનખેતી માટેના હેતુઓ છે એમાં કોઇ સ્પેસિફિક કરવા માગો છો કે કેમ? એનો કોઇ જગ્યાએ ઉલ્લેખ નથી. એટલા માટે કહેવું પડે છે કે અત્યારે જે રીતે ઘણી બધી સંસ્થાઓની જમીનો, મિલકતો મોકાની જગ્યાએ હોવાથી એની ઉપર બીજા હેતુઓનો ઉપયોગ કરવા માટે ઘણા બધા લોકો પ્રયત્ન કરતાં હોય છે. જેમ આપણે મુલાસણની જમીનનો પ્રશ્ન જોયો છે. ત્યાં પણ પાંજરાપોળની જમીન હતી. ત્યાં પણ ગાયો માટે જમીન અપાઇ હતી. ખરેખર એની મુદત પૂરી થઇ. સંસ્થાએ ગણોતિયાઓને પાછી આપી ત્યારથી સિલિંગ એક્ટ અને ગણોતિયાના બાકીના કાયદાઓની જે જોગવાઇ હતી એ બધાનો ભંગ થયો છે. એની બિન-ખેતીની મંજૂરી આપવામાં આવી એમાં પણ ઘણી બધી ગેરરીતિ અને ભંગ થયો છે. આવા દાખલા એટલા માટે આપવા પડે છે કે, આપણે ચિંતા કરીએ છીએ. આપણે સુધારો કરીએ એનાથી આખા ગુજરાતને અસર થવાની હોય છે. ઘણા બધા લોકોને એનાથી લાભ-ગેરલાભ થવાના હોય તો એની સો ટકા ચિંતા કરવી જોઇએ. એટલે માનનીય મંત્રીશ્રી પોતાની વાત કરે ત્યારે એમાં એટલો ચોક્કસ ખુલાસો કરે કે, તમે જે આ શબ્દો વાપર્યા છે કે રાજય સરકાર વખતોવખત રાજપત્રમાં જાહેરનામાથી નિર્દેશ કરે એટલા સમયની અંદર. એટલે કેટલો સમય તમે આપવા માગો છો? જે સખાવતી સંસ્થા હોય તથા બિન-ખેતી માટેના વિષયો આપ્યા હોય તો એમાં આપણે કોઇ સ્પેસિફિક કરવા માગીએ છીએ કે કેમ? જેમ કે, શૈક્ષણિક હેતુ, આરોગ્ય હેતુ કે અમુક ચોક્કસ સેવાકીય પ્રવૃત્તિઓ હશે તો જ અમે મંજૂરી આપીશું. કોઇ ધંધાકીય કોમ્પ્લેક્ષ બનાવે, કોઇ કોમર્શિયલ વાત કરે તો એના માટે આપણે છૂટછાટ આપવા માગીએ છીએ કે કેમ? એ વાતનો ખુલાસો કરે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : મીડિયાના મિત્રોને મારી વિનંતી છે કે, જેટલા શબ્દો મેં રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે એનો કોઇ જગ્યાએ ઉપયોગ ન કરે એવી મારી પ્રાર્થના છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક-૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૧ માનનીય મંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી આ સભાગૃહમાં લઇને આવ્યા છે એ માટે સૌ પ્રથમ તો જે સખાવતી સંસ્થાઓ છે એને ઉત્તેજન મળે અને એમની મુશ્કેલીઓમાં ઘટાડો થાય એવા સદભાવથી ભા.જ.પની ગુજરાત સરકાર આ જે સારું બિલ લાવી છે એ અભિનંદનને પાત્ર છે. માનનીય મંત્રીશ્રીએ અને માનનીય સંસદીય મંત્રીશ્રીએ પણ જે ખુલાસા કર્યા છે એમાં પણ બહુ સ્પષ્ટ કહ્યું છે કે, આ વર્ષ ૨૦૧૫ પહેલાંનો ફક્ત એક વર્ષનો નિયમ હતો એમાં સુધારો કરીને જો કોઇ સંસ્થાઓ કાયદાથી અજ્ઞાત છે અને એને કોઇ મંજૂરી લેવાની કોઇ જગ્યાએ રહી ગઇ છે તો એવા લિમિટેડ સ્કોપમાં જ સરકારશ્રીએ આની જવાબદારી લીધી છે. એટલે એમાં કોઇએ કોઇ હસ્તક્ષેપ કરવો જોઇએ કે એના પર કોઇ શંકા કરવી જોઇએ એવું લાગતું નથી. સખાવતી સંસ્થાઓ એટલે ગુજરાતમાં જે ચાલતી હોય એ સખાવતી સંસ્થાઓ. એમાં પાંજરાપોળ પણ આવી જાય. ધાર્મિક સંસ્થાઓ પણ આવી ગઇ. શૈક્ષણિક સંસ્થાઓ પણ આવી ગઇ અને હેલ્થની પણ આવી ગઇ. એટલે રાજયમાં જે સારી સંસ્થાઓ કામ કરી રહી છે, ત્યારે કદાચ કોંગ્રેસ પક્ષને એવું લાગતું હશે અને ભૂતકાળમાં મુંબઇ ધારાના જૂના કાયદા જે છે જે અંગ્રેજોએ ઘડેલા હોય કે મુંબઇ એક્ટ હોય.એ બધા કાયદાઓના ઓથા તરીકે ભૂતકાળમાં પણ કોઇ શૈક્ષણિક સંસ્થાઓએ એનો દુરૂપયોગ કર્યો હોય એવું બની શકે. એટલા માટે એમને આ શંકા કરવાનું મન થાય છે. અત્યારે તો આ ભાજપની સરકાર છે. આ મોદી સાહેબે ઘડેલું ગુજરાત છે અને જયારે મોદી સાહેબે ઘડેલું ગુજરાત હોય ત્યારે તેમાં કોઇએ શંકા કરવાની જરૂર નથી. આપણું રાજય તો ઠીક પણ દેશ પણ જો એમના પર વિશ્વાસ કરતો હોય અને દુનિયા પણ જો એમના પર વિશ્વાસ કરતી હોય તો આપણને એવો કોઇ અધિકાર નથી કે આપણે એના પર શંકાની સોય પણ તાકી શકીએ.

આપણે બધાએ જોઇ વિચારીએ આ રાજયના હિતમાં જે લોકો અંતરિયાળ વિસ્તાર કે ડુંગરાળ વિસ્તારમાં સંસ્થાઓ કરે છે કે જેમાં આપણા દીકરા દીકરીઓ ભણીગણીને મોટી મોટી જગ્યાઓ પર ગયેલા છે. પછી જૂઓ કે નામ તો દેતા નથી. સ્વામિનારાયણ સંસ્થાઓ છે જે છેક ધરમપુર સુધી પહોંચેલી છે અને ત્યાં પણ એજ્યુકેશનના એમણે યજ્ઞો કરેલા છે. એવી તો ઘણીબધી સંસ્થાઓ છે. સંસ્કાર ધામની વાત કરો છો. સંસ્કાર ધામ એ સંસ્કારોનું સિંચન કરવા માટેની સંસ્થા છે. એટલા માટે જ દેશ અને દુનિયાના લોકો ત્યાં આવે છે. જયાં સંસ્કારોનું સિંચન હોય ત્યાં એનો ફાયદો આપણને મળતો જ હોય છે. એટલે સંસ્કારોનું સિંચન થતું હોય તેના પર કોઇ શંકા કર્યા વગર જે સખાવતી સંસ્થાઓ છે,એને કોઇ રીતે અડચણરૂપ થાય અને એને

ભૂતકાળમાં કોઇ કલમ નીચે મંજૂરી લેવાની રહી ગઇ હોય તો સરકારે આવા સદભાવથી આ કાયદો લાવ્યા છે અને એમાં સુધારો કર્યો છે. આ નવો કાયદો નથી. સુધારો લાવ્યા છે. એટલા માટે આપણે બધાએ એને માન આપી અને સરકારે સારા ભાવથી, અને આ તો પાછા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર છે. એક સાદગીવાળા મુખ્યમંત્રી છે. સ્વચ્છ પ્રતિભા ધરાવતા મુખ્યમંત્રી છે. સેવાભાવી મુખ્યમંત્રી છે. એટલે એમના પર કોઇ શંકા કરવાની જરૂર નથી. આ જે મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે તે પણ બહુચર માતાના ભગત છે. માતાજીના એ પણ પરમ ઉપાસક છે. એટલે કોઇ શંકા કરવી જરૂરી જ નથી. બહુ સારું જ કરતા હશે અને સારું જ થવાનું છે અને એટલે જ ગુજરાત આગળ આવ્યું છે અને ગુજરાત આગળ આવશે અને એટલે જ *(xxx) એટલે આપણે સદવિચારથી આ આપણા બિલને ટેકો આપીશું એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આમાં કોંગ્રેસ કયાં આવે? એ જે ઉલ્લેખ છે તેને હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : બહુ સારી રીતે આપણે આ બિલને અપનાવીએ એવી મારી સર્વ સભ્યશ્રીઓને અને વિપક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે આ બિલ સ્વીકારો. આ સખાવતી સંસ્થાઓ માટે છે. એમને કયાંય પણ થોડું પણ માઠું લાગે એવો કોઇપણ શબ્દ આપણાથી ગૃહમાં ન બોલાય એ માટે આપસૌને વિનંતી છે. ફરીથી આ બિલને આપણે સર્વાનુમતે પાસ કરીએ એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સદન સમક્ષ મને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા વિધેયક-૨૦૨૪ પરની ચર્ચામાં ભાગ લેવા તથા આ સુધારા વિધેયક પર બોલવાની તક મળી છે ત્યારે આ સન્માનનીય સદનને જણાવવાનું કે હાલમાં રાજયમાં જુદા જુદા ગણોત વહીવટના કાયદાઓ અમલમાં છે. ગુજરાતનું ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વહીવટ વટહુકમ ગણોત વહીવટની વિદર્ભ ક્ષેત્ર અને કચ્છ પ્રદેશ અધિનિયમ ૧૯૫૮ જેવા ૩ કાયદા રાજયમાં અસ્તિત્વમાં છે. ખાસ કરીને જે કાંઇ ચર્ચા થઇ. આમ જોવા જઇએ તો ગુજરાતના આપણા જે કાંઇ સંસ્કાર છે તે સેવાના સંસ્કાર છે. સેવાભાવ છે. આજે ગુજરાતનો કોઇપણ ખૂણો એવો નહીં હોય કે ત્યાં સેવાભાવી સંસ્થાઓ નહીં હોય, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, આધ્યાત્મિક સંસ્થાઓ એમ અલગ અલગ પ્રકારની સંસ્થાઓ હોય છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર માટે એમ કહેવાય કે

'' વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે ''

માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા આવી સંસ્થાઓને પ્રોત્સાહન આપ્યું છે અને આમાં બીજી કોઇ ચર્ચા હોય નહીં, બધાનો આમાં સહયોગ હોય, સહકાર હોય, અને આવી સંસ્થાઓ આપણા ગુજરાતના જીવનનો એક ધબકાર છે ત્યારે હું આ બિલને આવકારું છું. એક માનનીય વિપક્ષના સભ્યશ્રીએ વાત કરી કે તમે સમયમર્યાદા કહો કે એક વર્ષ કે બે વર્ષ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ ખુલ્લા હ્રદયથી અને ખુલ્લા મનવાળી સરકાર છે. જયારે જયારે લોકોની કોઇ સમસ્યા હોય, કોઇ પ્રશ્ન હોય ત્યારે સરકાર પાસે આવે છે ત્યારે સરકાર ખુલ્લા મને હંમેશા એનો રસ્તો કાઢીને તેના કામ કરતી હોય છે. હું આ જે બિલ આવ્યું છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એના ઉપર હું મારું વકતવ્ય આપવા ઊભો થયો છું. માનનીય અમિતભાઇ જયારે બોલતા હતા ત્યારે એમના પોપટને રામ ના બોલવા દીધો પણ વી.ડી.નો પોપટ રામ બોલી ગયો અને મારા મિત્રોએ સાંભળી લીધું.

અધ્યક્ષશ્રી : એ પોપટને પણ મેં કહ્યું. બન્ને માટે સરખો જ ન્યાય આપ્યો છે. બન્નેના શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : પણ મિત્રોએ વાંધો લેવો જોઇતો હતો પણ વાંધો ના લીધો.

અધ્યક્ષશ્રી : પણ હવે પોપટ રામ બોલે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આજનો નહીં મારો પોપટ તે દિવસનો રામ બોલે છે. સન ૨૦૦૨થી હું તો બોલાવતો આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ જમીનની અંદર રૂપાંતર માટે અને એ પણ સખાવતી સંસ્થાઓ માટે જે જમીનો હોય એને રૂપાંતર કરવા માટેનું આ બિલ છે અને એ પણ સમયમર્યાદાનું છે અને એ હંમેશા આવકાર્ય જ હોય. એટલા માટે કે જમીન છે એ કુદરતે આપેલું સૌથી મોટું સંસાધન છે કે જેના ઉપર આપણે સૌ સમગ્ર સૃષ્ટિ ઉભી છે અને કુદરતી સંસાધનો આપણા છે પછી એ જમીન હોય, પાણી હોય, હવા હોય એ બધા ઉપર બધાનો અધિકાર છે અને બધાના અધિકારની સાથે એમાં વિવેક બુદ્ધિથી એનો ઉપયોગ કરવાનું આપણને આપણી પરંપરાઓએ શીખવાડયું છે, આપણા પૂર્વજોએ શીખવાડયું છે અને આપણી અત્યાર સુધીની સરકારોએ પણ શીખવાડયું છે. માનનીય મંત્રીશ્રી જે બિલમાં ત્રણ કાયદાનો ઉલ્લેખ કરતા હતા એ ત્રણ કાયદા એક ગુજરાત માટેનો રેવન્યુ કાયદો છે, બીજો સૌરાષ્ટ્રનો અને બીજો કચ્છનો. ત્રણેય અલગ અલગ બન્યા અને આખા હિન્દુસ્તાનની અંદર સૌથી પહેલાં પહેલો કાયદો કોઇએ બનાવ્યો હોય તો એ સૌરાષ્ટ્ર રાજયની સરકારે સન ૧૯૫૧માં બનાવ્યો અને એમાં જે જમીનો હતી એનો અવિવેકી કોઇ પાસે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સંગ્રહ હતો, રાજાઓ પાસે, જમીનદારો પાસે બધા પાસે એ એજ કલમના ઝાટકે અને એ પણ સમાધાન કરીને, જમીનો માટે લોહિયાળ ક્રાંતિઓ થઇ છે પણ મને કહેતા ખૂબ આનંદ થાય છે કે સૌરાષ્ટ્રની અંદર આ શાંતક્રાંતિના ભાગરૂપે જેટલી જમીનો હતી એ તમામ જમીનોના જે જમીનદારીના હક્કો હતા, એ રાજાઓના હક્કો હતા, બારખલીના હક્કો હતા એ બધા જ હક્કો સમાધાન કરીને સ્વ. ઢેબરભાઇની સરકારે એ વખતે બધાની સમાન વહેંચણી કરી હતી. એ પછી મુંબઇ રાજયનું જે ગુજરાત હતું એણે પણ કર્યું, વિદર્ભ હેઠળ કચ્છ હતું તો એને પણ કર્યું, જમીનની સમાન વહેંચણી થઇ. કોઇ પાસે જે સૌથી વધારે જમીન રાખતા હતા એની પણ મર્યાદા નક્કી કરી દીધી કે ૧૪૦ એકર કરતા તમે કોઇ વધારે જમીન રાખી શકો નહીં.આજે દેશની અંદર ખેતીની ક્રાંતિ થઇ એ ક્રાંતિની અંદર જો કોઇનો મહત્ત્વનો ફાળો હોય તો એ જમીન સુધારણાને આભારી છે. આપણી પાડોશમાં પાકિસ્તાન છે. બીજી વાત કરતો નથી પણ ત્યાં જમીન સુધારણાના કાયદાનો અમલ થયો નહીં એટલા માટે આજે પાંચ હજાર પરિવારો પાસે આખા પાકિસ્તાનની જમીનો છે એના કારણે સૌથી વધારેમાં વધારે શોષણ વ્યવસ્થા ત્યાં છે. જ્યારે સૌથી વધારે ન્યાયી વ્યવસ્થા હોય તો ભારત જેવા ૧૪૦ કરોડ જેટલી વસ્તી ધરાવતા દેશની અંદર એટલા માટે થયું કે આપણા પૂર્વજો પાસે વિવેકબુદ્ધી હતી. શ્રી ઢેબરભાઇ પાસે તો ૬,૦૦૦ એકર પોતાની જમીન હતી. પોતે જમીનદાર હતા. આવા અનેક જમીનદારો હતા. એ બધાએ સ્વેચ્છાએ જમીનો આપી અને બધા ખેડૂતોની અંદર વહેંચાઇ ગઇ. આજે આપણે સૌ ૭/૧૨ અને ૮-અ ના પાનિયાની અંદર ખાતેદાર તરીકે બાપ-દાદાના નામ આવે છે એના મૂળની અંદર આ જમીન સુધારણા કાયદો છે. એ વખતે અને એની પહેલા પણ જમીનો હતી એ જમીનોની અંદર આપણે સખાવતી અને બીજા હેતુ માટે અને ઘણાં માટે રાખ્યા હતા. એ વખતે પણ પ્રાણીઓ માટે જંગલ વિસ્તાર અનામત રાખેલો હતો. પશુધન માટે ગૌચરની વ્યવસ્થા અલગ રાખી હતી. રખડતાં-ભટકતા પશુઓ માટે પાંજરાપોળની વ્યવસ્થાઓ હતી. એ ઉપરાંત જે પશુઓને પાણી પીવડાવતા હોય તો અવેડિયાની જમીન હતી. મંદિરોમાં દીવેલ કરે તો દીવેલિયાની જમીન હતી. સરકારની સેવા કરતા હોય તો ચાકરની જમીન હતી. ધર્માદાઓ માટે અનેક જાગીરો. મારાં જ ગામની બાજુમાં છંગળા ગામ છે એ આખું ગામ રામાનંદ સંપ્રદાયના સાધુઓ માટે આખા ગામની જાગીર આપેલી હતી. એ પણ અમારા વડવાઓએ આપેલી હતી. મંદિરો, દરગાહો માટેની જમીનો હતી. પુજારીઓ માટેની જમીન હતી. આ બધી જમીનોની વ્યવસ્થા સખાવતી સંસ્થાઓ માટે આપણે અગાઉથી કરેલી અને એના પછી આ અધિકારો આપણે જે કામ કરતા હતા એના માટે અનામત રાખ્યા હતા. હવે જમીનનું ક્ષેત્રફળ વધતું નથી. માણસની વસ્તી અને પ્રવૃત્તિઓ વધે છે એના માટે જમીન જરૂરી છે જ અને એમાં સૌથી વધારેમાં વધારે જમીનની જરૂર હોય તો ખેતી માટેની જરૂર છે. એટલા માટે ખેતીની જમીન બિનખેતીના હેતુ માટે વાપરવાની વાત આવે ત્યારે આપણે એના પર અંકુશ રાખતા હતા કે ઓછામાં ઓછી ખેતીની જમીનો રૂપાંતાર કરી બીજા હેતુ માટે ઉપયોગ થાય એના બદલે પડતર જમીન સરકારી છે એનો વધારેમાં વધારે ઉપયોગ થાય. જમીન આપણા જીવન સાથે જોડાયેલી છે. જમીન વગર આપણે પગ પણ નીચે મૂકી શકતા નથી કે ચાલી શકતા નથી ત્યારે જમીનને લગતા કાનૂનો એટલા સરળ હોવા જોઇએ કે જે રીતે આપણે ખિસ્સામાંથી એક રૂપિયો લઇને વસ્તુ લેવા જઇએ છીએ એ દલીલ કર્યા વગર પાછી આપણને મળી જાય એ રીતે જમીનના હક્કો આપણને પ્રાપ્ત થવા જોઇએ. ભૂતકાળમાં જમીનના કોઇ રેકોર્ડ નહતા. પહેલા અકબર બાદશાહના વખતમાં રાજા ટોડરમલે પહેલો મહેસૂલી કાયદો બનાવી અને જમીનનું આખું રજિસ્ટર બનાવવાની શરૂઆત ત્યારથી થઇ. ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી ૧૯૧૪માં એક બ્રિટિશ સિવિલ સર્વન્ટ એન્ડરસન હતા એણે આપણા નમૂના નંબર-૧ થી શરૂ કરીને નમૂના નંબર-૧૮ સુધીના જેટલા રેવન્યુ રેકોર્ડ છે એ બધા એણે પ્રમાણિત કરીને આપ્યાં એ આજની તારીખે પણ ચાલુ છે. જમીનની માપણી ૧૯૩૦ અને ૧૯૬૦ માં થઇ એ આજેય આધારભૂત છે પણ એના પછી જે રૂપાંતર કરવાનું આ બિલ છે એટલે રૂપાંતર ઉપર થોડું વધારે બોલીશ. ખેતીની જમીન છે બિનખેતીના હેતુ માટે અને સખાવતી હેતુ માટે જરૂર હોય ત્યારે એને મળવી જોઇએ એમાં કોઇ શંકા નથી પણ આ જમીનને આપણે જયારે રૂપાંતર કરવા જઇએ છીએ સખાવતી સંસ્થા હોય કે એ જમીનનો માલિક હોય એને જે અગવડતાઓ પડે છે એ મારા અને આપના સહિત આ ગૃહમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓને એનો અનુભવ થાય છે. સરકારે વ્યવસ્થા કરી કે ઓનલાઇન અરજી કરશો તો થઇ જશે. હેતુ તો સારો છે કે ઓનલાઇન અરજી કરીએ. બધા ડોકયુમેન્ટસ રીકવાયર્મેન્ટ પ્રમાણેના આપણે ઓનલાઇન સબમીટ કરી દઇએ ટાઇમ લિમિટ એણે આપી હોય ત્રણ મહિનાની અંદર ત્યારે ૯૦ દિવસ પછી ૯૧મા દિવસે તમને બીન ખેતીનો ઓર્ડર આવી જ જવો જોઇએ. સરકારનો ઇરાદો તો આ જ છે પણ સખાવતી કે બીનસખાવતી કોઇને પણ એવો એક પણ દાખલો આપણે મેળવવો મુશ્કેલ છે આજે કે ટેબલ ઉપર વજન મૂકયા વગર આ બીન ખેતીનો દાખલો આપણી પાસે આવે. (અંતરાય) સાબિતી જોઇતી હશે તો હું આપી દઇશ. (અંતરાય) અહીંયા સામે મારા મિત્રો બેઠેલા છે એ બધાને ખબર છે એટલે મારે અને તમારે દલીલો કરવાનો અર્થ નથી. એ મારો અને તમારો બંનેનો ધંધો નથી એટલે તમારે અને મારે એ ચિંતા કરવાની જરૂર નથી. જે લોકોનો ધંધો છે એને તકલીફ નથી.

અધ્યક્ષશ્રી : આમાં સખાવતી પૂરતું જ રાખોને?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સખાવતી પૂરતું જ રાખું છું. હું તો સખાવતી અને બીન સખાવતી બંનેની વાત કરું છું. ધંધો છે એને તકલીફ નથી.

અધ્યક્ષશ્રી : બંનેનું નહીં, પણ બિલના સ્કોપમાં જ આપણે કહીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સવાલ એ છે કે આ રેવન્યુના કાયદાની અંદર એટલી સરળતા લઇ આવવાની જરૂર છે રાજય સરકારે ઘણાબધા સુધારા કર્યા છે હું એની ના નહીં પાડું. ઘણા ઘણા ફેરફારો કર્યા છે પણ હજી પણ ક્રાંતિકારી સુધારા

કરવાની જરૂર છે. જેનાથી આ જમીનોનો વહીવટ છે એ એકદમ સરળ થઇ જાય. અત્યારે તો એવું છે કે સખાવતી જમીનો છે અને મારા જેવા કેટલાય સંચાલકો સખાવતી સંસ્થાના એવા આવ્યા છે કે હું સખાવત તો કરી ન શકું, સખાવત માટે થઇને જમીન ખરીદી ન શકું પણ મારા વડવાઓ જે જમીન સખાવતી હેતુ માટે દાનમાં મેળવી હોય કે લીધી હોય એનું ડીસ્પોઝલ કેમ કરવું એના માટેના એજન્ટો તૈયાર થઇ ગયા છે કે હું સરખી કરીને તમને આપી દઇશ. વેચી દઇશ અથવા તો સરખી કરીને હું તમને લઇ દઇશ. આ પણ કયાંક અટકવું જોઇએ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ તો એક વર્ષ છે. વખતોવખત સમયમર્યાદા વધારી દઇએ એટલે હાઉસની અંદર આવવું ન પડે. વાત સાચી છે પણ આ જમીન સખાવતી હેતુમાંથી વ્યાપારી હેતુ માટે ન જાય એના માટે પણ આપણે જાગૃત રહેવું જોઇએ. એની પણ જોગવાઇ કોઇક જગ્યાએ કરવી જોઇએ કે વેપારી હેતુ માટે ન જાય. અનેક જગ્યાઓ મેં જોઇ છે કે જે મંદિરોની હોય, પાંજરાપોળની હોય કે પછી શૈક્ષણિક હેતુ માટેની હોય, વૈદ્યકીય હેતુ માટેની હોય, ધર્મશાળા માટેની હોય એ જમીનો છે એ વ્યાપારીક હેતુ માટે બેફામપણે ટ્રાન્સફર થાય છે અને એને કારણે આવી પ્રવૃત્તિઓ ઉપર આપણો વિશ્વાસ ઉઠી જાય છે. અનેક દાખલારૂપ સારા કામો થાય છે પણ એની સામે આવી પ્રવૃત્તિ કરનારા લોકો પણ આવે છે અને એ લોકો એનો રસ્તો શોધી લે છે. ટેબલ ઉપર વજન મૂકવામાં આવે છે એને પણ અટકાવવું જોઇએ. મારી વિનંતી એટલી છે કે આ એક બિલ તો લઇ આવ્યા પણ બીજા એવા ઘણાબધા બિલ લઇ આવીને આ કાયદાને સરળ બનાવો. અત્યારે કોઇને એક લાખ હેકટર જમીન જોઇતી હોય તો એના માટે લાલ જાજમ પથરાય પણ ૧૦૦ વારનો પ્લોટ મારે કે બીજા કોઇને એક ગરીબ માણસને અપાવવો છે તો લાચાર. એને ૧૦૦ વારનો પ્લોટ ન મળે. આ પરિસ્થિતિ ઉભી થઇ છે. પ્રાથમિક શાળા માટે જમીન ન મળે પણ લાખ હેકટર જમીન મળી જાય તો એના માટે થઇને નીતિઓ સ્પષ્ટ કરે. સૌથી પહેલા સંશાધનો ઉપરનો અધિકાર કોનો છે? જે છેવાડાનો માણસ છે તેનો છે. એક લાખ હેકટરવાળાને જમીન મોડી આપશો તો ચાલશે પણ સો મિટરવાળો જે માણસ છે કે જેને તે જમીન ઉપર પોતાનું ઘર બાંધવું છે તેને સૌથી પહેલા આપવું જોઇએ. તેના માટેની નીતિ લઇ આવો. આટલા વર્ષોથી આપણે અનુભવ કરીએ છીએ કે, આવા લોકોને આપણે ન્યાય નથી અપાવી શકતા. તે ન્યાય અપવવા માટેનું બિલ એકાદ વખત માનનીય મંત્રીશ્રી લઇ આવે તેના માટે આપના મારફત વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ છે તેને હું આવકારું છું, તેમાં મારે ટીકા નથી કરવી. સવાલ એટલો છે કે, આ જે મુદ્દાઓ છે તેમાં સરકાર ધ્યાન રાખે. બીજી અગત્યની વાત કરવાની છે તે એ છે કે, આ જે જમીન સખાવતી હેતુ માટે જમીન લે છે, પાંચ એકર ખેતીની જમીન લે છે અને જયારે તેને બિનખેતી રૂપાંતર કરવા માટે જઇશું ત્યારે બાકીનો વહીવટ તો કરવો પડશે. તેમાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે, જમીનની માપણી સાચી છે કે ખોટી? આખા ગુજરાતનો આ પ્રશ્ન ઊભો છે. વર્ષ ૨૦૦૫ની અંદર નેશનલ લેન્ડ રેકોર્ડસ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ આવ્યો. બહુ જ મહત્વાકાંક્ષી પ્રોગ્રામ હતો તેનો એક હેતુ આખા દેશની જમીનોનો ડિજિટાઇઝ રેકર્ડ ઊભો કરવાનો હતો. તેમાં નવેસરથી ચોક્કસ વધારે ચોકસાઇ સાથે માપણી કરવાનો હતો. તે માપણી થઇ પણ તેમાં આપણા જે રેકોર્ડસ હતા તેને રફેદફે કરી નાખવામાં આવ્યા. મારા મિત્રોને વ્યક્તિગત રીતે મળીએ છીએ ત્યારે આ વાત સ્વીકારે છે કે આ રેકર્ડ રફેદફે થઇ ગયા છે, માપણી રફેદફે કરી નાખવામાં આવી છે. સરકારી રસ્તાઓ નકશાઓમાં કયાંય આવતા નથી. કેનાલો, ટાવર લાઇનો, તળાવો, સ્મશાનો આ બધા જ નવા નકશા ઉપરથી ગુમ થઇ ગયા છે. સરકાર ઘણુબધું કામ કરે છે, ઘણું મોટું બજેટ છે. પ્રગતિશીલ રાજ્ય છે. આપણા જે રેવન્યુ રેકર્ડ છે તે આખા દેશમાં મોડેલ શું કરવા ન બને? શું નાણાકીય ક્ષમતા નથી? ક્ષમતા તો છે પણ માત્ર ઇચ્છાશક્તિ ખૂટે છે. ઇચ્છાશક્તિ લઇ આવી આ બધી માપણી રદ કરી નવેસરથી આ માપણી કરાવો તેવી આપના મારફત હાથ જોડીને વિનંતી કરું છું. નહીં તો આપણે આપણી નવી પેઢી માટે પરિવારો પરિવારો વચ્ચેના ઝગડા મૂકીને જઇશું. મેં અને આપણે સૌએ જોયું છે કે, જમીનોના શેઢા તથા રસ્તાઓના ઝગડાઓ છે તેના કારણે ૫૦ ટકા કરતાં વધારે ગુના બને છે. તે જો સુધારવું હશે તો આ રેવન્યુ રેકર્ડ એકદમ પારદર્શક કે જેમાં મને અને સૌને ખબર પડે તે રીતે કરવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મારાં સૂચનો છે તે માનનીય મંત્રીશ્રી નોંધે. રેવન્યુ રેકર્ડ સુધારવા માટે અને બિનખેતીના જમીનના જે પ્રકરણો છે તેની અંદર ટેબલ ઉપર વજન મૂક્યા વગર બધુ કામકાજ થઇ જાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવા માટે વિનંતી કરીને આપણી જમીનની ફરીથી માપણી થઇ જાય તેવી વિનંતી કરી મારું વક્તવ્ય પૂરું કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી સી.કે.રાઉલજી. શ્રી અર્જુનભાઇનું ઘણું બધુ ઇન્ફોર્મેટિક હોય છે. ખાલી પોલિટિકલી શબ્દો કાઢી નાખીએ તો કોઇને બતાવી શકાય એટલું બધુ બિલ ઉપર સરસ વક્તવ્ય હોય છે. બહુ સરસ.

શ્રી સી.કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી આજે જે ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન સુધારણા વિધેયક ૨૦૨૪ લઇને આવ્યા છે ત્યારે તેને હું હ્રદયપૂર્વક આવકારું છું અને બીજા સભ્યોને પણ વિનંતી કરીશ કે આ બિલને ટેકો આપે.

આમ તો આ વિષય મહેસૂલ વિભાગને લગતો છે. અત્યાર સુધી અહીં જે ચર્ચા થઇ તેમાં કલમ-૬૩, કલમ-૬૩એ અને કલમ-૬૩એએની થઇ અને અગાઉ જમીન મહેસૂલના ઘણાબધા સુધારા થયા છે. અને એ સુધારાના અનુસંધાને પ્રથમ તો અમારા જૂના સાથી મિત્રો, મહેસૂલ વિભાગ એવો ગહન વિષય છે કે, એમાં મહી પડ્યા તે મહાસુખ માણે અને દેખનારા દાઝે, કોઇ ખોટું કરતું હોય, કોઇ જમીન પચાવી પાડતું હોય તો આ તો સુધારો ઠીક છે પણ એ પહેલા લેન્ડ ગ્રેબિંગનો કાયદો લાવ્યા હતા અમિતભાઇ, તો તમને કોઇ એવું સખાવતી ટ્રસ્ટ લાગે કે એણે ગેરકાયદેસર કર્યું છે તો તમે લેન્ડ ગ્રેબિંગમાં જઇ શકો છો. એ મોટો ગમે તેટલા ટ્રસ્ટનો માલિક હોય, ગમે તેટલી સંપત્તિ ધરાવતો હોય પણ ગુજરાતમાં જ નહીં પણ આખા દેશમાં કાયદો

કાયદાનું કામ કરે છે એટલે હેતુફેરના અનુસંધાનમાં હું તમને કહું કે હેતુફેરથી ઘણાં બધા ફાયદા થાય છે, સુધારાથી ઘણાં ફાયદા થાય છે. હું તમારામાંથી આવ્યો તો હેતુફેરમાં મને ૧૭૦૦ કરોડ રૂપિયાની વિકાસના કામોની ગ્રાન્ટની રકમ મળી મને મારા વિસ્તાર માટે એટલે હેતુફેરનો સવાલ છે. જ્યારે જયારે કંઇક નવું કરવાનું થાય ત્યારે એમાં કંઇક રહસ્ય હોય છે. હું તમને કહું કે, આ ૨૦૧૫ તમે વાંચો આ વાંચ્યું હોત તમે તો આટલા બધા આર્ગ્યુમેન્ટ ન કરત. અમારા મંત્રીશ્રીએ તમને કહ્યું કે વર્ષ ૨૦૧૫ પહેલાના જે સખાવતી ટ્રસ્ટો હોય એને માટે એટલે સવાલ સમયના અનુસંધાનનો છે એમાં કંઇ જમીન પચાવી પાડવાનો સવાલ નથી. સખાવતી જે કોઇ ટ્રસ્ટો હોય એનો જમીનના અનુસંધાનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તમારા સમયમાં, હું રાજકીય ટીકા કરવા માગતો નથી. કોઇ પણ સખાવતી ટ્રસ્ટ હોય આજે શિક્ષણ ક્ષેત્રે હોય, પાંજરાપોળના અનુસંધાનમાં હોય એની વાત કરું તો અમારા ગોધરા ખાતે પાંજરાપોળનું ટ્રસ્ટ ચાલે છે. મારે કહેવું જોઇએ કે ગૌશાળા એટલે ગાયોનું એકનું જ નહીં પણ રસ્તે રઝડતા કૂતરા કે બીજા કોઇ પ્રાણીનું અકસ્માત થયું હોય અને એને કોઇ પણ જાતની ઇજા થઇ હોય તો એવા પશુઓને પાંજરાપોળમાં લાવીને એની સારવાર કરવામાં આવે છે. આવી સંસ્થાઓ ગુજરાતમાં અને અમારા પંચમહાલમાં છે એને ગ્રામ્ય વિસ્તારમાં જમીન ટૂંકી પડતી હોય છે. ગૌરક્ષાની અમે વાતો કરવાવાળા અમે આ પક્ષ કે પેલો પક્ષ કે આ કોમ કે બીજી કોમ એમાં હું પડવા માગતો નથી પણ ગાયોના અનુસંધાનમાં એક રાજપુત તરીકે અમારી રક્ષણ આપવાની ફરજ છે અને અમારી પાર્ટી પણ એ કામ કરે છે ત્યારે ગૌરક્ષાના નિયમના અનુસંધાનમાં ગાયોને ગૌશાળામાં કે પાંજરાપોળમાં લાવીને એની નિભાવણી કરે છે. ગાયોની સંખ્યા વધી જાય અને કદાચ ભૂતકાળમાં આ સખાવતી સંસ્થાએ જે જમીન ટૂંકી લીધી હોય બે એકર લીધી હોય હવે તે વખતે ૫૦ ગાયો કે ૧૦૦ ગાયો હોય પણ એની જગ્યાએ આજે ૪૦૦ ગાયો હોય અને અન્ય પશુઓની સારવાર કરતા અને એના નિભાવના અનુસંધાને જમીનની આવશ્યકતા વધે એમાં ભૂતકાળમાં અમારું એક જૈન સમાજનું સખાવતી ટ્રસ્ટ આજે એ કાર્ય કરે છે ત્યારે કહેવું છે કે, એને નભાવવું એટલે બહુ કઠીન વાત છે અને આવી સંસ્થાઓ જે કામ કરે છે ત્યારે ગુજરાત માટે એ ગૌરવની વાત છે અને એના અનુસંધાનમાં આ જે બિલ લાવ્યા છે એ બિલમાં સ્પષ્ટ જોગવાઇ છે કે, વર્ષ ૨૦૧૫ પહેલા આ બિલમાં ૩ કલમોમાં સુધારો કર્યો છે. એમાં ૧૯૪૮-૬૩(ગ)નો અને ૧૯૪૯ સૌરાષ્ટ્ર ગણોત ધારા ૪૧ અને ૧૯૫૮ના મુંબઇ ધારા ૯૯. વાસ્તવિકના ભાગરૂપે એમને થોડું મગજમાં એમ આવ્યું કે વખતો વખત સુધારો શા માટે કરવો પડે? સ્વાભાવિક છે કે વખતો વખત જ્યારે પણ કોઇ પણ સંસ્થાનો વિકાસ થાય, આજે એક દીકરો હોય અને પછી ચાર દીકરા હોય તો એક દીકરાનું મકાન બની ગયું તો બાકીના દીકરાનું મકાન બનાવવા જમીન તો શોધવી પડેને? આ વ્યક્તિગતની વાત છે. જ્યારે સંસ્થાની વાત એ છે કે આજે ડોનેશનથી સખાવતી સંસ્થા ચાલે છે કોઇ વ્યક્તિના બૈઝ પર ચાલતી નથી, કોઇ વ્યક્તિની પ્રતિષ્ઠાના આધારે ચાલતી નથી પણ બધા ભેગા મળીને ૧૯૫૦ના સાર્વજનિક પબ્લિક એકટ મુજબ ટ્રસ્ટોની કાયદેસર નોંધણી થાય છે. એના ઉદ્દેશો હોય છે ધાર્મિક હેતુ માટે, શૈક્ષણિક હેતુ માટે, સામાજિક હેતુ માટે અને એ બધું જ જોઇને ચેરીટી કમિશનર એને મંજૂરી આપે છે. કોઇ પણ સખાવતી ટ્રસ્ટ કે કોઇ પણ સંસ્થાને મંજૂરી આપવાની સત્તા ચેરીટી કમિશનર એટલે કે રાજય સરકારના અનુસંધાનમાં છે. નિયમો તો બધા માટે ઘડાયા છે ત્યારે એનો મતલબ એ નથી કે આક્ષેપ-પ્રતિ આક્ષેપ કરીને કહેવું કે વખતો વખત કેમ ફેરફાર કરવાનો છે? તો સરકાર છેઅને હજુ અમીતભાઇ એમ કહું છું કે હજુ તો લગભગ ૨૫ થી ૫૦ વર્ષ સુધી રહેશે આ તમે ૧૭માંથી કેટલા ગયા? એટલે તમે તમારું સાચવો અમે તો સરકારમાં બેઠેલાં અને અમે તો સૌનો સાથ આમાં તમારા છે તેને પણ ફાયદો થશે બહુ ચિંતા ના કરશો. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ આ અમારું પ્રતિબદ્ધતાની વાતો કરીએ છીએ. એટલે તમારા એકલા કે અમારા એકલાનું નહીં પણ સૌનો સાથ સૌનો વિકાસ એટલે તમારો પણ વિકાસ થશે તેમાં તમારું ટ્રસ્ટ હશે તો તમને પણ આ રાજય સરકાર પરવાનગી આપશે. અમે હું એવુ નહીં રાખીએ અને અમારા અધિકારીઓ પણ એવું નહીં રાખે કે,

અધ્યક્ષશ્રી : માનનીય સી.કે.રાઉલજી તમે અહીંયા માનનીય મંત્રીશ્રીને કે મારી ચેરને જોઇને વાત કરશો. તમે બન્ને જણાં અરસ પરસ ચર્ચા કરી શકશો અહીંયા અને ઘરે પણ કરી શકશો.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તો જવાબ આપ્યો પણ આ વધારે વિશ્લેષણ એટલા માટે નથી કરતો કે નિયમ મુજબ આ વસ્તુ ઉપર સમયનો પણ સવાલ છે અને કોઇ ટ્રસ્ટ કે કોઇ સખાવતી ટ્રસ્ટ ખોટું કરે તો આ સરકારે જ કાયદો બનાવ્યો છે સાહેબ કે ભાઇ લેન્ડ ગ્રેબીંગ એટલા માટે બનાવ્યું છે કે કોઇની જમીન ખોટી રીતે પચાવી પાડેલી હોય કે કોઇએ ખોટી રીતે લાભ લીધો હોય તો એના અનુસંધાનમાં સરવે કરીને તેને વધારે જમીન પડાવી લીધી હોય અને તેણે અનધિકૃત રીતે જમીન પચાવી પાડી હોય કોઇ બી સંસ્થા હોય કે કોઇ પણ વ્યકિત હોય તો તેના માટે લેન્ડ ગ્રેબીંગનો કાયદો છે જ. એટલે આ જે રેવન્યુ કલમ મુજબ ૬૩ અને ૬૩ગ, ૬૩A A આ બધા જે અંગ્રેજીમાં અને ગુજરાતીમાં આપણે વાત કરીએ તો ૬૩A A ૬૩A અને ૬૩A C આ બધી કલમોના અનુસંધાનમાં મારે કહેવું જોઇએ કે આ કલમ છે તે ૧૯૬૩ના અનુસંધાનમાં ૬૩ કલમ જે છે તે બિન ખેડૂત હોય આમાં સવાલ એ છે કે, જે સંસ્થાને વધારાની જમીનની જરૂર પડી તો એ ૨ એકર જમીન કરે છે તો એ ખેડૂત છે પણ એકચ્યુલી સંસ્થાના અનુસંધાનમાં આ બિન ખેતી થતી નથી. હવે બિન ખેતી ના થાય તો તેને લોન નથી મળતી અને બિન ખેતી થાય તો તેનુ સિટી સરવે રેકર્ડ આવે અત્યારે નિયમ એવો છે કે, ખેતી હેઠે ૭/૧૨ થાય અને બિન ખેતી થઇ હોય તો પ્રોપર્ટી કાર્ડ થાય. આ અત્યારે જ હમણા નિયમના અનુસંધાનમાં જોગવાઇ કરી છે એટલે એ પ્રોપર્ટી કાર્ડ ૭/૧૨ની નકલ હોય તો એ ખેતીના પેપર ચાલે બિન ખેતી થઇ હોય તો પ્રોપર્ટી કાર્ડના અનુસંધાનમાં જે તે સખાવત કોઇ પણ બેન્કમાંથી રાષ્ટ્રીયકૃત બેન્કમાંથી લોન લઇ શકે અને પછી જયારે જયારે ભવિષ્યમાં જે કંઇ ડોનેટ આવે તેના અનુસંધાનમાં તે

એડજેસ્ટમેન્ટ કરી શકે એટલે આમાં કોઇ ખોટું નથી એટલે આમાં વધારે વાત ના કરતા, આ જે કંઇ સુધારાનું બિલ લાવ્યા છે તેને હું ખરેખર હૃદયપૂર્વક ટેકો આપું છું અને હજુ ફરીથી અમીતભાઇ તમને કહું કે કંઇક એવુ લાગે તો અમારા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી યોગ્ય રીતે તપાસ કરાવશે અને તેમાં તમારું હોય કે અમારું હોય ખોટું એટલે ખોટું. અમે સાચા હતા ભૂતકાળમાં ૧૯૯૧માં હું કારસેવા લઇને અયોધ્યા ગયો હતો. આ અયોધ્યાના રામ મંદિરના પેપર તમે તે વખતે મને કોંગ્રેસમાં લઇ ગયા તો એ વખતે કહેતો હતો મંદિર વહી બનાયેંગા તો મંદિર પણ બની ગયુ અને અમારા સાહેબે કહ્યું કે પોપટ પણ બોલતો થઇ ગયો પોપટ રામ બોલતો થઇ ગયો જય સીયારામ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તેઓની કાયમ એક પંચમહાલની તેમની જમીનની ડૂબાણની કાયમી ફરિયાદ રહેતી.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારી નામજોગ વાત કરી છે એટલા માટે હું સ્પષ્ટીકરણ કરવા માગું છું. ભૂતકાળમાં પણ હું જયારે કોંગ્રેસમાં હતો ત્યારે જે સામે પક્ષે જે વાત કરી હતી તેની સ્પષ્ટતા કરી હતી. હું નિખાલસ છું ભૂતકાળમાં હું કોંગ્રેસમાં હતો, જનતા દળમાં હતો. મેં કોઇનું ખોટું વિચાર્યુ નથી, ખોટું કરતો નથી, ખોટું કરાવતો નથી એટલે આ પુનઃવસવાટની જમીન ૧૯૭૯ની અંદર અને ૧૯૮૦માં રિઝર્વ ફોરેસ્ટનો કાયદો આવ્યો અને રિઝર્વ ફોરેસ્ટમાં દસ ગામોની જમીન શહેરા તાલુકો, મોરવા તાલુકો અને અમારો ગોધરા તાલુકો દસ ગામોના ૧૦૫૮ ખેડૂતો છેલ્લાં ૩૫ વર્ષથી મારે કહેવું જોઇએ કે માનનીય મુખ્યમંત્રી તરીકે આપણા આજના દેશના વડાપ્રધાન જયારે વર્ષ ૨૦૦૭ની અંદર આવ્યા ત્યારે હું કોંગ્રેસમાં હતો ત્યારે મેં કહ્યું કે આટલાં વર્ષોથી આ ખેડૂતોનું કલ્યાણ થયુ નથી અને તેના ૭/૧૨ નથી બન્યા. હું સ્પષ્ટતા કરું છું આક્ષેપ-પ્રતિ આક્ષેપના પેપર હું કોઇ દિવસ ભૂતકાળમાં પડયો નથી અને પડીશ નહીં, પણ સાહેબ મારી સામે લેન્ડ ગ્રેબિંગનો કેસ પણ કર્યો હતો. જો હું ખોટો હોત હું જયારે કોંગ્રેસમાં હતો ત્યારે મારી સામે બીજા પણ કેસો થયેલા. પણ આજની તારીખમાં નીલ છે. હું રાજા હરિશચંદ્ર જેમ વર્તતા હતા એમ વર્તું છું. હું દરબારનો દીકરો છું એટલે ખોટું કરતાં પહેલાં સાત વખત વિચાર કરું. હું જે પક્ષમાં છું એ પક્ષને વફાદાર રહું છું અને આજે પણ વફાદારીપૂર્વક રહું છું. અમે તો પ્રજાનું કલ્યાણ કરીએ છીએ. હું તો અપક્ષથી ચાલ્યો આવું છું.

અધ્યક્ષશ્રી : આ તો તમે એમને માત્ર સલાહ આપો છો. આપની વાત આવી ગઇ છે.

શ્રી સી.કે. રાઉલજી : આજે ૭/૧૨ મુજબ એમના નામો ચડી ગયા. એમના કબજા મુજબ માપણી થઇ ગઇ. એમનું રેકર્ડ બની ગયું અને મને એ વાતનો આનંદ છે. આ કામ ભાજપની સરકારમાં જ થયું છે. હું ભાજપની સરકારને અભિનંદન આપું છું અને આ ખોટા આક્ષેપ, પ્રતિ આક્ષેપ ના થાય એવી હું આપના મારફતે વિનંતી કરું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય મંત્રી જે બિલ લઇને આવ્યા છે એના માટે હું એમનો ખૂબ-ખૂબ આભાર માનું છું. મને ખ્યાલ છે કે જ્યારે કોઇ સેવાકીય સંસ્થાઓ કામ કરતી હોય એને કાયદાકીય રીતે અગવડ પડતી હોય ત્યારે એ લોકો ખૂબ નારાજ થતાં હોય છે કે અમે સેવા કરીએ છીએ અને અમારું કામ થતું નથી. માનનીય મુખ્યમંત્રી ઉદાર રીતે લોકોના સૂચનો સ્વીકારે છે ત્યારે આવી અનેક સંસ્થાઓની રજૂઆત થઇ એના આધાર ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે માનનીય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે. અગાઉ એક વર્ષ વધાર્યું ત્યારે એ એક વર્ષમાં ૯૦ જેટલી સંસ્થાઓ આ વધારાના સમયથી લાભાન્વિત થઇ હતી. એનો યશ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. શ્રી અર્જુનભાઇએ બહુ સારી વાત કરી કે, ''કોઇને લાખો એકર જમીન લેવી હોય તો એના માટે લાલ જાજમ બિછાવે પણ નાના માણસોને તકલીફ પડે છે.''મને યાદ આવ્યું કે ૨૫-૩૦ વર્ષ પહેલાં જે લોકો સૂચિત સોસાયટીઓમાં વસતા હતા, જે નાના માણસો હતા એના માટે જો કોઇએ વિચાર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે વિચાર્યું છે અને એટલા માટે આ સૂચિત કાયદો લાવી છે. એમાં વસતા લોકોએ માંડ કરીને એક ઘર બનાવ્યું હોય અને એના માથે લટકતી તલવાર હોય એવા લોકોને જ્યારે પોતાના ઘરનું ઘર મળે એ માટે આ કાયદો લાવી છે. આ બિલમાં ફક્ત એક જ સુધારો કર્યો છે કે ફરી બીજી વિધાનસભા મળે અને કોઇ રહી ગયું હોય તો એને ફરી એક વર્ષ રાહ ન જોવી પડે. આ લોકોની ચૂંટાયેલી સરકાર પર લોકોને વિશ્વાસ છે. જ્યારે જરૂર પડે ત્યારે એક કે બે સંસ્થા માટે આખું બિલ ન લાવવું પડે એટલા માટે સમયનું બંધન નથી રાખ્યું. સેવાકીય સંસ્થાઓ માટે આ બિલ આશીર્વાદરૂપ છે. મારું એક સૂચન પણ છે કે જે સખાવતી સંસ્થાઓને વર્ષો પહેલાં જે જમીનો અપાઇ હતી એમાં એવો કાયદો છે કે એમાં ચારા સિવાય બીજું કાંઇ કરી શકાશે નહિ. પાંજરાપોળોને ૨૦૦ એકર જેવી જમીનો આપવામાં આવેલી છે. અત્યારે એમાં ૪૦૦૦ જેટલા જાનવરો રહે છે. એમના માટે ચારા સિવાય કાંઇ કરી શકાતું નથી. મારી પાસે એક સૂચન આવ્યું કે એમાં જો મગફળી કરવામાં આવે તો મગફળીના દાણાનું ઉત્પાદન થાય અને એમાંથી જાનવરોને ખવડાવવા માટે પાલો પણ ઉત્પન્ન થાય. જો આવી વિચારણા કરવામાં આવે તો વધારે જીવોનું કલ્યાણ થાય. આ બિલ જ્યારે મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે મને વિશ્વાસ છે કે અહીં બેઠેલા બધાં જ મંજૂરી આપશે. આપનો ખૂબ-ખૂબ આભાર. ભારત માતા કી જય.

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જે સન ૨૦૨૪નું વિધેયક ક્રમ-૧ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. મારી અગાઉ બંને પક્ષના સિનિયર ધારાસભ્યશ્રીઓ કાયદાની મર્યાદામાં રહીને આ બિલ માટે ચર્ચા કરી છે. જ્યારે સાર્વજનિક સંસ્થાઓ માટેની વાત હોય ત્યારે જનહિત માટે તેનું ઝીણવટપૂર્વક અમલીકરણ થાય એ ખૂબ જરૂરી છે. વર્ષ ૨૦૧૫ પહેલાં જે કોઇએ ખાનગી મિલકતો ખરીદી હોય અને કોઇ

કારણોસર એન.એ. થયેલ ન હોય તેના માટે સરકારે ફરી વખત આ બિલ રજૂ કર્યું છે. પહેલાં આની સમયમર્યાદા એક વર્ષની રાખવામાં આવી હતી અને હવે હું માનું છું ત્યાં સુધી વખતોવખત જ્યારે જેને જે જરૂર પડે તે રીતે સરકારમાં બેઠેલાં માણસો કાયદાની ભાષામાં રહી અને સંસ્થા માટે માનીતા-અણમાનીતા ન ગણે અને સૌને સાથે રાખીને ન્યાયના અને લોકોના હિતમાં સરકાર આ નિર્ણય કરે તેવી હું અપેક્ષા રાખું છું. અગાઉ વર્ષ ૨૦૧૮-૧૯માં પણ મહેસૂલ વિભાગ મારફત ખેડૂતો માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખરાબોવાળાનો પરિપત્ર પણ કરાવેલો હતો, રેગ્યુલેશન કરવા માટે જે તે વિસ્તારની જંત્રીના ભાવે જમીન મૂળ ખેડૂતોના નામે કરી દેવા માટેનો પરિપત્ર કરવાનો નિર્ણય લીધેલો છે, તેની પૉલિસી નક્કી થઇ ગયેલી છે પણ છેલ્લા એક વર્ષથી તેનો પરિપત્ર થતો નથી. ખેડૂતો માટે જે નિર્ણયો લેવાયેલા છે તેના અમલીકરણ માટે સરકાર અને મહેસૂલ વિભાગ આગળ આવે તેવી પણ હું અપેક્ષા રાખું છું. આ બિલમાં અમારા બંને સીનિયર ધારાસભ્યશ્રીઓએ જે વાત કરી તેમાં હું મારો સૂર પુરાવું છું.

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભૂજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી આ બિલ સાર્વજનિક સંસ્થાઓના હિત માટે લઇને આવ્યા છે તે બદલ ખૂબ ખૂબ આભાર માનું છું. સ્વાભાવિક છે કે સંસ્થાઓ અને સરકાર અનેક પ્રકારના લોકોપયોગી કામ કરે છે. તેવી જ રીતે સખાવતી સંસ્થાઓ પણ સાર્વજનિક હિત માટે, એ પછી માણસનું જીવન હોય, પશુ હોય, પર્યાવરણ હોય કોઇ પણ વિષય લઇને અનેક સંસ્થાઓ અનેક કામ કરી રહી છે. આવી સંસ્થાઓ જ્યારે વિના વળતરે કામ કરતી હોય ત્યારે તેને વહીવટમાં ક્યાંક અડચણ આવતી હોય ત્યારે તે પીછેહઠ કરતી હોય છે ત્યારે તેની અડચણને ધ્યાનમાં રાખી સરકાર શુભ હેતુથી લોકોને, સંસ્થાઓને કેમ અડચણ ઓછી થાય તે માટે આજે આ બિલ લઇને આવી છે તેમને હું ફરી ફરીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સરકારનો હંમેશા અભિગમ રહ્યો છે કે સારું કામ કરતી સંસ્થાઓ, એન.જી.ઓ.ને સરકાર ચોક્કસ મદદરૂપ થશે અને તેને વહીવટમાં અડચણ પડતી હોય તે પશુપાલન, આરોગ્ય કે શિક્ષણ જેવા અનેક વિષયોમાં આવા બિલ મારફત તેની અડચણ દૂર કરવા માટે જે પ્રયત્ન કર્યો છે તેને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, આવકારું છું. શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ અનુમતિ આપો તો મારે માનનીય સભાગૃહને જે ચર્ચાઓ થઇ એ માટેની માહિતી આપવી છે. અહીંથી કાયદાના નિયમોની વાતો થઇ, સખાવતી ટ્રસ્ટો અને સામાજિક ટ્રસ્ટોની વાતો થઇ. ઘણા બધા સભ્યશ્રીઓના ધ્યાનમાં હશે કે શ્રી કેશુભાઇની સરકારમાં શ્રી વજુભાઇ વાળા રેવન્યુ મંત્રી હતા ત્યારે વર્ષ ૧૯૯૮માં પહેલી વખત આ કાયદો બન્યો. વર્ષ ૧૯૯૮માં શ્રી કેશુભાઇની ભારતીય જનતા પાર્ટીની સરકાર બની એ પહેલાં આવી સંસ્થાઓને ઇચ્છા થાય એ પ્રમાણે સરકારોએ જમીનો આપી. હું કોઇ ટિકા-ટિપ્પણી નથી કરતો કે જમીનો લૂંટાવી એવું પણ નથી કહેતો. આ જમીનો બાબત ખૂબ ફરિયાદો થઇ. જમીન ટોકનદરે, ફ્રીમાં અને ત્યારબાદ તેનો કોમર્શિયલ ઉપયોગ પણ થવા લાગ્યા. જેના કારણે ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજ્યના હિત માટે શ્રી વજુભાઇ વાળાના વડપણ હેઠળની કમિટીએ નિર્ણય લીધો કે, આ સંસ્થાઓને કઇ રીતે કયા રેટથી જમીન આપવી?, જંત્રીથી આપવી કે કેમ?, કોઇ સામાજિક સંસ્થા હોય તો જંત્રીના પચાસ ટકા રેટથી આપવી કે કેમ? આ નિર્ણય ભારતીય જનતા પાર્ટીની સરકારે ભૂતકાળના અનુભવોના આધારે આ ગૃહમાં લીધો હતો. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એનો હેતુ સ્પષ્ટ છે. વર્ષ ૧૯૯૮ પહેલાં તો આના માટે કોઇ કાયદો જ નહોતો અને સરકારો ઇચ્છા પ્રમાણે જમીનો આપતી હતી.

શ્રી અમૃતજી મો. ઠાકોર (કાંકરેજ): માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ગણોત વહીવટ અને ખેતી જમીન અધિનિયમ સુધારા વિધેયક-૨૦૨૪ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૦/૦૬/૨૦૧૫ પહેલાં જે ટ્રસ્ટો, કંપનીઓ કે સંસ્થાઓ ગુજરાત પબ્લિક ટ્રસ્ટ હેઠળ નોંધાયેલા હતા કે જેનો હેતુ સખાવતી હોય એવા ટ્રસ્ટો કે કંપનીઓ કે જેમણે જમીન ખરીદેલ હોય અને આ સુધારા કાયદાથી વંચિત રહી ગયા હોય એ માટેનું આ સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું. આ સુધારા કાયદાથી આવા ટ્રસ્ટો કે સંસ્થાઓ સુધારા એક્ટથી નક્કી કરેલી સમય-મર્યાદામાં અરજી ન કરે, માંગણી કરવામાં આગળ ન આવે અથવા તો અન્ય કાયદાકીય જોગવાઇઓ હેઠળ એમની અરજીની મંજૂરી ન આવે તો તેવા કિસ્સામાં આ બાબતે કાયદાકીય કાર્યવાહી કરવા માટે શું જોગવાઇ કરવામાં આવી છે, આ બાબતે કઇ કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને આ બાબતે સરકારશ્રી શું પગલાં લેશે એ બાબતે મેં મારા વિચારો રજૂ કર્યા છે. તા. ૩૦/૦૬/૨૦૧૫ પહેલાં સાર્વજનિક ટ્રસ્ટો, સંસ્થાઓ કે કંપનીઓ અંગે એવી કોઇ ચોક્કસ આંકડાકીય માહિતી છે કે કેમ? કે આવી કંપનીઓ હજુ સુધી આ કાયદાના હિત, આ સુધારા વિધેયકમાં વર્તમાનમાં જે સુધારા વિધેયકો લાવવામાં આવ્યા છે એનો કયા કારણોસર લાભ લઇ શક્યા નથી?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૪ ગુજરાત વિધેયક ક્રમાંક-૧ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક ૨૦૨૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ ખેતી પ્રધાન દેશ છે. એમાં આજે પણ આપણા ગુજરાત રાજ્યની ઇકોનોમી ૬૫ ટકાથી વધારે ખેતી ઉપર નિર્ભર છે. માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એમાં, વર્ષ ૨૦૧૫ પહેલાંની સંસ્થા કે કંપનીની માગણી કરેલી જમીનોનું એન.એ. કરવાનો આ વિધેયકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે એમાં કંઇ કંઇ એવી સંસ્થાઓ છે કે જેણે સરકારશ્રી પાસે માગણી કરેલી છે? કંઇ એવી કંપનીઓ છે? કોની છે? અને કેટલા હેકટર જમીનો એન.એ. કરવામાં આવશે? તેની આ બિલમાં કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ગુજરાત રાજ્યમાં જો ગણોતધારાની જમીનો આવી સંસ્થાઓને કે કંપનીઓને આપવામાં આવશે તો ચોક્કસપણે ગુજરાત રાજ્યમાં એક તો ખેતીમાં અસર થવાની છે અને સાથો

સાથ ગુજરાત રાજયમાં પાક પકવતાં ખેડૂતોને આવનારા સમયમાં ખૂબ ઓછપ વર્તાવાની છે. કારણ કે, ગુજરાત રાજ્યમાં હવે મોટાભાગની ખેતીની જમીનો ઓછી થતી જાય છે અને ઉદ્યોગોની જમીનો વધતી જાય છે. એટલે કે એન.એ.નું પ્રમાણ ખૂબ ચિંતાજનક રીતે વધતું જાય છે. આ બિલમાં ચોક્કસ પ્રકારની સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ કે કંપનીઓને ફાયદો કરાવવા માટેનું સીધે સીધું દેખાઇ રહ્યું છે. આમાં ગુજરાત રાજયના ખેડૂતોનો કોઇ ફાયદો જણાતો નથી. ખાસ કરીને, ગણોતિયાઓ જે વર્ષોથી ખેતી કરી રહ્યા છે એમનો હકક છિનવાઇ જતો હોય એવું આ બિલમાં જોવા મળી રહ્યું છે. વર્ષો પહેલાં ગણોતધારા હેઠળ આ જમીનો જેમને આપેલી છે એ ગણોતિયાઓ અતિપછાત લોકો છે. ખાસ કરીને હું સૌરાષ્ટ્રમાંથી આવું છું. ભાવનગર જિલ્લા કે આજુબાજુના જિલ્લાની વાત કરું તો વર્ષો પહેલા ગણોતધારા નીચે ખેડૂતોને આ જમીન આપેલી અને આજે પણ પરંપરાગત એના વારસદારો એમાં ખેતી કરી રહ્યા છે. આ બિલના સુધારાના કારણે જો આ બિલનું અમલીકરણ થશે તો એના વારસદારો પાસેથી આ જમીન છિનવાઇ જાય એવો ચોક્કસપણે ભય દેખાઇ રહ્યો છે. ગુજરાત સરકારે જો ખરેખર આવા બિલ લાવવા હોય તો ગુજરાત રાજયના હજારો ખેડૂતોની જમીનો છે જેની આજે પણ ચોક્કસપણે માપણી થતી નથી અને આજે પણ ભાઇઓ-ભાઇઓમાં ઝઘડાઓ થાય છે તો એના માટે માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરું કે ચોક્કસપણે એક બિલ લાવે અને ગુજરાત રાજયના ખેડૂતોની આવક વધે એના માટે પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે એક બિલ લાવે. આ બિલને અમે ચોક્કસપણે ટેકો આપીશું પણ આમાં ઘણી બધી ક્ષતિઓ છે એ માનનીય મંત્રીશ્રી પહેલા સુધારે અને એક સ્પેસિફિકેશન લાવે કે આટલી સંસ્થાઓને આપણે આટલા જ એકર જમીનો આપવાની છે અથવા તો આટલી જ જમીન એના આ જ હેતુ માટે આપણે આપવાની છે. જેમ કે, ગાંધીનગર જિલ્લાનો તાજેતરનો દાખલો જોઇએ તો પાંજરાપોળના હેતુ માટે આપેલી જમીનમાં આજે પણ રેસિડન્સી પ્લોટ અને કોમ્પલેક્ષો બની ગયા છે અને એવું કરનાર અધિકારી આજે જેલમાં છે તો આવી ઘટનાઓ ફરી વખત આ બિલના કારણે વધુ ન બને તે માટે આમાં એક સુધારો કરવામાં આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ, આપે વાત કરી કે માનનીય મંત્રીશ્રી આમાં કેટલીક ખામીઓ છે એને સુધારે, તો એ કંઇ કંઇ ખામીઓ છે તે એક, બે, ત્રણ, ચાર, પાંચ માનનીય મંત્રીશ્રીના ધ્યાને મૂકવી હોય તો આપ મૂકી શકશો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ખામી નંબર-૧ની વાત કરું તો સૌથી પહેલાં તો જે ગણોતિયા ખેડૂતો છે એમનું રક્ષણ થવું જોઇએ. એન.એ. કરતી વખતે એમની સંમતિ હોય તે ખૂબ જરૂરી છે. બીજું, એક વખત કોઇપણ સંસ્થાને આપણે જમીન આપીએ છીએ તો એ સંસ્થાને એક ચોક્કસ હેતુ માટે જ આપવી જોઇએ. તમારે શૈક્ષણિક હેતુ સિવાય કોમર્શિયલ હેતુનો ઉપયોગ કરવાનો નથી. ઘણી વખત એવું થાય છે કે શૈક્ષણિક હેતુ કે પાંજરાપોળના હેતુ માટે જમીન લે છે અને એન.એ. કરીને ખૂબ મોટા કોમ્પલેક્ષ કે બીજા રેશિડેન્સી પ્લોટ બનાવવામાં આવતા હોય છે. તો બિલમાં એક હેતુ સ્પષ્ટ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આમાં ' વિધાયક' શબ્દની જગ્યાએ ' વિધેયક' શબ્દ રેકર્ડ ઉપર સુધારી લઇએ.

શ્રી બળવંતસિંહ રાજપૂત (મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત સરકારના અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી જે આ બિલનું જે હાર્દ હતું. જેના માટે આપણે આ બિલ લાવ્યા હતા, એમાં ઘણાબધા ધારાસભ્યશ્રીઓએ ટેકો આપ્યો છે. ઘણાબધા ધારાસભ્યશ્રીઓએ કદાચ નાનો મોટો વિરોધ કર્યો છે. ઘણા લોકોએ ઘણી વાત કરી છે. હમણા આપના ધારાસભ્યશ્રી બોલતા હતા. એમણે સૂચનો પણ કર્યાં છે. એટલે મને એમ થયું કે જયારે મેં બિલ રજૂ કર્યું ત્યારે હું બિલ પર કશુ જ બોલ્યો નહોતો. જે પ્રમાણેની બિલની જે વ્યાખ્યા હતી એ મુજબ મેં વાત કરી હતી. હવે જયારે એ લોકોએ વાત કરી છે ત્યારે મને પણ એમ થાય કે મારે પણ એ લોકોની વાતનો જવાબ ચોક્કસપણે આપવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. આજે જેઓ દેશના વડાપ્રધાન છે તેવા આપણા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજયના મુખ્યમંત્રી રહી ચૂકયા છે અને અત્યારે આ રાજયના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ છે. કોઇપણ જમીન માફિયાને આજદિન સુધી છોડ્યા નથી. જેણે જેણે ખોટું કર્યું છે તેને કોઇને કોઇ કામમાં આપણે ચોક્કસ સજા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન બાબતના અનેક પ્રકારના સુધારાઓ કે જે કલ્પી ના શકાય એ પ્રમાણે ભૂતકાળમાં શું પરિસ્થિતિ હતી અને અત્યારે શું પરિસ્થિતિ છે. અત્યારે હું ગણાવવા બેસુ તો કલાકો નીકળી જાય અને અહીં બેઠેલા તમામ લોકોએ સ્વીકારવું પડે કે આજે ઘેર બેઠા દસ્તાવેજની કોપી મળે છે. ભૂતકાળમાં દસ્તાવેજ કરવા જવું પડે તો શું સ્થિતિ થતી હતી? નાનામાં નાની વસ્તુની કાળજી રાખીને ગુજરાત સરકારે જેમ જેમ સમય આવ્યો તેમ એ પ્રમાણે અનેક પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આઇ.ઓ.આર.એ. નું જે પ્રમાણે પોર્ટલ બનાવ્યું અને ૨૦૨૩ની અંદર હું એટલા માટે આપ બધાને માહિતી આપું છું કે ૨૦૨૩ માં એમાં જે અરજીઓ આવી તે ૪૬૭૬૧ આવી. આજે મને કહેતા આનંદ છે કે ગુજરાત સરકારે તમામ ૪૬૭૬૧ અરજીનો નિકાલ કર્યો હોય તો તે આ ગુજરાતની પારદર્શક સરકાર છે. સીધી રીતે એક માણસ એપ્લિકેશન કરે. ભૂતકાળમાં એન.એ.ના શું ભાવ ચાલતા હતા? શું સ્થિતિ હતી? ભૂતકાળમાં કઇ પ્રકારની સિસ્ટમ ચાલતી હતી, એનો હું પણ સારી રીતે સાક્ષી અને બધાથી પરિચિત છું. હું જાણું છું કે કઇ સિસ્ટમથી અને શું ચાલતું હતું, પરંતુ મારે એ બધા વિવાદમાં નથી પડવું. માત્ર સરકારે શું કર્યું છે એ બાબતમાં મારે જવાબ આપવો છે કે આ પ્રકારની વ્યવસ્થા આખા ભારતમાં જો કોઇ જગ્યાએ હોય તો એ ગુજરાતમાં આ પ્રકારની વ્યવસ્થા છે એ આપણે સારી રીતે કહી શકીએ.

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા મિત્રો ચિંતા કરતા હતા. સરકારે ૨૪ જેટલા ઈનામી કાયદા જે હતા એ ગુજરાત સરકારે આજે દૂર કરીને ૨૮-૮-૨૩ના રોજ ૯ ઠરાવ પ્રસિદ્ધ કરીને નિવૃત્ત શ્રી સી.એલ. મીના સાહેબની અધ્યક્ષતામાં સૌથી મોટું કામ કર્યું હોય તો તે ગુજરાત સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા મિત્રો માપણી માટે પણ કહેતા હતા. માપણી માટે હું ચોક્કસપણે કહીશ કોઈપણ નવો પ્રયોગ આપણે કરતા હોઇએ તો સ્વાભાવિક દૃષ્ટિએ એમાં કોઇ નાનકડી ભૂલચૂક કે સમય મર્યાદા રહે. આજે મારે આંકડા સાથે કહેવું છે કે જે પોર્ટલ પર માપણીની ૩,૦૦,૬૨૧ અરજીઓ આવી એમાંથી ૨,૯૧,૫૩૧ માપણીની અરજીઓનો નિકાલ કર્યો છે. આ બતાવે છે કે આપણે માપણીમાં પણ મોટા પાયે જે કરી શકાય તે પ્રકારની વ્યવસ્થા કરી છે.

લાઇસન્સ સરવેની વ્યવસ્થા હોય. નોંધણી નીરીક્ષક કચેરીની હોય કે સ્ટેમ્પ ડ્યૂટીની વાત હોય. મહિલાઓને વધુમાં વધુ પ્રોત્સાહન મળે. એના નામે મિલકત થાય એના માટે સરકારશ્રીએ અનેક પ્રકારની વ્યવસ્થા કરી છે. મહેસૂલમાં અનેક પ્રકારના કાયદાઓમાં સુધારા કર્યા છે. એના કારણે આજે કાયદાઓની પરિસ્થિતિનું નિર્માણ ચોક્કસપણે થયું છે. હમણા સભ્યશ્રી કહેતા હતા કે આ બિલ માત્ર ગણોત કાયદો કેવી રીતે ગણોતિયાઓને સચવાય અને કેવી રીતે સરકાર એમની સુવિધા કરે એના માટેની પારદર્શકતા, કાર્ડથી માંડીને બધી જ વ્યવસ્થા આ ગુજરાત સરકારે કરી છે. કોઇ માણસ સાત-બારના ઉતારામાં આખોને આખો ઉતારો બદલી કાઢતો હતો. ઉતારામાં એન્ટ્રીમાં કોઇકના બદલે કોઇકનું નામ ચડી જાય અને ૧૦-૧૫ વર્ષે ખબર પડે, દસ્તાવેજો થઇ જતા હતા. એની પારદર્શકતામાં આજે ફોટા પડે, પ્રત્યક્ષ રીતે એન.એ. થાય એ પ્રકારની વ્યવસ્થા આ ગુજરાત સરકારે જયારે જયારે તક મળી ત્યારે ત્યારે નોંધણીમાં કરી છે. અત્રે મારે એટલા માટે કહેવું છે કે સંસ્થાઓએ ગુજરાતમાં અનેક પ્રકારે સારું કામ કર્યું છે. આવનાર સમયમાં સારું કામ કરી શકે એના માટે સ્પષ્ટ સન ૨૦૧૫ એટલે જો સન ૨૦૧૫માં એ લોકોને લાભ લેવાનો હોત અને કદાચ એને કરવાનું હોત તો આપણે છ મહિના અને ૨૫ ટકા આપ્યા હતા પણ કદાચ એ મિત્રો ના કરી શકયા, આપણે એક વર્ષ લંબાવી આપ્યું, એક વર્ષ લંબાવ્યા પછી પણ એ મિત્રો ના કરી શકયા એટલા માટે રજૂઆત આવતી હતી કે આવી સારી સંસ્થાઓ જયારે કામ કરી રહી છે ત્યારે એ મિત્રોને લાભ મળવો જોઇએ. નવા લોકોને નહીં અને બીજું જયારે સન ૨૦૧૫માં ખેતીની જમીન આ સંસ્થાના આટલા આટલા ઉપયોગ માટે ખરીદી હોય એવા જ લોકોને આમાં લાભ મળવાનો છે. બીજા કોઇ લોકોને આનો લાભ મળવાનો નથી એ સ્પષ્ટ છે. જયારે જયારે સરકારને જરૂર પડી ત્યારે હંમેશા પારદર્શકતાથી ગુજરાતના અનેક કાયદાઓ સુધાર્યા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે માત્ર પ્લોટ નહીં પણ આખા ભારતમાં ચાર કરોડથી પણ વધારે મકાનો આપ્યા છે. આટલા મકાનો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આપી શકે. ખાલી પ્લોટ નહીં મકાનની વ્યવસ્થા કરતી હોય છે. સરકાર બદલાય, સરકારની પરિસ્થિતિ બદલાય, આજે તમે જોયું હશે કે ૧૭ કેન્દ્ર સરકારની યોજનાઓ, અને ૨૮ યોજનાઓ ગુજરાત સરકારની. લોકોએ અહીંયા આવવાનું નહીં, સરકાર ગામડે ગામડે જાય, લોકોનું કામ કરે, લાભાર્થીઓને ત્યાં આગળ લાભ મળે એ પ્રકારની વ્યવસ્થાથી જો કોઇ કામ કરતી હોય તો આ ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર કરી રહી છે. કદાચ કોઇએ કલ્પી ના હોય એવી પરિસ્થિતિનું નિર્માણ આજે થઇ રહ્યું છે. હું એટલા માટે ટીકા ટિપ્પણી નથી કરતો કે વાસ્તવિકતા બધાજ જોઇ શકે છે. આપણે ત્યાં પ્રત્યક્ષ રીતે જઇને જોઇએ તો આપણને એમ લાગે કે કેટલા લાભાર્થીઓ છે. ૧૭ યોજનાઓમાંથી ૧૫-૧૫ યોજનામાં સો-સો ટકા કામ પૂરું કર્યું છે. ગુજરાત સરકાર, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં આ રીતે કામ થઇ રહ્યા છે. આ બિલો માટે હું બધા મિત્રોને કહું છું કે કદાચ કોઇ પોલીટીકલ અથવા કોઇ ભાવાર્થ માટે કદાચ ટીકા-ટિપ્પણ કરી હશે પણ મારી વિનંતી છે કે આને સર્વાનુમતે પાસ કરવું જોઇએ. આપણે હંમેશા વખતોવખત એટલા માટે કહીએ છીએ કે ફરીથી એક વર્ષ દોઢ વર્ષ વધારીશું, વળી કોઇક લાભ લઇ જશે. હજી બધાએ મગજમાં નક્કી કરવું પડશે કે સન ૨૦૧૫માં જેમણે જમીન લીધી છે એ સિવાય વચ્ચે કોઇએ સન ૨૦૧૬માં લીધી હોય કે સન ૨૦૧૭માં લીધી એ કોઇને લાભ મળવાનો નથી. સરકારી જમીનમાં આમને કોઇને લાભ મળવાનો નથી એટલે મારી આપ સૌને વિનંતી છે કે આટલું પારદર્શક બિલ, પારદર્શક વાત જયારે ગુજરાત સરકાર આપ સૌ સમક્ષ લઇને આવી છે ત્યારે મારી નમ્ર વિનંતી છે કે આપ સૌ સર્વાનુમતે મંજૂર કરો એવી મારી વિનંતી છે. જરાય હું આમાં આઘી-પાછી વાત કરું તો ૧૫-૨૦ મુદ્દા થાય પણ બધા મુદ્દાઓની વાત કર્યા વગર આ વાસ્તવિક બિલ છે એની વાત કરી છે. કેટલીયે મોટી મોટી સંસ્થાઓ છે એમણે કલ્પના પણ ના આવે એવા સારા કામ કર્યા છે. આજે પણ અનેક ટ્રસ્ટો છે, જે જૂના લોકો છે એને લાભ થાય એના માટેનું આ બિલ છે તો તમામ સભ્યશ્રીઓને, વિપક્ષના મિત્રોને પણ હું વિનંતી કરું છું કે આ સારું બિલ છે એ આપ સર્વાનુમતે પસાર કરો એવી મારી વિનંતી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે ઉદ્યોગ વિભાગની જેમ મહેસૂલ વિભાગમાં પણ સારો અભ્યાસ કર્યો છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બળવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૪, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ ના વિધેયક ક્રમાંક -૧- સન ૨૦૨૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક -૧- સન ૨૦૨૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયકનું સર્વાનુમતે ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

બજેટને સમજવા અંગેના સેમિનાર બાબત

અધ્યક્ષશ્રી : મારે એક માહિતી આપવી હતી કે, આવતી કાલે બજેટ પૂરું થયા પછી બપોરના ૨-૩૦ કલાકે ચોથા માળે શાસકપક્ષ ખંડમાં સ્કૂલ ઓફ અલ્ટીમેટ લિડરશીપ અંતર્ગત બજેટ રીડિંગ અને બજેટને સમજવા બાબતનો સેમિનાર મુખ્યમંત્રીશ્રીના સલાહકારશ્રી હસમુખભાઇ અઢિયા અને એક તજજ્ઞ દ્વારા રાખવામાં આવ્યો છે. ધારાસભ્યશ્રીઓએ કાલે બજેટ રજૂ થયા પછી બજેટને સારી રીતે સમજી પ્રજા વચ્ચે સારી રીતે વાત મૂકી શકાય તે માટેનો આવતીકાલનો આ કાર્યક્રમ છે. ભોજન અહીંયા લોંજમાં રાખ્યું છે. સભાગૃહ પૂરું થયા પછી આપણે ચોથા માળે જવાનું છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૪-૨૨ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૨જી, ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૧૩, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમારા કાર્યાલયની અંદર કેટલાક પોસ્ટરો બનાવવાની માહિતી મારી પાસે આવી છે તો કોઇ પણ જગ્યાએ આવા પોસ્ટર કે ગતિવિધિ અહીંયા કોઇ ના બનાવે. તમે દેખાવ કરતા હોય તો બહાર કરી શકો. જ્યાં સુધી વિધાનસભા મારું કાર્યક્ષેત્ર છે ત્યાં આગળ આવી કોઇ ગતિવિધિ કરતા હોય તો એમને સૂચના આપો કે એને અટકાવે.

**તારાંકિત પ્રશ્નો**

**ખેડા જિલ્લામાં પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યા**

**૧૫/૪/૧૩૪** : શ્રી યોગેન્દ્રસિંહ પરમાર ) ઠાસરા : (માનનીય મુખ્યમંત્રીશ્રી )પંચાયત (જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પશુધન નિરીક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | ૧૯ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને | (૨) | ૧૫ |
| (૩) | કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૩) | ૦૪ |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે? તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, નડિયાદ તાલુકામાં મંજૂર થયેલી જગ્યાઓ ૨ છે તે પૈકીની બંને જગ્યાઓ ભરાયેલી છે, ખાલી જગ્યા નથી અને ૨૩ જેટલા ગામોનો એમાં સમાવેશ થાય છે. મહુવા તાલુકામાં ૧ જગ્યા મંજૂર થયેલી છે અને ૧ જગ્યા ભરાયેલી છે, ખાલી જગ્યા નથી. ૧૩ જેટલા ગામો એની અંદર આવરી લેવાયેલા છે. કપડવંજ તાલુકામાં ૩ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ત્રણે ત્રણ ભરાયેલી છે, એમાં ખાલી જગ્યા કોઇ નથી. એમાં ૭૨ જેટલા ગામોનો સમાવેશ થાય છે. કઠલાલ તાલુકામાં ૨ જગ્યા મંજૂર થયેલી છે અને બંને જગ્યા ભરાયેલી છે, કોઇ જગ્યા ખાલી નથી અને એમાં ૧૮ ગામોનો સમાવેશ થાય છે. ઠાસરા તાલુકામાં ૪ જગ્યા મંજૂર થયેલી છે અને ૩ જગ્યા ભરાયેલી છે, ૧ જગ્યા ખાલી છે. એમાં ૫૯ જેટલા ગામોનો સમાવેશ થયેલો છે. ગલતેશ્વર તાલુકામાં ૧ જગ્યા મંજૂર થયેલી છે અને ૧ જગ્યા ભરાયેલી છે. કોઇ ખાલી જગ્યા નથી અને ૧૨ ગામોનો સમાવેશ થયેલો છે. માતર તાલુકામાં ૧ જગ્યા મંજૂર થયેલી છે અને ૧ જગ્યા ખાલી છે. એમાં ૧૬ જેટલા ગામોનો સમાવેશ થયેલો છે. ખેડા તાલુકામાં ૩ જગ્યા મંજૂર થયેલી છે, ૨ જગ્યા ભરાયેલી છે અને ૧ જગ્યા ખાલી છે. મહેમદાવાદ તાલુકામાં ૨ જગ્યા મંજૂર થયેલી છે, ૧ જગ્યા ભરાયેલી છે અને ૧ જગ્યા ખાલી છે. એમાં ૩૮ ગામોનો સમાવેશ થયેલો છે. કુલ ૧૯ તાલુકામાં ૧૫ જગ્યા ભરાયેલી છે, ૪ જગ્યાઓ ખાલી છે અને ૨૯૦ જેટલા ગામોનો સમાવેશ થયેલો છે. એમાં ૧૯ જેટલા સેજાઓ આવેલા છે, ૧૫ સેજાઓમાં જગ્યા ભરાયેલી છે અને ૪ સેજાઓમાં ખાલી છે ત્યાં એની બાજુના પ્રાથમિક સારવાર કેન્દ્રો છે એના માધ્યમથી આ ચારેચાર અત્યારે ચાર્જની અંદર કામગીરી કરે છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પશુધન નિરીક્ષકની જગ્યાઓ ભરાયેલી છે એનાથી લોકોને શું લાભ થાય છે?

અધ્યક્ષશ્રી : લોકોને અને પશુઓને બંનેમાં કહી શકાય.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પશુધન જગ્યાઓની મેં વાત કરી છે એનાથી શું ફાયદો થાય છે? ખૂબ અગત્યની મૂંગા પશુઓને સારવાર કરવા માટેની આ જગ્યા છે અને પશુધન નિરીક્ષકની કામગીરી સ્થળ પર જઇને ગામેગામ ઘરે ઘરે ફરીને એ કરે છે. પશુઓને રસીકરણ અને ખસીકરણનું કામ કરે છે. કૃમિનાશક દવાઓ અને કૃત્રિમ

બીજદાન આપવાનું કામ કરે છે. પ્રાથમિક રોગની સારવાર અને એપી રોગચાળા વખતે પણ કામગીરી કરે છે. પશુરોગ નિદાન કિસ્સામાં પશુચિકિત્સા અધિકારીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરે છે. પશુઓમાં બ્રાહ્ય બરોદ જેવી નિયંત્રણ માટે દવા છંટકાવ તથા આંતર પરોપજી નિયંત્રણ માટેની કૃમિનાશક દવા ખવડાવવા-પીવડાવવાની કામગીરી કરી છે. પશુપાલકોના પશુઓને રોગમુક્ત રાખવા માટે જરૂરી માર્ગદર્શન આપવાનું અને મુખ્ય પશુધન પેદોશોની મોજણી તથા પશુધન વસ્તી ગણતરીની કામગીરી કરવામાં આવે છે. પશુપાલક પ્રદર્શન, દૂધ ઉત્પાદક હરિફાઇ, કૃષિ મહોત્સવ, પશુ આરોગ્ય મેળા, પશુ વંધત્ય નિવારણ કેમ્પો,પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પો, પશુપાલન તાલીમી શિબિરો, રાત્રી શિબિર, પશુ બજાર, ઘાસચારા વિકાસ, મરઘા વિકાસ તેમજ અન્ય પશુધન વિકાસને લગતી યોજનાકીય પ્રવૃત્તિઓમાં સોંપાયેલી કામગીરી કરે છે. પશુપાલકને લગતી સરકારશ્રીની યોજનાઓનો પ્રચાર, પ્રસાર, નિદર્શન તથા અમલીકરણમાં મદદરૂપ થવાની કામગીરી કરવામાં આવે છે. પશુ સારવારને લગતી તમામ સેવાઓ કરવામાં આવે છે.

**ગીર સોમનાથ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી બાબત**

***15/4/123 શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને, | (૧) | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે – ૧, પેટા આરોગ્ય કેન્દ્ર માટે – ૧૫ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે – ૪ મળીને કુલ ૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) | મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી? | (૨) | ૨૦૫૮૦.૬૭૧ ચો.મી. |

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મળેલ છે? પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવાના ધોરણો અને નોર્મ્સ શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ જમીન ફાળવવા માટે એકદમ સારી રીતે અને ઝડપી કામ કરી શકાય એના માટે વિવિધ વિભાગો દ્વારા દરેક વિભાગ અને ખાતાના વડાઓ દ્વારા રસ્તા, પુલ, બાંધકામ, મહેસૂલ વિભાગ હોય એવું તા.૨૩-૨-૨૦૨૨ના પરિપત્ર દ્વારા ગુજરાત સરકાર જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ વહીવટી હુકમ-૩ હેઠળ જમીન ફાળવણી ઝડપથી થાય અને એ ફાળવણીના ધોરણોમાં એકસૂત્રતા જળવાય એ હેતુથી સુશાસનના ભાગરૂપે કાર્યવાહી આઇ.ઓ.આર.એ. પોર્ટલ ઉપર ઓનલાઇન કરવામાં આવે છે. એમનો જે બીજો પ્રશ્ન હતો કે આરોગ્ય કેન્દ્રમાં તા. ૧-૧-૨૦૨૨થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી પેટા આરોગ્ય કેન્દ્રમાં ૧૭ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૨ એમ કુલ મળીને ૧૯ થઇ હતી. અને તા.૧-૧-૨૦૨૩થી તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્રમાં ૪ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઝીરો એમ કરીને કુલ ૨૪ અરજીઓ મળી છે. સરકારશ્રી મહેસૂલ વિભાગના તા.૧-૪-૨૦૧૭ના ઠરાવની જોગવાઇ નીચે મુજબ નોર્મ્સ નકકી કરેલા છે. પેટા વિભાગ આરોગ્ય કેન્દ્રમાં ૫૦૦ ચોરસ મીટર જમીન આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૧૦,૦૦૦ ચોરસ મીટર જમીન આપવામાં આવે છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૧૦,૦૦૦ ચોરસ મીટર જમીન અપાય છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જમીનની ફાળવણી કરેલ છે એ ફાળવણી પૈકી કેટલી જમીન ગૌચર, કેટલી ગામતળ અને કેટલી સરકારી પડતર છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે જમીન ફાળવાઇ છે એમાં ૮૩૯૬. ૨૩૧ ચોરસમીટર એ ગૌચરની છે. ગામતળની જે જમીન છે એ ૧૬.૧૦૦૨૦ ચોરસ મીટર છે. સરકારી જે જમીન છે એ ૧૦૫૭૪ મીટર છે.

અધ્યક્ષશ્રી : મીડિયાના મિત્રોની મારા સુધી જે કાનમાં વાત આવે છે અથવા તો હું સમજું છું એ કે પ્રશ્ન તમારો એક એક આવે છે એ પ્રમાણે તમારી પાસે આવે છે અને નેવાની અંદર જો ન હોય તો તાત્કાલિક તમારી સિસ્ટમ ચેક કરો એમની પાસે પહોંચવું જોઇએ. જે ધારાસભ્યશ્રીઓને અત્યારે દેખાય છે એ જ પ્રમાણે એમને પ્રશ્ન પ્રમાણે દેખાય એવું નેવામાં કરાવો. ઓ.કે. માનનીય ભગાભાઇ,

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગૌચરની જમીનમાંથી સરકારી યોજનાઓ માટે આપણે જમીન ફાળવણી કરીએ છીએ તો ગૌચરની જે ઘટ થાય છે એ ઘટ

પુરવાર કરવા માટે બીજી કોઇ જમીન સરકાર ફાળવે છે કે નહીં ? બીજું મારે એ જાણવું છે કે, અમારે ત્યાં સોમનાથથી ભાવનગર ફોર ટ્રેક રસ્તાનું કામ ચાલું છે. તે કામને કારણે વેરાવળ તાલુકાનું આજોઠા ગામ છે ત્યાંનું પી.એચ.સી. દવાખાનું જે બનેલું છે તે જમીન સંપાદનને કારણે ડિમોલીશનમાં જાય છે. તો તેને નવી જગ્યાએ બનાવવા માટેની કોઇ દરખાસ્ત સરકારમાં આવી છે કે કેમ? જો આવી હોય તો વહેલી તકે તેમને જમીન ફાળવી દેવામાં આવે તો નવું પી.એચ.સી. દવાખાનું વહેલી તકે ચાલુ કરી શકાય.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની કોઇપણ ગૌચરની જમીન જ્યારે ફળવાય છે ત્યારે ગૌચર સિવાયની જે સરકારી પડતર જમીન હોય છે તેને આપણે ગૌચરમાં રૂપાંતરિત કરીએ છીએ અને તે પછી જ આવી જમીન ફાળવીએ છીએ. એટલે ગૌચરની કોઇ જમીન આ પ્રશ્નમાં ઓછી થતી નથી. બીજું માનનીય સભ્યશ્રીએ જે ગામના પી.એચ.સી. દવાખાનાની વાત કરી તે હું ચોક્કસપણ જોવડાવી લઇશ અને તેમાં ઝડપી કાર્યવાહી પણ કરવામાં આવશે.

રાજકોટ અમદાવાદ રસ્તાને સીક્સ લેન બનાવવા બાબત.

*15/4/4 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૨૪ (અગ્રતા-૭૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજકોટ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૭ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૨૭ ની કામગીરી ૭૫ ટકા જેટલી ભૌતિક રીતે પૂર્ણ થયેલ તે કામગીરી ટેન્ડર પ્રમાણે જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે હકીકત સાચી છે, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઉકત કામગીરી કયા તબકકે છે, | (૨) | ૯૦ ટકા ભૌતિક રીતે પૂર્ણ |
| (૩) | ઉકત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોઇ તો કયારે કઇ એજન્સીને સમયની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૩) | પાંચ એજન્સીની સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારેલ છે . |
| (૪) | ઉકત રસ્તાની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) | તા.૩૧/૩/૨૦૨૪ સુધીમાં મહદઅંશે પૂર્ણ કરવાનુ આયોજન છે. |

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા પ્રશ્ન નંબર-૩માં રાજકોટ-અમદાવાદ હાઇવેનું કામ બે વર્ષના સમયગાળા માટે આપવામાં આવેલ. તે કામને ચાર વર્ષનો સમયગાળો થઇ ગયો હોવા છતાં તમામ કામ પૂર્ણ થયેલ નથી તો તે કોન્ટ્રાકટરની સામે શું પગલાં લીધાં? આ રસ્તાનું કામ જે એજન્સીને આપવામાં આવેલ તેના બદલે અન્ય એજન્સીઓ કામગીરી કરે છે, તો મૂળ એજન્સી સામે શું પગલાં લીધાં? આ તો એક મુદત વધારવા માટેની વાત છે. સમગ્ર રાજ્યની અંદર જયાં પણ રસ્તાઓનાં કામ સમય મર્યાદાની અંદર થતાં નથી અને તેના લીધે ભાવ વધારો આપવો પડે છે. તેના કારણે પછી આવાં કામો ખોરંભે પડે છે. આ વિભાગ પણ રાજ્યના મુખ્યમંત્રી પાસે હોય ત્યારે આવાં અધૂરાં કામોમાં વહેલાસર પગલાં લેવામાં આવે અને કામો સમય મર્યાદામાં પૂરાં થાય તે જરૂરી છે. ભૂતકાળની અંદર આપણા બનાસકાંઠાની અંદર અકસ્માતમાં એક બ્રિજ પડવાથી બે લોકોના મોત થયા હતા. એટલે જે એજન્સીઓ બ્લેક લિસ્ટ થાય અને તેમને અગાઉ જે કામો આપેલા હોય તે કામ કરતા નથી અને બીજી એજન્સીને તે કામ આપવાની કામગીરી ઝડપી થતી નથી, જેથી કરીને મંજૂર કામો સમય મર્યાદાની અંદર પૂરા થતા નથી તો આ બાબતમાં મંત્રીશ્રી સમગ્ર ગુજરાતને ધ્યાનમાં રાખીને થોડોક વ્યવસ્થિત જવાબ આપે તેવી અપેક્ષા હું રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સૌરાષ્ટ્રના લોકોને પડતી હાડમારી માટે માનનીય ઉત્તર ગુજરાતના ધારાસભ્યશ્રી પ્રશ્ન પૂછે છે. આ કામની ગંભીરતા વધારે હશે એટલે તમે વ્યવસ્થિત જવાબ આપો એવું એટલા માટે જ કહે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને કહું છું કે, બનાસકાંઠાનો પ્રશ્ન પૂછ્યો હોત, પાટણ, મહેસાણાનો પ્રશ્ન પૂછ્યો હોત તો કદાચ સમજમાં આવે કે કદાચ લોકસભા આવે છે એટલે પૂછયો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ધારાસભ્ય આખા ગુજરાતના ધારાસભ્ય હોય છે ને?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું બહેનને અભિનંદન એટલા માટે આપું છું કે, જયારે લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે બહેન આખા રાજ્યની ચિંતા કરી રહ્યા છે. બહેને જે પ્રશ્ન પૂછ્યો છે કે, અમદાવાદથી બગોદરા અને

બગોદરાથી રાજકોટ સુધીનો નેશનલ હાઈવે નં.૮ જે ગુજરાત સરકારના ભંડોળમાંથી આ ચાર માર્ગીય કરવાનો નિર્ણય લીધો છે. ત્યારબાદ ટ્રાફિકનું ભારણ ગુજરાતનું ડેવલપમેન્ટ જે રીતે થયું તેના લીધે વધ્યું છે. વાઈબ્રન્ટના કારણે ગુજરાતમાં વાઈબ્રન્સી આવી. દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબે જે રીતે ગુજરાતનો વિકાસ કર્યો અને જે રીતે ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ વધ્યો તેના કારણે અમારે આ રસ્તાને છ માર્ગીય કરવાની જરૂર પડી. અમદાવાદ-બામણબોર અને બામણબોરથી રાજકોટ સેકશન છ માર્ગીય કામની તા.૧૦-૦૬-૨૦૧૬થી રૂ.૨૬૨૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. કોઈપણ જગ્યાએ વહીવટી મંજૂરી આપવામાં આવે ત્યારબાદ સૌથી પહેલાં તો જમીન સંપાદન કરવામાં આવે છે. ત્યારબાદ સેન્ચ્યુરી સેફ્ટીંગ, ફોરેસ્ટ ક્લિયરન્સ, રકમમાં વધારો તેમજ હિરાસર એરપોર્ટ, ઈન્ટર ચેઈન્જ અન્ડરપાસ સર્વિસ રોડ, આવી ઘણી બધી સેફ્ટીની સુવિધાઓ અને બીજી બાબતો ચેક કરવામાં આવે છે. આ પ્રોજેકટ ૧૯૦ કિલોમિટર લંબાઈનો હતો. ૧ થી ૫ પેકેજની અંદર જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં કામ પૂર્ણ કરવાનું હતું તે વાત બેનની સાચી છે. આમાં ક્યાંક વિલંબ થયો છે. આમાં મારે બેનને કહેવું છે કે, વિલંબ થવાના કારણમાં માત્ર કોન્ટ્રાકટર ન હતા. આખી દુનિયાની અંદર જ્યારે ૨૦૧૯માં કોરોનાનો ભરડો થયો તેમાં માત્ર ગુજરાતને અસર થઈ છે તેવું નથી. આપણે બધાએ આ સદીઓના ઈતિહાસમાં ન જોયું હોય એટલો મોટો કોરોનાનો કાળ આપણે બધાએ નજીકથી જોયો છે અને કદાચ અકલ્પનિય બાબત કહેવાય એવી બાબતો, એવા પરિણામો આપણે કોરોના દરમ્યાન જોયા. માનનીય અધ્યક્ષશ્રી, આ તો માત્ર રોડનું કામ ડિલે થયું છે એટલું જ નહીં પણ હજારો-લાખો લોકોએ જાન ગુમાવ્યા છે. આખી દુનિયા ૮૦૦ કરોડની જનતા ભયભીત હતી કે શું થશે? જ્યારે દેશના વડાપ્રધાન મોદી સાહેબે કહ્યું કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજુ પ્રશ્નમાં આગળ પૂછવાવાળા બાકી છે ત્યારે તમે આખા કોવિડનું વર્ણન કરશો તો પછી ઘણું વધારે થશે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, એવું છે કે, આ માહિતી એટલા માટે આપવી પડે એવી છે કારણ કે, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એ ખૂબ જ અગત્યનો છે અને જ્યારે આખું વિશ્વ સ્તબ્ધ હતું અને એ દરમ્યાન રોડની કામગીરી કરવી મુશ્કેલ હતી અને એ વખતે વર્ષ ૨૦૧૯માં જ્યારે કોરોના આવ્યો, આપણે ત્યાં લગભગ ૨ વર્ષ સુધી કોરોના રહ્યો અને ત્યાર બાદ લોકડાઉનનો પિરીયડ રહ્યો અને ત્યાર બાદ વર્ષ ૨૦૨૧માં ફરીથી આ કોરોનાની અસર થઈ અને એના કારણે ક્યાંકને ક્યાંક ડિલે થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મારે બહેનને કહેવું છે કે ફોરેસ્ટની ક્લીયરન્સ લેવી પડતી હોય છે અને ફોરેસ્ટ વિભાગ જ્યારે ક્લીયરન્સ આપે ત્યાર બાદ આ કામગીરી શરૂ કરી શકાય અને સ્થાનિક ગ્રામજનોની પણ મંજૂરી લેવી પડતી હોય છે કારણ કે સ્થાનિક ગ્રામજનોને સાંભળવા પડતા હોય છે કેમ કે, કોઈની જમીન કપાતમાં જતી હોય આ બધી જ બાબતો ધ્યાને લેવી પડતી હોય છે અને બીજી વસ્તુ કે પાંચ ભાગમાં આપણે કોન્ટ્રાક્ટરને કામ આપ્યું હતું અને એ પાંચેય કોન્ટ્રાક્ટરો કામ કરી રહ્યા હતા અને જ્યારે કોરોના આવ્યો, કામ બંધ થયું ત્યાર બાદ ભાવ વધી ગયો હતો રો-મટિરિયલ્સનો બે-ત્રણ વર્ષની અંદર ભાવ વધી ગયો હતો અને આખા વિશ્વમાં ભાવો વધ્યા હતા એટલે પ્રાઈસ એસ્કેલેસન આપવું જરૂરી હતું અને જ્યાં સુધી પ્રાઈસ એસ્કેલેશન ન મળે ત્યાં સુધી કોઈ પણ કોન્ટ્રાક્ટર કામ કરી શકે નહીં કારણ કે એને નુકસાન થાય. એટલે આવા અસંખ્ય કારણો હતા જેને કારણે અમારે ક્યાંકને ક્યાંક કામમાં વિલંબ થયો છે.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કોરોનાનું કારણ બતાવ્યું પણ કોરોના પૂરો થઈ ગયો એને તો બે વર્ષ થઈ ગયા અને જે માનનીય મંત્રીશ્રી વાત કરે છે કે યુટિલિટી શિફ્ટીંગની અંદર અમારો આટલો સમય ગયો હતો એ તો કામ શરૂ કરતા પહેલા જ યુટિલિટી શિફ્ટીંગ થઈ ગયું હોય. આની અંદર સવાલ એટલો જ છે કે જે એજન્સીઓને કામ આપવામાં આવ્યું હતું એ એજન્સીઓએ સમયસર કામ પૂરું ન કર્યું એને કારણે આ ડિલે થયું છે સાચી હકીકત આ છે અને એનું કારણ એ હતું કે આની અંદર એક નકલી કોન્ટ્રાક્ટર કંપની છે એની સાથે યુક્રેનની કંપની એક વિદેશી કંપની હતી, એની સાથે એમ.ઓ.યુ. કરીને આ કામ ૪૪૦ કરોડ રૂપિયાનું હતું એમાં નકલી કાગળો રજૂ કરીને આ કામ એણે મેળવી લીધું અને આવી કંપનીઓ આવી એને કારણે મોડું થયું છે. આ નકલી કંપનીઓની ભરમાર છે અને આપણે ત્યાં વારંવાર નકલી ઘણું બધું પકડાય છે, *(xxx)..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવો આપ સિનિયર સભ્ય છો એટલે નકલીને એવા બાકીના ઉલ્લેખ ન કરો આ જે ઉલ્લેખ કર્યા છે એ રેકોર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર એ જે યુક્રેનની નકલી કંપની હતી એ કંપનીની સામે કોઈ કાર્યવાહી કરી છે કે કેમ અને આ જે કંપનીને કામ અપાયું ત્યારે એણે જે પેપરો રજૂ કરેલા હતા એનું ડ્યુ ડિલેજન્સ કરવામાં આવ્યું હતું કે કેમ? અને શા પગલાં લેવામાં આવ્યા છે એ આપના મારફત જાણવા માગું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કોઈ પણ ટેન્ડર બહાર પડે એટલે ટેન્ડરના નોર્મ્સ નક્કી થાય એ નક્કી થાય એમાં અલગ અલગ નિયમો નક્કી કર્યા હોય કે કેટલા રૂપિયાનું ટેન્ડર છે અને ટેન્ડરની શરતોમાં લખેલું હોય કે કોઈ પણ કંપની જે.વી. કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, જે.વી.ના અલગ અલગ કારણો હોય. કોઈ ટેકનિકલ બિડર હોય, કોઈ કન્સલ્ટન તરીકેનું હોય, કોઈ કામની દૃષ્ટિએ હોય અને જ્યારે મોટા ટેન્ડર આવતા હોય ત્યારે કેન્દ્ર સરકારની પણ ગાઈડલાઈન

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે કે, ઈન્ટરનેશનલ બિડરને પણ આપણે આવકારવા પડતા હોય છે અને આ પ્રથા વર્ષોથી ચાલતી આવતી પ્રથા છે. જ્યારે મોટા કામ કરવા હોય અને આપણે ગુજરાતને કે ભારતને વિદેશ જેવું બનાવવું છે તો તમારે સારી ક્વોલિટીના કોન્ટ્રાક્ટરો ગુજરાતમાં અને દેશમાં લાવવા પડે. જે લેવલે ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઇ રહ્યું છે, ગુજરાતમાં કોન્ટ્રાક્ટરો આખા દેશમાંથી આવતા હોય છે અને ત્યારે જ્યારે જે.વી. કરવામાં આવે એમાં ગુજરાતનો કોન્ટ્રાક્ટર હોય કે ભારતનો કોઇ કોન્ટ્રાક્ટર હોય એણે જે.વી. કરી હોય અને જે.વી કરી હોય અને જે.વી.ના આધારે તેણે ફોરેનની કંપની પણ કરી હોય બીજી વાત જયારે માનનીય અર્જુનભાઇ સિનિયર સભ્ય છે ત્યારે મારે કહેવુ છે કે, શ્રી અર્જુનભાઇ કોઇ પણ ટેન્ડરો ભરે એટલે ટેન્ડરની શરતો મુજબ ભરે તરત જ ઓન લાઇન અપલોડ કરવામાં દેશના યશસ્વી વડાપ્રધાન જયારે અહીં ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી આપણે ઓન લાઇન પદ્ધતિ કરી નાંખી છે એટલે પારદર્શક કરનારી સરકાર એટલા માટે કહેવાય છે કે બધી વસ્તુ ઓનલાઇન હોય છે અને જયારે ઓનલાઇન આવે ત્યારે તેના ટર્મ્સ નક્કી કરવામાં આવે ટેકનિકલ બિડ ઓપન થાય ટેકનિકલ બિડીંગ જયારે ઓપન થાય ત્યારે ટેન્ડરના નોર્મ્સ મુજબ તેણે પેપર જમા કરાવ્યા છે કે કેમ ? તે મુજબ તેણે નોર્મ્સ મેન્ટેન કર્યા છે કે કેમ ? એની કંપની કેટલું ટર્ન ઓવર કરે છે ? તેની કંપનીએ કેટલા રૂપિયાના કામો કર્યા છે અને તેને કેટલો અનુભવ છે આવી દરેકે દરેક માઇનોર બાબતો પણ ચેક કરવામાં આવે છે અને ત્યાર બાદ તેના પેપર ઈવોલ્યુશન કરવામાં આવે અને જયારે પેપર ઈવોલ્યુશન કરવામાં આવે ત્યારે આપણે જે મુજબ માગ્યા છે તે મુજબના પેપર ઈવોલ્યુશન થાય ત્યાર બાદ જ ટેન્ડર આપણે પ્રાઇઝ બીડ ઓપન કરીએ છીએ અને પ્રાઇઝ બીડ જયારે ઓપન કરીએ ત્યારે આપણે જે બેઝીક પ્રાઇઝ આપ્યા છે તેમાં જે એલ-૧ આવે તે લોકોને આપણે કામ આપતા હોઇએ છીએ. એટલે આવી સુવ્યવસ્થિત પદ્ધતિથી આપણે કામ કરીએ છીએ અને એવા જ કોન્ટ્રાકટરને કામ આપીએ છીએ પણ શ્રી અર્જુનભાઇએ જે કહ્યું કે નકલી કંપની, નકલી દસ્તાવેજો, માનનીય અધ્યક્ષશ્રી, આપણે આવા કોઇ પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતાવાળી આ સરકાર કોઇ પણ નકલી વ્યકિતને ચલાવી લેતી નથી અને ગમે તે ખૂણામાં નકલી દબાયેલો હોય તેને ઉખાડી ફેંકવાની તાકાત અમારા મુખ્યમંત્રીની અંદર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી ખાલી એટલું જ જાણવું છે કે, રૂ.૨૨૦૦ કરોડનો આ પ્રોજેકટ અને તેમાં પાંચ કંપનીઓને પાંચ ભાગની અંદર એટલે પાંચ પેકેજ અલગ અલગ કરીને આ લોકોને કામ આપવામાં આવ્યું હતું. મારી પાસે હાલમાં જે માહિતી છે તે માહિતી મુજબ આજે પાંચ કંપનીઓને જે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો જેનું ટેન્ડર આવ્યું હતું તેના સિવાયના એટલે મૂળ કોન્ટ્રાક્ટર સિવાય એ કોન્ટ્રાકટરોએ બીજી કોઇ કંપનીઓને કામ આપ્યું છે તે હકીકત સાચી છે કે ખોટી છે ? અને બીજો પ્રશ્ન એ છે કે, ચેન્જ ઓફ સ્કોપના નામે આ કંપનીઓએ જે કોરોનાનું કારણ આપ્યું છે તે કોરોનાના કારણ પછી ચેન્જ ઓફ સ્કોપના નામે રાજય સરકારે આ પાંચ કંપનીઓને કેટલાં રૂપિયાનો વધારો આપ્યો છે તે માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇ પહેલો પ્રશ્ન ફરીથી પૂછે, પ્લીઝ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ધારાસભ્યશ્રી જયારે ઊભા થાય છે ત્યારે આપે ધ્યાન રાખવું જોઇએ શ્રી શૈલેષભાઇ, આપ ફરી રિપીટ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પહેલો પ્રશ્ન એ છે કે, રૂ.૨૨૦૦ કરોડનો આ પ્રોજેકટ જે પાંચ કંપનીઓને ટેન્ડર લાગ્યા હતા અને પાંચ જુદા જુદા પેકેજોમાં આ લોકોએ કામ કરવાનુ હતું. આજની પરિસ્થિતિએ મારી પાસે જે માહિતી છે તેમાં આ પાંચ કંપનીઓ સિવાય આ કંપનીઓએ બીજી ત્રણ પેટા કંપનીઓને કામ આપ્યું છે તો એ કઇ કંપનીઓ છે અને આ હકીકત સાચી છે કે ખોટી છે ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે, જે જાન્યુઆરી-૨૦૨૦માં જે ભૌતિક રીતે પૂર્ણ કરવાનુ કામ હતું તે ૨૦૨૩માં પણ પૂર્ણ થયેલ નથી તો ચેન્જ ઓફ સ્કોપના નામે રાજય સરકાર પાસે પાંચે પાંચ કંપનીઓએ ભાવ વધારો માગ્યો હતો તો રાજય સરકારે કેટલી રકમ ચૂકવવાનું નક્કી કર્યુ છે તે માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું તેમ કે કોઇ પણ ટેન્ડર બહાર પડે એટલે ટેન્ડરની અંદર જે.વી. નક્કી કરેલી હોય અને તે જે.વી. મુજબ કોન્ટ્રાકટર તેને કામ આપતા હોય છે અને વર્ષોથી કોઇ પણ કામો થયા હોય એ શ્રી શૈલેષભાઇની કંપની હોય કે શ્રી અર્જુનભાઇની કંપની હોય આ દરેક કંપનીની અંદર સબલેટ જેવી પ્રથા વર્ષોથી ચાલતી આવી હોય. આ પાંચમાં આ જ પાંચ કોન્ટ્રાકટરોએ કામ કરેલું છે અને ધારો કે દરેક પ્રકારના કોન્ટ્રાકટર હોય એ અંદર પોતાના ઇન્ટરનલ કોન્ટ્રાકટરો ઇન્ટરનલ રહેતાં હોય છે પણ આ પાંચે પાંચ મૂળ કંપનીઓએ કામો કરેલા છે અને નિયમાનુસાર જ આપણે આ બધાને કામ આપેલા છે સાથે સાથે જે પૈસા વધારાનો નિયમ છે તેમાં પરિસ્થિતિ એવી છે કે જયારે કોરોના આવ્યો અને કોરોનામાં જે કામ બે વર્ષ પડી રહ્યું અને તે મુજબ જે પ્રાઇઝ એસ્કેલેશન જે સેન્ટ્રલે નક્કી કર્યા હતા એ મુજબ આપણે તેમને ભાવ આપ્યો છે તે સિવાય વધારાના કોઇ રૂપિયાનું કામ આપણે તેમને આપ્યું નથી, કોઇ વધારો આપ્યો નથી તે નિયમાનુસાર આપણે તેમને વધારો આપેલો છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી, મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો તે આપણે નક્કી ના કરી શકીએ. આપ પ્રશ્ન પૂછી શકો છો જવાબ કેવો આપવો તે નક્કી કરશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબમાં પડતો નથી. મને જવાબથી સંતોષ પણ નથી અને સંતોષ પણ છે.

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : સંતોષ પણ નથી અને સંતોષ પણ છે!

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ જે કહો છો તેમાં સંતોષ છે અને ત્યાં સંતોષ નથી સર, મેં એટલું જ કહ્યું હતું કે ચેન્જ ઓફ સ્કોપના નામે પાંચ કંપનીઓએ સરકાર પાસે વધારો માગ્યો હતો. મેં એટલું જ પૂછ્યું છે કે ચેન્જ ઓફ સ્કોપના નામે પાંચ કંપનીઓએ સરકાર પાસે વધારો માગ્યો હતો, એ કેટલી રકમનો વધારો સરકારે આપ્યો છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : ચાર ટકાનો વધારો આપ્યો છે.

**મોરબી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૫/૪/૧૩૧ શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા ) ટંકારા : (માનનીય **મુખ્યમંત્રીશ્રી )પંચાયત(** જણાવવા કૃપા કરશે કે-:

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, અને | (૧) | |

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને — (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના નાયબ વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે? એ પૈકી ઉપર્યુક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે? અને આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે?

અધ્યક્ષશ્રી : એ જગ્યાઓ ભરાઇ ગઇ છે એવો જવાબ આપી દીધો છે. એની આગળ કાંઇ હોય તો પૂછો?

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ભરતી કેવી રીતે કરવામાં આવે છે અને તેમની ફિડર કેડર કઇ છે?

અધ્યક્ષશ્રી : એ સામાન્ય વહીવટ વિભાગનો વિષય આવશે. એ સિવાય આપનો કોઇ પ્રશ્ન હોય તો પૂછો.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : ના સર.

**રાજ્ય સરકાર દ્વારા સ્પોર્ટસ યુનિવર્સિટીને નાણાકીય અનુદાન**

**<#M*/15/4/289 ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમત-ગમત ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર દ્વારા સ્પોર્ટસ યુનિવર્સિટીને કોઈ નાણાકીય અનુદાન આપવામાં આવેલ છે કે કેમ, | (૧) | હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમનું નાણાકીય અનુદાન આપવામાં આવેલ છે, અને | (૨) | ૩૪૦૭.૦૩ લાખ |
| (૩) તે પૈકી કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | ૩૪૦૭.૦૩ લાખ |

માઘ ૧૩, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં 'ખેલે ગુજરાત ખીલે ગુજરાત' અંતર્ગત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ખૂબ સારી રીતે કામ થઇ રહ્યું છે તો હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે કઇ-કઇ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ છે?

શ્રી હર્ષ સંઘવી : ગુજરાતના યુવાનો, ગુજરાતના વિદ્યાર્થીઓ ભણતર સાથે રમત-ગમતના ક્ષેત્રમાં પણ સારું પર્ફોમન્સ કરી શકે અને કોઇ પણ પ્રકારના દૂષણથી દૂર રહીને રમત-ગમતના મેદાનને પ્રેમ કરે તે માટે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ખેલ મહાકુંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતના તમામ ક્ષેત્રોમાં સ્પોર્ટ્સનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ દ્વારા થાય અને ખાસ કરીને ગુજરાતમાં જે સારા રમતવીરો હોય તેને ઉચ્ચ કક્ષાની તાલીમ આપવા માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ડેવલપ કરવામાં આવી છે. આ યુનિવર્સિટી ગુજરાતના યુવાનોના સપનાં સાકાર કરવાની યુનિવર્સિટી છે. આ યુવાનોને ઇન્ટનેશનલ લેવલની સુવિધાઓ મળે તે માટે ત્યાં ઓલિમ્પિક કક્ષાનો સિન્થેટિક એથ્લેટિક ટ્રેક બનાવવામાં આવ્યો છે. આ ટ્રેકના માધ્યમથી આ વર્ષે અનેક ખેલાડીઓ નેશનલ અને ઇન્ટરનેશનલ કક્ષા સુધી પહોંચ્યા છે. એ જ પ્રકારે ત્યાં ઓલિમ્પિક કક્ષાનો અત્યાધુનિક સ્વિમિંગપુલ બનાવવામાં આવ્યો છે. અત્યાધુનિક કક્ષાનો ભારતનો સૌથી મોટો મલ્ટિપર્પઝ ઇનડોર હૉલ પણ આ યુનિવર્સિટી ખાતે બનાવવામાં આવ્યો છે. આમાં વિવિધ સ્પોર્ટ્સની પ્રેક્ટિસ કરી શકાય તે માટે અલગ-અલગ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યા છે અને બીજી સ્પોર્ટ્સ ફેસિલિટી પણ ત્યાં ડેવલપ કરવામાં આવી છે. જે ખેલાડીઓ ત્યાં સ્પોર્ટ્સની ટ્રેનિંગ લે છે તે સાથે-સાથે ભણતર પણ લઇ શકે તે માટે ત્યાં સ્માર્ટ ક્લાસરૂમ ડેવલપ કરવામાં આવ્યા છે. એ જ પ્રકારે ઇ-લાઇબ્રેરી અને વિવિધ માળખાકીય સુવિધાઓ આ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે ડેવલપ કરવામાં આવી છે. આ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ઇન્ટરનેશનલ કક્ષાની સ્પોર્ટ્સ યુનિવર્સિટી બની છે અને ત્યાં વિદ્યાર્થીઓ ખૂબ સારી રીતે સ્પોર્ટ્સ અને ભણતર બંને પ્રાપ્ત કરી શકે છે. આ વર્ષે ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ એડમિશન લીધા છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યાર સુધી આ યુનિવર્સિટીમાં કેટલું અનુદાન આપવામાં આવ્યું છે અને આ યુનિવર્સિટી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે યુનિવર્સિટી ખાતે રૂ.૩૩ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને આ સંપૂર્ણ યુનિવર્સિટી પાંચ વર્ષમાં અલગ-અલગ તબક્કામાં બની છે. એની સંપૂર્ણ વિગતો હું સભ્યશ્રીને આપી દઇશ.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યા છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની કઇ-કઇ રમતોમાં ભાગ લીધેલ છે અને કઇ-કઇ સિધ્ધિઓ મેળવી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જણાવ્યું તે પ્રમાણે ટેલેન્ટેડ અને રાજ્યકક્ષાની વિવિધ રમતોમાં મેડલ પ્રાપ્ત કરેલા હોય તેવા વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટના શિક્ષણ સાથે રમતની ટ્રેનિંગ માટે આ સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં એડમિશન લેતાં હોય છે. આ વિદ્યાર્થીઓને હાયર લેવલની ટ્રેનિંગ આપીને તેઓ વધુમાં વધુ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોમાં કઇ રીતે ભાગ લઇ શકે તેવો પ્રયાસ હોય છે. ખાસ કરીને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં માત્ર આ એક વર્ષમાં ૫૧૩ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો છે. જેમાં ૧૫ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં ભાગ લઇને મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. આ જ રીતે ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં આ જ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ તમામ શ્રેણીમાં મેડલ પ્રાપ્ત કરીને ગુજરાતને ખૂબ મોટું પ્રતિનિધિત્વ આપ્યું છે. એ જ પ્રકારે જુનિયર રીસર્ચ ફેલોશિપમાં રાષ્ટ્રીય કક્ષાની એકેડમિક સિધ્ધિ પ્રાપ્ત કરનાર યુનિવર્સિટી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી છે. આ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ગુજરાતના અનેક યુવાનોના સપના સાકાર કરવાનું કેન્દ્ર છે. મને વિશ્વાસ છે કે આજે શેઠ ભામાશા શ્રી કનુભાઇ દેસાઇ અહીંયા જે બજેટ રજૂ કરવાના છે અને તે બજેટમાં આ યુવાનો માટે, આ યુનિવર્સિટી માટે નવી ભેટ આવવાની છે. મને વિશ્વાસ છે કે આવનાર વર્ષે જ્યારે આ યુનિવર્સિટીનો પ્રશ્ન પૂછાશે ત્યારે બીજી પણ અનેક સુવિધાઓ ઉમેરાશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીઓ એવા વખાણ કરે છે કે માનનીય નાણામંત્રીશ્રીએ ઉદારતાપૂર્વક આપવું પડે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજ્ય સિવાય અન્ય રાજ્યોમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટી ક્યાં કાર્યરત છે? અન્ય રાજ્યો કરતાં ગુજરાત રાજ્યમાં શું વિશેષ લાભ આપવામાં આવે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ રમતગમત ક્ષેત્રે આગળ વધી રહ્યો છે ત્યારે અનેક રાજ્યોમાં આ પ્રકારે સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો કન્સેપ્ટ લાગુ થયો છે. દેશમાં ગુજરાત રાજ્યમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી એ દેશની બીજી સ્પોર્ટ્સ યુનિવર્સિટી બનેલી. હાલમાં અનેક રાજ્યો આ જ રીતે સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો કન્સેપ્ટ આગળ વધારી રહ્યા છે. જેમ કે, નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, મણિપુર. પંજાબમાં મહારાજા ભૂપેન્દ્રસિંહ પંજાબ યુનિવર્સિટી, તમિલનાડુમાં ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ યુનિવર્સિટી, દિલ્હીમાં કેન્દ્ર સરકારની સ્પોર્ટ્સ યુનિવર્સિટી, મધ્યપ્રદેશ, આસામ અને હરિયાણામાં પણ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના મૉડલ પર સ્પોર્ટ્સ યુનિવર્સિટી બનાવવામાં આવી રહી છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય એક જ એવું રાજ્ય છે કે જે રાજ્યમાં ખૂબ મોટી સંખ્યામાં આદિવાસી બેલ્ટ છે. ઉમરગામથી અંબાજી

સુધીના બધા જ જિલ્લાઓના આદિવાસી સમાજના એક એક ખેલાડી તિરંદાજી હોય કે એથ્લેટિક હોય આ બધામાં આદિવાસી વિસ્તારમાંથી આવતાં બાળકો દેશ નહિ દુનિયાભરમાં ભારત અને ગુજરાતનો ડંકો વગાડી રહ્યા છે તે પ્રકારના ખેલાડીઓ આપણને પ્રાપ્ત થયા છે પરંતુ આપણે આ ખેલાડીઓ રીઝનેબલ ભાવે કઇ રીતે ટ્રેનિંગ લઇ શકે? ટ્રેનિંગની સાથે શિક્ષણ પણ મેળવી શકે તેની ચિંતા કરી છે. દેશભરમાં સરેરાશ રૂ.સવા લાખ જેટલી ફી લેવામાં આવે છે જ્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન માટે સરેરાશ વાર્ષિક ફી માત્ર રૂ.૭૫,૦૦૦/- રાખવામાં આવી છે. તેમાં પણ મુખ્યમંત્રીશ્રી દિલાવર છે. અનેક પછાત વર્ગના અને ગરીબ બાળકોને બીજી અનેક યોજનાઓનો લાભ આપીને તે વિદ્યાર્થીઓ શિક્ષણ અને રમતગમત બંને ક્ષેત્રમાં આગળ વધી શકે તે પ્રકારની વ્યવસ્થાઓ આ સ્પોર્ટ્સ યુનિવર્સિટી ખાતે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

**<#M*/15/4/121 શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર) માતર :(માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (જણાવવા કૃપા કરશે કે-:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૦૩) ત્રણ( |
| (૨) | મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે? | (૨) | કુલ ક્ષે .હે .૧૧-૯૯-૪૯ પ્ર.આરે . |

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ કેટલી દરખાસ્તો મળી? અને તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કયા ગામોના ગામતળને નીમ કરવામાં આવેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ ૬ દરખાસ્તો મળી છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના પાલૈયા ખાતે હેક્ટર ૧૦-૩૨-૨૬ ચો.મી. જમીન આપવામાં આવી છે, ઠાસરા તાલુકામાં મોર આંબલીમાં ૬૭૩૫ ચો.મી. જમીન અને વસો તાલુકાના પીજ ખાતે હેક્ટર ૦-૯૯-૮૮ ચો.મી. જમીન નીમ કરવામાં આવેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં ૬ દરખાસ્તો મળી છે. જે પૈકી ૩ દરખાસ્તો મંજૂર કરેલ છે અને ૩ દરખાસ્તો પેન્ડિંગ છે. ગામતળ નીમ નહીં થવાના કારણે પ્લોટ ફાળવી શકાતા નથી અને લાઇટના કનેક્શનથી માંડીને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ડેવલપમેન્ટમાં પણ ખૂબ તકલીફો પડે છે. આની પ્રક્રિયા સરળ કરવા માંગો છો કે કેમ?, રાજ્ય સરકાર સુધી દરખાસ્ત આવે છે એના કરતાં જિલ્લા લેવલે કોઇ કમિટી બનાવી ગામતળ નીમ કરવાની કોઇ પ્રક્રિયા કરવા માંગો છો કે કેમ?અને આખા ગુજરાતમાં આજની સ્થિતિએ કેટલી દરખાસ્તો પેન્ડીંગ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગામતળ ન હોય તો રાહતના પ્લોટ આપણે આપી શકતા નથી. કોઇપણ ગામતળની જમીનની ગૌચરમાં માંગણી કરવામાં આવે અને જમીન ટ્રાન્સફર કરવાની હોય તો આપણે તરત જ જમીન ટ્રાન્સફર કરી આપતા હોઇએ છીએ અને એના ૩૦ ટકા રકમ આપણે લેતા હોઇએ છીએ. આ તમામ પ્રક્રિયાનો ઝડપી ઉકેલ થઇ જતો હોય છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગામતળ નીમ કરવાની જોગવાઇઓ અને સક્ષમ અધિકારીઓની પ્રવર્તમાન મર્યાદાઓ શું છે? અને ગૌચર સદર જમીન ગામતળ સદર નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગામ નીમ કરવા અર્થે બોમ્બે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૩૮ અન્વયે સત્તા જિલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત થયેલ છે. વહીવટ અને પારદર્શકતા માટે કલેક્ટરશ્રી આ સત્તા પ્રાંત અધિકારીશ્રીને તબદીલ પણ કરી શકે છે અને ક્ષેત્રફળ સંબંધિત સત્તા મર્યાદામાં કોઇ સ્પષ્ટતા થયેલ નથી. ગામતળ વધારવાની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા કલેક્ટરશ્રીને કરવામાં આવે છે. આ દરખાસ્ત મળ્યા પછી તેની ચકાસણી કરી કલેક્ટરશ્રી દ્વારા જમીન ગામતળ નીમ કર્યા બાદ પંચાયતોને સોંપાતી હોય છે અને ગૌચર જમીન ગામતળ નીમ કરવા બાબતે સરકારશ્રીની પૂર્વમંજૂરી લેવી આવશ્યક હોય છે. મહેસૂલ વિભાગના તા.૩૦/૦૬/૨૦૧૮ના ઠરાવની જોગવાઇ

મુજબ ગામતળ નીમ કરવા તથા અનિવાર્ય સંજોગોમાં જાહેર હિત માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાય તે હેતુથી અન્ય પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની જોગવાઇ આવે છે અને આ કિસ્સામાં જમીનની કિંમત તેમજ ૩૦ ટકા જંત્રી કિંમત વસૂલ કરવાની રહેશે નહીં.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, શહેરના મારા મત વિસ્તારમાં આ પ્રશ્નને લગતો મારો પ્રશ્ન એ છે કે, જે ટી.પી. ફાઇનલ થતી જાય છે એ વખતે ગામોને ટી.પી.માં લીધા ન હતા. જે ગામો વર્ષોથી મંદિર, સ્મશાન અને કોમ્યુનિટી એરિયા તરીકે જગ્યાઓ વાપરે છે, ટી.પી.ની જમીનો ખૂબ મોંઘી થઇ ગઇ છે અને હવે અચાનક ગામની ટી.પી.ની શરૂઆત થઇ છે. આના કારણે ગામો વર્ષોથી જે જમીનો વાપરે એ જમીનો હવે ટી.પી.માં જે કંઇ રોડ-રસ્તા, અન્ય વ્યવસ્થા કે અન્ય હેતુ માટે એ સેલ ફોર ધી ડીફરન્ટ-ડીફરન્ટ ઇસ્યુ. આ વિષયને લઇને શહેરની વચ્ચે જે ગામો આવેલા છે તે ગામોની જે વર્ષોથી વપરાતી સુવિધાઓ છે, એ સુવિધાઓ ગામના હાથમાંથી જઇ રહી છે. તો આ માટે કંઇક વિશેષ પૉલિસી માનનીય મંત્રીશ્રી વિચારે તો શહેરમાં આવેલા ગામોની એમની સુવિધાઓ જે તેઓ સો-બસ્સો વર્ષોથી વાપરતા આવ્યા છે, એ એમની પાસેથી છીનવાઇ ન જાય એના માટે માનનીય મંત્રીશ્રી શું વિચારે છે? અથવા કંઇક વિચારે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જયારે ટી.પી. પાડતાં હોય ત્યારે શહેરી વિસ્તારને ૨૦૦-૨૫૦ મીટર જેટલો ઓર્ડર એરિયા છોડી પછી જ ટી.પી પાડતાં હોય છે, આવો નિયમ છે એવું મારા ધ્યાન ઉપર છે. છતાં પણ શહેરી વિકાસ વિભાગને કદાચ જાણકારી હશે. આપની પાસે માહિતી હોય તો આપ આપી શકો છો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી બહું સારી છે. આ બાબત શહેરી વિકાસમાં આવે છે. આવા કંઇ પણ પ્રશ્નો થતાં હોય તો સરકારશ્રી હંમેશા આ બાબતે વિચારણા કરતી જ હોય છે. છતાં પણ આપને કંઇક વિશેષ માહિતી જોઇતી હશે તો ચોક્કસ પૂરી પાડીશું.

**સુરેન્દ્રનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યા**

*** ૧૫/૪/૧૩૭** : શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર ) દસાડા : (માનનીય મુખ્યમંત્રીશ્રી )પંચાયત (જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | ૩૪૯ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) | ૩૩૯ |
| (૩) | કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૩) | ૧૦ |

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની તાલુકાવાર મંજૂર થયેલ મહેકમની સંખ્યા, ભરાયેલ તેમજ ખાલી જગ્યાઓ કેટલી છે? આ જગ્યાઓ કયારે ભરાશે? અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કામગીરી શું શું છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય સભ્યશ્રીએ સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાવાર મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યાઓ, ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓની જે માહિતી માગી છે, તેના અનુસંધાને જણાવવાનું કે, સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં મંજૂર થયેલી જગ્યાઓ ૩૨ છે, એ પૈકીની ૩૧ જગ્યાઓ ભરાયેલી છે અને ૧ જગ્યા ખાલી છે. લખતર તાલુકામાં ૨૫ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ૨૫ જગ્યાઓ ભરાયેલી છે. લીમડી તાલુકામાં ૪૦ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ૪૦ જગ્યાઓ ભરાયેલી છે. ચુડા તાલુકામાં ૨૯ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૨૬ જગ્યાઓ ભરાયેલી છે અને ૩ જગ્યાઓ ખાલી છે. સાયલા તાલુકામાં ૪૧ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૩ જગ્યાઓ ખાલી છે. મૂળી તાલુકામાં ૩૫ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩૪ જગ્યાઓ ભરાયેલી છે અને ૧ જગ્યા ખાલી છે. ચોટીલા તાલુકામાં ૩૪ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ૩૪ જગ્યાઓ ભરાયેલી છે. થાનગઢ તાલુકામાં ૧૫ જગ્યાઓ મંજૂર થયેલી છે અને ૧૫ જગ્યાઓ ભરાયેલી છે. ધાંગધ્રા તાલુકામાં ૪૮ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૪૬ જગ્યાઓ ભરાયેલી છે અને ૨ જગ્યાઓ ખાલી છે. પારડી તાલુકામાં ૫૦ જગ્યાઓ છે એ પૈકીની ૫૦ જગ્યાઓ ભરાયેલી છે. માનનીય સભ્યશ્રીની જે લાગણી છે તેમાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ૧૦ તાલુકામાં ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે, જેમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કુલ જગ્યાઓ ૩૪૯ મંજૂર થયેલી છે, એ પૈકીની ૩૩૯ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાઓ ખાલી છે. તે આગામી ૧૦ વર્ષના

ભરતી કેલેન્ડર અનુસાર ભરવામાં આવશે. માનનીય સભ્યશ્રીએ બીજો એક પેટાપ્રશ્ન પૂછ્યો છે કે, એની જગ્યાઓ ભરાયેલી હોય તો લોકોને શું ફાયદો થાય છે? એના અનુસંધાને મારે સભ્યશ્રીને જણાવવાનું કે, આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર આરોગ્યની કામગીરી કરતો આપણો એક અધિકારી છે. એ નાગરિકોને થતા મેલેરિયા, ડેન્ગ્યુ, પાણીજન્ય રોગો અને વાહકજન્ય રોગો ટી.બી. લેપ્રસી અને એચ.આઇ.વી. જેવા થતા રોગો અટકાવી શકાય, વસતિ વધારો અટકાવી શકાય, ગામનું સેનિટેશન સુવ્યવસ્થિત રીતે થાય, બિન ચેપી રોગો અટકાવી શકાય, કુપોષણ નિવારણ અને એનિમિયા માટેની કામગીરીથી લોકોનું આરોગ્ય સુધરે, લોકોને કલોરીનયુક્ત પાણી આપી શકાય. ઝીરોથી અઢાર વર્ષના બાળકોની આરોગ્યની તપાસણી તેમજ પોલિયોની નાબૂદી, માતા અને બાળકોના રસીકરણની કામગીરીથી લોકોને ફાયદો થાય છે. આ કામગીરી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, પુરુષ દ્વારા હોમ ટુ હોમ કરવામાં આવતી આ કામગીરી છે. આવી સેવાઓ આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરના માધ્યમથી કરવામાં આવે છે.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યાઓ ભરાયેલી હોય તો લોકોને શું લાભ થાય છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આનો જવાબ મેં આપી દીધો છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ જે જગ્યાઓ કહી એ કાયમી છે કે આઉટ સોર્સીંગથી ભરાયેલી છે કે પાર્ટ ટાઇમ ભરાયેલી છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યાઓ બધી કાયમી ભરાયેલી છે.

માહિતી અને પ્રસારણ વિભાગ માટે નાણાકીય જોગવાઈ

* 15/4/37 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ) લુણાવાડા(:માનનીય મુખ્યમંત્રીશ્રી )માહિતી અને પ્રસારણ (જણાવવા કૃપા કરશે કે: -

| પ્રશ્ન | જવાબ<br>(રૂ .કરોડમાં ) |
|---|---|
| (૧) માહિતી અને પ્રસારણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, | (૧) |

| વર્ષ | જોગવાઈની રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૧૬૬.૩૩ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૩૧૭.૮૪ |

| | |
|---|---|
| (૨) તા .૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) |

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૧૬૬.૩૩ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૩૧૭.૮૨ |

| | |
|---|---|
| (૩)ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ? | (૩) |

| વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | કારણો |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૬૩.૪૩ | ૨.૯૦ | વણવપરાયેલ રકમ મુખ્યત્વે રજા પ્રવાસ રાહત અને રજાઓના રોકડમાં રૂપાંતરનો ઓછો ખર્ચ થતાં તથા ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે તેમજ વિવિધ એજન્સીઓ તરફથી બિલો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને ન મળવાને કારણે બચત રહેવા પામેલ હતી. |
| ૨૦૨૨-૨૩ | ૩૦૫.૩૭ | ૧૨.૪૫ | ૧૨ ગુજરાતી ચલચિત્રોનાં નિર્માતાઓની અરજી નિયત સમયમર્યાદા બાદ મળતા ચુકવણી ન થતાં રૂ.૪.૭૪ કરોડની બચત રહેલ હતી.<br>ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે તથા રજા પ્રવાસ રાહત અને રજાઓના રોકડમાં રૂપાંતરનો ઓછો ખર્ચ થવાના કારણે તેમજ વિવિધ એજન્સીઓના તરફથી બિલો નિયત સમયમર્યાદામાં અત્રેની કચેરીને ન મળવાને કારણે રૂ.૭.૭૧ કરોડ બચત રહેવા પામેલ હતી. |

માઘ ૧૩, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જે બજેટ ફાળવણી કરવામાં આવેલી છે, તેમાં કઇ કઇ ટી.વી. શ્રેણીનું નિર્માણ કરવામાં આવેલ છે અને તે કયારે પ્રસારિત થાય છે? જે બજેટ ફાળવણી કરવામાં આવેલ છે, એમાં જે ખર્ચ થયેલ છે, એમાં જાહેરાત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલો છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણામાં એક કહેવત છે કે જો દિખતા હૈ વો બિકતા હૈ. અને જીવ્યા કરતા જોયું ભલુ. દ્રશ્ય શ્રાવ્યથી જ આપણને દુનિયાભરની હકીકતો જાણવા મળે છે. *(xxx) કચ્છ નહીં દેખા તો કૂછ નહીં દેખા. આ બધા સ્લોગનો લોક જીભે ચડી ગયા છે અને એના પરિણામે એના વિશેની જાણકારી અને માહિતી બધાને મળી રહે છે. આઝાદીની લડત વખતે પૂજય મહાત્મા ગાંધીજીએ પ્રચાર અને પ્રસાર માટે અખબારોનો બહુ મોટા પ્રમાણમાં ઉપયોગ કર્યો હતો. ત્યારે તો બીજાં સાધનો પણ ન હતાં. યંગ ઇન્ડિયા, નવજીવન, લાલા લજપતરાયે કેસરી. એ બધા પ્રચારનાં સાધનો મારફતે સમગ્ર હિન્દુસ્તાનને એક કર્યું હતું. એ જ રીતે અમારી આ ડબલ એન્જિનની સરકારના મુખિયા મૃદુ અને મક્કમ જનપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને તેમના હસ્તકનો આ વિભાગ એની પ્રચાર અને પ્રસાર માટેની એ બધી કામગીરી માહિતી અને પ્રસારણ ખાતા મારફતે સુપેરે ચમકાવી વિશ્વ ફલક ઉપર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. રાજય સરકારની પ્રજા કલ્યાણકારી યોજનાઓના લાભો લોકો સુધી સરળતાથી પહોંચે અને એ યોજનાઓ અંગે લોકો માહિતગાર થાય અને જાગૃતિ પણ મળી રહે એના માટેનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ કરે છે. એની સંપૂર્ણ જવાબદારી ખૂબ સારી રીતે આ વિભાગ નિભાવી રહ્યો છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે, એમાં માહિતી ખાતા દ્વારા બજેટની ફાળવણી અંતર્ગત કઇ કઇ ટી.વી. શ્રેણીનું નિર્માણ કરવામાં આવે છે. માહિતી ખાતા દ્વારા રવિવારે યશગાથા ગુજરાત, શનિવારે ગુજરાત ગાથા ટી.વી. શ્રેણી તેમજ વિધાનસભાના સત્ર દરમ્યાન લોકશાહીના ધબકારા જેવી ટી.વી. શ્રેણીઓનું નિર્માણ કરવામાં આવે છે. ગુજરાત ગાથા ટી.વી. શ્રેણી વિવિધ પ્રાદેશિક ચેનલો પરથી ૨૫ મિનિટની અવધિમાં દર શનિવારે પ્રસારિત કરવામાં આવે છે. યશગાથા ગુજરાતની શ્રેણી વિવિધ ટી.વી. ચેનલો દ્વારા નિયમિત પ્રમાણે દર રવિવારે પ્રસારિત કરાય છે. તેમજ વિધાનસભાના સત્ર દરમિયાન લોકશાહીના ધબકારા શ્રેણી રાજયની વિવિધ ચેનલો ઉપરથી દૈનિક ધોરણે પ્રસારિત કરવામાં આવે છે અને આ કાર્યક્રમનું નિર્માણ સંપૂર્ણ ઇન હાઉસ થાય છે. માનનીય સભ્યશ્રીએ જે જાહેરાત ખર્ચમાં જે વાત કરી એ મુજબ માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧-૨૨માં રૂ.૧૦૮ કરોડનો અને સન ૨૦૨૨-૨૩માં રૂ. ૨૩૭ કરોડનો ખર્ચ જાહેરાત માટે કરવામાં આવ્યો છે અને આ અંગેની જો વિગતવાર માહિતી માનનીય સભ્યશ્રીને જોઇતી હશે તો હું લેખિત સ્વરૂપે પણ એમને પૂરી પાડીશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ તર્કસંગત અને ખૂબ સરસ છે પરંતુ વિધાનસભાનું આ ગૃહ એ કોઇ કંપનીના બ્રાંડિંગ માટે મંત્રીશ્રી કક્ષાએથી ના બોલાય એટલા માટે એ બંન્ને શબ્દો પ્રાઇવેટ કંપનીના છે એ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગું છું કે માહિતી ખાતા દ્વારા જનકલ્યાણ અને લોકહિત માટે કયા પ્રકાશનો બહાર પાડવામાં આવે છે અને વિશેષમાં એ છે કે માહિતી ખાતા દ્વારા જે યુવાધન છે એને માર્ગદર્શન આપવા માટે કયા પ્રકાશનો બહાર પાડવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્રિત પ્રકાશનો એ પ્રચાર પ્રસાર માધ્યમનું એક અસરકારક માધ્યમ છે. રાજયના જનસામાન્ય અને અંતરિયાળ વિસ્તારમાં વસતા આદિવાસી અને અનુસૂચિત જાતિના લોકોને પણ સરકારની કલ્યાણલક્ષી યોજનાની જાણકારી મળી રહે તે હેતુથી વિવિધ પ્રકારના સમાજ ઉપયોગી પ્રકાશનો પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યા છે. પ્રથમ પ્રશ્નના જવાબમાં જણાવું તો માહિતી ખાતા દ્વારા દર પખવાડિયે ગુજરાત પાક્ષિક અને દર વર્ષે દિપોત્સવી અંક અને અંગ્રેજીમાં દર ત્રણ માસે ધ ગુજરાત પ્રકાશિત કરવામાં આવે છે. માહિતી ખાતા દ્વારા નિયમિત રીતે પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિકમાં રાજય સરકારની વિવિધ મહત્વપૂર્ણ બાબતોને આવરી લેતા લેખો, સમાચારો, ફોટોગ્રાફ વગેરે દ્વારા આમજનતાને ઉપયોગી માહિતી આપવામાં આવે છે. માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ કરાતા ગુજરાત દીપોત્સવી અંકમાં વિવિધ અભ્યાસ લેખો, વિનોદીકા સંપૂટ, નવલિકા સંપૂટ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે અને આ અંકને ખૂબ જ લોકચાહના મળી છે અને વાંચકો દ્વારા પણ ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો છે. ગુજરાત રાજયની વિવિધ વિકાસલક્ષી બાબતોથી રાજય બહારના લોકો પણ માહિતગાર થાય તે આશયથી દર ત્રણ માસે અંગ્રેજી ભાષામાં 'ધ ગુજરાત' પ્રસિદ્ધ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે યુવક અને યુવતીઓના રોજગાર સમાચારો માટેનો પ્રશ્ન પૂછયો તો એના માટે ગુજરાત અને ગુજરાત બહાર રોજગાર વિષયક માર્ગદર્શન મળી રહે તે માટે દર બુધવારે 'ધ ગુજરાત રોજગાર સમાચાર' સાપ્તાહિક પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આ ઉપરાંત વિદ્યાર્થીઓને કારકિર્દી વિષયક તમામ માહિતી એક જ જગ્યાએથી મળી રહે તેવા શુભ આશયથી પ્રતિવર્ષ કારકિર્દી વિશેષાંક પણ બહાર પાડવામાં આવી રહ્યો છે. આવી રીતે ગુજરાતના લોકોને અને ગુજરાતના યુવાનોને તમામ જાણકારી મળી રહે, સરકારની કામગીરી, રોજગારલક્ષી માહિતી મળે આ બધાય માટે માહિતી અને પ્રસારણ ખાતું ખૂબ વ્યવસ્થિતપણે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કામ કરી રહ્યું છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪
તારાંકિત પ્રશ્નો

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ૩૧૭ કરોડની ફાળવણી સામે લગભગ ૨૦૭ કરોડ રૂપિયાનો ખર્ચ જાહેરાત માટે કરવામાં આવ્યો છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જાહેરાત માટે જે ખર્ચ કરવામાં આવ્યો છે એમાં ગુજરાતી અખબારો, હિન્દી અખબારો અને અંગ્રેજી અખબારો એમાં કેટલો કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, એજ રીતે ટીવી ચેનલમાં જાહેરાત માટે ખર્ચ કરવામાં આવ્યો હોય તો ગુજરાતી ટી.વી. ચેનલો માટે કેટલો છે, હિન્દી ટી.વી. ચેનલો માટે કેટલો છે અને અંગ્રેજી ટી.વી. ચેનલો માટે કેટલો ખર્ચ કર્યો છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે ગુજરાતમાં જાહેરાત માટે કેટલો ખર્ચ કર્યો છે અને ગુજરાત સિવાયના અન્ય રાજયોમાં જાહેરાત માટે ૨૦૭ કરોડમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ વિસ્તૃત પ્રશ્ન પૂછયો છે અને સરકારશ્રી પાસે જાહેરાતો પાછળ જે ખર્ચ કરવામાં આવ્યો છે એની મેં ઉપયોગીતા પણ આપ સાહેબને વર્ણવી છે. સાહેબ, આ જાહેરાતોના કારણે જ આજે કોઇ ગુજરાતી દેશભરમાં ક્યાંય જાય તો ગુજરાતી તરફ માનની નજરે બીજા રાજ્યના લોકો પણ જુએ છે. દુનિયાભરમાં તમે જાવ તો ગુજરાતી તરફ અને ભારતીય લોકો તરફ માનની નજરે આદરથી જુએ છે અને એનું જો કારણ હોય તો આપણા રાજ્યની કે કેન્દ્ર સરકારની પ્રવૃત્તિઓ હોય એ તમામ પ્રવૃત્તિઓની માહિતી જુદી જુદી ચેનલના માધ્યમથી જાહેરાત અને પ્રકાશન સ્વરૂપે હોય એ લોકો સુધી પહોંચે છે અને આ અગાઉ પણ મેં બે-ત્રણ સ્લોગનો વર્ણવ્યાં આ બધું થાય છે એના પરિણામે દેશ અને દુનિયામાં ગુજરાતનું માન આજે ગૌરવરૂપ આદરથી લોકો લઇ રહ્યાં છે. ટી.વી. ચેનલો ગુજરાતી, હિંન્દી અને અંગ્રેજીના ખર્ચ માટેની વાત કરી છે. ગુજરાત બહારના પ્રકાશનો અને અખબારી માધ્યમોમાં જાહેરાત અંગેની વાત કરી છે. માનનીય સભ્યશ્રીને જે કોઇ વિગત જોઇતી હશે તો એ વિસ્તૃત માહિતી છે એ હાલ મારી પાસે ઉપલબ્ધ નથી.

અધ્યક્ષશ્રી : ટેબલ પર મૂકી શકશો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય સભ્યશ્રીને જોઇતી હશે તો હું એને ટેબલ પર મૂકી શકીશ અને એમને વ્યક્તિગત પણ આપી શકીશ.

અધ્યક્ષશ્રી : આપને જોઇતી હોય તો વ્યક્તિગત પણ આપી શકશે. માનનીય ઉમેશભાઇ મકવાણા. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરીએ. આપને મેં ઊભા થવાની મંજૂરી આપી નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જેવી રીતે આપણા દેશની લોકસભા, રાજ્યસભા અને વિવિધ રાજ્યોના સભાગૃહોના લાઇવ પ્રસારણ થઇ રહ્યાં છે તો આપણું ગુજરાત વિધાનસભા ગૃહ લાઇવ થવા માટે કોઇ યોજનામાં નવા બજેટમાં ફાળવણી કરવામાં આવી છે કે કેમ? અથવા એના વિશે કોઇ વિચાર કરવામાં આવે છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અમિત ચાવડા : માનનીય ઉમેશભાઇએ લાઇવ પ્રસારણની વાત કરી એ કદાચ માનનીય રાઘવજીભાઇના હાથમાં નહીં હોય પણ મારી એક વિનંતી છે કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાના વિસ્તારના કે રાજ્ય કે દેશના લોકો માટેના કોઇ પ્રશ્નો, રજૂઆત કે સૂચન કરે એની અહીંયા હેલ્ધી ડિસ્કસન થાય છે અને ઘણાં બધા પ્રશ્નોનું નિરાકરણ પણ થાય છે. કદાચ અમે વિરોધપક્ષ તરીકે થોડો નીતિનો કે કોઇ ગેરરીતિ હશે તો એનો વિરોધ પણ કરતા હોઇએ છીએ. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ રજૂઆત કરે છે એનું વિડિયો રેકોર્ડિંગ અહીંયા થાય છે એને લાઇવ ના કરીએ પણ સભ્યની માગણી મુજબ એમના પ્રવચન કે બાકીની કાર્યવાહીના વિડિયો ફુટેજ મળે એવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? અમે તો અધ્યક્ષશ્રીને પણ વિનંતી કરીએ છીએ અને આપણે ઓફિશિયલ માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરીએ છીએ તો એની અધ્યક્ષશ્રીની કક્ષાએથી યુ-ટ્યૂબ ચેનલ કે કોઇ પણ વ્યવસ્થા થાય અને જે પણ સભ્યો અહીંયા પોતાનું પ્રવચન અને રજૂઆત કરે છે એના વિડિયો ફુટેજ એને મળે એવી વ્યવસ્થા કરવા માટે પણ ખાસ વિનંતી છે.

માઘ ૧૩, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, મને લાગે છે કે, શ્રી અર્જુનભાઇ, આ વિધાનસભાનું કામ અધ્યક્ષના કાર્યક્ષેત્રમાં આવતું હોય છે તો મને લાગે છે કે હું સિનિયર સભ્યશ્રીઓ ચાર-પાંચ અહીંયાથી અને કેબિનેટમાંથી પણ મંત્રીશ્રીઓને બોલાવીશ અને આપને પણ બોલાવીશ અને એનો કોઇ રસ્તો થતો હશે તો એક વખત સાથે બેસીને કામકાજ સલાહકાર સમિતિ સિવાય એમાં શું કરી શકાય? માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે પણ પરામર્શ કરીને આપણે આ વિષયને કંઇક આગળ વધારીશું.

અમદાવાદ શહેર અને જિલ્લામાં એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ અંતર્ગત આવાસોનું બાંધકામ

*15/4/94 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા) માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ કોમ્પ્લેક્ષીસ" નીતિ અંતર્ગત અમદાવાદ શહેર અને જીલ્લામાં કુલ કેટલા આવાસો બનાવવામાં આવેલ છે, | (૧) તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ કોમ્પ્લેક્ષીસ (ARHCs) ના મોડેલ-૨ અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોડલ-૨ અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના બોળ ખાતે કુલ ૧૭૮ યુનિટ માટેનો પ્રોજેકટ મંજૂર થયેલ છે જે હાલ પ્લાનીંગ કક્ષાએ છે . |
| (૨) ઉકત સ્થિતિએ અમદાવાદ શહેર અને જીલ્લામાં કઇ જગ્યાએ આવાસોનું કામ પૂર્ણ થયેલ છે અને કઇ જગ્યાએ આવાસોનું કામ કાર્યરત છે, અને | (૨) તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફોર્ડેબલ રેન્ટલ હાઉસીંગ કોમ્પ્લેક્ષીસ (ARHCs) ના મોડેલ-૨ અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોડલ-૨ અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના બોળ ખાતે કુલ ૧૭૮ યુનિટ માટેનો પ્રોજેકટ મંજૂર થયેલ છે જે હાલ પ્લાનીંગ કક્ષાએ છે. |
| (૩) તેમાંથી કેટલી રકમનું પોઝીટીવ પ્રિમીયમ પ્રાપ્ત થનાર છે? | (૩) ઉકત ARHCs ના મોડેલ-૨ પ્રોજેકટનું ખાનગી વિકાસકાર દ્વારા નિર્માણ થનાર હોઇ પ્રીમિયમ એકત્રિત કરવાનું રહેતું નથી . |

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો સૌને મારા તરફથી જય શ્રી રામ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કંઇ કોમેન્ટ ના કરો. રામ સૌના છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેસીસ નીતિ અંતર્ગત અમદાવાદ શહેર અને જિલ્લામાં કુલ કેટલા આવાસો બનાવવામાં આવેલ છે? ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કઇ જગ્યાએ આવાસોનું કામ પૂર્ણ થયેલ છે અને કઇ જગ્યાએ આવાસોનું કામ કાર્યરત છે? તેમાંથી કેટલી રકમનું પોઝિટીવ પ્રિમિયમ પ્રાપ્ત થઇ છે? બીજો મારો પેટા પ્રશ્ન છે કે, લઘુમતિ વિસ્તારમાં કઇ કઇ જગ્યા પર આ આવાસો બનાવવામાં આવશે? તેની મંત્રીશ્રી માહિતી આપે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂર્ણ થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

રાજકોટ-અમદાવાદ હાઇવેને સીકસ લેન બનાવવા બાબત

15/4/1 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજકોટ-અમદાવાદ સીકસ લેન હાઇવે બનાવવાની કામગીરી કઇ એજન્સીઅને કયારે કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, | )૧) | પરિશિષ્ટ મુજબ |
| )૨) | ઉકત કામગીરી સોંપવામાં આવેલ એજન્સી પૈકી એજન્સીને ડમી/નકલી દસ્તાવેજો રજૂ કરીને કામગીરી મેળવી અન્ય એજન્સીઓ પાસે કામગીરી કરાવતા હોવાની હકીકત સરકાર વાકેફ છે કે કેમ, અને | )૨) | નિયમાનુસાર ટેન્ડરની ચકાસણી કર્યા બાદ કામગીરી હાથ ધરાયેલ છે. |
| )૩) | જો હા, તો ઉકત સ્થિતિએ આવી એજન્સી અને જવાબદારો સામે શા પગલાં લીધા ? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

**<u>પરિશિષ્ટ</u>**

| ક્રમ | ઇજારદારશ્રીનું નામ | ટેન્ડર પ્રમાણે કામગીરી ચાલુ કરવાની તારીખ | ટેન્ડર પ્રમાણે કામગીરી પૂર્ણ કરવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ કન્ટ્રક્શન ઇન્ટિગ્રેટેડ વર્કસ ઓફ એડમેનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ ઓફ વરખોવના રાડા ઓફ યુક્રેઇન જે.વી.<br>માધવ ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ. અને<br>એમ.એસ. ખુરના એન્જીનિયરિંગ લિ | ૦૮.૦૧.૨૦૧૮ | તા. ૦૭.૦૧.૨૦૨૦<br>સમય મર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |
| ૨ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ | ૦૮.૦૧.૨૦૧૮ | તા.૦૭.૦૧.૨૦૨૦<br>સમય મર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |
| ૩ | વરાહા ઇન્ફ્રા લિમિટેડ જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. | ૧૯.૦૧.૨૦૧૮ | તા.૧૮.૦૧.૨૦૨૦ સમય મર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |
| ૪ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ | ૦૮.૦૧.૨૦૧૮ | તા.૦૭.૦૧.૨૦૨૦<br>સમય મર્યાદા તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |
| ૫ | વરાહા ઇન્ફ્રા લિમિટેડ જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રકશન એન્જીનીયરીંગ (જી) કો. લિ. | ૧૯.૦૧.૨૦૧૮ | તા.૧૮.૦૧.૨૦૨૦ સમયમર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારવામાં આવેલ છે. |

ઉમરેઠ નગરપાલિકા હસ્તકના રેલ્વે ઓવરબ્રિજ/અંડરપાસ

15/4/151 શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમાર) ઉમરેઠ) માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉમરેઠ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગના સ્થળે રેલ્વે | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગના તા.૦૬/૦૨/૨૦૨૦ના ઠરાવથી |

## અતારાંકિત પ્રશ્નો

) ઓવરબ્રિજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

ઉમરેઠ નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોસીંગ નં ૨૩ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ બનાવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે.

)૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

)૨) ઉક્ત કામગીરી પ્રગતિ હેઠળ છે. જેની ભૌતિક પ્રગતિ ૪૯% તથા નાંણાકીય પ્રગતિ ૨૩% થયેલ છે.

)૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

)૩) આ કામગીરી માટે કરાર ની કિંમત મુજબ રૂ. ૨૪.૫૦ કરોડનો ખર્ચ થનાર છે.

)૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

)૪) આ કામગીરી ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------

### રાજકોટ અમદાવાદ રસ્તાને સીક્સ લેન બનાવવા બાબત.

15/4/26 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૨૪ (અગ્રતા-૭૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | રાજકોટ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૭ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૨૭ ની કામગીરી ૭૫ ટકા જેટલી ભૌતિક રીતે પૂર્ણ થયેલ તે કામગીરી ટેન્ડર પ્રમાણે જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે હકીકત સાચી છે, | )૧) | હા, જી |
| )૨) | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઉકત કામગીરી કયા તબકકે છે, | )૨) | ૯૦ ટકા ભૌતિક રીતે પૂર્ણ |
| )૩) | ઉકત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોઇ તો કયારે કઇ એજન્સીને સમયની મુદતમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને | )૩) | પાંચ એજન્સીની સમયમર્યાદા ૩૧/૧૨/૨૦૨૩ સુધી વધારેલ છે. |
| )૪) | ઉકત રસ્તાની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | )૪) | તા.૩૧/૩/૨૦૨૪ સુધીમાં મહદઅંશે પૂર્ણ કરવાનુ આયોજન છે. |

### જૂનાગઢ જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓને ડામર સપાટીના બનાવવા બાબત

15/4/31 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી ) માણાવદર :(માનનીય મુખ્યમંત્રીશ્રી) માર્ગ અને મકાન (જણાવવા કૃપા કરશે કે,

પ્રશ્ન — જવાબ

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના તાલુકાવાર એક ગામમાંથી બીજા ગામને જોડતા ક્યા નોન પ્લાનના રસ્તાઓને ડામર સપાટી બનાવવાની માંગણી કે દરખાસ્ત સરકારમાં પડતર છે,

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માણાવદર વંથલી અને મેંદરડા તાલુકાની તાલુકાવાર નોનપ્લાન રસ્તાની બાકી રહેલ કુલ-૫૫ માંગણી/ દરખાસ્તો નીચે મુજબ છે.

| તાલુકો | નોન પ્લાન કાચા રસ્તા |
|---|---|
| માણાવદર | ૧૭ |
| વંથલી | ૨૯ |
| મેંદરડા | ૯ |

)૨) ઉકત રસ્તાની દરખાસ્ત ક્યારથી ક્યા કારણોસર પડ્તર છે, અને

)૩) ઉકત રસ્તાઓ ડામર સપાટીના થાય તે માટે શું આયોજન કરેલ છે?

)૨) અને )૩) સદર રસ્તાઓને મંજૂર કરવા માટે ભૌગૌલિક પરિસ્થિતિ, તાંત્રિક જરૂરીયાત અને નાણાકીય ઉપલબ્ધતાને ધ્યાને લઈ વિચારણા કરવામાં આવશે.

## તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

પાલીતાણા નગરપાલિકા હસ્તકના રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસ

15 / 4 / 150 શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા ) પાલીતાણા) માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧ / ૧૨ / ૨૦૨૩ની સ્થિતિએ પાલીતાણા નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | )૧) | તા.૩૧ / ૧૨ / ૨૦૨૩ની સ્થિતિએ રાજય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગના તા.૦૬ / ૦૨ / ૨૦૨૦ના ઠરાવથી પાલીતાણા નગરપાલિકા હસ્તકના રેલવે લેવલ ક્રોંસીગ નં ૩૧ ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ બનાવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે. |
| )૨) | જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | )૨) | ઉક્ત કામગીરી પ્રગતિ હેઠળ છે. જેની ભૌતિક પ્રગતિ ૪૪% તથા નાણાકીય પ્રગતિ ૩૪% થયેલ છે. |
| )૩) | આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને | )૩) | આ કામગીરી માટે કરારની કિંમત મુજબ રૂ.૨૬.૦૯ કરોડનો ખર્ચ થનાર છે. |
| )૪) | આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | )૪) | આ કામગીરી ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે |

**બનાસકાંઠા જિલ્લામાં બિપોરજોય વાવાઝોડાના અસરગ્રસ્તોને સહાય બાબત**

**15/4/7 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧ / ૧૨ / ૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત નુકશાન સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | )૧) |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | )૨) |
| )૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં | )૩) |

| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા | મંજૂર અરજીઓની સંખ્યા | સહાયની રકમ | ના-મંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વાવ | ૮૨૪ | ૭૨૮ | ૧,૨૨,૭૪,૩૦૦ | ૦ |
| ૨ | અમીરગઠ | ૬૮૪ | ૫૩૦ | ૫૪,૪૩,૬૫૦ | ૧૫૪ |
| ૩ | સુઇગામ | ૮૨૨ | ૨૮૬ | ૩૩,૮૮,૨૯૫ | ૫૩૬ |
| ૪ | પાલનપુર | ૮૮૫ | ૮૨૪ | ૧,૧૯,૭૬,૭૬૦ | ૬૧ |
| ૫ | ધાનેરા | ૫૪૯૪ | ૫૪૮૮ | ૧૧,૯૩,૯૩,૧૬૦ | ૬ |
| ૬ | લાખાણી | ૧૮૪૫ | ૧૭૮૩ | ૨,૯૫,૫૦,૫૭૫ | ૬૨ |
| ૭ | થરાદ | ૧૧૨૮૦ | ૧૧૦૦૬ | ૨૪,૫૬,૮૦,૦૯૦ | ૨૭૪ |
| ૮ | દિયોદર | ૨૯૧૪ | ૨૮૬૦ | ૬,૧૩,૪૮,૩૭૫ | ૫૪ |
| ૯ | વડગામ | ૧૦૫૭ | ૯૨૯ | ૭૮,૫૮,૧૫૦ | ૧૨૮ |
| ૧૦ | કાંકરેજ | ૭૯૫ | ૭૬૫ | ૧,૨૧,૦૧,૧૭૦ | ૩૦ |
| ૧૧ | દાંતા | ૧૬૮૫ | ૧૫૧૪ | ૧,૪૫,૯૬,૦૧૦ | ૧૭૧ |
| ૧૨ | ડીસા | ૧૭૮૧ | ૧૭૧૭ | ૨,૭૧,૨૨,૦૦૫ | ૬૨ |
| ૧૩ | દાંતીવાડા | ૧૯૫ | ૧૫૧ | ૨૪,૧૭,૪૦૦ | ૪૪ |
| ૧૪ | ભાભર | ૬૧૪ | ૩૧૦ | ૪૩,૬૭,૨૮૦ | ૩૦૪ |

આવી, અને

| | |
|---|---|
| )૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, તેનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે? | )૪) ડીસા તાલુકામાં ૦૨ અરજીઓ અને વાવ તાલુકામાં ૯૬ અરજીઓ પડતર છે. ડીસા તાલુકાની ૦૨ અરજીઓ અંગેની કાર્યવાહી આખરી તબક્કામાં છે જ્યારે વાવ તાલુકાની ૯૬ અરજીઓ અંગે તાકુલા વિકાસ અધિકારીશ્રી-વાવ કક્ષાએથી તાત્કાલિક દરખાસ્ત મેળવી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. |

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદમાં સાણંદ તાલુકાના ગામોની જમીન ભાડાપટ્ટે આપવા બાબત

15/4/40 શ્રી અમિત ચાવડા ) આંકલાવ) માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરી વિસ્તાર સત્તામંડળની હદમાં સાણંદ તાલુકના મણીપુર અને ગોધાવી ગામની કેટલી જમીન, ક્યા હેતુ માટે, કઈ સંસ્થાને, કેટલા વર્ષના ભાડાપટ્ટે, ક્યારે આપવામાં આવેલ, | )૧) | **પત્રક - અ** મુજબ. |
| )૨( | ઉક્ત સંસ્થાવાર આપવામાં આવેલ જમીનની સમિતિએ કેટલી કિંમત નક્કી કરેલ, | )૨) | **પત્રક - બ** મુજબ. |
| )૩( | ઉક્ત નક્કી કરેલ કિંમતમાં કેટલી રાહત કઈ સંસ્થાને આપવામાં આવેલ, અને | )૩) | સંસ્કાર ધામ સંસ્થાને કિંમતના ૫૦% મુજબ. |
| )૪( | ઉક્ત આપવામાં આવેલ જમીન પૈકી કઈ સંસ્થાની કેટલી જમીન અન્ય કઈ એજન્સી કે કંપનીને ક્યા હેતુસર તબદીલ કરવા ક્યારે મંજૂરી આપવામાં આવી? | )૪) | કોઇ નહીં. |

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નો
**પત્રક-અ**

| ક્રમ નં. | ગામનું નામ | ગામની કેટલી જમીન )ચો.મી.) | કયા હેતુ માટે | કઈ સંસ્થાને | કેટલા વર્ષ ભાડા પટ્ટે | ક્યારે આપવામાં આવી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ગોધાવી | ૮૬૧૯૩ | સામાજિક | સંસ્કારધામ | ૯૯ (નવ્વાણું) વર્ષના | ૨૮/૦૯/૨૦૨૨ |
| ૨ | ગોધાવી | ૨૨૫૪ | પાર્કિંગ, બિલ્ડિંગ મટિરીયલ્સ રાખવા | સંસ્કાર ધામ | ૧ (એક) વર્ષના | ૨૦/૦૭/૨૦૨૨ |
| ૩ | | ૮૫૯ | પાર્કિંગ, બિલ્ડિંગ મટિરીયલ્સ રાખવા | | ૧ (એક) વર્ષના | ૨૦/૦૭/૨૦૨૨ |
| ૪ | | ૧૯૬૯ | પાર્કિંગ, બિલ્ડિંગ મટિરીયલ્સ રાખવા | | ૧ (એક) વર્ષના | ૨૦/૦૭/૨૦૨૨ |
| ૫ | મણીપુર | ૪૬૫ | ખાણી-પીણી (ફાસ્ટ ફુડ) માટે | કિશોરભાઇ પોપટભાઇ પડસાળા | ૧ (એક) વર્ષના | ૨૯/૦૪/૨૦૨૩ |
| ૬ | ગોધાવી | ૨૦૫૯ | બિલ્ડિંગ મટિરીયલ્સ રાખવા | અંશ બિલ્ડકોન | ૧ (એક) વર્ષના | ૧૪/૦૭/૨૦૨૩ |
| ૭ | ગોધાવી | ૨૫૦૦ | સાઇટ ઓફિસ, લેબર કોલોની અને માલ-સામાન રાખવા | અનાયા ઈન્ફ્રોકોન પ્રા.લિ. | ૧ (એક) વર્ષના | ૧૨/૧૨/૨૦૨૩ |
| ૮ | ગોધાવી | ૨૫૦૦ | સાઇટ ઓફિસ, લેબર કોલોની અને માલ-સામાન રાખવા | રત્નભુમિ ડેવલોપર લિમિટેડ | ૧ (એક) વર્ષના | ૨૬/૧૨/૨૦૨૩ |

**પત્રક-બ**

| ક્રમ નં. | ફાળવણી કરેલ સંસ્થાનું નામ | જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | સમિતિ દ્વારા નક્કી કરેલ કિંમત (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સંસ્કારધામ | ૩૫૬૩૪ | ૨૯,૨૫૫/- |
| ૨ | | ૧૪૯૭૪ | ૧૯,૨૯૨/- |
| ૩ | | ૨૯૮૫૦ | ૩૦,૨૪૯/- |
| ૪ | | ૫૭૩૫ | ૩૪,૮૪૪/- |

**ગાંધીનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યાઓ**

૧૫/૪/૧૩૬ :શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ) દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | )૧) | ૧૭૫ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | )૨) | ૧૭૫ |
| )૩) | કેટલી જગ્યા ખાલી છે ? | )૩( | ૦૦ |

જંબુસર આમોદ વિસ્તારમાં નહેરમાં પાણી બાબત

15/4/226: શ્રી ડી.કે.સ્વામી) જંબુસર) :માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ જંબુસર આમોદ વિસ્તારમાં નર્મદાની નહેરમાં ટેઇલ સુધી પાણી પહોંચતું નથી, તે હકીકત સાચી છે, અને | )૧) | હા, જી |
| )૨) | જો, હા તો ઉકત સ્થિતિએ પાણી આપવા શું આયોજન કરેલ છે? | )૨) | બારાટ્રેક વિસ્તારમાં ખારાશવાળી જમીન હોવાથી ટેઇલ વિસ્તારોમાં નહેરો તુટી જાય છે. તજજ્ઞ સમિતિની ભલામણ અને સ્થાનિક લોકોની માંગણીને ધ્યાને લઇ જરૂરી સમારકામ કરવાનું આયોજન છે |

બેચરાજી તાલુકાની વિશાખા,પ્રશાખા અને પ્ર-પ્ર શાખા નહેરની બાકી કામગીરી

15/4/139: શ્રી સુખાજી સોમાજી ઠાકોર) બેચરાજી) :માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન | જવાબ

## તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિ એ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જીલ્લાના બેચરાજી તાલુકમાંથી પસાર થતી શાખા વિશાખા તેમજ તેની પ્રશાખા તથા પ્ર-પ્રશાખા નહેરનાં કામ કયા તબક્કે છે, અને | )૧) તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિ એ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જીલ્લાના બેચરાજી તાલુકામાંથી પસાર થતી શાખા,વિશાખા,પ્રશાખા અને પ્ર-પ્રશાખા ની માહીતી નીચે મુજબ છે. |

| અનુ | નહેર નો પ્રકાર | કુલ લંબાઇ (કિમી) | પુર્ણ થયેલ લંબાઇ (કિમી) | બાકી લંબાઇ (કિમી) |
|---|---|---|---|---|
| ૧ | શાખા | ૨૨.૦૨૧ | ૨૨.૦૨૧ | ૦.૦૦ |
| ૨ | વિશાખા | ૫૮.૮૧૪ | ૫૮.૮૧૪ | ૦.૦૦ |
| ૩ | પ્રશાખા | ૧૮૮.૬૭૬ | ૧૮૮.૬૭૬ | ૦.૦૦ |
| ૪ | પ્ર-પ્રશાખા | ૫૫૧.૪૯૯ | ૫૫૦.૫૮૭ | ૦.૯૧૨ |
| | કુલ | ૮૨૧.૦૧૦ | ૮૨૦.૦૯૮ | ૦.૯૧૨ |

| | | |
|---|---|---|
| )૨) | આ કામ કયાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે ? | )૨) ખેડૂતની સંમતિ મળ્યેથી શક્ય તેટલું વહેલુ પુર્ણ કરવાનું આયોજન છે. |

---------------------------------------

નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસુલાત.

15/4/34: શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ) વાંસદા): ચૌદમી ગુજરાત વિધાનસભાના દસમાં સત્રમાં તા.૧૭/૦૩/૨૦૨૨ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૪૩૭૩૩(અગ્રતા-૧૩૦) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| )૧) | સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર રાજયો મધ્યપ્રદેશ ,મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી અનુક્રમે રૂ.૪૯૫૩.૪૨, રૂ.૧૭૧૫.૬૭ અને રૂ.૫૫૬.૦૧ કરોડની રકમ લેવાની નીકળતી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા રાજ્ય પાસેથી કેટલી રકમ મળી, | )૧) દર્શાવેલ બાકી રકમો પૈકી ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ભાગીદાર રાજ્યો પાસેથી નીચે મુજબની રકમ મળેલ છે. (રકમ રૂ./ કરોડમાં) |

| રાજ્ય | મળેલ રકમ (રૂ./ કરોડમાં) |
|---|---|
| મધ્યપ્રદેશ | ૦.૦૦ |
| મહારાષ્ટ્ર | ૬૫.૬૭ |
| રાજસ્થાન | ૨૭.૩૧ |
| કુલ રકમ | ૯૨.૯૮ |

| | | |
|---|---|---|
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા રાજ્ય પાસેથી કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | )૨) ઉક્ત સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાના ભાગીદાર રાજયો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન પાસેથી કેપીટલ શેર કોસ્ટ અને ઓ.એન્ડ.એમ ની સાથે નીચે મુજબની રકમ વસુલ કરવાની બાકી રહે છે જેમાં બિન વિવાદીત અને વિવાદીત રકમનો સમાવેશ થાય .છે.રૂ. કરોડમાં) |

| રાજય | તા.૩૧/૧૨/૨૧ ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ | તા.૧/૧/૨૨ થી ૩૧/૧૨/૨૩ આ સમયગાળા દરમ્યાન સરદાર સરોવર પરિયોજના પેટે લેવાની થતી રકમ. માં થયેલ વધારો. | મળેલ રકમ | ૩૧/૧૨/૨ ની સ્થિતિએ ગુજરાત સરકારે લેવાની થતી રકમ ૫=૨+૩-૪) |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| મધ્યપ્રદેશ | ૪૯૫૩.૪૨ | ૨૭૨.૦૯ | ૦.૦૦ | ૫૨૨૫.૫૧ |
| મહારાષ્ટ્ર | ૧૭૧૫.૬૭ | ૧૨૮.૮૬ | ૬૫.૬૭ | ૧૭૭૮.૮૬ |
| રાજસ્થાન | ૫૫૬.૦૧ | ૪૩.૧૪ | ૨૭.૩૧ | ૫૭૧.૮૪ |
| **કુલ રકમ** | **૭૨૨૫.૧૦** | **૪૪૪.૦૯** | **૯૨.૯૮** | **૭૫૭૬.૨૧** |

| | | |
|---|---|---|
| )૩) | ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી? | )૩) અદ્યતન સ્થિતિએ લેવાની બાકી રકમ વસુલાત માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.<br>૧.નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની ખર્ચ વહેંચણી અને ચુકવણાના પ્રશ્નોને લગતી કમિટીની તા. ૦૮/૧૦/૨૦૨૧ ના રોજ યોજાયેલ પ્રથમ મિંટીંગમાં બાકી લેણી નીકળતી રકમ મેળવવા અને તેના ઝડપી નિરાકરણ અર્થે રજૂઆત કરવામાં આવેલ જેના પરીણામ સ્વરૂપે, એના સી.એ. દ્રારા દરેક ભાગીદાર રાજયના પ્રતિનિધિઓનો સમાવેશ કરી વિવિધ સબગ્રુપની કમિટિઓની રચના કરવામાં આવેલ.<br>૨.નર્મદા કન્ટ્રોલ ઓથોરીટી ખર્ચ-વહેંચણી-ચુકવણીના પ્રશ્નો બાબતની પુન: સ્થાપન - |

## માઘ ૧૩, ૧૯૪૫ શાકે

## અતારાંકિત પ્રશ્નો

પર્યાવરણ બાબતોના સબગ્રુપ કમિટીની તા. ૧૧/૦૧/૨૦૨૨ ના રોજ યોજાયેલ મિટીંગમાં સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે બાકી લેણી નીકળતી રકમની પડોશી રાજયો દ્વારા ચુકવણી થાય તે અંગે રજૂઆત કરેલ હતી.

૩. પુન: સ્થાપન અને પુન: વસવાટ ખર્ચના વિવાદના નિવારણ અંગે ગુજરાત સરકાર દ્વારા સદરહું બાબતે તા. ૨૯/૧૧/૨૦૨૧ ના રોજ ગુજરાત સરકારના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની કક્ષાએથી ભારત સરકારશ્રીના માનનીય કાયદા વિભાગના મંત્રીશ્રી કિરણ રીજ્જુને પત્ર લખી આ અંગે રજૂઆત કરવામાં આવેલ હતી.

૪. નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીના ખર્ચ-વહેંચણી-ચુકવણીના પ્રશ્નો બાબતની સીવીલ વર્કસ – IBPT ના ઓપરેશનને લગતાં સબગ્રુપ કમિટીની તા. ૧૧/૦૪/૨૦૨૩ ના રોજ યોજાયેલ મિંટીંગમાં સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે બાકી લેણી નીકળતી રકમની પડોશી રાજયો દ્વારા ચુકવણી થાય તે અંગે રજૂઆત કરેલ હતી.

૫. નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીની તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ યોજાયેલ ૯૪મી મિંટીંગમાં, સરદાર સરોવર નર્મદા યોજના અન્વયે બાકી લેણી નીકળતી રકમની પડોશી રાજયો દ્વારા ચુકવણી થાય તે અંગે રજૂઆત કરેલ હતી.

૬. વધુમાં NCA ની તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ યોજાયેલ ૯૪ મીટિંગમાં, પુન:સ્થાપન, પુન:વસવાટના વિવાદના નિરાકરણ માટે NCA દ્વારા, એટર્ની જનરલ સમક્ષ રજૂઆત કરવા અંગે નિર્ણય લેવામાં આવેલ જે મુજબ NCA દ્વારા આ બાબતની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

૭. નિગમ કક્ષાએથી દર માસના અંતે, ત્રણેય ભાગીદાર રાજ્યો એટલે કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને સરદાર સરોવર પરિયોજના ના બાકી લેણાંની ચુકવણી અંગે વિગતવાર પત્રકો સહીત પત્રો લખવામાં આવેલ છે.

૮.સંચાલકશ્રી (નહેરો), સ.સ.ન.નિ.લી. દ્વારા તા.૦૯/૦૮/૨૦૨૩ ના પત્રથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર રાજ્ય અને રાજસ્થાન રાજ્યને તા.૨૩/૦૮/૨૦૨૩થી પત્ર લખવામાં આવેલ છે.

### ગાંધીનગર જિલ્લામાં પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યા

**૧૫/૪/૧૩૫** : શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી ) કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પશુધન નિરીક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | )૧) | ૧૪ |
| )૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને | )૨) | ૧૧ |
| )૩) | કેટલી જગ્યાઓ ખાલી છે ? | )૩( | ૦૩ |

---

### સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ

**<#M / 15/4/118 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા) હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, | )૧) | ૪૮૬૮ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને | )૨) | પાડવામાં આવેલ નોંધો: ૬૦૮૩૮<br>મંજૂર કરેલ નોંધો: ૫૪૩૫૩<br>નામંજૂર કરેલ નોંધો: ૧૬૧૭ |

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૬૦૮૩૮ |
| મંજૂર કરેલ નોંધો | ૫૪૩૫૩ |
| નામંજૂર કરેલ નોંધો | ૧૬૧૭ |

(૩) નામંજૂર કરવાના કારણો શાં છે? )૩)

| | |
|---|---|
| )૧) | વેચાણ નોંધમાં ખેડૂત ખાતેદારના પુરાવા રજૂ કરવામાં આવેલ ન હોય. |
| )૨) | વેચાણ નોંધ સમયે સવાલવાળી જમીન બોજામાં હોય |
| )૩) | વેચાણવાળી જમીનનું ટાઇટલ ક્લીયર ન હોય તો. |
| )૪) | વેચાણવાળી નોંધમાં ટુકડાધારાનો ભંગ થતો હોય |
| )૫) | પૈકી વેચાણમાં તમામ ખાતેદારોની સંમતિ ન હોય |
| )૬) | વારસાઇ નોંધમાં પેઢીનામુ તથા સોગંધનામુ સુસંગત ન હોય |
)૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

)૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચાયત પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ**

**૧૫/૪/૧૫:** શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ) પાટણ): માનનીય મુખ્યમંત્રીશ્રી)પંચાયત( જણાવવા કૃપા કરશે કેઃ-

**ક્રમ** **પ્રશ્ન** **જવાબ**

(૧) પંચાયત પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧)

| વર્ષ | બજેટમાં જોગવાઇ) રૂ.લાખમાં( |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૩૪૯૪૪.૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૫૭૮૨૦૬.૦૫ |

)૨( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉકત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી

)૨(

| વર્ષ | ફાળવેલ રકમ) રૂ.લાખમાં( |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬૦૨૬૧.૮૩ |
| ૨૦૨૨-૨૩ | ૭૮૫૭૬૬.૩૬ |

)૩( ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

)૩(

| વર્ષ | વપરાયેલ રકમ) રૂ.લાખમાં( |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૫૯૪૭૭.૨૫ |
| ૨૦૨૨-૨૩ | ૭૬૫૧૯૧.૧૮ |

| વર્ષ | વણવપરાયેલ રકમ) રૂ.લાખમાં( |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૮૪.૫૮ |
| ૨૦૨૨-૨૩ | ૨૦૫૭૫.૧૮ |

વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.
નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩માં જે દરખાસ્ત આધારીત ખર્ચ હોય તે જીલ્લાઓ પાસેથી અપેક્ષિત કરતા ઓછી દરખાસ્ત મળતા, મંજૂર જગ્યાઓ ના ભરાવાના કારણે, પેશગી માટે દરખાસ્ત ના મળવાના કારણે તથા ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્બારા ભરતી પ્રક્રિયા ના થવાના કારણે ફાળવેલ રકમ વણવપરાયેલ રહેલ છે

## ખાણ અને ખનીજ પ્રભાગ માટે નાણાકીય જોગવાઈ

15/4/21 શ્રી તુષાર અમરસિંહ ચૌધરી ) ખેડબ્રહ્મા (: માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

)૧) ખાણ અને ખનીજ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

)૧) ખાણ અને ખનીજ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર બજેટમાં કરેલ જોગવાઈની વિગતો નીચે મુજબ છે.

)રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૧૮૭૧૧.૨૮ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૩૯૩૧.૦૬ |

)૨) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

)૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

) રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૨૧૩૮૯.૪૫ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૨૩૭૩.૦૧ |

)૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

)૩) ફાળવેલ રકમ પૈકી વર્ષવાર થયેલ ખર્ચ તથા વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.

) રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ | બચત રહેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૨૧૨૩૨.૬૪ | ૧૫૬.૮૧ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૯૩૭.૩૬ | ૧૪૩૫.૬૫ |

વર્ષ ૨૦૨૧-૨૨માં વણવપરાયેલ રકમના કારણો:

- તા.૩૧.૦૩.૨૦૨૨ ની સ્થિતિએ વર્ગ-૧ થી ૪ની કુલ ૮૭૦ મંજૂર જગ્યાની સામે ૩૮૩ જગ્યા ભરાયેલ હતી તથા ૪૮૭ જગ્યા ખાલી રહેલ હતી.

- કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થવાના બાકી હોવાના કારણે બચત રહેલ છે.
- પ્રયોગશાળાના ખરીદવામાં આવનાર જુદા-જુદા સાધનોના સ્પેસિફીકેશન તેમજ અન્ય બાબતો/શરતો નક્કી કરાવવાના થતાં હોઇ તે અંગે આંતરિક કમિટી તરફથી મંજૂરી મળ્યા બાદ GeM પોર્ટલ પર બીડ બનાવવાની કાર્યવાહી કરવામાં તથા આગળની જરૂરી કાર્યવાહી કરવાને કારણે સમયમર્યાદામાં ખરીદી થઈ શકેલ ન હોવાથી બચત રહેલ હતી.

વર્ષ ૨૦૨૨-૨૩માં વણવપરાયેલ રકમના કારણો:

- કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર થવાના બાકી હોવાના કારણે બચત રહેલ છે.
- ખાલી જગ્યાઓ ન ભરાવાના કારણે બચત રહેલ હતી.
- ગ્રેનાઇટ, બ્લેકટ્રેપ, બેંટોનાઇટ, ચાઇના કલે પોલીસી મંજૂર ન થવાથી બચત રહેલ હતી.
- Special Purpose Vehicleએ ગુજરાત સરકાર અને GMDC ના સંયુક્ત સાહસ તરીકે નિર્માણ પામનાર કંપની હોઈ તેના રજીસ્ટ્રેશન કરવાના થાય અને મેમોરેન્ડમ ઓફ એસોસિએશન તથા તે માટે પેઈડ અપ કેપિટલ વગેરે તૈયાર કરવાના થાય જેને આધારે સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી ભરપાઈ કરવાની પ્રક્રિયા થઈ શકે. આ તમામ બાબતો કાર્યવાહી હેઠળ હોવાના કારણે બચત રહેવા પામેલ છે.
- પ્રયોગશાળાના ખરીદવામાં આવનાર જુદા-જુદા સાધનોના સ્પેસિફીકેશન તેમજ અન્ય બાબતો/શરતો નક્કી કરાવવાના થતાં હોઇ તે અંગે આંતરિક કમિટી તરફથી મંજૂરી મળ્યા બાદ GeM પોર્ટલ પર બીડ બનાવવાની કાર્યવાહી કરવામાં તથા આગળની જરૂરી કાર્યવાહી કરવાને કારણે સમયમર્યાદામાં ખરીદી થઈ શકેલ ન હોવાથી બચત રહેલ હતી.

-------------

**ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

સન ૨૦૨૩-૨૪ના વર્ષના ખર્ચનું પૂરક પત્રક

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉં છું.

**ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.**

**અંદાજપત્રની રજૂઆત**

**સન ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવા માટે ઊભો થયો છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : વિકસિત ભારતની આ સંકલ્પનામાં ગુજરાત અગત્યનો ફાળો ભજવી દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે...

અધ્યક્ષશ્રી : એક સેકન્ડ, માનનીય મંત્રીશ્રી, લોગ ઇન કરો. જે માનનીય મંત્રીશ્રી બોલે છે એ અહીંથી બધા સભ્યશ્રીઓને પણ દેખાય અને મીડિયાને પણ ત્યાં આગળ આપ્યું છે ત્યાં દેખાય. મંત્રીશ્રી, આપ ચાલુ રાખો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય.આપણા મૃદુ અને મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇનું સપનું છે કે, આપણું ગુજરાત ફાઇવ-જી ગુજરાત બને. તેઓની ફાઇવજી ગુજરાતની કલ્પના છે. ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત. ગરવી ગુજરાત એટલે કે એવું ગુજરાત કે જે અન્ય પ્રદેશથી શ્રેષ્ઠ હોય. ગુણવંતુ ગુજરાત એટલે એવું રાજ્ય કે જેના નાગરિકોનું જીવન મૂલ્યનિષ્ઠ હોય અને સાંસ્કૃતિક વારસાના જતન સાથે, પર્યાવરણ સાથે સમદષ્ટિ સાધી જીવન જીવતા હોય. ગ્રીન ગુજરાત કે જેમાં રિન્યુએબલ ઊર્જા અને સરક્યુલર ઇકોનોમિને પ્રાધાન્ય હોય. ગ્લોબલ ગુજરાત એટલે કે જે સમગ્ર વિશ્વ સાથે આર્થિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલ હોય. ગતિશીલ ગુજરાત એટલે કે, જેનો વૃદ્ધિદર અન્ય પ્રદેશો કરતાં વધુ હોય અને તે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિમાં પણ આર્થિક રીતે અગ્રેસર રહે. આમ, ગરવી ગુજરાતનું વિકાસતંત્ર ગુણવંતુ હોય, ગ્રીન અર્થતંત્રની સાથે તે ગ્લોબલ હબ બને અને સમય સાથે ગતિશીલ રહે એ અમારો ધ્યેય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના સર્વાંગી વિકાસ અને સમરસ સમાજની રચના માટે માનનીય વડાપ્રધાનશ્રી.....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, લોગીન થતું નથી, સ્પીડ સ્લો છે તો બુકલેટ આપે તો બુકલેટના આધારે અમે જોઇ શકીએ.

અધ્યક્ષશ્રી : બંને કરાવો. તમે લોગઇન પણ ચાલુ રાખો. જેને બુકમાંથી જોવું હોય તે જુએ. અહીંયા અને મીડિયાવાળા ભાઇઓને બુક પણ આપી શકો છો. અહીં પણ આપો. બંને જગ્યાએ આપો. જેને જે અનુકૂળતા લાગે તેનો ઉપયોગ કરે. આપ કન્ટીન્યુ કરો. આપ ચાલુ રાખો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતે છેલ્લાં બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ કરી,જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯%નો વિકાસદર હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં દેશના જી.ડી.પી.માંરાજયનો ફાળો ૫.૧ %હતો,જે આજે વધીને ૮.૨ %થયેલ છે. આમ,ગુજરાતદેશના વિકાસમાં પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી, દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે.રાજયની આ વિકાસયાત્રાના પ્રણેતા અને ગુજરાતના પનોતાપુત્ર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિતભારત@૨૦૪૭નું આહ્વાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં,ગુજરાત અગત્યનો ફાળો ભજવી,દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકારનું ધ્યેય છે.

“એક પૃથ્વી,એક પરિવાર,એક ભવિષ્ય”ના સૂત્ર સાથે ભારતના નેતૃત્વમાં આયોજિત જી-૨૦ સંમેલનમાં વિશ્વ કલ્યાણ માટેની ભારતની પ્રતિબદ્ધતાનોસમગ્ર વિશ્વેસ્વીકારકરેલ છે.આજે ભારત વિશ્વના આર્થિક વિકાસનું કેન્દ્રબિંદુ જ નહી,પણ સાચા અર્થમાં વિશ્વમિત્ર બન્યું છે. જી-૨૦ના વિવિધકક્ષાના ૧૭ જેટલા કાર્યક્રમોનું આયોજન કરી,ગુજરાતે સમગ્ર વિશ્વને પોતાની આર્થિક અને સામાજિક સમૃદ્ધિ તેમજ સાંસ્કૃતિક વારસાનો પરિચય આપ્યો છે.

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્રની રજૂઆત

નાનકડી શરૂઆતથી પોતાની સફરના ૨૦ વર્ષ પૂર્ણ કરી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે એક વિશ્વસ્તરીય પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. વિનાશમાંથી વિકાસ,નિરાશામાંથી આશા અને આપદાને અવસરમાં ફેરવવાની નરેન્દ્રભાઈની કુનેહના કારણે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આજે રાજયની એક વિશિષ્ટ ઓળખ બન્યું છે.અમૃતકાળનીપ્રથમ એવી૧૦મી વાઈબ્રન્ટ સમિટમાં ૪ દેશોના રાષ્ટ્રાધ્યક્ષો,૪૦ દેશોના મંત્રીશ્રીઓ,૧૪૦થી વધુ દેશોના પ્રતિનિધિ મંડળો અને સંખ્યાબંધ ઉદ્યોગપતિઓએ ભાગ લઇ ગુજરાતની આ વિકાસયાત્રામાં જોડાવવાનો સંકલ્પ વ્યકત કર્યો છે,જે આપણા સૌ માટે આનંદની વાત છે.

આપણા મૃદુ પણ મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનું સ્વપ્નું છે કે,આપણું ગુજરાત 5-Gગુજરાત બને. તેઓની 5-G ની કલ્પના છે- ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત,ગ્રીન ગુજરાત,ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત! ગરવી ગુજરાત એટલે કે એવું ગુજરાત કે જે અન્ય પ્રદેશોથી શ્રેષ્ઠ હોય. ગુણવંતુ ગુજરાત એટલે એવુ રાજય કે જેના નાગરિકોનું જીવન,મૂલ્યનિષ્ઠ હોય અને તેઓ સાંસ્કૃતિક વારસાના જતન સાથે પર્યાવરણ સાથે સામંજસ્ય સાધી જીવન જીવતા હોય. ગ્રીન ગુજરાત કે જેમાં રિન્યુએબલ ઊર્જા અને સરક્યુલર ઇકોનોમીને પ્રાધાન્ય હોય અને ગ્લોબલ ગુજરાત કે જે સમગ્ર વિશ્વ સાથે આર્થિક અને સાંસ્કૃતિક રીતે જોડાયેલું હોય. ગતિશીલ ગુજરાત એટલે કે જેનોવૃદ્ધિ દર અન્ય પ્રદેશો કરતા વધુ હોય અને તે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓમાં પણ આર્થિક રીતે અગ્રેસર રહે. આમ,***ગરવી*** ગુજરાતનું વિકાસતંત્ર ***ગુણવંતુ*** હોય,***ગ્રીન*** અર્થતંત્રની સાથે તે ***ગ્લોબલ*** હબ બને,સમય સાથે ***ગતિશીલ*** રહે તે અમારો ધ્યેય છે.

ભારતના સર્વાંગી વિકાસ અને સમરસ સમાજની રચના માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમાજના ચાર વર્ગો-જ્ઞાન(GYAN) એટલે કે ગરીબ,યુવા,અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ પર ભાર મૂકેલ છે. આર્થિક વિકાસ અને સામાજિક સુરક્ષાના સુગમ સંયોગથી છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તેમજ તેમની આવક વધે તે સુનિશ્ચિત કરવાનું અમે નક્કી કર્યું છે.

રાજયની મોટાભાગની વસતિ હાલમાં ૧૮થી ૬૦ વર્ષના વયજૂથમાં આવે છે અને આ વર્ગને અસરકારક રીતે રોજગારી આપવામાં આવે તો જ રાજયને ડેમોગ્રાફિક ડિવીડન્ડનો લાભ મળે તેમ છે. છેલ્લાં બે દશકના ઝડપી વિકાસના કારણે વિકાસની નવી ક્ષિતિજો ખુલતાં,રાજયમાં રોજગારીની વિપુલ તકો સર્જાયેલ છે. રોજગારીની આ તકોનો લાભ લેવા શિક્ષણ અને કૌશલ્યવર્ધન દ્વારા યુવાનોને સુસજ્જ કરવામાં આવશે. આ સાથે,ગ્રામીણ ક્ષેત્રોનો વિકાસ અને અન્નદાતાઓનું સન્માન કરી કૃષિક્ષેત્રની ઉત્પાદકતા વધારવાનું અમારી સરકારનું ધ્યેય છે.

ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે **"यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः।"** આધુનિક સમાજના વિકાસ માટે મહિલાઓની અગત્યની ભૂમિકા છે,જેથી દરેક ક્ષેત્રમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા સરકારે વિવિધ પગલાં લીધેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે "નારી શક્તિ વંદન અધિનિયમ" લાવી લોકસભા અને વિધાનમંડળોમાં મહિલાઓને ૩૩%પ્રતિનિધિત્વ આપવાનો ઐતિહાસિક નિર્ણય કરેલ છે,જેનાથી મહિલા સશક્તિકરણને વેગ મળશે. મહિલાઓના પોષણ,આરોગ્ય અને શિક્ષણનેસુદૃઢ કરી તેમનો આર્થિક વિકાસ કરવા તેમજ તેઓને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા,આગામી વર્ષના બજેટમાં વિવિધ જોગવાઇઓમાં નોંધપાત્ર વધારો સૂચવવામાં આવેલ છે.

આમ,અમારી સરકારના દરેક આયોજન અને કાર્યક્રમોમાં ગરીબ,યુવા,અન્નદાતા અને નારીશક્તિ(GYAN)ને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

*વિકસિત ભારત@૨૦૪૭* માટે ગુજરાતની દિશા નક્કી કરી,રાજયના ૭ કરોડ ગુજરાતીઓના સ્વપ્નો અને આકાંક્ષાઓને મૂર્તિમંત કરવા,*વિકસિત ગુજરાત@૨૦૪૭*નો વિઝન ડોક્યુમેન્ટ અમારી સરકારે બહાર પાડેલ છે. અત્યાર સુધી થયેલ વિકાસને પાયામાં રાખીને,આ દસ્તાવેજમાં અમૃતકાળના આગામી ૨૫ વર્ષ માટે રાજયના ભાવિના લક્ષ્યાંકો નક્કી કર્યા છે. આ વિઝન ડોક્યુમેન્ટ સર્વ પ્રથમ તૈયાર કરી ગુજરાતે બીજા રાજ્યોને વિકાસની નવી રાહ ચીંધી છે.

*વિકસિત ગુજરાત@૨૦૪૭*ની આ સંકલ્પનાના બે મુખ્ય પાયા છે. વિશ્વકક્ષાની ઉચ્ચ સગવડોયુકત જીવનસ્તર ઉપલબ્ધ કરાવી રાજયના દરેક નાગરિકને સમૃદ્ધ જીવન(Living Well) આપવું,તેપ્રથમ પાયો છે. આર્થિક વિકાસના યોગ્ય સંસાધનો ઉપલબ્ધ કરાવી દરેક કુટુંબની સમૃદ્ધ આવક(Earning Well)સુનિશ્ચિત કરવી,તેદ્વિતીય પાયો છે. વિશ્વસ્તરીય આંતરમાળખાકીય સગવડો સાથેટકાઉ અને રહેવાલાયક વસવાટો(Sustainable &livable habitation) પૂરા પાડી,સુશાસનના માધ્યમથી આ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાની અમારી સરકારની નેમ છે.

સ્વસ્થ અને સશકત નાગરિક સમાજના વિકાસની આધારશિલા છે.વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે યોગ્ય પોષણ,શિક્ષણ અને આરોગ્ય જરૂરી છે. સમૃદ્ધ જીવન માટે આ ત્રણેય પાસાઓને વિકાસના કેન્દ્રમાં રાખી નાગરિકો સાથે મળી સહિયારો પુરૂષાર્થ કરવાનો અમારી સરકારનો નિર્ધાર છે. સરકારના આ નિશ્ચયને નક્કર સ્વરૂપ આપતા વિવિધ વિભાગોની

પોષણલક્ષી યોજનાઓમાં નોંધપાત્ર વધારો કરવાનો સરકારે નિર્ણય કરેલ છે .ચાલુ વર્ષની અંદાજે₹૩૨૦૦ કરોડની જોગવાઇ સામે પોષણલક્ષી યોજનાઓમાં આગામી વર્ષ માટે ₹૫૫૦૦ કરોડની માતબર જોગવાઇ સૂચવું છું.

બાલ્યકાળથી જીવનની દરેક અવસ્થાને અનુરૂપ પોષણક્ષમ આહાર મળે તે દરેક વ્યકિત,ખાસ કરીને બાળકો અને માતાઓની શારીરિક અને માનસિક તંદુરસ્તી માટે ખૂબ જ જરૂરી છે. આજના નાગરિકોના પોષણને વધારે સુદ્દઢ બનાવી આવનારી પેઢીને વધારે સક્ષમ બનાવવા હું **સુપોષિત ગુજરાત મિશન**ની જાહેરાત કરું છું. આ મિશનમાં બાળકો,કિશોરીઓ અને મહિલાઓ કેન્દ્રસ્થાને હોઇ તેઓનું પોષણ સુનિશ્ચિત કરવું તે અમારો સામાજિક સંકલ્પ છે. આ મિશન અંતર્ગત પોષણલક્ષી યોજનાઓમાં લાભાર્થીઓનો વ્યાપ વધારવામાં આવશે,નવી યોજનાઓ શરૂ કરવામાં આવશે તેમજ લાભાર્થીઓને મળતી સહાયમાં નોંધપાત્ર વધારો કરી દરેક આયુ વર્ગના બાળકો અને મહિલાઓ માટે યોજનાકીય માળખું વધારે સુદ્દઢ કરવામાં આવશે.

*વિકસિત ગુજરાત@૨૦૪૭*ની સંકલ્પનામાં કિશોરીઓની ભૂમિકા મહત્વની છે. ભવિષ્યની માતૃશક્તિના સ્વરૂપમાં સ્વસ્થ અને શિક્ષિત સમાજના નિર્માણમાં તેઓનું યોગદાન અમૂલ્ય છે .તેમના પોષણ,આરોગ્યઅને શિક્ષણને પ્રોત્સાહન આપવા હું "**નમો લક્ષ્મી યોજના**"ની જાહેરાત કરું છું. સરકારી,અનુદાનિત અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરનાર પાત્રતા ધરાવતી અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીનીઓને ધોરણ-૯ અને ૧૦ માટે વાર્ષિક ₹૧૦ હજાર તેમજ ધોરણ-૧૧ અને ૧૨ માટે વાર્ષિક ₹૧૫ હજારની સહાય આપવામાં આવશે. આમ,આ યોજના હેઠળ ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યેથી કુલ ₹૫૦ હજારની સહાય મળવાપાત્ર થશે.

**નમો લક્ષ્મી યોજના**થી ધોરણ ૯ થી ૧૨માં કન્યાઓનો પ્રવેશ વધશે,તેઓ અભ્યાસ પૂરો કરશે અને તેથી મહિલા શિક્ષણ તેમજ પોષણને ઉત્તેજન મળશે. વધુમાં,આ યોજનાના અમલીકરણથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રની જેમ માધ્યમિક શિક્ષણમાં પણ સાર્વત્રિક નામાંકન હાંસલ કરી શકાશે. આ યોજના માટે હું આગામી વર્ષમાં**₹૧૨૫૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

રાજયમાં દર વર્ષે અંદાજે ૧૨ લાખ જેટલા બાળકોનો જન્મ થાય છે. સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહાર મળી રહે અને તેમના આરોગ્યની જાળવણી થાય તે અમારી સરકારની પ્રાથમિકતા છે. માતાઓ અને બાળકોના પોષણ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં એક હજાર દિવસ માટે રાશન ઉપલબ્ધ કરાવતી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના જાહેર કરેલ હતી. આ યોજના અંતર્ગત અંદાજે વાર્ષિક ₹૩૦૦ કરોડના ખર્ચે ૫ લાખથી વધુ મહિલાઓને વધારાનું રાશન આપવામાં આવી રહેલ છે.

સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને વધારે સુદ્દઢ કરી તેમને સક્ષમ બનાવવા હું "**નમોશ્રી યોજના**"ની જાહેરાત કરું છું. આ યોજના અંતર્ગત SC, ST, NFSA, PM-JAYસહિતના ૧૧ જેટલા માપદંડોમાં આવતી સગર્ભા બહેનોને ₹૧૨ હજારની સહાય આપવામાં આવશે. આ યોજનાથી પોષણની સાથે માતા તથા નવજાત શિશુને આરોગ્ય સુરક્ષા પ્રદાન કરવામાં આવશે. આ યોજના માટે આગામી વર્ષમાં હું **₹૭૫૦ કરોડ**ની જોગવાઇ સૂચવું છું.

હાલની વિવિધ પોષણલક્ષી યોજનાઓમાં નોંધપાત્ર ફેરફારો કરવાનુંપણ સરકારે નક્કી કર્યું છે. દૂધ સંજીવની યોજના હેઠળ શાળાઓમાં અપાતા દૂધમાં ફેટનું પ્રમાણ ૧.૫% થી વધારી ૪.૫% કરવામાં આવશે તથા દરેક લાભાર્થી બાળક અને મહિલાને અઠવાડિયામાં પાંચ દિવસ દૂધ આપવામાં આવશે. પી.એમ.પોષણ યોજના અંતર્ગત શાકભાજી,મરી-મસાલા તેમજ ગોળ વગેરે માટે અપાતી વિદ્યાર્થીદીઠ સહાયમાં પણ ૬૦% જેટલો વધારો કરવાની હું જાહેરાત કરું છું.

પી.એમ.પોષણ યોજના અંતર્ગત ચાલતી મધ્યાહન ભોજન યોજનામાં ભોજનની ગુણવત્તા વધારવા વિવિધસ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ચાલુ કરેલ વ્યવસ્થાના સારા પરિણામો મળેલ છે. આ વ્યવસ્થાને આગળ વધારતાં ૭૮ આદિજાતિ અને પછાત તાલુકાઓમાં સેન્ટ્રલાઇઝ કિચનનું આયોજન કરવામાં આવશે. આ તાલુકાઓમાં આવેલ સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાઓમાં પણ સેનટ્રલાઇઝકિચન મારફત મધ્યાહન ભોજન યોજના તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

આરોગ્ય ચકાસણી દ્વારા પોષણની દ્દષ્ટિએ ગંભીર ઉણપ ધરાવતા બાળકોને અલગ તારવી તેઓની ભોજન તેમજ આવશ્યક પોષકતત્વોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આપવામાં આવતા વિશિષ્ટ પોષણક્ષમ આહાર (બાલ અમૃતમ)નો વ્યાપ વધારવામાં આવશે .આ યોજના અંતર્ગત હવે આંગણવાડી સાથે પ્રાથમિક શાળાના ધોરણ-૧થી ૮ સુધીનાં બાળકોને આવરી લેવામાં આવશે.

ત્રણ થી પાંચ વર્ષનાં બાળકો માટે આંગણવાડીઓમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ ઉપરાંત પોષણક્ષમ આહાર આપવામાં આવે છે. આંગણવાડીઓને વધારે કાર્યક્ષમ બનાવવા હાલની વ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફાર સાથેની ₹૧૮૦૦ કરોડના ખર્ચે અમલી બનનાર આંગણવાડી ૨.૦ યોજનાની હું જાહેરાત કરું છું. આ યોજના અંતર્ગત આગામી ૩ વર્ષમાં અદ્યતન ટેકનોલોજી સાથે ૮ હજાર નવી આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે અને ૨૦ હજાર આંગણવાડીઓને આઇ.ટી. કનેક્ટિવિટી પૂરી પાડી સ્માર્ટ

આંગણવાડી બનાવવામાં આવશે. સેન્ટ્રલ રિસોર્સ સેન્ટર ઊભું કરી પ્રિ-પ્રાઈમરી લર્નિંગને નવતર શિક્ષણ સામગ્રી મારફત વધારે રસપ્રદ બનાવવામાં આવશે.

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને કેશલેસ આરોગ્ય સુવિધા આપવા માટે શરૂ કરાયેલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના(PM-JAY) હેઠળ હવે ૧૦ લાખ સુધીની સારવાર મળવાપાત્ર છે. આ યોજના માટે રાજ્યમાં ૨૫૩૧ હોસ્પિટલ એમ્પેનલ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ આગામી વર્ષે ₹૩૧૦૦ કરોડની જોગવાઇ સૂચવું છું.

કેન્સર જેવી ગંભીર બીમારીના દર્દીઓને સારવાર આપવા અમદાવાદ ખાતેગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવામાં આવેલ છે, જ્યાં રાજ્યના દર્દીઓની સાથે પડોશી રાજ્યોના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. કેન્સરના દર્દીઓને અત્યાધુનિક સારવાર ઉપલબ્ધ કરાવવા અંદાજે ₹૬૦૦ કરોડના ખર્ચે કેન્સર ઇન્સ્ટીટ્યુટ ખાતે સાઈક્લોટ્રોન પ્રોજેક્ટ ફોર ન્યુક્લીયર મેડિસીન અને પ્રોટોન બીમ થેરાપી કાર્યરત કરવાના સરકારના નિર્ણયની હું જાહેરાત કરું છું.

એકવીસમી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે જેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઇ.ટી. અને સંલગ્ન તકનીકો મહત્વનો ભાગ ભજવવાની છે. વધુમાં ઉચ્ચ કક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહ(STEM)નું શિક્ષણ જરૂરી છે . વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે હું **"નમો સરસ્વતી યોજના"**ની જાહેરાત કરું છું. આ યોજના અંતર્ગત,ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને,ધોરણ-૧૧માં ₹૧૦ હજાર અને ધોરણ-૧૨ માં ₹૧૫ હજાર મળી કુલ ₹૨૫ હજારની સહાયઆપવામાં આવશે. આ યોજનાથીઆગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨ લાખથી વધી ૫ લાખ થવાની ધારણા છે. આ યોજના માટે આવતા વર્ષે અંદાજે ₹૪૦૦ કરોડનો ખર્ચ થશે.

રાજ્યની મોટાભાગની સરકારી પ્રાથમિક શાળાઓ ભૌતિક સગવડોસાથે સ્માર્ટ અને ડિજિટલ બની છે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ નવા ઓરડાઓ, સ્માર્ટ કલાસરૂમ અને શાળાઓને કોમ્પ્યુટરથી સુસજ્જ કરવાની કાર્યવાહી હાલમાં થઈ રહેલ છે. સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાઓને પણ ભૌતિક સગવડો તેમજ સ્માર્ટ કલાસરૂમથી સજ્જ કરવા ₹૨૦૦૦ કરોડનાં ખર્ચે મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ ૨.૦ અમલી કરવામાં આવશે.વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને શાળાઓનીકામગીરીનું અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી રિઅલ ટાઇમ મોનિટરિંગ કરવા દેશનું સર્વપ્રથમ**"વિદ્યા સમીક્ષા કેન્દ્ર"**ગુજરાતમાં શરૂ કરવામાં આવેલ છે. દેશ-વિદેશના ઘણા મહાનુભાવોએ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લઇ તેને શિક્ષણ ક્ષેત્રે સમગ્ર દેશ અને વિકાસશીલ દેશો માટે એક અનુસરણીય મૉડેલ ગણાવ્યું છે.

તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૭માં નિર્મળ ગુજરાત યોજના શરૂ કરેલ હતી. મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિના વર્ષે સ્વચ્છ ભારતના રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત થયેલ છે .સ્વચ્છતાને દરેક ઘર,ગામ અને શહેરનો મૂળ મંત્ર બનાવી સંપૂર્ણ રાજ્યને સ્વચ્છ અને સુઘડ બનાવવાની અમારી સરકારની નેમ છે. આ પ્રતિબદ્ધતાને વેગ આપવા **નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન**ની હું જાહેરાત કરું છું. આ અભિયાન અંતર્ગત ઘન અને પ્રવાહી કચરાને એકત્ર કરી પર્યાવરણીય દૃષ્ટિએ યોગ્ય ધોરણે નિકાલ કરવા માટે વિવિધ યોજનાઓ થકી વ્યવસ્થા કરવામાં આવશે અને લોકસહકારથી તેનું અમલીકરણ કરવામાં આવશે. આ માટે ચાલુ વર્ષના ₹૧૩૦૦ કરોડના બજેટમાં ધરખમ વધારો કરી,આગામી વર્ષે ₹ ૨૫૦૦ કરોડની જોગવાઇ હું સૂચવું છું.

રમતગમત ક્ષેત્રે સફળતાના નવા શિખરો સર કરવા માટે રાજ્યમાં ઓલમ્પિક કક્ષાનું સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવાનું સરકારે નક્કી કર્યું છે. આ હેતુસર અમદાવાદમાં આવેલ સરદાર પટેલ રમતગમત સંકુલનો તબક્કાવાર વિકાસ કરવામાં આવશે. રાજ્યનાઅંતરિયાળ વિસ્તારના ગામડાઓથી માંડીને શહેરી વિસ્તારોમાંથી વિવિધ રમતોમાં તેજસ્વી બાળકોને ઓળખી તેમને સુનિયોજત ધોરણે તાલીમ આપવાનું આયોજન છે.

પવન અને સૌરઊર્જાના ક્ષેત્રે ગુજરાતે નીતિગત નિર્ણયો થકી ગ્રીન એનર્જીના ઉત્પાદનમાં અગ્રહરોળમાં સ્થાન મેળવેલ છે.રિન્યુએબલ એનર્જી પોલિસી-૨૦૨૩ દ્વારા રાજ્યમાં આ ક્ષેત્રે મોટા પાયે રોકાણ દ્વારા રોજગારીની નવી તકો ઊભી કરવામાં આવશે. મિશન ગ્રીન હાઇડ્રોજન અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં પાંચ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે,જેમાં ગુજરાત મહત્તમ યોગદાન આપશે.

રાજ્યમાં વિવિધ ક્ષેત્રના નાનાથી માંડીમોટા ઉદ્યોગો વિસ્તરી રહ્યાં છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં૧૮%નો ફાળો આપી ગુજરાતે મોખરાનું સ્થાન મેળવેલ છે. રાજ્યમાં એમ.એસ.એમ.ઇ. એકમોની સંખ્યા ૧૬ લાખ કરતા વધારે છે. રાજ્યના અર્થતંત્રમાં મેન્યુફેકચરિંગ ક્ષેત્રનો ફાળો ૩૫.૩૦ %છે અને છેલ્લાં દશકમાં આ ક્ષેત્રે૧૨.૮૦% ના દરે વૃદ્ધિ પામી વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કર્યા છે. છેલ્લાં બે દશકામાં ૫૫ બિલિયન યુ.એસ.ડોલરથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ મેળવી,રાજ્ય વિદેશી મૂડી આકર્ષવામાં અગ્રહરોળમાં રહ્યું છે .

માઘ ૧૩, ૧૯૪૫ શાકે

અંદાજપત્રની રજૂઆત

ગ્લોબલ સેમિકન્ડકટર સપ્લાય ચેઇન - મેન્યુફેકચરિંગ ક્ષેત્રે આત્મનિર્ભર ભારતના સૂત્રને સાકાર કરતો સાણંદ ખાતે "માઇક્રોન "કંપની દ્વારા સેમિકન્ડકટર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી પ્રગતિમાં છે.હીરાના વૈશ્વિક બજારમાં ગુજરાતે મોખરાનું સ્થાન મેળવેલ છે. ડાયમંડ કટિંગ,પોલિશિંગ, માર્કિંગ, સર્ટિફિકેશનને આવરી લેતું ડાયમંડ બુર્સ સુરતમાં શરૂ કરવામાં આવેલ છે,જે વિશ્વની સૌથી મોટી સિંગલ ઓફિસ સ્પેસ છે.

*વિકસિત ગુજરાત@૨૦૪૭ના* અમારા આયોજનમાં ઉદ્યોગોનો મહત્વનો ફાળો રહેશે. હાલના મહત્વના ક્ષેત્રો જેમ કે ટેકસટાઇલ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ, મશીનરી,ઓટોમોબાઇલ વગેરે સાથે સસ્ટેનેબલ મેન્યુફેકચરિંગ માટે સેમિકન્ડકટર,ગ્રીન એનર્જી, ગ્રીન હાઇડ્રોજન,બેટરી અને તેનાથી સંચાલિત વાહનોઆધારિત ઉદ્યોગો ભવિષ્યમાંગુજરાતના વિકાસનાપાયામાં રહે તેવા પ્રયત્નો સરકારે આદર્યા છે. તાજેતરમાંયોજાયેલવાઇબ્રન્ટ ગુજરાતની ૧૦મી આવૃતિમાં ઉદ્યોગકારોએ દાખવેલ રસ દર્શાવે છે કે ભવિષ્યલક્ષી ઉદ્યોગ ક્ષેત્રે(ન્યુએજA I /ML , I o T વગેરે(ગુજરાત દેશમાં જ નહી પરંતુ વિશ્વમાં અગ્રણી બની રહેશે.

સ્ટાર્ટ-અપ પ્રતિભાશાળી યુવાઓને ઉદ્યોગ જગત સાથે જોડતી મહત્વપૂર્ણ કડી છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતે છેલ્લાં ત્રણ વર્ષથી સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશમાં પ્રથમ સ્થાન જાળવી રાખેલ છે. સરકારે ઉચ્ચ તકનીકી શિક્ષણ સંસ્થાઓથી માંડી ઉદ્યોગક્ષેત્રે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

ભક્તિ,શક્તિ તેમજ સંસ્કૃતિના પર્યાયસમા **ગરવી** ગુજરાતના પરંપરાગત "ગરબા"ને યુનેસ્કો દ્વારા માનવ સભ્યતા માટે "ઇન્ટેંજિબલ કલ્ચરલ હેરિટેજ" જાહેર કરાયેલ છે,જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. સફેદ રણનાં હાર્દસમા કચ્છના ધોરડોને યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન દ્વારા "બેસ્ટ ટુરિઝમ વિલેજ" નો એવોર્ડ મળેલ છે.માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરોગામી વિઝનથી વિકાસ પામેલ ધોરડો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગરના કારણે રાજય MI CE (મીટિંગ,ઇન્સેન્ટિવ,કોન્ફરન્સ અને એક્ઝિબિશન) ઇન્ડસ્ટ્રી માટે બેસ્ટ ચોઇસ બની રહ્યું છે.

પાંચ આઇકોનિક પ્રવાસન સ્થળોના વિકાસ સાથે પ્રવાસન ક્ષેત્રને ઉત્તેજન આપવા માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નોંધપાત્ર વધારાની જાહેરાત કરવામાં આવેલ હતી. જે અન્વયે સુનિયોજિત રણનીતિ સાથે અમે આગળ વધી રહ્યાં છીએ. ઉત્તર ગુજરાતના અંબાજી-ધરોઇ-તારંગા-વડનગર વિસ્તારનો વર્લ્ડ કલાસ સસ્ટેનેબલ ટૂરિસ્ટ પિલ્ગ્રિમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે. અમારી સરકારના આવા પગલાઓથી પ્રવાસન ક્ષેત્રે મોટા પ્રમાણમાં સારી આવક આપતીરોજગારીના સર્જનની સાથોસાથ સાંસ્કૃતિક ધરોહરનું સંરક્ષણ અને વિકાસ થશે .અયોધ્યાધામ ખાતે ગુજરાતી પ્રવાસીઓનીસગવડો અર્થેગુજરાત યાત્રી ભવન માટે જમીન મેળવી લેવામાં આવેલ છે અને તેના નિર્માણનું કાર્ય ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

અમૃતકાળમાં સેવાક્ષેત્રે વિકાસ દર વધારવા અમારી સરકાર કામ કરી રહી છે. આઇ.ટી.,નાણાકીય સેવાઓ,ફિનટેક,પ્રવાસન જેવા ક્ષેત્રોમાં રોજગારીની દૂરોગામી સંભાવનાઓ રહેલી છે. આ ક્ષેત્રના વિકાસ અને મૂડી રોકાણ માટે સરકારે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડી આઇ.ટી./બી.ટી.,ઇલેક્ટ્રોનિક્સ,સેમી કન્ડકટર સેકટર માટે વિવિધ નીતિઓ ઘડેલ છે.

રાજયમાં થયેલ આર્થિક અને સામાજિક વિકાસને કારણે રોજગારીની વિપુલ તકોનું સર્જન થયેલ છે. યુવાધનને રોજગારી આપવામાં ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન મેળવેલ છે. ઉચ્ચ ટેકનિકલ અને મૂલ્યવર્ધન કરનાર ઉદ્યોગો,નવા સેવાકીય સેકટરો અને વૈશ્વિક બજારમાં કુશળ વર્કફોર્સની માંગને પહોંચી વળવા સરકારે યુવાધનને તાલીમબદ્ધ કરવાનો નિર્ધાર કર્યો છે.રાજયના યુવાધનનો શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસ કરવા માટે ભવિષ્યલક્ષી આયોજન કરવું એ અમારી નેમ છે.

આજે ભારત જ્યારે અન્ન સુરક્ષા મેળવી,વિશ્વબજારમાં અન્ય પાકોના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે ત્યારે ગુજરાતે પણ રોકડીયા પાકો જેવા કે કપાસ,તેલીબિયા,મસાલા પાકો અને બાગાયતી પાકો થકી કૃષિ ઉત્પાદનની ગતિ જાળવી રાખેલ છે. શ્વેતક્રાંતિની આગેવાની લઇ દેશમાં દૂધ ઉત્પાદનના ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં ગુજરાતની મહિલાઓએ અગ્રગણ્ય ભૂમિકા ભજવેલ છે. છેલ્લાં દશકમાં કૃષિ અને આનુષાંગિક ક્ષેત્રે ૧૧.૨%નો વૃદ્ધિ દર હાંસલ કરી અન્નદાતાઓની આવક વધારવા કરેલ સંકલ્પને અમારી સરકારે મૂર્તિમંત કરેલ છે.

જળવાયુ પરિવર્તનના પડકારો સામે વસતિની અન્નની જરૂરિયાતને સંતોષવાપ્રાકૃતિક ખેતી અને જાડાધાનને પ્રોત્સાહન આપવું જરૂરી બન્યું છે.રાજયમાં અંદાજે નવ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતાં થયા છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારી,વધારે ખેડૂતોને આ દિશામાં આકર્ષવા અમારી સરકારે અનેકવિધ પગલાઓ લીધેલ છે.

આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ હતી. આ યોજના હેઠળ આ વિસ્તારમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધીમાં માળખાકીય સગવડો તેમજ સામુદાયિક અને વ્યકિતગત વિકાસના કામો માટે ₹૧ લાખ કરોડનો ખર્ચ કરવાનું સરકારે નક્કી કર્યું હતું,જે દિશામાં સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. **ન્યુ ગુજરાત પેટર્ન** હેઠળ આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતા કામો માટેની જોગવાઇમાં ૧૦૦ %વધારો હું સૂચવું છું.

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્રની રજૂઆત

જુદાજુદા સ્ત્રોતોના જળનો સંચય કરી જરૂરિયાતવાળા ક્ષેત્રોમાં પાણી પહોંચાડવા માટે નહેરો અને પાઇપલાઇનો થકી વોટરગ્રીડના નિર્માણમાં ગુજરાતે આગવી પહેલ કરી રાજયને જળસુરક્ષા પ્રદાન કરેલ છે. પ્રભુના પ્રસાદ સમા મહામૂલા પાણીના દરેક ટીપાનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુસર ૨૨ લાખ હેકટરથી વધુ વિસ્તારને સૂક્ષ્મ સિંચાઇ ક્ષેત્રે લાવી ગુજરાતે જળક્રાંતિના મંડાણ કર્યા છે. અમૃતકાળમાં જમીનના અસરકારક ઉપયોગ અને વોટર યુઝ એફિસિયન્સી દ્વારા પાકોની ઉત્પાદકતા વધારવાની અમારી નેમ છે.

આગામી સમયમાં રાજયમાં,ખાસ કરીને કચ્છ અને ઉત્તર ગુજરાતના,વધુમાં વધુ વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ ક્ષેત્ર હેઠળ આવરી લેવાની અમારી નેમ છે. કચ્છમાં ધોરીયા પદ્ધતિ (ફ્લડ ઈરીગેશન)ના સ્થાને નક્કી કરેલ ડેમના સંપૂર્ણ કમાન્ડ વિસ્તારને ડેમથી ખેતર સુધી પાઇપલાઇન મારફતે પાણી પહોંચાડી સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવશે.

રાજયમાં શહેરીકરણની ગતિ વધી રહેલ છે. રાજયની અંદાજે ૫૦%વસતિ અત્યારે શહેરોમાં વસવાટ કરે છે જે વર્ષ ૨૦૪૭ સુધી વધીને ૭૫% સુધી પહોંચે તેવી ધારણા છે. શહેરો લોકો માટે વસવાટ જ નહી પરંતુ આર્થિક વિકાસના કેન્દ્રોપણ છે .શહેરોના આયોજનબદ્ધ વિકાસ દ્વારા ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવા સરકાર દૃઢ નિશ્ચયી છે. સુઆયોજિત શહેરી વ્યવસ્થાપન માટે**નવસારી**, **ગાંધીધામ**, **મોરબી**, **વાપી**, **આણંદ**, **મહેસાણા** અને **સુરેન્દ્રનગર / વઢવાણ**ને નગરપાલિકામાંથી રૂપાંતર કરી **મહાનગરપાલિકાનો દરજ્જો** આપવામાં આવશે. આ નિર્ણયથી આ શહેરોના વિકાસને ગતિ મળશે અને નાગરિકોની સુખાકારી વધશે.

શહેરી વિકાસ માટે પાણી, રસ્તાઓ, સુએઝ જેવી માળખાકીય સગવડો સાથે પર્યાવરણની જાળવણી પણ જરૂરી છે. અમારી સરકાર શહેરોમાં પ્રદૂષણ નિયંત્રણ અને પ્રાકૃતિક આપદાઓના પડકારો ઝીલી સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશામાં આગળ વધશે. શહેરો સાંસ્કૃતિક ધરોહર અને લોકોના આમોદપ્રમોદ માટે પણ અગત્યના સ્થાનો હોઇ સાંસ્કૃતિક વારસાને જાળવી રાખી નવતર કામો હાથ ધરવામાં આવશે. સુશાસન થકી શહેરીવ્યવસ્થાપનમાં ટેકનોલોજીથી પરિવર્તન લાવી ભવિષ્ય માટે સક્ષમ શહેરોની રચના માટે અમારી સરકાર પગલાં લેશે.

માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરોગામી વિઝન અને માર્ગદર્શનથી અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટનોમહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોજેકટના ફેઝ-૧માં ૧૧.૨કિલોમીટરનું કામ પૂરું થયેલ છે,જ્યારે ફેઝ-૨માં૫.૫કિલોમીટરનું કામ પ્રગતિ હેઠળ છે. ફેઝ-૩માં ગિફ્ટ સિટી સામે ૫ કિલોમીટર લાંબો રિવરફ્રન્ટ વિકસાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. સરકારે હવે રિવરફ્રન્ટને સળંગ અમદાવાદથી ગાંધીનગર સુધી લંબાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણયના ભાગરૂપે ફેઝ-૪ અને ફેઝ-૫ અંતર્ગત રિવરફ્રન્ટ અને સંલગ્ન વિસ્તારનો ઇન્દિરાબ્રિજથી ગાંધીનગર સુધીવિકાસ કરવામાં આવશે .આમ, રિવરફ્રન્ટની કુલ લંબાઇ ૩૮.૨ કિલોમીટર થતાં તેની ગણતરી વિશ્વના સૌથી લાંબા અને રળિયામણા રિવરફ્રન્ટમાં થશે.

અમદાવાદ-ગાંધીનગર મેટ્રોની કનેકટિવિટી વધારવા મેટ્રોરૂટને અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને ગિફ્ટ સિટીના આંતરિક વિસ્તારો સુધી લંબાવવામાં આવશે.જાહેર પરિવહનનાસુદૃઢીકરણના ભાગરૂપે નવી બસો મૂકવામાં આવી રહેલ છે તેમજ બસ સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહેલ છે. ચાલુવર્ષે મૂકવામાં આવનાર ૨૦૦૦ નવી બસો ઉપરાંત આગામી વર્ષે એસ.ટી. નિગમ દ્વારા વધુ ૨૫૦૦ નવી બસો પ્રજાની સેવામાં મૂકવામાં આવશે.

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ કરોડો ભારતીયોના આરાધ્ય દેવ અને સાંસ્કૃતિક ઐક્યના  પ્રતિક છે. અમારી સરકાર માટે સુશાસન એટલે રામરાજ્ય!

**नहिं दरिद्र कोउ, दुखी न दीना,**

**नहिं कोउ अबुध, न लच्छन हीना।**

રામરાજ્યની પરિકલ્પનાનેસાકાર કરવા અમે કૃતનિશ્ચયી છીએ.સુશાસન માટે માનનીય વડાપ્રધાનશ્રીએ" મિનિમમ ગર્વમેન્ટ,મેક્સિમમ ગવર્નન્સ"નું સૂત્ર આપેલ છે. "સ્વ"થી ઉપર ઉઠીને "સમસ્તિ"નું કલ્યાણ એ જ ભાવનાથી અમારી સરકાર કાર્યરત છે. આજે છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તેની ગેરંટી આપવા વિકસિત ભારત સંકલ્પયાત્રાના માધ્યમથી સરકાર સક્રિયપણે આગળ વધી રહી છે.

એક જ **નંબર 112**ઉપર પોલીસ,ફાયર બ્રિગેડ અને બીજી ઇમરજન્સી સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે કેન્દ્રિયકૃત વ્યવસ્થા ચાલુ કરવામાં આવશે. આ નંબર ડાયલ કરવાથી શહેરી વિસ્તારમાં ૧૦ મિનિટ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ મિનિટમાં

પોલીસ ઘટનાસ્થળ પર પહોંચે તે મુજબની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા **જનરક્ષક યોજના** શરૂ કરવાની હું જાહેરાત કરું છું.આ માટે સંપૂર્ણ રાજ્યમાં પોલીસ અને સાધનોથી સુસજ્જ ૧૧૦૦ જનરક્ષક વાહનોનું માળખું ગોઠવવામાં આવશે.

તીવ્ર ગતિએ થયેલ આર્થિક વિકાસના કારણે રાજ્યમાં વર્ષ ૨૦૦૦-૦૧માં પ્રતિ વ્યક્તિ વાર્ષિક આવક **₹૧૮,૩૯૨**હતી,જે વધીને વર્ષ ૨૦૨૨-૨૩માં **₹૨,૭૩,૫૫૮** થયેલ છે. ગુજરાતના નાગરિકની સરેરાશ વાર્ષિક આવક,સરેરાશ રાષ્ટ્રીય આવક કરતા ૫૦% વધારે છે.*વિકસિત ગુજરાત@૨૦૪૭*ના વિઝન મુજબ ગુજરાતના નાગરિકોની સરેરાશ વાર્ષિક આવક વિકસિત રાષ્ટ્રોના સ્તરે પહોંચાડવાનું લક્ષ્ય છે. વિકાસની ગતિને જાળવી રાખી, દેશના જી.ડી.પી.માં રાજ્યની હિસ્સેદારી ૧૦% જેટલી કરી,વર્ષ ૨૦૪૭ પહેલા રાજ્યની હાલની અર્થવ્યવસ્થાને **૦.૨૮ ટ્રિલિયન યુ.એસ.ડોલરથી વધારી ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર** કરવાની અમારી નેમ છે.

નાણાકીય શિસ્ત અને સુચારું વ્યવસ્થાપનના ફળ સ્વરૂપે સુદૃઢ માળખાકીય સુવિધાઓપૂરી પાડવાની સાથે સાથે અમારી સરકારે સામાજિક અને આર્થિક ક્ષેત્રો માટે પણ પૂરતા નાણાં ઉપલબ્ધ કરાવેલ છે. રાજકોષિય સ્થિરતા સાથે સુદૃઢ દેવા વ્યવસ્થાપનના કારણે અમારી સરકાર સતત મહેસૂલી પુરાંત બજેટ રજૂ કરતી આવી છે. નાણાકીય શિસ્ત અને વ્યવસ્થાપનને લગતા તમામ પાસાઓમાં ગુજરાતની સ્થિતિ આજે સમગ્ર દેશમાં અનુકરણિય બની છે.

અમારી સરકારે ગત વર્ષે વિકાસના પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા,માનવ સંસાધન વિકાસ,આંતરમાળખાકીય સુવિધાઓ,આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ આધારિત બજેટ રજૂ કરેલ હતું. જેને પાયામાં રાખી*વિકસિત ભારત@૨૦૪૭*ના લક્ષ્યમાં ભાગીદારી નોંધાવતું અને *વિકસિત ગુજરાત@૨૦૪૭*નું નિર્માણ કરવા માટેનો રોડમેપ નક્કી કરતું **₹૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડ**નું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહ સમક્ષ હું રજૂ કરું છું.

## પ્રથમ સ્તંભ : સામાજિક સુરક્ષા

**સામાજિક ન્યાય અને અધિકારીતા**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ₹૬૧૯૩ કરોડની જોગવાઇ**

સમાજના જરૂરિયાતમંદ,નબળા અને વંચિત વર્ગને સામાજિક સુરક્ષા પૂરી પાડી સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવો તે અમારી સરકારની પ્રાથમિકતા છે. અનુસૂચિત જાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો,વિચરતી અને વિમુક્ત જાતિ,આર્થિક રીતે પછાત વર્ગ અને લઘુમતીઓ જેવા વિવિધ સામાજિક વર્ગોનો સામાજિક ઉત્કર્ષ થાય અને તેઓ નવી આર્થિક તકોનો લાભ લઇ શકે,તેવી કલ્યાણકારી યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે. વૃદ્ધો અને દિવ્યાંગો જેવા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વર્ગો માટે પેન્શન યોજનાઓ પણ અમલમાં છે.

**સામાજિક ઉત્કર્ષ**

રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધો માટે આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ લાભાર્થીઓને માસિક પેન્શન આપવા **₹૧૩૯૮ કરોડ**ની જોગવાઈ.

સંત સુરદાસ યોજનાનો લાભ,બી.પી.એલ. કાર્ડ સિવાયના વ્યક્તિઓ તથા ૦ થી ૧૭ વર્ષની ઉંમરના લોકોને પણ આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજના અંતર્ગત દિવ્યાંગોને પેન્શન આપવા કુલ **₹૮૭ કરોડ**ની જોગવાઈ.

મસ્ક્યુલર ડિસ્ટ્રોફી,થેલેસેમિયા,ક્રોનિક ન્યુરોલોજિકલ સ્થિતિ જેવી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને પણ માસિક પેન્શન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. બૌદ્ધિક અસમર્થતા ધરાવતા (મનો દિવ્યાંગ) ૭૦ હજાર લાભાર્થીઓને માસિક પેન્શન આપવા માટે **₹૮૪ કરોડ**ની જોગવાઈ.

- દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં નિ:શુલ્ક મુસાફરી આપવાની યોજના હેઠળ પાર્કિન્સન,હિમોફિલિયા,મસ્ક્યુલર ડિસ્ટ્રોફી,થેલેસેમિયા,ક્રોનિક ન્યુરોલોજિકલ જેવી દિવ્યાંગતામાં તેમની સાથે તેમના સહાયકને પણ ૧૦૦% નિ:શુલ્ક મુસાફરીનો લાભ આપવાનો સરકારે નિર્ણય કરેલ છે. દિવ્યાંગજનોને સાધન સહાય તથા એસ.ટી. બસમાં નિ:શુલ્ક મુસાફરીનો લાભ આપવા **₹૬૫ કરોડ**ની જોગવાઈ.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૬૧ હજાર કન્યાઓને મામેરા માટે સહાય આપવા **₹૭૪ કરોડ**ની જોગવાઇ.

- પાલક માતા-પિતા યોજના હેઠળ નિરાધાર બાળકોને માસિક ધોરણે આર્થિક સહાય આપવા માટે **₹૭૪**

**કરોડ**ની જોગવાઈ.

- પાલક માતા-પિતા અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ લેતી કન્યાઓના લગ્ન સમયે ₹૨ લાખની સહાય આપવા **₹૩૦ કરોડ**ની જોગવાઈ.
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં યુગલોને સહાય આપવા માટે **₹૨૦ કરોડ**ની જોગવાઇ.
- સંકટમોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબનાં મુખ્ય કમાનાર વ્યકિતના દુ:ખદ અવસાન બાદ કુટુંબને સહાય માટે **₹૨૦ કરોડ**ની જોગવાઈ.
- સાતફેરા સમૂહ લગ્ન યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૫૦૦૦ યુગલોને સહાય આપવા **₹૮ કરોડ**ની જોગવાઇ.
- દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ **₹૭ કરોડ**ની જોગવાઈ.

**શૈક્ષણિક ઉત્કર્ષ**

પી.એમ. યશસ્વી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ-૯,૧૦ અને પોસ્ટ મેટ્રિકના અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે **₹૫૪૦ કરોડ**ની જોગવાઇ.

ધોરણ-૧ થી ૧૦ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઆપવા માટે **₹૩૬૦ કરોડ**ની જોગવાઇ.

ધોરણ-૧ થી ૮ માં ભણતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૩૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે **₹૩૪૫ કરોડ**ની જોગવાઇ.

અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો તેમજ આશ્રમ શાળાઓમાં અંદાજે ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા-જમવા અને ભણવાની સવલત આપવા માટે **₹૩૩૫ કરોડ**ની જોગવાઇ.

- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૧૦૦૦ વિદ્યાર્થીઓને લોન આપવા માટે **₹૧૫૨ કરોડ**ની જોગવાઇ.

સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૫૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાઇકલ આપવા માટે **₹૮૪ કરોડ**ની જોગવાઇ.

**આર્થિકઉત્કર્ષ**

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગો માટે વિવિધ શૈક્ષણિક ધિરાણ અને સહાયની યોજનાઓ માટે **₹૬૦૦ કરોડ**ની જોગવાઇ.

અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,સફાઇ કામદાર વિકાસ નિગમ,ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ,ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ,ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ,ગુજરાત ગોપાલક વિકાસ નિગમ,ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમને રાજય સરકારના ફંડમાંથી લાભાર્થીઓને ધિરાણ આપવા માટે **₹૨૫૦ કરોડ**ની જોગવાઇ.

- માનવ ગરિમા યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને વિનામૂલ્યે સ્વરોજગારીના સાધનો આપવા માટે **₹૫૯ કરોડ**ની જોગવાઇ.

**અન્ય**

ડૉ.આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મકાન બાંધવા સહાય આપવા માટે **₹૨૪૩કરોડ**ની જોગવાઇ.

₹૧૨૨ કરોડના ખર્ચે બનનાર સરકારી કુમાર અને કન્યા છાત્રાલય અને આદર્શ નિવાસી શાળા માટે અદ્યતન સુવિધા સાથેના નવા મકાનો બાંધવા માટે પ્રથમ તબકકે **₹૪૦ કરોડ**ની જોગવાઇ.

₹૬૮ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૪ નવા સમરસ કન્યા છાત્રાલયોના બાંધકામ માટે **₹૨૨ કરોડ**ની જોગવાઇ.

પાંચ નવા ચિલ્ડ્રન હોમ બનાવવા માટે ₹**૧૫ કરોડ**ની જોગવાઈ.

**આદિજાતિ વિકાસ**

**આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ ₹૪૩૭૪ કરોડની જોગવાઇ**

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં યોજનાઓ હાથ ધરી વનબંધુઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે સરકાર કાર્યરત છે. વ્યક્તિલક્ષી યોજનાઓ સાથે આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સગવડો ઊભી થાય તે માટે સરકારે પ્રયત્નો કર્યા છે. શૈક્ષણિક અને આર્થિક વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ પરિવારોને આરોગ્ય,શિક્ષણ અને આજીવિકાના ક્ષેત્રે લાભ આપવામાં આવી રહેલ છે.

**શૈક્ષણિક ઉત્કર્ષ**

આદર્શનિવાસીશાળાઓ, આશ્રમશાળાઓ અને ઈ.એમ.આર.એસ. મળીને કુલ ૮૩૭ જેટલી શાળાઓના અંદાજિત ૧ લાખ ૫૨ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ₹ **૭૩૫કરોડ**ની જોગવાઈ.

અંદાજે ૨ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ આપવા ₹ **૫૮૪ કરોડ**ની જોગવાઈ.

- આદર્શ નિવાસી શાળા,સરકારી છાત્રાલય,એકલવ્ય મૉડેલ રેસિડેન્શીયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલ્સના બાંધકામ માટે ₹**૫૩૯ કરોડ**નું આયોજન.

સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના ૭૦ હજાર વિદ્યાર્થીઓનેસહાય આપવા ₹**૨૬૯ કરોડ**ની જોગવાઈ.

- સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાના બાંધકામ માટે ₹**૨૫૫ કરોડ**ની જોગવાઇ.
- પ્રિ-મેટ્રિકના આશરે ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા ₹**૧૭૬ કરોડ**ની જોગવાઈ.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ₹**૧૫૦ કરોડ**ની જોગવાઈ.

ધો. ૧થી ૮માં અભ્યાસ કરતાં અંદાજે ૧૩ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે ₹**૧૨૦ કરોડ**ની જોગવાઈ.

અદ્યતન સુવિધાવાળા સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત ૩૯૦૦ વિદ્યાર્થીઓ માટે ₹**૨૩કરોડ**નીજોગવાઇ.

ધો.૯માં અભ્યાસ કરતી અંદાજે ૩૯ હજાર વિદ્યાર્થિનીઓને વિદ્યા સાધના યોજના હેઠળ સાઇકલ આપવા ₹**૨૧કરોડ**ની જોગવાઈ.

- ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવા ₹**૧૪કરોડ**ની જોગવાઈ.
- રાજપીપળા મુકામે બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે ₹**૬ કરોડ**ની જોગવાઈ.

**આર્થિક ઉત્કર્ષ**

મુખ્યમંત્રી આદિમજૂથ/હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના અને કન્વર્ઝન કમ ડેવલપમેન્ટ(CCD) પ્રોજેક્ટ હેઠળ ₹**૧૩૪ કરોડ**ની જોગવાઈ.

- કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે ₹**૩૫ કરોડ**ની જોગવાઇ.

આદિજાતિ જિલ્લાઓમાં કાર્યરત ૫૦૦૦ થી વધુ દૂધ મંડળીઓને સોલાર રૂફટોપની સ્થાપના માટે સબસિડી આપવા માટે ₹**૨૬ કરોડ**ની જોગવાઇ.

- માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે કિટ આપવા ₹**૧૭કરોડ**ની જોગવાઈ.

આદિજાતિ વિસ્તારોમાં સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને નર્સિંગ હોમ/ડિસપેન્સરી શરૂ કરવા માટે ડોકટરોને હોસ્પિટલ ખર્ચમાં સબસિડી આપવામાટે ₹**૧૩ કરોડ**ની જોગવાઇ.

- સંકલિત ડેરી વિકાસ યોજના (IDDP) હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટ અને સહાયની મર્યાદામાં વધારો કરવામાં આવશે. આ યોજના માટે ₹**૧૩ કરોડ**ની જોગવાઇ.

આદિજાતિ વિસ્તારોમાં બાંધકામ, કૃષિ ક્ષેત્રે જરૂરી સાધનો માટે બેન્ક લોન પર સહાય આપવા માટે ₹**૬ કરોડ**ની જોગવાઇ.

**અન્ય**

- અનુસૂચિત જનજાતિના લોકોને નિ:શુલ્ક તબીબી સહાય યોજના અંતર્ગત ક્ષય, રક્તપિત્ત, કેન્સર,

સિકલસેલ એનિમિયા, થેલેસેમિયા, એઇડ્સ જેવા ગંભીર રોગોની સારવાર માટે હાલ આપવામાં આવતી સહાયમાં વધારો કરવામાં આવશે. આ યોજના માટે ₹**૩૩ કરોડ**ની જોગવાઈ.

**શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર**

**શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ ₹૨૬૫૯ કરોડની જોગવાઈ**

શ્રમજીવીઓ રાજયના માળખાકીય વિકાસ સાથે ઉદ્યોગો અને સેવાક્ષેત્રો માટે અગત્યનો ભાગ ભજવે છે. શ્રમિકો તેમજ તેમના પરિવારો માટે સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. અદ્યતન ટેકનોલોજી આધારિત ભવિષ્યલક્ષી ઉદ્યોગો માટે તાલીમબદ્ધ યુવાનો ઉપલબ્ધ થાય અને તેઓ દેશ અને વિદેશોમાં ઊભી થતી રોજગારીની નવી તકોનો લાભ લઇ શકે,તે માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું અપગ્રેડેશન કરવામાં આવી રહેલ છે. વધુમાં અગ્રણી ઉદ્યોગ ગૃહો સાથે જોડાણ કરી તાલીમની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવેલ છે.

આઇ.ટી.આઇ. ના નવા બાંધકામ તથા સુદ્દઢીકરણ માટે ₹**૨૯૯ કરોડ**ની જોગવાઈ.

અદ્યતન કુશળતા પ્રદાન કરવા હાલમાં પાંચ મેગા આઇ.ટી.આઇ. કાર્યરત છે. હવે ૬ વધુ આઇ.ટી.આઇ.ને મેગા આઇ.ટી.આઇ.માં રૂપાંતરિત કરવામાં આવશે. આ માટે ₹**૧૮૭ કરોડ**ની જોગવાઈ.

શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત શ્રમિકોને ₹૫ ના નજીવા દરે સ્વાસ્થ્યપ્રદ ભોજન ઉપલબ્ધ કરાવવા માટે હાલમાં ૨૭૩ કેન્દ્રો કાર્યરત છે. જેમાં દરરોજ સરેરાશ ૪૦ હજારથી વધુ શ્રમિકો જમે છે. આ યોજના અંતર્ગત નવા ૧૦૦ ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. આ યોજના માટે ₹**૧૩૧ કરોડ**ની જોગવાઈ.

- ઔદ્યોગિક એકમોમાં કુશળ કારીગરો પૂરા પાડવા માટે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ₹**૧૨૨ કરોડ**ની જોગવાઈ.

બાંધકામ શ્રમિકોને કામના સ્થળથી નજીક રહેઠાણની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા "શ્રમિક બસેરા" સ્થાપવા માટે ₹**૨૦૦ કરોડ**ની જોગવાઈ.

બાંધકામ શ્રમિકો માટે પ્રાથમિક સારવાર પહોંચાડવાના હેતુથી હાલના કાર્યરત ૧૫૪ ધન્વંતરી આરોગ્ય રથ ઉપરાંત વધુ ૫૦ રથ કાર્યરત કરવામાં આવશે. આ માટે ₹**૫૯ કરોડ**ની જોગવાઈ.

"કૌશલ્યા" ધ સ્કીલ યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એક્સેલેન્સ ઈન સ્કીલ એન્ડ એમ્પ્લોયબિલિટી સેન્ટરની સ્થાપના કરવા સહિત વિવિધ કામો માટે ₹**૪૭ કરોડ**ની જોગવાઈ.

સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં કુશળ યુવાધન ઊભું કરવા આંતરરાષ્ટ્રીય કંપની માઇક્રોનના સહયોગથી સાણંદ ખાતે સ્કૂલ ઓફ સેમિકન્ડક્ટરની સ્થાપના કરવા માટે ₹**૩૩ કરોડ**ની જોગવાઈ.

- ૧૦૫ આઇ.ટી.આઇ.માં વેલ્ડર ટ્રેડ માટે AR/VR Lab (Augmented Reality/Virtual Reality) બનાવવા માટે ₹**૨૬ કરોડ**ની જોગવાઈ.
- જી.આઇ.ડી.સી. વિસ્તારોમાં સ્થાનિક માનવબળને કુશળ બનાવવા લોકલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન (LIVE)યોજના માટે ₹**૧૫ કરોડ**ની જોગવાઈ.
- અસંગઠિત શ્રમયોગી માટેની અકસ્માત મૃત્યુ સહાય યોજનામાં સહાયની રકમ ₹૧ લાખથી વધારીને ₹ ૨ લાખ કરવા માટે ₹**૫ કરોડ**ની જોગવાઈ.

ડ્રોન સ્કીલ ઈન્સ્ટિસ્ટ્યૂટના સંચાલન તથા ડ્રોન ઈન્સ્ટ્રક્ટર સેન્ટરની સ્થાપના માટે ₹**૪ કરોડ**ની જોગવાઈ.

## દ્વિતીય સ્તંભ : માનવ સંસાધન વિકાસ

**શિક્ષણ**

**શિક્ષણ વિભાગ માટે કુલ ₹ ૫૫,૧૧૪ કરોડની જોગવાઈ**

શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે જેની નોંધ સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે પણ લેવામાં આવી રહી છે. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ સરકારી તેમજ અનુદાનિત શાળાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને સુદ્દઢ બનાવવાના હેતુથી ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૫ હજાર નવા ઓરડાઓનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે જ્યારે ૧૫ હજારથી વધુ ઓરડાઓનું કામ પ્રગતિ હેઠળ છે.૬૫ હજારથી વધુ સ્માર્ટ કલાસરૂમ બનાવવામાં આવેલ છે

જ્યારે બીજા ૪૫ હજાર કલાસરૂમનું કામ પ્રગતિ હેઠળ છે. વધુમાં, ૬ હજાર શાળાઓમાં ૧ લાખ જેટલા કમ્પ્યુટર્સ આપવામાં આવેલ છે જ્યારે બીજી ૧૫ હજાર શાળાઓમાં ૨ લાખ કમ્પ્યુટર્સ આપવાની કામગીરી પ્રગતિમાં છે. ૧૬૨ નવી સરકારી માધ્યમિક શાળા તથા ૧૦ RMSA માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવશે.

પૂર્વ પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધી શૈક્ષણિક માળખાને સુદૃઢ કરી શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેના સુનિયોજિત ધોરણે પગલા લેવામાં આવી રહ્યાં છે .શિક્ષણ વિભાગ માટે વર્ષ ૨૦૨૩-૨૪ની બજેટ જોગવાઇમાં **₹૧૧,૪૬૩ કરોડ**ના માતબર વધારા સાથે આગામી વર્ષે ₹ **૫૫,૧૧૪ કરોડ** કરવામાં આવી છે.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ**

- સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભણતી દીકરીઓ માટે "નમોલક્ષ્મીયોજના" હેઠળ સહાય આપવા **₹૧૨૫૦ કરોડ**ની જોગવાઇ.
- ધોરણ-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા "નમોસરસ્વતીયોજના"હેઠળ સહાય માટે **₹૨૫૦ કરોડ**ની જોગવાઇ.

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સઅંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે અંદાજે **₹૩૦૦૦ કરોડ**ની જોગવાઇ.

હાલ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ₹ **૧૩૦ કરોડ**ના ખર્ચે સ્કૂલ ટ્રાન્સપોર્ટ સુવિધા મળી રહી છે. આ યોજનાનો વ્યાપ વધારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ધોરણ-૯થી ૧૨ ના અંદાજિત ૧ લાખ વિદ્યાર્થીઓને પણ ટ્રાન્સપોર્ટ સહાય આપવામાં આવશે. આ યોજના માટે **₹૨૬૦ કરોડ**ની જોગવાઇ.

વિદ્યાર્થીઓને પૂરક પોષણ અને પૌષ્ટિક ભોજન આપવા પી.એમ.પોષણ યોજના અંતર્ગત **₹૧૪૦૦ કરોડ**ની જોગવાઇ.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)અંતર્ગત અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા **₹૪૦૦ કરોડ**ની જોગવાઇ.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)અંતર્ગત મેડિકલમાં અભ્યાસ કરતી ૪૫૦૦ વિદ્યાર્થીનીઓને સહાય આપવા **₹૧૬૦ કરોડ**ની જોગવાઇ.

- બિન આદિજાતિ વિસ્તારની ૦૮ અને આદિજાતિ વિસ્તારની ૦૨ એમ કુલ ૧૦ નવી સરકારી કોલેજોના મકાન બાંધકામ અને વર્તમાન કોલેજોમાં વધારાની સુવિધા ઊભી કરવાના કામો, રખરખાવનાં કામો તથાજૂના અને હેરિટેજ બિલ્ડિંગના રિસ્ટોરેશનના કામો માટે **₹૧૩૪ કરોડ**નીજોગવાઇ.
- રાજ્યની સ્ટેટ યુનિવર્સિટીઓમાં વિવિધ માળખાકીય સુવિધાઓના વિકાસ માટે **₹૧૦૧કરોડ**ની જોગવાઇ.
- શોધ યોજના અંતર્ગત પી.એચ.ડી. કોર્સમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન પ્રત્યે અભિમુખ કરવા માટે ૨૦૦૦ વિદ્યાર્થીઓને સહાય આપવા **₹૪૦ કરોડ**ની જોગવાઇ.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS)અંતર્ગત ૨૫૦૦ વિદ્યાર્થીઓને સહાય આપવા **₹૩૦ કરોડ**ની જોગવાઇ.

માધ્યમિક શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ સાથે સામાન્ય નાગરિકો માટે ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ અંતર્ગત **₹૩૦ કરોડ**ની જોગવાઇ.

- સરકારી ટેકનિકલ સંસ્થાઓનાં આધુનિકીકરણ,માળખાકીય સુવિધાઓ,નવા ભૌતિક સંસાધનો તેમજ હયાત વર્ગખંડો/પ્રયોગશાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ અને સ્માર્ટ લેબમાં રૂપાંતરિત કરવા **₹૧૯૮ કરોડ**ની જોગવાઇ.

- સ્ટાર્ટઅપને વધુ વેગ મળે તે માટે નવનિર્મિત i -Hub ખાતેનાં સ્ટાર્ટઅપ વર્ક સ્ટેશન તેમજ સરકારી ટેકનિકલ સંસ્થાઓના વિવિધ ભવનોના સંચાલન અને નિભાવણીમાટે ₹**૪૨ કરોડ**ની જોગવાઈ.

  સરકારી ડીગ્રી ઈજનેરી/પોલીટેકનીક કોલેજો ખાતે ભાવિ ક્ષેત્રો જેવા કે ગ્રીન હાઇડ્રોજન ટેકનોલોજી,ફિનટેક વગેરેના સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના તેમજ સ્પોર્ટસ ટેકનોલોજી સેન્ટરની સ્થાપના માટે ₹**૩૫ કરોડ**ની જોગવાઈ.

- ફ્યુચરિસ્ટિક તેમજ ડિસરપ્ટિવ ટેકનોલોજી ક્ષેત્રે સરકારી ઈજનેરી કોલેજો ખાતે રિસર્ચ પાર્ક સ્થાપવા ₹**૧૦ કરોડ**ની જોગવાઈ.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ ₹૨૦,૧૦૦ કરોડની જોગવાઇ**

"સર્વે સન્તુ નિરામયા:"ની ભાવના સાથે અમારી સરકાર લોકોના તંદુરસ્ત અને ગુણવત્તાસભર જીવન માટે કટિબદ્ધ છે. અમારી સરકારે આરોગ્ય ક્ષેત્રે માળખાકીય સગવડો સુદૃઢ કરવા ઉપર ભાર મૂકેલ છે.પ્રાથમિક આરોગ્યથી માંડી સ્પેશિયાલિટી સારવાર સુધીની સગવડોમાં વધારો કરવા તથા ચેપી અને જીવનશૈલીના કારણે થતાં રોગોના સામે લોકોને આરોગ્યલક્ષી સારવાર ઉપલબ્ધ કરાવવા સરકાર કટિબદ્ધ છે. માતૃ અને બાળ કલ્યાણ ઉપર આગામી વર્ષના બજેટમાં વધુ ભાર મૂકી તેમના આરોગ્ય અને પોષણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. વિવિધ યોજનાઓ દ્વારા ગુજરાતના લોકોના આરોગ્ય અને સુખાકારીમાં વૃદ્ધિ કરવા ચાલુ વર્ષના ₹**૧૫,૧૮૧ કરોડ**ના બજેટમાં **૩૨.૪૦%**નો નોંધપાત્ર વધારો કરી આગામી વર્ષ માટે ₹**૨૦,૧૦૦ કરોડ**ની જોગવાઇ આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે સૂચવું છું.

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત એમ્પેનલ થયેલ ૨૫૩૧ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર આપવા માટે ₹**૩૧૧૦ કરોડ**ની જોગવાઇ.

  મેડિકલ કોલેજો અને હોસ્પિટલ સાથે ત્રિ-સ્તરીય આરોગ્ય વ્યવસ્થા અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રોના બાંધકામ અને સાધનો સહિત સુવિધાઓ સુદૃઢ કરવા માટે ₹**૨૩૦૮ કરોડ**ની જોગવાઇ.

- G.M.E.R.S.સંચાલિત મેડિકલહોસ્પિટલોના બાંધકામ,રખરખાવ અને સંચાલન માટે ₹**૧૦૦૦ કરોડ**ની જોગવાઇ.

  આરોગ્ય સુવિધાઓના સુદૃઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ ₹**૪૨૦૦ કરોડ**ના ખર્ચે શરૂ કરાયેલ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત ₹**૩૫૦ કરોડ**ની જોગવાઈ.

- સરકારી મેડિકલકોલેજો અને તેની સંલગ્ન હોસ્પિટલો,એમ. એન્ડ જે. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી,અમદાવાદ તેમજ સ્પાઇન ઇન્સ્ટીટ્યૂટ,અમદાવાદમાં નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા માટે ₹**૧૦૦ કરોડ**ની જોગવાઇ.

  એમ્બ્યુલન્સની સુવિધા વધુ સુદૃઢ બનાવવા માટે ૧૦૮ ઇમરજન્સી સેવા હેઠળ ૩૧૯ નવી એમ્બ્યુલન્સ માટે ₹**૭૬ કરોડ**ની જોગવાઇ.

  યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ અને કિડની હોસ્પિટલ માટે તબીબી સાધનો ખરીદવા અને માળખાકીય સગવડ માટે ₹**૬૦ કરોડ**ની જોગવાઇ.

  માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થાય તે હેતુસર હાઈરિસ્ક ધરાવતી સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે રોકાણ કરી સારવાર આપવા તેઓને ₹**૧૫ હજાર** તેમજ આશા બહેનોને ₹**૩હજાર**ની પ્રસૂતિદીઠ પ્રોત્સાહન રકમ આપવા અંગેની નવી યોજના દાખલ કરવાનું સરકારે નક્કી કરેલ છે.જેના માટે ₹**૫૩**કરોડની જોગવાઈ.

  ગાંધીનગર,રાજકોટ અને સુરત ખાતે સઘન કાર્ડિયાક સારવાર મળી રહે તે માટે યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યૂટ,અમદાવાદના સહયોગથી કાર્ડિયાક ટ્રીટમેન્ટ સેન્ટર શરૂકરવા માટે ₹**૪૦ કરોડ**ની જોગવાઇ.

મેડીસિટી,અમદાવાદ ખાતે ગવર્નમેન્ટ સ્પાઈન ઇન્સ્ટિટ્યૂટ અને પેરાપ્લેજીયા હોસ્પિટલના વિસ્તૃતિકરણ અને મુક-બધીર દિવ્યાંગો માટે સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના અર્થે ₹**૧૦ કરોડ**ની જોગવાઇ.

અમદાવાદ જિલ્લામાં બાવળા નજીક તથા સુરત જિલ્લાના કામરેજ નજીક ૩૦૦ બેડની જિલ્લા કક્ષાની હોસ્પિટલ

બનાવવા સરકારે નિર્ણય કરેલ છે. જેના માટે આગામી વર્ષ માટે ₹**૧૦ કરોડ**ની જોગવાઇ.

- આયુષ સેવાઓ અદ્યતન બનાવવા આર્યુવેદિક કોલેજ અને હોસ્પિટલ,કોલવડાને સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવામાં આવશે. આયુષ હેઠળના દવાખાનાઓ માટે કુલ ₹**૪૮૨કરોડ**ની જોગવાઇ.
- કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ ૧૫ લાખથી વધુ કામદારોના પરિવારોને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે ₹**૨૨૧ કરોડ**ની જોગવાઇ.
- ખોરાક અને ઔષધ નિયમન પ્રભાગ માટે સુરત ખાતે નવી જિલ્લા કચેરી સાથે કુલ ₹**૮૭ કરોડ**ની જોગવાઇ.

**મહિલા અને બાળ વિકાસ**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે કુલ ₹૬૮૮૫ કરોડની જોગવાઇ**

મહિલાઓને આર્થિક ઉત્કર્ષ સાથે સામાજિક સુરક્ષાનું વાતાવરણ પૂરું પાડવા માટે સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. મહિલાઓ અને બાળકોના પોષણને સુદૃઢ કરવા અને આંગણવાડીના ભૌતિક અને ડિજિટલ માળખામાં ગુણાત્મક વધારો કરવા સરકારે નિર્ણય કરેલ છે. કિશોરીઓના સર્વાંગી વિકાસ માટે પોષણ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. ઘરેલું હિંસા તેમજ જાતીય સતામણીનો ભોગ બનેલી મહિલાઓ માટે કાઉન્સેલિંગ,માર્ગદર્શન અને સંસ્થાકીય મદદ પૂરી પાડવા રાજ્યમાં ૬૫ સેન્ટર કાર્યરત છે. આ યોજનાની ઉપયોગિતા અને અસરકારકતા જોતાં ૧૫ નવા સેન્ટર શરૂ કરવામાં આવશે.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગતવિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે ₹**૨૩૬૩ કરોડ**ની જોગવાઇ.

પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો અને ભોજન તથા બાળકો,કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે ₹**૮૭૮ કરોડ**ની જોગવાઇ.

પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓને વિતરણ કરવામાં આવતા ટેક હોમ રાશન માટે ₹**૩૪૪ કરોડ**ની જોગવાઇ.

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ સગર્ભા અને ધાત્રીમાતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા,એક કિલો તુવેરદાળ અને એક લિટર ખાદ્યતેલ આપવામાં આવે છે. જેના માટે ₹**૩૨૨ કરોડ**ની જોગવાઇ.

- વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે ₹**૨૫૨ કરોડ**ની જોગવાઇ.
- આંગણવાડી ૨.૦ યોજના અંતર્ગત આંગણવાડીઓના માળખાકીય વિકાસ માટે ₹**૧૮૦૦ કરોડ**ના ખર્ચે અમલી બનનાર યોજના માટે ₹**૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- આદિજાતિ અને વિકાસશીલ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના હેઠળ બાળકો,સગર્ભા,ધાત્રી માતાઓને ફ્લેવર્ડ ફોર્ટીફાઇટ દૂધ આપવા માટે ₹**૧૩૨ કરોડ**ની જોગવાઇ.

પોષણ સુધા યોજના હેઠળ ૧૦૬ આદિજાતિ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને ગરમ ભોજન આપવા માટે ₹**૧૨૯ કરોડ**ની જોગવાઇ.

- સુરત ખાતે આવેલ નારી સંરક્ષણ કેન્દ્રના અદ્યતન અને નવીન સુવિધાઓ યુક્ત નવા મકાનના બાંધકામ માટે ₹**૧૬ કરોડ**ની જોગવાઇ.
- પોષણની સ્થિતિનું મૂલ્યાંકન અને દેખરેખ રાખવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ વૃદ્ધિ મોનિટરીંગ ઉપકરણોની ખરીદી કરવા માટે ₹**૧૪ કરોડ**ની જોગવાઇ.

**અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો**

**અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ₹૨,૭૧૧ કરોડની જોગવાઇ**

પાત્રતા ધરાવતાં કુટુંબોને અન્ન સલામતી સાથે પોષણક્ષમ આહાર મળી રહે તે માટે જાહેરવિતરણવ્યવસ્થાહેઠળ રાહત દરે અનાજ અને અન્ય આવશ્યક ખાદ્યસામગ્રી આપવામાં આવે છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા રાજયના ૭૨ લાખ કુટુંબોને છેલ્લાં ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે પૂરૂ પાડી સરકારે ભગીરથ કાર્ય કરેલ છે. કેન્દ્ર સરકારે આ યોજનાને જાન્યુઆરી-

૨૦૨૪ થી વધુ પાંચ વર્ષ માટે લંબાવેલ છે.

N F S A રેશનકાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પૂરો પાડવા તુવેરદાળ અને ચણાના વિતરણ માટે **₹૭૬૭ કરોડ**ની જોગવાઇ.

નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા અંદાજે ૭૨ લાખ કુટુંબોનેN F S A હેઠળ આવરી અનાજ પૂરુ પાડવા માટે**₹૬૭૫ કરોડ**ની જોગવાઇ.

"પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" તથા રાજ્ય સરકારની "પીએનજી/એલપીજી સહાય યોજના"ના અંદાજે ૩૮ લાખથી વધુ લાભાર્થીઓને ઘરગથ્થુ વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલીન્ડર રિફીલીંગ કરી આપવા **₹૫૦૦ કરોડ**ની જોગવાઇ.

N F S A લાભાર્થી કુટુંબોને ખાદ્યતેલ રાહત દરે આપવા માટે **₹૧૬૦ કરોડ**ની જોગવાઇ.

- સૂક્ષ્મ પોષકતત્વો યુકત ડબલ ફોર્ટિફાઇડ મીઠા(આયર્ન+આયોડીનયુકત)ના વિતરણ માટે **₹૫૧ કરોડ**ની જોગવાઇ.

શ્રીઅન્ન(મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી/જુવાર/રાગી(નાગલી)ની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત ₹૩૦૦પ્રતિ ક્વિન્ટલપ્રોત્સાહક બોનસ ચૂકવવા **₹૩૭ કરોડ**ની જોગવાઇ.

- નાગરિક પુરવઠા નિગમ હસ્તકના ગોડાઉન બાંધકામ/આધુનિકીકરણની કામગીરી માટે **₹૨૫ કરોડ**ની જોગવાઇ.

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ માટે કુલ ₹૭૬૭ કરોડની જોગવાઇ**

અમૃતકાળમાં પરંપરા અને આધુનિકતાના સમન્વયથી ગુજરાતના સાંસ્કૃતિક પરિવેશને વિશ્વફલક પર લઇ જવા માટે સરકાર દ્વારા અનેક નૂતન પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે. ગુજરાતના યુવાનો વૈચારિક રીતે તેજસ્વી બને,ઓજસ્વી બને અને રાજ્યની વિકાસ યાત્રાના સારથિ બને તે સરકારનો સંકલ્પ છે.

રાજયના રમતવીરોને તાલીમ,સંસાધનો અને પ્રોત્સાહન આપવા અમારી સરકાર પ્રયાસરત છે.રાજયની ત્રણ હજાર જેટલી શાળાઓમાં રમતગમત માટે ખેલ સહાયકો મૂકી પ્રાથમિક કક્ષાએ રમતગમતની સુવિધાઓનો વિકાસ કરવાનું કાર્ય શરૂ કરેલ છે. રમતગમત સંકુલોનો વિકાસ કરી વિવિધ રમતોમાં ખેલાડીઓને આધુનિક ધોરણે તાલીમ આપવામાં આવશે, જેથી તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઇ મેડલ મેળવી શકે. શક્તિદૂત યોજના થકી પ્રતિભાશાળી ખેલાડીઓને ઓળખી તેમને ખાસ પ્રકારની તાલીમ આપી પદકો મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

**રમતગમત ક્ષેત્રે₹૩૭૬ કરોડની જોગવાઇ**

ઓલમ્પિકકક્ષાનું માળખું તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયકક્ષા સુધીના રમતવીરો તૈયાર કરવા માટે આયોજન.

- શક્તિદૂત ૨.૦ યોજના હેઠળ શ્રેષ્ઠ દેખાવ કરતાં ખેલાડીઓને સહાય આપવાનું આયોજન.
- પેરા એથ્લીટ્સને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા આપવા દેશના પ્રથમ મલ્ટી સ્પોર્ટ્સ પેરા હાઈ-પર્ફોમન્સ સેન્ટરના નિર્માણનું આયોજન.
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને સ્પોર્ટ્સ એજ્યુકેશન,ટ્રેઈનીંગ અને સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ક્ષેત્રે નવી ઊંચાઇ સુધી લઇ જવા માટે બીજા તબક્કાનું આયોજન.

**પુરાતત્વ અને સંગ્રહાલય ક્ષેત્રે ₹ ૧૧૩ કરોડનીજોગવાઇ**

વડનગરની ઐતિહાસિક ધરોહરોનું ગૌરવ જળવાય તે માટે પુરાતાત્વિક અનુભૂતિ સંગ્રહાલય,તાના-રીરી સંગીત સંગ્રહાલય સહિત અનેક પ્રકલ્પો વિકસાવવાનું આયોજન.

**ગ્રંથાલયઅનેઅભિલેખાગારો માટે ₹ ૧૧૬ કરોડનીજોગવાઈ**

૩૦૦૦ ગ્રંથાલયોને **₹૧૨૦ કરોડ**ના ખર્ચથી પુસ્તકો,ઈ-બુક્સ,ઓનલાઇન રેફરન્સ મટિરિયલ,જરૂરી ફર્નિચર,નેટવર્ક કનેક્ટિવિટી અને ડિજિટલ લાયબ્રેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું નવતર આયોજન.

- દસ્તાવેજી વારસાની યોગ્ય જાળવણી અને માવજત માટે રાજ્યના અભિલેખાગારોને અદ્યતન સુવિધાઓથી સુસજ્જ કરવાનું આયોજન.

**યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ₹ ૧૨૨ કરોડનીજોગવાઈ**

યોગની પ્રવૃત્તિને વધુ વેગ આપવા માટે યોગ સ્ટુડિયો ઊભા કરવા અને નિભાવવા માટે પ્રોત્સાહન આપવા અંગેની યોજના.

સિંધી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે સિંધુ સાંસ્કૃતિક કેન્દ્રના નિર્માણનું આયોજન.

**તૃતીય સ્તંભ : આંતરમાળખાકીય સુવિધાઓ**

**પંચાયત અને ગ્રામવિકાસ**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ₹૧૨,૧૩૮ કરોડની જોગવાઇ**

ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે સફાઇ,પાણી,આવાસ જેવી પાયાની સુવિધાઓ આપવાની સાથોસાથ ગ્રામ્ય સંસાધનોનું યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની મહિલાઓને તાલીમ અને નાણાકીય મદદ સાથે ક્ષમતાવર્ધન કરીને "સશક્ત અને આત્મનિર્ભર" બનાવી લખપતિ બનાવવા સરકાર કાર્ય કરશે.

ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા તેમજ સુઘડતા સુનિશ્ચિત કરવા નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત યોજનાકીય કામો સાથે જન-ભાગીદારી થકી લાંબાગાળાની વ્યવસ્થા કરવામાં આવશે. પંચાયતી રાજ વ્યવસ્થાને વધારે અસરકારક બનાવવા અને યોજનાઓના અમલમાં ગતિ અને ગુણવત્તા લાવવા પંચાયતી રાજની સંસ્થાઓમાં ૨૦૦૦ નવી તાંત્રિક અને બિન તાંત્રિક જગ્યાઓ ઊભી કરી સમગ્ર વહીવટી માળખાને સુદ્રઢ કરવામાં આવશે.

**પંચાયત**

૧૫માં નાણાપંચ અંતર્ગત ગ્રામ્ય માળખાકીય સુવિધાઓના સુદ્દઢીકરણ માટે **₹૨૬૦૦ કરોડ** ઉપરાંતની જોગવાઈ.

- ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠા યોજનાઓના અમલીકરણ માટે વારિગૃહોના વીજબિલના ચૂકવણા માટે **₹૯૭૪ કરોડ**ની જોગવાઈ.

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત એકત્રિત થતા ઘન અને પ્રવાહી કચરાના કાયમી નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઇના કામો માટે **₹૩૦૦ કરોડ**ની જોગવાઈ.

આંતરરાષ્ટ્રીય સરહદ પરના ગામોમાં માળખાગત સુવિધા વિકસાવવા **₹૧૦કરોડ**ની જોગવાઇ.

**ગ્રામવિકાસ**

મનરેગા યોજના હેઠળ રોજગારી પૂરી પાડવા **₹૧૩૦૯ કરોડ**ની જોગવાઇ.

સૌને આવાસની પ્રતિબદ્ધતાના માનનીય વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) માટે **₹૭૫૧ કરોડ**ની જોગવાઈ.

- રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (આજીવિકા) અંતર્ગત અંદાજે ત્રણ લાખ સ્વસહાય જૂથોની રચના કરી ૩૦ લાખ પરિવારોને જોડવામાં આવેલ છે. આ યોજના માટે **₹૨૬૨ કરોડ**ની જોગવાઇ.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના ૨.૦ હેઠળ **₹૨૫૫ કરોડ**ની જોગવાઇ.

આદિમ જૂથના લોકોનું જીવન સ્તર ઉંચુ લાવવા પ્રધાનમંત્રી આદિજાતિ ન્યાય મહાઅભિયાન મિશન અન્વયે ઘરનું ઘર આપવા **₹૧૬૪ કરોડ**ની જોગવાઇ.

મહત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની ૫૦ હજાર મહિલાઓ લખપતિ બનવા સમર્થ બને તે માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- ગ્રામ વિકાસની યોજનાઓના સરળ અને સુચારૂ અમલીકરણ માટે હયાત મહેકમને વધુ સુદ્રઢ બનાવવા **₹૪૨ કરોડ**ની જોગવાઇ.

ઉદ્યોગોને અપાતા વેન્ચર કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસોને પ્રોત્સાહન આપવા માટે "ગુજરાત સોશિયલ એન્ટરપ્રાઇઝ ફંડ"ની રચના કરવામાં આવશે જે માટે આગામી ૫ વર્ષમાં **₹૫૦ કરોડ**નો ખર્ચ કરવામાં આવશે. આગામી વર્ષ માટે **₹૧૦ કરોડ**ની જોગવાઇ.

સ્વસહાય જુથોની આવકમાં વધારો થાય તે માટે તંદુરસ્ત હરિફાઇને પ્રોત્સાહન આપવા Performance Linked Incentiveયોજના માટે **₹૫ કરોડ**ની જોગવાઇ.

**શહેરી વિકાસ** **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ ₹૨૧,૬૯૬ કરોડની જોગવાઈ**

શહેરી આયોજન અને વહીવટમાં ગુણાત્મક સુધારા થાય એ આજના ઝડપથી વધતા જતા શહેરીકરણની માંગ છે. શહેરોને આર્થિક રીતે ગતિશીલ,જીવંત,રહેવાલાયક અને પર્યાવરણની દ્દષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા "ઈઝ ઓફ લિવિંગ "પર ધ્યાન આપવું આવશ્યક છે. શહેરોમાં માર્ગો,પુલો,પાણી પુરવઠો,ગટર-વ્યવસ્થા,આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડોને સુદ્દઢ કરવામાં આવશે. શહેરી વિસ્તારમાં જળવાયુ પરિવર્તનના પડકારો સાથે પ્રાકૃતિક આપદાઓ તેમજ અગ્નિશમનની સેવાઓ પૂરી પાડવા તંત્રની સક્ષમતાને વધારવામાં આવશે. શહેરી ગરીબોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત બાકી રહેતા લાભાર્થીઓ માટે સમયબદ્ધ રીતે કામ કરવામાં આવશે.

ઈન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી વિવિધ યોજનાઓનો અસરકારક અને પારદર્શી રીતે અમલકરી સ્થાનિક શહેરી સંસ્થાઓનો વહીવટ વધુ સુદ્દઢ બનાવવામાં આવશે. ટાઉન પ્લાનિંગ અને બાંધકામ નિયમોના અમલીકરણ માટે કમ્પ્યુટર આધારિત વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારમાં માળખાકીય સગવડો માટે **₹૮૬૩૪ કરોડ**ની જોગવાઈ.

શહેરી સ્થાનિક સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટેની યોજના હેઠળ **₹૩૦૪૧ કરોડ**ની જોગવાઈ.

AMRUT 2.0 હેઠળ પાણી પુરવઠા,ડ્રેનેજ સિસ્ટમ,તળાવોના વિકાસ,પરિવહન વ્યવસ્થા વગેરે માટે **₹૨૦૦૦ કરોડ**ની જોગવાઈ.

અમદાવાદ અને સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે **₹૧૮૦૦ કરોડ**ની જોગવાઈ.

- ૧૫માં નાણાપંચ અન્વયેશહેરી વિસ્તારના વિકાસ કાર્યો માટે **₹૧૩૪૯ કરોડ**ની જોગવાઈ.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ શહેરી ગરીબોને ઘર આપવા માટે **₹૧૩૨૩ કરોડ**ની જોગવાઈ.

- શહેરી વિસ્તારોને રેલ્વે ક્રોસિંગ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવરબ્રિજ/અંડર બ્રિજ બાંધવા માટે **₹૫૫૦ કરોડ**ની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન અને નિર્મળ ગુજરાત ૨.૦ હેઠળ પ્રવાહીઅનેઘનકચરાનુંયોગ્યવ્યવસ્થાપન કરવા માટે **₹૫૪૫ કરોડ**ની જોગવાઈ.
- નગરપાલિકાઓના વીજબિલ પ્રોત્સાહન નિધિ અંતર્ગત **₹૧૨૪ કરોડ**ની જોગવાઈ.
- મહાનગરપાલિકા/નગરપાલિકાઓનીમિલકતોનેપુન: પ્રાપ્યઊર્જાસ્ત્રોતો દ્વારા સંચાલિત કરવા,એનર્જી ઓડિટ કરાવવા અને સંલગ્ન કામો માટે **₹૧૫૦ કરોડ**નીજોગવાઈ.
- મહાનગરપાલિકા/નગરપાલિકાઓનીમિલકતોના વાર્ષિક દેખરેખઅનેનિભાવ(O&M)માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઈ.
- મોડલ ફાયર સ્ટેશનો વિકસાવવા તથા નવા સાધનોની ખરીદી,દેખરેખઅનેનિભાવ,તાલીમ અને સતતક્ષમતાવિકાસ તેમજ આધુનિકીકરણ માટે **₹૬૯ કરોડ**ની જોગવાઈ.

- શહેરી વિસ્તારોની કામગીરીમાં ITનો ઉપયોગ કરી તંત્રને સુદ્દઢ બનાવવાવિશેષ કેડરના વિસ્તરણ અને પુનઃરચના માટે **₹૧૪ કરોડ**ની જોગવાઈ.
- ઇ-નગર પોર્ટલને ૨.૦ સુધી સંવર્ધિત કરવા અને મ્યુનિસિપલ સેવાઓની પહોંચમાં સુધારો કરવા માટે ૫૦ નવા શહેર નાગરિક કેન્દ્રોની સ્થાપના માટે **₹૧૦ કરોડ**ની જોગવાઈ.

**ગિફ્ટ સિટી**

ગિફ્ટ સિટી ગ્લોબલ ફાયનાન્સ હબ તરીકે ઉભરી રહેલ છે. ૯૦૦ એકરથી ૩૩૦૦ એકરમાં વિસ્તરણ કરીગિફ્ટ સિટીનેપ્લાન્ડ ગ્રીન સિટી તરીકે વિકસાવવામાં આવશે.જેનાથી સમગ્ર વિશ્વમાં ગિફ્ટ સિટીની"સપનાનાં શહેર" તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત થશે. ગિફ્ટ સિટીમાં સૂચિત વિકાસ કાર્યોને પરિપૂર્ણ કરીને "વોક ટુ વર્ક" "લિવ-વર્ક-પ્લે કમ્યુનિટી"ની કલ્પના સાકાર થશે. આ વિકાસ કાર્યોમાં ૪.૫ કિ.મી. લાંબો રિવરફ્રન્ટ,રીક્રીએશનલ ઝોન,શૈક્ષણિક સંસ્થાઓ,આરોગ્યલક્ષી સવલતો,મેટ્રો કનેક્ટિવિટી તથા સેન્ટ્રલ પાર્કની સુવિધાઓનો સમાવેશ થશે.

GIFT સિટી ખાતે ' ફિન-ટેક હબ' ની સ્થાપના કરવામાં આવશે જેના માટે **₹૫૨ કરોડ**ની જોગવાઇ.

ગાંધીનગર ગિફ્ટ સિટી નજીકસાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની કામગીરી માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઈ.

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ ₹૮૪૨૩ કરોડની જોગવાઇ**

ઊર્જા સામાજિક અને આર્થિક વિકાસ માટે પાયાનું તત્વ છે. ગુજરાતનો પ્રતિ વ્યક્તિ/વર્ષ વીજ વપરાશ ૨૪૦૨ યુનિટ છે,જે દેશના સરેરાશ પ્રતિ વ્યક્તિ/વર્ષ વીજ વપરાશથી લગભગ બમણો છે. ઉત્તરોત્તર વધતી જતી વીજમાંગને પહોંચી વળવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા ગુજરાતે ગ્રીન ઊર્જાનું ઉત્પાદન અને વપરાશ વધારવા માટે સરકારે અનેક નીતિગત નિર્ણયો કર્યા છે તેનાથી રાજયની ઊર્જા સુરક્ષા જળવાશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજયમાં કુલ વીજ પુરવઠાનો ૫૦% હિસ્સો રીન્યુએબલ એનર્જીના સ્ત્રોતમાંથી મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે. ઊર્જા ઉત્પાદન સાથે ટ્રાન્સમિશન અને વિતરણ વ્યવસ્થાના સુદ્દઢીકરણ સાથે સ્માર્ટમીટરની વ્યવસ્થા રાજયમાં અમલી બનાવવામાં આવશે.

ખેડૂતોને દિવસે વિજળી પૂરી પાડવા માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત **₹૧૫૭૦ કરોડ**ની જોગવાઇ.

રીવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સ્કીમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થાના સુદ્દઢીકરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે **₹૧૨૮૫ કરોડ**ની જોગવાઇ.

આદિજાતિ,સાગરકાંઠા તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે **₹૧૦૧૭ કરોડ**ની જોગવાઇ.

સાગરકાંઠા તથા આદિજાતિ વિસ્તારોમાં નવા સબ-સ્ટેશનો સ્થાપવા માટે **₹૩૮૦ કરોડ**ની જોગવાઇ.

- મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરી સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા વનબંધુ કલ્યાણ યોજના–૨ હેઠળ **₹૨૫૩ કરોડ**ની જોગવાઇ.
- પી.એમ. કુસુમ યોજના અંતર્ગત સ્ટેન્ડ અલોન-ઓફ ગ્રીડ સોલાર પાવર એગ્રીકલ્ચર પંપ પૂરા પાડવા માટે **₹૧૫૨ કરોડ**ની જોગવાઇ.

  ખેતીવાડી ફીડરોના હયાત જૂના જર્જરીત વીજ વાયરો/કંડકટર તથા તેને આનુષાંગિક સાધન સામગ્રી બદલી ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવા **₹૧૩૦ કરોડ**ની જોગવાઇ.
- હયાત ઓવરહેડ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કને અંડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાં રૂપાંતર કરવા માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- રસ્તાઓના વિસ્તૃતિકરણ અથવા રસ્તાઓ પર અડચણરૂપ હયાત ટ્રાન્સમિશન લાઇન અને સંલગ્ન વીજ માળખાનું શિફ્ટીંગ/રિપ્લેસમેન્ટ કરવા માટે **₹૯૫ કરોડ**ની જોગવાઇ.
- એનર્જી સ્ટોરેજ સોલ્યુશન્સ અને ગ્રીડ કનેક્ટેડ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ સ્થાપવા માટે **₹૬૫ કરોડ**ની જોગવાઇ.

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્રની રજૂઆત

**માર્ગ અને મકાન**

**માર્ગ અને મકાન વિભાગ માટે કુલ ₹૨૨,૧૬૩ કરોડની જોગવાઈ**

રાજમાર્ગો લોકોની સુખાકારી તથા રાજયના વિકાસ માટે ધોરી નસ સમા છે. રાજયે અંતરિયાળ વિસ્તારથી માંડી વિકાસના કેન્દ્રો સમા ઔદ્યોગિક વસાહતો, બંદરો, શહેરો અને પર્યટન સ્થળો સુધી રસ્તાઓની જાળ પાથરેલ છે. જુદા જુદા પ્રકારના રસ્તાઓના બાંધકામ તેમજ તેની યોગ્ય જાળવણી કરી પરિવહન તંત્રને સુદ્રઢ કરવાની સરકારની નેમ છે. આગામી સમયમાં રસ્તાઓની ગુણવત્તા,હયાત બ્રિજની ચકાસણી તથા સુદ્રઢીકરણ અને વધુ ટ્રાફિક ધરાવતા વિસ્તારો માટે હાઇ સ્પીડ કોરિડોરનું નિર્માણ કરવાની સરકારની પ્રાથમિકતા છે.

**પ્રગતિ હેઠળનાં કામો:**

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કામો માટે ₹**૫૦૦૦ કરોડ**નીજોગવાઇ.

- દરિયા કાંઠે આવેલ હયાત રસ્તાઓનું મજબૂતીકરણ/અપગ્રેડેશન/ ખૂટતીકડીના રસ્તાઓ અને નાના મોટા પુલના બાંધકામ સહિતના કોસ્ટલ હાઈવે માટે ₹**૨૪૪૦ કરોડ**ના આયોજન અન્વયે પ્રથમ અને બીજા તબક્કાના કુલ ૪૬ રસ્તાઓ અને પુલો માટે ₹**૯૭૯ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે ₹**૨૧૬ કરોડ**ની જોગવાઈ.
- સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાનગર)ને જોડતા પ્રથમ અને બીજા તબક્કાના રસ્તાઓ માટે ₹**૨૮૪ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે ₹**૧૦૦ કરોડ**ની જોગવાઈ.

અંદાજિત ₹**૧૬૦૦ કરોડ**ના ખર્ચે બનનાર પરિક્રમા પથના બાંધકામ માટે ₹**૩૧૮ કરોડ**ની જોગવાઈ.

ભારે ટ્રાફિક ધરાવતા હાઈવેને હાઈસ્પીડ કોરીડોર તરીકે અંદાજિત ₹**૩૧૦૦ કરોડ**ના ખર્ચે વિકસાવવા રાજય સરકારે નિર્ણય કરેલ છે. આ નિર્ણયના ભાગરૂપે વટામણ – પીપળી,સુરત -સચિન – નવસારી,અમદાવાદ –ડાકોર,ભુજ –ભચાઉ,રાજકોટ – ભાવનગર,મહેસાણા – પાલનપુર સહિત ૬ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. જેના માટે ₹**૨૨૨ કરોડ**ની જોગવાઈ.

દ્વારકા, શિવરાજપુર, પાવાગઢ, જાંબુઘોડા,ધોરડો, ધોળાવીરા, ધરોઈ, વડનગર, સાસણ, એકતાનગર વગેરે ટુરિસ્ટ સર્કિટને જોડતાં કુલ ૧૭ રસ્તાઓના વિકાસ માટે ₹**૫૬૮ કરોડ**નું આયોજન. જેના માટે ₹**૫૨૬ કરોડ**ની જોગવાઈ.

- જૂના પુલોના પુન: બાંધકામ,મજબૂતીકરણ,મરામત અને રેટ્રોફિટીંગના ₹**૫૩૦ કરોડ**નાં કામો માટે ₹**૨૭૦ કરોડ**ની જોગવાઈ.

મહાનગરો,બંદરો,પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૧૪ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની ₹**૧૧૫૯ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.

ઔદ્યોગિક વિસ્તારને જોડતા ૮૮ કિલોમીટરના ચાર રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની ₹**૮૪૩ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની ₹ **૧૭૪૯ કરોડ**ની અંદાજિત કિંમતની કામગીરી અન્વયે રાજ્યના ૩૦૧૫ કિલોમીટરના ગ્રામ્ય માર્ગોની ૬૬૦ કિ.મી.ની કામગીરી પ્રગતિ હેઠળ. જેના માટે ₹**૬૦૦ કરોડ**ની જોગવાઈ.
- વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ આદિજાતિ વિસ્તારમાં ગામમાંથી શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો માટે ₹**૨૪૬ કરોડ**ની જોગવાઇ.
- ₹**૯૬૨ કરોડ**ના ખર્ચે ઓખા અને બેટ દ્વારકાને જોડતા ચારમાર્ગીય કેબલ સ્ટેઇડ સિગ્નેચર બ્રિજની કામગીરી પૂર્ણતાને આરે.
- ફાટક મુકત અભિયાન અંતર્ગત રેલ્વે ક્રોસીંગ પર ઓવરબ્રિજ બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.જે અન્વયે રેલ્વે ક્રોસીંગો પર આર.ઓ.બી.ની કામગીરી અન્વયે ₹ **૨૮૪૭ કરોડ**ના ખર્ચે કુલ ૪૯

કામો પ્રગતિ હેઠળ.

- ભરૂચ દહેજ રસ્તા પર **₹૪૨૦ કરોડ**ના ખર્ચે ભોળાવ જંક્શનથી શ્રવણ જંકશન સુધી છ માર્ગીય એલીવેટેડ કોરીડોરની કામગીરી પ્રગતિ હેઠળ.
- કીમ-માંડવી રાજ્ય ધોરીમાર્ગ-૬૫ના રસ્તાને વિકસાવવા માટે **₹૨૦૦ કરોડ**ની કામગીરી પ્રગતિ હેઠળ.
- હિંમતનગર બાયપાસના રસ્તાને **₹૭૫ કરોડ**ના ખર્ચે ચાર માર્ગી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ.
- ગાંધીનગર-કોબા-એરોડ્રામ રોડ પર રાજસ્થાન સર્કલ ખાતે કેબલ સ્ટેઇડ ઓવરબ્રિજનું **₹૧૩૬ કરોડ**નું કામ પ્રગતિ હેઠળ.
- સાબરમતી નદી પર સાદરા ગામ પાસે બ્રિજ બાંધવાનું **₹૮૯ કરોડ**નું કામ પ્રગતિ હેઠળ.
- ગાંધીનગર-પેથાપુર મહુડી રોડમાં ફ્લાય ઓવર,રસ્તાનું ચાર માર્ગીયકરણ અને જંક્શન સુધારણા માટે **₹૧૨૫ કરોડ**નું કામ પ્રગતિ હેઠળ.

**નવાં કામો :**

- અંદાજિત **₹૨૦૦૦ કરોડ**ના ખર્ચે રાજ્યના કોર રોડ નેટવર્કમાં સમાવિષ્ટ રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઇડનીંગ અને મજબૂતી કરણની કામગીરી માટે **₹૭૦૦ કરોડ**ની જોગવાઈ.

  અંદાજિત **₹૧૨૦૦ કરોડ**ના ખર્ચે રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તાઓની સુધારણા, અપગ્રેડેશન, વાઇડનીંગ અને મજબૂતીકરણની કામગીરી માટે **₹૪૫૦ કરોડ**ની જોગવાઈ.

  અંદાજિત **₹૮૦૦ કરોડ**ના ખર્ચે રાજયના બંદરોને જોડતા હયાત રસ્તાઓની સુધારણા,વાઇડનીંગ તથા મજબૂતીકરણ,સ્ટ્રકચર અને રોડ સેફ્ટી સંબંધિત કામગીરી માટે **₹૩૦૦ કરોડ**ની જોગવાઈ.

**બંદરો અને વાહનવ્યવહાર**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ માટે કુલ ₹૩૮૫૮ કરોડની જોગવાઇ**

નાગરિકોને ઝડપી,સુરક્ષિત અને પર્યાવરણને અનુકૂળ વાહનવ્યવહાર સેવા પૂરી પાડવા સરકાર અવિરત કાર્ય કરી રહી છે. બસ પરિવહનની સગવડો વધારવા સરકાર પ્રયત્નશીલ છે. લોથલ ખાતે વિશ્વ કક્ષાનું નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (N M H C )વિકસાવવામાં આવી રહ્યું છે.

રાજયના વિશાળ દરિયાકિનારે કેમિકલ પોર્ટસ,કન્ટેનર પોર્ટસ તેમજ વિશ્વના સૌથી મોટા શિપ રિસાયક્લિંગ યાર્ડ્સને કારણે ગુજરાતનું દરિયાઇ વ્યાપાર ક્ષેત્ર અગ્રેસર રહ્યું છે. રાજયમાં આવેલ પાંચ એલ.એન.જી. ટર્મિનલ સાથે વિશ્વના પ્રથમ સી.એન.જી. પોર્ટ્સની સ્થાપના કરી નેચરલ ગેસ આયાતમાં ગુજરાતે દેશમાં મોખરાનું સ્થાન સુનિશ્ચિત કરેલ છે.

- ભવિષ્યને ધ્યાનમાં રાખીને,અલંગમાં રિસાયક્લિંગ ક્ષમતા હાલના ૪.૫ મિલિયન એલ.ડી.ટી. (લાઇટ ડિસ્પ્લેસમેન્ટ ટનેજ)થી બમણી કરીને ૯ મિલિયન એલ.ડી.ટી.થી કરવામાં આવશે.

નવીન બસો ખરીદવા માટે **₹૭૬૮ કરોડ** ની જોગવાઇ.

ઇ-વ્હિકલને સબસિડી આપવા માટે **₹૨૧૮ કરોડ**ની જોગવાઇ.

બસ સ્ટેશનના આધુનિકીકરણ તથા સ્વચ્છતાના હેતુસર **₹૧૧૮ કરોડ**ની જોગવાઈ.

- પ્રદૂષણ ઘટાડવા અને નવિનીકરણ ઊર્જાના સ્ત્રોત વધારવાવાહનવ્યવહાર નિગમ દ્વારા તબક્કાવાર ૧૦૦ મેગા વોટના સોલાર પાર્કની સ્થાપના કરવાનું આયોજન.

**જળસંપત્તિ**

**જળસંપત્તિ પ્રભાગ માટે ₹ ૧૧,૫૩૫ કરોડની જોગવાઇ**

મોટા ડેમથી તળાવો અને ખેત તલાવડી સુધી વિવિધ યોજનાઓ થકી જળ સંગ્રહની કામગીરી પૂરી કરી ગુજરાતે જળસંચયના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરેલ છે. ઉપલબ્ધ પાણીનો કરકસર ભર્યો ઉપયોગ કરવા તેમજ ઘરેલું વપરાશ માટે પાણી ઉપલબ્ધ કરાવવા રાજયમાં પાણી વિતરણનું વિશાળ માળખુ ઊભું કરવામાં

આવેલ છે. ઉપલબ્ધ જળસંપત્તિનો કાર્યક્ષમ ઉપયોગ કરવા સૂક્ષ્મ સિંચાઇનો વ્યાપ વધારવામાં આવશે.

કચ્છમાં નર્મદાના પૂરના વધારાના એકમિલિયન એકર ફીટ પાણીનું વિતરણ કરવા માટે પ્રથમ તબક્કે ત્રણ પાઈપલાઈન યોજનાના કામો **₹૪૧૧૮ કરોડ**ના ખર્ચે પ્રગતિ હેઠળ છે તથા બીજા તબક્કામાં અંદાજિત **₹૨૨૫૫ કરોડ**ની બે પાઈપલાઈનના કામો આયોજનમાં લીધેલ છે. આ કામો માટે **₹૨૭૦૦ કરોડ**ની જોગવાઇ.

નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો જોડવા માટેની સૌની યોજના પૂર્ણતાના આરે છે તેમાં બાકી રહેતી કામગીરી માટે **₹૪૩૨ કરોડ**ની જોગવાઈ.

પ્રગતિ હેઠળની અંદાજિત **₹૭૧૧ કરોડ**ના ખર્ચની તાપી-કરજણ લીંક પાઇપલાઇન માટે **₹૨૨૦ કરોડ**ની જોગવાઇ.

ખેરાલુ અને સતલાસણા તાલુકાના તળાવોને ભરવા માટેની પાઇપલાઇનની કામગીરી માટે **₹૧૫૦ કરોડ**ની જોગવાઈ.

સાબરમતી નદી ઉપર સિરીઝ ઓફ બેરેજની કામગીરી અંતર્ગતગાંધીનગર જિલ્લાના સંત સરોવર અને વલાસણા બેરેજની કામગીરી પૂરી થયેલ છે. હીરપુરા,આંબોડ,માધવગઢ અને ફતેપુરા ખાતે બેરેજ બનાવવાની કામગીરી માટે **₹૧૬૯ કરોડ**ની જોગવાઈ.

ચેકડેમ,તળાવો ઊંડા કરવા અને નવા બનાવવા જળસંચય યોજનાઓનાં કામો માટે **₹૨૩૬ કરોડ**ની જોગવાઇ.

- સૌની યોજના હેઠળ બાકી રહેતા રાજકોટ જિલ્લાના વિંછિયા અને ઘરઈ જળાશયને અંદાજિત **₹૧૬૦ કરોડ**ના ખર્ચે જોડવાનું આયોજન.

પોઇચા ગામે મહી નદી પર વિયર બનાવવાનું આયોજન છે. જેના માટે **₹૧૫૦ કરોડ**ની જોગવાઇ.

- પ્રગતિ હેઠળની અંદાજિત **₹૧૦૨૦ કરોડ**ના ખર્ચની ઉકાઇ જળાશય આધારીત સોનગઢ– ઉચ્છલ– નિઝર ઉદ્વહન પાઇપલાઇન માટે **₹૧૫૦ કરોડ**ની જોગવાઇ.
- દક્ષિણ ગુજરાતના પૂર્ણા,અંબિકા,કાવેરી,પાર,નાર,તાન,દમણગંગા વગેરે નદીઓઉપર મોટા ચેકડેમો / બેરેજો / વિયર બનાવવા માટે **₹૧૩૦ કરોડ**ની જોગવાઈ.

સુજલામ સુફલામ સ્પ્રેડિંગ નહેરના આધુનિકીકરણ માટે **₹૧૨૫ કરોડ**ની જોગવાઇ.

કપડવંજ,કઠલાલ,ગળતેશ્વર,બાલાસિનોરવગેરે તાલુકાઓના સિંચાઇ વંચિત વિસ્તારમાં મહીનદી આધારીત ઉદ્વહન સિંચાઇ યોજનાઓની કામગીરી માટે **₹૧૨૦ કરોડ**ની જોગવાઈ.

- પ્રગતિ હેઠળની પંચમહાલ જિલ્લાની પાનમ જળાશય આધારિત ઉદ્વહન પાઇપલાઇનો માટે**₹૯૬ કરોડ**ની જોગવાઇ.
- અંદાજિત **₹૧૩૨ કરોડ**ના ખર્ચની પાનમ જળાશય આધારીત વાંકડી ગામથી સંતરામપુર તાલુકાના તળાવો માટે ઉદ્વહન સિંચાઇ યોજનાઓ માટે **₹૮૦ કરોડ**ની જોગવાઇ.
- અરવલ્લી જિલ્લાના વાત્રક જળાશય આધારીત ઉદ્વહન સિંચાઇ યોજના માટે **₹૬૦ કરોડ**ની જોગવાઇ.
- મેશ્વો, ખારી, પુષ્પાવતી અને રૂપેણ નદીઓ પર સીરીઝ ઓફ ચેકડેમ માટે **₹૫૫ કરોડ**ની જોગવાઈ.
- બનાસકાંઠા જિલ્લામાં બાલારામથી મલાણા સુધીની પાઈપલાઇનની કામગીરી માટે **₹૫૦ કરોડ**ની જોગવાઈ.

પ્રગતિ હેઠળની અંદાજિત**₹૧૧૦ કરોડ**ના ખર્ચની નવસારી જિલ્લામાં વિરાવળ-કસ્બાપાર ખાતે પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર યોજના માટે **₹૪૬ કરોડ**ની જોગવાઇ.

પ્રગતિ હેઠળની અંદાજિત **₹૨૫૦ કરોડ**ના ખર્ચની નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં વાઘરેજ ટાઇડલ

રેગ્યુલેટર યોજના માટે **₹૪૫ કરોડ**ની જોગવાઇ.

કચ્છમાં મોટા ચેકડેમો, તળાવો વગેરેમાં જળસંગ્રહના કામો માટે **₹૪૫ કરોડ**ની જોગવાઈ.

- મહિસાગર જિલ્લાના કડાણા જળાશય આધારીત સરસડીઉદ્ઘવહન સિંચાઇ યોજના માટે **₹૩૫ કરોડ**ની જોગવાઇ.
- મેશ્વો જળાશય આધારીત ઉદ્ઘવહન સિંચાઇ યોજના માટે **₹૩૫ કરોડ**ની જોગવાઇ.
- હાથમતી જળાશય આધારિત ઉદ્ઘવહન સિંચાઇ યોજના માટે **₹૩૫ કરોડ**ની જોગવાઇ.

**ભાડભૂત યોજના**

ભરૂચ જિલ્લાના ભાડભૂત ગામ પાસે નર્મદા નદી ઉપર બૅરેજ બનાવવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે.જેના માટે **₹૧૧૬૭ કરોડ**ની જોગવાઇ.

**સરદાર સરોવર યોજના**

ગુજરાતની સમૃદ્ધિમાં નર્મદા યોજનાનું યોગદાન અમૂલ્ય છે. આ યોજના થકી સિંચાઇ, જળવિદ્યુત ઉત્પાદન,પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશના પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી રાજયમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય સબંધી સૂચકાંકોમાં હકારાત્મક પરિવર્તન આવેલ છે. આ યોજના માટે **₹૪૭૯૮ કરોડ**ની જોગવાઈ.

કચ્છ અને સૌરાષ્ટ્ર શાખા નહેરના પમ્પિંગ સ્ટેશનના વિસ્તરણ,જાળવણી અને સંચાલન માટે **₹૭૬૫ કરોડ**ની જોગવાઈ.

- નર્મદા યોજનાના કમાન્ડ એરિયામાં નહેરના વિસ્તરણ-વિકાસના કામો માટે **₹૫૯૦ કરોડ**ની જોગવાઈ.

  અમદાવાદ જિલ્લાનાં નળકાંઠાના વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ કરવા **₹૩૦૦ કરોડ**ની જોગવાઈ.
- નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રકચર તેમજ જાળવણીની કામગીરી માટે **₹૧૮૬ કરોડ**ની જોગવાઈ.
- ગરૂડેશ્વર વિયર તથા વિવિધ શાખા નહેરો પરના વીજ મથકો તેમજ એકતાનગર ખાતેના જળ વિદ્યુત મથકોના જાળવણી અને મરામત માટે **₹૧૩૬ કરોડ**ની જોગવાઈ.

**પાણી પુરવઠા**

**પાણી પુરવઠા પ્રભાગ માટે ₹ ૬૨૪૨ કરોડની જોગવાઇ**

રાજયના અંતરિયાળ વિસ્તારથી માંડી શહેરી વિસ્તારોની જળસુરક્ષા માટે નિયમિત ધોરણે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ કરાવવા શરૂ કરેલ વોટરગ્રીડનાં સારાં પરિણામો મળ્યાં છે. આજે વોટરગ્રીડના કારણે મહિલાઓને દૂરથી પાણી લાવવાની પળોજણમાંથી મુક્તિ મળી છે. સારી ગુણવત્તાના સરફેસ વોટર મળતા લોકોના આરોગ્યમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહેલ છે. નલ સે જલ યોજના અંતર્ગત દરેક ઘરને પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે સિદ્ધિ હાંસલ કરી ગુજરાતે આ દિશામાં નવા સીમાચિહ્નો અંકિત કર્યા છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીના માળાખાને સુદ્રઢ કરવા અને કેનાલ ઉપરની નિર્ભરતા ઓછી કરવા માટે ઢાંકીથી માળીયા સુધી બીજી સમાંતર પાઇપલાઇન **₹૧૨૦૦ કરોડ**ના ખર્ચે નાખવાની યોજના હાથ ધરવાની હું જાહેરાત કરું છું.

આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૫૦૬૨ ગામોને સરફેસ સોર્સ આધારિત જૂથ યોજનાઓમાં આવરી લેતી અંદાજિત **₹૬૫૦૦ કરોડ**ની સુધારણા તથા નવીન જૂથ યોજનાના કામો પ્રગતિ હેઠળ.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ **₹૧૧૨૨ કરોડ**ની જોગવાઇ.

ડાંગ જિલ્લાના કુલ ૨૭૬ ગામો તથા ૩ તાલુકાનો સમાવેશ કરતી ડાંગ જિલ્લાની જૂથ પાણી પુરવઠા યોજના અંદાજિત **₹૮૬૬ કરોડ**ના ખર્ચે હાથ ધરવાનું આયોજન.

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ૨૩ ગામોનો સમાવેશ કરતી દમણગંગા બલ્ક પાઈપ લાઇન આધારીત ધરમપુર જૂથ પાણીપુરવઠા યોજના પેકેજ-૨ નું અંદાજિત **₹૧૦૭ કરોડ**ના ખર્ચે આયોજન.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની જરૂરીયાતને પહોંચી વળવા તેમજ માળિયા તથા વલ્લભીપુર નર્મદા બ્રાંચ કેનાલ ઉપરની નિર્ભરતા ઘટાડવા માટે ઢાંકીથી માળીયા, નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ,બુધેલ-

બોરડા,ચાવંડ-ઘરાઇ-ભેંસાણઅને ચાવંડ-લાઠી બલ્ક પાઇપલાઇનનું આયોજન કરેલ છે. આ આયોજન અંતર્ગત

- બોટાદ, રાજકોટ,અમરેલી,જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓ માટેની નાવડાથી ચાવંડ સુધીની ૮૫ કિ.મી. બલ્ક પાઇપલાઇનના અંદાજિત **₹૬૪૪ કરોડ**ના કામો પૂર્ણતાના આરે.
- અમદાવાદ,બોટાદ,અમરેલી,ભાવનગર,ગીર સોમનાથ,જૂનાગઢ,પોરબંદર જિલ્લાઓ માટેની ઢાંકીથી નાવડા સુધીની ૯૭ કિ.મી. બલ્ક પાઇપલાઇનના અંદાજિત **₹૧૦૪૪ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ.
- જૂનાગઢ જિલ્લા માટેની ઘરાઇથી ભેંસાણ સુધીની ૬૩ કિ.મી. લંબાઇની બલ્ક પાઇપલાઇનના અંદાજિત **₹૩૯૨ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ.
- ઢાંકીથી માળીયા સુધીની નવીન ૧૨૦ કિ.મી. લંબાઇની બલ્ક પાઇપલાઇનના અંદાજિત **₹૧૨૦૦ કરોડ**ના કામોનું આયોજન.

**સૂક્ષ્મસિંચાઇ**

ખેડૂતોને ડ્રીપ અને સ્પ્રીંકલર સિસ્ટમ વસાવવા માટે સહાય આપવા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની હેઠળ **₹૨૫૦૦ કરોડ**ની જોગવાઇ.

ભારત સરકાર સહાયિત **₹૭૫૦ કરોડ**ની અટલ ભૂજલ યોજના અંતર્ગત સૂક્ષ્મ સિંચાઇ માટે સહાય આપવા **₹૨૦૦ કરોડ**ની જોગવાઇ.

જળ સંપત્તિ વિભાગ હેઠળની ઉદ્ધવહન સિંચાઇ યોજનાઓને સૂક્ષ્મ સિંચાઇ સાથે જોડવા માટે **₹૪૦૩ કરોડ**ની જોગવાઇ.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ₹ ૨૪૨૧ કરોડની જોગવાઈ**

રાજયમાં વિશ્વ કક્ષાનું આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રસ્થાપિત કરવા વિવિધ નીતિઓનુંઅસરકારક અમલીકરણ કરવામાં આવશે. ઇન્ક્યુબેટર્સ,સ્ટાર્ટ-અપ્સ અને ખાનગી એકમોને પ્રોત્સાહિત કરીને રાજ્યમાં આઇ.ટી.ક્ષેત્રને વધુ વેગ આપવામાં આવશે. IT / ITeS સ્ટાર્ટઅપ પોલિસી દ્વારા સંશોધન અને વિકાસને ઉત્તેજન આપવામાં આવશે. વિજ્ઞાનલક્ષી પ્રદર્શન અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યેની અભિરૂચી કેળવવા વિજ્ઞાન કેન્દ્રોનો વ્યાપ વધારી જિલ્લાકક્ષાએ આવા કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય કરેલ છે. ચાલુ વર્ષમાં સાયન્સ સિટીની રેકોર્ડ ૧૭ લાખથી વધારે લોકોએ મુલાકાત લીધી છે, જે આ દિશામાં કરેલા પ્રયત્નોની સફળતા દર્શાવે છે.

સેમિકન્ડકટર પોલિસી અંતર્ગત સહાય માટે **₹૯૨૪ કરોડ**ની જોગવાઇ.

ઇલેક્ટ્રોનિક્સ પોલિસી અંતર્ગત આ ક્ષેત્રના ઉદ્યોગોને સહાય માટે **₹૧૨૫ કરોડ**ની જોગવાઇ.

આઇ.ટી. પોલિસી અંતર્ગત રોકાણોને આકર્ષી આ ક્ષેત્રના ઉદ્યોગોના વિકાસ માટે **₹૪૦ કરોડ**ની જોગવાઇ.

- ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર અને સિક્યુરિટી ઓપરેશન્સ સેન્ટર (S O C )ના માળખાને સુદૃઢ કરવા અને એડવાન્સ સિસ્ટમ સાથે વિશેષ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે **₹૧૦૨ કરોડ**ની જોગવાઇ.
- નવી સ્પેસ ટેક પોલિસી થકી પેલોડ સેટેલાઇટ માટે ડિઝાઇન,ઉત્પાદન અને પરીક્ષણ સુવિધાઓ સ્થાપિત કરીને સ્પેસ મેન્યુફેક્ચરિંગ કંપનીઓની સમગ્ર ઇકોસિસ્ટમને આકર્ષવા **₹૬૦ કરોડ**ની જોગવાઇ.
- અંદાજિત ₹૪૫૦ કરોડના ભારતનેટ પ્રોજેક્ટ ફેઝ-૩ હેઠળ રાજ્યથીગામ સુધીના ફાઇબર ગ્રીડને વધુ અસરકારક બનાવવા રાજ્યના કેબલ ઇન્ફ્રાસ્ટ્રકચરને બાકીના ૪૮૬૦ ગામો સુધી પહોંચાડવા માટે **₹૪૫ કરોડ**ની જોગવાઇ.

ગુજરાત I T / I T e S સ્ટાર્ટઅપ પોલિસી અંતર્ગત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને મજબૂત કરવા,R &D ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવા તેમજ ઉચ્ચ ગુણવત્તાયુકત માનવબળ તૈયાર કરવા **₹૧૦ કરોડ**ની જોગવાઇ.

- "ડીપ ટેક" પ્રોજેક્ટ દ્વારા આર્ટીફિશીયલ ઇન્ટેલીજન્સ (A I ),મશીન લર્નીંગ (ML ), ઇન્ટરનેટ ઓફ થીંગ્સ (I o T )અને ક્લાઉડ જેવા ક્ષેત્રોમાં કમ્પ્યુટીંગ ઇન્ફ્રાસ્ટ્રકચરના માધ્યમથી કસ્ટમાઇઝ્ડ

સોલ્યુશન્સ તૈયાર કરવા **₹૨૫ કરોડ**ની જોગવાઇ.

- બૌદ્ધિક સંપદા અધિકારોને પ્રોત્સાહન,રક્ષણ અને વ્યાપારીકરણ કરવા દરેક જિલ્લામાં આઈ.પી. લેબ અને ઈનોવેશન કેન્દ્રની સ્થાપના કરવા માટે **₹૩ કરોડ**ની જોગવાઇ.

**ચતુર્થ સ્તંભ : આર્થિક પ્રવૃતિઓનો વિકાસ**

**કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર**

**કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ₹ ૨૨,૧૯૪ કરોડની જોગવાઈ.**

અન્નદાતાઓની સમૃદ્ધિ માટે ઉત્પાદકતા વધારવા અને પાકોનું મૂલ્યવર્ધન કરવા અમારી સરકાર કૃતસંકલ્પ છે. ખેતીમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પ્રિસિઝન ફાર્મિંગને પ્રોત્સાહન આપવું એ સમયની માંગ છે. આ માટે અમારી સરકારે ખેડૂતો અને મહિલાઓને ખેતીમાં ડ્રોનના ઉપયોગ માટે તાલીમ અને સહાય આપવા યોજનાઓ અમલી બનાવેલ છે. કૃષિ સંશોધન ક્ષેત્રે કેસર કેરી અને ભાલિયા ઘઉં બાદ કચ્છની ખારેકને ‘જી.આઇ.’ ટેગની માન્યતા મળી છે. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી કે બાગાયત,પશુપાલન,એગ્રોપ્રોસેસીંગ અને એગ્રોમાર્કેટીંગમાં અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ માટે સઘન પ્રયાસો હાથ ધરીખેડૂતોની આવક વધારવાનું અમારી સરકારનું ધ્યેય છે.

**પાક કૃષિ વ્યવસ્થા**

ટ્રેક્ટર તેમજ કૃષિ યાંત્રિકીકરણ અને વિવિધખેત ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹૭૦૧ કરોડ**ની જોગવાઇ.

વન્ય પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને નુકશાન થતું અટકાવવા ખેતરની ફરતે કાંટાળી તારની વાડ માટે સોલાર ફેન્સીંગ બનાવવા સહાય માટે **₹૩૫૦ કરોડ**ની જોગવાઈ.

- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત **₹૨૧૮ કરોડ**ની જોગવાઇ.
- એગ્રો અને ફુડ પ્રોસેસીંગ એકમોને સહાય આપવા **₹૨૦૦ કરોડ**ની જોગવાઇ.
- મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના અંતર્ગત સહાય આપવા માટે **₹૭૭ કરોડ**ની જોગવાઈ.
- ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના હેઠળ **₹૮૧ કરોડ**ની જોગવાઇ.
- વધુ ઉત્પાદન આપતી સર્ટિફાઇડ જાતોના બિયારણ વિતરણ માટે સહાય આપવાના હેતુસર સીડ રીપ્લેસમેન્ટ રેટ(S R R ) માં વધારો કરવા માટે **₹૮૦ કરોડ**ની જોગવાઈ.

કૃષિક્ષેત્રેઅદ્યતનડ્રોનટેક્નોલોજી (કૃષિવિમાન)નેપ્રોત્સાહનઆપવા તેમજ દાણાદાર યુરિયાના વિકલ્પ સ્વરૂપે જમીન સ્વાસ્થ્ય જળવાય તે હેતુથી નેનો યુરિયાનો વપરાશ વધારવા માટે **₹૫૬ કરોડ**ની જોગવાઈ.

ગુજરાત રાજયના ખેડૂતોને મીલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા પ્રેરણા મળે અને મૂલ્યવર્ધન કરી પોતાની આવકમાં વધારો કરે તે હેતુથી બિયારણ સહાય,પ્રચાર પ્રસાર વગેરે માટે **₹૩૫ કરોડ**ની જોગવાઈ.

**પ્રાકૃતિક કૃષિ**

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવાની વિવિધ યોજનાઓ મળી કુલ **₹૧૬૮ કરોડ**ની જોગવાઇ.

પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને દેશી ગાયના નિભાવ ખર્ચ માટે સહાય આપવા **₹૧૯૯ કરોડ**ની જોગવાઇ.

**બાગાયત**

સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ બાગાયતી પાકોના વાવેતર,વિવિધ ખેતકાર્યો તેમજ પાક સંગ્રહ માટે**₹૨૯૪ કરોડ**ની જોગવાઈ.

- નવા બાગાયતી પાકોને પ્રોત્સાહન આપવા તથા કાપણી પછીના વ્યવસ્થાપન માટે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા **₹૧૬૦ કરોડ**ની જોગવાઇ.
- બાગાયતી ખેત પેદાશોના મૂલ્યવર્ધન અને સંગ્રહ માટેની માળખાકીય સુવિધાઓ ઊભી કરવા **₹૬૫**

**કરોડ**ની જોગવાઈ.

મસાલા પાકોના સર્ટીફાઈડ બિયારણ,પપૈયા પાકમાં ફળપાક ઉત્પાદકતા વધારવા અને ફળપાકોના જૂના બગીચાઓના નવસર્જન માટે **₹૧૮ કરોડ**ની જોગવાઇ.

- બાગાયત ખાતાના રોપ ઉછેર કેંદ્રોની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે **₹૧૫ કરોડ**ની જોગવાઈ.

બાગાયતી પાકોના પાંચ નવા સેન્ટર ઓફ એકસલન્સ ઊભા કરવા માટે **₹૧૫ કરોડ**ની જોગવાઈ.

આદિજાતિ વિસ્તારોમાં મધમાખી પાલકોને મધમાખીની હાઈવ્સ તથા કોલોની પૂરી પાડવાની યોજના હેઠળ **₹૬ કરોડ**ની જોગવાઇ.

**કૃષિ યુનિવર્સિટીઓ**

રાજ્ય કૃષિયુનિવર્સિટીઓ હેઠળ કૃષિસંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને સઘન બનાવવાના હેતુથી મોરબી અને કચ્છ ખાતે નવીન કૃષિ મહાવિદ્યાલયો તથા ખેડબ્રહ્મા ખાતે કૃષિ ઈજનેરી મહા વિદ્યાલય ચાલુ કરવામાં આવશે. કૃષિ યુનિવર્સિટીઓની માળખાકીય વ્યવસ્થા,વહીવટ અને સંશોધન માટે **₹૯૩૦ કરોડ**ની જોગવાઇ.

પશુપાલન ક્ષેત્રે શિક્ષણ તેમજ સંશોધન કાર્યમાં સંલગ્ન કામધેનુ યુનિવર્સિટી માટે **₹૩૨૪ કરોડ**ની જોગવાઈ.

**પશુપાલન**

"મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અંતર્ગત **₹૪૨૫ કરોડ**ની જોગવાઈ.

ફરતાં પશુ દવાખાનાતથા કરુણા એનિમલ એમ્બ્યુલન્સની સેવાઓ માટે **₹૧૧૦ કરોડ**ની જોગવાઈ.

ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે દુધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપના માટે સહાય પૂરી પાડવા**₹૬૨ કરોડ**ની જોગવાઈ.

- ગાભણ તથા વિયાણ થયેલ પશુ માટે ખાણદાણ સહાયની યોજના દ્વારા પશુપાલકોને લાભ આપવા**₹૫૪ કરોડ**ની જોગવાઈ.
- સરકારી પશુ-સારવાર સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે પશુ-સારવાર ઉપલબ્ધ કરાવવા "મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના" માટે **₹૪૩ કરોડ**ની જોગવાઈ.

પશુધન વીમા પ્રીમિયમ સહાય માટે **₹૨૩ કરોડ**ની જોગવાઈ.

- પાડી-વાછરડી ઉછેર યોજના અંતર્ગત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો માટે **₹૧૧ કરોડ**ની જોગવાઈ.
- કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે સહાય પૂરી પાડવા **₹૧૦ કરોડ**ની જોગવાઈ.

**મત્સ્યોદ્યોગ**

મત્સ્યબંદરો માઢવાડ,નવાબંદર,વેરાવળ-૨,માંગરોળ-૩ અને સુત્રાપાડાના વિકાસ અને રાજ્યના હયાત મત્સ્ય બંદરો,મત્સ્ય ઉતરાણ કેન્દ્રોનું આધુનિકીકરણ,અપગ્રેડેશન,ડ્રેજીંગ જેવી આનુષંગિક બાબતો માટે **₹૬૨૭ કરોડ**ની જોગવાઈ.

સાગરખેડુઓને હાઈસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના માટે **₹૪૬૩ કરોડ**ની જોગવાઈ.

- દરિયાઈ, આંતરદેશીય તથા ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે **₹૧૩૪ કરોડ**ની જોગવાઈ.

**સહકાર**

ખેડૂતોને બેન્કો મારફત ₹૩ લાખ સુધીનું ટૂંકી મુદતનું પાક ધિરાણ કે.સી.સી. મારફત આપવામાં આવે છે. ધિરાણની આ રકમ પર ૪% લેખે વ્યાજ રાહત આપવા માટે **₹૧૧૪૦ કરોડ**ની જોગવાઈ.

પશુપાલકો અને માછીમારોને ₹૨ લાખ સુધીના ટૂંકી મુદતના ધિરાણ માટે ૪% વ્યાજ રાહત આપવા **₹૭૫**

**કરોડ**ની જોગવાઈ.

- ખેતી વિષયક પ્રાથમિક ધિરાણ મંડળીઓના કમ્પ્યુટરાઈઝેશન માટે ₹**૪૬ કરોડ**ની જોગવાઈ.
- બજાર સમિતિઓને માળખાકીય સગવડોના વિકાસ માટે સહાય કરવા કિસાન કલ્પવૃક્ષ યોજનાહેઠળ ₹**૨૩ કરોડ**ની જોગવાઈ.
- બજાર સમિતિઓમાં પ્રોસેસીંગ યુનિટસ સ્થાપવા માટે સહાય આપવા ₹**૧૨ કરોડ**ની જોગવાઇ.

સહકારી ખાંડ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા વિવિધ યોજનાઓ અંતર્ગત ₹**૮ કરોડ**ની જોગવાઇ.

**ઉદ્યોગ અને ખાણ**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે કુલ ₹૯૨૨૮ કરોડની જોગવાઈ.**

રાજયના અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપી રોજગારીની વિપુલ તકોનું સર્જન કરનાર ઉદ્યોગ ક્ષેત્ર ઉત્તરોત્તર પ્રગતિ કરે,તે સરકારનો ધ્યેય છે. રાજયમાં ઔદ્યોગિક વિકાસના જૂના ક્ષેત્રો સાથે નવીન તકનીકી ક્ષેત્રો પણ વિકાસ પામી રહ્યાં છે.એડવાન્સ મેન્યુફેકચરિંગ,ડિજિટલ ટેકનોલોજી,ગ્રીન હાઇડ્રોજન અને તેના ડેરિવેટિવ્સ,એરક્રાફ્ટ મેન્યુફેકચરિંગ જેવા ક્ષેત્રોમાં વૈવિધ્યસભર ઔદ્યોગિકીકરણ દ્વારા આર્થિક સમૃદ્ધિનું સર્જન કરવા સરકાર સતત આગળ વધી રહી છે. ન્યુએજ ઇન્ડ્રસ્ટ્રીઝ થકી ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહિત કરી આત્મનિર્ભર ભારત બનાવવા સરળ નીતિઓ,નાણાકીય પ્રોત્સાહન અને કાયદાકીય મંજૂરીઓમાં સરળતા માટે અમારી સરકાર દ્વારા પગલાં લેવામાં આવશે. સ્પેસ સેક્ટરને લગતી અર્થવ્યવસ્થાના વિકાસ માટે ખોરજ,અમદાવાદ ખાતે તબક્કાવાર ‘Manufacturing Hub’ બનાવવામાં આવશે.

ટેક્સટાઈલ નીતિ હેઠળ ટેક્સટાઈલ ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ₹**૧૬૦૦ કરોડ**ની જોગવાઈ.

સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને આત્મનિર્ભર ગુજરાત નીતિ અંતર્ગત પ્રોત્સાહન માટે ₹**૧૫૫૦ કરોડ**ની જોગવાઈ.

મોટા કદના ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ₹**૧૧૪૫ કરોડ**ની જોગવાઈ.

ઔદ્યોગિક વસાહતોના ટ્રીટેડ વેસ્ટ વોટરનો નિકાલ કરવા અને માળખાકીય સગવડોનો વિકાસ કરી ડીપ-સી પાઇપલાઇનો નાખવા માટે ₹**૪૪૦ કરોડ**ની જોગવાઇ.

સ્ટાર્ટઅપની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા યોજનાકીય કામગીરી માટે ₹**૧૨૦ કરોડ**ની જોગવાઈ.

- લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ,રફાળેશ્વર અને જૂના બેડી પોર્ટ ખાતે વિકસિત કરવા ₹**૧૦૦ કરોડ**ની જોગવાઈ.

GI DC વસાહતોના સુદૃઢીકરણ માટે તેમજ પ્લગ એન્ડ પ્લે સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જેવા કે બલ્ક ડ્રગ પાર્ક,મેડિકલ ડિવાઈસીસ પાર્ક,ઈમીટેશન જ્વેલરી પાર્ક વિકસાવવા માટે ₹**૧૩૬ કરોડ**ની જોગવાઈ.

- લોજિસ્ટીક ફેસિલિટીમાં વધારો કરવા ઔદ્યોગિક અને આંતરિક માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવા ₹**૨૫ કરોડ**ની જોગવાઈ.
- સરક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપવા,ઔદ્યોગિક પ્રદૂષિત પાણીને રિસાઈકલ કરવા,કોમન સ્પ્રે ડ્રાઈંગ સિસ્ટમ ઊભી કરવા તેમજ હવા-પાણીના પ્રદૂષણ માટેની મોનિટરીંગ સિસ્ટમ ઊભી કરવા માટે ₹**૯૦ કરોડ**ની જોગવાઈ.
- ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયોન ખાતે વિવિધ આંતરમાળખાકીય કામો ઉપરાંત સામાજિક સવલતો ઊભી કરવા માટે ₹**૬૨ કરોડ**ની જોગવાઈ.

ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર એમ.એસ.ઈ. યોજના અંતર્ગત યુવા તથા મહિલા ઉદ્યોગસાહસિકો તેમજ MS ME ને કોલેટરલ ફ્રી લોન આપવા માટે કોર્પસ ફંડ ઊભું કરવા ₹**૨૫ કરોડ**ની જોગવાઈ.

નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને સુવિધા આપવા અને સિન્થેટીક ડાયમંડના વિકાસ માટે સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવા ₹**૭ કરોડ**ની જોગવાઈ.

**કુટિર અને ગ્રામોદ્યોગ પ્રભાગ**

One District One Product (ODOP) સહાય યોજના અંતર્ગત કારીગરોના સર્વાંગી વિકાસ માટેનું

આયોજન.

પી.એમ.વિશ્વકર્મા યોજના સાથે સમરૂપતા જાળવવા અને માનવ કલ્યાણ/ગરિમા યોજનાને વધુ અસરકારક બનાવવાનું આયોજન.

- શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે ૪૨ હજાર લાભાર્થીઓ માટે ધિરાણ અને સબસિડી સહાય આપવા **₹૨૬૨ કરોડ**ની જોગવાઇ.
- માનવ કલ્યાણ યોજનાઅન્વયે વિવિધ ટ્રેડ માટે અંદાજિત ૩૫ હજારલાભાર્થીઓ માટે **₹૫૩ કરોડ**ની જોગવાઇ.

**પ્રવાસન,યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન**

**પ્રવાસન પ્રભાગના વિકાસની હરણફાળને વેગવંતી બનાવવા ₹૨૦૯૮ કરોડની જોગવાઇ.**

- આંતરરાષ્ટ્રીયસ્તરેખ્યાતિ પ્રાપ્ત બ્લૂ ફ્લેગ બીચ શિવરાજપુર ખાતે હાલ **₹૨૦૦ કરોડ**ના કામ પ્રગતિ હેઠળ.

સોમનાથબીચ,પિંગલેશ્વરબીચ,અસારમાંબીચ(માંડવી,કચ્છ),મૂળ દ્વારકા બીચ વગેરેના વિકાસ માટે **₹૨૦૦ કરોડ**ના આયોજન પૈકી **₹૩૦ કરોડ**નીજોગવાઇ.

નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટની સફળતાથી પ્રેરાઇને રાજ્યના સમુદ્રસીમા દર્શનના વિકાસ માટે ચૌહાણ નાલા, કોરીક્રિક વિસ્તાર વગેરે માટે **₹૧૪૫ કરોડ**ના આયોજન પૈકી **₹૪૦કરોડ**ની જોગવાઇ.

અંબાજી,વાંસદા,કોટેશ્વર વગેરે જેવા વિવિધ સ્થળોએ જંગલ સફારી તેમજ ઈકો ટુરિઝમની કામગીરીના વિકાસ માટે ₹ **૧૭૦કરોડ**ના આયોજન પૈકી **₹૪૫ કરોડ**ની જોગવાઇ.

- અયોધ્યાધામ ખાતે ગુજરાત યાત્રીનિવાસમાટે**₹૫૦કરોડ**નાઆયોજન પૈકી **₹૧૦ કરોડ**નીજોગવાઇ.
- જિલ્લાના મહત્વના પ્રવાસી સ્થળોએ સુવિધાઓ પૂરી પાડવા માટે **₹૧૦૦કરોડ**ના આયોજન પૈકી **₹૩૦કરોડ**નીજોગવાઇ.
- જુદાં જુદાં સ્થળો ખાતે રોકગાર્ડન, સ્કલ્પચર, સ્કાયવોકના વિકાસ માટે **₹૨૦૦કરોડ**ના આયોજન પૈકી **₹૮૦કરોડ**ની જોગવાઇ.
- ભારતસરકારનીપહેલ "ટ્રાવેલફોરલાઇફ" ના ઉદ્દેશને પ્રોત્સાહન આપવા, MICE(Meeting, Incentive, Conference, Exhibition) પ્રવાસન તેમજ સસ્ટેનેબલ ટુરિઝમ વિશેજાગૃતિલાવવા**₹૧૫કરોડ**નીજોગવાઇ.

  જૂનાગઢ ખાતે આવેલ ઉપરકોટના કિલ્લાના રિનોવેશન બાદ પ્રવાસીઓના વિક્રમી વધારાને ધ્યાને લઈ રાજ્યનાં જુદાજુદા મેમોરિયલ તથા લખપત કિલ્લા સહિત અન્ય જુદાજુદા કિલ્લાના વિકાસ માટે **₹૨૦૦કરોડ**ના આયોજન પૈકી **₹૩૫કરોડ**ની જોગવાઇ.

- ધરોઇ બંધ પરિક્ષેત્રને વિશ્વ કક્ષાના પ્રવાસી અને યાત્રાધામ તરીકે વિકસાવવાની કામગીરી માટે **₹૪૮૦ કરોડ**નું આયોજન. તે પૈકી **₹૧૦૦ કરોડ**ની જોગવાઇ.
- પાવાગઢ યાત્રાધામના સર્વાંગી વિકાસ અર્થે કુલ **₹૧૨૧ કરોડ**ના ખર્ચે પ્રથમ બે તબકકાની કામગીરી પૂર્ણ થયેલ છે. ત્રીજા અને ચોથા તબકકામાં કુલ **₹૨૩૮ કરોડ**ના ખર્ચે માંચી ચોક,ચાંપાનેર અને વડા તળાવ ખાતે યાત્રાળુલક્ષી સુવિધાઓની કામગીરીનું આયોજન.

  અંબાજી યાત્રાધામ ખાતે માસ્ટરપ્લાનિંગ અંતર્ગત વિવિધ કામોનું કુલ **₹૧૧૭ કરોડ**ના ખર્ચે આયોજન.

  શ્રી બહુચરાજી શક્તિપીઠના વિકાસ માટે **₹૭૧ કરોડ**ના ખર્ચે મંદિરનું પુન:નિર્માણ તેમજ યાત્રાધામનો સર્વગ્રાહી વિકાસ કરવા માટે આયોજન.

- સૌરાષ્ટ્ર-કચ્છમાં અગત્યતા ધરાવતાં પ્રસિદ્ધ ધાર્મિક સ્થળો ખાતે યાત્રાળુલક્ષી સુવિધા ઉપલબ્ધ કરાવવા **₹૪૬ કરોડ**ના ખર્ચે વિકાસ કામોનું આયોજન.

  વિવિધ ધાર્મિક સંપ્રદાયો સાથે સંકળાયેલા તેમજ સ્થાનિક રીતે ખુબ જ અગત્યતા ધરાવતા યાત્રાધામોના વિકાસ માટે **₹૭૯ કરોડ**ની જોગવાઇ.

- ઉડ્ડયન ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા તથા એરકનેક્ટિવિટીવધારવાનવાએરપોર્ટ/એરસ્ટ્રીપબનાવવા માટે ₹**૨૫ કરોડ**ની જોગવાઇ.
- નાના શહેરો/આંતરીક વિસ્તારોને મોટા શહેરો અને મહત્વના વિસ્તારો સાથે એર કનેક્ટિવિટીના ધ્યેય સાથેરાજ્ય સરકારની Viability Gap Funding યોજના હેઠળ₹**૪૫કરોડ**નીજોગવાઈ.
- ભારત સરકારના "ઉડે દેશ કા આમ નાગરીક"ના વિઝન અંતર્ગત ચલાવાતી Regional connectivity Schemeના માધ્યમથી એર કનેક્ટિવિટી પૂરી પાડવા અન્ય રાજ્યો સાથે જોડવા માટે ₹**૪૦ કરોડ**ની જોગવાઈ.

**સ્ટેચ્યૂ ઓફ યુનિટી-એકતાનગર**

સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિકાસ અને આંતરમાળખાકીયસુવિધાઓની વૃદ્ધિ માટે ₹**૧૫૦ કરોડ**ની જોગવાઈ.

એકતાનગર ખાતે હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટ વિકાસના પ્રોજેક્ટ માટે ₹**૩૦૦કરોડ**ની જોગવાઈ.

સરદાર સરોવર ડેમ એક્સપિરિયન્સ સેન્ટર એકતા નગરના પ્રોજેક્ટ માટે ₹**૨૫ કરોડ**ની જોગવાઈ.

એકતાનગર ખાતે ગુજરાત વંદના તેમજ દેશી રજવાડાઓનું સંગ્રહાલય બનાવવાની સાથોસાથ **વીર બાલક ઉદ્યાન** બનાવવાનું આયોજન.

**પંચમ સ્તંભ : ગ્રીનગ્રોથ**

**વન અને પર્યાવરણ**

**વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ₹૨૫૮૬ કરોડની જોગવાઇ**

સાતત્યપૂર્ણ વિકાસ માટે વન અને પર્યાવરણ જતનના ક્ષેત્રોમાં પણ ગુજરાતેહરણફાળ ભરી છે. હાલમાં COP -28 માં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રીન ક્રેડીટ પહેલની શરૂઆત કરેલ છે.નેટ ઝીરોના લક્ષ્યાંક હાંસલ કરવા અને મિશન લાઇફ થકી પર્યાવરણને અનુરૂપ જીવન શૈલીના સિદ્ધાંતોથી પર્યાવરણનું રક્ષણ કરવા સરકાર કટિબદ્ધ છે .

જૈવિક વિવિધતાથી સમૃદ્ધ ગાઢ વનો, નદીઓ અને જલપ્લાવિત વિસ્તારો, રાષ્ટ્રીયઉદ્યાન-અભ્યારણ્યો, ઘાસિયા મેદાનોને સંરક્ષિત કરવા તેમજ વન વિસ્તારના બાહ્ય વિસ્તારમાં પણ વૃક્ષાવરણમાં વધારો કરવા સરકાર મક્કમ છે. ખેડૂતોની આજીવિકામાં વૃદ્ધિ સાથે વન વિસ્તારના વિકાસને વેગ આપતી એગ્રો ફોરેસ્ટ્રી યોજનાનો વ્યાપ વધારી આવતાં વર્ષમાં ૩૧ હજાર હેકટરમાં વાવેતર કરવાની નેમ છે. મિષ્ટી કાર્યક્રમ થકી ચેરનું વાવેતર વધારવા તેમજ મિયાવાકી પદ્ધતિથી વન કવચ યોજના અંતર્ગત સઘન વાવેતર કરી રાજયમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં વધારો કરવામાં આવી રહેલ છે.

વનોના વિકાસ,સંરક્ષણ,સંવર્ધન અને વળતર વનીકરણની કામગીરી માટે CAMPA ફંડ સહિત વિવિધ કામો માટે ₹**૯૫૦ કરોડ**ની જોગવાઇ.

વન વિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજીક વનીકરણને વેગવંતુ બનાવવા માટે ₹**૫૫૦ કરોડ**ની જોગવાઇ.

વન્યપ્રાણીઓની વ્યવસ્થા અને વિકાસ માટે ₹**૪૦૦ કરોડ**ની જોગવાઇ.

વન વિસ્તાર વિકાસ અને ઇકો-રિસ્ટોરેશન કાર્યક્રમ હેઠળ ₹**૧૮૫ કરોડ**ની જોગવાઇ.

- ધરોઇ-અંબાજી સહિત રાજયના વિવિધ વિસ્તારોમાં ઇકો-રીસ્ટોરેશનની કામગીરી માટે ₹**૩૧ કરોડ**ની જોગવાઇ.
- મહત્વના પ્રવાસન સ્થળો નજીક નવી સફારીની રચના અને ઇકો-ટુરીઝમ સાઇટના વિકાસ માટે ₹**૩૭૨ કરોડ**ના ખર્ચે આયોજન. જે પૈકી ₹**૧૭ કરોડ**ની જોગવાઇ.
- ઇન્દ્રોડા પાર્કના માસ્ટર પ્લાન મુજબ આધુનિકીકરણ અને વિકાસ માટે ₹**૨૦ કરોડ**ની જોગવાઇ.

  બૃહદ ગીર વિસ્તારમાં વન્ય પ્રાણીઓ સાથે સહેલાણીઓને પર્યાવરણથી લગતા બીજા પાસાઓના નિદર્શન થઇ શકે અને તેમના રોકાણનો સમય વધારી સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવાના હેતુસર આઇકોનિક બોટનિકલ ગાર્ડન સ્થાપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે માટે ₹**૨ કરોડ**ની જોગવાઇ.

- પક્ષીઓની સારવાર માટે બિલાસીયા અને બોડકદેવ ખાતે આવેલ કેન્દ્રોનાં સુદઢીકરણ અને કરુણા એબ્યુલન્સનો વ્યાપ વધારવા માટે **₹૧કરોડ**ની જોગવાઇ.
- દરિયાકાંઠે આવેલ ચેરના વનોનો વિકાસ અને સંવર્ધન કરવા માટે મિષ્ટી યોજના હેઠળ સરક્રિક અને કોરીક્રિક જેવા વિસ્તારોને આવરી લઇ સઘન વનીકરણનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે **₹૭ કરોડ**ની જોગવાઇ.
- વનીકરણની યોજનાઓના G I S મારફતે સઘન નિરીક્ષણ અને મૂલ્યાંકનના હેતુસર કમાન્ડ અને કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે **₹૨ કરોડ**ની જોગવાઇ.

**ક્લાઇમેટ ચેન્જ** **ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે કુલ ₹૧૧૬૩ કરોડની જોગવાઇ**

રિન્યુએબલ ઊર્જા ક્ષેત્રે ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. જળવાયુ પરિવર્તનના પડકારોને પહોંચી વળવા ગ્રીન એનર્જી સાથે સરક્યુલર ઇકોનોમી પર ભાર મૂકવામાં આવી રહેલ છે. સૌર અને પવનઊર્જા સાથે ગ્રીન હાઇડ્રોજનને પણ વેગ આપવામાં આવશે. ગુજરાત રહેણાંક શ્રેણીમાં સોલાર રૂફ ટોપ સ્થાપિત કરવામાં ૮૨%ના ફાળા સાથે  સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. મધ્યમ તેમજ નાના રહેણાંક ગ્રાહકો સોલાર રૂફ ટોપ યોજનાનો લાભ લઇ પોતાનું વીજબિલ ઘટાડી શકે તેમજ રાજયની ઊર્જા જરૂરિયાતને પહોંચી વળવામાં મહત્વનો ફાળો આપી શકે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. રૂફટોપ સોલર યોજનાને વધારે વેગ આપી અમુક વિસ્તારોને સંપૂર્ણપણે આવરી લેવાની સરકારની નેમ છે.

સોલર રૂફટોપ યોજના અંતર્ગત ગ્રાહકોને સહાય આપવા માટે **₹૯૯૩ કરોડ**ની જોગવાઇ.

સરકારી તેમજ અર્ધ સરકારી કચેરીઓ અને સરકારી રહેણાંકના મકાનો પર O P E X  મોડલ હેઠળ ૪૦ મેગાવોટ રૂફટોપ સોલર પ્રોજેક્ટની સ્થાપના અંગેની યોજના માટે **₹૧૦૦ કરોડ**ની જોગવાઇ.

- ગ્રામપંચાયતોમાં સુધારેલી સ્મશાનભઠ્ઠી સ્થાપવાની યોજના હેઠળ **₹૨૦ કરોડ**ની જોગવાઇ.
- ગૌશાળાઓ,પાંજરાપોળ,શૈક્ષણિક સંસ્થાઓ,ટ્રસ્ટ જેવી સંસ્થાઓમાં **₹૧૨ કરોડ**ના ખર્ચે બાયોગેસ પ્લાન્ટની સ્થાપનાનું આયોજન.
- બેટરી ઓપરેટેડ વાહનોને પ્રોત્સાહન મળે તે હેતુથી વિદ્યાર્થીઓને દ્વિચક્રી વાહનો ખરીદવાની સહાય માટે **₹૯ કરોડ**ની જોગવાઇ.

**ગૃહ** **ગૃહ વિભાગ માટે કુલ ₹૧૦,૩૭૮કરોડની જોગવાઇ**

ગુજરાત પોલીસ રાજ્યમાં ગુનાખોરીના નિયંત્રણ તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં મહત્વની ભૂમિકા ભજવે છે. સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદઢ કરવા અને પોલીસને SMART Police બનાવવાના પ્રયાસોના ભાગરૂપે પોલીસ મહેકમમાં વધારા સાથે આધુનિક વાહનો ખરીદવા અને તાલીમ આપવા ઉપર ભાર મૂકવામાં આવી રહેલ છે. ટ્રાફિક નિયમન અને માર્ગ સુરક્ષા વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા તથા ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા વિવિધ યોજનાઓ હાથ ધરવામાં આવશે .

શહેરોમાં C C T V  કેમેરા લગાડવાની યોજના હેઠળ VISWAS Project માટે **₹૧૨૦ કરોડ**ની જોગવાઇ.

- પોલીસખાતાના રહેણાંક/બિન રહેણાંક મકાનોના મજબૂતીકરણ અને તેની ગુણવત્તા ઊંચી લઇ જવા માટે**₹૧૧૫ કરોડ**ની જોગવાઇ.
- જનરક્ષક વાહન દ્વારા ત્વરિત પોલીસ સહાય પહોંચાડવાની યોજના માટે **₹૯૪ કરોડ**ની જોગવાઇ.

શોધ યોજના અંતર્ગત પોલીસ સ્ટેશનને અપગ્રેડ કરવા તથા નવી જગ્યાઓ ઊભી કરવા માટે **₹૬૯ કરોડ**ની જોગવાઇ.

અમદાવાદ,સુરત,વડોદરા અને રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થાપન માટેની સુગમ યોજના અંતર્ગત ટ્રાફિક પોલીસની ૧૦૦૦ નવી જગ્યાઓ ઊભી કરાશે. આ યોજના માટે **₹૫૭ કરોડ**ની જોગવાઇ.

- આઇ.ટી. સાધન સામગ્રીની ખરીદી માટે **₹૩૮ કરોડ**ની જોગવાઇ.

- પોલીસ માટે આધુનિકીકરણ યોજના હેઠળ શસ્ત્રો,સંદેશા વ્યવહારના સાધનો,સિક્યુરિટી-સર્વેલન્સ,તાલીમ અને હોમગાર્ડ માટેની સાધન સામગ્રીની ખરીદી માટે **₹૩૦કરોડ**ની જોગવાઇ.

- SRPF Group-2,અમદાવાદ અને SRPF Group-11,વાવ ખાતે સ્પેશીયલ એકશન ફોર્સ(S A F ) વિકસાવવામાં આવશે. આ હેતુસર **₹૨૫ કરોડ**ની જોગવાઇ.

ગ્રામ્ય સુરક્ષા કવચ અંતર્ગત ૨૦૦ આઉટપોસ્ટ અપગ્રેડ કરી P S I ને મૂકવામાં આવશે. આઉટપોસ્ટ ખાતે નવી જગ્યાઓ તેમજ માળખાકીય સગવડો માટે **₹૧૮ કરોડ**ની જોગવાઇ.

- ઓનલાઇન ફાઇનાન્સિયલ ક્રાઇમ અને સાયબર ક્રાઇમ ઉકેલવા TRISHUL યોજના અંતર્ગત સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ ખાતે નવી જગ્યાઓ તથા આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા **₹૧૫ કરોડ**ની જોગવાઇ.

**કાયદા** **કાયદા વિભાગ માટે કુલ ₹૨૫૫૯ કરોડની જોગવાઇ**

દરેક વ્યકિતને સુગમતાથી અને સમયસર ન્યાય મળી રહે તેવા હેતુથી ન્યાયતંત્રની વ્યવસ્થામાં વિસ્તાર કરી તેને સુદૃઢ કરવામાં આવશે. અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ન્યાયતંત્રને સજ્જ બનાવવા રાજ્ય સરકાર કાર્યરત છે.

- વિવિધ સ્તરે કોર્ટ બિલ્ડિંગના બાંધકામ તથા મરામત માટે **₹૨૧૧ કરોડ**ની જોગવાઇ.

- ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેઠાણના મકાનો માટે **₹૧૨૫ કરોડ**ની જોગવાઇ.

હાઇકોર્ટના ઇ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટ અંતર્ગત રાજયની અદાલતોમાં તમામ સ્તરે કમ્પ્યુટરાઇઝેશન અને ડિજિટાઇઝેશન માટે **₹૨૦ કરોડની** જોગવાઇ.

જનસંખ્યાના આધારે તાલુકાઓના ક્લસ્ટર (સમુહ) દીઠ એક ફેમિલી કોર્ટ મળી રહે તે રીતે ૮૦ જેટલી નવી ફેમિલી કોર્ટ સ્થાપી તેમાં જરૂરી મહેકમ ઊભું કરવા **₹૫ કરોડની** જોગવાઈ.

રાજયના વકીલોના કલ્યાણ માટે ગુજરાત રાજ્ય બાર કાઉન્સીલને સહાયઆપવા **₹૫ કરોડ**ની જોગવાઈ.

- તમામ ટ્રિબ્યુનલોને નવતર ટેકનોલોજીથી સુસજ્જ કરી Virtual/hybrid માધ્યમથી સુનાવણીની સુવિધા ઊભી કરવા માટે **₹ ૫ કરોડ**ની જોગવાઇ.

**મહેસૂલ** **મહેસૂલ વિભાગ માટે કુલ₹૫૧૯૫ કરોડની જોગવાઇ**

નાગરિકોને અપાતી સેવાઓમાં સરળીકરણ અને પારદર્શિતા લાવવા જન સેવા કેન્દ્રો / ઈ-ધરા કેન્દ્રો / દસ્તાવેજ નોંધણી કચેરીઓ શરૂ કરેલ છે. દર વર્ષે અંદાજે ૯૦ લાખ લોકો આ કેન્દ્રોની મુલાકાત લઇ સંતોષકારક રીતે સેવાઓ મેળવે છે. નાગરિકોને મળતી સુવિધાઓમાં વધારો કરવા અને ટેકનોલોજીનાઉપયોગ દ્વારા આ સેવાઓને વધારે સરળ બનાવવા આ કેન્દ્રોનું અપગ્રેડેશન કરવામાં આવશે. મહેસૂલી કચેરીઓ અને સ્ટેમ્પ નોંધણી કચેરીઓના આધુનિકીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે.

- કપરાડા,બાવળા અને અંજાર ખાતે નવી મામલતદાર કચેરીઓના નિર્માણ સહિત અન્ય કલેક્ટર/પ્રાંત કચેરીઓ/ક્વાટર્સના બાંધકામ માટે **₹૧૮૩ કરોડ**ની જોગવાઇ.

સબ રજીસ્ટ્રાર કચેરીઓનું સંપૂર્ણ નવિનીકરણ કરવામાં આવશે જેમાં બાંધકામ,ઓનલાઇન આઇ.ટી. વ્યવસ્થા,C C T V કેમેરા તેમજ નાગરિકો માટેની યોગ્ય સગવડોઊભી કરવા માટે **₹ ૩૯ કરોડ**ની જોગવાઇ.

- મહેસૂલી કામગીરીનો વ્યાપ વધતા,નાગરિકોને ગુણવત્તાયુક્ત અને ઝડપી સેવાઓ પૂરી પાડવા મહેસૂલ વિભાગ હેઠળ વિવિધ સંવર્ગોની અંદાજે ૪૦૦ નવી જગ્યાઓ ઊભી કરવા **₹ ૧૮ કરોડ**ની જોગવાઇ.

- સરકારી જમીન પરના દબાણો અટકાવવાના હેતુથી ફેન્સિંગ/સાઇન બોર્ડની કામગીરી માટે **₹ ૧૩**

**કરોડ**ની જોગવાઇ.

**સામાન્ય વહીવટ**

**સામાન્ય વહીવટ વિભાગ માટે કુલ ₹૨૨૩૯ કરોડની જોગવાઇ**

ઈન્ફર્મેશન ટેકનોલોજી, AIઅને Data ના ઉપયોગથી વહીવટમાં પારદર્શિતા,સરળતા અને જવાબદેહી સુનિશ્ચિત કરવા વિવિધ સ્તરે ટેકનોલોજીના માધ્યમથી સુધારા કરી પરિવર્તન લાવવા માટે અમારી સરકાર કાર્ય કરી રહી છે.માળખાગત સગવડોને લગતા વિવિધ પ્રોજેક્ટ વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવે છે. આ પ્રોજેક્ટનું ઓનલાઇન પોર્ટલ દ્વારા કેન્દ્રીયકૃત મોનિટરિંગ તથા રીયલ ટાઇમ માહિતી ઉપલબ્ધ થઇ શકે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવશે. કર્મયોગીઓને અદ્યતન તાલીમ આપવા વાર્ષિક મહેકમ ખર્ચના ૧.૫% જેટલી રકમ તાલીમ ખર્ચ માટે ફાળવવાનો સરકારે નિર્ણય કરેલ છે .ચાલુ વર્ષે ડી.બી.ટી. થકી ૪૦૦ કરતા વધુ યોજનાઓમાં **લાભાર્થીઓ**ને અંદાજે **₹૧૪ હજાર કરોડ**ની નાણાકીય સહાય ઓછા સમયમાં અને સીધી જ લાભાર્થીના બેન્ક ખાતામાં જમા થાય તે પદ્ધતિ અમલમાં મૂકેલ છે.

વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ,એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતોના વિકાસના કામો માટે **₹૧૩૧૦ કરોડ**ની જોગવાઇ.

- યોજનાઓના નિર્ધારણ,અમલીકરણ અને ગુણવત્તાલક્ષી ફેરફારો માટે મૂલ્યાંકન કરવા માટે **₹૩ કરોડ**ની જોગવાઇ.

**માહિતી અને પ્રસારણ**

**માહિતી અને પ્રસારણ વિભાગ માટે કુલ ₹૩૮૪ કરોડની જોગવાઈ**

સરકાર અને પ્રજા વચ્ચેનો સંવાદ સતત ચાલુ રહે તે માટે સરકારની કલ્યાણકારી યોજનાઓ,નીતિઓ તેમજ કાર્યક્રમોની માહિતી નાગરિકો સુધી પહોંચાડવામાં આવે છે. પ્રચાર માધ્યમોના યોગ્ય ઉપયોગ દ્વારા આવી માહિતી ડિજિટલ સ્વરૂપે પારદર્શી રીતે પહોંચાડવા હાલની વ્યવસ્થાને અપગ્રેડ કરવામાં આવશે.

- રાજય સરકારના વિવિધ વિભાગોની યોજનાઓને લગતી માહિતી સામાન્ય લોકોને સરળતાથી મળી રહે તે માટે તમામ વિગતો મલ્ટી મીડિયા ફોર્મેટમાં એક જ પોર્ટલ પરથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨૫થી ૬૦ વર્ષ વચ્ચેની વયના માન્ય પત્રકારોને “સામૂહિક જૂથ વીમા” યોજનાની નાણાકીય સહાયમાં કુદરતી મૃત્યુના કિસ્સામાં ₹૧ લાખથી વધારીને ₹૨ લાખ તથા અકસ્માતથી મૃત્યુના કિસ્સામાં ₹૫ લાખથી વધારીને ₹૧૦ લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે.

**હવે હું ૨૦૨૨-૨૩ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ .**

**વર્ષ ૨૦૨૨-૨૩ નો હિસાબ**

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ચોખ્ખી લેવડ-દેવડના કારણે **₹૮૯૯.૩૨કરોડનીપુરાંત** રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી. વર્ષ ૨૦૨૨-૨૩ માટેના હિસાબમાં ચોખ્ખી લેવડ-દેવડના કારણે **₹ ૫૪૩.૧૮કરોડની ખાધ** દર્શાવે છે.

**(₹કરોડમાં)**

| | | **વર્ષ૨૦૨૨-૨૩નાસુધારેલાઅંદાજ** | **વર્ષ૨૦૨૨-૨૩નાહિસાબ** |
|---|---|---|---|
| **(૧)** | **એકત્રિતફંડ** | | |
| | મહેસૂલી આવક | ૧૯૬૧૮૭.૩૧ | ૧૯૯૪૦૮.૩૨ |
| | મહેસૂલી ખર્ચ | ૧૮૯૪૯૩.૭૦ | ૧૭૯૫૪૩.૨૯ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+)**૬૬૯૩.૬૧ | **(+)** ૧૯૮૬૫.૦૩ |
| | મૂડીની આવક | ૫૩૯૫૧.૧૭ | ૫૨૫૮૭.૦૭ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિતમૂડી ખર્ચ | ૬૨૬૭૬.૪૫ | ૫૯૧૨૩.૫૯ |
| | મૂડી હિસાબ પર ખાધ/પુરાંત | **(-)** ૮૭૨૫.૨૮ | **(-)** ૬૫૩૬.૫૨ |

| | | | |
|---|---|---|---|
| | **સરવાળો) ૧ (એકત્રિતફંડ) ચોખ્ખું(** | **(-)** ૨૦૩૧.૬૭ | **(+)**૧૩૩૨૮.૫૧ |
| **(**૨) | **આકસ્મિકફંડ) ચોખ્ખું(** | **- - - -** | **(-)**૨૦.૨૬ |
| **(**૩) | **જાહેરહિસાબ) ચોખ્ખો(** | **(+)** ૨૯૩૦.૯૯ | **(-)** ૧૩૮૫૧.૪૩ |
| | **સરવાળોઃચોખ્ખીલેવડ - દેવડ) ૧+૨+૩(** | **(+)** ૮૯૯.૩૨ | **(-)** ૫૪૩.૧૮ |

**વર્ષ૨૦૨૩ - ૨૪ના સુધારેલા અંદાજ**

વર્ષ ૨૦૨૩ - ૨૪ના અંદાજમાં ચોખ્ખી લેવડ - દેવડના કારણે **₹૯૧૬.૮૭કરોડ**ની પુરાંત રહેવાની ધારણા હતી. વર્ષ ૨૦૨૩ - ૨૪ના અંતે ચોખ્ખી લેવડ - દેવડના કારણે સુધારેલ અંદાજમાં **₹૨૧૦૩.૪૪કરોડ**ની પુરાંત રહેવાની ધારણા છે.

**(₹કરોડમાં)**

| | | **વર્ષ ૨૦૨૩ - ૨૪ના અંદાજ** | **વર્ષ૨૦૨૩ - ૨૪ના સુધારેલા અંદાજ** |
|---|---|---|---|
| **(**૧) | **એકત્રિતફંડ** | | |
| | મહેસૂલી આવક | ૨૦૭૭૦૯.૮૮ | ૨૧૫૭૯૩.૨૪ |
| | મહેસૂલી ખર્ચ | ૧૯૮૬૭૧.૫૮ | ૧૯૭૧૭૪.૮૧ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+)**૯૦૩૮.૩૦ | **(+)**૧૮૬૧૮.૪૩ |
| | મૂડીની આવક | ૮૫૬૩૦.૮૯ | ૬૫૯૦૩.૭૮ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૯૭૯૦૨.૬૧ | ૮૭૫૧૮.૭૭ |
| | મૂડી હિસાબ પર ખાધ | **(-)**૧૨૨૭૧.૭૨ | **(-)**૨૧૬૧૪.૯૯ |
| | **સરવાળો) ૧ (એકત્રિતફંડ) ચોખ્ખું(** | **(-)**૩૨૩૩.૪૨ | **(-)**૨૯૯૬.૫૬ |
| **(**૨) | **આકસ્મિકફંડ) ચોખ્ખું(** | **- - - -** | **- - - -** |
| **(**૩) | **જાહેરહિસાબ) ચોખ્ખો(** | **(+)**૪૧૫૦.૨૯ | **(+)**૫૧૦૦ .૦૦ |
| | **સરવાળોઃચોખ્ખીલેવડ - દેવડ) ૧+૨+૩(** | **(+)**૯૧૬.૮૭ | **(+)**૨૧૦૩.૪૪ |

**વર્ષ ૨૦૨૪ - ૨૫ નો અંદાજ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજયની વિકાસયાત્રા અવિરત ચાલુ રહે તે માટે અર્થતંત્રના બધા ક્ષેત્રોનો સંતુલિત વિકાસ થાય તે જરૂરી છે. આર્થિક વિકાસ માટે સામાજિક ક્ષેત્રે વિકાસ કરવો ખૂબ જ જરૂરી છે. રાજયનું માનવધન કૌશલ્યથી સજ્જ બને અને તેમનું આરોગ્ય ઉત્તમ રહે તે માટે આગામી વર્ષે પોષણ, શિક્ષણ અને આરોગ્ય જેવા માનવ વિકાસલક્ષી ક્ષેત્રો પર વધારે ભાર મૂકવામાં આવેલ છે. બજેટમાં સૂચવેલ નાણાકીય જોગવાઈઓ માટે નાણાકીય સંસાધનોનું સુવ્યવસ્થિત આયોજન કરી નાણાકીય શિસ્તના તમામ પાસાઓમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે.મૂડીખર્ચની સાથે સાથે સામાજિક ક્ષેત્રમાં કરેલ રોકાણ એ સમૃદ્ધ ગુજરાતના ભવિષ્ય માટેનો પાયો બનશે.

આવકના સ્ત્રોતો ઊભા કરવા આગામી વર્ષે નાબાર્ડ, સિડબી ઉપરાંત હુડકો અને એન.એચ.બી. જેવી સંસ્થાઓ પાસેથી ઓછા વ્યાજની લોન મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ રીતે બાહ્યસહાયિત સંસ્થાઓની લોન અને ઓછા વ્યાજનું ધિરાણ લેવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. રાજય સરકારના મહેસૂલી અને બિન મહેસૂલી આવકમાં સઘન મોનિટરિંગ દ્વારા વૃદ્ધિ કરવા સરકાર પ્રયત્ન કરશે.

વર્ષ ૨૦૨૪- ૨૫ ના અંદાજ મુજબ મહેસૂલી હિસાબ પર પુરાંત **₹ ૯૮૨૧.૨૮ કરોડ** રહેશે. મહેસૂલી હિસાબ સાથે મૂડી હિસાબ અને ચોખ્ખો જાહેર હિસાબ ગણતરીમાં લેતાં વર્ષ ૨૦૨૪- ૨૫ નો અંદાજ **₹ ૯૦૦.૭૨ કરોડ**ની એકંદર પુરાંત દર્શાવે છે.

**(₹કરોડમાં)**

| | | **વર્ષ૨૦૨૪ - ૨૫નાઅંદાજ** |
|---|---|---|
| **(**૧) | **એકત્રિતફંડ** | |
| | મહેસૂલી આવક | ૨૨૯૬૫૩.૧૭ |
| | મહેસૂલી ખર્ચ | ૨૧૯૮૩૧.૮૯ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | **(+)**૯૮૨૧.૨૮ |
| | મૂડીની આવક | ૯૫૨૯૨.૧૨ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | ૧૦૮૬૧૫.૧૭ |

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્રની રજૂઆત

| | | |
|---|---|---|
| | મૂડી હિસાબ પર ખાધ | (-)૧૩૩૨૩.૦૫ |
| | **સરવાળો) ૧ (એકત્રિત ફંડ) ચોખ્ખું(** | (-)૩૫૦૧.૭૭ |
| (૨) | **આકસ્મિક ફંડ) ચોખ્ખું(** | ---- |
| (૩) | **જાહેર હિસાબ) ચોખ્ખો(** | (+)૪૪૦૨.૪૯ |
| | **સરવાળોઃચોખ્ખી લેવડ-દેવડ) ૧+૨+૩(** | (+)૯૦૦.૭૨ |

**માનનીય અધ્યક્ષશ્રી, હવે, હું મારા અંદાજપત્રનો ભાગ-ખ રજૂ કરીશ.**

માનનીય અધ્યક્ષશ્રી,

સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત ₹૯૦૦.૭૨ કરોડની રહેશે.

અંદાજપત્રના ભાગરૂપે હવે હું, વર્ષ ૨૦૨૪-૨૫ માટેની કરવેરા અંગેની દરખાસ્ત રજૂ કરું છું.

**સ્ટેમ્પ ડ્યૂટી**

હાલમાં રજિસ્ટર્ડ સહકારી ક્રેડીટ સોસાયટી પાસેથી ₹૫૦૦૦૦થી વધુ રકમનું ધિરાણ મેળવતા સભાસદોએ હાલના નિયમ મુજબ એગ્રિમેન્ટ લેખમાં ₹૩૦૦ અને જામીનખતમાં ₹૩૦૦ મળીને કુલ ₹૬૦૦ની સ્ટેમ્પ ડયુટી ચૂકવવાની થાય છે. આવું ધિરાણ સામાન્યતઃ મધ્યમ વર્ગના અને ઓછી આવક ધરાવતા લોકો તેમના વ્યવસાય, રોજગાર અને ખેતીની પ્રવૃતિની જરૂરિયાત માટે લેતા હોય છે. અમારી સરકારે રજિસ્ટર્ડ સહકારી ક્રેડિટ સોસાયટીના સભાસદો ₹૫૦ હજાર સુધીનું ધિરાણ લેશે તો તેવા કિસ્સામાં આ સ્ટેમ્પ ડયુટી માફ કરવાનો નિર્ણય લીધેલ છે. આ નિર્ણયથી અંદાજિત ૯ લાખ સભાસદોને આશરે ₹૫૪ કરોડની રાહત થશે. તેઓની ખરીદશકિતમાં વધારો થવાથી રાજયની આર્થિક ગતિવિધિઓને પ્રત્યક્ષ અને પરોક્ષ વેગ મળશે, રોજગારીનું સર્જન થશે અને પરિણામે આમ્તનિર્ભર ગુજરાતની અને તે થકી માન.વડાપ્રધાનશ્રીની આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર થશે.

**મોટર વાહન વેરો**

માન.વડાપ્રધાનશ્રી દ્વારા વર્ષ ૨૦૨૧માં ગ્રીન ગોથ સાથે સરકયુલર ઇકોનોમી માટે એક મજબૂત ઇકોસિસ્ટમ બનાવવાના ઉદ્દેશથી વ્હિકલ સ્ક્રેપિંગ નીતિની દેશવ્યાપી જાહેરાત કરવામાં આવેલ હતી. જેનો મુખ્ય હેતુ વાહન પ્રદુષણના કારણે પર્યાવરણને થતી હાનિ અટકાવી, વાહનોની ખામીના કારણે થતા માર્ગ અકસ્માતમાં ઘટાડો કરી લોકોને વધુ Fuel Efficient અને પર્યાવરણની દ્દષ્ટિએ લાભદાયી વાહનો ખરીદવા પ્રેરિત કરવાનો છે. આ હેતુસર રીકરીંગ વેરો ચૂકવતા વાહન માલિકો પોતાના ૮ વર્ષથી જૂના વાહનો જો નોંધાયેલા વ્હિકલ સ્ક્રેપ થવા મોકલશે તો તેવા તમામ વાહનો પર બાકી મોટર વાહન વેરો, વ્યાજ, દંડ અને મોટર વ્હિકલ એકટ હેઠળના કોઇ ચલણ પડતર હોય તો તેની વસૂલવાપાત્ર માંડવાળ ફી સહિત તમામ જવાબદારી માફ કરવા એક વર્ષ માટે માફી યોજના લાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ નિર્ણય થકી અંદાજે ૫૨૦૦૦ વાહન માલિકોને ₹૭૦૦ કરોડની રાહત થશે. તેઓ પણ આ વાહનને સ્ક્રેપ કરાવી તેની સામે અધતન ટેકનોલોજીવાળા નવા વાહનો ખરીદવા પ્રેરિત થશે. જેના કારણે સરકારની કર આવકમાં પણ વધારો થશે.

**ટેકસેશન લોઝ એમેન્ડમેન્ટ એકટ**

વિદેશી રોકાણથી માંડીને ઉધોગ અને વેપાર ધંધા માટે ગુજરાત રાજય હંમેશાથી પ્રથમ પસંદગી રહેલ છે. જેનું મુખ્ય કારણ રાજય સરકારની Ease Of Doing Business ના ખ્યાલને સાર્થક કરતી આકર્ષક ઔધોગિક નીતિઓ રહેલી છે. વધુમાં રાજય સરકારે વિવિધ કરવેરા કાયદાઓને આવરી લઇને કરવેરા કાયદા સુધારા અધિનિયમ, ૨૦૨૩ને અમલમાં મૂકેલ છે. આથી, કરદાતાઓને સમયસર કર ભરવામાં કસૂરના કિસ્સામાં દંડનીય વ્યાજના ભારણમાંથી મોટી રાહત થયેલ છે.

**જીએસટી સેવા કેન્દ્ર**

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત રાજય '' વ્યાપાર- ધંધાની સરળતા, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ''ની સંકલ્પના સાકાર કરવામાં હંમેશા અગ્રેસર રહયુ છે GSTના અમલીકરણથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનું 'એક રાષ્ટ્ર, એક કર, એક બજાર' નું સ્વપ્ન હવે સાકાર થયું છે.

જીએસિટી નોંધણી પ્રક્રિયા વધુ સરળ, મૈત્રીપૂર્ણ અને ઝડપી બનાવવા GST સેવા કેન્દ્રની

નવીન વ્યવસ્થા ચાલુ કરેલ છે. ગુજરાતના વાપી ખાતેથી કેન્દ્રીય જી.એસ.ટી.ના સહયોગથી સર્વપ્રથમ ૧૨ GST સેવા કેન્દ્રો દેશને સમર્પિત કરી કાર્યાન્વિત કર્યા છે. આ વ્યવસ્થા અમલમાં આવતાં સારાં વેપારીઓ માટે સરળ નોંધણી વ્યવસ્થા ઊભી થતાં કરચોરી અટકશે અને બીજા લોકોના દસ્તાવેજોનો દુરૂપયોગ કરી ખોટી/ બોગસ રજિસ્ટ્રેશન નંબર લેનાર લોકોને અટકાવી શકાશે. જે અન્ય રાજયોને અનુસરવા માટે એક રોલ મોડલ સાબિત થશે તેવો મને વિશ્વાસ છે.

ગુજરાત સરકારના અનેકવિધ પગલાંઓ થકી માન. વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પનામાં ગુજરાત નવીન સિધ્ધિઓ હાંસલ કરી રહયુ છે.

આ વિકાસયાત્રા સતત આગળ ધપતી રહે તે માટે આ અંદાજપત્રમાં વિદ્યમાન વેરાના દરમાં કોઈપણ ફેરફાર નહીં કરવાની અને નવા કોઇ વેરા નહીં નાખવાની, હું જાહેરાત કરૂં છું.

સમાપન

સન ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

)રકમ ₹ કરોડમાં)

| | | |
|---|---|---|
| )૧) અંદાજ અનુસારની પુરાંત | | (+) ૯૦૦.૭૨ |
| )૨) કરવેરામાં સૂચિત વધારો | (+) ૦.૦૦ | |
| )૩) કરવેરામાં સૂચિત ઘટાડો | (-) ૭૫૪.૦૦ | |
| )૪) એકંદર અંદાજિત પુરાંત | | (+) ૧૪૬.૭૨ |

માનનીય અધ્યક્ષશ્રી,

મેં મારા અંદાજપત્ર પ્રવચન ભાગ-ક માં કહયુ તેમ વિકાસની પરિકલ્પનાના પાંચ સ્તંભ થકી વિકાસને સંવર્ધિત કરી વિકસિત ગુજરાત @ ૨૦૪૭ના નિમાર્ણ થકી વિકસિત ભારત @ ૨૦૪૭નું સ્વપ્ન સાકાર કરવાનો અમારો આ સંન્નિઠ પ્રયાસ છે. અમે ગુજરાતના દરેક નાગરિકના સર્વાંગી કલ્યાણ અને ટકાઉ આર્થિક વિકાસને માટે હંમેશા સમર્પિત રહ્યા છીએ.

અમૃતકાળના પ્રારંભે જયારે સૌ ગરવાં ગુજરાતીઓ રાષ્ટ્ર વિકાસયજ્ઞમાં આહુતિ આપી રહયાં છે ત્યારે આ સભાગૃહના માધ્યમથી હું સૌને શુભેચ્છા- સહ અભિનંદન આપું છું.

જય જય ગરવી ગુજરાત,

સન્માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું અંદાજપત્ર રજૂ કરું છું.

**સન ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.**

અધ્યક્ષશ્રી: આજે માનનીય મંત્રીશ્રીએ મિઠાશપૂર્વક બધાને ખૂશ કરી દીધા છે. તમામ ધારાસભ્યશ્રીઓ ખૂશ છે જાણે ધીમે ધીમે એક એક ગિફ્ટ આપતા દેખાયા. વિધાનસભા ગૃહનું આજનું કામકાજ પૂરં થયા બાદ આજે રજૂ થયેલ અંદાજપત્ર બાબતે આ ગૃહના તમામ સભ્યોને માનનીય મંત્રીશ્રીઓ સહિત આજે બપોરે ૨-૩૦ કલાકે શાસકપક્ષ ખંડમાં યોજાનાર વર્કશોપમાં ઉપસ્થિત રહેવા માટે જણાવવામાં આવે છે. ધારાસભ્યશ્રીઓ માટે ભોજનની વ્યવસ્થા ધારાસભ્યશ્રીઓની લોંજમાં કરવામાં આવી છે તો ભોજન પછી ત્યાં આગળ પહોંચીશું.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૪૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૫ મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માઘ ૧૬, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**પાલનપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

***15/4/380 શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર )પાલનપુર) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૩.૫૦ |
| ૨૦૨૩-૨૪ | ૪૩.૦૦ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૨૪.૯૦ |
| ૨૦૨૩-૨૪ | ૩૮.૯૨ |

અધ્યક્ષશ્રી : માનનીય અનિકેતભાઇ ઠાકર. શ્રી અનિકેતભાઇ, આજે તમારો જન્મ દિવસ છે. તમને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ અને આપનો પહેલો જ પ્રશ્ન છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : જય શ્રીરામ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સામાન્ય વન નિર્માણ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪માં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કુલ કેટલા વિસ્તારમાં કયા કયા ગામોમાં કેટલા રોપાનું, કઇ કઇ જાતના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે અને તેની પાછળ કુલ ખર્ચ કેટલો થયેલ છે અને તેમાંથી કેટલા માનવદિન ઉત્પન્ન થયેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો અભિનંદન આપશ્રીને આપું છું કે આપે સૌ પ્રથમવાર અંબાજીની અંદર એક કરોડથી વધુ સીડબોલ્સથી અંબાજીની તળેટીમાં વૃક્ષો વાવ્યા છે એટલે આપને અભિનંદન આપું છું. આપે ગુજરાતમાં શરૂઆત કરી એટલે આપને અભિનંદન આપું છું. સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે એમાં મંડારા ડાંગ્યા રોડ ઉપર ૨ હેકટરમાં ૧૬૦૦ રોપા વાવ્યા હતા. લુણવામાં ૧.૫ હેકટરની અંદર ૨૪૦૦ રોપાઓ વાવ્યા હતા. પટવાસણની અંદર ૨ હેકટરમાં ૩૨૦૦ રોપા વાવ્યા હતા. બારપડાની અંદર ૨ હેકટરમાં ૮૦૦ રોપા વાવ્યા હતા. ભાદરમાં ૧.૫૦ હેકટરની અંદર ૬૦૦ રોપા વાવ્યા હતા. આંબલીયાની અંદર ૧.૫ હેકટરની અંદર ૬૦૦ રોપા વાવ્યા હતા. ભાદર-બીની અંદર એક હેકટરમાં ૮૦૦ રોપા વાવ્યા હતા. મલાણાની અંદર એક હેકટરમાં ૪૦૦ રોપા વાવ્યા હતા. બેલાણાની અંદર એક હેકટરમાં ૪૦૦ રોપા વાવ્યા હતા. આમ, ૧૩.૫૦ હેકટરની અંદર ૬,૮૦૦ રોપા વાવ્યા હતા અને સભ્યશ્રીએ જણાવ્યું તેમ એની અંદર પ્લેટાફોમ, અરુસા, ઘરાજ, કણજી, નિલગિરિ, ચંદન, મલબારી, લીંબુ, લીમડા, સીતાફળ, આંબા, દાડમ વગેરે વૃક્ષો વાવ્યા હતા એની પાછળ ખર્ચ લગભગ રૂ.૨૪.૯૦ કરોડ થયો હતો અને એની અંદર ૪૨૫૩ માનવદિન ઉત્પન્ન થયેલ હતા. એ જ રીતે વર્ષ ૨૦૨૩-૨૪ની વાત કરીએ તો કુંપની અંદર ૧૫ હેકટરની અંદર ૧૮૦૦૦, પખાણવાની અંદર એક હેકટરની અંદર ૧૧૧૧ રોપા, કાકરવાવાડાની અંદર ૧ હેકટરની અંદર ૪૦૦ રોપા, કમાલપુરાની અંદર એક હેકટરમાં ૪૦૦ રોપા, જડીયાલની અંદર ૬ હેકટરની અંદર ૬૦૦૦ રોપા, આકેટીની અંદર ૬ હેકટરની અંદર ૬૦૦૦ રોપા, શેરાસણની અંદર ૬ હેકટરમાં ૬૦૦૦ રોપા, પટોસણની અંદર એક હેકટરની અંદર ૧૦૦૦ રોપા, કાકરવાડાની અંદર ૨ હેકટરમાં ૨૦૦૦ રોપા, ખસાની અંદર ૩ હેકટરની અંદર ૩૦૦૦ રોપા, ચંડીસરની અંદર એક હેકટરની અંદર ૧૦૦૦ રોપા, આમ વર્ષ ૨૦૨૩-૨૪ની અંદર ૪૩ હેકટરની અંદર ૪૪૯૧૧ જેટલા રોપા વાવ્યા હતા. એની અંદર રૂ. ૩૮.૯૨ લાખનો ખર્ચ થયો અને ૪૫૯૭ જેટલા માનવદિન ઉત્પન્ન થયા.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાલનપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ સને ૨૦૨૨-૨૩ અને સને ૨૦૨૩-૨૪માં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અલગ અલગ મોડલમાં કુલ કેટલા વિસ્તારમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

## તારાંકિત પ્રશ્નો

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૨-૨૩ની વાત કરું તો પટ્ટી વાવેતરમાં ૨ (બે) હેક્ટરની અંદર ૧૬૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની પાછળ ૭ લાખ ૬૩ હજાર રૂપિયાનો ખર્ચ, પિયત ગ્રામવનની અંદર ૩.૫ હેક્ટરની અંદર ૫૬૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની પાછળ રૂ.૯ લાખ ૩૧ હજારનો ખર્ચ, બિનપિયત ગ્રામવનની અંદર ૫(પાંચ) હેક્ટરની અંદર ૨૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની અંદર રૂ. ૫(પાંચ) લાખ ૬૮ હજારનો ખર્ચ, હરિયાળું ગ્રામવનની અંદર ૨ હેક્ટરની અંદર ૮૦૦ રોપાનું વાવેતર અને તેની અંદર રૂ.૪૩ હજારનો ખર્ચ કરવામાં આવ્યો. ઇ.પર્યાવરણની અંદર ૧ હેક્ટરની અંદર ૮૦૦ રોપાનું વાવેતર અને ખર્ચ રૂ.૧ લાખ ૮૫ હજારનો થયો છે. આમ ૨૦૨૨-૨૩ની અંદર ૧૩.૫૦ હેક્ટરની અંદર ૧૦,૮૦૦ રોપાઓના વાવેતર પાછળ ૨૪ લાખ ૯૦ હજારનો ખર્ચ થયો છે. તે જ રીતે પાલનપુર તાલુકાની અંદર સન ૨૦૨૩-૨૪ની વાત કરું તો પિયત ગ્રામવનની અંદર ૧૦ હેક્ટરની અંદર ૧૬૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની પાછળ ૨૧ લાખ ૦૮ હજારનો ખર્ચ, બિનપિયત ગ્રામવનની અંદર ૫(પાંચ) હેક્ટરની અંદર ૨૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની અંદર ૩ લાખ ૩૮ હજારનો ખર્ચ, આર.ડી.એફ.એલ.ની અંદર ૨૫(પચ્ચીસ) હેક્ટરની અંદર ૨૫૦૦૦ રોપાનું વાવેતર અને તેની અંદર ૧૨ લાખ ૮૨ હજારનો ખર્ચ, હરિયાળું ગ્રામવનની અંદર ૨(બે) હેક્ટની અંદર ૮૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું ૬૦ હજારનો ખર્ચ કરવામાં આવ્યો. ઇ.પર્યાવરણની અંદર ૧ હેક્ટરની અંદર ૧૧૧૧ રોપાનું વાવેતર અને ખર્ચ ૧ લાખ ૦૫ હજારનો થયો છે. આમ કુલ ૪૩ હેક્ટરની અંદર ૪૪૯૧૧ જેટલા રોપાઓનું વાવેતર થયું છે અને તેની પાછળ ૩૮ લાખ ૯૨ હજારનો ખર્ચ થયો છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો શ્રી અનિકેતભાઇને સમગ્ર જિલ્લા અને રાજ્ય વતી જન્મ દિવસની શુભેચ્છાઓ. બનાસકાંઠા જિલ્લામાં મિત્તલબેન પટેલ વી.એસ.એમ. સંસ્થા દ્વારા મોટા પ્રમાણમાં સરકારી જમીન અને સ્મશાન ભૂમિ ઉપર લોકભાગીદારી અને સંસ્થાના માધ્યમથી વૃક્ષોનું વાવેતર કરી હરિયાળું બનાવવા માટેનો પ્રયત્ન કર્યો છે એટલે તેમને અભિનંદન આપું છું. બનાસ ડેરીના માધ્યમથી પણ આપણે કરોડો વૃક્ષો બનાસકાંઠા જિલ્લામાં વાવ્યા છે. સરકારમાં પર્યાવરણ દિવસ જે ઉજવવામાં આવે છે તેમાં મોટાભાગે કાગળ ઉપર જ હોય છે, વૃક્ષોનો ઉછેર થવાનો હોય તે થતો નથી. ભૌતિક સુવિધાઓ જેવી કે પાણીની વ્યવસ્થા પૂરી પાડવાની હોય તે થતું નથી. પ્રથમ તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વન વિભાગ જે રોપા વાવે તે ઉછેરવાની તમન્ના સાથે વાવે. અમે ઘણા રોપા વાવ્યા અને અમારા સારા સારા રોપા તમે લઇ જાઓ છો. તમે કોનોકાર્પસ વાવવાને બદલે આવા મજબૂત રોપા વાવો કે જેથી કરીને અમારા રોપા ના લઇ જવા પડે. ભૌતિક સુવિધાઓ માટે સરકાર કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? નડાબેટ જેવા અભ્યારણ્યમાં લાખો રૂપિયાના વૃક્ષો રોપવામાં આવે છે પણ તેનો ઉછેર થતો નથી. જ્યાં સંસ્થાઓએ વનીકરણ કર્યું છે ત્યાં ભૌતિક સુવિધાના ભાગરૂપે પાણીની વ્યવસ્થા, આ બાબતમાં ખર્ચ કરી વન વિભાગની જે ગ્રાન્ટ આવે તે ગ્રાન્ટ પૈકી સંસ્થાઓને ઉપયોગી થવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી :માનનીય ધારાસભ્યશ્રી આપ માનનીય ધારાસભ્યશ્રી છો એટલે આપે પ્રશ્ન જ પૂછવાનો છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ પૂછ્યો છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો વૃક્ષો વાવીએ છીએ પણ બહેન આપના કોંગ્રેસના સમયમાં બધા બાવળો વાવ્યા હતા તે અમારે કાઢવા પડે છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમાં કહું તો અમે જે રોપા વાવીએ છીએ તેમાં સો ટકા ઉછેર થાય છે. તેમાં અમે આ વર્ષથી થોડીક સિસ્ટમ બદલી છે. હવે અમે નર્સરીમાં જે રોપા ઉછેરીએ છીએ તે દોઢ-બે વર્ષના થાય તે પછી જ રોપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રજાએ ભેગા થઇને આખા જિલ્લાને હરિયાળું કરવાનું એક અભિયાન હાથ ઉપર લીધું હતું. પાંચ વર્ષ પહેલાંની સેટેલાઇટ ઇમેજ જોઇએ અને આજે જોઇએ તો ઓક્સિજનના ફેફસાં બનાવવાનું કામ તે બનાસકાંઠા જિલ્લો કરી રહ્યો છે. એટલા માટે વ્યક્તિગત આ ચેર ઉપરથી અભિનંદન આપવા પડે કે, પર્યાવરણની અંદર ખૂબ સારું કામ ત્યાં આગળ થઇ રહ્યું છે.

### અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવીડના કેસો

*** 99 / 4 / 15શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા**) જમાલપુર- ખાડીયા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લા માં કોવીડ ના નવા વેરીયન્ટ(જેએન.૧) ના કેટલા કેસો નોંધાયા, | (૧) |
| (૨) ઉક્ત સ્થિતિએ એક્ટીવ કેસોની સંખ્યા કેટલી છે , અને | (૨) શુન્ય(૦૦) |

| | |
|---|---|
| અમદાવાદ શહેર | ૨૦ |
| અમદાવાદ જીલ્લો | ૦૦ |

(૩) સરકારે સાવચેતી કે અગમચેતીના ક્યા ક્યા પગલા લીધાં છે ?

(૩)

- તમામ કેસોનું આરોગ્યની ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ વિઝિટ કરવામાં આવેલ છે. તેમના કોન્ટેકમાં આવેલ તમામ શંકાસ્પદ દર્દીના ટેસ્ટીંગ કરવામાં આવેલ છે.અને જરૂર જણાયે રૂબરૂમાં દવાઓ આપવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા સતત "ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ-વેક્સીનેશન-કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયર" ની સ્ટ્રેટેજી અપનાવી કામગીરી હાથ ધરવામાં આવે છે.
- આ રોગને અટકાવવા સંકલિત રોગ સર્વેલન્સ કાર્યક્રમ દ્વારા દર્દીઓને શોધી દવા તેમજ અઘતન સારવાર આપવામા આવે છે.
- રાજ્યમાં કોવિડ-૧૯ ટેસ્ટીંગ માટે ૨૦૭ લેબોરેટરીને મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી ૧૧૧ સરકારી અને ૯૬ ખાનગી લેબોરેટરી ને મંજૂરી આપવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીનાં પત્ર અનુસંધાને તમામ RTPCR પોઝીટીવ દર્દીનું ઝીનોમ સીક્વન્સિંગ કરવામાં આવે છે.
- તમામ આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ અને સાધન સામગ્રીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- જાહેર જનતાને શું કરવું શું ન કરવું તે અંગે પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવે છે. ઇન્ડિયન મેડિકલએસોસિએશનના સભ્યોની મીટીંગ યોજી આ રોગ વિષે માહિતગાર કરવામાં આવેલ છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં કોવિડના નવા વેરીએંટ JN 1ના કેટલા કેસો નોંધાયા? ઉપરોકત સ્થિતિએ એક્ટિવ કેસો કેટલા હતા એની સંખ્યા અને સરકારે સાવચેતીના અને અગમચેતીના પગલારૂપે શું કાર્યવાહી કરી? બીજું એ જાણવા માગું છું કે, કોવિડ ૧૯ થયા પછી ઘણાં બધા બાળકો અને યુવાનોમાં વેક્સિનની આડ અસરને કારણ કે દવાઓની આડ અસરને કારણે હ્રદય રોગના કેસીસ બન્યા હતા અને યુવાનોના મોત પણ થયા છે તો સરકાર પાસે આ અંગે શું માહિતી છે? આ બાબતમાં માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ૩૧/૧૨/૨૦૨૩ સુધીની માહિતી પૂછી છે પરંતુ હું અઘતન પરિસ્થિતિ ૩૧/૦૧/૨૦૨૪ સુધીની આપવા માગું છું. JN 1વેરીએંટના કુલ ૮૦ દર્દીઓને આપણે સારવાર આપી છે અને હાલમાં એક પણ દર્દી હોસ્પિટલમાં નથી તમામ દર્દીઓ બિલકૂલ સારી હાલતમાં હતા પરંતુ જે કોમોર્બીડ દર્દીઓ છે એ કોમોર્બીડ દર્દીઓમાં આ JN 1વેરીએંટ એ આમ તો ઓમિક્રોમનો સબ વેરીએંટ છે અને સબ વેરીએંટ હોવાના કારણે ખૂબ વીક પણ છે એટલે દર્દી લગભગ ઘરે જ સાજા થઇ જાય છે પરંતુ જો કોઇ દર્દી વધારે રોગો ધરાવતો હોય તો એવા દર્દીને કદાચ મુશ્કેલી પડી શકે છે અને એવા દર્દીને આપણે હોસ્પિટલમાં દાખલ પણ કરતા હોઇએ છીએ. આજની વાત કરું તો ૪/૦૨/૨૦૨૪ની સ્થિતિએ કોવિડ ૧૯ના ૬૮ એક્ટિવ કેસીસ છે જેમાંથી ૮ દર્દી ઇનડોર છે, ૪ દર્દી કોમોર્બીડ છે, એક દર્દી વેન્ટીલેટર ઉપર છે અને એક દર્દી બાઇપેટ ઉપર છે. મૂળ જે વાત કરી કે કોવિડ વેક્સિનના કારણે આ હાર્ટ એટેક આવે છે કે કેમ? તો એ વાત બિલકુલ પાયાવિહોણી છે. આપણે ૨૫૦ કરોડ કરતા વધારે વેક્સિનેશન ભારતમાં કર્યું છે અને જે વાત કરી એમણે કે એને કારણે હાર્ટ એટેક થાય છે? પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, એ વાત તથ્યથી વેગળી છે. કોવિડ રસીકરણના કારણે કોઇને હાર્ટ એટેક આવ્યો હોય એવું નથી પરંતુ કોવિડ થવાના કારણે જે ફેફસાને ફાઇબ્રોસીસ થાય છે અને એની જે ફેફસાની જાળી હોય એમાં કદાચ ફાઇબ્રોસીસ થવાના કારણે ક્યાંકને ક્યાંક નાની મોટી બ્લોકેજ થતી હોય એટલે ફેફસાની કેપેસિટી ઘટતી હોય એવું શક્ય છે પરંતુ હાર્ટ એટેક સાથે આ રસીકરણને કોઇ સીધો સંબંધ નથી, કોઇ દવાની પણ આડ અસર નથી. પરંતુ જે રીતે આદરણીય માનનીય રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીનું એક અભિયાન હાથ ધર્યું છે એ બહુ જરૂરી છે કારણે કે, હવે જે પ્રકારની ખેતી આપણે કરીએ છીએ એની અંદર રાસાયણીક ખેતીના કારણે કેટલાય ઝેરી ઘાતક તત્ત્વો અનાજની અંદર ભળતા હોય છે એના કારણે ક્યાંકને ક્યાં રોગો થવાનું શક્ય છે પરંતુ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ બિલકુલ ક્યાંય રસીકરણના કારણે કે દવાના કારણે આ પ્રકારની કોઇ હાર્ટ એટેકની અસરો નથી.

માઘ ૧૬, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, JN 1વેરીએંટમાં આરોગ્ય સંસ્થાઓ દ્વારા કઇ કઇ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, JN 1વેરીએંટ છે એ ઓમિક્રોમનો સબ વેરીએંટ છે એ સબ વેરીએંટ છે એના માટે આપણે મોટા ભાગે ઘરે જ સારવાર કરવાની જરૂર હોય છે પરંતુ જે પણ કેસ આપણને ધ્યાનમાં આવે અને ટેસ્ટ થયા પછી આપણને ખબર પડે એટલે તરત જ એને ઘરે જ સારવાર આપવાનો પ્રયત્ન થાય છે અને પૂરેપૂરી સારવાર આપવામાં આવે છે તેમ છતાં જ્યાં આપણને ગંભીરતા લાગે ત્યાં આપણે સરકારી હોસ્પિટલમાં કે કોઇ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ થવા માગતો હોય તો એને દાખલ કરીએ જ છીએ. પરંતુ આજની તારીખે JN 1વેરીએંટ છે એનાથી કોઇ મુશ્કેલી નથી. અત્યાર સુધીમાં એક દર્દીનું જ મોત થયું છે તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ એ પણ થોડા રોગોથી ઘેરાયેલ હતા.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોરોનાકાળ દરમિયાન રાજયભરમાં જિલ્લાવાઇઝ કુલ કેટલા રોજમદાર કર્મચારીઓને ફરજ ઉપર મૂકવામાં આવેલા હતા ? તેમજ ફરજ દરમિયાન કોરોના સંક્રમણથી અવસાન પામેલ કેટલા રોજમદાર કર્મચારીઓને સહાય ચૂકવવામાં આવી ? અને કેટલા રોજમદાર કર્મચારીઓની સહાય નકારવામાં આવી? સાથે સાથે કોરોનાકાળ દરમિયાન જે કર્મચારીઓ સેવામાં હતા એ કર્મચારીઓના કોરોનાકાળ દરમિયાન અવસાન થવાથી એ પરિવારજનોને કેટલા રૂપિયા ચૂકવવાનો ઠરાવ કરવામાં આવેલ હતો ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સદર પ્રશ્ન કેવળ અમદાવાદનો છે, રાજયના મહેકમ અથવા તો કેટલાક કર્મચારીઓનો છે નહીં.

**વન વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓની મંજૂરી**

*** 15/4/111 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** )ખેડબ્રહ્મા) **:માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડબ્રહ્મા તાલુકામાં જંગલ વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓનું બાંધકામ વન વિભાગની મંજૂરીને અભાવે પૂર્ણ થઈ શકેલ નથી, તે હકીકત સાચી છે, અને | (૧) | ના, જી. તા.૩૧-૧૨-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૩ ના સમયગાળા દરમ્યાન ખેડબ્રહ્મા તાલુકામાં જંગલ વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓની મંજૂરી માટેની કોઈ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) | જો હા, તો ઉક્ત મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જે જવાબમાં જણાવ્યું છે અને બાંધકામ વિભાગમાંથી જે માહિતી મળી છે તેમાં સંપૂર્ણ વિસંગતતા આવે છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડબ્રહ્મા વિધાનસભામાં ૭ રસ્તાઓ મંજૂર થયા છે. આ ૭ રસ્તાઓની અંદાજીત લંબાઇ ૧૭ કિલોમીટર છે અને તેની રકમ રૂ.૧૫ કરોડ જેટલી થાય છે. એ કામો હજુ શરૂ થઇ શકયા નથી તેના કારણોમાં તે લોકોએ જણાવ્યું છે કે, ૨ કામો એવા છે કે જે ભોપાલ લેવલે છે વર્ષ ૨૦૧૬માં ભોપાલમાં અરજી થઇ છે પણ તેની મંજૂરી આવી નથી. બીજા કામો એવા છે કે જમીન તબદીલના હુકમ માટે સરકારશ્રીમાં પડતર છે. એક કારણ એવુ પણ આવ્યું છે કે એફઆરએ ૨૦૦૬ હેઠળ મંજૂરી અર્થે ડી.એફ.ઓ. કચેરીએ પડતર. જો મંજૂરીમાં જ ના આવ્યા હોય તો આ જવાબ કઇ રીતે મળે ? મારો પહેલો પ્રશ્ન આ છે અને બીજી વસ્તુ કે બીજા એવા જ ૧૧ રસ્તાઓ કે જેના માટે ૪૦ હેકટર જેટલી જંગલની જમીન આપે તો આ ૧૧ રસ્તાઓ અમારા વિધાનસભા વિસ્તારમાં થઇ શકે તેમ છે. અને જે જમીન આપવાની છે તે જમીન આઇડેન્ટીફાઇ થયેલી છે મામલતદારે સૂચના કલેકટરશ્રી સુધી પહોંચાડી દીધી છે પણ તેમ છતાં પણ જમીન તબદીલ કરવાની કાર્યવાહી ના થવાના કારણે આ ૧૧ રસ્તાના કામો પણ પેન્ડિંગ છે. પ્રશ્ન શું આવે છે ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે તેઓ ટૂંકો પ્રશ્ન પૂછે. તમો મંત્રીશ્રીઓ જવાબ આપે છે તે રીતે લાંબો પ્રશ્ન પૂછો છો.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાણ પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : વર્ણન આપણે નહીં કરી શકીએ, માનનીય સભ્યશ્રી, આપ એક મિનિટ પોતાના સ્થાન ઉપર બેસશો? માનનીય સભ્યશ્રીઓને પોતાના પ્રશ્નો ઓછા શબ્દોમાં કઇ રીતે સીધા પૂછી શકાય એના માટેનો પ્રયત્ન કરવો જોઇએ. વર્ણનાત્મક જો વાત કરશો, તો જેમ મંત્રીશ્રી જવાબ આપે તે પ્રશ્ન કરતા જવાબ લાંબો જ હોય છે તો મારી વિનંતી છે કે તમે સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. હવે તમારો મોટા ભાગનો જે એક, બે, ત્રણ જે આખું વર્ણન થઇ ગયું. ભોપાલમાં બે કેસ પડયા છે

તે પણ એમને સમજાઇ ગયું, બેની મંજૂરી કેમ આપી એ પણ વિષય મંજૂરી નથી થઇ તો કેમ જવાબમાં આવ્યું તે પણ સમજાઇ ગયું હવે તેના સિવાય ત્રીજો પ્રશ્ન હોય તો આપ વાત કરી લો.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર પ્રશ્ન છે, મારા એકલાનો પ્રશ્ન નથી. સમગ્ર ઉંમરગામથી અંબાજીની આદિવાસી મત-વિસ્તારની જેટલી પણ વિધાનસભા છે કે જેમાં જંગલ આવે છે એ બધાનો આ પ્રાણ પ્રશ્ન છે એટલે મને સમય આપવો પડશે.

અધ્યક્ષશ્રી : તમે ફરી પૂછી શકો પ્રશ્ન માટેના ટાઇમની બે મિનિટ થઇ ગઇ.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી આજે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તે ભગવાન રામ પણ શબરી માતાને જંગલમાં જ મળેલાં. મારો કહેવાનો અર્થ એ છે કે, આનાથી..

અધ્યક્ષશ્રી : રામ તો સૌના છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, તેના ધાર્મિક સ્થાનો જંગલમાં છે, તેની સ્મશાન ભૂમિ જંગલમાં છે અને માત્ર જંગલ ખાતાને કારણે તે લોકોને ન્યાય ના મળતો હોય ત્યારે એક મતદાર પણ મતદાનથી વંચિત ના રહે એના માટેની કાર્યવાહી સરકાર કરતી હોય તો અમારા આદિવાસીને અન્યાય શા માટે ? એટલે આ રસ્તાની કોઇ ચોક્કસ નીતિ બનાવવી જોઇએ સમય-મર્યાદામાં આ કામ મંજૂર થાય એ મારું સરકારશ્રીને સૂચન છે.

અધ્યક્ષશ્રી : સૂચન એટલું છે કે, સમય-મર્યાદામાં પૂરું થાય આ બધા પ્રશ્નોનો તેમનો મુખ્ય ઉદ્દેશ આટલો છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે તેમણે જે પ્રશ્ન પૂછયો હતો એ ૩૧-૨૧ પહેલાં તમારા ચાર રસ્તા જ બાકી છે તેમાં યુઝર એજન્સી તરફથી જે પૂર્તતા કરવાની આવે તે પૂર્તતા થઇ નથી તેના કારણે બાકી છે. બાકી અમારા વિભાગની અંદર ૯૦ દિવસની અંદર તમે પૂર્તતા ના કરો તો ડી-લિસ્ટીંગ ઓટોમેટીક થઇ જાય એટલે તમે સમય-મર્યાદાની અંદર પૂર્તતા કરો તો મંજૂરી મળે છે. આમ, તો એમના વિસ્તારની વાત કરું તો આપણે લગભગ ૨૧ જેટલા રસ્તાઓની વન વિભાગ તરફથી એમને મંજૂરી આપી છે. બીજા રસ્તાઓની પૂર્તતા કરશો તો અમે જલદી એમને રસ્તો પરિપૂર્ણ કરી આપીશું એની હું જવાબદારી લઉં છું.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ રસ્તા ઉપરાંત અન્ય કઇ - કઇ સુવિધાઓ માટે મંજૂરી આપી શકાય છે અને ખેડબ્રહ્મા તાલુકામાં કુલ કેટલી સુવિધાઓ આપવા માટે મંજૂરી આપી છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ આદિજાતિ વિસ્તારમાં લગભગ ૧૩ પ્રકારની માળખાકીય સુવિધાઓ માટે જોગવાઇ કરવામાં આવી છે. તેમાં શાળાઓ, દવાખાનાં, હૉસ્પિટલો, આંગણવાડી, વાજબી ભાવની દુકાન, વિદ્યુત દૂરસંચારની લાઇન, તળાવ અને બીજા નાના જળાશયો, પીવાના પાણીનો પુરવઠો તથા પાણીની લાઇન, વરસાદનું પાણી એકત્રિત કરવાનાં માળખા, નાની સિંચાઇની નહેરો, ઊર્જાના બિન પરંપરાગત સ્ત્રોત, કૌશલ્ય વૃદ્ધિ અથવા વ્યવસાયિક તાલીમ કેન્દ્રો, ગ્રામ્ય રસ્તાઓ, સમુદાય કેન્દ્રો જેવી અલગ-અલગ પ્રકારની જમીનો માટે ફાળવણી કરવાની હોય છે. આ વિસ્તારમાં પ્રજાલક્ષી રસ્તાઓમાં ૧૭ જેટલા રસ્તાઓની દરખાસ્ત મંજૂર કરી છે. પાણી પુરવઠા અને જળસંચયમાં ૨૪ જેટલી દરખાસ્તો મંજૂર કરી છે. શાળા માટે ૪ દરખાસ્તો મળી છે. આમ ખેડબ્રહ્મામાં અલગ-અલગ સુવિધાઓની ૪૫ જેટલી દરખાસ્તો અમે મંજૂર કરી છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મોદી સાહેબની વનબંધુ યોજનાથી પ્રભાવિત આદિજાતિ વિસ્તારની જંગલની જમીનની વાત કરી છે એમાં રસ્તાઓની મંજૂરી માટેની બાબત છે પણ મને યાદ છે ત્યાં સુધી અમારા વિસ્તારમાં શાળાના ઓરડાઓ હોય કે રસ્તાઓ હોય એમાં દિલાવર સરકારે કોઇ દિવસ ના પાડી જ નથી. સરકાર મંજૂરી આપે જ છે અને હું એમને અભિનંદન આપું છું. મને યાદ છે ત્યાં સુધી મુખ્યમંત્રી સાહેબે હમણાં પણ આદિજાતિ વિસ્તારમાં રૂ.૪૦-૪૦ કરોડના જોબ નંબર આપ્યા છે એટલા માટે સરકાર અભિનંદનને પાત્ર છે.

અધ્યક્ષશ્રી : હમણાંથી માનનીય ધારાસભ્યશ્રીઓ પછી એ વિપક્ષના હોય કે શાસક પક્ષના હોય તેઓ મંત્રીશ્રીની જેમ બોલે છે.

**ઝાલોદ તાલુકાના એડીશનલ ચીફ કોર્ટનું અદ્યતન બાંધકામને વહીવટી મંજૂરી**

***15/4/158 શ્રી મહેશભાઈ ભુરીયા** ) ઝાલોદ) **:માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની એડીશનલ ચીફ કોર્ટના નવીન ભવનના અદ્યતન બાંધકામ માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) | હા,જી. |

| | | | |
|---|---|---|---|
| (૨) | જો હા, તો અધ્યતન નવીન ભવનનું બાંધકામ કયા તબક્કે છે? | (૨) | સદર કામગીરી હાલમાં ડી.ટી.પી. લેવલે છે. જે મંજૂર થયેથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. |

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હાલની ઝાલોદની એડિશનલ ચીફ કોર્ટ ખાતે જે સુવિધાઓ આપવામાં આવી છે એનાથી નવી બનનાર એડિશનલ ચીફ કોર્ટમાં વિશેષ કઇ-કઇ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે? અને હાલની બાંધકામની શું સ્થિતિ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ ખાતે હાલની કોર્ટમાં કુલ ૭ રૂમો અને ૨ કોર્ટ રૂમ છે. જૂની કોર્ટ ૮૯૮ ચો.મી.માં વર્ષ ૧૯૮૫-૮૬માં બનાવી હતી. હાલ કોર્ટનું બિલ્ડિંગ કોર્ટની માલિકીનું છે. આ બિલ્ડિંગમાં વર્ષ ૧૯૮૭થી ન્યાયિક પ્રક્રિયા કાર્યરત છે. આપણે જે નવી કોર્ટ બનાવીશું એ આગામી ૨૦-૨૫ વર્ષને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવશે. ભવિષ્યમાં કેસો વધે અથવા તો વસતિનો વધારો થાય તો વર્ક લોડના આધારે કોર્ટની સંખ્યા વધારવાનું આયોજન છે. જૂની કોર્ટમાં આવનારા અરજદારો માટે, વકીલો માટે અને જજીસ માટે નવીન સુવિધાઓનો વધારો કરીએ છીએ. એના માટે આપણે રૂ.૬.૪૮ કરોડની વહીવટી મંજૂરી આપી છે અને નિર્માણ અર્થે આપણે ૧૦,૦૦૦ ચો.મી. નવી જમીન ફાળવી છે. કુલ બિલ્ટ અપ એરિયા ૩૩૧૧ ચો.મી. છે અને આ બિલ્ડિંગનું બાંધકામ ગ્રાઉન્ડ + ૨ માળનું છે. હાલના બાંધકામ કરતાં ૩૭૫ ટકા વધારાનું બાંધકામ આપણે મંજૂર કરીએ છીએ. આ કોર્ટ બિલ્ડિંગમાં ચાર કોર્ટ રૂમ, કેન્ટિન, લાઇબ્રેરી, લેડીઝ બાર, જેન્ટ્સ બાર, વેઇટિંગ હૉલ, વીડિયો કૉન્ફરન્સ રૂમ, રેકર્ડ રૂમ, ટૉઇલેટ, લિફ્ટ જેવી વિવિધ સુવિધાઓ આપણને ઉપલબ્ધ થવાની છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં જવાબ આપવો. માગણીઓ પર ચર્ચામાં આપ વિસ્તૃત વાત કરજો. બધું કહેવા જશો તો બહુ લાંબુ થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ ડી.ટી.પી. કક્ષાએ છે. ટેન્ડર મંજૂર થશે એટલે કોર્ટનું કામકાજ ચાલુ કરીશું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઝાલોદ ખાતે તાલુકા કોર્ટ અને એડિશનલ ચીફ કોર્ટની સ્થાપના કયા વર્ષમાં થયેલ છે? હાલ ઝાલોદ ખાતે કોર્ટમાં કેટલા ન્યાયધીશો કાર્યરત છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ ખાતે સિવિલ જજ અને જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની તાલુકા કોર્ટની સ્થાપના વર્ષ ૧૯૭૪માં થયેલ. એડિશનલ ચીફ કોર્ટની શરૂઆત તા.૧૮/૧૧/૨૦૧૭થી ચાલુ થયેલ છે. હાલ બે ન્યાયાધીશ છે. એક પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ તથા એક એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કાર્યરત છે.

**ભિલોડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

***15/4/374 શ્રી પી.સી.બરંડા (ભીલોડા :(માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) | (see table below) |
| (૨) | તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે? | (૨) | (see table below) |

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૫૮૨ |
| ૨૦૨૩-૨૪ | ૩૪૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૬૮.૦૭ |
| ૨૦૨૩-૨૪ | ૩૦૭.૭૬ |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે અને તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

## તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૯૨૭ હેક્ટર વન વિસ્તારમાં લગભગ ૬ લાખ ૫ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. તે પૈકી ૪ લાખ ૯૯ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૭ કરોડ ૭૫ લાખ ૮૩ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. આ વન વ્યવસ્થા અને વન વિકાસ આદિજાતિ યોજનામાં એ ફોરેસ્ટેશન ડીગ્રેડેડ મૉડલમાં ૧૧૫ હેક્ટર વિસ્તારમાં ૧ લાખ ૨૮ હજાર પૈકી ૧ લાખ ૫ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૧૧૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. એડેડ આર્ટિફિશિયલ રીજુવેનેશનમાં ૯૫ હેક્ટર વિસ્તારમાં ૪૨ હજાર પૈકી ૩૪ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૫૬.૬૪ લાખનો ખર્ચ થયેલ છે. ઈકો રીસ્ટૉરેશનમાં ૪૦ હેક્ટર વિસ્તારમાં ૨ હજાર પૈકી ૧ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૧૭.૯૩ લાખનો ખર્ચ થયેલ છે. વન વ્યવસ્થા અને વન વિકાસ આદિજાતિ યોજનામાં એ ફૉરેસ્ટેશન ડીગ્રેડેડ ફૉરેસ્ટમાં ૨૫૦ હેક્ટર વિસ્તારમાં ૧ લાખ ૭૨ હજાર પૈકી ૧ લાખ ૪૦ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૧૮૭.૯૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વન વ્યવસ્થા અને વન વિકાસ બિનઆદિવાસી યોજનામાં એ ફૉરેસ્ટેશન ડીગ્રેડેડ ફૉરેસ્ટમાં ૪૦ હેક્ટર વિસ્તારમાં ૪૪ હજાર પૈકી ૩૭ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૩૭.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. એડેડ આર્ટિફિશિયલ રીજુવેનેશનમાં ૧૩૦ હેક્ટર વિસ્તારમાં ૫૮ હજાર પૈકી ૪૨ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૭૫.૮૮ લાખનો ખર્ચ થયેલ છે. એમ.એફ.પી.માં ૪ હેક્ટર વિસ્તારમાં ૨ હજાર રોપાઓ પૈકી ૧ હજાર જીવિત છે. ૧૮ હેક્ટર વિસ્તારમાં બામ્બુના ૭ હજાર રોપાઓ પૈકી ૬ હજાર જીવિત છે. તેની પાછળ રૂ.૯.૬૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ, કુલ ૨૦૨ હેક્ટર વિસ્તારમાં ૧ લાખ ૧૨ હજાર પૈકી ૮૭ હજાર રોપાઓ જીવિત છે અને તેની પાછળ રૂ.૧,૩૬,૦૮૯નો ખર્ચ કરવામાં આવેલ છે. બીજી કેમ્પા બિન-આદિવાસી યોજનામાં બેરણ હિલમાં ૫ હેક્ટર વિસ્તારમાં ૮ હજાર પૈકી ૭ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૯૩.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ફૉરેસ્ટરમાં ૨૫ હેક્ટરમાં ૨૮ હજાર પૈકી ૨૧ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૫૦.૧૩લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. એન.આર.આઇ.માં ૧૬ હેક્ટર વિસ્તારમાં ૨૨ હજાર પૈકી ૧૭ હજાર રોપાઓ જીવિત છે. તેની પાછળ રૂ.૭૯.૧૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ, એકંદરે ત્રણેય યોજનામાં ૫૮૨ હેક્ટર વાવેતરમાં ૩ લાખ ૪૨ હજાર જેટલા રોપાઓ વાવ્યા હતા.૨ લાખ ૭૨ હજાર રોપાઓ જીવિત છે. એમાં રૂ.૪૬૮.૭ હજારનો ખર્ચ થયેલ છે. એમાં સાગ, બોર, સીતાફળ, આમળા, ખાટી આંબલી, જાંબુ, કરમંદા, ગુંદા ગુંદી, કાથી, ખેર, બહેડા, મહુડો, બીલી, ટીમડું, વાંસ, ખાખરો, અર્જુન, બાવળ, ગરમાળો વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભિલોડા તાલુકાના કેટલા ગામોમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકામાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૦ ગામોમાં ૫૮૨ હેક્ટર વિસ્તારમાં કુલ ૩ લાખ ૪૨ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૫ ગામોમાં ૩૪૫ હેક્ટર વિસ્તારમાં કુલ ૨ લાખ ૬૩ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. આમ, ભિલોડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૫૫ ગામોમાં ૯૨૭ હેક્ટર વિસ્તારમાં કુલ ૬ લાખ ૫ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ

***15 / 4 / 196 હેમંતભાઈ હરદાસભાઈ આહિર** ( જામજોધપુર ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઈ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ક્યારથી કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર જીલ્લા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૯-૧૦-૨૦૨૦ના ઠરાવથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરી કાર્યરત કરવા અનુમતિ મળેલ છે.<br>દેવભૂમિ દ્વારકા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે કાર્યરત છે. |
| (૨)ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં વસ્તીના ધોરણે કેટલી નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની જરૂરીયાત છે, અને | (૨) જામનગર જીલ્લામાં બે(૨) સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની જરૂરીયાત છે અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ૧(એક) સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની જરૂરીયાત છે. |
| (૩)ઉકત સ્થિતિએ ઘટતી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) ધ્રોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા મળેલ મંજૂરી અન્વયે કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જામનગર જીલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર જામજોધપુરને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

## તારાંકિત પ્રશ્નો

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ધ્રોલ તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો દરજ્જો આપવામાં આવી રહ્યો છે એ ખરેખર આવકારદાયક બાબત છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ધ્રોલ તાલુકાનું અંતર જિલ્લા મથકથી માત્ર ૪૫ કિ.મી. છે, જ્યારે મારા મત વિસ્તાર જામજોધપુરનું અંતર જિલ્લા મથકની ૯૫ કિ.મી. છે તો કયા નિયમો અંતર્ગત ધ્રોલ તાલુકા સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો દરજ્જો આપી રહ્યા છો? અને જામજોધપુર તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ તરીકે ક્યારે અપગ્રેડ કરવા માંગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધ્રોલ તાલુકાને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ માટેની મંજૂરી આપેલ છે અને કામ પણ ચાલુ કરવામાં આવશે. જામજોધપુર તાલુકો પણ વિચારણા હેઠળ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે જામનગરની ગુરુ ગોવિંદસિંહ હૉસ્પિટલના નવીનીકરણ માટે માનનીય મંત્રીશ્રીએ રૂ.૫૫૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે અને ફેઝ-૧ના ટેન્ડર મંજૂર કરી ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરેલ છે તે માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જામનગર અને દ્વારકા જિલ્લાની હૉસ્પિટલ ખાતે તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા બહારના દર્દી, અંદરના દર્દી, પ્રસૂતિ, લેબ ટેસ્ટ અને ઓપરેશન કરવામાં આવેલ છે? અને સરકારી હૉસ્પિટલ દ્વારકા ખાતે આરોગ્યની કઇ-કઇ સેવાઓ હાલ ઉપલબ્ધ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ આરોગ્ય અને શિક્ષણની બાબતમાં ખૂબ જ સંવેદનશીલ છે. આરોગ્ય અને શિક્ષણની વાત આવે ત્યારે કોઇપણ પક્ષપાત કે ભેદભાવ સિવાય રાજ્યની તમામ જનતાને આરોગ્યની સેવાઓ મળી રહે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ઉદાર ભાવનાથી કાર્ય કર્યું છે. જામનગર અને દ્વારકા જિલ્લાની હૉસ્પિટલો ખાતે તા. ૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની માહિતી જોઇએ તો, જી.જી. હૉસ્પિટલ જામનગરમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૬લાખ ૩૧ હજાર ૩૪૫ ઓ.પી.ડી., આઇ.પી.ડી. ૮૩,૬૪૧, પ્રસૂતિ ૮૨૫૨, લેબ ટેસ્ટ ૧૨ લાખ ૭૯ હજાર ૧૫૩, ૮૪૩૭ મેજર ઓપરેશન અને ૧૯,૭૪૫ માઇનોર ઓપરેશન થયેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૭ લાખ ૮૦ હજાર ઓ.પી.ડી., આઇ.પી.ડી. ૯,૯૫,૪૨૭, પ્રસૂતિ ૯૦૫૫,લેબ ટેસ્ટમાં પણ વધારો થઇ ૧૫,૧૮,૦૦૦ કર્યા છે. મેજર ઓપરેશન ૧૧,૪૬૩, માઇનોર ઓપરેશન ૧૭,૧૨૫ અને આપણે ડિસેમ્બરના અંત સુધીમાં ૬,૪૮,૬૧૫ની ઓ.પી.ડી, ૬૮,૮૯૧ આઇ.પી.ડી., પ્રસૂતિ ૬૫૦૫, લેબ ટેસ્ટ ૧૨,૬૧,૦૦૦, મેજર ઓપરેશન ૮૪૭૯ અને માઇનોર ઓપરેશન ૧,૨૨,૨૧૧ કરેલ છે. એ જ રીતે આપણી પાસે જામનગર, જામ ખંભાળિયા અને દ્વારકાની પણ વિગતો છે. જો આ બધી વિગતો વાંચુ તો (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : નહીં, માનનીય દિવ્યેશભાઇને જવાબ મળી ગયો છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું મારા ધ્રોલ તાલુકામાં એક જિલ્લા કક્ષાની હૉસ્પિટલ આપવા બદલ લાખ-લાખ અભિનંદન આપું છું. રાજ્ય સરકારશ્રીની દીર્ઘદૃષ્ટિના કારણે જામનગરમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લાને અલગ કરવામાં આવ્યો. આ વિકસિત ગુજરાતની એક નિશાની છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ કેટલી હૉસ્પિટલ, કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે? તેમજ સરકારશ્રીના નિયત માપદંડ મુજબ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઇએ? અને કેટલા ઉપલબ્ધ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક જામખંભાળિયા ખાતે જિલ્લા કક્ષાની જનરલ હૉસ્પિટલ કાર્યરત છે. દ્વારકા ખાતે પેટા જિલ્લાની સરકારી હૉસ્પિટલ કાર્યરત છે. આ ઉપરાંત, ૪ સી.એચ.સી. તથા ૨૩ પી.એચ.સી. સેન્ટરો ઉપલબ્ધ છે. ભાણવડમાં ૫ પી.એચ.સી. સેન્ટરો છે. કલ્યાણપુરમાં ૨ સી.એચ.સી. સેન્ટરો અને ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે.ખંભાળિયામાં ૧ જનરલ હૉસ્પિટલ, ૧ સી.એચ.સી. અને ૬ પી.એચ.સી. સેન્ટરો છે. ઓખામંડળમાં ૧ પેટા જિલ્લા હૉસ્પિટલ છે અને ૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. આમ અત્યારે કુલ જિલ્લા કક્ષાની ૧, પેટાજિલ્લા કક્ષાની ૧, પી.એચ.સી. ૨૩ અને સી.એચ.સી. ૪ સેન્ટરો આપણી પાસે હયાત છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે જામજોધપુર તાલુકાનું અંતર જિલ્લા મથકથી ૯૫ કિ.મી. છે અને ધ્રોલ તાલુકાનું અંતર જામનગરથી ૪૫ કિ.મી. છે. તો કયા નિયમ અંતર્ગત જામજોધપુરના બદલે ધ્રોલ તાલુકાની પસંદગી કરવામાં આવી? અને જામજોધપુર તાલુકાની પસંદગી સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ તરીકે શા માટે ના કરવામાં આવી?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ધ્રોલ તાલુકો ગુજરાત રાજ્યમાં આવેલો છે અને જામજોધપુર પણ ગુજરાત રાજ્યમાં છે. આપણે આરોગ્યની સમગ્ર પરિસ્થિતિ જોઇ એના મેપિંગના આધારે કરતાં હોઇએ છીએ. એના અંતરોના જે માપદંડો છે એમાં પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરો અને સબડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ માટે આપણે જે ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવાનું છે, એ ઊભું કરી જ રહ્યા છીએ. જામજોધપુરની આપણે વિચારણા કરીશું એવો મેં જવાબ આપેલો છે. એટલે જામજોધપુર પણ ગુજરાતમાં જ છે અને ગુજરાતમાં હોવાથી એને આરોગ્યની સુવિધાઓ મળી રહે એ બાબત આપણે ચોક્કસ અને નિશ્ચિત રીતે વિચારણામાં લીધેલી છે.

તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
તારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ**

***15 / 4 / 225 અમિત ચાવડા** ) આંકલાવ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-.

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧)તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ બનાવવાની મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે, | (૧)તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્પિટલ બનાવવાની મંજૂરી સમિતિએ તા.૨૫-૦૪-૨૦૨૩ના રોજ આપવામાં આવેલ છે. |
| (૨)ઉક્ત હોસ્પિટલ ક્યા સ્થળે કેટલા ખર્ચે બનાવવાનું આયોજન છે, | (૨)ઉક્ત હોસ્પિટલ ગુજરાત પશુ ચિકિત્સાલય અને પશુપાલન મહાવિદ્યાલય યુનિવર્સીટી, આણંદ કેમ્પસમાં આવેલ ખુલ્લી જગ્યા પર બોરસદ ચોકડી, આણંદ ખાતે રૂ.૧૬૦.૫૯ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન છે. |
| (૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને | (૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરીનું ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૪)ઉક્ત હોસ્પિટલની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને કાર્યરત કરવામાં આવશે? | (૪)ટેન્ડર મંજૂર થયેથી વર્ક ઓર્ડર આપ્યેથી બે (૨) વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લો વર્ષ ૧૯૯૮માં અસ્તિત્વમાં આવ્યો ત્યારથી આજદિન સુધી માનનીય કેશુભાઇ, માનનીય નરેન્દ્રભાઇ, માનનીય આનંદીબેન, માનનીય વિજયભાઇ તથા માનનીય ભૂપેન્દ્રભાઇ પહેલી વાર અને બીજીવાર આટલા મુખ્યમંત્રીશ્રીઓ થઇ ગયા છે. વાઇબ્રન્ટ સરકાર હતી, ગતિશીલ, પ્રગતિશીલ, સંવેદનશીલ અને હવે મૃદુ અને મક્કમ સરકાર છે, પણ દુઃખ સાથે કહેવું પડે છે કે ૨૫ વર્ષ પછી પણ આણંદ જિલ્લાને સુવિધાયુક્ત સિવિલ હૉસ્પિટલ મળવી જોઇએ, તે હજુ કાગળ ઉપરથી જમીન ઉપર આવી નથી. એટલે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે હમણાં વર્ષ ૨૦૨૩માં મંજૂરી આપી છે. તો મારે મંત્રીશ્રીને આપના મારફત પૂછવું છે કે અગાઉ બે બે વખત ખાતમુહૂર્ત થયા છે, તો અગાઉ કયારે કયારે મંજૂરી આપવામાં આવી હતી અને એ મંજૂરીની જગ્યા અને ખાતમુહૂર્તની જગ્યા બદલવાના કારણો શું છે અને ખાસ કરીને ટેન્ડર લેવલે છે તો ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા અને જગ્યા જે નક્કી કરવામાં આવી છે કૃષિ યુનિવર્સિટીની, તો ખરેખર હોસ્પિટલના નામે જગ્યા તબદીલ કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એમણે આણંદની જે વાત કરી તો ભૂતકાળમાં બે વખત ખાતમુહૂર્ત નહીં, પણ ભૂમિપુજન કરવામાં આવેલ છે. સરકાર લેવલે નિર્ણય થયો કે અહીંયા હોસ્પિટલ આપણે બનાવવી છે એટલે બાકીની કામગીરી પૂરી કરી હોય, પરંતુ જમીનની કાર્યવાહી પ્રોસેસમાં હોય અને એ પ્રોસેસમાં હોવાના કારણે ત્યાં નકકી થાય અને પછી જગ્યા બદલવાની થાય, કારણ કે કોઇ જગ્યા દૂર પડતી હોય, કોઇ ટ્રાફિકની વચ્ચે હોય, એટલે આ વખતે બહુ પુખ્ત વિચારણાને અંતે બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન બન્નેથી ૩ કિલોમીટરના અંતરે એવી આ પશુપાલન યુનિવર્સિટીની જગ્યા આપણે પસંદ કરી છે. એ જગ્યા પર ટેન્ડર પણ થઇ ગયા છે અને ટેન્ડર થઇને એલ.ઓ.આઇ. પણ ટૂંક સમયમાં એમને આપીશું અને આપની જાણ સારું કે ખૂબ ઝડપથી આ વખતે આપણે ભૂમિ પુજન નહીં પણ ખાત મુહૂર્ત કરીશું.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીને અને અમારા આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સાથે આભાર વ્યકત કરું છું કે આણંદમાં સિવિલ હોસ્પિટલનું જલ્દીથી ખાતમુહૂર્ત કરવાની એમણે ખાતરી આપી છે અને આણંદ જિલ્લામાં ખૂબ સારી હોસ્પિટલ બનવા જઇ રહી છે ત્યારે આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આણંદ જિલ્લા ખાતે હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે અને સરકારશ્રીના નિયત કરેલા માપદંડો મુજબ કેટલા સામૂહિક તથા કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઇએ અને કેટલા ઉપલબ્ધ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આણંદ જિલ્લામાં જનરલ હોસ્પિટલ, આણંદ, પેટલાદ ખાતે એસ.એસ.જી. હોસ્પિટલ કાર્યરત છે. ઉપરાંત આણંદ જિલ્લા ખાતે ભારત સરકારના નિયત કરેલ માપદંડો મુજબ ૧૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રો હોવા જોઇએ, એના બદલે ૧૪ છે. એટલે કે ૧ વધારે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૪૯ હોવા જોઇએ એના બદલે ૫૪ એટલે કે ૫ વધારે છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરકારી હોસ્પિટલ, આણંદ ખાતે હયાત ૧૫૦ પથારી ઉપરાંત બીજી ૫૦ પથારીની મંજૂરી સરકારશ્રી દ્વારા કયારે આપવામાં આવી અને તેના માટે અત્યાર સુધીમાં કેટલી રકમ ફાળવવામાં આવી?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ પથારીની મંજૂરી એટલે કે ૧૫૦ પથારીની સુવિધા હતી તે સિવાય બીજી વધારાની ૫૦ પથારી માટે ૨૦૨૧-૨૨ માં સરકારશ્રીના તારીખ ૫-૭-૨૧ ના ઠરાવ ક્રમાંક સો એન્ડ સો થી મંજૂરી આપવામાં આવેલ છે. સરકારી હોસ્પિટલ આણંદ ખાતે ૧૫૦ ઉપરાંત બીજી ૫૦ પથારી મંજૂર કરી જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે અત્યાર સુધી વર્ષવાર ફાળવવામાં આવેલ રકમ આ મુજબ છે. ૨૦૧૮-૧૯માં ૩ કરોડ, ૨૦૧૯-૨૦માં ૦.૧૦ કરોડ, ૨૦૨૦-૨૧માં ૫૦ લાખ, ૨૦૨૨-૨૩માં ૧ કરોડ અને ૨૦૨૩-૨૪માં ૧૦ કરોડ એમ કુલ ૧૪ કરોડ અને ૫૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : મારા બોટાદ જિલ્લો બન્યો એને ૧૩ વર્ષ કરતા વધારે સમય થઇ ગયો છે. આજે પણ બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલની કામગીરી કયા તબકકે પહોંચવામાં છે અને કયારે શરુ કરવામાં આવશે અને કયારે પૂર્ણ કરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન આણંદ જિલ્લાનો છે. એકસ્ટ્રા માહિતી હોય તો આપી શકો છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આણંદ જિલ્લાનો પ્રશ્ન છે સાહેબ.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, હવે પ્રશ્ન પર પૂરતી ચર્ચા થઇ ગઇ છે. વર્ણનાત્મક અને આક્ષેપવાળો વિષય ના લેતા.

**અમદાવાદ જિલ્લામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

***15/4/364 શ્રી હાર્દિકભાઇ પટેલ** (વિરમગામ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કુલ-૩,૬૧,૦૯૭ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોને હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોને સારવાર આપવામાં આવી,અને | (૨) | ઉક્ત સ્થિતિએ કુલ-૨૯૭ બાળકોને હૃદય-૧૭૪, કિડની-૭૫ અને કેન્સર-૪૮ જેવા ગંભીર રોગોની સારવાર આપવામાં આવી, અને |
| (૩) | હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવેલ છે? | (૩) | હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.<br>- હૃદયની બીમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ<br>- કિડનીની બીમારીવાળા બાળકોને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીસ અને રિસર્ચ સેન્ટર, અમદાવાદ<br>કેન્સરની બીમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મળી ગયેલ છે પણ આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યકત કરું છું કે અમદાવાદ જિલ્લામાં બાવળા નજીક ૩૦૦ બેડની હોસ્પિટલ આ વખતના બજેટમાં ફાળવવામાં આવી છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આર.બી.એસ.કે. અંતર્ગત કેટલા કોક્લિયર ઇમ્પ્લાન્ટ ઓપરેશન કરવામાં આવ્યા અને કેટલો ખર્ચ થયો અને આની બાદ જે થેરાપી આપવામાં આવે છે એની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આર.બી.એસ.કે. અંતર્ગત કરવામાં આવેલા કોક્લિયર ઇમ્પ્લાન્ટની વિગતો સન ૨૦૧૪-૧૫થી સન ૨૦૨૩-૨૪ સુધીમાં કુલ આપણે ૩૦૧૮ ટોટલ કોક્લિયર ઇમ્પ્લાન્ટર કર્યા છે અને એમાં આપણે રૂ. ૨૧,૧૨૬ લાખનો ખર્ચો કરેલો છે. શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ છ વર્ષ સુધી જન્મજાતની બહેરાશની તકલીફ ધરાવતા બાળકો માટે આપણે વિનામૂલ્યે કોક્લિયર નાખી આપીએ છીએ જેના કારણે બહેરા અને મૂંગા બાળકનો જન્મ થાય એટલે સ્વાભાવિક એ સાંભળતો ના હોય એટલે એ બોલતો ના થાય, એટલે ૦ થી ૬ વર્ષ સુધીમાં આ પ્રકારની સારવાર આખા ભારત દેશમાં આપણા ગુજરાતમાં જ આપીએ છીએ. લગભગ સાત થી આઠ લાખ રૂપિયાનો ખર્ચો થાય છે અને એ ખર્ચો કરી બાળકને આપણે બોલતું અને ચાલતું કરીએ છીએ કારણ કે બાળકનો જન્મ થાય એટલે તરત જ એના પ્રતિભાવો કંઇ ખબર ના પડે, ધીમે ધીમે ૫-૬ મહિનામાં ખબર પડે કે આ સાંભળતું નથી અને એ જયારે ખબર પડે એટલે ગરીબ મધ્યમવર્ગનો જે પરિવાર હોય એ હતાશ થઇ જાય એનાથી નિઃસાસો નંખાઇ જાય, એવા સંજોગોમાં એવાં બાળકો, એવા પરિવારની વહારે આ સરકાર આવી છે. ૩૦૦૦ જેટલા આપણે ઓપરેશન કરી ચૂકયા છીએ અને તાજેતરમાં આપણે નિર્ણય પણ લીધો છે. આ આખી પ્રોસિઝર ૭થી ૮ લાખ રૂપિયાની થતી હોય. બાળક છે એટલે છ વર્ષ સુધી અને છ વર્ષ પછી પણ જયારે એનું પ્રોસેસર, જે મહત્ત્વનો પાર્ટ છે એ પણ બે અઢી લાખથી ત્રણ લાખ સુધીની કિંમતનું હોય છે તો એ ત્રણ લાખનું પ્રોસેસર ફરીથી એક વખત નાખી આપવાનો પણ સરકારે પ્રસ્તાવ મંજૂર કર્યો છે.

**સપ્તઋષિનો આરો અને દાઈ લેક વિકસાવવા બાબત**

***15/4/388 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કિ.કે.પટેલ)** )ઉંઝા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ વડનગર ખાતે સપ્તઋષિનો આરો તથા દાઈ લેકને વિકસાવવા માટે કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને | (૧) | હા,જી |
| (૨) | જો હા, તો તેની વિગતો શી છે? | (૨) | સપ્તઋષિનો આરો તથા દાઈ લેક ખાતે નીચે મુજબની કામગીરી માટે નિયમાનુસાર ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી એજન્સીને કામગીરી માટે રકમ રૂ.૧૨૬૪.૦૦ લાખનો એલ.ઓ.આઈ(લેટર ઓફ ઈન્ટેન્ટ) આપેલ છે. સદર મંજૂર કરેલ કામગીરીના કમ્પોનન્ટની વિગત નીચે મુજબ છે:<br>• પાથ-વે<br>• લેન્ડસ્કેપિંગ<br>• એન્ટ્રીગેટ<br>• પાર્કિંગ<br>• ટોઈલેટ બ્લોક |

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઐતિહાસિક નગરી વડનગર ખાતે આવતા પ્રવાસીઓના આકર્ષણ માટે નાઈટ ટુરિઝમને પ્રોત્સાહન આપવા કયા કયા નવા નજરાણા ઉમેરવામાં આવેલ છે?

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, વડનગરમાં નાઈટ ટુરિઝમ માટે જે અલગ અલગ સુવિધાઓ કરી છે એમાં શર્મિષ્ઠા લેક વડનગર છે ત્યાં પાણીની સ્કીન ઉપર પ્રોજેકશન થ્રુ બનશે. મ્યુઝિકલ ફાઉન્ડેશન તથા લાઈટીંગની સાથે અવનવા ચિત્રો એમાં પ્રદર્શિત થશે. વડનગરની આસપાસના અને એ વિસ્તારના ઈતિહાસની આમાં અવનવી ગાથાઓ પણ જોવા મળશે. આ કામનું ટેન્ડર બહાર પાડી દેવામાં આવ્યું છે, એવી જ રીતે હાટકેશ્વર મહાદેવ, વડનગર ખાતે આ મંદિરનો ઈતિહાસ અને ઐતિહાસિક સંસ્કૃતિની માહિતીથી માહિતગાર થાય એના માટે થ્રી ડી પ્રોજેકશન મેપીંગનું રૂપિયા પાંચ કરોડનું કામ પણ આયોજનમાં છે. એ રીતે નાઈટ ટુરિઝમને પ્રોત્સાહન મળશે અને પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાનો છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ઐતિહાસિક નગરી વડનગરખાતે સ્વદેશ દર્શનની હેરિટેઝ સર્કિટ અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા સ્થળોએ વિકાસની કામગીરી કેટલા રૂપિયાના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે?

શ્રી મુળુભાઈ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, ઐતિહાસિક નગરી વડનગરમાં તાના રીરી પાર્ક અને આસપાસના તળાવોના વિકાસ માટે અલગ અલગ કામો હાથ પર લીધા છે એમાં પ્રવેશ દ્વાર, પાર્કિંગ, પાથવે, રીટેઈનિંગ વોલ, પીચ વોલ, એમ્પીથિએટર, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેન્ચ, ઈલ્યુમિનેશન અને સી.સી.ટી.વી. કેમેરા, ડસ્ટબિન્સ, દુકાનો, ઈલેક્ટ્રિફીકેશન વગેરે જેવા કામો માટે ૧૭ કરોડ ૯૮ લાખના કામો પૂર્ણ કર્યાં છે. શર્મિષ્ઠા તળાવખાતે પણ વિવિધ કામો હાથ પર લીધાં છે એમાં રિટેઈનિંગ વોલ, પીચ વોલ, સ્ટોન ક્લેડીંગ, ડેક્સ, કેનોપીઝ, પાથ-વે, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, થીમ પાર્ક, દુકાનો, કાફેટેરિયા, લેન્ડસ્કેપિંગ, સાઈનેજીસ, પાર્કિંગ, ઈલ્યુમિનેશન, ડસ્ટબીન, સી.સી.ટી.વી. કેમેરા અને વોચ ટાવર જેવા કામો લીધા છે એમાં ૪૦ કરોડ ૭ લાખના ખર્ચે કામ પૂર્ણ થયું છે. વડનગરના રેલવે સ્ટેશનમાં પણ કામો હાથ પર લીધા છે એમાં ફસાડ ડેવલપમેન્ટ, પ્રવાસી માહિતી કેન્દ્ર, પાર્કિંગ, પેવિંગ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, થોડી સ્પીડ વધારો.

શ્રી મુળુભાઈ હ. બેરા (આયર) : સી.સી.ટી.વી. કેમેરા સહિત ૮.૩૪ કરોડના કામો હાથ પર લીધા છે. શેઠ ચકુલાલ ભોગીલાલ લાઈબ્રેરીમાં પણ અલગ અલગ કામો લીધા છે. ૩ કરોડ ૧ લાખ રૂપિયાના ખર્ચે આ કામો પૂરા કરવાના છે. ગેટ્સ એન્ડ ફોર્ટ વોલના વિકાસ માટે પણ જુદા જુદા કામો લીધા છે અને ૩.૪૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. અંબાજી કોઠા તળાવમાં પણ અલગ અલગ પ્રકારના કામો ૨.૭૮ કરોડના કામો પૂર્ણ થઇ ગયા છે. લટેરીવ ખાતે મુખ્ય દરવાજો છે ત્યાં પણ અલગ અલગ કામો ૧.૬૩ લાખના ખર્ચે કામ પૂર્ણ કર્યું છે. આ પ્રમાણે અલગ અલગ કામો પ્રવાસન વિભાગ નીચે હાથ ઉપર લીધા છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં વડનગરખાતે કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી છે? અને એમને રહેવા માટે શું વ્યવસ્થા કરી છે?

અધ્યક્ષશ્રી : આંકડો પૂછ્યો છે, કેટલા પ્રવાસીઓ અને રહેવા માટે શું વ્યવસ્થા કરી?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ છે કે વડનગર એક નહીં પણ સમગ્ર ગુજરાતમાં છેલ્લા વર્ષમાં ૧૫ કરોડ જેટલા પ્રવાસીઓ આગલા વર્ષમાં આવ્યા હતા. બીજું પણ જણાવતા આનંદ થાય છે કે વિદેશી પ્રવાસીઓના ભારત સરકારે આંકડા જાહેર કર્યા છે એમાં આપણા દેશમાં સૌથી વધારે વિદેશી પ્રવાસી ગુજરાતમાં આવે છે. વડનગરમાં ૮ લાખ ૬૫ હજાર જેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. ત્યાં રહેવા માટે તોરણ હોટલમાં નવા ૧૬ રૂમો, ૪

રૂમોનું રિનોવેશન અને અલગ અલગ પ્રકારની સુવિધાઓ ત્યાં કરવામાં આવી છે. આ સિવાય ત્યાં પ્રાઇવેટ હોટલો અને ધર્મશાળા પણ છે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વડનગરખાતેના બુદ્ધિષ્ઠ મૂનિશ્રીના વિકાસ માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કોઇ કામગીરી કરેલ છે? અને તેમાં કઇ કામગીરીનો સમાવેશ થાય છે? અને આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, વડનગરના બુદ્ધિષ્ઠ મૂનિશ્રીના વિકાસ માટે ભારત સરકારની સ્વદર્શન યોજનામાં કામો થયા છે એમાં પ્રવેશદ્વાર, એક્ઝિબીશન સેન્ટર, કંમ્પાઉન્ડ વોલ, ગ્લાસ રેલિંગ, બુદ્ધની મૂર્તિ, પાર્કીંગ, સેનિટેશન, લાઇટિંગ, સાઇનેજીસ અને ડસ્ટબીન ૩૦૮.૬૪ લાખનો એમાં ખર્ચ કરવામાં આવ્યો છે .

**થરા સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવા બાબત**

**180/4/15*** **અમૃતજી મોતીજી ઠાકોર** ) કાંકરેજ:( **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની કાર્યવાહી કયા તબકકે છે, અને | (૧)સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૨)ઉકત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉકત કેન્દ્રને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવામાં આવશે ? | (૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે? તેમજ ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર થરા અને સી.એચ.સી. ધાનેરાને પેટા જિલ્લાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય થયો છે. વર્ષ ૨૦૨૪-૨૫ નવી બાબતમાં સમાવેશ કરવા માટે સરકાશ્રીની વિચારણામાં છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લાની સરકારી હોસ્પિટલો ખાતે તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં બહારના દર્દીઓ કેટલા આવ્યા? અંદરના કેટલા દર્દીઓ છે? પ્રસૂતિ, લેબ ટેસ્ટ અને ઓપરેશન કેટલા કરવામાં આવ્યા?

અધ્યક્ષશ્રી : ટોટલ પૂછ્યું છે કે હોસ્પિટલ વાઇઝ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : ટોટલ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ મારેલું નથી પરંતુ ૨૦૨૧-૨૨માં ૧,૨૦,૦૦૦ ઓ.પી.ડી., આઇ.પી.ડી. ૨૨૦૦૦, પ્રસૂતિ ૪૫૦, લેબ ટેસ્ટ ૧,૦૦,૦૦૦, મેજર ઓપરેશન ૪૫૩, માઇનોર ઓપરેશન ૧૩૪૪, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧,૫૧,૦૦૦ ઓ.પી.ડી., આઇ.પી.ડી. ૧૭૯૫૩, પ્રસૂતિ ૫૦૭, લેબ ટેસ્ટ ૨,૦૯,૫૬૩, મેજર ઓપરેશન ૪૭૭, માઇનોર ઓપરેશન ૧૪૬૯ અને તા. ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં ૧,૪૪,૦૦૦ ઓ.પી.ડી., આઇ.પી.ડી. ૩૮૦૦૦, પ્રસૂતિ ૭૦૧, લેબ ટેસ્ટ ૨,૦૭,૯૪૭, મેજર ઓપરેશન ૪૧૬ અને ૨૨૭૦ એ જનરલ ડીસા હોસ્પિટલ ખાતે આ એના આંકડા છે.

શ્રી કેશાજી ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં હાલ કેટલી હોસ્પિટલ, કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર કેટલા પી.એચ.સી. કાર્યરત છે અને સરકારશ્રીના માપદંડ મુજબ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા પી.એચ.સી. હોવા જોઇએ અને હાલ કેટલા કાર્યરત છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લા ખાતે ભારત સરકારના નિયત કરેલ માપદંડ મુજબ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૩૦ હોવા જોઇએ, હયાત ૨૮ છે, ૨ ઘટે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧૨૧ હોવા જોઇએ. ૧૨૨ છે એટલે ૧ વધે છે. એના સિવાય પણ જિલ્લા મથક ખાતે એક બ્રાઉન ફીલ્ડ એક બનાસ મેડિકલ કોલેજ પણ કાર્યરત છે અને એક જિલ્લા

કક્ષાની પણ હોસ્પિટલ છે. બનાસકાંઠાની કુલ વસ્તી ૨૭,૦૫,૫૯૧ છે એટલે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકા પૈકી ૨ તાલુકા આદિજાતિ, ૧૨ તાલુકા બીન આદિજાતિ વિસ્તાર છે અને ભારત સરકારશ્રીના એરિયાના ધોરણને લઈ આદિજાતિ વિસ્તારની વસ્તીના ધોરણો મુજબ આ ગણતરી કરેલી છે.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : વચ્ચેથી એક આપને જાણકારી આપું કે રાજસ્થાન વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી વાસુદેવ દેવનાણીજી આજે ગુજરાત વિધાનસભાની મુલાકાતે છે અને અહીંયા આગળ પધાર્યા છે. એમનું આપ સૌ વતી સ્વાગત કરું છું. અહીંયા અધ્યક્ષદીર્ઘાની અંદર જ છે. માનનીય અમૃતજીભાઇ ઠાકોર.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા કાંકરેજ તાલુકા તેરવાડા, ટોટાડા, જાગવર, માટલા, ઉન પી.એચ.સી. તેમજ શિહોરી અને ખીમાણા સી.એચ.સી. સેન્ટરોમાં ઘણા સમયથી ડોકટરોની જગ્યા ખાલી છે જે ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન એનો નથી. તમારી પાસે વધારાની માહિતી હોય તો જ આપ આપો. પ્રશ્ન ક્રમાંક-૧૩. માનનીય સભ્યશ્રી કિરીટભાઇ, સમય પૂરો થઇ જશે.

પાટણ જિલ્લામાં હોસ્પિટલોને ચૂકવવાની બાકી રકમ

*15/4/187 શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ **M#>** (પાટણ): માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કઇ હોસ્પિટલને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય હેઠળ કઈ હોસ્પિટલને કેટલી રકમ ચૂકવવાની બાકી છે તેનું પત્રક-૧ સામેલ છે. |
| (૨) | ઉકત બાકી રકમ પૈકી કઇ હોસ્પિટલને કેટલીરકમ છ માસ અને કેટલી રકમ એક વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે, અને | (૨) | ઉક્ત બાકી રકમ પૈકી કઈ હોસ્પિટલની કેટલી રકમ છ માસ કરતાં વધુ સમયથી ચૂકવવાની બાકી છે તેનું પત્રક-૨ સામેલ છે. (સી/૧૫)<br><br>ઉક્ત બાકી રકમ પૈકી કઈ હોસ્પિટલની કેટલી રકમ એક વર્ષ કરતાં વધુ સમયથી ચૂકવવાની બાકી છે તેનું પત્રક-૩ સામેલ છે. (સી/૧૭) |
| (૩) | ઉકત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે? | (૩) | હાલ ગુજરાત રાજ્યમાં "એબી પી.એમ.જે.એ.વાય. – મા" યોજનાનાં લાભાર્થીઓને હાઇબ્રીડ મોડલ પ્રમાણેનો લાભ એટલે કે લાભાર્થીને કુટુંબદીઠ વાર્ષિક રૂ.૧ (એક) લાખ સુધી નો લાભ ઈન્શ્યોરેન્સ કંપની થકી અને એ ઉપરાંત રૂ.૧૦ (દસ) લાખ સુધી એશ્યોરેન્સ પ્રમાણે સીધો રાજ્ય સરકારશ્રી દ્વારા હોસ્પિટલોને દાવાઓનું ચૂકવણુ કરવામાં આવે છે.<br><br>હાલ પોલીસી-૮ માં ઈન્શ્યોરેન્સ કંપની દ્વારા અને રાજ્ય સરકારશ્રી દ્વારા રૂ. ૧૦૮૪/- કરોડ ના ચૂકવણાં હોસ્પિટલોને કરેલ છે તથા રાબેતા મુજબ ચાલુ છે. |

યોજના અંર્તગત અગાઉની પોલિસી ૫-૬ અને ૭ ના પાટણ જીલ્લાના રૂ.૪.૩૩ કરોડની બાકી ક્લેઇમોનાં ચૂકવણાંની ફાઇલ પ્રોસેસમાં છે. આ સોફ્ટવેર ની ખામીને લઈ ઉદભવેલ જેમા મેપીંન્ગ ના ઇસ્યુ અને બ્લોક કાર્ડ પર આવેલ ક્લેમના ચુકવણા સામેલ છે.

પત્રક-૧

| ક્રમ | હોસ્પિટલનું નામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, ધારણોજ | ૩૬૦૦ |
| ૨ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, પીંપળ | ૩૬૦૦ |
| ૩ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, ગોતરકા | ૧૩૬૦ |
| ૪ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, નાનપુરા | ૩૬૦૦ |
| ૫ | મધુત્રા | ૧૩૬૦ |
| ૬ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, ઈડલા | ૩૬૦૦ |
| ૭ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, દુધખા | ૩૬૦૦ |
| ૮ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, જશવંતપુરા | ૩૬૦૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, મુજપુર | ૩૬૦૦ |
| ૧૦ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, અમરપુરા | ૩૬૦૦ |
| ૧૧ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, ઝાજમ | ૧૩૬૦ |
| ૧૨ | યુ-પીએચસી, પાટણ-૧ | ૩૬૦૦ |
| ૧૩ | યુ-પીએચસી, સિધ્ધપુર | ૩૬૦૦ |
| ૧૪ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, સરિયદ | ૩૬૦૦ |
| ૧૫ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, કોદના | ૧૭૦૦ |
| ૧૬ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, કાંસા | ૧૭૦૦ |
| ૧૭ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, અડીયા | ૩૬૦૦ |
| ૧૮ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, ચંન્દ્રાવતી | ૫૪૦૦ |
| ૧૯ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, શહેશા | ૧૮૦૦ |
| ૨૦ | યુ-પીએચસી, પાટણ-૨ | ૫૪૦૦ |
| ૨૧ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, જંગ્રાલ | ૨૩૧૦૦ |
| ૨૨ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, સાંમપ્રા | ૫૪૦૦ |
| ૨૩ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, પચકવાડા | ૫૪૦૦ |
| ૨૪ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, પલાસર | ૩૬૦૦ |
| ૨૫ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, મેળોજ | ૭૨૦૦ |
| ૨૬ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, શંખેશ્વર | ૫૮૫૦૦ |
| ૨૭ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, મળુંદ | ૫૪૦૦ |
| ૨૮ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, લણવા | ૭૧૦૦ |
| ૨૯ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, કુવારા | ૩૦૨૦૦ |
| ૩૦ | સામુહિક આરોગ્ય કેન્દ્ર, સાંતલપુર | ૬૦૨૦૦ |
| ૩૧ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, દુનાવાડા | ૩૬૦૦ |
| ૩૨ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, નાના | ૩૬૦૦ |
| ૩૩ | પ્રાયમરી હેલ્થ સેન્ટર, વડાવલી | ૯૩૮૦ |
| તાલુકાનું કુલ | | | | ૧૩ | ૧૦ | ૩ | | ૨ | ૦ | ૨ | | **૭** | **૭** | **૦** | | **૭** | **૭** | **૦** | | **૧૨** | **૬** | **૬** | |

**ભાગ-૨**

| અ.નં | તાલુકાનુ નામ | અ.નં | પ્રા.આ.કેન્દ્રનું નામ | ડ્રાઈવર | | | | વોર્ડ આયા | | | | વોર્ડ બોય | | | | પાર્ટ ટાઈમ સ્વીપર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| ૧ | દાંતા | ૧ | ગોરાડ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૨ | હડાદ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૩ | જીતપુર | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૪ | કાંસા | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૫ | કુંવારશી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૬ | મગવાસ | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૭ | રાણપુર | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૮ | મોટાસડા | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૯ | નવાવાસ (દાંતા) | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૧૦ | સેંબલપાણી | ૧ | ૦ | ૧ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| તાલુકાનું કુલ | | | | ૧૦ | ૩ | ૭ | | ૧૦ | ૧૦ | ૦ | | ૧૦ | ૧૦ | ૦ | | ૨૦ | ૨૦ | ૦ | |
| | | ૧ | ઈકબાલગઢ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ખારા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૩ | સુરેલા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૪ | ડાભેલા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૫ | ધનપુરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૬ | ગાંજી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| | | ૭ | રામપુરા(વ) | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| તાલુકાનું કુલ | | | | ૭ | ૭ | ૦ | | ૭ | ૭ | ૦ | | ૭ | ૭ | ૦ | | ૧૪ | ૧૪ | ૦ | |

**ભાગ- 1**

| પત્રક-૨ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક૧૭૪/૪/૧૫ - | | | | | | | |
| બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર મહેકમની મંજૂર, ભરેલી, ખાલી અને ક્યારથી ખાલી તે અંગેની વિગત પત્રક (તાની સ્થિતિએ ૨૦૨૩/૧૨/૩૧.) | | | | | | | |
| દાંતા તાલુકો | | | | | | | |
| ક્રમ | સાકેનુ નામ.આ. | અનં. | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| ૧ | દાંતા | ૧ | અધિક્ષક વર્ગ ૧ | ૧ | ૦ | ૧ | |
| | | ૨ | તબીબી અધિકારી, વર્ગ૨ - | ૫ | ૪ | ૧ | તા. ૧૬.થી ખાલી છે ૨૩/૧૦/ |
| | | ૩ | એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | તા૨૦૨૨/૦૨/૨૬. થી ખાલિ છે. |
| | | ૪ | લેબોરેટરી ટેકનીશીયન, વર્ગ3 - | ૧ | ૧ | ૦ | |
| | | ૫ | જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ3 - | ૨ | ૧ | ૧ | ૧૧૨૩/૨/ થી ખાલી છે. |
| | | ૬ | સ્ટાફ નર્સ, વર્ગ3 - | ૧૨ | ૧૦ | ૨ | ૩૦૨૦૨૩/૦૪/,૩૦૨૦૨૩/૦૫/ થી અનુક્રમે ૨ જગ્યા ખાલી છે. |
| | | ૭ | સીનીઆસી. વર્ગ ૩ | ૧ | ૧ | ૦ | |
| | | ૮ | સીનીયર ક્લાર્ક વર્ગ ૩ | ૧ | ૧ | ૦ | |
| | | ૯ | ડ્રાઇવર, વર્ગ3 - | ૧ | ૧ | ૦ | |
| | | ૧૦ | ડ્રેસર વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | |
| | | ૧૧ | પટાવાળા વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૨ | વોર્ડ બોય વર્ગ ૪ | ૮ | ૨ | ૬ | ૨૧૯૯/3 / , ૩૦ २000/ ६/, ૩૦२00४/ ६/, ૩૦ 0९/ ९/, ૨૨ 0७/ ५/, ૩૦થી ખાલી ૧૯/ ६/ |
| | | ૧૩ | આયા, વર્ગ૪ - | ૨ | ૦ | ૨ | ૩૦૧૭/ ६/ , ૨૧૯૯/3 / |
| | | ૧૪ | સ્વીપર વર્ગ ૪ | ૬ | ૬ | ૦ | આઉટસોર્સથિ ભરેલ છે. |
| | | ૧૫ | પાર્ટટાઇમ સ્વીપર, વર્ગ૪ - | ૨ | ૨ | ૦ | આઉટસોર્સથિ ભરેલ છે. |
| | | ૧૬ | પાર્ટટાઇમ વોચમેન, વર્ગ૪ - | ૨ | ૧ | ૧ | 04-03-2000 થી ખાલી |
| કુલ | | | | ૪૭ | ૩૨ | ૧૫ | |

**ભાગ-2**

પત્રક-૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક૧૭૪/ ૪/ ૧૫ -

બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર મહેકમની મંજૂર, ભરેલી, ખાલી અને ક્યારથી ખાલી તે અંગેની વિગત પત્રક

(તાની સ્થિતિએ ૨૦૨૩/ ૧૨/ ૩૧.)

અમીરગઢ

| ક્રમ | સા.આ.કેનુ નામ | અ.નં | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ` | ૧ | અધિક્ષક વર્ગ ૧ | ૧ | ૦ | ૧ | ૨૧/ ૦૧/ ૨૦૦૦ થી ૧ જગ્યા ખાલી છે |
| | | ૨ | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૫ | ૩ | ૨ | ૦૮/ ૦૮/ ૨૦૨૩ થી ૨ જગ્યા ખાલી છે |
| | | ૩ | એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | ૨૩/ ૦૮/ ૨૦૨૨ થી જગ્યા ખાલી છે |
| | | ૪ | લેબોરેટરી ટેકનીશીયન, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| | | ૫ | જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | સ્ટાફ નર્સ, વર્ગ-૩ | ૯ | ૮ | ૧ | ૧૧/૦૩/૨૦૧૫ થી |
| | | ૭ | સીની.આસી વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | ૩૧/૦૩/૨૦૧૫ થી |
| | | ૮ | સીનીયર ક્લાર્ક વર્ગ ૩ | ૧ | ૧ | ૦ | |
| | | ૯ | ડ્રાઇવર, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| | | ૧૦ | ડ્રેસર વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | |
| | | ૧૧ | પટાવાળા વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | |
| | | ૧૨ | વોર્ડ બોય વર્ગ ૪ | ૨ | ૨ | ૦ | |
| | | ૧૩ | આયા, વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | |
| | | ૧૪ | સ્વીપર વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | |
| | | ૧૫ | પાર્ટટાઇમ સ્વીપર, વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | |
| | | ૧૬ | પાર્ટટાઇમ વોચમેન, વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | |
| | | કુલ | | ૩૧ | ૨૫ | ૬ | |

**ભાગ-3**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સાકેનુ.આ. નામ | અનં. | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | | ક્રમ |
| ૨ | માંકડી | ૧ | અધિક્ષક વર્ગ ૧ | ૧ | ૦ | ૧ | ૧૧થી જગ્યા ૧૬/૫/ ખાલી છે. | | ૨ |
| | | ૨ | તબીબી અધિકારી, વર્ગ૨- | ૩ | ૧ | ૨ | ૧૩૨૩/૧૧/ , ૧૫ન થી ૨૩/૧૨/ ખાલી | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | ૧૧૧૬/૫/ થી | |
| | | ૪ | લેબોરેટરી ટેકનીશીયન, વર્ગ-3 | ૧ | ૧ | ૦ | | |
| | | ૫ | જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ3 - | ૧ | ૧ | ૦ | | |
| | | ૬ | સ્ટાફ નર્સ, વર્ગ3 - | ૭ | ૭ | ૦ | | |
| | | ૭ | સીનીઆસી. વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | ૧૧૧૬/૫/ થી | |
| | | ૮ | સીનીયર ક્લાર્ક વર્ગ ૩ | ૧ | ૧ | ૦ | | |
| | | ૯ | ડ્રાઇવર, વર્ગ3 - | ૧ | ૦ | ૧ | ૧૧૧૬/૫/ થી | |
| | | ૧૦ | ડ્રેસર વર્ગ ૪ | ૧ | ૦ | ૧ | ૧૧૧૬/૫/ થી | |
| | | ૧૧ | પટાવાળા વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | | |
| | | ૧૨ | વોર્ડ બોય વર્ગ ૪ | ૨ | ૨ | ૦ | | |
| | | ૧૩ | આયા, વર્ગ૪ - | ૧ | ૧ | ૦ | | |
| | | ૧૪ | સ્વીપર વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | | |
| | | ૧૫ | પાર્ટટાઇમ સ્વીપર, વર્ગ૪ - | ૨ | ૧ | ૧ | ૧૧૧૬/૫/ થી | |
| | | ૧૬ | પાર્ટટાઇમ વોચમેન, વર્ગ૪ - | ૨ | ૨ | ૦ | | |
| કુલ | | | | ૨૭ | ૧૯ | ૮ | | |

**ભાગ- ૪**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સા.આ.કે.નું નામ | અ.નં | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| વીરમપુર | ૧ | અધિક્ષક વર્ગ ૧ | ૧ | ૦ | ૧ | 30/3/2015 થી ખાલી છે. |
| | ૨ | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૩ | ૨ | ૧ | 31/8/2023 થી ખાલી છે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૩ | એક્સ રે ટેકનીશીયન વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | 30/3/2015 થી ખાલી છે. |
| | ૪ | લેબોરેટરી ટેકનીશીયન, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| | ૫ | જુનીયર ફાર્માસીસ્ટ, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| | ૬ | સ્ટાફ નર્સ, વર્ગ-૩ | ૭ | ૭ | ૦ | |
| | ૭ | સીની.આસી વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | 30/3/2015 થી ખાલી છે. |
| | ૮ | સીનીયર કલાર્ક વર્ગ ૩ | ૧ | ૦ | ૧ | 30/3/2015 થી ખાલી છે. |
| | ૯ | ડ્રાઇવર, વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | |
| | ૧૦ | ડ્રેસર વર્ગ ૪ | ૧ | ૦ | ૧ | 30/7/2020 થી ખાલી છે. |
| | ૧૧ | પટાવાળા વર્ગ ૪ | ૧ | ૦ | ૧ | 31/1/2022 થી ખાલી છે. |
| | ૧૨ | વોર્ડ બોય વર્ગ ૪ | ૨ | ૨ | ૦ | |
| | ૧૩ | આયા, વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | |
| | ૧૪ | સ્વીપર વર્ગ ૪ | ૧ | ૧ | ૦ | |
| | ૧૫ | પાર્ટટાઇમ સ્વીપર, વર્ગ-૪ | ૨ | ૧ | ૧ | 31/10/2023 થી ખાલી છે. |
| | ૧૬ | પાર્ટટાઇમ વોચમેન, વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | |
| | કુલ | | ૨૭ | ૧૯ | ૮ | |

તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

## ભાગ-૧

પત્રક - ૩

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ સરકારી હોસ્પિટલ અંબાજીની સંવર્ગવાર મંજૂર, ભરેલી, ખાલી અને ક્યારથી ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગનુ નામ | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | ક્યારે ભરવામાં આવશે |
|---|---|---|---|---|---|---|
| | **વર્ગ-૧** | | | | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૧ | ૦ | | જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી સરકારશ્રી દ્વારા નિમણૂક કરવામાં આવે છે. રાજ્યની સરકારી મેડિકલકોલેજના બોન્ડેડ ઉમેદવારોને નિમણૂક કરવામાં આવે છે. કરાર આધારીત નિમણૂક આપવામાં આવે છે. સી.પી.એસ થયેલ ઉમેદવારોને બોન્ડેડ નિમણૂક આપવામાં આવે છે. અને સી.એમ. સેતુ અંતર્ગત વિઝિટિંગ તજજ્ઞોને નિમણૂક આપી સેવાઓ લેવામાં આવે છે. |
| ૨ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | ૦ | | |
| ૩ | ફીજીશિયન | ૧ | ૦ | ૧ | ૦૧-૦૮-૧૮ | |
| ૪ | જનરલ સર્જન | ૧ | ૧ | ૦ | | |
| ૫ | સ્ત્રી રોગનિષ્ણાત | ૧ | ૦ | ૧ | ૦૧-૦૮-૧૮ | |
| ૬ | બાળરોગનિષ્ણાંત | ૧ | ૦ | ૧ | ૦૧-૦૮-૧૮ | |
| ૭ | એનેસ્થેટિક | ૧ | ૦ | ૧ | ૦૧-૦૮-૧૮ | |
| ૮ | ઓપ્થલ્મીક સર્જન | ૧ | ૧ | ૦ | | |
| ૯ | માનસિક રોગ નિષ્ણાત | ૧ | ૧ | ૦ | | |
| | **વર્ગ ૧ કુલ** | ૯ | ૫ | ૪ | | |
| | **વર્ગ-૨** | | | | | |
| ૧૦ | તબીબી અધિકારી | ૫ | ૧ | ૪ | | |
| ૧૧ | ડેન્ટલ સર્જન | ૧ | ૧ | ૦ | | |
| ૧૨ | વહીવટીઅધિકારી | ૧ | ૦ | ૧ | ૦૧/૦૮/૨૦૧૮ થી ખાલી | વહીવટી અધિકારી, વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે સરકારશ્રીમાં તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ દરખાસ્ત સાદર કરવામાં આવેલ છે. |
| ૧૩ | આસિસ્ટન્ટ નર્સીંગ સુપ્રીન્ટેન્ડેનટ (ગ્રેડ-૨) | ૧ | ૦ | ૧ | ૦૧-૦૮-૧૮ | |
| | **વર્ગ ૨ કુલ** | ૮ | ૨ | ૬ | | |
| | **વર્ગ-૩** | | | | | |
| ૧૪ | હેડ નર્સ | ૨ | ૦ | ૨ | ૧૦-૦૮-૨૧<br>૦૧-૦૮-૧૮ | |
| ૧૫ | સ્ટાફ નર્સ | ૧૨ | ૧૨ | ૦ | | |
| ૧૬ | ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ | ૧ | ૦ | ૧ | ૩૦/૦૭/૨૦૨૨ થી ખાલી | કચેરી અધિક્ષક, વર્ગ-૩ ની જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે. ફીડર કેડરમાં લાયકાત ધરાવતાં કર્મચારી ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવામાં આવશે. |
| ૧૭ | હેડ કલાર્ક | ૧ | ૦ | ૧ | ૦૧/૦૮/૨૦૧૮ થી ખાલી | હેડ કલાર્ક, સિનિયર કલાર્ક અને જુનિયર કલાર્ક, વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે સરકારશ્રીની સ્થાયી સમિતિની મંજૂરી માટે તા.૦૧/૦૧/૨૦૨૪ અને તા.૦૩/૦૧/૨૦૨૪ ના રોજ દરખાસ્ત સાદર કરવામાં આવેલ છે. |
| ૧૮ | સીનીયર કલાર્ક | ૧ | ૧ | ૦ | | |
| ૧૯ | જુનીયર કલાર્ક | ૧ | ૧ | ૦ | | |
| ૨૦ | ઓપ્થલ્મીક આસિસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | | |
| ૨૧ | લેબોરેટરી ટેકનિશિયન | ૨ | ૦ | ૨ | | |
| ૨૨ | સીની.ફાર્માસિસ્ટ | ૧ | ૦ | ૧ | ૦૧/૦૮/૨૦૧૮ થી ખાલી | સિનિયર ફાર્માસિસ્ટ, વર્ગ-૩ ની જગ્યાઓ બઢતી થી ભરવાની થાય છે. ફીડર કેડરમાં લાયકાત ધરાવતાં કર્મચારી ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવામાં આવશે. |
| ૨૩ | જૂની.ફાર્માસિસ્ટ | ૨ | ૧ | ૧ | ૦૧/૦૮/૨૦૧૮ થી ખાલી | જગ્યા ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રક મોકલી આપેલ હતા પરંતુ ૧૦ વર્ષીય ભરતી કલેન્ડરમાં સામાવેશ થયેલ ન હોવાથી માંગણા પત્રક પરત મોકલી આપેલ છે. જેથી અત્રેની કચેરી ખાતેથી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં સમાવેશ કરવા માટે તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે. જેની મંજૂરી મળેથી જગ્યાઓ ભરવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવાની થાય છે. |
| ૨૪ | ફીજીયોથેરાપિસ્ટ | ૧ | ૦ | ૧ | ૦૧/૦૮/૨૦૧૮ થી ખાલી | |
| ૨૫ | એક્સ-રે ટેકિનસિયન | ૧ | ૧ | ૦ | | |
| ૨૬ | એક્સ-રે આસિસ્ટન્ટ | ૧ | ૦ | ૧ | ૦૧/૦૮/૨૦૧૮ થી ખાલી | |
| ૨૭ | ડેન્ટલ ટેકનીશીયન | ૧ | ૧ | ૦ | | |
| | **વર્ગ ૩ કુલ** | ૨૮ | ૧૭ | ૧૧ | | |
| | **વર્ગ-૪** | | | | | |
| ૨૮ | **વર્ગ ૪** **કુલ** 216 | ૬ | ૦ | ૬ | | |

પત્રક ૪

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક નંબર ૧૫/૪/૧૭૪**

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાવાર સબ સેન્ટરની સંવર્ગવાર મંજૂર, ભરેલી, ખાલી અને ક્યારથી ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| તાલુકાનું નામ | અ.ન. | પ્રા.આ.કે. નામ | સબ સેન્ટર નું નામ | ફી.હે.વ. | | | | મ.પ.હે.વ. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી |
| દાંતા | ૧ | કાંસા | વશી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨ | કાંસા | પીં.વાવ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩ | કાંસા | રતનપુર | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪ | કાંસા | દીવડી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૨૩ |
| દાંતા | ૫ | કાંસા | પેથાપુર | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬ | કાંસા | એલ.આર. | ૧ | ૦ | ૧ | ૧૭-૦૬-૨૦૨૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૭ | કુંવારશી | ભદ્રમાળ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૮ | કુંવારશી | મોટાપીપોદરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૯ | કુંવારશી | કણબીયાવાસ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૦ | કુંવારશી | એલ.આર. | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૧ | કુંવારશી | માળ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૨ | કુંવારશી | વડવેરા | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૩ | કુંવારશી | તળેટી | ૧ | ૦ | ૧ | ૨૧-૦૮-૨૦૨૩ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૪ | ગોરાડ | બોરડીયાલા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૫ | ગોરાડ | બેડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૬ | ગોરાડ | ટુંડીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૭ | ગોરાડ | દલપુરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ |
| દાંતા | ૧૮ | ગોરાડ | ચોરાસણ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૧૯ | ગોરાડ | રંગપુર | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૦ | ગોરાડ | એલ.આર. | ૧ | ૦ | ૧ | ૧૧-૦૮-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૧ | જીતપુર | સોલસંડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૨ | જીતપુર | વિજલાસણ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૩ | જીતપુર | ભચડીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૪ | જીતપુર | એલ.આર. | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૫ | જીતપુર | સેકડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૬ | જીતપુર | કુકડી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૭ | જીતપુર | વેકરી | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૮ | નવાવાસ | ભેમાળ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૨૯ | નવાવાસ | ટોડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૦ | નવાવાસ | કુંડેલ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૧ | નવાવાસ | નવાવાસ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૨ | નવાવાસ | નારગઢ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૩ | નવાવાસ | અડેરણ | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |

**ભાગ-૨**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દાંતા | ૩૪ | મગવાસ | મંડાલી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૫ | મગવાસ | મગવાસ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૬ | મગવાસ | સનાલી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૭ | મગવાસ | બામણોજ | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ | ૧ | ૦ | ૧ | ૧૨-૦૮-૨૦૨૨ |
| દાંતા | ૩૮ | મગવાસ | નવાવાસકાંઠ | ૧ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૩૯ | મગવાસ | સાંઢોસી | ૧ | ૦ | ૧ | ૨૦-૦૮-૨૦૨૩ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૦ | માંકડી | બારવાસ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૧ | માંકડી | જામરૂ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૨ | માંકડી | જોધસર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૩ | માંકડી | ખંઢોરઉંબરી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૪ | માંકડી | ખેરમાળ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૫ | માંકડી | માંકડી | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૬ | મોટાસડા | પુંજપુર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૭ | મોટાસડા | દાંતા-૨ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૮ | મોટાસડા | નાગેલ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૪૯ | મોટાસડા | નાનાસડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૦ | મોટાસડા | દાંતા-૧ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૧ | મોટાસડા | ભાંખરી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૨ | મોટાસડા | મોટાસડા | ૧ | ૦ | ૧ | ૩૧-૦૫-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૩ | સેબલપાણી | રીંછડી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૪ | સેબલપાણી | અંબાજી-1 | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૫ | સેબલપાણી | સેબલપાણી | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ |
| દાંતા | ૫૬ | સેબલપાણી | અંબાજી-૨ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૭ | સેબલપાણી | પાન્છા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૮ | સેબલપાણી | અંબાજી-૩ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૫૯ | સેબલપાણી | વિરમવેરી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૦ | સેબલપાણી | કોટેશ્વર | ૧ | ૦ | ૧ | ૧૭-૦૫-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૧ | હડાદ | ગોઠડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૨ | હડાદ | કેશરપુરા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૩ | હડાદ | ગનાપીપળી | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૪ | હડાદ | મચકોડા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૫ | હડાદ | રાણપુર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૬ | હડાદ | જેતવાસ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૭ | હડાદ | ચીખલા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૮ | હડાદ | હડાદ-2 | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | - |
| દાંતા | ૬૯ | હડાદ | હડાદ-1 | ૧ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| કુલ | | | | ૬૯ | ૫૬ | ૧૩ | | ૬૯ | ૬૫ | ૪ | |

ભાગ-3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમીરગઢ | ૧ | ડાભેલા | ડાભેલા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨ | ડાભેલા | ખારી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩ | ડાભેલા | કાકવાડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪ | ડાભેલા | આવલ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૫ | ડાભેલા | રબારીયા | ૧ | ૦ | ૧ | ૨૦-૦૯-૨૦૨૩ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૬ | ડાભેલા | ગઢડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૭ | ડાભેલા | અમીરગઢ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૮ | ડાભેલા | જુની રોહ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૯ | ડાભેલા | એલ.આર. | ૧ | ૦ | ૧ | ૦૨-૦૧-૨૦૨૩ | ૦ | ૦ | ૦ | - |
| અમીરગઢ | ૧૦ | ધનપુરા | ધનપુરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦૨-૦૧-૨૦૨૧ |
| અમીરગઢ | ૧૧ | ધનપુરા | ઘાઘુ | ૧ | ૦ | ૧ | ૧૨-૧૨-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૨ | ધનપુરા | સરોતરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૩ | ધનપુરા | સોનવાડી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૪ | ધનપુરા | ખાપા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૫ | ધનપુરા | ઉપલોબંધ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૬ | ધનપુરા | ખુણીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૭ | ધનપુરા | કીડોતર | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૧૮ | ધનપુરા | એલ.આર. | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| અમીરગઢ | ૧૯ | ઈકબાલગઢ | ઈકબાલગઢ | ૧ | ૦ | ૧ | ૩૦-૧૦-૨૦૨૩ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૦ | ઈકબાલગઢ | ડેરી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૧ | ઈકબાલગઢ | જુની સરોત્રી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૨ | ઈકબાલગઢ | બાલુન્દ્રા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૩ | ઈકબાલગઢ | વેરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૪ | ઈકબાલગઢ | ઉમરકોટ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૫ | ઈકબાલગઢ | જેથી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૬ | ઈકબાલગઢ | કરઝા મોટા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૭ | ઈકબાલગઢ | ઢોલીયા | ૧ | ૦ | ૧ | ૧૫-૦૭-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૨૮ | ઈકબાલગઢ | એલ.આર. | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| અમીરગઢ | ૨૯ | ખારા | ઘાંટા | ૧ | ૦ | ૧ | ૦૪-૦૫-૨૦૨૩ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૦ | ખારા | ખારા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૧-૦૬-૨૦૨૨ |
| અમીરગઢ | ૩૧ | ખારા | વાઘોરીયા | ૧ | ૦ | ૧ | ૧૨-૧૨-૨૦૨૨ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૨ | ખારા | માનપૂરીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૩ | ખારા | કપાસીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |

ભાગ-૪

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમીરગઢ | ૩૪ | ખારા | એલ.આર. | ૧ | ૦ | ૧ | ૧૨-૧૨-૨૦૨૨ | ૦ | ૦ | ૦ | - |
| અમીરગઢ | ૩૫ | સુરેલા | સુરેલા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૬ | સુરેલા | ખજુરીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૭ | સુરેલા | અજાપુર મોટા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૮ | સુરેલા | કંસારા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૩૯ | સુરેલા | અજાપુર વાંકા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૦ | સુરેલા | એલ.આર. | ૧ | ૦ | ૧ | ૧૨-૧૨-૨૦૨૨ | ૦ | ૦ | ૦ | |
| અમીરગઢ | ૪૧ | રામપુરા(વ) | વગદડી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૨ | રામપુરા(વ) | ખેમરાજીયા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૩ | રામપુરા(વ) | વીરમપુર | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૪ | રામપુરા(વ) | ડાભેલી | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૫ | રામપુરા(વ) | ચીકણવાસ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૬ | રામપુરા | એલ.આર. | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | - |
| અમીરગઢ | ૪૭ | ગાંજી | ઉપલા ઘોડા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૮ | ગાંજી | ખાપરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૪૯ | ગાંજી | ગવરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૫૦ | ગાંજી | કાનપુરા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | - |
| અમીરગઢ | ૫૧ | ગાંજી | એલ.આર. | ૧ | ૦ | ૧ | ૧૩-૦૭-૨૦૨૧ | ૦ | ૦ | ૦ | - |
| કુલ | | | | **૫૧** | **૪૧** | **૧૦** | | **૪૪** | **૪૨** | **૨** | - |

**પ્રવાસન પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

**15/4/192 ડૉ.તુષારસિંહ અમરસિંહ ચૌધરી** )ખેડબ્રહ્મા :(**માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પ્રવાસન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧) (રૂ.લાખમાં)

| વર્ષ | બજેટમાં જોગવાઈ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૦,૪૨૮.૩ |
| ૨૦૨૨-૨૩ | ૮૧,૯૪૫.૦૨ |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) (રૂ.લાખમાં)

| વર્ષ | બજેટમાં ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૫,૦૬૪.૩૧ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૬,૩૯૪.૧૩ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩) (રૂ.લાખમાં)

| વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલી રકમ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૯૭,૩૫૪.૮૮ | - |
| ૨૦૨૨-૨૩ | ૯૭,૬૬૧.૪૧ | ૧૧,૬૭૧.૨૬ |

* વહીવટી અને તકનિકી કારણોસર અમુક પ્રોજેક્ટસ સમયસર પૂર્ણ ન થવાથી રકમ વણપરાયેલ રહેવા પામેલ છે.

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને RUSA અને સરકાર તરફથી મળેલ રકમ**

198/4/15**શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર) :**માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એક્ટ હેઠળની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સરકાર અને RUSA દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧)

| વર્ષ | રકમ ફાળવણી (રૂ.લાખમાં) |
|---|---|
| વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ | ૩૯૩૨.૯૬ |
| વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ | ૪૬૫૪.૮૪ |
| વર્ષ ૨૦૨૩ (તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ | ૨૭૪૯.૨૬ |

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમમાંથી કયા કામ માટે કેટલી રકમ વાપરવામાં આવી,

)૨)

| ગ્રાન્ટની વિગત | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩ |
|---|---|---|---|
| (૧) પગાર ભથ્થા | ૪૭૩૯.૨૨ | ૪૪૦૧.૭૪ | ૨૮૭૩.૭૫ |
| (૨)નવા બાંધકામ | ૩૭૫.૬૭ | ૪૨૭.૨૬ | - |
| (૩) રીપેરીંગ | - | ૧૯.૦૮ | - |
| કુલ રકમ (રૂ.લાખમાં) | ૫૧૧૪.૮૯ | ૪૮૪૮.૦૮ | ૨૮૭૩.૭૫ |

)૩) ઉક્ત રકમ વાપરવામાં ગેરરિતી અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

)૩) ફરિયાદ મળેલ નથી.

)૪) મળેલ ફરીયાદો અન્વયે કયા જવાબદારો સામે શાં પગલાં લીધાં?

)૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------------

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

15/4/182 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** )કાંકરેજ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧)

| **વર્ષ** | **કૂલ રકમ )રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩,૪૮,૬૭૩.૧૬ |
| ૨૦૨૨-૨૩ | ૩,૬૨,૦૭૮.૯૨ |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી

(૨)

| વર્ષ | ફાળવેલ ગ્રાંટ )રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩,૭૭,૫૭૯.૯૦ |
| ૨૦૨૨-૨૩ | ૩,૯૨,૯૦૯.૦૪ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

(૩)
સને ૨૦૨૧-૨૨ માં વણવપરાયેલ રકમના કારણો

| | | (રૂ. લાખમાં) |
|---|---|---|
| વર્ષ | ખર્ચ | બચત |
| ૨૦૨૧-૨૨ | ૩,૭૧,૫૯૫.૨૩ | ૫,૯૮૪.૬૭ |
| ૨૦૨૨-૨3 | ૩,૮૬,૦૨૩.૫૭ | ૬,૮૮૫.૪૭ |

(૧) બિન આદિજાતિ સરકારી કોલેજોમાં મદદનીશ પ્રોફેસરોની બદલીને કારણે ખાલી જગ્યાઓને કારણે બચત રહેલ છે.
(૨) જગ્યાઓ ન ભરવાના કારણોસર તેમજ સાતમા પગારપંચના એરીયર્સ માટે વર્ષાંતે ગ્રાંટની ફાળવણી કરેલ હોઈ બચત રહેલ છે.
(૩) કેડેટોને આપવામાં આવતા રિફ્રેશમેન્ટના નિયમોમાં ફેરફાર થવાના કારણે.
સને ૨૦૨૨-૨૩ માં વણવપરાયેલ રકમના કારણો
(૧) નવી બાબતની સાધનસામગ્રીની ખરીદી થઇ શકેલ ન હોવાથી ખર્ચ ઓછો થયેલ છે. તેમજ મદદનીશ અધ્યાપકોની જગ્યાઓ ન ભરાતા બચત રહેલ છે.
(૨) નવી બાબતોની વહીવટી મંજૂરીના મળવાના તેમજ જગ્યાઓ ના ભરવાના કારણોસર બચત રહેલ છે.
(૩) વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક તાલીમ શિબિરો ૧૦ દિવસના બદલે ૦૮ દિવસ ના કરવામાં આવેલ.

**કલાઇમેટ ચેન્જ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઇ**

**૧૫/૪/૨૦૧ શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા**પોરબંદર) : **માનનીય કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | કલાઇમેટ ચેન્જ વિભાગ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | (૧) કલાઇમેટ ચેન્જ વિભાગ માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર નીચે મુજબ રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે.<br>૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ : રૂ. ૯૧૦.૩૩ કરોડ<br>૨. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ : રૂ. ૯૩૦.૮૬ કરોડ |
| (૨) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા. ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ નીચે મુજબ રકમ ફાળવવામાં આવી:<br>૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ : રૂ. ૬૭૪.૫૪ કરોડ<br>૨. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ : રૂ. ૪૯૪.૭૬ કરોડ |

| | | |
|---|---|---|
| (૩) | ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી? | (૩) નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે : વપરાયેલ રકમ રૂ. ૬૪૬.૬૨ કરોડ તથા વણવપરાયેલ રકમ રૂ. ૨૭.૯૨ કરોડ |

વર્ષ ૨૦૨૧-૨૨ માં વણવપરાયેલી ગ્રાન્ટ ના કારણો :

૧ સરકારી પ્રાથમિક શાળાઓમાં એલ.ઇ.ડી ટ્યુબ લાઇટ બેસાડવાની યોજનામાં સેમ્પલ ટેસ્ટીંગ માં ફેઇલ થવાના કારણે, આગળ ટેન્ડરની અમલવારી થઇ શકેલ નહિ.

૨. સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ બેસાડવાની યોજનામા ભૌતિક કામગીરી પૂર્ણ થયેલ પરંતુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ નો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં કરેલ છે.

૩. સોલાર વોટર હિટીંગ સીસ્ટમ બેસાડવાની યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ કોરોના પેન્ડેમિક ના કારણે આંતર-રાષ્ટ્રીય બજાર પર અસર થતા કાચા માલ (મેટલ) ના ભાવોમાં ૩૦ થી ૪૦% નો વધારો થતા કોન્ટ્રાકટર દ્વારા સદર કામો પુર્ણ ન થતા ભૌતીક લક્ષ્યાંક પુર્ણ કરી શકાયો નથી.

૪. બેટરી સંચાલિત ઇ-રિક્ષા માટે સબસિડી યોજનામાં રિક્ષા ચાલકો ઇ-રિક્ષા ની સરખામણીએ સી.એન.જી રિક્ષાઓ વધુ પસંદ કરે છે તેમજ જે-તે વર્ષે રાજ્યમાં પબ્લીક ચાર્જિંગ માટેની સગવડ ઉભી થયેલ ન હોવાથી.

નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ મા વપરાયેલ રકમ રૂ. ૪૫૫.૭૮ કરોડ

નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ મા વણવપરાયેલ રકમ રૂ. ૩૮.૯૮ કરોડ

વર્ષ ૨૦૨૨-૨૩ માં વણવપરાયેલી ગ્રાન્ટ ના કારણો :

સરકારી ઇમારતો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટ્મ બેસાડવાની યોજનામાં ભૌતિક કામગીરી પૂર્ણ થયેલ પરંતુ મિટર ન લગાવવાને કારણે નાણાંકીય વર્ષ ૨૨-૨૩ ના બિલની ચૂકવણી નાણાંકીય વર્ષ -૨૦૨૩-૨૪ માં ચુકવવામાં આવેલ છે તથા મરામત અને અન્ય ખર્ચ ની જોગવાઇ જરૂર લાગે ત્યાં જ કરવામાં આવતી હોઇ, ગ્રાન્ટ વણવપરાયેલ છે.

ઉપરોક્ત વણ વપરાયેલ રકમ ના કારણો માટે જણાવવાનું કે સદર રકમ સૂર્ય ગુજરાત ) SCSP) હેઠળ ફાળવવામાં આવેલ અને યોજના હેઠળ સ્પેસીફિક કેટેગરી આધારિત નોધણી થતી ના હોય, SC કેટગરીના ગ્રાહકો સૂર્ય ગુજરાત યોજના માં જોડાય છે તેના ખર્ચનું બુકિંગ યોજનાના ધારા ધોરણો મુજબ થતું હોય, તે માટેની CFA/સબસિડી કેન્દ્ર સરકાર પાસેથી મળવા પાત્ર હોઈ, અને મળેલ હોઈ, રાજ્ય સરકાર તરફથી ઉપરોક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માટે ફાળવેલ વણવપરાયેલ રકમ તા .૩૦.૦૩.૨૦૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ ના રોજ વણવપરાયેલ રકમ તા .૦૭.૦૩.૨૦૨૩ ના રોજ જમા કરાવેલ
છે. વધુમાં,સૂર્ય ગુજરાત યોજનાના ધારાધોરણ મુજબ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર એમ કોઇ પણ એક સબસિડી મળવાપાત્ર છે, બન્ને નહી. MNRE તરફથી CFA મળે છે અને ઉપરોક્ત ગુજરાત સરકાર નાં ફંડને corpus fund તરીકે ઉપયોગ કરવામાં આવે છે MNRE તરફથી CFA મળ્યે ગુજરાત સરકાર નું ફંડ જમા કરાવવામાં આવે છે.

-------------

ता. ५मी ફेब्रुआरी, २०२४
સરકારી સંકલ્પ ( નિયમ - ૧૨૦)

**સરકારી સંકલ્પ (નિયમ - ૧૨૦)**
**અયોધ્યા ખાતે થયેલ રામમંદિરની ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા અંગે**

અધ્યક્ષશ્રી : હેડફોનની જરૂર નહીં પડે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાની રીતે ઠીક કરી લીધું છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર .પટેલ **(મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું .

આજે એક ઐતિહાસિક ઠરાવ લઈને આવતા મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે .આપણે જાણીએ છીએ કે ૫૦૦થી વધુ વર્ષથી પ્રતીક્ષા કરનાર ભક્તિમય હિન્દુ સમાજ એક દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનને કારણે રામલલ્લાને અયોધ્યામાં ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરી શક્યા છીએ .માનનીય અધ્યક્ષશ્રી**,** ગુજરાતની પ્રજા એક ક્ષણે ભાવવિભોર બની ગઈ હતી જ્યારે ૨૨મી એ અભિજીત મુહૂર્તમાં ગુજરાતના જ સુપુત્ર અને આ સભાગૃહના સન્માનનીય ભૂતપૂર્વ નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી .આ ગુજરાતની પ્રજા માટે એક ગૌરવ અને સન્માન વધારનારી ક્ષણ હતી.

માનનીય અધ્યક્ષશ્રી**,** ઈતિહાસનું એક પાનું ઉથલાવીએ તો ખ્યાલ આવે છે કે, એ જ શ્રી નરેન્દ્રભાઈએ સોમનાથથી અયોધ્યાની રામ જન્મભૂમિની ઐતિહાસિક રથયાત્રાનું સારથીપણું પણ કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી**,** સદીઓ આ સમયની સાક્ષી છે. ભારતમાં સુશાસન એટલે રામે પ્રસ્થાપિત કરેલી પ્રણાલિકાઓ છે. અયોધ્યા નગરીએ સર્વજન હિતાય અને સર્વજન સુખાયથી ચાલતી રાજ્ય વ્યવસ્થાને ભગવાન શ્રીરામે સુચારુરૂપે એક આદર્શ પ્રશાસન તરીકે પ્રસ્થાપિત કરીને જગત સમક્ષ એક ઉદાહરણ પૂરું પાડેલું હતું. પરંતુ આક્રાંન્તાઓએ અને વિદેશી શાસને આપણી આ પ્રજાહિતનું રક્ષણ અને સંવર્ધન કરતી સંસ્કૃતિ અને પરંપરાઓનો ધ્વંસ કર્યો. સદીઓથી લાખો સંસ્કૃતિ ભક્તોએ બલિદાનો આપ્યા. પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યામાં રામમંદિરનું પુનર્નિમાણ કરી શક્યા. આ એક સુદીર્ઘ ચાલેલા જનજાગૃતિના મહાઅભિયાનનું પરિણામ છે. આ સમગ્ર કાળખંડમાં ત્યાગ અને બલિદાનની પરંપરા રચનારા સૌ રામભક્તોનું આજે આદરપૂર્વક સ્મરણ કરવું છે.

માનનીય નરેન્દ્રભાઈ આ દેશના ૧૪૦ કરોડ ભારતવાસીઓના શ્રદ્ધા કેન્દ્ર એવા રામલલ્લાના પરમ ભક્ત છે**,** ભારતની શાશ્વત અને શ્રેષ્ઠ ભારતીય સંસ્કૃતિના નરેન્દ્રભાઈ એક મનીષિ કહી શકાય એવા પ્રતિનિધિ છે. જ્યારે અયોધ્યા તીર્થધામમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે આવશ્યક એવી તપશ્ચર્યા કરવાની હતી અને વ્રત રાખવાનું હતું**,** તે પણ માનનીય નરેન્દ્રભાઈ મોદીએ એક તપસ્વી ઋષિની જેમ ત્રણ દિવસને બદલે ૧૧ દિવસ તપશ્ચર્યા કરી. તેમની આ સંસ્કૃતિ ભક્તિ અને ભક્તિ પરાયણતાથી ભારતના કરોડો લોકો શ્રધ્ધા અને ભક્તિથી ગૌરવ અનુભવે છે.

માનનીય અધ્યક્ષશ્રી**,** પ્રજાના પ્રતિનિધિઓ તરીકે આપણે જાણીએ છીએ કે પ્રજાના પાલક એવા રાજાધિરાજ રામની આ પૂજા - અર્ચના કરીને માનનીય મોદીસાહેબે ગુજરાતની પ્રજાને ગૌરવ અપાવ્યું છે**,** આજે હર્ષ અને ગૌરવની લાગણી અભિવ્યક્ત કરવાની આ ઘડી છે.

માનનીય અધ્યક્ષશ્રી**,** ગુજરાતની આ વિધાનસભા આદરણીય નરેન્દ્રભાઈ મોદીને આ સહસ્રાબ્દીઓ સુધી યાદ રહે તેવું ઐતિહાસિક સાંસ્કૃતિક દાયિત્વ નિભાવવા બદલ અભિનંદન પાઠવે છે. માનનીય નરેન્દ્રભાઈ માટે ગૌરવ અનુભવતું આપણું આ સભાગૃહ શ્રી નરેન્દ્રભાઈના કઠોર વ્રત**,** ભક્તિ અને શ્રદ્ધા દ્વારા સમગ્ર દેશના લોકોને આનંદ અને ગૌરવ બક્ષવા બદલ ધન્યવાદ પાઠવે છે. ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ આ સભાગૃહના સન્માનનીય નેતા હતા તેનું પૂરી વિનમ્રતાથી સ્મરણ કરી આ ઠરાવ મૂકું છું.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર .પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાન અને આપણી ગુર્જર ધરાના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવીને કરોડો હિન્દુઓની આસ્થા અને શ્રદ્ધાને વધુ બળવત્તર કરી છે તે માટે આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન પાઠવતો સંકલ્પ આ સભાગૃહ સમક્ષ આપણે લાવ્યા છીએ .આપણને અયોધ્યામાં રામ મંદિર અને રામચંદ્ર ભગવાનની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠાના સાક્ષી બનવાનું સૌભાગ્ય વિશ્વનેતા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપાવ્યું છે. આપણી વર્તમાન અને આવનારી પેઢીને ભગવાન રામચંદ્રજી અને અયોધ્યા નગરીની પુરાતન ભવ્યતા અને ઈતિહાસનો કદાચ અંદાજ નહીં આવે. ઇક્ષ્વાકુ વંશના ૬૫માં વંશજ પ્રભુ શ્રીરામના જીવનની કથા ભારત ભૂમિના પ્રત્યેક ઘરમાં જાણીતી છે. રામચંદ્રજીની આ અયોધ્યા નગરી મૂળ રૂપે મંદિરોની નગરી હતી. આ અયોધ્યાની ભૂમિ ઉપર ભગવાન આદિનાથ સહિત પાંચ તીર્થંકરોનો જન્મ થયો હતો. અહીં અસંખ્ય ધર્મપ્રેમી રાજા તથા સંતોએ પણ જન્મ લીધો છે. ભગવાન બુદ્ધ પણ આ ભૂમિ ઉપર મહિનાઓ સુધી રહ્યા હતા. મહર્ષિ વાલ્મિકીએ તો અયોધ્યાની તુલના ઇન્દ્રલોક સાથે કરી છે. અહીં વિક્રમાદિત્યએ કાળા પથ્થરના ૮૪ સ્તંભો ધરાવતું પ્રથમ મંદિર નિર્માણ કરાવ્યું હતું. ઇતિહાસ એવું કહે છે કે, મંદિરને બચાવવા અસંખ્ય યુદ્ધો થયા અને સંતો-ભક્તોએ

કેટલીય ખુવારી વહોરવી પડી. શીખોના દસમા ગુરુ ગોવિંદ સિંહે રામ જન્મભૂમિ માટે બ્રહ્મકુંડ નજીક યુદ્ધ કર્યું હતું. આ જ રામ મંદિરના નિર્માણ માટે ત્રણ-ત્રણ ધર્મ પરિષદ યોજાઇ, શિલા પૂજન કાર્યક્રમ અને કારસેવાનું આહ્વાન થયું હતું. જનજાગરણ માટે રામજાનકી રથમાં મહંત અવૈદ્યનાથની આગેવાનીમાં સીતામઢીથી અયોધ્યા માટે ધર્મયાત્રા નીકળી હતી. આઝાદ ભારતમાં રામ મંદિર માટેનું આંદોલન કરનારી સૌ પ્રથમ રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટી છે તેનું આપણે ગૌરવ લઈ શકીએ છીએ. અયોધ્યામાં અરણી મંથનથી અગ્નિ પ્રગટાવ્યો તેને રામ જ્યોતિ નામ આપ્યું, આ જ્યોતિ ભારતના પ્રત્યેક ગામડા સુધી લઈ જવાઈ હતી. ૧૯૯૦માં પ્રથમ કાર સેવા થઈ, તે સમયે કારસેવકોએ ગુંબજ ઉપર ભગવો ધ્વજ લહેરાવ્યો. ૧૯૯૨માં 'ગીતા જયંતી'ના દિવસે કારસેવાનો પુનઃ આરંભ થયો, જેમાં બાબરી ધ્વંશ થયો. રામભક્તોએ પાંચ ફૂટ ઊંચી અને પચ્ચીસ ફૂટ લાંબી દીવાલો ચણી, જેમાં અસ્થાયીરૂપે પ્રભુ શ્રી રામ બિરાજ્યા. આપણે સૌએ અત્યાર સુધી જે તંબુમાં રામલલ્લાના દર્શન કર્યા તે સ્થાન ૧૯૯૨માં અસ્તિત્વમાં આવ્યું હતું. આજે જે ભવ્ય મંદિર અયોધ્યામાં નિર્માણ થયું છે તેની પાછળ શ્રી નરેન્દ્રભાઈનું અવિરત તપ, ત્યાગ અને તપસ્યા રહેલા છે એ દેશ આખાએ સ્વીકાર્યું અને વધાવ્યું છે. રામ મંદિરનું નિર્માણ થાય અને પ્રભુ શ્રી રામ એ મંદિરમાં બિરાજમાન થાય એ માટેના લાંબા સંઘર્ષનો પણ દેશ સાક્ષી રહ્યો છે. એ સંઘર્ષમાં જેમનું યોગદાન રહ્યું છે તેવા સૂત્રધારોનું પણ આજે સ્મરણ કરીએ.દેવરહા બાવાજી, અભિરામદાસજી મહારાજ, રામચંદ્રજી મહારાજ, કે .કે .નાયર, ઠાકુર ગુરુદત્ત સિંહ, ગોપાલસિંહ વિશારદ, મહંત અવૈદ્યનાથ મહારાજ, શ્રી ઑંકાર ભાવે, દેવકીનંદન અગ્રવાલ, શિવરામ આચાર્યજી, સ્વામી શતાનંદ સરસ્વતીજી, જગતગુરુ માધવાચાર્યજી, વિષ્ણુહરી દાલમીયા, સ્વામી રામદેવજી, પૂજ્ય શ્રી સત્યમિત્રનંદજી, સંઘના તૃતીય સરસંઘચાલક શ્રી બાલા સાહેબ દેવરસજી, શ્રી મોરાપંત પીંગળે-સંઘ પ્રચારક, સંઘના ચોથા સરસંઘચાલક શ્રી રજ્જુ ભૈયાજી, આચાર્ય ગિરિરાજ કિશોરજી, રાજમાતા વિજયારાજે સિંધિયા, શ્રી અશોક સિંઘલ આવા અનેક સમર્પિત નેતૃત્વકર્તા જેમણે પ્રાણોની આહૂતિ કે વૈચારિક યોગદાન, સમયનું યોગદાન, આર્થિક યોગદાન, આપ્યું છે તેઓને યાદ કરવાનો આ અવસર છે .

**માનનીય અધ્યક્ષશ્રી,** રામજન્મ ભૂમિ ઉપર રામ મંદિર બનવું જોઇએ એ આખા દેશની લાગણી હતી પરંતુ વિધાતા જાણે યોગ્ય સમયની રાહ જોતી હતી. સોમનાથ મહાદેવના આશિષ લઈને ૧૯૯૦ની ૨૫મી સપ્ટેમ્બરે ભારતીય જનતા પાર્ટીના તત્કાલીન રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથથી અયોધ્યા સુધી રથયાત્રાનો પ્રારંભ કરેલો. આ ૧૦ હજાર કિલોમીટરના પ્રવાસ બાદ આ યાત્રા અયોધ્યા પહોંચી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪માં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સુદીર્ઘ નેતૃત્વમાં કેન્દ્રમાં ભાજપાની સરકાર બની, દેશમાં કાયદો અને વ્યવસ્થાનો માહોલ સુનિશ્ચિત થયો. ૯ નવેમ્બર ૨૦૧૯માં આદરણીય સુપ્રીમ કોર્ટ દ્વારા રામ જન્મભૂમિનો ઐતિહાસિક ચુકાદો આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, રામ મંદિર નિર્માણ માટેનું શ્રી નરેન્દ્રભાઈનું સમર્પણ જુઓ. ઓગષ્ટ-૨૦૨૦માં રામ મંદિરનું ભૂમિ પૂજન તેમના હસ્તે થયું. ૧૫૦૦થી વધુ સ્થળોની માટી, ૧૦થી વધુ પવિત્ર નદીઓના જળથી આ રામ મંદિરનો પાયો સિંચવાની પ્રેરણા તેમણે આપી હતી. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૧૪ જાન્યુઆરી ૨૦૨૧થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી સમગ્ર દેશમાં નિધિ સમર્પણ અભિયાન યોજાયું અને ૪૦ લાખ સમર્પિત કાર્યકર્તાઓના માધ્યમથી ૪૪ દિવસના અભિયાનમાં રૂપિયા ૨૧૦૦ કરોડ એકત્રિત થયા. પ્રતિષ્ઠાની તારીખ નક્કી કર્યા બાદ સમગ્ર દેશમાં ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૪ સુધી ઘર ઘર સંપર્ક દ્વારા અક્ષત અને કળશના કાર્યક્રમો થયા. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નોખા માનવી અને કોઈ અલૌકિક અને આધ્યાત્મિક વિચારધારા ધરાવતા રાજપુરુષ છે. રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે તેમણે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન રૂપે તપ-સાધનાની આરાધના અને અનુષ્ઠાન કર્યાં. ૧૧ દિવસ અનશન, ભોંય પર સૂઈ જવું, પ્રભુ શ્રીરામ દક્ષિણના જે સ્થાનોએ પોતાના પદચિન્હોથી પાવન કર્યા તે તમામ સ્થાન ઉપર દર્શન કરી ધન્ય થયા. તેઓએ ગુરુવાયુર, શ્રીરંગમ, રામેશ્વર જેવા તીર્થોનું પરિભ્રમણ કર્યું. અને ત્યારબાદ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ૫૦૦ વર્ષના સંઘર્ષ પછી અભિજીત નક્ષત્રમાં પ્રભુ શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે સંપન્ન થઈ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** રામ લલ્લાના ભવ્ય મંદિર ઉપરાંત શ્રી નરેન્દ્રભાઇએ દેશના અન્ય યાત્રાધામોને પણ હોલિસ્ટિક ડેવલપમેન્ટની એક નવી દિશા આપી છે. આપણે સૌએ જોયુ છે કે, વડાપ્રધાન તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યા પછી શ્રી નરેન્દ્રભાઇએ એક ભારત – શ્રેષ્ઠ ભારતના મંત્ર સાથે દેશભરમાં સાંસ્કૃતિક અને ધાર્મિક નવજાગરણની સંસ્કૃતિ વિકસાવી છે. કાશી વિશ્વનાથ કોરિડોર હોય, મહાકાલેશ્વર મંદિર પરિસરનો વિકાસ કે બાબા કેદારનાથ ધામમાં અનેક યાત્રી સુવિધાઓ, આદ્યશક્તિ અંબાજી શક્તિપીઠનો સર્વાંગી વિકાસ અને મહાકાલી ધામ પાવાગઢમાં સૈકાઓ પછી થયેલું ધ્વજારોહણ આ બધું જ એમની વિઝનરી લીડરશીપ અને કરોડો ભારતીયોના તેમના પરના ભરોસાથી પાર પડ્યું છે.

હવે, અયોધ્યામાં રામમલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાથી સાંસ્કૃતિક નવજાગરણના ઇતિહાસમાં નવું પૃષ્ઠ ઉમેરાયું છે. રામ મંદિર આપણી રાષ્ટ્રીય ભાવનાનું પ્રતિક છે. રામ મંદિરના નિર્માણની આ પ્રક્રિયા નરને નારાયણ સાથે જોડવાનો, લોકોને આસ્થા સાથે જોડવાનો, વર્તમાનને અતિત સાથે જોડવાનો અને સ્વયંને સંસ્કાર સાથે જોડવાનો પ્રયાસ છે. ભગવાનના ચરણ જ્યાં જ્યાં પડ્યા તે સ્થળોને આવરી લઇને રામ સર્કિટનું નિર્માણ થઈ રહ્યું છે. ભગવાનના ચરણ જ્યાં જ્યાં પડ્યા તે સ્થળોને આવરી લઇને રામ સર્કિટનું નિર્માણ થઈ રહ્યું છે. પ્રભુ શ્રીરામના આદર્શો સાથે આદરણીય શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં

## તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## સરકારી સંકલ્પ ( નિયમ - ૧૨૦)

ભારત આગળ વધી રહ્યું છે. ભારતની આસ્થામાં રામ છે, ભારતના આદર્શોમાં રામ છે. પ્રભુ શ્રીરામના ચરિત્ર સૌથી વધુ જે કેન્દ્રબિંદુ પર ફરે છે તે છે, સત્ય ઉપર અડગ રહેવું. આપણે પોતાનું મન અયોધ્યા જેવું બનાવવાનું છે. મને ગૌરવની અનુભૂતિ થાય છે કે, અયોધ્યાના રામ મંદિર માટેનો સાડા પાંચ હજાર કિલોનો ધ્વજ સ્તંભ મારા મતવિસ્તારમાં બન્યો છે. મંદિરના કપાટ માટેના બે કિલોથી લઇને ૩૬ કિલોના કડા પણ ગુજરાતમાં બન્યા છે. અયોધ્યા રામમંદિરમાં જે નિત્ય દિવ્યનાદ ગજવશે એ નગારું ગુજરાતના ડબગર સમાજે તૈયાર કર્યું છે. પ્રભુ શ્રી રામને જે બાણ અર્પણ થયું છે તે પણ ગુજરાતમાં બન્યું છે. આપણે રામ રાજ્ય એવું અત્યાર સુધી રામચરિત માનસમાં સાંભળતા અને વાંચતા આવેલા. આદરણીય વડાપ્રધાનશ્રીએ પ્રભુ શ્રી રામના રામરાજ્યના વિચારને રામચરિત માનસ સાથે જનમાનસમાં પણ વ્યાપક બનાવ્યાં છે. મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ કરોડો ભારતીયોના આરાધ્ય દેવ અને સાંસ્કૃતિક એકતાની ધરોહર છે. પ્રભુ શ્રી રામ દીનબંધુ કહેવાય છે અને નિર્બલ કે બલ રામ એવું તુલસીદાસ કહે છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રામ રાજ્યની કલ્પનાને વર્તમાન યુગમાં ધરાતલ પર ઉતારવાની નેમ સાથે નિર્બલ કે બલ રામ પણ સાકાર કર્યું છે. તેમણે દેશના ગરીબ, વંચિત, પીડિત, શોષિત, સમાજના અંતિમ છોરના દરેકની ચિંતા કરીને તેમને પણ વિકાસની મુખ્ય ધારામાં લાવનારું સુરાજ્ય સ્થાપવાની નવી શરૂઆત કરી છે. રાજ્ય - ગુડ ગવર્નન્સ એ રામરાજ્યની દિશામાં નરેન્દ્રભાઈનું આવું જ એક આગવું કદમ છે. મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સના મંત્ર સાથે દીનબંધુ, વનબંધુ સહિત જરૂરતમંદ વર્ગોને સરકારી યોજનાઓના લાભ પહોચ્યા છે. સર્વાંગી વિકાસની મોદીજીની આ ગેરંટી એ રામરાજ્યની નિશાની છે. દરેક પરિવારને માથે પાકી છતની મોદીજીની ગેરંટી એ રામરાજ્યની નિશાની છે. પોષણ અને આરોગ્ય સુખાકારીની ગેરંટી એ રામરાજ્યની નિશાની છે. હર ઘર જલ અને ઘર ઘર બિજલીની મોદીજીની ગેરંટી એ રામરાજ્યની નિશાની છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ ગામેગામ પહોંચીને લોકોને ઘેર બેઠા યોજનાના લાભ આપે છે. મોદીજીની આ ગેરંટી રામરાજ્યની નિશાની છે. સહકારથી સમૃદ્ધિની મોદીજીની ગેરંટી એ રામરાજ્યની નિશાની છે. આદરણીય વડાપ્રધાનશ્રીએ અયોધ્યામાં ભવ્યાતિભવ્ય રામ મંદિરમાં રામચંદ્ર ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરાવીને દેશ આખામાં સાંસ્કૃતિક ચેતનાના અજવાળા પાથર્યા છે અને રામ રાજ્યની આલબેલ પોકારતી જ્યોત પ્રજ્વલિત થઈ છે. શ્રી રામચંદ્રજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે દેશભરમાં દિવાળી જેવો માહોલ રચાયેલો અને દીપમાળાના અજવાળા રેલાયાં હતા. આદરણીય શ્રી નરેન્દ્રભાઈએ વિકાસનો ઉજાસ અને અજવાળા કેવા હોય તેની બહુ સરસ અભિવ્યક્તિ પોતાની એક કવિતામાં કરી છે –

અન્ન વસ્ત્ર સંસ્કાર સુવિધા,
સહજપણે અહીં સુલભ હશે.
લીલીછમ હશે અહીં ધરા,
ને તારાભર્યું કોઈ નભ હશે.
એકતા, સમતા, મમતાને,
અમે જતન કરી જાળવશું.
અમે અજવાળા પાથરશું
અમે અજવાળા પાથરશું

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની રાજનીતિના પ્રણેતા, વિકાસ પુરુષ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામચંદ્રજીની પ્રાણ-પ્રતિષ્ઠા દ્વારા એકતા, સમતા અને સમરસતાના અજવાળા દેશભરમાં પથરાયા છે. 'દેવથી દેશ' અને 'રામથી રાષ્ટ્ર'ની આદરણીય વડાપ્રધાનશ્રીએ જે સંકલ્પના આપી છે તેનાથી સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસનો મંત્ર ચરિતાર્થ થયો છે. શ્રી નરેન્દ્રભાઈએ આ મંત્ર ચરિતાર્થ કરવા સાથે ''વસુધૈવ કુટુમ્બકમ'' - એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યનો ધ્યેય હંમેશા અગ્રસ્થાને રાખ્યો છે. વર્ષ ૨૦૧૯માં બીજી વખત દેશના વડાપ્રધાનનો પદભાર તેમણે સંભાળ્યા પછી કોરોનાની ભયંકર મહામારી વખતે વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવ્યું. દુનિયાની સૌથી મોટી હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ - આયુષ્માન ભારત યોજના તેમણે આપી. દેશના કરોડો ખેડૂતોને કિસાન સન્માન નિધિ આપીને જગતના તાતને ગૌરવ અપાવ્યું. ભારતમાં મોટા પાયે રોડ-રસ્તા-બ્રિજ બની રહ્યા છે, રેલવે અને એર-વે સહિત કનેક્ટીવિટીના કામ થઇ રહ્યા છે તે વડાપ્રધાનશ્રીના વિઝનને આભારી છે. વડાપ્રધાનશ્રીના દિશા-દર્શનમાં ભારતે જી-20ની પ્રેસિડેન્સીથી ભારતની ક્ષમતા, ભારતનું ગૌરવ વિશ્વ સમક્ષ ઉજાગર કર્યું છે. ચંદ્રયાન-3 અને આદિત્ય L -1ની ભવ્ય સફળતાથી ભારતના સ્પેસ પ્રોગ્રામને નવું બળ મળ્યું છે. આવાં અનેક પગલાંઓને પરિણામે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સુશાસનને લોકોએ જનકલ્યાણ અને વિકાસની ગેરંટી તરીકે અને રામરાજ્યના પગરણ તરીકે નવાજ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી મોદીજીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારે તાજેતરમાં ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષને લક્ષ્યમાં રાખીને ઇન્ટરીમ બજેટ રજૂ કર્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશમાં નારી શક્તિ વંદન અધિનિયમ બિલ પસાર થયું છે ત્યારે રામ મંદિર સાથે જોડાયેલા દિવ્ય નારીશક્તિને પણ બિરદાવવાનો આજનો અવસર છે. વિરાંગના મહારાણી જયા કુમારીએ બાબરના પુત્ર હુમાયુ સામે ૩૦ હજાર મહિલા સૈન્ય સાથે આક્રમણ કરી મંદિરનો કબજો પ્રાપ્ત કર્યો. રાજમાતા વિજયા રાજે સિંધિયા, ઉમા ભારતીજી, સાદવી ઋતંભરાજી, રાજસ્થાનના વર્તમાન નાયબ

માઘ ૧૬, ૧૯૪૫ શાકે

સરકારી સંકલ્પ ( નિયમ - ૧૨૦)

મુખ્યમંત્રી શ્રી રાજકુમારી દિયા કુમારીજી અને અંતમાં આ ગૃહના માધ્યમથી એક એવી વ્યક્તિને યાદ કરવી છે કે જેમની કૂખે ભારતના સપૂત આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ થયો, એવા સ્વર્ગસ્થ પૂજ્ય હીરાબા. ધન્ય છે પૂજ્ય હીરાબાને કે જેમને ઈશ્વરે મહાન પ્રતાપી પુરુષના જન્મ માટે કૃપાપાત્ર બનાવ્યા. આજના અવસરે પૂજ્ય હીરાબાને નત મસ્તક વંદન કરું છું. પ્રભુ શ્રી રામે આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રાણ પ્રતિષ્ઠાની ઐતિહાસિક અને અનમોલ ભેટ દેશને આપવા નિમિત્ત બનાવ્યા. આવા સપૂત, વિકાસ પુરુષ અને રાજપુરુષ રૂપે આપણને શ્રી નરેન્દ્રભાઈ મોદી મળ્યા છે. વિકાસની રાજનીતિના પ્રણેતા આદરણીય વડાપ્રધાનશ્રી દેશના જ નહિ, સમગ્ર વિશ્વભરના લોકોના અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને વિશ્વાસ છે કે, આ સભાગૃહ, રામ મંદિરનું નિર્માણ અને પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને આવકારે છે. આ ઐતિહાસિક સાંસ્કૃતિક નવજાગરણમાં જેમનું દૃષ્ટિવંત નેતૃત્વ, ભારતીય સંસ્કૃતિની સમજ અને વ્યક્તિગત તપશ્ચર્યાએ અપ્રતિમ પ્રદાન કરેલું છે, એવા ગુજરાતના પનોતા પુત્ર અને આ ગૃહના ભૂતપૂર્વ નેતા અને દેશના હાલના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવે છે. આ સભાગૃહ, દેશના કરોડો લોકોની આસ્થાને પુનઃપ્રસ્થાપિત કરીને સાંસ્કૃતિક અને ધાર્મિક નવજાગરણ માટે વડાપ્રધાનશ્રીનો આભાર માને છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, રામ ભગવાનનો પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે ગૃહના બધા જ સભ્યશ્રીઓને મારા ''રામ રામ'' અને ''સીતારામ''. હું ઠરાવને બહુ ઝીણવટથી વાંચતો હતો. એમાં રામમંદિર, રામલલ્લા, રામ ભગવાન, ભગવાન શ્રીરામ વગેરે નામો સાત વખત આવે છે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇનું નામ અગિયાર વખત આવે છે. વડાપ્રધાનશ્રીની પ્રશસ્તિ કરવાનો અધિકાર આ ગૃહને છે. અલગથી ઠરાવ લઇ આવ્યા હોત તો એને પણ જરૂરથી આવકારત. પણ આ શ્રીરામનો ઠરાવ છે. રામમંદિર બાંધવાનો ઠરાવ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ''પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યા રામમંદિરનું પુનઃનિર્માણ કરી શક્યા.'' આ બહુ સાચી વાત છે કે આપણે વર્ષો પછી બંધારણીય માર્ગે આ મંદિરનું નિર્માણ કરી શક્યા છીએ. પણ રામ તો સૌમાં વસે છે. કણે-કણમાં, મણે-મણમાં, મારામાં, તમારામાં અને સમગ્ર જીવસૃષ્ટિમાં રામ વસે છે.

एक राम दशरथ का बेटा,
एक राम घट में लेटा,
एक राम है जगत पसारा,
एक राम है जगत से न्यारा।

એટલે, રામ તો સર્વસ્વ છે અને એવું ભાગ્યે જ કોઇ ગામ હશે કે જ્યાં રામનું મંદિર ન હોય. આ ગૃહમાંથી પણ ભાગ્યે જ એવા કોઇ સભ્યશ્રી હશે કે જેમણે બાળપણમાં ભગવાન શ્રીરામની આરતી કરી ન હોય.

राम लक्ष्मण जानकी,
जय बोलो हनुमानकी।

આ સૂત્ર આપણે નાનપણથી જ બોલતા હતા. એ વખતે કોઇ રાજકીય સૂત્ર તો હતું જ નહીં. નાનપણમાં શ્રાવણ મહિનામાં મેં રામાયણ અને મહાભારત વર્ષો સુધી વાંચીને વડીલોને સંભળાવી છે. એટલે રામાયણ કંઠસ્થ છે. શ્રીરામના સંસ્કાર મારા, તમારા, બધામાં છે. જ્યારે આ શ્રીરામનું મંદિર બંધારણીય માર્ગે આપણને મળ્યું છે ત્યારે એને આવકારીએ છીએ, મંદિરની પ્રાણપ્રતિષ્ઠાને પણ આવકારીએ છીએ અને ભગવાન શ્રીરામ અયોધ્યામાં બેસીને સમગ્ર દેશને આશીર્વાદ આપે કે, ''આપણે સૌ સાથે મળીને ૨૧મી સદીના મજબૂત ભારતનું સર્જન કરી શકીએ ''. આપણે કોઇ એક સંપ્રદાય, વ્યક્તિ, જાતિ કે ધર્મનું કલ્યાણ ક્યારેય ઇચ્છ્યું નથી. આપણો સનાતન ધર્મ તો વૈશ્વિક કલ્યાણની ભાવના લઇને આવ્યો છે અને એટલે જ આપણા સનાતન ધર્મનું સૂત્ર છે. 'धर्म की जय हो, अधर्म का नाश हो, प्राणीयों में सद्भावना हो और विश्व का कल्याण हो।' આપણે તો વિશ્વનું કલ્યાણ ઇચ્છીએ છીએ. એની શરૂઆત આપણા દેશથી આપણે સૌ સાથે મળીને કરીએ એ જ આજના દિવસનો આપણા સૌનો સંકલ્પ છે. અહીંયા રામમંદિર નિર્માણની વાત કરવામાં આવી. એ વાત સાચી છે કે મંદિર નિર્માણ માટેનો અંતિમ ચૂકાદો માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના સમયમાં આવ્યો. એમના હાથમાં જશ લખાયેલો એટલે પ્રાણપ્રતિષ્ઠા પણ એમના હાથે થઇ. પણ એની પહેલા અનેક મંદિરો બન્યા. સૌથી પહેલાં ઐતિહાસિક મંદિર સોમનાથનું નવનિર્માણ થયું. આ મંદિરના નિર્માણમાં ઘણા બધા લોકોનો સહયોગ હતો. એના ૭/૧૨ અને ૮/અ જોઇશું તો ખ્યાલ આવશે કે મુસ્લિમ પરિવારોએ સેંકડો એકર જમીન આ મંદિરને આપેલી છે. અયોધ્યા મંદિરમાં પણ એવું જ છે. જે કોરીડોર બન્યો એમાં મુસ્લિમ પરિવારોએ ઘણી જમીનો આપી છે. હજારો-લાખો લોકોએ અનુદાનો આપેલ છે જેના કારણે આ મંદિર બન્યું છે. આ પહેલાં પણ ઘણા કામો થયા છે. શરૂઆતમાં વર્ષ ૧૮૨૨માં આ રામજન્મભૂમિ છે એવો દાવો કરવામાં આવ્યો. એ વખતે એ.એસ.આઇ.એ પણ ઉપછલ્લી તપાસ કરી પુરાવો આપ્યો. એ પછી વર્ષ ૧૯૭૬-૭૭ અને વર્ષ ૨૦૦૩માં બે વખત, આ મંદિરમાં એક્સ્કેલેશન કરી એના પુરાવાઓ શોધવામાં આવ્યા. વર્ષ ૧૯૪૯માં પહેલી વખત ત્યાં રામલલ્લાની મૂર્તિઓ મૂકાઇ અને એ પણ કોર્ટના હુકમથી ચાલુ રહી. એ વખતે વડાપ્રધાન તરીકે શ્રી જવાહરલાલ નેહરુ હતા. ભગવાન શ્રી રામને

પોપ્યુલરાઇઝ કરવા અને નવી પેઢી ભૂલી ન જાય એટલા માટે એમ કહેવાય છે કે, જયારે શ્રી રામાનંદ સાગરે વર્ષ ૧૯૮૫માં રામાયણ સિરિયલ બનાવી અને રામાયણ સિરિયલ ચાલતી હતી ત્યારે સ્વ.શ્રી રાજીવ ગાંધી વડાપ્રધાન હતા. એ વખતે માત્ર એક જ ટી.વી. ચેનલ દૂરદર્શનમાં ચાલતી હતી. આખા દેશમાં જયારે રામાયણ સિરિયલ ચાલતી હોય ત્યારે કરફ્યુ લાગી જાય તેવી સ્થિતિ હતી. વર્ષ ૧૯૮૬માં પહેલી વખત રામ મંદિરના તાળા ખૂલ્યા ત્યારે શ્રી વિરબહાદુરસિંહ કોંગ્રેસના મુખ્યમંત્રી હતા અને વડાપ્રધાનશ્રી તરીકે સ્વ.શ્રી રાજીવ ગાંધી હતા. શ્રી રાજીવ ગાંધીએ જ વર્ષ ૧૯૮૯માં શ્રી દેવરાહાબાબાના આશીર્વાદ મેળવીને, દ્વારકા શંકરાચાર્ય પરમ પૂજ્ય શ્રોપાનંદ સરસ્વતીજીના આશીર્વાદથી ત્યાં ખાતમુહૂર્ત કરવાની મંજૂરી આપી અને પહેલી વખત એક દલિત બાળક શ્રી કમલેશ્વરના  હાથે, મહંત અવૈદ્યનાથજીએ એ વખતે આ મંદિરનો શિલાન્યાસ કર્યો. વર્ષ ૧૯૯૨માં જયારે બાબરી મસ્જિદ તૂટી એ પછી શ્રી નરસિંહરાવે  આખી જમીન જે વિવાદ વગરની હતી એ ૬૦ એકર સંપાદન કરી મંદિર બાંધવા માટે અનામત રાખી અને ૨.૭૭ એકર જમીન કે જેનો કોર્ટમાં વિવાદ ચાલતો હતો એના માટે સુપ્રિમ કોર્ટમાં વડાપ્રધાનશ્રીએ પ્રેસિડેન્શિયલ રેફરન્સ કર્યો કે અહીંયા મંદિર બાંધવાનો નિર્ણય આપી દો. સુપ્રિમ કોર્ટે નિર્ણય ન આપ્યો. જો નિર્ણય આપ્યો હોત તો ત્યારે જ મંદિર બાંધી દીધું હોત. અત્યારે દાયકાઓ પછી, અનેક લોકોના સંઘર્ષો પછી, અનેક લોકોની સદભાવનાઓ પછી, ઇચ્છાઓ પછી આ મંદિર બંધાયું છે એને આપણે સૌ આવકારીએ છીએ. આ મંદિર માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એમ ખરા અર્થમાં રામ રાજ્ય લઇ આવે, એના માટે હું એક જ કડી બોલી મારી વાત પૂરી કરીશ.

**''प्रेम जब अनंत हो गया, रोम-रोम संत हो गया।**

**प्रेम जब अनंत हो गया, रोम-रोम संत हो गया॥**

**छाई हरियाली समस्य रोम-रोम में,**

**दिखते श्री राम जो व्यापक है व्योम में,**

**शुष्क ही बसंत हो गया, रोम-रोम संत हो गया।**

**प्रेम जब अनंत हो गया, रोम-रोम संत हो गया॥''**

થેંન્ક યુ

અધ્યક્ષશ્રી : માનનીય ફેતસિંહભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? બોલવા માટે આપ માનનીય દંડકશ્રીના કાર્યાલયમાં લખાવી દેજો. ત્યાંથી સૂચના આવશે.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ સભાગૃહના નેતાશ્રી એવા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ આ રામમંદિર પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા સંદર્ભે જે પ્રસ્તાવ લાવ્યા છે એમાં હું મારું સમર્થન કરવા ઊભો થયો છું. (માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ઊભા થઇ બોલતાં)

અધ્યક્ષશ્રી : મેં જોયું છે. તેઓશ્રી ફરીથી આવે એટલે હું એમને ટકોર કરીશ. એમની ગેરહાજરીમાં નહીં કહીએ.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, **नाथ देव कर कवन भरोसा, सोसि सिंधु करि मन रोजा, कादर मन कहि एक अघारा, देव-देव लासी पुकारा।**

માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાવણ સામે લડવા માટે સમુદ્ર પાર કરવા ભગવાન શ્રી રામ જતા હતા અને સમુદ્ર દેવ માર્ગ આપતા ન હતા ત્યારે ભગવાન શ્રી રામ સમુદ્ર દેવને વિનંતી કરવા જતા હતા, ત્યારે લક્ષ્મણજીએ એમને કહ્યું કે હે પ્રભુ રામ, આપ તો સર્વશક્તિમાન છો, તો આપ શું કામ સમુદ્ર દેવને પ્રાર્થના કરો છો? એક તીર ઉપાડો, તમારી શક્તિ બતાવો. આખો સમુદ્ર પળવારમાં સૂકાઇ જશે. ત્યારે પ્રભુ શ્રી રામે કહ્યું કે હે લક્ષ્મણ, મને મારી શક્તિનું પૂરું જ્ઞાન છે, પરંતુ શક્તિ વાપરતા પહેલા સંપૂર્ણ શાંતિના બધા જ પ્રયાસો થવા જરૂરી છે. જે રીતે પ્રભુ શ્રી રામના મંદિરનું નિર્માણ થયું. એ જે માર્ગ પકડ્યો. એ શક્તિનો નહોતો. શાંતિનો અને સંયમનો માર્ગ હતો. બધી જ લોકતાંત્રિક તાકાત હોવા છતાં ન્યાય પ્રક્રિયાના માર્ગે રામ મંદિરનું નિર્માણ કરવું અને એ જે સંયમ શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં આ દેશની સત્તાએ રાખ્યો અને એ ન્યાય પ્રક્રિયાના નિર્ણય પછી આ દેશના હિન્દુ અને મુસલમાન બધા જ લોકોએ, ૧૪૧ કરોડ લોકોએ આ ચુકાદાને સ્વીકારીને ભવ્ય રામ મંદિર માટે જે માર્ગ પ્રશસ્ત કર્યો એનાથી આખા વિશ્વના લોકોની અંદર ભારતની ન્યાયપ્રિયતા વિશે એક ઉમદા છાપ ઊભી થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ રામ જન્મભૂમિ આંદોલનની શરૂઆત થઇ ત્યારે અમે ૧૯, ૨૦ વર્ષના હતા. ત્યારે એક નારો હતો કે ગર્વ સે કહો, હમ હિન્દુ હૈ. લોકો અમને પ્રશ્ન પૂછતા હતા કે આ હિન્દુ શું છે? હિન્દુની વ્યાખ્યા તો કહો. ત્યારે એક સાદો જવાબ હતો. જેનો ભરોસો એવો છે કે જેમના પૂર્વજો હિમાલયથી સમુદ્રની  વચ્ચે વસ્યા છે. એવો જેમનો ભરોસો છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેમના અસ્તિત્વનો આધાર છે. ૧૨ જયોતિર્લિંગ અને ૫૧ શક્તિપીઠ જેમની આસ્થાના કેન્દ્રો છે. રામાયણ, મહાભારત ભગવદ્ ગીતા જેવા ગ્રંથોએ જેમનું ચારિત્ર્ય ઘડયું છે. રામ અને કૃષ્ણ જેમના આરાધ્ય છે, એ હિન્દુ છે. આવા બૃહદ હિન્દુ સમાજના આરાધ્ય દેવ એવા પ્રભુ શ્રી રામનું જન્મસ્થાન એ ૧૫૨૮ની અંદર બાબરના સેનાપતિ મીર બાકીએ એને તોડી પાડ્યું. એ પછી કયારેય પણ એવું નથી થયું કે એના માટે સંઘર્ષ ન ચાલ્યો હોય. છોંતેર છોંતેર યુદ્ધ થયા. એક લાખથી વધારે લોકોએ પોતાના જાનતી આહૂતિ આપી દીધી. પરંતુ આ લડાઇને એમણે બંધ ના થવા દીધી. આ શહાદતો બાદ

માનનીય નરેન્દ્રભાઇ મોદીજીના શુભ હસ્તે જયારે પ્રાણ પ્રતિષ્ઠા થઇ ત્યારે એક નવા યુગની શરૂઆત થઇ. આજે આખો દેશ રામના ભજન ગાતો હતો. રામના ગીત ગાતો હતો. દીવા પ્રગટાવતો હતો. રંગોળીઓ પૂરતો હતો. એક ભવ્ય માહોલ જાણે આ દેશની અંદર પ્રભુ રામ એ લંકાવિજય પછી જયારે આવ્યા હોય એ પ્રકારનો માહોલ સમગ્ર દેશની અંદર હતો. શા માટે? દરેકના જીવની અંદર, દરેકના મનની અંદર રામ વસે છે. કારણ કે આ દેશની અંદર જે રીતે, માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે આ દેશમાં એક બંધારણ માનનીય બાબાસાહેબ આંબેડકરે જયારે આઝાદી પછીની રચના થઇ ત્યારે એક બંધારણ એમણે બનાવ્યું. પરંતુ આ દેશનું એક રાષ્ટ્ર તરીકેનું બંધારણ પાંચ હજાર વર્ષ પહેલા પ્રભુ શ્રી રામે એમના બલિદાન થકી બનાવ્યું. જયારે નિષાદ રાજની એમની મિત્રતાની વાત સાંભળીએ. જયારે શબરી માતાના બોર તેઓ ખાય. એ સાંભળીએ ત્યારે સામાજિક સમરસતા માટે ગુલામી કાળ દરમ્યાન જે લોકોએ આ સમાજને તોડવાનું કામ કર્યું છે, એને જોવાનું છે કે રામના ચરિત્રમાંથી આપણે શું શીખવાનું છે. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં હું મારી વાત પૂર્ણ કરીશ. રામના ચરિત્રમાંથી આપણે એટલું જ શીખીએ કે જો દુશ્મન સાત સમંદર પાર હશે ને તો પણ જઇ અને જેમ સર્જીકલ સ્ટ્રાઇક હમણા કરી એવી સર્જીકલ સ્ટ્રાઇક આ વિશ્વની સૌથી પહેલી જો કોઇએ કરી હતી તો એ પ્રભુ શ્રી રામે કરી હતી. વિશ્વમાં જયાં યુવાનો બેઠા છે એ યુવાનોએ પણ રામમાંથી શીખવાનું છે. બ્રેન ડ્રેનની વાત હોય તો એક જ વાત શીખવાની છે કે સોનાની લંકા રામના હાથમાં આવ્યા પછી લક્ષ્મણને એમ જ કહ્યું કે -

''સ્વર્ણમયી લંકા નમે લક્ષ્મણ રોચતો,
જનની જન્મ ભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી.''

વિશ્વમાંથી ગમે ત્યાંથી ગમે તેટલા રૂપિયા કમાવ, પરંતુ પોતાના ઘરે પાછા આવો. હું છેલ્લે એક શબ્દ કહી અને વાત પૂર્ણ કરીશ.

''अरुणोदय हो चुका वीर, अब कर्मक्षेत्र में जुट जाएगा,
अपना खून पसीना बहाकर धरती पर नया युग लाये।''

રામથી રાષ્ટ્ર સુધી અને દેવથી દેશ સુધીની નરેન્દ્રભાઇએ કરેલી યાત્રા એક હજાર વર્ષથી પણ આગળ, જયાં સુધી સૂરજ, ચાંદ રહે ત્યાં સુધી ભારતનો જે વિચાર છે વસુધૈવ કુટુંમ્બકમનો એ વિચાર આ વિશ્વને હંમેશા પ્રકાશમય રાખે એજ વાત એ રામ મંદિરના નિર્માણનો એકમાત્ર સંદેશ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે બોલવાની જે તક આપી અને માનનીય મુખ્યમંત્રીશ્રીજે પ્રસ્તાવ લાવ્યા છે, હું મારો ટેકો વ્યકત કરી મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇનું લંકા દહન પછીનું છે એની જગ્યાએ લંકા વિજય એમને પૂછીને જરા સુધારો કરી લેજો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, મહર્ષિ તુલસીદાસજીએ કહ્યું છે કે સીયારામ મય સબ જગ જાની, કરહું પ્રણામ જોરી જુગ પાની. આપ સૌમાં બિરાજીત ભગવાન સીતારામને વંદન કરી અને આપણા ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદનનો ઐતિહાસિક પ્રસ્તાવ લાવ્યા છે, જેમ મોદીસાહેબનું કાર્ય ઐતિહાસિક થયું એજ પ્રકારે આ પ્રસ્તાવ પણ ઐતિહાસીક લાવ્યા છે તો એના સમર્થનમાં હું ઊભો થયો છું. જે પ્રાણપ્રતિષ્ઠાની આદરણીય મુખ્યમંત્રીશ્રીની વાતમાં તપશ્ચર્યાનો વિષય આવ્યો, તપશ્ચર્યાના વિષયના સંદર્ભમાં હું મારા વિચાર વ્યકત કરું તો બંધારણીય વડા હોવાને નાતે દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ સીધેસીધા આ પ્રતિષ્ઠાકાર્યમાં જોડાઇ શકયા હોત. પરંતુ એવું ન કરતા સહજ અને સામાન્ય ભાવ એમણે પોતે અભિવ્યકત કર્યો અને એમણે મને અને આપણને સૌને બતાવ્યું કે હું પણ પ્રભુશ્રી રામના કાર્યમાં જયારે જઇ રહ્યો છું ત્યારે એના માટે તૈયાર થવું પડશે એટલે એમણે સંતો, મહંતો, ઋષિમુનોઓ, આચાર્યો, વિદ્વાનોને પૂછ્યું કે મારે શું કરવું અને એમને જે વિધિવિધાન બતાવવામાં આવ્યું કે તમે ત્રણ દિવસના ઉપવાસ કરશો, એકટાણું કરશો તો ચાલશે, પરંતુ માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ના હું મારી આ જાતને તૈયાર કરવા માટે, કારણ કે ૫૦૦ વર્ષની પ્રતિક્ષા પછી પ્રભુશ્રી રામ પોતાના મહેલમાં બિરાજીત થવા થઇ રહ્યા હોય અને ત્યારે એ ઘડીએ પોતાને તૈયાર કરવા માટે આ દેશના પંતપ્રધાને આપણને બતાવ્યું છે, કોઇપણ સદ્કાર્યની વાત કરતા કરતા એમણે એક એવી પણ પોતાના ભાષણમાં વાત કરી હતી કે સમયચક્ર બદલાવ કરી રહ્યો છે. આ શબ્દ જે છે માનનીય વડાપ્રધાનશ્રીનો, એ જે સમયચક્ર બદલાવ કરી રહ્યો છે, આપણ સૌના ભારત વર્ષની પરંપરા જે આગળ વધી રહી છે ત્યારે માનનીય વડાપ્રધાનશ્રીએ પોતાની જાતને તૈયાર કરવા માટે આગળ આવી અને વાત કરી છે. આપણી પરંપરામાં અહીંથી એવું કહેવાયું, રામના નામ ગણવામાં આવ્યા, સારું થયું, અભિનંદનની વાત છે કે આટલામી વખત રામનું નામ આવ્યું. આટલામી વખત માનનીય વડાપ્રધાનશ્રીનું નામ આવ્યું. ખૂબ સારી વાત છે. ''નરાનામ ઇન્દ્રોવહી સહ ઇતિ નરેન્દ્રઃ'' જે વ્યકિત જે આ કાર્ય કરી બતાવે છે તો એનું નામ અને એનો ઉલ્લેખ તો સાહેબ કરવો પડે અને જયારે સામા મળીએ છીએ આપણે એકબીજા ભારત વર્ષમાં ત્યારે જય સીતારામ કહીએ છીએ, હિન્દીમાં જય રામજી કી કહે છે, કોઇ ગુજરાતમાં રામરામ કહે છે એ શું સૂચવે છે, ઘટ ઘટ મેં હે રામ, એ સૂચવે એ છે કે વ્યકિત કોણ છે ગૌણ છે, વ્યકિતનું કાર્ય કેવું છે એ ગૌણ છે, વ્યકિતના કેવા કર્મ છે એ ગૌણ છે પણ એની અંદર બેઠેલો રામ અને આની અંદર બેઠેલો રામ અરસપરસ એક

બીજાની અભિવ્યકત કરી અને આનંદ વ્યકત કરે છે એનું નામ છે ઘટ ઘટ મેં હે રામ, એટલા માટે તો માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ત્રણ વખત સીયાવર રામચંદ્રકી જય કરીને જે વાતનો પ્રારંભ કર્યો હતો.કોઇ ગુજરાતીમાં રામ રામ કહે છે, સાહેબ, એ શું સૂચવે છે? ઘટ ઘટ મેં હૈ રામ એ સૂચવે છે કે વ્યક્તિ કોણ છે, તેનું કાર્ય કેવું છે અને તેના કર્મ કેવા છે એ ગૌણ છે પણ એની અંદર બેઠલો રામ અને આની અંદર બેઠેલો રામ અરસપરસ એકબીજાની અભિવ્યક્તિ કરીને આનંદ કરે છે એનું નામ છે ઘટ ઘટ મેં હૈ રામ. એટલા માટે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ત્રણ વખત સિયાવર રામચંદ્ર કી જય કરીને વાતનો પ્રારંભ કર્યો હતો. એ આ રામનામ સૂચવે છે. જ્યારે ૨૨મી તારીખે ભગાવન રામનું મંદિર બન્યું હતું ત્યારે માનનીય વડાપ્રધાનશ્રીએ આહવાન કર્યું હતું કે દેશભરના તિર્થસ્થાનો અને મંદિરો સ્વચ્છ થાય એ કાર્ય લોકોએ સ્વંભૂ ઉપાડી લીધું હતું. હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું. હું જ્યારે પ્રવાસમાં હતો ત્યારે કોઇક સામાન્ય વ્યક્તિ વાડીએ, કોઇક ઝૂંપડીએ, કોઇક રેકડીએ, કોઇક દુકાન પર કેસરી ધજા ફરકાવતો હતો. સાહેબ, એ સીધે સીધું બતાવે છે કે ઘટ ઘટ મેં હૈ રામ. એ સ્વંયમ પ્રકાશિત થતા હતા. સાહેબ, હું આપના માધ્યમથી ગૃહને કહેવા માગું છું કે કચ્છની અંદર સમરસતા એવી બની કે, ૨૨મી તારીખે ગામે ગામ સમૂહ ભોજન થયા. જે સમાજ એકબીજા અલગ અલગ જમતા હતા એ કોઇની નાત-જાત, ઊંચ-નીચના ભેદભાવ જોયા વગર સૌ એ સાથે બેસીને રામનો પ્રસાદ લીધો. આ રામ મારા અને તમારામાં વસી રહ્યો છે. સાહેબ, આ રામ તો ઘટ ઘટમાં છે. આપણે જ્યારે જમવા બેઠા હોઇએ ત્યારે ઘણી વખતે આપણી મા કહેતી સહોય છે કે આજે રામરસ રસોઇમાં ભૂલાય ગયો છે. આ રામ મારા, તમારા અને આપણા સૌના હ્રદયમાં ભગવાન રામ બિરાજીત છે. સાહેબ, આ રામ અયોધ્યા, અયોધ્યાના અનેક અર્થ છે એ પૈકી અયૌદ્ધા એ અર્થ થઇ શકે છે કે જ્યાં કોઇ યોદ્ધા કે લડાઇ નથી. એટલા માટે પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રામ એ આગ નહિ, રામ એ ઊર્જા છે. કારણ કે, ત્યાં કોઇ લડાઇ જ નથી. સાહેબ, હું ભાગ્યશાળી છું કે વર્ષ ૧૯૯૨ માં કારસેવા કરવા જવાનો મને અવસર પ્રાપ્ત થયો હતો અને હમણાં ૬ મહિના પહેલા હું જ્યારે દર્શન કરવા ગયો હતો ત્યારે લોકો પોતાની આજુબાજુની દુકાનો રસ્તા પહોળા કરવા, કારણ કે દુનિયાભરમાંથી લોકો આવશે. કેટલાય લોકોએ શંકા કરી હતી, કેટલાક લોકોએ કાલ્પનિકતાની વાત કરી હતી. દુનિયાભરની આસ્થાનું કેન્દ્ર જ્યાં બને છે અને પ્રવાસનના માધ્યમથી ભારત વર્ષના પ્રવાસન ઉધોગમાં જવબજસ્ત તેજી આવશે ત્યારે આ રામ મંદિર આપણને સૌને આગળ વધારશે. આવનારા દિવસોની અંદર હું ફરીથી એક વખત માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, આપ જે ઐતિહાસિક પ્રસ્તાવ લાવ્યા છો એ બદલ આપનો આભાર. જય સિયારામ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પાંચ બાબતે મને ખૂશી વ્યક્ત કરવાની તક મળી છે તયારે ખૂશીના આ પંચામૃતમાં પાન કરીને હું ભાવ વિભાર છું. આ પંચામૃતના પ્રસાદથી માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું હ્રદયપૂર્વક સમર્થન આપીને મારી વાત રજૂ કરું છું. હું પોતાની જાતને સૌભાગ્યશાળી માનું છું કે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પર મને મારી વાત મૂકવાની તક મળી છે. પ્રભુશ્રી રામ શક્તિ છે. પ્રભુશ્રી રામ ભક્તિ છે. પ્રભુશ્રી રામ મૂક્તિ છે. એટલે જ માનવજાત સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન રામ નામનો જપ કરે છે. શ્રી રામ ભગવાન હતા છતાં ૧૪ વર્ષ સુધી ભગવાને વનવાસ ભોગવ્યો હતો. પછી પણ શ્રી રામ ભગવાન સેંકડો વર્ષ સુધી એક નાના તંબૂમાં રહ્યાં હતા. રામ મંદિર બનાવવા માટે ૩૯૬ વર્ષ સુધી જે જનઆંદોલન ચાલતું હતું તેનો અંત આવ્યો છે. આ આંદોલનમાં કેટલાક કારસેવકોની સાથે સાથે સંતો, મહાત્માઓ, મહંતો ઉપર અત્યાચાર, લાઠીચાર્જ અને ગોળીબાર સાથે અસંખ્ય કારસેવકોને જેલના પાંજરે પૂરવામાં આવ્યા હતા એવા બેજવાબદાર લોકોને આવનારી પેઢી કોઇ દિવસ ભૂલશે નહીં અને માફ પણ કરશે નહીં. હવે તો ગુજરાતના પનોતા પૂત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં જ નહીં પણ વિશ્વમાં વિખ્યાત એવું શ્રી ભગવાન રામનું ભવ્યાતિ ભવ્ય મંદિરનું નિર્માણ કરીને દેશને સોગાદ આપી છે. આજે માનનીય મોદીજીને દેશના એક એક નાગરિકો એમને શુભેચ્છા પાઠવે છે અને આભાર માને છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી આ પ્રસ્તાવ લઇને ગૃહમાં આવ્યાં છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ની એ તારીખ દેશનો એકેએક નાગરિક જીવશે ત્યાં સુધી ભુલશે નહીં. ઈતિહાસમાં લખાશે. એ દિવસે લોકોએ સવારે વહેલા ઉઠીને પોતાના ઘરમાં પૂજાવિધિ કરીને, ઘરના આંગણે રંગોળી પૂરીને, ઘરે રોશનીથી લાઇટિંગ કરીને, મંદિરમાં ભોગ લગાવીને, સાંજે ઘરે દિવાળીના દીપ પ્રજવલિત કરીને શ્રી રામ દીપોજયોતિથી દિવાળીના દિવસે વહેલા ઉઠીને ફટાકડા ફોડે એવી રીતે દિવાળીનો માહોલ અને એ વાતાવરણ હતું એને શબ્દોથી વર્ણવી શકાય તેમ નહોતું. એ દિવસે બધાને એવું લાગતું હતું આ દિવાળીનું વાતાવરણ છે. રામમંદિરની પ્રતિષ્ઠા થઇ રહી છે ત્યારે બધાની આંખમાં આંસુ પણ હતા. કેટલાક લોકો રડી પડયા હતા. આ ખુશીના આંસુ હતા એવી રીતે વાતાવરણ ભાવવિભોર થઇ ગયું હતું. એકએક નાગરિકે કોઇએ રામકથા રાખી હતી, કોઇએ રામ પાલખી રાખી હતી. એક એક નાનામાં નાની વ્યક્તિએ રામકથા માટે કે કંઇકને કંઇક રાખ્યું હતું. એવી જ રીતે

સુરતમાં પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં રામોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શ્રી રામ ભગવાનના જીવન ચરિત્ર ઉપર બનાવેલી પ્રદર્શિની વિવેકાનંદ કન્યાકુમારીથી મંગાવવામાં આવી હતી. ભગવાન શ્રી રામનું સંપૂર્ણ જીવન દર્શન શ્રી રામોત્સવમાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. તેની સાથેસાથે અખંડ યજ્ઞો, સ્વાગત, તિલક, મહાઆરતી, પારંપારિક ગરબા, શાસ્ત્રીય નૃત્ય, રામાયણ થીમ ઉપર આધારિત સંગીત સંધ્યા, રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું લાઇવ ટેલીકાસ્ટ સંપૂર્ણ ભારતમાં અલગ અલગ સ્થળે થયું હતું. એ વાતાવરણ શબ્દોથી વર્ણવી શકાય તેવું નહોતું. જયારે આપણે વાતવાતમાં રામ ભગવાનનું નામ લેતા હોઇએ ત્યારે મને એક વાત યાદ આવે છે. નમસ્કાર કરતી વખતે સૌ પ્રથમ રામરામ કહે છે. મુસીબતથી બચી જાય તો કહે છે કે રામ રાખે એને કોણ ચાખે, ટેક લીધી હોય તો રામના રખોપા રાખ્યા કહે છે. ના ખબર પડે તો રામજાણે કહે છે. જતું કરવા માટે બોલે એને રામરામ કરો કહે છે. ભાંગી જાય ત્યારે કહે રામ રોટલો થયો. દવા દેતી વખતે બોલે આ તો રામબાણ ઇલાજ છે. સારી જોડી જુએ તો કહે છે આ તો રામ-સીતાની જોડી છે. જીવનમાં જલસા હોય તો કહે રામરાજયમાં પ્રજા સુખી છે અને છેલ્લે મરતી વખતે એના રામ રમી ગયા કહે છે અને સ્મશાનમાં લઇ જતી વખતે પણ રામ બોલોભાઇ, રામ બોલો એવું કહે છે. આવી રીતે આપણે જીવન નિર્વાહ કરતી સમયે આપણા જીવનની દરેક ક્ષણોમાં રામ રામ કહીએ છીએ અને આ બાબતે મને ખુશી વ્યકત કરવાની તક મળી છે ત્યારે હું પોતાની જાતને ખરેખર ભાગ્યશાળી સમજું છું. પહેલી ખુશી એ છે સનાતન સંસ્કૃતિના વાહક તરીકે મને આપણા સૌના આદર્શ આરાધ્ય વંદનીય અયોધ્યામાં બિરાજમાન ભગવાન શ્રી રામ હવે અલકાપૂરીમાં બિરાજયા છે. સૌને દર્શન આપે છે તેની ખુશી છે. બીજી ખુશી એ છે કે શ્રી રામની કૃપાથી આપણા જીવનકાળમાં આપણે ભગવાનશ્રી રામના ભવ્ય, દિવ્ય મંદિરની નિર્માણ પ્રતિષ્ઠાની એ ઐતિહાસિક ઘટનાના સાક્ષી બન્યા એની છે. ત્રીજી ખુશી એ છે કે ભવ્ય, દિવ્ય ઘટનાને સાકાર કરવામાં આ ગૃહના પૂર્વ માનનીય નેતા આપણા સૌના વડીલ, આદર્શ એવા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી નિમિત્ત બન્યા તેની છે. મારી જેમ આ ગૃહના ઘણા બધા સભ્યો નરેન્દ્રભાઇ આ ગૃહના નેતા તરીકે હતા ત્યારે તેમના કર્મઠ અને વિકાસલક્ષી વ્યક્તિત્વ તેમજ અભિગમથી અભિભૂત થયા હશે. આજે પાટલી થપથપાવી ખુશી વ્યકત કરી છે તેની છે. આજે શબ્દો દ્વારા તેમના માટે ખુશી વ્યકત કરવાની મને તક મળી છે એ માટે હું ગૌરવની લાગણી અનુભવું છું. સૌથી ખુશી એ છે કે સનાતન ભારતીય સંસ્કૃતિમાં જે ભગવાનો મહિમા છે એ ભગવાધારી યોગી આદિત્યનાથજી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવારત થયા તેવા સમયે મંદિરનું નિર્માણ અને પ્રતિષ્ઠા શકય બની છે. સાથેસાથે ઉત્તરપ્રદેશના મહામહીમ રાજયપાલ પદે આ ગૃહના પૂર્વ નેતા અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી બનવાનું ગૌરવ જેને મળ્યું છે તેની છે. આપણા વડીલ શ્રીમતી આનંદીબેન પટેલ શ્રી રામલલ્લાની પ્રતિષ્ઠા સમયે દેશની નારીશક્તિનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા એની પાંચમી ખુશી છે. રામમંદિર નિર્માણને જનઆંદોલનનું સ્વરૂપ આપનાર આપણા સવાયા ગુજરાતી પૂર્વ નાયબ પ્રધાનમંત્રીશ્રી લાલકૃષ્ણ અડવાણી દેશના સર્વોચ્ચ નાગરિકનું સન્માન ભારત રત્નથી સન્માનવામાં આવ્યા. રામલલ્લાને બિરાજમાન કરવાના સંકલ્પ સાથે જેમણે પ્રસ્થાન કરેલું તેવા લાલકૃષ્ણ સારથી અને સહરથી બનેલા આદરણીય નરેન્દ્રભાઇએ ભારત રત્ન માટે જે યોગ્ય નિર્ણય કર્યો તેને માટે આભારની લાગણી વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવ મારા માટે ભૂતકાળની યાદો અને સનાતન સંસ્કૃતિની આસ્થાની સ્મૃતિમાં ગરકાવ થવા માટેનું માધ્યમ બન્યો છે. જ્યારે અમે પાંચ-છ વર્ષ પહેલાં અયોધ્યા ગયા હતા ત્યારે ત્યાં જોયું કે, જેલમાં જતા હોય તેવું વાતાવરણ ત્યાં હતું. તે તંબૂમાં જ્યારે રામલલ્લાને જોયા ત્યારે આંખમાં આંસુ આવી ગયા. આજે દેશના એક-એક નાગરિક ત્યાં જતા હશે અને આનંદવિભોર થઇ જતા હશે અને હર્ષ અને ઉલ્લાસની લાગણી અનુભવતા હશે. આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : હવે જશો એટલે બહેન ખુશીના આંસુ આવશે. માનનીય મહેશભાઇ કસવાલા.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના વડા સન્માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ દેશની અંદર અયોધ્યાની અંદર રામલલ્લા પોતાના નિજ ગૃહની અંદર પ્રસ્થાપિત થયા તે બદલ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇને આભાર માનતો પ્રસ્તાવ આ ગૃહની અંદર લાવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસ્કૃતિ તે સનાતનની સંસ્કૃતિ છે. સત્યમેવ જયતે આ સંસ્કૃતિનો નારો છે અને રામનામ એ આપણું તત્વ છે. આ દેશની અંદર અનેક એવી આપત્તિઓ આવી, ઇતિહાસના પત્તાં ખોલીએ તો હું અને તમે જાણીએ, સદનના તમામ સભ્યો એ જાણે છે કે, દેશની ઉપર કેવા આક્રાંતાઓએ રાજ્ય કર્યું અને કેવી રીતે રામતત્વને મિટાવવાના પ્રયાસો થયા. રામનામને ભૂલાવવાના કેવી રીતે પ્રયાસો થયા, રામચરિત્રને ભૂલાવવાના કેવી રીતે પ્રયાસો થયા. ભગવાન રામના સ્મારકને લૂંટવાના કેવી રીતે પ્રયાસો થયા. આક્રાંતાઓ આવ્યા અને આ દેશની અંદર તેમણે રાજ કર્યું. મારા દેશને લૂંટ્યો પણ મારા દેશની એક-એક જનતાની અંદર તેના હ્દયની અંદર રામ હતો એટલે મારો દેશ લૂંટાયો પણ મારો દેશ ખૂટયો નહીં. મારો દેશ લૂંટયો પણ મારો દેશ ખૂટ્યો નહીં. એટલા જ માટે પાંચ સદીઓ પછી, પચાસ દાયકાઓ પછી, પચ્ચીસ પેઢીઓ તેનો સંકલ્પ, તેનું તપ, તેનો પરિશ્રમ, તેના બલિદાનો પછી રામ-રામ જપતાં જપતાં આ દેશની અંદર બાળક જન્મતું હોય છે અને રામનું નામ લેતાં લેતાં હે રામ કહેતાં તે વ્યક્તિ મરતો હોય છે. તેની તપશ્ચર્યાને કારણે ૫૦૦ વરસ પછી વિશ્વની અંદર સનાતન સંસ્કૃતિમાં જે લોકો આસ્થા રાખતા હતા તેના માટે સૌથી મોટી દિવાળી લાવવાનું કામ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇને મળ્યું તેના માટેનો અભિનંદન આપતો આ ઠરાવ છે. આ નાની વાત નથી. મા શબરી કહેતી હતી. રામના નામના જાપ જપતી હતી કે એક દિવસ મારો રામ આવશે, આજ મારો રામ આવશે, આજ મારા ઘરે રામ આવશે. પચ્ચીસ પેઢીની મારી માતાઓ આ રામ રામ કરતી કરતી મરી ગઇ પણ મારો રામ ન આવ્યો. હું અને તમે અને અહીં બેઠેલા સદનના

એક-એક વ્યક્તિઓ આપણે સદભાગી છીએ કે પચ્ચીસ પેઢીના તર્પણ પછી આ અવસર જોવાનો વારો આવ્યો છે. આનાથી મોટું કોઈ સદ્ભાગ્ય આપણા માટે હોઈ શકે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, એક વખત હતો કે ભગવાન રામ અને રામ મંદિર પ્રસ્થાપિત કરવા માટે ભાઈ અમિતભાઈએ કહ્યું તેમ મોટાભાગના લોકો આ સંઘર્ષના સાક્ષી છે ત્યારે અમે પણ નાના નાના હતા ત્યારે નારા લગાવતા હતા. રામલલ્લા હમ આયેંગે મંદિર વહી બનાયેંગે, જહાં રામકા જન્મ હુઆ મંદિર વહી બનાયેંગે. મારે દેશના પ્રધાનમંત્રીને અભિનંદન આપવા પડે કે, સત્તા હોવા છતાં, સંપૂર્ણ બહુમતિ હોવા છતાં બંધારણીય માર્ગે આ દેશના રામ મંદિરના પ્રશ્નને હલ કરવામાં આવ્યો. પ્રધાનમંત્રીના કરકમલોથી નિજ મંદિરની અંદર રામલલ્લાને પ્રસ્થાપિત કરવામાં આવ્યા. પરંતુ દુઃખ એ પણ થાય કે, એક તરફ સત્તા હોવા છતાં આ પ્રશ્નને હલ કરવાના પ્રયાસો થતા હતા ત્યાં બંધારણીય માર્ગે આને અટકાવવાના પણ પ્રયાસો થતા હતા. તે પૂર્વાંધમાં મારે નથી જવું પરંતુ આ દેશની કમનસીબી એ રહી છે કે, રામકામ થતું હોય ત્યાં બંધારણીય માર્ગે કેટલાક લોકોએ તેને અટકાવવાના પ્રયાસ કર્યા છે, દેશનો ઈતિહાસ તેનો સાક્ષી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રામનામ આપણે જપતા હોઈએ છીએ અને રામના વખતમાં ડોક્યું કરીએ તો આપણને ખબર છે કે હવનમાં હાડકા નાંખવાવાળા એ વખતે પણ હતા અને ત્યારે ગુરુ વિશ્વામિત્રએ અયોધ્યામાં જઈને રામ કાજ કરવા માટે રાજા દશરથ પાસે પુત્રની માગણી કરી અને રામના સહારે હવનમાં હાડકા નાંખવાવાળાનો નાશ કરી અને સનાતન સંસ્કૃત્તિ સત્ય છે, અમર છે, અજરા અમર છે એની નીવ ત્યારે વિશ્વામિત્રએ નાંખી હતી અને આજે આધૂનિક યુગના વિશ્વામિત્ર નરેન્દ્રભાઈ મોદીએ રામના સહારે સનાતન સંસ્કૃત્તિ અજરા અમર છે એ રામ લલ્લાને અયોધ્યા નગરીમાં નિજ મંદિરમાં બેસાડી રામની કામના સાથે સનાતન સંસ્કૃત્તિ ફરીથી પુનઃજીવિત થાય અને અજરા અમર રહે એની કામના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં લોકો એમ કહેતા હતા કે રામ છે એ એક કલ્પના છે. હું ઘણાં વર્ષોથી ટીવીની ડિબેટમાં પ્રવક્તા તરીકે ભાગ લેતો અને મારી સામે કેટલાક લોકો માતા સીતાનું સર્ટીફિકેટ લઈને આવતા હતા. કોણ જાણે ક્યાંથી એમને માતા સીતાના જન્મ તારીખનું સર્ટિફિકેટ મળ્યું હતું? સ્વિકારવા તૈયાર ન હતા કે રામ છે એ વાસ્તવિક અર્થમાં સત્ય છે, રામ છે એજ આ દેશની સનાતન સંસ્કૃત્તિ છે. ત્યારે આજે પરિસ્થિતિ એ આવી કે ૪૯૫ વર્ષ પછી લોકો પોતાની જ્ઞાતિ, જાતિ અને ધર્મને ભૂલી ગયા, આપણે જોયું છે ૨૨મી જાન્યુઆરીએ જ્ઞાતિઓ ભૂલાઈ, જાતિઓ ભૂલાઈ, પંથ ભૂલાયા, સંપ્રદાયો ભૂલાયા અને રાજકીય વિચારસરણી ધરાવતા લોકો, રાજકીય વિચારસરણીને ફોલો કરતા લોકો એની રાજકીય વિચારધારા હતી એની સરહદોને ઓળંગી અને રામમય બન્યા. આ દેશની અંદર આનાથી મોટો ભારતે આપેલો એકતાનો સંદેશો ક્યારેય હોઈ ન શકે. મારા એક એક દેશવાસીઓના હૃદયમાં એક વાત હતી માત્ર એ રામ હતી. માનનીય અધ્યક્ષશ્રી, કેવા પ્રકારના કાર્યક્રમો થયા, બે ત્રણ વક્તાઓએ એનો ઉલ્લેખ કર્યો. મંદિરોની અંદર સફાઈ થઈ, મંદિરોની અંદર ઘંટરાવ થયો, દીપમાળાઓ થઈ, સમૂહ ભોજનો થયા અને ઢોલ નગારા સાથે રામધૂન પણ થઈ. ચોરે અને ચપાટે એક વાત ચાલી અને દેશે નિર્ણય કર્યો કે હવે આજ વાત ચાલશે એ વાત છે જો રામ કા હૈ વહી સબ કે કામ કા હે, જો રામ કા નહીં વો કીસી કે કામ કા નહીં. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી આ પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે રામમાં શ્રદ્ધા છે અને શ્રીરામ લલ્લાને અયોધ્યાના નિજ મંદિરમાં પ્રસ્થાપિત કર્યા છે એ નરેન્દ્ર મોદીમાં, આધૂનિક ભારતના વિશ્વમિત્રમાં શ્રદ્ધા છે એટલે હૃદયના ઉમળકાથી આ ઠરાવને બિરદાવું છું અને માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ ઠરાવ લઈને આવ્યા છે એમને પણ લાખ લાખ અભિનંદન આપી મારી વાણીને વિરામ આપુ છું.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન શ્રીરામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો માનનીય મુખ્ય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે અને એના માટે મને આ ૧૫મી વિધાનસભામાં બોલવાનો જે અવસર આપ્યો છે એ માટે હું આપશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાહેબનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દ્વાપર યુગમાં જન્મેલા ભગવાન વિષ્ણુના અવતાર ભગવાન શ્રીરામ જન્મભૂમિની વાત કરીએ છીએ. એના માટે કહેવાયું છે કે, જંબૂ દ્વિપે ભારત ખંડે આર્યાવર્તે ભારત વર્ષે એક નગરી હે વિખ્યાત અયોધ્યા નામ કી. માનનીય અધ્યક્ષશ્રી, સનાતન ધર્મની સદી ચાલી રહી છે. શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે, કળીયુગની ૫૨ મી સદીની અંદર સનાતન ધર્મની સદી આવવાની છે. આજે કદાચ આ ૫૨ મી સદીનું ૨૫મું વર્ષ ચાલે છે. આજથી ૧૫ વરસ પહેલા જો આ કહેવામાં આવ્યું હોત કે, ૫૨ મી સદીમાં સનાતન સદી આવવાની છે તો કદાચ કોઈ માનત પણ નહીં. ૧૦-૧૫ વરસ પહેલા તો પૂરાવા માગવામાં આવતા હતા કે ભગવાન રામ જન્મ્યા છે કે નહીં? માનનીય અધ્યક્ષશ્રી, નિયતીએ નક્કી કરી રાખ્યું હશે કે ૨૦૧૪નું વર્ષ આવશે અને દેશની ધૂરા માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથમાં આવશે અને એક પછી એક સનાતન ધર્મની કલ્પનાઓ પરિપૂર્ણ થશે. એ જ બાબત દર્શાવે છે કે એ કાશી વિશ્વનાથનો કોરીડોર હોય તો આપણે જોયુ છે, એવી જ રીતે આપણે ઉજ્જૈન મહાકાલનો કોરીડોર હોય તો પણ આપણે જોયુ છે, કેદારનાથ મંદિરનો પુનઃવિકાસ હોય તો પણ એ આ સદીમાં જોયુ છે. પાવાગઢનો વિકાસ હોય કે અન્ય મંદિરોના દેવસ્થાનનો વિકાસ હોય તો પણ આપણે જોયુ છે ત્યારે આપણને એમ થાય છે અને છેલ્લે ૨૨મી જાન્યુઆરીએ ભગવાનશ્રી રામની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે આપણને એમ થયુ કે સાચા અર્થની અંદર હવે સનાતન ધર્મની સદી આવી છે આ ૫૨મી સદી એ સનાતન ધર્મની સદી ચાલુ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી જાતને આજે ભાગ્યશાળી માનું છું કે, પંદરમી વિધાનસભાની અંદર મને આ વિષય ઉપર બોલવાનો અવસર મળ્યો છે. મને ગર્વ પણ થાય છે કે હું એ પાર્ટીનો કાર્યકર્તા છું કે પાર્ટી જે બાલે છે તે કરે છે. જયારે

લોકસભામાં ૨ સીટો હતી સંસદમાં ત્યારે કહેતી હતી કે રામ મંદિર વહી બનાયેંગે આજે ૩૦૨ સીટો થઇ અને રામ મંદિર બનાવ્યું તેના માટે મને ગર્વ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા જ માટે રામ રાજયની કલ્પના કરી કે **"રઘુકૂળ રીત સદા ચલી આચી, પ્રાણ જાય પણ વચન ના જાય** "આ રામ રાજયની કલ્પના આપણને દેખાઇ રહી છે. આજના દિવસે મને એમ લાગે છે કે, કાર સેવકોને મારે યાદ કરવા છે. આજના દિવસે મને આબેહુબ જયારે જન સેવાની અંદર, જન જાગૃતિની અંદર સાધ્વી ઋતંભરાદીદીજી જયારે નીકળા હતા તે દિવસ મને યાદ આવે છે, તેમના વાકયો મને યાદ આવે છે કે,

" हमें तय करना है कि तक्षको का वंश यहां पलने न पाए,
दानवों का वंश यहां बढ़ने न पाए,
नीति सत्ता कि विधर्मी होने न पाए,
देश में मारिच माया चलने न पाए,
अब रक्त क्या, अभिषेक की भी दुर्घटना न होने पाए,
देश में मारिच माया चलने न पाए।

આ એ દિવસના જે શબ્દો હતા તે આજે આબેહુબ મને યાદ આવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, રામ દિન દુખીયોના, પીડિતોના, વંચિતોના, શોષિતોના ભગવાન છે. રામ કેવટોના, ધોબીઓના અને શબરીનો પ્રાણ છે અને આવા એક નહીં હજારો હજારો પ્રમાણ છે. ગઇકાલે હું સાધના મેગેઝીન વાંચતો હતો ત્યારે એમાં પણ જયારે સમરસતાની વાત કરી હતી ત્યારે એક ઉલ્લેખ અંદર હતો કે ગુરુ ગોવિંદસિંહ મહારાજે પણ રામ જન્મભૂમિ માટે સંઘર્ષ કરેલો હતો અને આ પ્રાણ પ્રતિષ્ઠા વખતે બૌદ્ધ, શીખ અને સૌ સમાજોનું યોગદાન વિશેષ રૂપની રહેલું છે એટલે જ કહેવાયુ છે કે ભગવાન રામ સૌના છે, સૌમાં છે એ ધર્મનું મૂળ સ્વરૂપ છે. આપણે સૌ સાથે મળીને જે રામ રાજયની કલ્પના કરી છે તેને આગળ વધારવા માટે રાજયના મુખ્યમંત્રીશ્રી આજે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે રામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો તેને હું સંપૂર્ણ મારો ટેકો આપુ છું અને આ ગૃહની અંદર સૌ સદન વતી પણ આપ સૌને એક વખત જયશ્રી રામ કહી અને મારી વાણીને વિરામ આપીશ જયશ્રી રામ.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવિણભાઇનું કહેવું દ્વાપરથી પહેલાં ત્રેતા હોઇ શકે છે રામનો જન્મ ત્રેતામાં થયો છે.

અધ્યક્ષશ્રી : આપની વાત સાચી છે પંડિતજીને પૂછીને સુધારી લેશું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે ઐતિહાસિક સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું અને આ વિચારો વ્યકત કરવા માટે મને જે તક મળી છે તેના બદલ હું ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તારીખઃ ૨૨-૧-૨૦૨૪ આ દિવસ કેવી રીતે ભૂલાય? અને આ દિવસે ગુજરાતના પનોતા પુત્ર માનનીય દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના હસ્તે ભવ્ય રામ મંદિરમાં દિવ્ય રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થઇ હોય અને આવી અભૂતપૂર્વ, ઐતિહાસિક, આનંદ વિભોર કરનારી અલભ્ય અને અસ્મરણીય એવા ક્ષણોની આપણે સૌ સાક્ષી બન્યાં છીએ. એ ગુજરાતની પ્રજા, ભારતની પ્રજા, ભારત દેશ નહિ પરંતુ દુનિયાભરની પ્રજા માટે આ એક ગૌરવ અને સન્માન વધારનારી ક્ષણ હતી. આ ફક્ત પ્રાણ પ્રતિષ્ઠા નહિ પણ નવા યુગની શરૂઆત હતી. વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ અને સમાજના પુનરુત્થાનની શરૂઆત છે. એમાં પાંચ-પાંચ સદીઓના અવિરત સંઘર્ષ અને અસંખ્ય બલિદાન છે. કેટલાંય કારસેવકોએ પોતાનું બલિદાન આપી દીધા પછી ભગવાન રામ ઘરે પધાર્યાં છે. અયોધ્યાનું ભવ્ય રામ મંદિર, રામ ભક્તોની અતૂટ શ્રદ્ધા, દૃઢતા અને અસંખ્ય લડાઇઓની પરાકાષ્ઠાનું મૂર્તરૂપ છે. અનેક પેઢીઓ તેમની સાંસ્કૃતિક ઓળખને જાળવી રાખવા માટે સતત લડતી રહી. જે માત્ર એક ધાર્મિક પ્રયાસ જ ન હતો પરંતુ ભારતવર્ષમાં ચાલી રહેલ સાંસ્કૃતિક લડાઇના પરિણામરૂપ પ્રમાણોનું એક પ્રતિક હતું. સન ૧૫૨૮ની વાત કરું તો મોગલ સમ્રાટ બાબરના સેનાપતિ મીર બાકીએ બે લાખ જેટલા સૈનિકો સાથે જ્યારે અયોધ્યા પર આક્રમણ કર્યું હતું ત્યારે ત્યાંની પ્રજા અને રાજાઓ ૧૭-૧૭ દિવસ સુધી પ્રતિકાર કરીને વીર ગતિ પામ્યા હતા. વર્ષ ૧૯૮૯માં ગામે-ગામથી શિલાન્યાસ માટે માથે ઇંટ મૂકીને પોતાના ગામની ઇંટ અયોધ્યા મંદિરના નિર્માણ માટે જાય એના માટે તમામ લોકો જોડાયા હતા. વર્ષ ૧૯૯૦માં આદરણીય લાલકૃષ્ણ અડવાણીજીએ સોમનાથથી અયોધ્યા સુધી રથયાત્રાની શરૂઆત કરી. આ રથયાત્રાને રોકવા માટે એની પર ગોળીબાર કરવામાં આવ્યો. હું પંચમહાલ જિલ્લામાંથી આવું છું ત્યારે ૨૭, ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ અયોધ્યાથી પરત ફરતા ૫૮ જેટલા કારસેવકોના કંપાર્ટમેન્ટમાં ગોધરા ખાતે આગ લગાડીને તેમને જીવતાં ભૂંજવામાં આવ્યા હતા. એ દ્રશ્ય મને આજે પણ યાદ

આવે છે. ત્યારે એ કારસેવકો કહેતાં હશે કે રામ મંદિર ક્યારે બનશે? નરેન્દ્ર મોદી સાહેબના હસ્તે જ્યારે રામ મંદિરનું નિર્માણ થયું છે ત્યારે મારે કહેવું છે કે,

''कंकर कंकर शंकर जिसका, हर प्राण प्राण में गीता है,
कि जिनकी रचना रामायण, पग पग पर बनी पुनीता है,
जहाँ राम नहीं हैं साँसों में, तो प्राणों का घट रीता है,
नर नाहर श्री पुरुषोत्तम का मंदिर भव्य बनायेंगे,
सौगन्ध राम की खाते हैं, हम मन्दिर वहीं बनायेंगे॥''

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદીના હસ્તે તા.૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ એક નવો ઇતિહાસ રચાયો અને સાથે-સાથે ભારત વિશ્વગુરૂ બનશે એવો વિશ્વાસ રચાયો. અયોધ્યાની ભૂમિ ઉપર જ્યારે રામ મંદિરનું નિર્માણ થયું છે ત્યારે દરેક ભારતીયના મનમાં કેટલાંક પ્રશ્નો થતાં હશે કે, ''શ્રી રામ ભગવાનનું ભવ્ય રામ મંદિર બંધાઇ ગયું અને હવે પછી શું?'' લોકો પૂછે છે કે, ''રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઇ તો રામ રાજ્યનું શું?'' માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'નો મંત્ર જે દિવસે આપ્યો હતો તે જ દિવસથી રામરાજ્યની સ્થાપનાની શરૂઆત થઇ ગઇ છે. દેશના નાગરિકો પ્રદેશ, જાતિ કે ધર્મનો ભેદભાવ ભૂલીને એકબીજાના સાથથી પોતાની તમામ ફરજોનું નિષ્ઠાપૂર્વક પાલન કરે અને દેશના નાગરિકો સમાનતા, સદભાવના, માનવતાની ભાવના સાથે એકબીજાના દુ:ખ દૂર કરવા પ્રયત્ન કરે, રાષ્ટ્ર વિકાસ માટે સૌ સાથે મળીને પ્રયત્ન કરશે ત્યારે ભારતમાં રામ રાજ્ય સ્થપાશે. આપણે સૌએ રામ ભક્તિમાં રાષ્ટ્ર ભક્તિનો સમન્વય કરવો જોઇએ. મારે એટલું કહેવું છે કે જ્યારે રામ મંદિરનું નિર્માણ થયું છે ત્યારે કહેવામાં આવે છે કે રામ મંદિર બનાવવામાં જે સામગ્રીનો ઉપયોગ થયો છે એ હજાર વર્ષ સુધી આ મંદિરને સુરક્ષિત રાખશે. મને પ્રશ્ન થાય છે કે શું આ સામગ્રી મંદિરને સુરક્ષિત રાખવા પૂરતી છે? તો મારો જવાબ 'ના' છે કારણ કે, રામ મંદિરને ૧૦૦૦ નહિ પણ ૧૦,૦૦૦ વર્ષ સુધી સુરક્ષિત બનાવવા માટે દુનિયાની કોઇ તાકાત રાષ્ટ્ર સામે આંખ ઉઠાવી ના શકે એટલું રાષ્ટ્ર મજબૂત બનાવવું જરૂરી છે. આ ભવ્ય અને દિવ્ય મંદિરના નિર્માણ માટે, આપણા વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે તેમણે જે પ્રયત્ન કર્યા તે માટે દેશના તમામ નાગરિકોએ પૂરી નિષ્ઠાથી સાથ આપવો જોઇએ. છેલ્લે મારે એટલું જ કહેવું છે કે ભગવાન રામ માટે એવું કહ્યું છે કે રામ નામ જાન્યું નહીં, જાન્યું સદા ઉપાધિ, કહી રહીમ તિહિ અપુના જનમ ગવાયો વ્યાધિ એટલે કવિ રહીમ કહે છે કે રામ નામનો નહીં, જે લોકો પોતાના ધન, પદ અને અધિકારને જ જાણે તેમનો જન્મ જ વ્યર્થ છે. તેઓ ફક્ત વાદ-વિવાદ કરી પોતાનું જીવન નષ્ટ કરી રહ્યા છે. રામ ભગવાને એવું વિચાર્યું હોત તો અયોધ્યામાં લોકો જ્યારે રામ ભગવાનને રાજા બનાવવા માટે આતુર હતા ત્યારે ભગવાન રામે ઇચ્છયું હોત તો ભાઇ ભરત અને માતા કૈકેયીને જેલમાં મોકલીને રાજા બની શક્યા હોત. પિતા દશરથે પણ પોતાને કેદ કરીને ભગવાન રામને કહ્યું કે, ''તમે રાજા બની જાઓ.'' પરંતુ ભગવાન રામે મૂલ્યો, નૈતિકતા અને ધર્મને માટે સત્તા છોડી કોઇ પણ પ્રકારના વિરોધ વગર વનવાસ સ્વીકાર્યો.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી જ્યારે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અનુસંધાને આદરણીય પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન આપવા માટેનો પ્રસ્તાવ આ ગૃહમાં લાવ્યા છે ત્યારે હું તેમને સમર્થન આપું છું અને મારી જાતને ધન્ય અનુભવું છું કે આ યુગમાં આપણા બધાનો જન્મ થયો છે. આ યુગમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા થઇ, ભગવાન રામલલ્લા જે મંદિરમાં બિરાજ્યા છે તેના દર્શન કરવાનો આપણને મોકો મળ્યો છે. સદભાગ્ય એટલા માટે થાય છે કે તુલસીદાસજીએ રામચરિતમાનસમાં ''અહોભાગ્ય મમ અમિત અતિ રામ કૃપા સુખ પુંજ, દેખઉનયન બિરંચિ સિબ સેબ્ય જુગલ પદ કંજ'' આ વાત કરી છે. અમે પણ ભાગ્યશાળી છીએ કે રામરાજ્યમાં આ વાત થઇ છે. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ આપણે બધાએ જોયું કે આ દેશના વડાપ્રધાન આદરણીય મોદી સાહેબે જે રીતે ભગવાન રામલલ્લાનું પૂજન કર્યું અને ભગવાન રામને તેમના નિજ મંદિરમાં સ્થાપિત કર્યા ત્યારે આપણે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે જે રામરાજ્ય હતું તે વખતે ભગવાન રામ જ્યારે વનવાસ કરીને અયોધ્યામાં પરત આવ્યા હતા ત્યારે તેમનું જે રીતે સ્વાગત અને સત્કાર કર્યો હતો તેમનાથી પણ વધારે ઉત્સાહથી સમગ્ર વિશ્વમાં, આ દેશમાં ભગવાન રામનું લોકોએ આદરપૂર્વક સ્વાગત કર્યું હતું તે ગૌરવની વાત છે. આપણને બધાને એવું થશે કે ભારત દેશમાં સન્માન થાય પણ દુનિયાનો એક પણ દેશ એવો ન હતો કે ૨૨મી જાન્યુઆરીએ ભગવાન રામને સન્માન કરવા માટે લોકો આતુર ન હોય, એ સન્માનમાં ભગવાન રામની પૂજા કરી હતી.

## સરકારી સંકલ્પ ( નિયમ - ૧૨૦)

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગૌરવ સાથે કહી શકીએ કે આ દેશમાં ભગવાન રામ એકતા અને સદભાવનાનું પ્રતીક છે. ૨૨મી જાન્યુઆરીએ સમગ્ર દેશ, સમગ્ર સમાજ અને સમગ્ર ધર્મના તમામ લોકો પોતાના ઉત્સાહ પ્રમાણે એ ભલે ૧૦૦ વર્ષના વૃદ્ધ, ૧૦ વર્ષનો બાળક કે ૧૮ વર્ષનો યુવાન હોય પણ પોતાની તાકાત પ્રમાણે ભગવાન રામને આવકારવા માટે આતુર અને ઉત્સુક હતાં. આદરણીય પ્રધાનમંત્રીશ્રી જ્યારે નિજ મંદિરમાં મંત્રોચ્ચાર સાથે પ્રાણ પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારીને બહાર આવ્યા હતા ત્યારે આપણે જોયું છે કે સમગ્ર દેશના જનપ્રતિનિધિ, સમાજના શ્રેષ્ઠીઓ, દેશનું નેતૃત્વ કરનાર વ્યક્તિઓ પણ આ ક્ષણને જોવા માટે, પ્રધાનમંત્રીશ્રીને જોવા માટે ઉત્સુક હતાં તે આપણા માટે ગૌરવની વાત છે. આ ભગવાન શ્રીરામનું મંદિર એ માત્ર પૂજાનું સ્થળ નથી. આ રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠાથી આવનારા દિવસોમાં ઉત્તરપ્રદેશના અયોધ્યાક્ષેત્રમાં ટ્રાન્સપોર્ટેશનનો વ્યાપ વધશે. નાના વેપારીઓને પણ રોજીરોટી મળશે એ મહત્ત્વનું પાસું છે. પૂજાપો વેચનાર વ્યક્તિઓને પણ ભરણપોષણ મળશે. આ રામરાજ્યથી તમામ સમાજના લોકોમાં વિશ્વાસનો મત વધશે. આદરણીય મુખ્યમંત્રીશ્રી પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે હું આ પ્રસ્તાવને અનુમોદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું. જય સીયારામ.

અધ્યક્ષશ્રી : શ્રી ઉમેશભાઇ, શ્રી માવજીભાઇ અને શ્રી ફતેસિંહભાઇને એક-એક મિનિટ વધારાની આપું છું. એક મિનિટમાં વકતવ્ય પૂરું કરજો. સમય ના બગાડશો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું અને મારી આમ આદમી પાર્ટી અનુમોદન આપીએ છીએ. સાથોસાથ થોડાક સૂચનો પણ આપીએ છીએ. અનેક કારસેવકોએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે એમના પરિવારને આ ગૃહના માધ્યમથી અભિનંદન આપવામાં આવે, રામમંદિર ખાતે એક હૉસ્પિટલ બનાવવામાં આવે અને શ્રીરામના નામે એક કૉલેજ બનાવવામાં આવે એવી હું અપીલ કરું છું. દ્વારકા ખાતેના શ્રીકૃષ્ણ મંદિર અને ચોટીલા મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરવામાં આવે એવી હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે એ આપણા દેશ માટે ખૂબ ગૌરવની વાત છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી સમગ્ર દેશ અને વિશ્વ માટે ગૌરવ લઇ શકાય એવો આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા રામમંદિરની પ્રતિષ્ઠાનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. જે રામરાજ્ય માટે આપણે પાંચસો વર્ષો સુધી અનેક પ્રકારની યાતનાઓ વેઠી, ૭૮ જેટલા નાના-મોટા યુદ્ધો થયા, લાખો લોકોએ બલિદાનો આપ્યા અને સૌથી દુઃખની વાત તો એ છે કે આઝાદી પછી શ્રીરામની સ્થાપના કરવાના બદલે શ્રીરામને અછૂત બનાવી દેવામાં આવ્યા હતા અને જે રામનું નામ લે એના પર જાત-જાતના લેબલો લગાવવામાં આવતા હતા. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની શ્રીરામ પ્રત્યેની નિષ્ઠા અંગે વાત કરું તો, એમણે સોમનાથથી માંડીને અયોધ્યાની યાત્રા કરીને શપથ લીધા હતા કે ''હું રામમંદિરની પ્રતિષ્ઠા કરીને અયોધ્યા આવીશ''. સમગ્ર સનાતન ધર્મ માટે કામ કર્યું છે ત્યારે આ પ્રસ્તાવને મારું સમર્થન આપું છું.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. તમામ સીનિયર સભ્યશ્રીઓએ જે ચર્ચા કરી એમાં મારું ટૂંકુ વકતવ્ય આપું છું. આ અયોધ્યાના મંદિર પર સાત વખત આક્રમણો થયા હતા. લોરી, તઘલખ, ઘોરી, ગજની, બેગડ આ બધા લોકોએ આક્રમણો કરીને મંદિરને તોડ્યું હતું. આ દેશના સાડા ત્રણ હજાર મંદિરો તોડી નાંખવામાં આવ્યા હતા. ભગવાન શ્રીરામને વનવાસ લઇને કુટિરમાં રહેવું પડ્યું હતું. ત્યારબાદ આપણી લોકશાહીની સ્થાપના થઇ અને કૉંગ્રેસની સરકાર આવી. એ વખતે ભગવાન શ્રીરામની મૂર્તિ પ્રસ્થાપિત થઇ ત્યારે આ દેશના *(xxx) (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય ફતેસિંહભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી માટે જે શબ્દો વાપર્યા છે તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : સહજતાના સમયે સભ્યશ્રીઓની ચર્ચામાં કોઇ આડોઅવળો શબ્દ આવ્યો હોય તો ચેક કરીને રેકર્ડ ઉપરથી કાઢી નાખવામાં આવે.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રીના અભિનંદન સંકલ્પમાં ભાગ લેનાર મારા સાથી ધારાસભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી અમિતભાઇ ઠાકર, શ્રી અનિરુદ્ધભાઇ દવે, શ્રીમતી સંગીતાબેન પાટીલ, શ્રી મહેશભાઇ કસવાલા, શ્રી પ્રવિણકુમાર માળી, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રી સંજયભાઇ કોરડિયા,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ઉમેશભાઇ મકવાણા, શ્રી માવજીભાઇ દેસાઇ અને શ્રી ફતેસિંહભાઇ ચૌહાણ આ સૌનો હું ખૂબ-ખૂબ આભાર માનું છું તથા આ સંકલ્પને સર્વાનુમતે મંજૂર કરવા હું સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : રામ એટલે પ્રેમ, રામ એટલે કરુણા, રામ એટલે સત્ય, રામ એટલે ન્યાય, રામ એટલે આદની, રામ એટલે ઊર્જા. એટલા માટે જ માનનીય મુખ્યમંત્રીશ્રી આજે જયારે આ ઐતિહાસિક પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે સંકલ્પને મતદાન ઉપર મૂકતાં પહેલા ભગવાન શ્રી રામ માટે ભગવાન વિષ્ણુનો અવતાર, **લોકાભિરામમ્, રણરંગધિરમ્, રાજીવનેત્રમ્ રઘુવંશનાથમ્, કારુણ્યરૂપમ્ કરુણાકરન્તમ્, શ્રીરામચંદ્રમ્ શરણંપ્રપદ્યે.** પ્રભુ શ્રી રામની આ ઐતિહાસિક ક્ષણ જયારે આ વિધાનસભા ગૃહ બન્યું છે ત્યારે હવે હું સંકલ્પ મત માટે મૂકીશ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે અને સંકલ્પ પસાર કરવામાં આવે છે. રિસેસનો સમય થયો છે. થોડો સમય વધારે થયો છે એટલે આપણે ૩૦ મિનિટના સમયને બદલે ૪૫ મિનિટની રિસેસ રાખીએ છીએ એટલે બધા સભ્યશ્રીઓને ભોજનનો સમય પણ મળી રહે.

**(વિરામ બપોરના ૨-૨૮થી ૩-૨૫)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)**

**ઉપાધ્યક્ષશ્રી :** માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

**હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.**

***સુધારા ક્રમાંક-૧ -** રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે, પરંતુ આ પાણીના વિતરણ અંતર્ગત નગરપાલિકાઓ, કોરપોરેશનો અને ઉદ્યોગો પાસેથી કેટલી રકમ વેરા તરીકે વસૂલવામાં આવે છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારા ક્રમાંક-૨ રજૂ કરું છું.

'' જન્માષ્ટમી અને દિવાળી દરમ્યાન લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ એક લિટર ડબલ ફિલ્ટર્ડ સિંગતેલનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાં સરકારે સબસિડી પેટે કુલ કેટલી રકમ ભોગવી'' તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૨ રજૂ કરવામાં આવ્યો.**

***સુધારા ક્રમાંક-૩ -** પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે રાજ્યમાં કેટલા ખેડૂતોને કેટલી રકમનો લાભ આપ્યો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

***સુધારા ક્રમાંક-૪ -** ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી, પરંતુ કેટલા લાભાર્થીઓને વિદેશ અભ્યાસ જવા માટે તેમજ વિવિધ શૈક્ષણિક અને રોજગારલક્ષી યોજનાઓમાં કેટલી રકમ ચૂકવાઇ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારા ક્રમાંક-૫ રજૂ કરું છું.

'' રાજયમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૧,૦૭,૬૨૧ લાખ ઘનફૂટ જેટલો જળસંગ્રહ થયો, પરંતુ ખેડૂતોને સિંચાઇના પાણી માટે વ્યાપક રજૂઆતો કરવા છતાં પાણી મળતું નથી'' તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૫ રજૂ કરવામાં આવ્યો.**

***સુધારા ક્રમાંક-૬ -** રાજ્ય સરકારની નલસે જલ યોજના અંતર્ગત વર્ષવાર કેટલીરકમ ફાળવી અને કેટલો ખર્ચ થયો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક ૭ રજૂ કરું છું.

માઘ ૧૬, ૧૯૪૫ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

'' વર્ષ ૨૦૨૩માં માર્ચ માસમાં થયેલ વિવિધ કુદરતી આફતો, કમોસમી વરસાદ અને બિપરજોય વાવાઝોડામાં થયેલ નુકસાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે કેટલી રકમની સહાયની માગણી કરી અને કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફાળવી તે'' બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૭ રજૂ કરવામાં આવ્યો.**

***સુધારા ક્રમાંક-૮ -** ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ ખાતે ઔદ્યોગિક અને બિન-ઔદ્યોગિક હેતુ માટે કુલ ૫૩૧ એકર જમીનની ફાળવણી કરી પરંતુ કુલ કેટલા ઔદ્યોગિક એકમોને આ ફાળવણી કરવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારા ક્રમાંક ૯ રજૂ કરું છું.

'' કિસાન સુર્યોદય યોજના અંતર્ગત ૭૦૮૪ ગામોમાં દિવસે વીજળી અપાય છે, પરંતુ બાકી રહેતા ગામોને કેટલા સમયમાં અને કેટલા તબકકામાં આ લાભ અપાશે'' તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૯ રજૂ કરવામાં આવ્યો.**

***સુધારા ક્રમાંક-૧૦ -** રાજ્યની નાગરપાલિકાઓ તેમના બીજબિલોનું ચૂકવણું નિયમિતપણે કરી કરી શકે તે માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં વીજબિલ પ્રોત્સાહક યોજનામાં રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ સામે કંઇ કંઇ નગરપાલિકાઓને કેટલી રકમ વીજબિલ પ્રોત્સાહક યોજના અંતર્ગત ફાળવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

***સુધારા ક્રમાંક-૧૧ -** વર્ષ ૨૦૨૩માં માર્ચ માસમાં રાજ્યમાં થયેલ વિવિધ કુદરતી આપત્તિઓ, કમોસમી વરસાદ, વગેરેમાં ખેડૂતોને થયેલી કુલ પાક નકસાની કેટલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

*** આ સુધારાઓ સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે ગયા વર્ષ માટે એટલે કે ૨૨-૨૩ ના વર્ષની પ્રગતિનો અહેવાલ કહીએ એ ખોટું નથી. મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પર આપણી સરકારની પ્રગતિ દરેક રીતે ઉદ્‌બોધનમાં આપણને જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે માનનીય રાજયપાલશ્રીના ઉદ્‌બોધન બદલ આભાર પ્રસ્તાવ પર જયારે હું ચર્ચા કરી રહ્યો છું ત્યારે બધાને જય શ્રી રામ, જય શ્રી રામ. એટલા માટે કે હું તો આદિવાસી વિસ્તારમાંથી આવું છું. મા શબરી અને ભગવાન રામચંદ્રજી સાથે અમારો ખૂબ મોટો નાતો છે. આજે પણ હું તો ઢોળિયા સમાજમાંથી આવું છું. રામને યાદ કરવામાં અમારું બારમું કે તેરમાની વિધિ થાય તે દિવસે પણ અમે જયારે અમારા સગાસંબંધી ભેગા થાય ત્યારે અમારી ભાષામાં અમે એમ કહીએ કે 'આઇટા મોટા રામરામ' એટલે કે નાના મોટા રામ રામ. ત્યાંથી અમારી શરૂઆત થાય. અમે ઉંઘતા રામ અને ઉઠતા રામ. દરેક જગ્યાએ રામ. એટલા માટે હું એક પંક્તિ કહીશ કે, ''રઘુપતિ રાઘવ રાજા રામ, પતીત પાવન સીતારામ.''

આજે માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે માનનીય વડાપ્રધાનશ્રીને અભિનંદન આપતો પ્રસ્તાવ અહીંથી પ્રસ્તુત થયો ત્યારે જે તમામ સભ્યશ્રીઓએ ભાગ લીધો તે તમામ લોકોએ ખૂબ સારી મહેનત કરીને અભ્યાસ કરીને જે રીતે એમના વકતવ્યમાં કહ્યું, હું એ તમામને અભિનંદન આપું છું. ભગવાન રામ વ્યાપક હતા. વિશ્વાત્મા હતા. એટલે ભગવાન રામ માટે તો જેટલું બોલીએ એટલું ઓછું. આજે જયારે આ ગૃહમાં મારે માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા કરવાની છે ત્યારે આપણું રાજય જે રીતે વિકાસ કરી રહ્યું છે. મારે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને ધન્યવાદ આપવા છે કે જયારે એમણે ગુજરાતની ધૂરા સંભાળી અને પછી ગુજરાતની ભૌગોલિક સ્થિતિ અને ગુજરાતની ૬ કરોડની જનતાને ધ્યાનમાં રાખીને જે રીતે એમણે વિકાસના કાર્યો હાથ પર લીધા અને વિકાસની કેડી કંડારીને એમણે જે રીતે ગુજરાતની વિકાસની શરૂઆત કરી, મારે આજે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇને અભિનંદન આપવા છે કે આ વખતનું બજેટ પણ આપણે જોયું અને વર્ષ ૨૦૨૨-૨૩માં હું પોતે મંત્રી હતો તે સમયે જયારે રાજયપાલશ્રીના સંબોધનમાં કેટલીક ચર્ચા અમારા વખતની મંત્રીમંડળની આવી જાય છે ત્યારે મને પણ આનંદ થાય છે કે જે રીતે અત્યારે વિકાસની ગતિ ચાલી રહી છે એ ગતિમાં કોઇપણ રીતે કોઇ રૂકાવટ આવી નથી અને આજે અમે ૧૮૨ જે વિધાનસભાના સભ્યો છીએ એ વિકાસમાં આજે અમે ભાગીદાર છીએ એનું અમને ગૌરવ છે. અત્યારે થોડા દિવસ પહેલાં ભારત સંકલ્પ વિકસિત યાત્રા એ વિકસિત યાત્રા જયારે આખા ભારતમાં અને આખા રાજયની અંદર એ ચાહે ગામડું હોય કે શહેર હોય પણ અમારા માનનીય વડાપ્રધાનશ્રીની ગેરંટીવાળો રથ જયારે ગામડે ગામડે જતો હતો ત્યારે મારું પણ નસીબ એ હતું કે પાર્ટી દ્વારા મને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓને જોવાની મને ઇન્ચાર્જ તરીકે જવાબદારી પણ આપેલી હતી. અનેક જિલ્લાઓમાં મારે જવાનું થયું છે પણ જયારે માનનીય નરેન્દ્રભાઇનો જે સંકલ્પ છે કે આ વિકસિત યાત્રામાં, કોઇપણ ગરીબ ભૂખ્યો સૂવો ન જોઇએ. ગરીબ માટે કોઇ જ્ઞાતિ હોતી નથી. કોઇપણ ગરીબ પરિવાર ઉપર કોઇપણ મોટી બીમારી આવે તો એનો મફત ઇલાજ થવો જોઇએ. એમની ત્રીજી વાત હતી કે કોઇપણ ખેડૂતને કોઇપણ રીતે પ્રોત્સાહિત કરીને એમને પ્રગતિમાં કોઇપણ રીતે લઇ જવા જોઇએ. એટલા માટે એમણે ચાર જ્ઞાતિઓ

સાથે જોડી દીધા. ગરીબ મહિલા યુવા અને ખેડૂત અને એમને ધ્યાનમાં રાખીને જે રીતે આ વિકસિત યાત્રાની અંદર સાફલ્ય ગાથામાં લાભાર્થીઓ પોતાના વકતવ્યમાં જયારે કહેતા ત્યારે કેટલીક વાતો તો એવી હતી કે આપણા પણ રુંવાડા ઊભા થઇ જાય. દા.ત. આયુષ્યમાન કાર્ડ, આજે તમે કે અમે અહીંયાના ગૃહના સભ્યો છીએ. હું સન ૨૦૦૭માં આ વિધાનસભાની અંદર એક વિધાનસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો હતો. તે સમયે કોઇ મા કાર્ડ કે આયુષ્યમાન કાર્ડન વ્યવસ્થા ન હતી તે સમયે અમારા જેવા ધારસભ્યએ રીલીફ ફંડમાં મુખ્યમંત્રી ફંડમાં એમને સંબોધીને અમે લેટર લખતા કે સાહેબ, ફલાણા વ્યકિતને કેન્સરની બીમારી છે કે એને એટેકની બીમારી છે તો એને સહાયરૂપ બનવા મહેરબાની કરશોજી. એ સમયે આખું કવોટેશન જોઇને રૂ.૫૦ હજાર, ૬૦ હજાર, ૭૦ હજાર મળે. રૂ.લાખ દોઢ લાખની આશા તો ન રખાય પણ સામાન્ય રકમ એ દર્દીની સારવારમાં એને મળતી હતી પણ આજે જયારે નરેન્દ્રભાઇએ આ દુનિયામાં સૌથી મોટી કોઇ યોજના બનાવી હોય તો આયુષ્યમાન કાર્ડ અને આજે મારે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય કનુભાઇ અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે પાંચ લાખ હતા એમાં બીજા પાંચ લાખ ઉમેરીને આજે દસ લાખ જેટલી સગવડ કોઇ મોટી બીમારીમાં આપે છે. હું તો ભગવાનને પ્રાર્થના કરું છું કે કોઇ પરિવાર માં કોઇ મોટી બીમારી ન આવે પણ અનિવાર્ય સંજોગોમાં આવી સ્થિતિમાં કોઇ પરિવાર મૂકાય તો એ ફરી સાજો થઇને ઘરે પાછો જાય એ ઘરને કેટલો મોટો સહારો મળતો હોય છે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની અંદર હું જોતો હતો કે કોઇ ભૂખ્યો ના મરવો જોઇએ. આજે આખા ભારતમાં ૮૦ કરોડ કરતા વધારે લોકોને મફતમાં એને અનાજ મળે, અને આજે આપણા ગુજરાતમાં ૩ કરોડ, ૫૪ લાખ લોકોને મફતમાં અનાજ મળી રહ્યું છે ત્યારે મારે સરકારને અભિનંદન આપવા જોઇએ. એક પણ ગરીબ પરિવારમાં શૌચાલય બાકી ન હોવું જોઇએ. આ નાની વાત આપણને લાગે છે પણ તેમ છતાં માનનીય નરેન્દ્રભાઇની ગરીબ પરિવાર પ્રત્યે એમની ભાવના કેવી? એમાં કોઇ વીમાથી વંચિત ન રહેવું જોઇએ. જયારે એ વખતે ૧૨ રૂપિયામાં વીમાની વાત કરતા હતા, આજે ૨૦ રૂપિયાની રકમ થઇ પણ વીમાની વાતમાં એની સાફલ્ય ગાથામાં, એના વકતવ્યમાં જયારે બોલે ત્યારે આપણા રૂંવાડા ઊભા થઇ જાય. એક દિવસ તો એવો પ્રસંગ બન્યો, ૩૧ વર્ષની એક વિધવા બહેન એ જયારે બોલે છે કે સાહેબ આજથી ચાર-પાંચ મહિના પહેલાં મેં ૧૨ રૂપિયાનો વીમો ઉતારાવ્યો હતો, મારા ઘરવાળાને બ્રેઇન હેમરેજ થયું અને મારા ઘરવાળાનું અવસાન થયું. આ ૧૨ રૂપિયાના વીમામાં મારા ૧૫-૨૦ દિવસ પહેલાં બે લાખ રૂપિયા જમા થઇ ગયા.ત્યારે આ પરિવાર માટે બે લાખ એ કેટલી મોટી રકમ હોય છે. હું ગરીબ પરિવારમાંથી આવું છું. મેં અગાઉ પણ કહ્યું હતું કે હું બે માસનો હતો. એક વિધવામાનો દીકરો છું. વિધવાને શું વિતે એ મેને ખબર છે. ગરીબો માટે એક એક યોજનાઓ હતી શોધી શોધીને આપવું. માનનીય અધ્યક્ષશ્રી, મને તો એવું લાગે છે કે, ભૂતકાળમાં ક્યારેય એવું હશે નહીં કે કોઇ સરકાર એના આંગણે જઇને લાભાર્થીને શોધે અને શોધી શોધીને એને લાભ આપે. પહેલું સ્ટેજ એવું હતું કે અત્યાર સુધીમાં ઘણાં લોકોએ લાભ લીધો. અમારી આ ભારત સંકલ્પ યાત્રાનો સંકલ્પ એ હતો કે, હજુ પણ કોઇ લાભાર્થી બાકી હોય એને શોધી શોધીને આપવું. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં એટલા બધા સારા અનુભવ થયા કે અદભૂત એનો પ્રતિસાદ મળ્યો. હું આંકડા જોતો હતો કે ૬૨ લાખ લોકો આ યાત્રામાં જોડાયા. જ્યારે એ સંકલ્પ લઇ વર્ષ ૨૦૪૭ સુધીમાં અમારે આ દેશને વિકસિત બનાવવો છે. અમારે આ દેશને મહાસત્તા બનાવવી છે. આપણાં પૂર્વજોએ જે સ્વપ્નું જોયું હતું ભારત માતા પરમ વૈભવના શિખર ઉપર બિરાજમાન થાય. આજે માનનીય નરેન્દ્રભાઇ જે ગિતએ કામ કરી રહ્યાં છે એ ગતિ જ્યારે આપણે જોઇએ કે જે રોડમેપ તૈયાર થઇ રહ્યો છે એ દિવસો હવે દૂર નથી ત્યારે મને આનંદ થાય છે કે અમે વર્ષ ૨૦૦૨ પહેલાનું ગુજરાત જોયું છે. આજે છેલ્લા ૨૦-૨૨-૨૫ વર્ષમાં જે રીતે હું એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું એ આદિવાસી વિસ્તારમાં કેવી સ્થિતિમાં લોકો જીવતા હતા? પહાડી ઈલાકા અને ડુંગરાળ એરિયાની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ક્યારે વિકાસ થાય. રોડ અને પાણીની અપેક્ષા નહીં રખાય પણ આજે મને કહેતા આનંદ થાય છે કે નેવાના પાણી મોભે ચઢ્યું છે. જ્યારે ગરીબના ઘર સુધી નળ જાયને ત્યારે આપણને આનંદ થાય. આ રીતનો વિકાસ થાય. હું તો કોંગ્રેસને આજે અભિનંદન આપું છું કે, ડેમનો વિરોધ કરનારા કરે પણ પાણી વગર શું કરીશું? મારે માનનીય કનુભાઇને અભિનંદન આપવા છે કે એમણે બે વખત બજેટની અંદર અમારા દક્ષિણ ગુજરાતમાં બે મોટી નદીઓ આવેલી છે ત્યાં આજે જે ચેકડેમ બની રહ્યાં છે કરોડ, દોઢ કરોડ, બે કરોડ, અઢી કરોડ, પાંચ કરોડ મોટી રકમના ચેકડેમ થકી ત્યાં ઉદ્વહન સિંચાઇ યોજના ઊભી થાય. લોકોને ખેતીના પાણી મળે. આદિવાસી ખેડૂત ક્યારે ખેતી કરી શકે? જ્યાં સુધી એને પાણીની સગવડ નહીં આપીએ, એ પાણી જોતો રહે, પાણી વાપરે જ નહીં તો તેની પ્રગતિ કેવી રીતે થાય? આ સરકારે જે રીતના કામ કર્યું છે એને મારે ધન્યવાદ આપવા છે. જ્યારે હું આદિવાસી વિસ્તારની વાત કરું તો ઉદ્વહન સિંચાઇ યોજનાની અંદર આ વખતના બજેટમાં વાંચતો હતો એ અરજણ લીંક હોય, અમે તો નસિબવાળા છીએ કે નવસારીમાં બે ટાઇડલ ડેમ બની રહ્યાં છે. એક પૂર્ણા ટાઇડલ ડેમ અને એક વાઘરેજ ટાઇડલ ડેમ. વાઘરેજ ટાઇડલ ડેમ અત્યારે પૂર્ણતાના આરે છે. આ વર્ષથી અમે પાણી ત્યાં નાખીશું એ રીતની ડેમની તૈયારી અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધનમાં જી-૨૦ની જ્યારે વાત આવી છે ત્યારે મારે સરકારને અભિનંદન આપવા છે પ્રેસીડન્સીની તક ભારતને મળી અને એમાં પણ ભાગ્યશાળી ગુજરાતમાં જ્યારે આ યોજાય છે ત્યારે હું સરકારને જે જી-૨૦ની એકદમ સફળતાપૂર્વક અને આયોજનપૂર્વક પૂરી કરી છે ત્યારે અભિનંદન આપું છું. જી-૨૦માં ભારતની કેવી ઓળખ ઊભી થઇ? આંતરરાષ્ટ્રીય સ્તરે એ મજબૂતાઇથી વાત મૂકી શકે એ પ્રકારની છબી ઊભી થઇ. જ્યારે વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરીએ છીએ ત્યારે તાજેતરમાં ગુજરાતમાં થોડા દિવસ પહેલા જોયું કે તેમાં કેટલા દેશના વડાઓ એમાં ભાગ લેવા અનેક બુદ્ધી જીવીઓ આવ્યાં હોય એ સમયે આપણી છાતી ગદગદ ફૂલે એવો અનુભવ થાય. વર્ષ

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

૨૦૦૩માં આ ગુજરાતમાં વિકાસ યાત્રાની શરૂઆત કરીને માનનીય નરેન્દ્રભાઇ વાઇબ્રન્ટ ગુજરાતને લઇ આવ્યાં. આજે જે રીતે આટલા વર્ષો પછી જ્યારે દસમી સમિટમાં આપણે અનુભવ કર્યો. કે આ રીતે આપણા ગુજરાતની સ્થિતિ? આપણા ગુજરાતની અંદર એવા એવા ઉદ્યોગો આવી રહ્યા છે કે આપણું રાજ્ય સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય બન્યું છે. યુવાનોને અનેક પ્રકારની તક મળી છે. માર્ગ અને મકાનની વાત કરું, શિક્ષણની વાત કરું, ઊર્જા વિભાગની વાત કરું કે ગૃહ વિભાગની વાત કરું પણ સલામતી જોઇએ. સલામતી હોય તો જ અનેક ઉદ્યોગો આવી શકે. જે રીતે ગૃહ વિભાગ કામ કરી રહ્યો છે. પોલીસના અધિકારી/કર્મચારીઓ પણ જે રીતે કામ કરી રહ્યા છે એ ધન્યવાદને પાત્ર છે. શિક્ષણમાં પણ ધન્યવાદ આપવા પડે શિક્ષણ મંત્રીશ્રી અને આપણા મુખ્યમંત્રીશ્રીને કે આ વખતે બજેટની અંદર ઘણાબધા બોલશે પણ મંત્રી તરીકે આદિજાતિ વિસ્તારના એકલવ્ય રેશીડેન્શીયલ સ્કૂલની અંદર જવાનું થતું હતું. ત્યારે માબાપ વગરના દીકરાને જોઉં અને એ સાયન્સની અંદર અભ્યાસ કરે, સારા ટકાએ પાસ થાય, એમ.બી.બી.એસ.ની અંદર એડમિશન લે ત્યારે અમને ગર્વ થતો હતો કે આ એકલવ્યનું પરિણામ શું છે અમારા આદિવાસી માટે? અનેક છાત્રાલયોમાં અમારા અનેક બાળકો ભણી રહ્યા છે. એને વિવિધ પ્રકારની અમે સગવડ આપીએ છીએ. આવનારા દિવસોમાં અમારી વિકસિત યાત્રામાં એ પણ કહેવાયું છે કે શ્રી નરેન્દ્રભાઇ એવું કહેવા માગે છે કે હવે કોઇપણ ગરીબ પરિવારમાં અભણ નહીં રહેવું જોઇએ. કોઇપણ ગરીબ પરિવારમાં. ગરીબ માટે અમારી કોઇ જ્ઞાતિ નથી. ગરીબ પરિવારમાં કોઇ અભણ નહીં રહેવું જોઇએ એવા સંકલ્પ સાથે અમારી સરકાર જયારે આગળ વધી રહી છે ત્યારે આ રાજયપાલશ્રીના સંબોધન ઉપર જે જે સભ્યો બોલવાના છે એ પોતપોતાના વિષય અહીંયા ચોક્કસ રજૂ કરશે અને હું આશા રાખું છું કે તમામ સભ્યો રાજયપાલશ્રીએ જે આખા વર્ષ દરમિયાનની વિકાસના કાર્યોની જે પ્રગતિ આપણા સમક્ષ મૂકી છે તો ચોક્કસ આભાર માનતા પ્રસ્તાવમાં સૌ સહકાર આપે એવી અપેક્ષા રાખું છું. ધન્યવાદ.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ સૌને જયજય શ્રી રામ. માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ એમનો આભાર માનતો પ્રસ્તાવ સાથી સદસ્ય શ્રી નરેશભાઇ પટેલ લઇને આવ્યા છે એને હું મારું હાર્દિક સમર્થન આપું છું અને એમાં મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાત એ માત્ર ચાર અક્ષરોનો બનેલો શબ્દ નથી પણ ગુજરાત એ લાખો અને કરોડોના સ્વપ્નને સાકાર કરવાનું સ્થળ છે. રામ રાજયની કલ્પના સાથે આ દેશમાં શરૂ થયેલી આઝાદીની લડાઇ વખતે પણ દેશનું નેતૃત્વ ગુજરાતના બે મહાન સપૂત પૂજય મહાત્મા ગાંધી અને સરદાર સાહેબ કરતા હતા અને આજે આઝાદીના ૭૫ વર્ષ પછી સ્વરાજયને સુરાજયમાં ફેરવવા માટેનું, સ્વરાજયને રામરાજયમાં ફેરવવા માટેનું દેશમાં જે કાર્ય ચાલી રહ્યું છે એનું નેતૃત્વ પણ બે ગુજરાતીઓ આપણા નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને આપણા અમિતભાઇ શાહ સાહેબ કરી રહ્યા છે અને આ બંને ગુજરાતના સપૂતો આપણી આ વિધાનસભાના સદસ્ય હતા જે વિધાનસભાના આપણે સૌ સદસ્ય છીએ. એનું મને ગૌરવ છે. એનું સમગ્ર ગુજરાતની જનતાને ગૌરવ છે. ૧૯૪૭માં આપણે આઝાદ થયા એ આઝાદી વખતથી દેશમાં કેટલી મોટી સમસ્યાઓ, કેટલા મોટા પ્રશ્નો હતા. જેવા કે કાશ્મીરમાં ૩૭૦ની કલમ, અયોધ્યામાં રામ મંદિરનો પ્રશ્ન, દેશમાં ગરીબીનો પ્રશ્ન, નિરક્ષરતા અને બેરોજગારીનો પ્રશ્ન, પાણીનો પ્રશ્ન, ગંદકીનો પ્રશ્ન. આ બધા પ્રશ્નો આઝાદી વખતે આપણને વારસામાં મળ્યા હતા અને આ બધી જ સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે કેન્દ્રની નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાતના મૃદુ પણ મકકમ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી આ સરકાર ભગીરથ પ્રયત્ન કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, કાશ્મીરમાં ૩૭૦ની કલમ તે આઝાદી વખતે દાખલ થઇ હતી. કામચલાઉ દાખલ થઇ હતી. ભૂતકાળની સરકારોમાં ઇચ્છા શક્તિના અભાવને કારણે તે લાંબો સમય સુધી ચાલુ રહી. જેના કારણે કાશ્મીરની અંદર આતંકવાદ ફાલ્યો અને ફૂલ્યો અને સેંકડો લોકો તે આતંકવાદનો ભોગ બન્યા.

માનનીય અધ્યક્ષશ્રી, જનસંઘના આદ્ય સ્થાપક ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીએ નારો આપ્યો હતો કે, '' એક દેશમાં દો નિશાન, દો વિધાન ઔર દો પ્રધાન નહીં ચલેગા, નહીં ચલેગા''. ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીએ કાશ્મીર માટે શહીદી વ્હોરી. તે મહામાનવને હું શ્રદ્ધાપૂર્વક વંદન કરું છું. મા ભારતીનું સંતાન દેશના યશસ્વી વડાપ્રધાન આપણા નરેન્દ્રભાઇની દ્રઢ ઇચ્છાશક્તિ અને કેન્દ્રીય ગૃહમંત્રી આપણા અમિતભાઇ શાહ સાહેબના લોખંડી મનોબળના કારણે કાશ્મીરમાંથી આઝાદીના ૭૨ વર્ષ પછી ૩૭૦ની કલમ નાબૂદ થઇ અને જમ્મુ કાશ્મીર એ ભારતનું અભિન્ન અંગ બન્યું. સરદાર સાહેબનું અખંડ ભારતનું અધૂરું સપનું પૂરું થયું. "જહાં હુયે શહીદ મુખર્જી વો કાશ્મીર હમારા હૈ" તે નારો સાર્થક બન્યો. આ તો મોદી હૈ તો મુમકિન હૈ. અયોધ્યામાં ૫૦૦ વર્ષ જૂનો રામ મંદિરનો પ્રશ્ન. જેની પાછળ અનેક સંઘર્ષો થયા અને સેંકડો લોકો શહીદ થયા પણ ઉકેલ ન્હોતો આવતો. રામની ભક્તિ અને દેશવાસીઓની શક્તિથી મોદી સાહેબની સરકારે કાયદાની મર્યાદામાં રહી અયોધ્યાનો પ્રશ્ન ઉકેલી દીધો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કેશાજી, આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : સાહેબ, પંદર મિનિટ છે.

ઉપાધ્યક્ષશ્રી : પંદર મિનિટ છે તો ચાલુ રાખો.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અયોધ્યામાં ભવ્ય રામમંદિર બની ગયું. ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪ના શુભદિને ત્યાં રામલલ્લાની પ્રતિષ્ઠા થઇ. આપણે જોયેલું સપનું આપણી નજર સમક્ષ સાકાર થતું જોયું. જયશ્રી રામના નારા સાથે આખું વિશ્વ નાચી ઉઠયું. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો સૂર્યોદય થયો. નવા યુગનો પ્રારંભ થયો. નવા યુગના આ ગૃહના

માધ્યમથી ગુજરાતની જનતાને મારા તરફથી શુભેચ્છાઓ પાઠવું છું. આપણા ધર્મશાસ્ત્ર મુજબ જ્યારે અબિલ ગુલાલના છાંટણા થાય અને આકાશમાંથી પુષ્પવર્ષા થાય ત્યારે સમજવાનું કે રામરાજ્ય આવી રહ્યું છે. આ દ્રશ્ય ૨૨મી તારીખે આખા વિશ્વએ નિહાળ્યું છે. આ પ્રાણ પ્રતિષ્ઠા વખતે મંદિરના ગર્ભગૃહની અંદર દેશના પાંચ મહાનુભાવો હાજર હતા તે પાંચમાંથી બે આપણા ગુજરાતી હતા. એક આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને બીજા આપણા શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબ. આ બંને આ જ ગુજરાત વિધાનસભાના સભ્ય હતા જે વિધાનસભાના આજે આપણે સભ્ય છીએ. આપણા સૌ માટે આ અહોભાગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં ગરીબીની સમસ્યા આઝાદી વખતની સમસ્યા હતી. ભૂતકાળની સરકારોમાં ગરીબી નાબૂદીના નારા લાગ્યા પણ કોઇ નક્કર કામ ના થયું. ગરીબોનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ થયો. ગરીબો તે અમારા માટે વોટબેંક નથી. ગરીબો અમારા માટે દરિદ્ર નારાયણ છે. જે ભાવનાથી અમે ભગવાનની ભક્તિ કરીએ છીએ તે ભાવનાથી અમે ગરીબોનું કામ કરીએ છીએ. સત્તાએ અમારું અંતિમ લક્ષ્ય નથી. સિંહાસન હમારા અંતિમ લક્ષ્ય નહીં હૈ. સત્તાને સેવાનું માધ્યમ બનાવી છેવાડાના માનવીનો વિકાસ થાય, આઝાદીના ફળ છેવાડાના માનવી સુધી પહોંચે તે અમારું લક્ષ્ય છે. ન ધરા સુધી ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી. આઓ જલાયે દીપ જહાં અભી ભી અંધેરા હૈ. સુનો સાથીયો માનાકી અંધેરા ઘના થા મગર દીયા જલાના કહાં મના થા? વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા ગુજરાતના ગામો ગામ ફરીને ઘરે ઘરે આમંત્રણ આપીને વંચિતો સુધી સરકારની યોજનાઓ પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગુજરાત સરકારે કર્યું છે એ બદલ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી અને સરકારને સલામ કરું છું. દરિદ્ર નારાયણના આશીર્વાદથી ગઇ વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટાઇને આવેલા અમે ૧૫૬ ધારાસભ્યો અહીં બેઠાં છીએ અને એમના જ આશીર્વાદથી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ ત્રીજી વખત દેશના વડા પ્રધાન બની હેટ્રીક કરશે એમાં શંકાને કોઇ સ્થાન નથી. ગરીબી હટાવવાનો નારો લગાવનારાઓની હાલત એક સાંધે ત્યાં તેર તૂટે એવી થઇ છે. હજુ પણ સમજે તો સારું નહીં તો अंजाम वही होगा जो मंज़ूरे राम होगा.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદી એ શિક્ષણની સદી છે, જ્ઞાનની સદી છે. શિક્ષણથી જ ગરીબી નાબૂદ થઇ શકે, શિક્ષણથી જ સમૃદ્ધિ આવી શકે, શિક્ષણથી જ બેરોજગારી નાબૂદ થઇ શકે, શિક્ષણ એજ શક્તિ છે ગરીબી સામે લડવાનો રામબાણ ઇલાજ શિક્ષણ છે. શિક્ષણનો આ સંદેશો એ ગુજરાતના દરેક ગામ, દરેક ઘર, દરેક સમાજ સુધી પહોંચે એના માટે થઇ દેશના વડા પ્રધાન અને તત્કાલિન મુખ્ય મંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ગુજરાતની અંદર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમો આપવામાં આવ્યા અને એના કારણે ગુજરાતની અંદર શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ થઇ છે. રાજયમાં થયેલા ઝડપી આર્થિક અને સામાજિક વિકાસના કારણે રોજગારીની વિપુલ તકોનું સર્જન થયું છે. સ્ટાર્ટપ જેવા કાર્યક્રમોના લીધે નોકરી શોધતો યુવાન આજે નોકરી આપતો થયો છે. યુવાધનને રોજગારી આપવામાં ગુજરાત એ દેશનું પ્રથમ રાજય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી માટે ગુજરાત સરકારે ભગીરથ પ્રયત્ન કર્યા છે. કહેવાય છે કે, પ્રજાના કલ્યાણ માટે ભગીરથ ઋષિએ તપ કર્યું હતું તો ગંગાજીએ પ્રગટ થવું પડ્યું હતું. એમ પણ કહેવાય છે કે, ગંગાજીમાં ન્હાવાથી જિંદગીના બધા પાપ ધોવાય જાય પણ નર્મદાજીના દર્શન કરવા માત્રથી જિંદગીના બધા પાપ ધોવાય જાય છે આવી પવિત્ર નર્મદા યોજના એ તત્કાલિન મુખ્ય મંત્રી અને દેશના વડા પ્રધાનના ભગીરથ પ્રયત્નોના કારણે સાકાર થઇ. નર્મદા યોજના સાકાર થતાં કચ્છ, સૌરાષ્ટ્ર અને અમારી ઉત્તર ગુજરાતની સૂકી ધરતી સુધી નર્મદાના પાણી પહોંચ્યા છે. નર્મદાના પાણીના લાભથી વંચિત બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, દીયોદર, લાખણી, ડીસા અને કાંકરેજ તાલુકા માટે રાજય સરકારે તાજેતરમાં બે નવી પાઇપ લાઇનો મંજૂર કરી છે એ બદલ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને રાજય સરકારને એ વિસ્તારની જનતાવતી અભિનંદન આપુ છું અને એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની કાયમી સમસ્યાના ઉકેલ માટે નર્મદા મુખ્ય કેનાલ આધારીત કડાણા ડેમથી બનાસકાંઠાના છેવાડાના વિસ્તાર સુધી સુજલામ સુફલામ કેનાલનું આયોજન કરવામાં આવ્યું છે. સુજલામ સુફલામ કેનાલમાં પાણી એની પૂર્ણ ક્ષમતા સાથે વહે એના માટે જરૂરી સુધારા કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે એ નિર્ણય બદલ પણ ઉત્તર ગુજરાતના ખેડૂતોવતી આ સરકારને હું અભિનંદન આપું છું અને આભાર પણ માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાંકરેજ તાલુકાના કુકલી ગામે પુરમાં જે સાઇફન તૂટી ગયું હતું એ સાઇફન રીપેરીંગનું કામ અત્યારે ચાલે છે અને આગામી ચોમાસા પહેલા એ કામ પૂરું કરવાનો પ્રયત્ન સિંચાઇ વિભાગ કરી રહેલ છે એ બદલ સિંચાઇ વિભાગને અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા દીયોદર વિધાનસભા મત વિસ્તારના ૧૪ ગામો જે નર્મદા મુખ્ય કેનાલથી પશ્ચિમ ભાગમાં એનો વિસ્તાર હતો પણ કમાન્ડ એરિયામાં ન હતા એ ૧૪ ગામોને નર્મદા યોજનાનું પાણી પૂરું પાડવા માટે સરકારે તાજેતરમાં એ યોજનાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે એ બદલ મારા વિસ્તારની જનતાવતી સરકારનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગંદકીની સમસ્યા આઝાદી પહેલાંની સમસ્યા છે. મહાત્મા ગાંધીજીએ પણ સ્વચ્છતા ત્યાં પ્રભુતાનું સૂત્ર આપ્યું હતું. પહેલું સુખ તે જાતે નર્યા સ્વચ્છ શરીર, સ્વચ્છ મન, સ્વચ્છ ઘર, સ્વચ્છ આંગણુ, સ્વચ્છ ફળિયું, સ્વચ્છ ગામ, સ્વચ્છ શહેર, સ્વચ્છ દેશ, સ્વચ્છ હવા અને સ્વચ્છ જો આકાશ હોય તો જીવવાની કેવી મજા આવે? પૃથ્વી ઉપર

જાણે સ્વર્ગ ઉતર્યુ હોય એવુ આપણને લાગે. સ્વચ્છતા ત્યાં પ્રભુતા, સ્વચ્છતા ત્યાં સુંદરતા, સ્વચ્છતા ત્યાં પવિત્રતા. સ્વચ્છતા એટલે શરીરની સફાઇ, વસ્ત્રોની સ્વચ્છતા, મન તેમજ દ્રષ્ટ્રિની પવિત્રતા. ઘર, રસ્તા, મકાનો, શેરીઓ, સડકો, પર્યટન સ્થળો, જાહેર સ્થળો, સરકારી ઇમારતો, પર્યાવરણ અને પાણી આ બધુ સ્વચ્છ રાખવુ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબ દ્વારા ગંદકી ભારત છોડોનો નારો આપવામાં આવ્યો. **ના ગંદકી કરેંગે, ના કરને દેંગે**નો મંત્ર આપવામાં આવ્યો. મોદી સાહેબ ખુદે મંદિરો, માર્ગો, પોલીસ સ્ટેશનો ખાતે સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી. ગંદકી સાફ કરવા સાવરણો હાથમાં ઉપાડી અને ભારત સ્વચ્છ અભિયાન દ્વારા દેશને આહવાન કર્યું. અયોધ્યામાં રામલલ્લાની પ્રતિષ્ઠા નિમિત્તે ૧૪ તારીખથી ૨૨ તારીખ સુધી દેશમાં ખાસ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યુ. દેશના તમામ ધાર્મિક સ્થળોની સફાઇ કરવામાં આવી. શેરી વળાવી સજ્જ કરી વહાલાં ઘેરે આવોને આ ભાવનાથી લોકોએ આ સ્વચ્છ અભિયાનને સફળ બનાવ્યું. દરેક શહેર અને દરેક ગામ અયોધ્યા ધામ બન્યાં. દરેકના દિલમાં રામ બિરાજમાન થયા. અયોધ્યામાં રામનો રાજયાભિષેક થયો. રાષ્ટ્રમાં સ્વચ્છ રાષ્ટ્રનો ઉદય થયો અને નવા યુગનો પ્રારંભ થયો. આ યુગની સૌને હાર્દિક શુભેચ્છાઓ. ભારત માતાકી જય, જય જય ગરવી ગુજરાત. જય જય શ્રી રામ. આ સંકલ્પને હું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણીય પદ ઉપર બિરાજમાન મહામહિમ રાજયપાલશ્રીએ સરકારે તૈયાર કરેલી માહિતી આધારિત પ્રવચન જે આ ગૃહમાં રજૂ કર્યું પણ જમીની હકીકત તેનાથી તદન વિપરીત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયની અને રાષ્ટ્રની અત્યારે જે મુખ્ય સમસ્યાઓ છે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને સલામતી. આ ચારેય સમસ્યાઓમાં આમ જોવા જઇએ, તેના શોર્ટ ફોમમાં જઇએ તો એમબીબીએસ કહેવાય પણ આ પ્રવચનમાં કે આ સરકારે આ એમબીબીએસની કયાંય ચિંતા કરી નથી અને તેના જ કારણે આખા દેશમાં મોંઘવારીનો માર પ્રજા સહન કરી રહી છે. ૨૦૧૪થી સૂત્રો આપ્યા બહુ ધૂઇ મહેંગાઇ કી માર, અબ કી બાર મોદી સરકાર આજે દસ વર્ષ થયા અને ગુજરાતની પ્રજાએ જયારે ગઇ ચૂંટણીમાં ૧૫૬ની બહુમતિ આપી, ડબલ એન્જીનની સરકાર હતી અને આ બીજુ બજેટ રજૂ થયુ ત્યારે ગુજરાતની ગૃહિણીઓ આશા રાખીને બેઠી હતી કે અમને પણ ૪૫૦ રૂપિયામાં ગેસનો બાટલો મળશે. પણ ૪૫૦ રૂપિયામાં ગેસનો બાટલો તો ના મળ્યો પણ ફકત ગુજરાતી ન્યૂઝ પેપરમાં ગુજરાતીમાં છપાયેલી રાજસ્થાન સરકારની જાહેરાત જોઇને ગૃહિણીઓએ ખુશ થવુ પડયુ પણ આ બજેટમાં પણ તેની વાત કયાંય આવી નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર * (xxx) જીડીપીની વાતો કરી પણ ગુજરાતની જનતાને જીડીપીમાં રસ નથી ગુજરાતની જનતાને તો પોતાના ઘરનું જે બજેટ ખોરવાઇ ગયુ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેઓએ કાલ્પનિક આંકડાઓની વાત કરી તો જે આંકડાઓ ગૃહમાં મૂકાય છે તે વેરીફાઇડ થયેલા અને ચોક્કસ હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇ, *(xxx ) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતાને તો પોતાનું ઘરનું જે બજેટ ખોરવાય છે તે જીડીપીની ચિંતા છે. ગુજરાતની જનતા માટે તો એનુ જીડીપી જે ગેસ, ડીઝલ અને પેટ્રોલના ભાવ વધે છે અને તેના કારણે ઘર ચલાવવું મુશ્કેલ છે તો ગુજરાતની જનતા તો ઇચ્છે કે આ સરકાર ગેસ, પેટ્રોલ અને ડીઝલનો જે જીડીપી છે તેમાં ઘટાડો કરે તો કયાંક ફાયદો થાય. ગુજરાત સમગ્ર દેશનું ગ્રોથ એન્જિન છે. ડબલ એન્જિનની સરકાર છે. મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ શાસન ચાલે છે પણ દુ:ખ સાથે કહેવું પડે કે રોજગાર, ધંધા, નોકરી અને સરકારની નીતિઓને કારણે અને ડબલ એન્જિન સરકારના ધુમાડાને કારણે ગુજરાતની કુલ વસતી છે એમાં ૧.૩૨ કરોડ પરિવારો છે. એ પૈકીના ૭૨ લાખ પરિવારોને બે ટંકનું અનાજ મેળવવા માટે, પોતાના પેટનો ખાડો પૂરવા માટે રેશનકાર્ડની દુકાનોની લાઇનમાં ઊભું રહેવું પડે છે. આજે ગુજરાતની ૬૦ ટકા વસતી રેશનકાર્ડની દુકાનની લાઇનમાં ઊભી રહે છે. એ તો આભાર માનો કોંગ્રેસની યુ.પી.એ. સરકારનો કે જે ફૂડ સિક્યોરિટી એક્ટનો કાયદો લાવ્યા અને આ એન.એફ.એસ.એ.ના કાયદા હેઠળ આજે ગુજરાતના ૭૨ લાખ પરિવારો અનાજ મેળવે છે અને પેટનો ખાડો પૂરે છે. માત્ર ઉદ્યોગપતિઓનો વિકાસ એ ગુજરાતનો વિકાસ નથી. આ શાસનમાં સરકારની નીતિઓના કારણે જે પૈસાદાર છે એ વધારે પૈસાદાર બન્યો અને ગરીબ વધારે ગરીબ બન્યો. હમણાં જ નેશનલ લેવલે રિસર્ચના આંકડા આવ્યા એ મુજબ તમારી દેશ અને રાજયની ડબલ એન્જિનની સરકારની નીતિઓના કારણે ૨૩ કરોડ લોકો ગરીબીની રેખાની નીચે આવી ગયા છે. બીજો મોટો પ્રશ્ન બેરોજગારીનો છે. વર્ષ ૨૦૧૨માં વડાપ્રધાનશ્રી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૧ ટકો બેરોજગારી છે એવી વાત થતી. આજે દેશના વડાપ્રધાન બન્યા પણ ૧૦ વર્ષ થયા. અહીંયા પણ ત્રણ દાયકાથી શાસન છે. આજે ગુજરાતમાં લાખો યુવાનો શિક્ષણનું ખાનગીકરણ થયું, શિક્ષણનું વેપારીકરણ થયું, શિક્ષણ મોંઘુ થયું, એ મોંઘું શિક્ષણ લીધા પછી જયારે સરકારી નોકરીની તૈયારી કરતાં હોય, મહિનાઓ સુધી એના કલાસિસ કરે, ઘર-પરિવાર છોડી, આર્થિક રીતે પેટે પાટા બાંધીને પોતાના દીકરા-દીકરીને તૈયારી કરાવતો હોય અને પરીક્ષાઓ લેવાય ત્યારે પેપર ફૂટતાં હોય પછી પણ કાયમી પૂરા પગારવાળી નોકરી ના મળે. આજે પણ સમાન કામ સમાન વેતનના આંદોલનની લડાઇ ચાલી રહી છે એના માટે યુવાનો ખૂબ સંઘર્ષ કરી રહ્યા છે. આજે પણ કોર્ટમાં પોતાના અધિકાર માટે ધક્કા ખાઇ રહ્યા છે પણ સરકાર એની

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કોઇ પણ જાતની ચિંતા કરતી નથી. શિક્ષણ જે આપણાં બાળકોનાં ભવિષ્ય સાથે જોડાયેલું છે એ શિક્ષણ આપનારા શિક્ષકો કે જે આપણા ભવિષ્યને તૈયાર કરવાના છે. એવા હજારોની સંખ્યામાં TET, TAT પાસ કરેલા શિક્ષકો પોતાને કાયમી નોકરી મળે એની રાહ જોઇને બેઠા હતાં. હજારોની સંખ્યામાં જગ્યાઓ ખાલી છે. ક્યારે ભરાશે એની રાહ જોઇને બેઠાં હતા અને સરકારે જાહેરાત કરી કે જ્ઞાન સહાયકો ભરીશું. શિક્ષકમાં પણ કૉન્ટ્રાક્ટ આધારિત ભરતી થશે. દરેક કચેરીઓમાં થાય ત્યાં તો જવાબદારી ફિક્સ નથી થતી પણ જે શિક્ષકો આપણું ભાવિ તૈયાર કરવાના છે, આપણા બાળકોને તૈયાર કરવાના છે ત્યાં પણ ૧૧ મહિનાના કરાર આધારિત જ્ઞાન સહાયકો ભરવાની વાત થઇ. શિક્ષકો આંદોલન કરે એને પોલીસ ઊંચકીને લઇ જાય અને અત્યાચાર કરે છે. એને કોઇ પણ જાતના આંદોલનની મંજૂરી નથી મળતી અને બીજી બાજુ હજારોની સંખ્યામાં પદો ખાલી હોય. શિક્ષકોની જગ્યા ખાલી છે, પોલીસ વિભાગમાં જગ્યાઓ ખાલી છે. દરેક વિભાગમાં જગ્યાઓ ખાલી છે પણ ગુજરાતના યુવાનોને રોજગાર આપવામાં સરકારને ૧ ટકો રસ નથી એવું સ્પષ્ટ થાય છે. ખોટા વાયદા, વચનો, જુમલા માટે તો આ ડબલ એન્જિન સરકાર જાણિતી છે જ. પહેલાં આપણે માત્ર નકલી ડિગ્રીની વાતો સાંભળી હતી પણ હવે તો નકલી ચલણી નોટો, નકલી પી.એમ.ઓ.ના અધિકરી, નકલી સી.એમ.ઓ.ના અધિકારી, નકલી ધારાસભ્ય, નકલી પી.એ., નકલી સરકારી કચેરી, નકલી વિજિલન્સની ટીમ, નકલી પોલીસ, નકલી ટોલનાકું, નકલી ચોખા હોય, નકલી ઘી હોય ત્યાં સુધી તો ઠીક છે પણ નકલી સીરપ અને નકલી દારૂ પણ તમારા રાજમાં મળતા થયા. એટલા માટે ચારે તરફ જ્યારે નકલી-નકલી જ ચાલતું હોય ત્યારે ક્યાંકને ક્યાંક આ અસલી સરકારની સંડોવણીને કારણે ગુજરાતમાં ચારે તરફ નકલીઓનું રાજ હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભ્રષ્ટાચાર જાણે આ સરકારમાં શિષ્ટાચાર બની ગયો છે. માનનીય અર્જુનભાઇ ગઇકાલે જ વાત કરતા હતા કે કોઇ પણ કચેરીમાં જાઓ, જ્યાં સુધી ટેબલ પર વજન ન થાય ત્યાં સુધી કોઇનું પણ કામ થતું નથી. અહીંયા ભ્રષ્ટાચાર શિષ્ટાચાર એટલી હદે થઇ ગયો કે ભ્રષ્ટાચારનો ભોગ સામાન્ય લોકોના જીવ ગુમાવવા સુધી પહોંચી ગયો. મોરબી અને પાલનપુરના બ્રિજ તૂટવાના લીધે અનેક લોકોના જીવ ગયા, વડોદરામાં હોડી ઊંધી પડવાની દુર્ઘટનાના કારણે ૧૨ જેટલા માસૂમ બાળકો અને ૨ શિક્ષકોના જીવ ગયા તેની અંદર ક્યાંક ઊંડા ઉતરીએ તો આ દરેક બાબતમાં સરકારની ગુનાહિત બેદરકારી અને સરકારના આશીર્વાદ અને મિલિભગતથી ચાલતો ભ્રષ્ટાચાર જવાબદાર છે અને તેના લીધે ગુજરાતના લોકોના જીવ પણ જઇ રહ્યા છે. આ 'નલ સે જલ યોજના'માં કેટલું મોટું કૌભાંડ થયું, વારંવાર વલસાડમાં તેની રજૂઆતો થઇ, તેના પુરાવા મળ્યા તેમ છતાં હજુ પણ સરકાર જાગતી નથી. કારણ કે ક્યાંક ને ક્યાંક આ 'નલ સે જલ યોજના' એ કરોડો રૂપિયાના છલવાળી યોજના છે. જેમાં કોઇકની તો ભાગીદારી હશે જેના કારણે સરકારના આશીર્વાદથી આ બધું ચાલે છે. જમીનના કૌભાંડો થાય, ગાયોના ગૌચર માટેની જમીનો બારોબાર ઉદ્યોગપતિઓ અને મોટા બિલ્ડરોને પધરાવી દેવામાં આવે, કોઇક શૈક્ષણિક સંસ્થાના નામે જમીન લેવાય અને બારોબાર કોઇ કંપનીઓને પધરાવી દેવામાં આવે, આવા જમીનના કૌભાંડો તો ગુજરાતમાં જિલ્લે-જિલ્લે ઠેરઠેર જોવા મળે. ચારે તરફ જે ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેને રોકવા માટે સરકારની કોઇ પણ ઇચ્છાશક્તિ હોય તેવું દેખાઇ રહ્યું નથી. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિવસે દિવસે ખાડે જઇ રહી છે. ચોરી, લૂંટ, ધાડ, બળાત્કાર, મહિલાઓ ઉપર અત્યાચાર જેવા બનાવો તો રોજિંદા વધી ગયા છે પણ આ બધાના તેના મૂળમાં, આ ગુનાખોરી વધવા પાછળનું સૌથી મોટું કારણ ગુજરાતમાં બેરોજગારીમાં થયેલો વધારો છે. આ બેરોજગાર યુવાધન નશાના રવાડે ચડીને પોતાનું જીવન બરબાદ કરી રહ્યું છે અને એક સ્થિતિ એવી થઇ છે કે જો ધીમે ધીમે આને અટકાવવામાં નહિ આવે તો આવનારા દિવસમાં લોકો ગુજરાતને ''ઉડતા ગુજરાત'' તરીકે ઓળખતાં થશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી. છેલ્લા પાંચ વર્ષના આંકડા જોઇએ તો અત્યાર સુધી તો દારૂ, દેશી દારૂ અને લઠ્ઠાની વાતો થતી. અત્યારે ચોરે અને ચૌટે માત્ર વાતો જ નહીં, દરેક ગલી અને દરેક શહેરમાં આજે ડ્રગ્સ વેચાય છે. પહેલાં તો કચ્છના દરિયાકાંઠે ડ્રગ્સ મળતું હતું અને એક લેન્ડિંગ હબ તરીકે ગુજરાતને ઓળખતા હતા. ગુજરાતની ફાર્માસ્યુટિકલ કંપનીઓની આડમાં અનેક લોકો ખોટી રીતે આ ડ્રગ્સમાંથી નાની ટેબ્લેટ બનાવીને વેચે છે અને ગુજરાત તેનું મેન્યુફેક્ચરિંગ હબ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. તેના આંકડા જોઇએ તો ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૯૩ હજાર કિલો ડ્રગ્સ પકડાયું. આ ડ્રગ્સ પકડાયું તેની વાહ-વાહી આપણે અહીંયા લેતા હોઇએ છીએ પણ ચિંતા એ વાતની છે કે હમણાં આવેલા રીસર્ચના આંકડા મુજબ આજની તારીખે ગુજરાતમાં ૧૯ લાખ પૈકી ૧૭ લાખ પુરુષોની સાથે સાથે ૨ લાખ મહિલાઓ પણ આ ડ્રગ્સની બંધાણી બની ચૂકી છે. આજે મારા-તમારા આખા ગુજરાતના દરેક પરિવારને ચિંતા છે કે મારો દીકરો-દીકરી શાળા/કૉલેજમાં જાય છે તે ક્યાંક આ ડ્રગ્સના બંધાણી તો નહીં થાય ને? તેનું જીવન બરબાદ તો નહીં થઇ જાય ને? તે ચિંતા આજે કોઇ પણ વાલીને પોતાના બાળકને શાળા/કૉલેજે મોકલતાં કરવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે વાહ-વાહી લઇએ કે ગિફ્ટ સિટી પ્રોજેક્ટ લાવ્યા. બહારથી લોકો અહીં આવશે, કોર્પોરેટ હાઉસ બનશે, તેનાથી રોજગારી મળશે, ગુજરાતનો વિકાસ થશે, પણ સ્થિતિ શું છે? આટલા વર્ષોથી કેટલા પ્રોજેક્ટ લાવ્યા, કોનું ભલું થયું, કોને ફાયદો થયો, કોને રોજગારી મળી એ તો સરકાર જાણે પણ હવે એમ બહાનું કરે છે કે અહીંયા દારૂની છૂટ આપવામાં આવે તો બીજા રાજ્યોમાંથી અને વિદેશથી કોર્પોરેટ હાઉસના વધારે લોકો આવશે જેનાથી વેપાર

મળશે. આ ગાંધીનું ગુજરાત છે. આ ગુજરાતની સ્થાપનાથી આજ દિન સુધી આ રાજ્યની જે પણ પ્રગતિ અને વિકાસ થયો છે, શાંતિ અને સલામતી રહી છે તેની પાછળ સૌથી મોટું જો કારણ હોય તો તે આ રાજ્યમાં દારૂબંધીનો કાયદો છે પણ આ સરકારે હવે ઉદ્યોગો કે વિકાસના નામે પાછલા બારણેથી દારૂબંધીમાં છૂટ આપવાની શરૂઆત કરી છે તેનો પહેલો દાખલો આ ગિફ્ટ સિટી છે. કાલ ઉઠીને આ જ સરકાર કહેશે કે, અમારે કચ્છમાં વિદેશથી પ્રવાસીઓ આવે છે એટલે કચ્છમાં છૂટ આપવી પડશે, સ્ટૅચ્યુ ઓફ યુનિટીમાં વિદેશી પ્રવાસીઓ આવે છે, સુરતના ડાયમંડ ઉદ્યોગમાં વિદેશીઓ આવે છે એટલે છૂટ આપવી પડશે અને હવે તો ગિફ્ટ સિટીનો વિસ્તાર પણ વધાર્યો છે. થોડા વિસ્તારમાં છૂટ હતી અને હવે આવનારા દિવસોમાં વધારે ગામડાઓનો આમાં સમાવેશ થશે. પાછલા બારણે આ દારૂબંધીનો કાયદો નબળો કરીને દૂર કરવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. આપણે ગુજરાતમાં પહેલાં એમ કહેતા હતા કે, 'લઠ્ઠાકાંડ' જૂનો શબ્દ થઇ ગયો પણ બોટાદનો લઠ્ઠાકાંડ થયો, થોડા સમય પહેલાં સીરપના નામે નડિયાદમાં લઠ્ઠાકાંડ થયો, હમણાં થોડા દિવસ પહેલાં દહેગામમાં લઠ્ઠાકાંડ થયો. એટલે દિવસે-દિવસે આખા ગુજરાતના યુવાનો નશાના રવાડે ચડી રહ્યા છે. આપણે સૌએ 'ઉડતા ગુજરાત' ના બને એની ચિંતા આ ગૃહમાં કરવી પડશે. આપણે પંચાયતી રાજ્યવ્યવસ્થા ત્રિસ્તરીય માળખું, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો હેતુ એ હતો કે, સ્થાનિક રીતે ગામનો કે નગરપાલિકા વિસ્તારનો કોઇ વ્યક્તિ ચૂંટાઇને જાય અને પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ભેગાં થઇને બજેટનો વહીવટ કરે, લોકોના વિકાસની ચિંતા કરે અને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરે. પણ આ સરકારને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વહીવટ કરે એમાં રસ નથી. એમને એમના માનીતા મળતિયા, વહીવટદારો દ્વારા એમના ધાર્યા મુજબનું શાસન થાય, એમના આદેશોનું પાલન થાય અને ભ્રષ્ટાચારનું કેન્દ્રીકરણ થાય એ દિશામાં રસ છે. દોઢ વર્ષથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થઇ નથી. પહેલાં ઓ.બી.સી. કમિશન, ઝવેરી કમિશનનું બહાનું કાઢતા હતા. ઝવેરી કમિશને રીપોર્ટ આપ્યાને મહિનાઓ થઇ ગયા. આજે ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિઓને બદલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં વહીવટદારોનું શાસન ચાલે છે. ગુજરાતમાં પાંચ હજાર પંચાયતોમાં, ૭૫ નગરપાલિકાઓમાં, ૧૮ તાલુકા પંચાયતોમાં અને ૨ જિલ્લા પંચાયતોમાં વહીવટદારો છે. સેંકડો સીટો ખાલી છે ત્યાં ચૂંટણીઓ નહીં થવાના કારણે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ વહીવટથી દૂર છે. આજે વહીવટદારો ભ્રષ્ટાચાર કેટલો કરે છે એ આ ગૃહમાં બેઠેલા તમામ સભ્યો જોતાં હશે. એટલે પ્રજાના પ્રતિનિધિઓ પર સરકારને વિશ્વાસ નથી પણ એમના માનીતા વહીવટદારો દ્વારા વહીવટ કરવો છે એવી સ્થિતિનું નિર્માણ થયું છે. મારી તો સરકારને વિનંતી છે કે દોઢ વર્ષનો સમય થયો, આ પ્રજાના જે અધિકારો છે એ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વહીવટ કરે, ચૂંટણીઓ તાત્કાલિક કરો અને આ વહીવટદારોનું શાસન દૂર કરો. આ ડબલ એન્જિનની સરકારમાં ગરીબી ઓછી કરવાની વાત થઇ પણ ૨૩ કરોડ ગરીબો દેશમાં વધ્યા છે. ઘણા બધા ભાષણમાં જ્ઞાનની વાત કરે કે અમે....

ઉપાધ્યક્ષશ્રી : (વચ્ચે અટકાવતાં) શ્રી અમિતભાઇ, એક મિનિટ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આધાર પુરાવા રજૂ કરવા અંગે**

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી દ્વારા જે આંકડો આપવામાં આવ્યો છે એનો કોઇ આધાર તમારી પાસે છે? આનો આધાર ક્યારે રજૂ કરશો? આ આધાર સો ટકા સભાગૃહમાં મૂકવામાં આવે નહીં તો શબ્દો પાછાં ખેંચવામાં આવે. કારણ કે, કોઇપણ આધાર વગરની વાત ચાલે છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપ જે આંકડાઓ બોલો છો એની પૂરેપૂરી માહિતી રજૂ કરવામાં આવે.

શ્રી હર્ષ સંઘવી : આ આંકડાઓ જરૂરથી આપવામાં આવે. કૉંગ્રેસની વાયદાઓ જેવી ભાષામાં આંકડાઓ ના અપાય.

શ્રી અમિત ચાવડા : હું તમારા વાયદાઓની જ વાત કરું છું. આ સરકાર જ્ઞાન માટે કામ કરે છે. જ્ઞાન એટલે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી. આ રાજ્યની જે હકીકતો, આંકડાઓ અને પુરાવાઓ છે એ મુજબ જોઇએ તો, આ સરકાર જ્ઞાન માટે નહીં પણ અજ્ઞાન રીતે કામ કરી રહી છે. અજ્ઞાન એટલે એન્ટી ગરીબ, એન્ટી યુવા, એન્ટી અન્નદાતા અને એન્ટી નારી. એટલા માટે કહેવું પડે કે, ગરીબી દૂર કરવા માટે કોઇપણ યોજના કે પ્રયત્નો કરવામાં આવતા નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શ્રી અમિતભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલ મહોદયશ્રીએ વિધાનસભામાં કરેલા સંબોધનને વિધાનસભાના સભ્યશ્રી માનનીય નરેશભાઇ પટેલે આભાર માનતો પ્રસ્તાવ ચર્ચા-વિચારણા કરવા માટે રજૂ કરેલ છે અને જેને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે ટેકો આપેલ છે, એમાં મારા વિચારો દર્શાવવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જય શ્રી રામ કહેવાનો દિવસ છે ત્યારે હું પણ બધા સભ્યશ્રીઓને જય શ્રી રામ કહું છું. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ સાથે કામ કરતી આપણી લોકપ્રિય સરકારના પ્રણેતા મૃદુ અને મક્કમ એવા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે પ્રજા કલ્યાણના સંકલ્પને સાર્થક કરવા વિવિધ પ્રકારની યોજનાઓ મૂકી ભગીરથ કાર્ય કરવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. અમારા સભ્યશ્રી નરેશભાઇએ ઉમરગામથી અંબાજી સુધીનો જે વિકાસ થયો છે અને ખાસ કરીને, અમારા આદિવાસી સમાજમાં જે વિકાસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે તે બદલ હું આ દેશના વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા પડે છે. આ સન્માનનીય સભાગૃહમાં હું વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૭ સુધી ધારાસભ્ય તરીકે હતો અને તે સમયે આ દેશના વડાપ્રધાનશ્રી, મુખ્યમંત્રીશ્રી તરીકે હતા અને એમણે ઉમરગામથી અંબાજી સુધી

આદિવાસી સમાજના લોકોનો જે વિકાસ થવો જોઇએ એ માટે રસ્તા, પાણી, વીજળી અને શિક્ષણ વિગેરે દરેક ક્ષેત્રનો વિકાસ થાય એવા આશય સાથે રૂ.૧૫ હજાર કરોડનું બજેટ મૂકવામાં આવ્યું હતું. તે સમયે જે બજેટ મૂકવામાં આવ્યું અને એ મૂક્યા પછી જે વિકાસ થયો છે એને હું આજે ગૌરવ સાથે કહી શકું જેમ કે, અમારા શ્રી નરેશભાઇ કહેતાં હતા કે, નેવના પાણી મોભે સુધી ચડાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અમારા વિસ્તારમાં કૃષિ ક્ષેત્રે નદીકાંઠા આવ્યા છે, કોતરો આવ્યા છે, ચેકડેમો બનાવવામાં આવ્યા, ઉદવહન સિંચાઇ યોજના બનાવવામાં આવી અને ખાસ કરીને, નેવના પાણી જયારે મોભે ચડાવવાની વાત થતી હોય ત્યારે અમારા માંગરોળ વિસ્તારમાં ઉમરગામ, ઉમરપાડા, નર્મદા જિલ્લા અને સુરત જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ખેડૂતોને પાણી મળતું ન હતું એમને પાણી આપવા માટે આ સરકારશ્રીએ નેવના પાણી મોભે ચડાવ્યા છે. લગભગ ત્યાંના તમામ ખેડૂતોને સિંચાઇના પાણી સુવિધા મળી રહે અને ઉન્નત મસ્તકે પોતાનું જીવન જીવે એવી દિશા તરફ લઇ જવાનું ભગીરથ કાર્ય આ સરકારશ્રીએ કર્યું છે ત્યારે હું જેટલા અભિનંદન આપું એટલા ઓછા પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાનશ્રીએ એક ગરીબ વર્ગ કંઇ રીતે ઉન્નત મસ્તકે પોતાનું જીવન જીવે એ દિશા તરફ લઇ જવા માટે દરેક પ્રકારની યોજનાઓ બનાવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, હમણાં આપણા દેશના વડાપ્રધાનશ્રીએ અમારા આદિવાસી સમાજના આદિમ જૂથના લોકો માટેના પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાનને મંજૂરી આપી છે અને એ આદિવાસી સમાજનો આદિમ જૂથનો વ્યકિત કોઇપણ યોજનાથી વંચિત ન રહી જાય એ માટે આજે ગામડે-ગામડે એના કેમ્પ કરવામાં આવે છે. દરેક વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ ગામડે-ગામડે જઇને આદિવાસી સમાજના નાનામાં નાના આદિમ જૂથના લોકોને કોઇ આધારકાર્ડથી વંચિત તો નથી રહી ગયોને? કોઇ આવાસથી વંચિત તો નથી રહી ગયો ને? એની ચિંતા કરવા માટે આજે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર ગામડે-ગામડે જઇ રહી છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ સરકારશ્રીમાં ગંગા સ્વરૂપ બહેનો કે જેઓનું પોતાના દીકરા પાલન પોષણ કરતાં ન હતા અને આ ગંગા સ્વરૂપ યોજના મૂક્યા પછી જે માતા, બહેન કે દીકરી વિધવા બની છે એને રૂ. ૧૨૫૦/- આ સરકારશ્રી આપે છે. જે દીકરો પાલન પોષણ કરતો ન હતો એ દીકરો પણ આજે પાલન પોષણ કરવા માટે પોતાની તૈયારી બતાવતો થઇ ગયો છે. એવી સરકારશ્રીની આ સરાહનાભરી કામગીરીને આવકારતા હું આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે સમાજમાં સરકારની મહત્ત્વની યોજના મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના. આ યોજના થકી આંગણવાડી કેન્દ્રોમાં નાનામાં નાના બાળકની ચિંતા આ સરકારે કરી. પહેલાના જમાનામાં દરેક આંગણવાડીમાં બાળકો ઝાડ નીચે બેસીને કે કોઇના ઓટલા પર એ વિદ્યાર્થીઓ બેસતા હતા. આજે તો આંગણવાડી કેવી સરસ બનાવવામાં આવી છે. તેનો લાભ રાજયના ગરીબ અને છેવાડાના નાનામાં નાના માણસને મળી રહે છે. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના થકી પહેલી વખતની નોંધાયેલ સગર્ભા હોય ત્યારથી લઇને બે વર્ષનું બાળક થાય ત્યાં સુધી માતાને વધારાના રાશનમાં ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા અને ૧ કિલો ફોર્ટીફાઇડ સીંગતેલ આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૧,૮૦,૦૦૦ લાભાર્થીઓને લાભ આપવાની ૧૪ કરોડની જોગવાઇ સરકારશ્રીએ કરી છે તે બદલ હું આનંદ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે આ દેશના વડાપ્રધાને કરેલી વિકસીત ભારત યોજના થકી આજે અમારા ગામડાના લોકો દરેક પ્રકારની યોજનાઓનો લાભ લઇ રહ્યાં છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પણ ખૂબ સરસ રીતે જનતા માટે ઘરે બેઠા યોજનાનો લાભ મળી જાય એવી વ્યવસ્થા ઊભી કરી છે ત્યારે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપીને મારી વાત પૂર્ણ કરું છું. અસ્તુ. ભારત માતા કી જય.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ આદરણીય રાજયપાલશ્રીના સંબોધન બદલ આભાર પ્રસ્તાવ ગૃહના સિનિયર સભ્યશ્રી નરેશભાઇ પટેલ સાહેબે મૂક્યો છે અને જેને સભ્યશ્રી કેશાજી ચૌહાણજીએ અનુમોદન આપેલ છે તેમાં હું પણ મારો સૂર પૂરાવી આરોગ્ય અંગે મારા વિચારો રજૂ કરું છું.

માનવીનું આરોગ્ય સારું તો જીવનના તમામ સુખ ભોગવવા માનવી સક્ષમ છે. ધન, વૈભવ, સુખ, સંપત્તિ, ઐશ્વર્ય, કાંઇ જ કામનું નથી, જો એની હેલ્થ વેલ્થ નહીં હોય. એટલા માટે જ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલે લોકોના જાહેર આરોગ્ય માટે ખૂબ ચિંતા કરી છે અને તકેદારી રાખી છે. દેશમાં સૌથી શ્રેષ્ઠ આરોગ્યની સેવાઓ ગુજરાત રાજયમાં આપવામાં આવે છે એ બદલ એક ધારાસભ્ય તરીકે હું ગૌરવ અનુભવી રહ્યો છું.

રાજયમાં છેલ્લા ૨૦ વર્ષમાં ૨૩ કરોડ કરતા વધુ બાળકોની આરોગ્યની તપાસ કરવામાં આવી. ૨ લાખથી વધુ બાળકોને હ્દયની સારવાર આપવામાં આવી. ૪૦ હજાર જેટલા બાળકોને કીડનીની સારવાર આપવામાં આવી. ઓપરેશન કરવામાં આવ્યા. ૨૩ હજારથી વધુ બાળકોને કેન્સરની સારવાર આપવામાં આવી. આ તમામ સારવાર ફ્રીમાં આપવામાં આવી છે. ડોકટરો અને નર્સીસની સંખ્યામાં છેલ્લા ૨૦ વર્ષમાં ૩ ગણો વધારો કરવામાં આવ્યો છે. હોસ્પિટલમાં પ્રસુતિની ટકાવારી ૯૯.૫ ટકા સુધી પહોંચી છે જે પહેલા ઘરોમાં પીડાદાયક રીતે થતી હતી. બાળ મૃત્યુમાં પણ ૫૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. દરેક જિલ્લામાં બ્લડ બેંકની સુવિધા ગુજરાત સરકારે ઉપલબ્ધ કરાવી આપી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પરદુ:ખભંજક બનીને કોરોનાની મહામારીમાં લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સ્વદેશી રસીની શોધ કરવા માટે દેશના તમામ વૈજ્ઞાનિકોને છૂટ આપી. જેનું પરિણામ એ આવ્યું કે રસીની શોધ કરી શકયા અને દેશના તમામ નાગરિકોને વિના મૂલ્યે એ રસી ઉપલબ્ધ કરાવવામાં આપણે સફળ રહ્યાં છીએ. ગુજરાત રાજયમાં ૧૨ કરોડ કરતા વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ૪૧ લાખથી વધુ પ્રીકોશન્સ ડોઝ આપવામાં આવ્યા છે. બાળકોનું કોરોના સંદર્ભે

રસીકરણ કરવામાં આપણે સૌ સફળ રહ્યા છીએ. દુનિયાભરના દેશોને આપણે રસી પહોંચાડીને વસુધૈવ કુટુંમ્બકમના સંકલ્પને આપણે સાકાર કર્યો છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે દેશમાં પ્રથમ આપણા રાજયમાં મા કાર્ડની એમણે શરૂઆત કરી અને લોકોને આરોગ્ય અને જીવલેણ રોગની સામે ઓપરેશનનો તમામ ખર્ચો ઉપાડી લેવાની એક યોજના બનાવી. આજે આપણા દેશના વડાપ્રધાન તરીકે આખા દેશમાં આયુષ્યમાન યોજના હેઠળ દુનિયાની મોટામાં મોટી આરોગ્યની યોજના એમણે બનાવી છે. જેમાં દર્દીને સરકારી કે નિયત ખાનગી હોસ્પિટલમાં પાંચ લાખની મફત સારવાર આપવામાં આવે છે. ઓપરેશન મફત કરવામાં આવે છે. આપણા રાજયમાં આ કવરેજ રૂપિયા દસ લાખ સુધીનું આપવામાં આવે છે. આદરણીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પણ એમણે ઉલ્લેખ કર્યો છે કે પી.એમ.જે.વાય. મા યોજના હેઠળ પ્રતિ વર્ષ કુટુંમ્બ દીઠ રૂ.દસ લાખ સુધીની ૨,૪૭૧ નિયત કરેલ પ્રોસીઝર માટેનું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ તા.૨૪-૧-૨૦૨૪ સુધીમાં ૨.૩૩ કરોડ લાભાર્થીઓની નોંધણી કરીને આયુષ્યમાન કાર્ડ આપેલ છે. ગુજરાતમાં આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આરોગ્ય મંત્રી આદરણીય શ્રી ઋષિકેશભાઇ પટેલ રાજયના લોકોને આરોગ્યની સેવા વિનાવિઘ્ને મળે એવી સંવેદનશીલ નીતિ રાખીને જો કોઇ દર્દીને તાત્કાલિક સારવાર અને ઓપરેશનની જરૂર હોય અને એની પાસે મા કે આયુષ્યમાન કાર્ડ ન હોય તો પણ હોસ્પિટલમાં આરોગ્ય મિત્રને આવકના દાખલાને આધારે તરત હોસ્પિટલમાં મા કાર્ડ બનાવવાની, તાત્કાલિક એનું ઓપરેશન થઇ શકે એવી વ્યવસ્થા આ સરકાર દ્વારા કરવામાં આવી છે. આવકનો દાખલો ન હોય તો પણ જો હોસ્પિટલમાં એને આની જરૂર પડે તો આવકનો દાખલો એને તરત મળી શકે એટલા માટે તમામ મામલતદારશ્રીઓને પણ આવકનો દાખલો આપવાની સૂચના રાજયમાંથી આપવામાં આવે છે. મા આયુષ્યમાન કાર્ડ મેળવવા માટે લોકોને તકલીફ ન પડે એ માટે રાજય સરકારે એન.એફ.એસ.એ. હેઠળ જે નોંધાયેલા કાર્ડ ધારકો છે એ તમામ કાર્ડધારકોને આ યોજનામાં સામેલ કરીને બાયડિફોલ્ટ એ તમામને આયુષ્યમાન કાર્ડ મળી જાય તેવી પણ જોગવાઇ આ રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. ગુજરાત સરકારે આ રાજયની રૈયતને કોઇપણ પ્રકારની તકલીફ ન પડે એનું ધ્યાન રાખ્યું છે. જેમણે સંઘર્ષ કર્યો છે તેને જ ખબર પડે કે પ્રજાના મનમાં શું છે. આ સંઘર્ષની વાત આવે તો આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સંઘર્ષને દેશ અને દુનિયાએ જોયો છે. ગુજરાતે તો ખાસ એમના સંઘર્ષને જોયો છે ત્યારે મારે ખાસ કહેવું છે કે

''ना संघर्ष, ना तकलीफ, तो क्या मज़ा है जीने में,
बड़े बडे तुफान थम जाते हैं जब आग लगी होती है सीने में,
जीवन के सफर में जो संघर्ष करके आगे बढता जाता है,
वही इंसान आगे चलकर मुकद्दर का सिकंदर बनता है,
जब हर ज़ुबान पे एक दिन तेरा नाम होगा,
हर कदम पे तेरे दुनिया का सलाम होगा,
जीवन में संघर्ष करना तुं डटकर,
देखना समय भी तुम्हारा गुलाम होगा,
कामियाबी का जुनुन होना चाहिए, फिर मुसीबतों की क्या औकात ज़िदगी में,
ज़िंदगी में अपनो से नहीं सपनों से मुहोब्बत करो,
जब सपने हकीकत बनते हैं,
सपनों के साथ पराए भी अपने होते हैं।'' આભાર.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, જય શ્રી રામ. મહામહીમ રાજયપાલશ્રીના ઉદ્‌બોધન ઉપર પ્રસ્તાવ લઇને આવનાર માનનીય શ્રી નરેશભાઇ પટેલ અને શ્રી કેશાજી ચૌહાણ સાહેબના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

લોકશાહી પછી આખા રાજયમાં હું મારા ખાણ ખનિજ વિશે બે વાતો કહેવા માટે ઊભો થયો છું. પોરબંદરથી પંચમહાલ સુધી જે લીઝોની પ્રથા હતી અને લીઝોની પ્રથાને કારણે આ રાજયને અગાઉની સરકારોમાં થયેલા નુકસાન એ લીઝો એક કિલોમિટર દૂર હોય અને એના લીઝનું વાહન બે કિલોમિટર સુધી ખેંચી લાવે. લીઝ એ નામની હોય છે. સરકારને એવી કરોડોની ખોટ કરનારી સરકારોએ જયારથી આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી...ત્યારથી આ ખનીજ માફિયાઓને નથ પહેરાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ડીસેમ્બર-૨૦૨૩ની સ્થિતિએ માઇનિંગની કુલ ૪૨૨ લીઝો અને ૭,૩૧૩ ક્વોરીની લીઝ આવેલી છે એના સુદઢ વહીવટ અને ખનીજ વિભાગના અધિકારીઓની કામગીરીના કારણે આપણી સરકારને કુલ રૂ.૨૦,૨૭૨ કરોડની આવક થઇ છે. પહેલા એક જ પ્રકારના ભૂ-માફિયાઓ, રેતી માફિયાઓ પોતાના હુકમ

પ્રમાણે ખનીજોની ચોરી માટે ખનીજોનું ખોદકામ કરે. દા.ત. પાવાગઢમાં ભગવતીજીનો આશ્રમ છે. આપણી સરકાર નહોતી આવી એ પહેલા કાળકા માતાના બગલમાંથી આખા પથ્થરો તોડી નાખ્યાં. પાવાગઢનો નકશો બદલી કાઢ્યો. ઇડર જેવા ઇડરના ડુંગર અને ઐતિહાસિક સ્થળો હતા. સરકાર માત્ર નામની જ ચાલતી હતી. આખા પાવાગઢનો ચહેરો કદરૂપો કરી નાખ્યો છે ત્યારે આપણી સરકાર આવ્યાં પછી આ બધી જ કામગીરી અટકી. આજે આપણે પૂરા ખનીજ ક્ષેત્રમાં બ્લોક સિસ્ટમ કરવાના કારણે ભૂ-માફિયા બીજી કોઇ જગ્યાએ ખનીજનું ખોદકામ ના કરી શકે એના માટે નવા નિયમો ઘડ્યા ત્યાર પછીથી આપણી સરકારે ૧૯૭૫ બ્લોકોની ફાળવણી કરવાના કારણે એના પર આપણે અંકુશ લાવી શક્યા. અમારે ત્યાં વેજલપૂર ગામ છે ત્યાં અમુક કોમના લોકોએ ખનીજ અધિકારી પર હુમલો કર્યો. ખનીજ અધિકારીને માર ખાવો પડ્યો. સાહેબ, આજે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે એ વિસ્તારમાં ભૂતકાળમાં ગોધરાની આજુબાજુ આજે પણ ચારણાના નામે વેજલપૂર, સિમલિયા, દામાવાવ, ભૂસર વગેરે જેવા વિસ્તારમાં આજે ચારણા નાખીને એ ખાનગી ક્ષેત્રમાંથી રેતી ટ્રેક્ટરો મારફત મહારાષ્ટ્ર, એમ.પી., રાજસ્થાનમાં એનું વહન કરાવે અને એ બિલમાં સરકારની ચોરી કરે છે. મારી અધિકારીઓને વિનંતી છે કે આ ચારણા તાત્કાલિક ધોરણે બંધ કરાવે. એ ડાયરેક્ટ લીઝમાંથી રેતી લાવે. આ તો ખાનગી રીતે રેતી નદીમાંથી હજારો ટ્રેક્ટર ચોરી લાવે અને એના વિસ્તારમાં બીજો કોઇ જઇ શકે નહીં એના કારણે આજે આ ચારણાના નામે લાખો ટન રેતી આઉટ સ્ટેટમાં જાય છે ત્યારે મારી ખાસ વિભાગના મંત્રીશ્રીને અને અધિકારીઓને વિનંતી છે કે આ ચારણાના નામે રેતી બંધ કરાવે એટલી મારી વિનંતી સાથે ભારત માતા કી જય.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ પરના સંબોધનનો ઠરાવ માનનીય ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ લઇને આવ્યાં છે અને જેને માનનીયશ્રી કેશાજી ચૌહાણે ટેકો આપ્યો છે એના પર બોલવા માટે ઊભો થયો છું.

'' અગર ભીમ દલિતો મેં પેદા ના હોતા તો દલિતો કા ગુજારા ન હોતા

નૈયા ડૂબ જાતી અગર મૈયા ભીમ તેરા સહારા નહોતા. ''

અસંખ્ય યોજનાઓના માધ્યમથી આ રાજ્ય સરકાર છેવાડાના માનવીઓ માટે કામ કરી રહી છે. દલિત, શોષિત, પીડિત લોકો માટેની યોજનાઓને સાકાર કરવાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વખતથી થયું છે. ઘણી બધી યોજનાઓ છે. આપણા દેવાધી દેવ આદરણીય શ્રી શંકર ભગવાનને પૂજીએ છીએ. શંકર ભગવાનના પરિવારના બધા જ લોકોની આપણે પૂજા કરીએ છીએ. શંકર ભગવાનની પૂજા થાય. પાર્વતીની પૂજા થાય. લાભ-શુભની પૂજા થાય. ગણેશજી અને એના પોઠિયાની પૂજા થાય છે એ રીતે ડો. બાબા સાહેબ આંબેડકરના બધા જ પરિવારના નામ પર યોજનાઓ મૂકીને છેવાડાના માનવીની ચિંતા આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતની ધરાની અંદર હતા ત્યારે જે કેડી કંડારી છે એ કેડી ઉપર આપણા મૃદુ, મકકમ અને પ્રજાવત્સલ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ પણ જે કામ કરી રહ્યા છે એની અંદર પણ એ દલિત, છેવાડાના માનવીઓની ચિંતા કરતા દેખાય છે. હજી હમણાં જ આપણે વિકસિત ભારત યાત્રા સંકલ્પ યાત્રા થઈ. વિકસિત ભારત સંકલ્પ યાત્રાની અંદર બધી જ જગ્યાએ મારે જવાનું થયું હતું એ સંકલ્પ યાત્રાની અંદર પણ છેવાડાના માનવીને યોજનાના લાભો આપવાના હતા. છેવાડાના માનવી જેને લાભ મળ્યો નથી એને કેવી રીતે લાભ મળે એના માટેની ચિંતા પણ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. આજે આપણા માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના મંત્રીશ્રી અહીંયા બેઠા છે. તેઓ પણ આ વિભાગની અસંખ્ય પ્રકારની કામગીરી કરે છે અને સરકારના માધ્યમથી જે કામો થાય છે એનો લાભ છેવાડાના માનવી સુધી મળે છે. આજે ડિજિટલ ભારત આપણું થઇ રહ્યું છે. ભૂતકાળમાં મને યાદ છે. ભૂતકાળની અંદર જયારે હું વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ ની અંદર સામાજિક ન્યાય સમિતિનો ચેરમેન હતો ત્યારે જે યોજનાના લાભો મળતા હતા એ છેવાડાના માનવીને માત્ર લાભ માટે મળતા હતા. પરંતુ નરેન્દ્રભાઇ મોદીસાહેબે જયારે ડિજિટલ ભારત કર્યું. ડિજિટલના માધ્યમથી જનધનના માધ્યમથી ખાતા ખોલાવ્યા. ખાતા ખોલાવ્યાના માધ્યમથી જે યોજનાના લાભ મળે છે એ સીધા લાભાર્થીના ખાતામાં જાય છે અને એક પણ રૂપિયો એમાંથી કયાંય પણ જતો નહોતો અને વચેટીયાઓઓ સર્વનાશ કર્યો હતો. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન કહેતા હતા કે હું એક રૂપિયો મોકલું છું એ ઘસાતા ઘસાતા જયારે લાભાર્થી પાસે જાય છે ત્યારે માત્ર ૧૫ પૈસા થઇ જાય છે. આજે ડિજિટલ ભારતના માધ્યમથી જે રૂપિયો જાય છે એ પૂરેપૂરો લાભાર્થીના ખાતામાં જાય છે અને લાભાર્થીને એનો લાભ મળતો થયો છે. આજે મહામહીમ રાજયપાલશ્રીના સંબોધનમાં જયારે સમાજ કલ્યાણની વાત કરી છે ત્યારે મારે સમાજ કલ્યાણ સુરક્ષાની કેટલીક પ્રજાલક્ષી યોજનાની વાત કરવી છે. દિવ્યાંગ કલ્યાણ યોજના એ જ પ્રજાલક્ષી યોજના છે. એમાં ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને બસમાં વિનામૂલ્યે પાસ આપવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૩,૬૮,૧૩૯ લાભાર્થીઓને આ યોજના હેઠળ કુલ રૂ. ૨.૯૫.૩૪કરોડની સહાય આપવામાં આવી છે. દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના ઝીરો ટકા કે તેથી વધુ દિવ્યાંગ માટે ધોરણ-૧ થી ૮ ના બાળકોને રૂ. ૧૫૦૦ અને ધોરણ-૯થી ઉપરના બાળકોને રૂ. ૨૦૦૦ થી ૪૫૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જે હેઠળ છેલ્લા ૧૦ વર્ષની

અંદર ૧,૯૭,૫૮૦ લાભાર્થીઓને ૨૫ કરોડથી પણ વધુ સહાય આપવામાં આવી છે. દિવ્યાંગ સાધન સહાય યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, મનોદિવ્યાંગ વ્યક્તિની આર્થિક સહાય યોજના જેવી અનેકવિધ યોજનાઓ થકી ગુજરાત સરકારે આવા લાભો અને જરૂરી સહાય આપી આર્થિક, સામાજિક સુરક્ષા આપવાનો ઉમદા પ્રયત્ન કરે છે અને હું એને અને આ રાજ્ય સરકારને બિરદાવું છું. સરકાર દ્વારા અનેક બાળકલ્યાણ યોજનાઓ ચલાવવામાં આવે છે જેમાં પાલક માતાપિતા યોજના - અનાથ બાળકોની સંભાળ રાખનાર સગા માટે રૂ. ૩૦૦૦ સીધા જ ચૂકવવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષથી આ યોજનાની અંદર ૧૯૫૫૦ લાભાર્થીઓને રૂ. ૩૬૭ કરોડની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. નિરાધાર વૃદ્ધો માટે ગુજરાત સરકારે વૃદ્ધ કલ્યાણ યોજના શરૂ કરીને વૃદ્ધોને સામાજિક સુરક્ષા આપવા માટેનો પણ મજબૂત પ્રયત્ન કર્યો છે. ૬૦ વર્ષ કે તેથી વધુના નિરાધાર વૃદ્ધો માટે નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ રાજ્ય સરકારે ૬૦થી ૭૯ સુધીના વ્યક્તિને માસિક રૂ.૧૦૦૦ અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધો માટે રૂ.૧૨૫૦ની સહાય આપવામાં આવે છે અને છેલ્લા ૧૦ વર્ષની અંદર ૧,૬૫,૭૪૫ લાભાર્થીઓને રૂ.૯૬૪ કરોડની રકમનો લાભ આપવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા રાજ્ય વૃદ્ધ પેન્શન યોજના ચલાવવામાં આવે છે. સરકારનું સપનું છે કે, સર્વ સમાવેશ્યક વિકાસ થાય અને સામાજિક ઉત્થાન અને સામાજિક વિકાસની સુદ્દઢ ભાગીદારી થકી વિકાસના મીઠા ફળો સૌને મળે. આ તકે મને નાથાલાલ દવેની એક કવિતા યાદ આવે છે. કામ કરે એ જીતે રે માલમ, કામ કરે એ જીતે. આવો મોટો મલક આપણો બદલે કઇ રીતે માલમ, કામ કરે એ જીતે. ભારત સરકાર અને આપણી રાજ્ય સરકાર ત્રણ-ત્રણ દાયકાથી પ્રજા માટે અવિરત કામ કરી રહી છે. સતત જીતતી આવી રહી છે. આવનારા દિવસોની અંદર જયારે ચૂંટણી આવવાની છે ત્યારે વધુમાં વધુ ઐતિહાસિક મતોથી જીત મળવાની છે. રાજ્યપાલશ્રી દ્વારા ગૃહમાં જે સંબોધન થયું છે તે આપણા સૌ માટે પ્રેરણાદાયી બની રહે. ત્યારે હું આ સંબોધનને રાજ્યની પ્રજાવતી આવકારું છું અને હાર્દિક અભિનંદન આપું છું. અસ્તુ.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી વિધાનસભામાં ચોથા સત્રમાં મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સદસ્યશ્રી નરેશભાઇ પટેલ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય સદસ્યશ્રી કેશાજી ચૌહાણે જેને સમર્થન કર્યું છે ત્યારે રાજ્યપાલશ્રીએ પોતાના વક્તવ્યમાં સ્વતંત્ર સેનાનીઓનો જે ઉલ્લેખ કર્યો હતો તેને શત શત વંદન કરીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન તે ગુજરાત સરકારે લોકો માટે કરેલા કામો, ગુજરાત સરકારે કરેલા નિર્ણયો, ગુજરાત સરકારની સંવેદના અને તેની લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતાને એક લિવિંગ ડોક્યુમેન્ટ છે, એક જીવંત દસ્તાવેજ છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં કહ્યું હતું અને માનનીય કેશાજીએ તેમના પ્રવચનમાં તેનો ઉલ્લેખ કર્યો કે, ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો બનેલો શબ્દ નથી. ગુજરાત તે લાખો અને કરોડો લોકોના સપનાને સાકાર કરવાનું સ્થળ છે. આ ગુજરાતની આ છબી કઇ રાતોરાત બની નથી. દાયકાઓનો પરિશ્રમ આમાં લાગેલો છે. બે દાયકા પૂર્વે તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના આજના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીથી લઇને આજે આપણા મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સુધીનો સૌનો સાથ એટલે કે, સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્રી સાથેની કરેલી વિકાસયાત્રાનું આ પરિણામ છે.

મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં ટીમ ગુજરાત શબ્દ વાપર્યો હતો. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં આજની આ ટીમને તેમણે અભિનંદન આપ્યા હતા. તેના માટે હું મહામહિમ રાજ્યપાલશ્રીનો આભાર વ્યક્ત કરીશ. ગેટ વે ટુ ધી ફ્યુચર આ થીમ સાથે આ વખતની વાઇબ્રન્ટ સમિટ કરી તેની વાઇબ્રન્સી દરેક શહેર અને જિલ્લામાં પહોંચી છે. વિશેષરૂપે નાનામાં નાનું એકમ છે તે ગામ, તાલુકો, જિલ્લો, નગર, મહાનગર આ તમામ જગ્યા પરના સર્વાંગી વિકાસની વાત આ પ્રવચનમાં મૂકી છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી શહેરીકરણમાં નોંધપાત્ર વધારો થયો છે. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધા હોય તેમાં નળ, ગટર, રસ્તા અને ગાર્ડનની સુવિધાઓ તથા ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી, પરિવહન સિસ્ટમ અને શહેરની આગવી ઓળખ ઊભી થતી હોય તેવાં કામો આ યોજના હેઠળ હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજનામાં ૭૪૦૦ કરોડની ગ્રાન્ટની ફાળવણીમાંથી રૂ.૫૧૦૦ કરોડ જેટલા કામોના ૧૫૧૮ પ્રોજેક્ટ હાથ ધરાયા હતા. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, દાહોદ એમ છ સ્માર્ટ સિટીની અંદર રૂ.૧૧૪૦૦ કરોડથી વધુ કામોના ૩૫૧ જેટલા પ્રોજેકટ હાથ ધરાયા હતા. તેમાં કહેતાં મને આનંદ થાય છે કે, રૂ. ૯૫૦૦ કરોડના ૩૦૯ જેટલા પ્રોજેકટ આ સરકારની અંદર પૂર્ણ થયા છે. રૂ.૨૦૦૦ કરોડના ૪૨ પ્રોજેકટ પ્રગતિ હેઠળ છે. ભારત સરકારનું શહેરી વિકાસ બાબતોનું મંત્રાલય સ્વચ્છતા સર્વેક્ષણ પણ કરતું હોય છે. તેમાં મને જણાવતાં આનંદ થાય છે કે, સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૩માં સુરત મહાનગરપાલિકાએ ઇન્દોરની સાથે દેશના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. તેમાં પણ વિશેષરૂપે ગાર્બેજ ફ્રી સિટીની અંદર સેવન સ્ટાર પ્રાપ્ત કર્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર મહાનગરપાલિકાઓએ વોટર પ્લસ સિટી અને ગાર્બેજ ફ્રી સિટીમાં થ્રી સ્ટાર રેટિંગ પ્રાપ્ત કર્યું છે. વાપી નગરપાલિકાએ ૧ થી ૧૦ લાખની વસતિ ધરાવતા શહેરોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આમ જોઇએ તો કોઇ પણ શહેરના ડેવલપમેન્ટનો આધાર એની નગર રચનાની યોજનાઓમાં રહેલો છે અને તેના અમલમાં રહેલો છે. મને જણાવતા આનંદ થાય છે અને સરકારને અભિનંદન આપવા પડે કે, સરકારે ૨૦૨૩ના વર્ષની અંદર એક વિકાસ યોજના, ૨૩ સુચારું નગર યોજના, ૧૬ જેટલી પ્રારંભિક નગર યોજના, ૧૨ આખરી નગર યોજનાઓને મંજૂરી આપીને ઐતિહાસિક કાર્ય ગુજરાતની અંદર કર્યું છે અને હવે તો એનું ડિજિટલાઇઝેશન એટલે કે ઓનલાઇન લોકો જોઇ શકે એના માટે ગુગલ ઇમેજ સાથે ૪૦૦ નગર યોજનાઓ પોર્ટલ પર આપણે

ઉપલબ્ધ કરાવી છે. હાલમાં મારા સાથી સદસ્ય અહીં ઉપસ્થિત છે નહીં એટલે નામ સાથે હું નથી કહેતો પરંતુ એમણે ગિફ્ટ સિટીની વાત કરી, ગુજરાતમાં માત્ર શહેરો ડેવલપ કરવાથી પણ આગળ વિચારીને માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ગુજરાત સરકાર દ્વારા હવે એક નવો જ અભિગમ અપનાવીને વૈશ્વિક કક્ષાના ફાઇનાન્સીયલ સિટી ડેવલપ કરવા આપણે જઇ રહ્યા છીએ અને તેમાં હાલમાં ગિફ્ટ સિટીમાં દેશનું સૌ પ્રથમ આંતર રાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર કાર્યરત છે જેમાં ૨ આંતર રાષ્ટ્રીય સ્ટોક એક્ચેન્જ, આંતર રાષ્ટ્રીય બૂલિયન એક્સચેન્જ, આંતર રાષ્ટ્રીય બેન્કો, જાહેર ક્ષેત્રની બેન્કો, ખાનગી ક્ષેત્રની બેન્કો, ઇન્સ્યોરન્સ કંપની વગેરે કાર્યરત છે. ૨ ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીએ પણ બ્રાન્ચ કેમ્પસની અંદર સ્થાપી છે. એક આંકડો મારે સદસ્યશ્રીને આપવો છે કે, ગિફ્ટ સિટીના ઇકોનોમિક ઝોન છે એમાં જે નિકાસ થઇ છે એ વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૩૪૦૦ કરોડથી વધીને ૨૦૨૨-૨૩માં રૂ.૧૨૦૦૦ કરોડથી પણ વધીને ૨૦૨૩-૨૪ના ડિસેમ્બર સુધીમાં રૂ.૧૯૦૦૦ કરોડથી પણ વધુ થઇ છે અને આજે હવે તો સરકારે ગિફ્ટ સિટીનો એરિયા પણ ૯૦૦ એકરથી વધારીને ૩૩૦૦ એકર કરવાની જાહેરાત કરી છે આમ, ગુજરાતની અંદર એક સંરચનાનું વાતાવરણ છે. એક બાજુ ગિફ્ટ સિટી પણ ડેવલપ થાય છે તો બીજી બાજુ શહેરી જે ગરીબ છે એમને પણ પી.એમ. આવાસ યોજના, બેનિફિશિયરી એફોર્ડેબલ હાઉસિંગના માધ્યમથી આવાસ ઉપલબ્ધ કરાવાય રહ્યા છે. પી.એમ. સ્વનીધિ અંતર્ગત પણ ૪,૨૨૦૦૦ શહેરી ફેરીયાઓને લોન આપીને એમને પગભર કરવાનું કામ કર્યું છે. એમણે એક આંકડો આપ્યો હતો ત્યારે હું પણ એક આંકડો આપવા માગું છું. યુ.એન. એ એવું કહ્યું છે કે ૨૪.૮ કરોડ લોકો છેલ્લાં ૧૦ વર્ષમાં ગરીબી રેખાની બહાર નીકળ્યા છે આ ભારત સરકારની સિદ્ધિ છે. હાલમાં ગુજરાત સરકાર દ્વારા પંડિત દીનદયાળ ઔષધાલય, સી.એચ.સી., હોસ્પિટલ, મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલની ત્રીસ્તરીય આરોગ્યની વ્યવસ્થાઓ, સી.સી.ટી.વી.થી સજ્જ પોલીસ ટ્રાફીક નિયમનની સુરક્ષા વ્યવસ્થા, સ્માર્ટ રોડ, ફ્લાયઓવર બ્રિજ સાથે ઇલેક્ટ્રિક બસથકી યોગ્ય વાહન વ્યવસ્થા, શહેરમાંથી પસાર થતી નદીઓ પર રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને શહેરી વિસ્તારમાં અર્બન ફોરેસ્ટ અને કેનાલ બૈઝ પાર્ક, એસ.ટી.પી.થકી ગંદા પાણીનો નીકાલ, એસ.ટી.પી.નું પાણી ટ્રીટેડ વેંચીને તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, પ્રોસેસીંગ અને રીસાઇકલિંગ જેવી અનેક યોજનાઓથકી ગુજરાત સરકાર પોતાના શહેરોને વધુ સુંદર બનાવી રહી છે અને વિકસિત બનાવી રહી છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આજે માનનીય મુખ્યમંત્રીશ્રી રામ મંદીર ઉપર સંકલ્પ લઇને આવ્યા છે એમાં બે શબ્દો દ્વારા મારી લાગણી વ્યક્ત કરું છું.

૨૨મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અત્યંત પવિત્ર મુહૂર્તમાં ફકત ભારત વર્ષમાં જ નહીં પણ સમગ્ર દેશ વર્ષમાં અયોધ્યાની પાવન ભૂમિ ઉપર ભવ્ય અને દિવ્ય રામ મંદિરમાં રામ લલ્લાની પુનઃ સ્થાપનાની ક્ષણ અને એક પળ નિહાળવાના સાક્ષી બન્યા છીએ એના માટે હું માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો આભાર માનું છું. એ પ્રાણ પ્રતિષ્ઠા રામ ભગવાનની મૂર્તિની નહોતી પણ કરોડો રામ ભક્તોની આસ્થાની હતી, વિશ્વાસની હતી અને એમની ભક્તિની હતી. ભગવાન રામ એ શ્રેષ્ઠ શિષ્ય હતા, શ્રેષ્ઠ પિતા હતા, શ્રેષ્ઠ પતિ હતા, શ્રેષ્ઠ ભાઇ હતા, શ્રેષ્ઠ પુત્ર હતા અને સૌથી મહત્ત્વનું એ શ્રેષ્ઠ રાજા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રિમ કોર્ટના ચૂકાદા બાદ ગામે ગામ અને શહેરે શહેરે જ્યારે રામ મંદિરના નિર્માણ માટે નીધિ એકત્ર કરવાનું આયોજન હતું ત્યારે ગાંધીનગરમાં પણ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આ નિધિ કલેકટ કરવા માટેનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગાંધીનગરમાં એક કમિટી બનાવવામાં આવી હતી. હું એ વખતે ગાંધીનગરમાં મેયર હતી આજે હું એ કમિટીની અંદર પણ સભ્ય રહેવાનું મને અહોભાગ્ય મળ્યું હતું. જયારે અમે આ ગામે ગામે નિધિ ઉઘરાવવા માટે જતા હતાં ત્યારે અમને એક સુખદ પ્રસંગનો અનુભવ થયો હતો. અમે જયારે અમારા વિસ્તારના એક ગામની અંદર આ નિધિ ઉઘરાવવા માટે ગયા ત્યારે નિધિ ઉઘરાવીને જયારે અમે અમારા કમિટી મેમ્બર સાથે બહાર નીકળતા હતાં ત્યારે એક વૃદ્ધ માજી ખાટલામાં બેઠાં હતા અને અમને જોઇને તેમણે ત્રણ હજાર રૂપિયા આપી દીધા ત્યારે ત્યાં એક સ્થાનિક મેમ્બરે તેમને કહ્યું કે માજી તમે રહેવા દો ફકત દસ રૂપિયા જ આપો. પહેલાં વિચારે અમને એવુ લાગ્યું હતું કે કદાચ તેમના પુત્રએ કે પુત્રવધુએ આ કમિટી મેમ્બરને રામ મંદિરના નિર્માણ માટે આપ્યા હશે. હવે ત્યાં તેમની રકઝક ચાલતી હતી ત્યારે ત્યાંના સ્થાનિક લોકોએ માજીને ના પાડી પણ માજીએ જીદ કરી કે ના મારે ત્રણ હજાર રૂપિયા રામ મંદિરના નિર્માણ માટે આપવા જ છે. ત્યારે ફરીથી ત્યાંના એક સ્થાનિક વડિલે કહ્યું કે માજીની જીદ છે તો લઇ લો. જયારે અમે મહોલ્લામાંથી બહાર નીકળ્યાં ત્યારે અમને ખબર પડી કે એ માજીની આગળ પાછળ કોઇ નહોતું પણ ફકત વિધવા સહાયના પેન્શન અને તેમની બાજુની ઓરડીના ભાડામાંથી તેમનું ગુજરાન ચાલતું હતું. બીજા મહિનામાં તેમનું રાશન, તેમની દવા કેવી રીતે નીકળશે તેમની ચિંતા કર્યા વગર તેમણે ત્રણ હજાર રૂપિયા જે આવતા મહિનાનો તેમનો ખર્ચો હતો તે તેમણે આપી દીધો ત્યારે અમને ત્રેતા યુગમાં જે શબરી માતાએ વર્ષો સુધી રામ ભગવાનની રાહ જોઇ હતી ત્યારે આ કળયુગમાં પણ અમને એક વૃદ્ધ માજીની અંદર એક શબરી માતાના દર્શન થયા છે જેમણે રામ મંદિરના નિર્માણ માટે કાલે પોતાનું શું થશે તેના અસ્તિત્વનો વિચાર કર્યા વગર તેમની ઝોળીમાં જે નિધિ હતી તે અમને આપી દીધી. કદાચ આ જ રામ ભકતોની શ્રદ્ધાના લીધે ૨૨મી તારીખે આપણે ભવ્ય ઉજવણી કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આ રામ મંદિરની ૨૨મી તારીખે જે પ્રાણ પ્રતિષ્ઠા થઇ તેની જે ઉજવણી હતી તે સ્વયં ભૂ ઉજવણી હતી. આ ઉજવણી એક ભકતની ભગવાન રામને આપેલા વચનની ઉજવણી હતી અને ભકતે વચન કરેલુ હતું કે **જહાં રામને જન્મ લીયા હૈ મંદિર વહી બનાયેંગે** એ ભકતે કરેલા વચન પૂર્ણ થયાની ઉજવણી હતી. નામી અનામી જેટલા સ્વયં સેવકો, કાર સેવકોએ જે બલિદાન આપ્યુ હતું તેમને નમન કરવાની ઉજવણી હતી. આ ન્યાયાલય ઉપર ભરોસાની ઉજવણી

હતી. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર વ્યકત કરી પાટનગર યોજના વિશે મારી વાત મૂકવી છે. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે અને આ પાટનગરને શોભે એવી તમામ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાટનગર યોજના દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં દરેક વિકાસના કામો કરવામાં આવ્યા છે. માનનીય ધારાસભ્યશ્રીઓ માટે અંદાજે રૂપિયા ૨૯૦ કરોડના ખર્ચે નવું સદસ્ય નિવાસ બાંધવાનું કામ હાલ પ્રગતિમાં છે. ગાંધીનગર પાટનગર એ સરકારી કર્મચારીઓની નગરી છે અને આ નગરીની અંદર દર વર્ષે કર્મચારીઓ માટે બે થી ત્રણ હજાર કવાર્ટરો બનાવવા માટેનું આયોજન થતું હોય છે ત્યારે હાલમાં અંદાજે રૂપિયા ૬૦૦ કરોડના ખર્ચે વિવિધ કક્ષાના ૨૬૦૦ જેટલા ક્વાટર્સ હાલ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર ખાતે રાજભવન ગેસ્ટ હાઉસ તથા બેન્કવેટ હોલનું રૂપિયા પર કરોડનું કામ પૂર્ણ થયેલ છે તેમજ રાજભવન ખાતે વિવિધ કક્ષાના ૧૩૬ આવાસો અંદાજે રૂપિયા ૬૦ કરોડના ખર્ચે બાંધવાનું કામ હાલ પ્રગતિમાં છે. ગાંધીનગર કોબા એરપોર્ટ રોડ ઉપર રક્ષા શકિત સર્કલ ખાતે ફ્લાય ઓવર બ્રિજનું રૂપિયા ૫૦ કરોડનું કામ પૂર્ણ થયેલ છે અને રાજસ્થાન સર્કલ ખાતે રૂપિયા ૧૩૫.૭૦ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર પેથાપુર મહુડી રોડ ઉપર ખૂબ જ ટ્રાફિકની સમસ્યા હતી આ સમસ્યાને નિવારવા માટે ત્યાં ફ્લાય ઓવર તેમજ ચાર માર્ગીય માટે રૂપિયા ૧૨૫ કરોડનું કામ શરૂ કરવામાં આવેલ છે. સાબરમતી નદી પર ગાંધીનગર તાલુકાના સાદરા ગામ અને કલોલ તાલુકાને જોડતો બ્રિજ બાંધવાનું રૂપિયા ૮૯ કરોડનું કામ હાલ પ્રગતિમાં છે. ડો.જીવરાજ મહેતા ભવન રી-ડેવલપમેન્ટ અંતર્ગત સરકારી કચેરી ખાતે રૂપિયા ૧૦૦ કરોડની અંદાજીત રકમના બે નવા બ્લોક બાંધવાનું કામ શરૂમાં છે. અંદાજે રૂપિયા ૮૩ કરોડના ખર્ચે ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની અને બંધારણીય કચેરીઓ માટે બહુમાળી મકાનો બાંધવાનું કામ કર્મયોગી ભવન, બ્લોક નંબર-૪ માટે રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે કોંગ્રેસના ધારાસભ્યશ્રી અમીતભાઇ જે રીતે વાત કરી રહ્યાં હતા ભારતીય જનતા પાર્ટી પર આક્ષેપ કરીને નકલી, નકલી અને નકલીની વાતો તો જાણે એમની વાતો સાંભળીને એવુ લાગતું હતું કે કોંગ્રેસના શાસનમાં હર હર પટ્ટાના સોના થા, આસમાન ચાંદી ઔર ધરતી ચાંદી કા હાર થા, ઘર ઘર મેં અમૃત જલકા પ્યાલા થા. જાણે એમના શાસનમાં એવુ લાગતું હતું કે ગુજરાત એ સોનાની નગરી હતી અને ભારતીય જનતા પાર્ટીના કાળમાં જ આ બધી વસ્તુઓની શરૂઆત થઇ પણ તેમને ખબર નથી કે જયારે તેમના શાસનની અંદર કર્ફ્યુ પડતા હતા અને લોકો ઘરમાં બંધાઇ રહેતા હતાં એ કર્ફ્યુમાંથી મુકત આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યા છે. આજના દિવસે રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર નરેશભાઇ પટેલે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમાં હું મારું અનુમોદન આપું છું, આભાર.

શ્રી સુખાજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, પશુઓના દૂધ ઉત્પાદન પર અસર કરતાં અગત્યના રોગો અને સંપૂર્ણપણે નાબૂદી અને દેશનાં તમામ પશુપાલકો માટે સારી આજીવિકાની તક સુનિશ્ચિત કરવાના નિર્ધાર સાથે રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જિનની સરકાર સાથે મળીને કામ કરી રહી છે ત્યારે રાજ્ય સરકારને આપના માધ્યમથી અભિનંદન પાઠવવા અને માનનીય રાજ્યપાલશ્રીના સંબોધનમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રના મુદ્દાઓના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. આપણા સૌના લોક લાડીલા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે પશુ આરોગ્ય, પશુ સંવર્ધન અને વિસ્તરણ સેવાનો લાભ પશુપાલકો પોતાના ગામમાં બેઠાં-બેઠાં વિનામૂલ્યે મેળવી શકે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૦૨થી પશુ આરોગ્ય મેળાનો આરંભ કરાવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને ગામમાં બેઠાં-બેઠાં નિષ્ણાત પશુ ચિકિત્સકોની ટીમ દ્વારા ઝુંબેશ સ્વરૂપે પશુ સારવાર મળી રહે તે માટે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ડિસેમ્બર - ૨૦૨૩ સુધીમાં કુલ ૪૦૦૦ જેટલા પશુ આરોગ્ય મેળાના આયોજન થકી ૧૪ લાખથી વધુ પશુઓને સારવાર આપવામાં આવી છે. કોઇ પણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે તેવા ઉમદા આશયથી સરકાર દ્વારા મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના હેઠળ રાજ્ય સરકારની તમામ સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે પશુ સારવાર પૂરી પાડવામાં આવે છે. ડિસેમ્બર - ૨૦૨૩ સુધી અંદાજે ૪૬ લાખથી વધુ પશુ સારવારની કામગીરી કરવામાં આવી છે. રાજ્ય સરકારે શરૂ કરેલા ૧૦ ગામ દીઠ એક ફરતાં પશુ દવાખાનાં એટલે કે કરુણા એનિમલ એમ્બ્યુલન્સ - ૧૯૬૨ની On Call સેવાથી રાજ્યમાં પશુ ચિકિત્સાની સેવાઓ વધુ મજબૂત બનાવી છે. પશુપાલન માટે આર્થિક રીતે નુકસાનકારક અને જીવલેણ ચેપી રોગોના અટકાવ અને નિયંત્રણ માટે રાજ્ય સરકાર દર વર્ષે સમયસર વિવિધ રસીકરણની ઝુંબેશ હાથ ધરે છે. આપણા દેશના લોક લાડીલા માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર સમગ્ર દેશના નેશનલ એનિમલ ડિસીસ કંટ્રોલ પ્રોગ્રામ કાર્યાન્વિત કરી રાજ્યનાં પશુ ધનને ખરવા-મુવાસા એટલે કે એફ.એમ.ડી. અને બ્રુસોલીસ રોગોથી રક્ષિત કરવા માટે રસીકરણનો કાર્યક્રમ અમલમાં મૂક્યો છે અને તેમાં થતો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવી રહી છે. પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે બાર દૂધાળા પશુ અને ૫૦ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે પશુની ખરીદી પર વ્યાજ સહાય, પશુ વીમા સહાય તેમજ અન્ય માળખાકીય સુવિધા માટે સહાય પૂરી પાડી પશુપાલન પ્રવૃત્તિને રોજગારી સાથે જોડવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. પશુ સંવર્ધન ક્ષેત્રે કૃત્રિમ બીજદાન, સેક્સ સીમેન ડોઝ, આઇ.વી.પી.એફ. જેવી અદ્યતન ટૅકનૉલૉજીનો ઉપયોગ કરી રાજ્યના પશુપાલકો માટે પશુપાલન વધુ નફાકારક બની રહે તે દિશામાં રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જિન સરકારે અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. તે ઉપરાંત રાજ્ય સરકાર ગૌ શાળા, પાંજરાપોળ માટે વિવિધ માળખાકીય સુવિધાઓ માટે સહાય પણ ઉપલબ્ધ કરાવી રહી છે તે બાબત આપણે સૌ જાણીએ છીએ. ગૌ સેવા, ગોપાલન અને ગૌ રક્ષા માટે વર્ષ ૨૦૨૨-૨૩થી મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના અમલમાં મૂકાઇ હતી. આ યોજના પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી ગૌ શાળા, પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને પશુ વર્ગના કોઇ

પણ પશુઓના નિભાવ માટે મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના અંતર્ગત પશુદીઠ પ્રતિદિન રૂ.૩૦ લેખે રાજ્ય સરકાર સહાય આપે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના હેઠળ કુલ રૂ.૧૭૫ કરોડ જેટલી માતબર રકમની સહાય ગૌશાળા, પાંજરાપોળને ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં પ્રથમ ત્રિમાસિક સમયગાળા માટે ૧૨૨૫ સંસ્થાઓના ૩ લાખ ૬૭ હજાર ૪૯૯ પશુઓ માટે રૂ.૧૦૦ કરોડની નિભાવ સહાય, બીજા ત્રિમાસિક સમયગાળા માટે ૧૨૦ સંસ્થાઓના ૨ લાખ ૭૬ હજાર ૩૫૨ પશુઓ માટે રૂ.૭૬ કરોડની નિભાવ સહાય મળી કુલ રૂ.૧૭૬ કરોડની સહાય આપવામાં આવી છે. પશુધનના આરોગ્ય રક્ષણને બંધારણીય જવાબદારી સમજી રાજ્યમાં પશુધનની સંખ્યા સામે પશુ ચિકિત્સા સેવાનો વ્યાપ વધારવાના ઉમદા હેતુથી પશુપાલકને ગામમાં બેઠાં પશુ ચિકિત્સા અને પશુ સંવર્ધનની સેવાઓ ઉપલબ્ધ કરાવવાના રાજ્ય સરકારના અભિગમના કારણે રાજ્યના પશુઓના દૂધ ઉત્પાદનમાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૭૨.૮૦ લાખ મેટ્રિક ટન સાથે દેશના કુલ વાર્ષિક દૂધ ઉત્પાદનમાં ૭.૪૯ ટકાના હિસ્સા સાથે ચોથા ક્રમે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન દેશમાં ઉત્પન્ન થયેલ દર ૧૩ લિટર દૂધમાં ગુજરાત રાજ્યનું એક લિટર દૂધનું યોગદાન રહેલું છે. પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રે રાજ્યના પશુપાલકોના હિત અને તેમના આર્થિક અને સામાજિક વિકાસ સબંધિત રાજ્ય સરકારની કામગીરીથી સંતોષ વ્યક્ત કરી મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધનમાં પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રના મુદ્દા ઉપર હું મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે યાત્રાધામ વિકાસના જે કામ શરૂ કરેલા તેમાં મારા કચ્છ વિસ્તારની વાત કરું તો અમે જે મંદિરોના કલર પણ ન કરી શકતા તે મંદિરો અત્યારે ભવ્ય બની ગયા છે. મંદિરોના જીર્ણોદ્ધાર માટે સરકારશ્રી ખૂબ જ ગ્રાન્ટ ફાળવે છે. કચ્છનો નાનો ગિરનાર એટલે ધીણોધર થાન અને માતાનો મઢ-આશાપુરા મૉંના મંદિર માટે સરકારે રૂ.૩૩ કરોડ ફાળવ્યા છે. લખપત તાલુકાના ગુરૂનાનકજી એક રાત રોકાયા હતા તેના વિકાસ માટે પણ સરકારશ્રીએ રૂ. સાડા સાત કરોડ ફાળવ્યા છે તેના માટે હું અભિનંદન આપું છું. ભુજમાં રૂદ્રાણી, આશાપુરા, રવેચી, મોમાઇ મૉંના મંદિર માટે સાડા ત્રણ કરોડ રૂપિયા ફાળવયા છે. જે રીતે ચંદ્ર ભગવાને સોમનાથ મહાદેવની સ્થાપના કરી હતી તેવી જ રીતે રાવણ રાજાએ કોટેશ્વર મહાદેવ મંદિરની સ્થાપના કરી. દ્વારકાધીશની જેમ ત્રિકમરાય ભગવાના મંદિર માટે સરકારશ્રીએ રૂ.૩૦ કરોડ ફાળવ્યા છે તેના માટે ગુજરાતના આપણા માનનીય મંત્રીશ્રી મૂળુભાઇ બેરાને હું અભિનંદન આપું છું. અમારા કચ્છના રામવાડામાં ભગવાન રામ એક રાત રોકાયા હતા. ત્યાં મેઇન હાઇવે ઉપર પૂર્ણેશ્વર મહાદેવના મંદિર માટે પણ પુરાતત્વ વિભાગે રૂ.એક કરોડ ફાળવ્યા છે. પિંગલેશ્વર બીચ માટે રાજ્ય સરકારે રૂ.૨૫ કરોડ ફાળવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રીને હું અભિનંદન આપું છું. અત્યારે જે દેવ સ્થાનોનું ધ્યાન રાખીએ છીએ તેના લીધે ભગવાન પણ એટલા રાજી થયા છે કે ત્યાર પછી કોઇ દુષ્કાળ પણ પડતો નથી. વરસાદ ખૂબ આવે છે જેથી નર્મદા નદીમાં પાણી રહે છે. આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબ અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના રાજમાં દૂધની નદીઓની જેમ આજે ગામોગામ ડેરી ચાલુ છે. મુસ્લિમ સમાજની એક સુમરી દાદીની જગ્યા છે તેનો ઇતિહાસ બહુ લાંબો છે. ૧૪૦ દીકરીઓએ અબડાદાદાને કહ્યું હતું કે તમે અમને બચાવો તો અબડાદાદાએ કહ્યું કે દૂધનો કટોરો હાથમાં લો અને જો લોહી થઇ જાય તો સમજી જજો કે તમારો ભાઇ શહીદ થઇ ગયો અને તમને જમીન જગ્યા આપી દેશે અને જમીને જગ્યા આપી હતી એટલે ૧૪૦ દીકરીઓ સમાઇ ગઇ હતી. તેવી રીતે દલિત સમાજની મતિયા દેવની જગ્યા માટે રૂ.પોણા ત્રણ કરોડ સરકારશ્રીએ ફાળવ્યા છે. સરકારશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આજે સરપંચને પણ ગામની સફાઇ કરવામાં શરમ આવતી હોય અને દેશના વડાપ્રધાનશ્રી આપણને રાહ આપવા માટે પોતે હાથમાં ઝાડું લેતાં હોય. આની અસર દેશ-વિદેશમાં પણ જોવા મળે છે. આના માટે આપણે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય વડાપ્રધાનશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. અમિતાભ બચ્ચનને પણ કહેવું પડે કે, ''કચ્છ નહીં દેખા હૈ તો કુછ નહીં દેખા હૈ''. હજારો વર્ષથી કચ્છનું સફેદ રણ હતું પણ કોઇને કાંઇ સૂઝયું નહોતું. અત્યારે કચ્છમાં નાની એવી હૉટલ હોય તો પણ હજાર કે પંદરસો રૂપિયા ભાડું મળે. અનેક યાત્રાળુઓ દેશ-વિદેશથી અહીંયા આવી રહ્યા છે. જેનાથી લોકોને રોજરોટી મળી રહે છે. આ માટે અભિનંદન આપીએ છીએ. અત્યારે ટ્રક ટ્રાન્સપોર્ટનું એટલું બધું કામ ચાલી રહ્યું છે કે એના માટે અભિનંદન આપવા પડે. અમારે ત્યાં પશુપાલકોની સંખ્યા વધારે છે. ગામોગામ દૂધની નદીઓ એટલે કે ડેરીઓ છે. કોઇ ગામ એવું નથી કે રૂ. ૫૦ લાખનું દૂધ વેચાતું ન હોય, કરોડોના બિલ આવી રહ્યા છે. અમારે કચ્છની કહેવત છે કે, ''શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત ચોમાસે વાગડ ભલોને કચ્છડો બારેમાસ''. કચ્છમાં પીવા માટે પણ પાણી નહોતું. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના રાજમાં છેક બોર્ડર સુધી પાણી પહોંચી ગયું છે. ગમે એવી પરિસ્થિતિમાં હોય તો પણ અમે રહી શકીએ. ખૂબ ખૂબ આભાર.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સીનિયર ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ પ્રસ્તાવ લાવ્યા અને શ્રી કેશાજી ચૌહાણે એમને સમર્થન આપ્યું. માનનીય રાજ્યપાલશ્રી એમના સંબોધનમાં આદિજાતિ વિકાસની વિવિધ કલ્યાણકારી યોજનાઓ લઇને આવ્યા. આ તમામ બાબતો પર એમણે ચર્ચા કરી. હું અનુમોદન એટલા માટે આપીશ કે અમારા આદિવાસી સમાજ માટે આદિજાતિ કલ્યાણકારી યોજનાઓ આ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને એમની ટીમ લઇને આવી છે. એની સાથે-સાથે માનનીય કેબિનેટ મંત્રીશ્રી

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

કુબેરભાઇ ડીંડોરસાહેબ અને માનનીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિ આદિવાસી સમાજની કલ્યાણકારી યોજનાઓ લાવ્યા છે ત્યારે હું એમનો આભાર માનું છું. વર્ષ ૨૦૨૩-૨૪માં વનબંધુ યોજનાઓ લાવ્યા. રૂ. ૪૩૭૪ કરોડ આદિજાતિ વિકાસ વિભાગ માટે આપ્યા છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓનો આભાર માનીશ કે દરેક યોજનાઓ કે જે કદાચ અમે વિચારી પણ નહીં હોય. અમારો આદિવાસી સમાજ આંખ બંધ કરીને વિચારે કે આ વસ્તુ જોઇએ છે અને એને યોજનામાં રૂપાંતરિત કરીને આ યોજનાઓ ગુજરાતની સરકારે અમારા આદિવાસી ભાઇબંધુઓને ધ્યાનમાં રાખીને આપી છે. ગુજરાત પેટર્ન યોજનામાં રૂ. ૩૩૭ કરોડ આદિવાસી જિલ્લાઓ માટે અલગથી ગ્રાન્ટ આપવામાં આવે છે ત્યારે આદિજાતિ સમૂહના સર્વાંગી વિકાસ અને ઉત્થાન માટે આ રાજ્ય સરકારે અનેક પ્રયત્નો કર્યા છે. એની સાથે અલગ-અલગ અનુસૂચિત જનકલ્યાણકારી યોજનાઓ કરી છે. આજે શિક્ષણ ક્ષેત્રે આદર્શ નિવાસી શાળાઓ, એકલવ્ય મોડલ શાળાઓ અને સરકારી છાત્રાલયો બનાવવામાં આવ્યા છે. કદાચ અગાઉની સરકારોમાં અમારા વિદ્યાર્થીઓની પરિસ્થિતિ એવી હતી કે જેની કલ્પના પણ ન કરી શકાય. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં આદર્શ નિવાસી શાળા કે એકલવ્ય શાળામાં જ્યારે અમારા બાળકો ટાઇ અને શૂટબૂટ સાથે આવતા હોય ત્યારે ગર્વની લાગણીની અનુભૂતિ થતી હોય છે. અગાઉની સરકારોમાં માત્ર ને માત્ર ખેતી કરવા માટે અને ઉત્તર બુનીયાદી જેવી શાળાઓ એ આદિવાસી વિસ્તારમાં હતી. પરંતુ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે દરેક વ્યકિત અને જનજાતિના બાળકો ખૂબ સારો અભ્યાસ કરે, વૈજ્ઞાનિકો બને, ડૉકટરો બને, આઇ.એ.એસ., આઇ.પી.એસ. અને આઇ.એફ.એસ. બને એના માટે કામ કર્યું છે અને સાથે સાથે અદ્યતન સુવિધા સાથેના છાત્રાલયો બનાવ્યા છે. પહેલા અમારા આદિજાતિના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરે ત્યારપછી ઉચ્ચ અભ્યાસ કરવા માટે જયારે શહેરમાં જવાનું થાય એ વખતે તેઓની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી હતી. અમારા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારે જે વ્યવસ્થાઓ કરી છે એ માટે હું સરકારશ્રીને અભિનંદન આપીશ. સરકારશ્રીએ અમારા આદિજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે એકદમ અદ્યતન છાત્રાલયો બનાવ્યા છે. કદાચ મોટા કોઇ અધિકારીશ્રીઓ કે કોઇ સારા વ્યકિત પોતાના દીકરા માટે વ્યવસ્થા નહીં કરી શકે એવી વ્યવસ્થા આદિજાતિ વિભાગ તરફથી કરવામાં આવે છે. છાત્રાલયમાં કદાચ કોઇને એડમિશન નહીં મળ્યું હોય અને પોતે રૂમ ભાડે રાખીને રહેતા હોય તો એમને પણ રૂમ ભાડુ, જમવા અને રહેવા માટેનો ખર્ચો આદિજાતિ વિભાગ આપતો હોય છે. સાથે સાથે આદિજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે અલગ-અલગ યોજનાઓ બનાવી છે. અમારા જે વિદ્યાર્થીઓ અને બાળકો ટેલેન્ટેડ હોય અને એકઝામ આપી હોય એમના માટે ટેલેન્ટ પુલ યોજના કરવામાં આવી છે. રાજપીપળા મુકામે બિરશા મુંડા આદિજાતિ યુનિવર્સિટીની કદાચ કોઇએ કલ્પના પણ નહીં કરી હોય કે કોઇ સરકારના ધ્યાનમાં પણ નહીં આવ્યું હોય, પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બિરશા મુંડા યુનિવર્સિટી આપી, ભગવાન બિરશા મુંડાનું ભગવાન તરીકે જે સન્માન કર્યું છે એ માટે આજે ગુજરાતની સરકાર, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને આખી ગુજરાત ટીમે પ્રયત્ન કર્યો છે એ માટે હું ગુજરાત સરકારશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ આવ્યો એ વખતે કોંગ્રેસની કેન્દ્ર સરકારે મોટી-મોટી જાહેરાતો કરી હતી કે અમે લોકોને વન અધિકાર આપવા માગીએ છીએ. સાથે સાથે કદાચ એ વખતે સમગ્ર ભારત દેશમાં વન અધિકાર માટેના જે ફોર્મો ભર્યા હશે એ વખતે માત્રને માત્ર ફોર્માલિટી કરવામાં આવી હશે. એ વખતે ગુજરાત સરકારે આ વન અધિકાર અધિનિયમ માટે ખૂબ સારામાં સારા પ્રયત્ન કર્યા છે. એ માટે હું ગુજરાત સરકાર અને ભારતીય જનતા પાર્ટીની સરકારનો આભાર માનું છું. કુલ ૧,૮૨,૦૦૦ જેટલા દાવાઓ હતા. આ ૧,૮૨,૦૦૦ દાવાઓમાં ગુજરાત સરકાર દ્વારા મિનિમમ ૫૦ ટકા એટલે કે ૯૭ હજાર જેટલા દાવાઓ માન્ય કરી લોકોને આપવામાં આવ્યા છે. સાથે સાથે આજે કદાચ રાજય સરકારનો એટલા માટે હું આભાર માનીશ કે જે જમીનો આપવામાં આવી છે, તે હજુ પણ બિલકુલ અવિરતપણે ચાલુ રહ્યું છે. સાથે સાથે જેને જમીન આપવામાં આવી છે એમાં માનનીય મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજનાનો સમાવેશ કર્યો છે. દરેક લાભાર્થી માટે પાણીની સુવિધા હોય, જમીન લેવલિંગ માટેની સુવિધા હોય કે પછી પશુપાલનની સુવિધા હોય એવી અનેકવિધ સુવિધાઓને મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજનામાં સામેલ કરેલ છે. અમારા તાપી જિલ્લાની વાત કરું તો રૂ. ૫ કરોડ જેટલી માતબર રકમ આ લાભાર્થીઓને આપી આજે બોર, કૂવા અને સિંચાઇ માટેની સુવિધા પૂરી પાડી છે. (વચ્ચેથી અટકાવતાં)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના વકતવ્ય ઉપર આ ગૃહના સન્માનનીય સિનિયર સભ્યશ્રી નરેશભાઇ પટેલ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા અને મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જે રીતે આ દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાતની સરકારના આપણા આ ગૃહના સન્માનનીય નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે રીતે સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ એટલે કે ઓ.બી.સી. વર્ગ અને પછાત વર્ગ માટે જે કોઇ યોજનાઓ છે એ યોજનાઓ દ્વારા સમાજનો વિકાસ થાય, એનો ઉત્કર્ષ થાય એના માટે અનેક યોજનાઓ લઇને આવ્યા છે.

## તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે ચાલુ વર્ષે એમ કહેવાય કે કોંગ્રેસના શાસનમાં જે આખા રાજ્યનું બજેટ હતું એટલું બજેટ માત્ર એક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે ૬૧૯૩ કરોડ રૂપિયાની બજેટની જે જોગવાઇ કરવામાં આવી છે એ બદલ સન્માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો પણ આભાર માનું છું. ખાસ કરીને બક્ષી પંચ ઓ.બી.સી. સમાજ જે છે એ ઓ.બી.સી. સમાજ માટે હમણા કોંગ્રેસના મિત્રો ચિંતા કરતા હતા, પણ જયારે આટલી બધી ચર્ચા ચાલતી હોય ત્યારે કોંગ્રેસના એકપણ સભ્ય હાજર ન હોય...

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી ઋષિકેશ ગ. પટેલ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ એમની વાત રજૂ કરીને ગયા. એના પછી આપ સામે જૂઓ છો કે કોંગ્રેસમાંથી કે આપમાંથી કોઇપણ સભ્યશ્રી સભાગૃહમાં હાજર નથી. ખરેખર કોઇએ આક્ષેપ કરવા અથવા તો સરકારની ટીકા કર્યા પછી સરકારનો પક્ષ પણ એમણે સાંભળવો જોઇએ. સરકાર તરફથી જે વાત રજૂ થતી હોય. એમણે તો તથ્યવિહિન ટીકાઓ કરી, આધારવિહિન ટીકાઓ કરી અને એ ટીકાઓ કરીને ગયા પછી આપ જોઇ રહ્યાં છો કે સમગ્ર વિપક્ષ હાજર નથી. એકપણ સભ્ય બેઠા નથી સાંભળવા માટે. આ વાત યોગ્ય નથી. આપે એમને ઠપકો આપવો જોઇએ.

(આ તબક્કે શ્રી અમિતભાઇ ચાવડા સહિત વિપક્ષના કેટલાક સભ્યશ્રીઓ ગૃહમાં દાખલ થયા. )

ઉપાધ્યક્ષશ્રી : અમિતભાઇ, બધા કયાં બહાર ઊભા રહી ગયા હતા?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું થોડા કામથી બહાર ગયો હતો. અમે આક્ષેપ કરીને જતા રહ્યાં એવા મેદાન છોડીને જવાવાળા નથી. શ્રી નરેશભાઇ આભાર પ્રસ્તાવ લાવ્યા છે એનો જવાબ હજુ કાલે પણ આપીશું, બીજી બેઠકમાં પણ આપીશું અને શ્રી નરેશભાઇ છેલ્લે કદાચ બોલશે ત્યારે એમની વાત સાંભળવા માટે પણ રોકાઇશું.

ઉપાધ્યક્ષશ્રી : આપના દંડક પણ હાજર ન રહે એ તો બરાબર ન કહેવાય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અમિતભાઇએ કહ્યું, પણ નિયમ પ્રમાણે તો ખરેખર બેસવું જોઇએ. કદાચ કયાંક...

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એવો કોઇ નિયમ નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોતાની વાત રજૂ કર્યા પછી સામેનાની વાત સાંભળવા હાજર રહેવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, હવે હાજર રહેવાનું રાખજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મારી તો માનનીય અધ્યક્ષશ્રી, આપને દરખાસ્ત છે કે આપે એમને ઠપકો આપવો જોઇએ.

શ્રી અમિત ચાવડા : આપ સંસદીય મંત્રી છો. આધાર વગર વાત કરો એ બરાબર નહીં. શ્રી નરેશભાઇ આભાર પ્રસ્તાવ લાવ્યા છે. શ્રી નરેશભાઇ વાત કરશે ત્યારે સો ટકા હાજર રહીશું. માનનીય મંત્રીશ્રી બજેટ રજૂ કરે, એમને જવાબ આપવાનો હોય છે ત્યારે સાંભળતા જ હોઇએ છીએ. એમ શ્રી નરેશભાઇ બોલશે ત્યારે હાજર રહીશું અને શ્રી કેશાજીભાઇને ફરીવાર તક આપશો તો તે વખતે પણ હાજર રહીશું.

ઉપાધ્યક્ષશ્રી : સારું, પણ હવેથી હાજર રહેજો. માનનીય ઉદયભાઇ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ દ્વારા આપણી ગુજરાત સરકારે કેવી રીતે એ સમાજનો ઉત્કર્ષ થાય એના માટે અનેક યોજનાઓ લઇ આવ્યા. સાથોસાથ જયારે હું પણ બક્ષી પંચ સમાજમાંથી આવું છું ત્યારે કેન્દ્ર સરકારે અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતની સરકારે જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ૨૭ ટકા અનામતનું જે બિલ લઇને આવ્યા અને એ બિલને ભારતીય જનતા પાર્ટીના તમામ સભ્યશ્રીઓએ આવકારી અને એ બિલને પાસ કર્યું. ત્યારે એક દુઃખ એ પણ થયું આ ગૃહની અંદર જે કોંગ્રેસના મિત્રો બક્ષીપંચ સમાજની વાતો કરે, ઓ.બી.સી. સમાજની વાતો કરે પણ એ જયારે બિલ ગૃહની અંદર પાસ થયું હતું ત્યારે એ બિલનો વિરોધ કરી ગૃહ છોડીને ચાલ્યા ગયા હતા. એ પણ આ સભાગૃહની અંદર બહુ ગંભીર પ્રકારનો બનાવ કહેવાય અને ગુજરાતનો બક્ષીપંચ સમાજ, જે ઓ.બી.સી. સમાજ છે એ આ વસ્તુ કયારેય પણ ભૂલી નહીં શકે. ખાસ કરીને આ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ ગુજરાતમાં હતા અને પછી આ દેશના પ્રધાનમંત્રી બન્યા પછી બક્ષીપંચ સમાજ માટે, ઓ.બી.સી. સમાજ માટે, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અનેક પ્રકારના કાર્યો કર્યા છે. જેમ કહીએ કે ભારત સરકારની અંદર જે ઓ.બી.સી. આયોગ હતું, પરંતુ એને બંધારણીય અધિકાર નહોતો, એ વાઘ હતો પણ એને નખ નહોતા પરંતુ જો કોઇએ બંધારણીય અધિકાર આ ઓ.બી.સી. આયોગને આપ્યો હોય તો આ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે આપ્યો છે અને ૨૭ ટકા અનામતનું બિલ આ ગુજરાત સરકારે જયારે પાસ કર્યું ત્યારે મને કહેતા આનંદ થાય છે કે હવે પછીની જે કંઇ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી આવશે કે જે કંઇ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત એમાં ૨૭ ટકા અનામત બક્ષીપંચ સમાજને, ઓ.બી.સી. સમાજને મળવાની છે તો એના માટે પણ હું આ રાજય સરકારશ્રીને અભિનંદન આપું છું. બક્ષીપંચ સમાજની આમ જોવા જઇએ તો ૫૨ થી ૫૪ ટકા જેટલી ગુજરાતમાં વસ્તી છે. આ વસ્તીને વર્ષો સુધી ભૂતકાળની સરકારોએ માત્ર એક વોટબેંકની રાજનીતિ, એનું શોષણ કરવું, કોઇપણ પ્રકારે બક્ષીપંચ સમાજની, ઓ.બી.સી. સમાજની જાણે એલર્જી હોય એ પ્રકારના એના વાણી, વર્તન અને વહેવાર હતા ત્યારે એ સમાજને સન્માન જો કોઇ એ આપ્યું હોય તો એ માનનીય મોદીસાહેબે આપ્યું છે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે અને

એના માધ્યમથી જ આ ભારતીય જનતા પાર્ટી આ ગૃહમાં ૫૦ જેટલા ધારાસભ્યશ્રીઓ આજે બક્ષીપંચ સમાજમાંથી, ઓ.બી.સી. સમાજમાંથી આવે છે ત્યારે દરેક ક્ષેત્રમાં બાળકોને લોન-શિષ્યવૃતિ આપવાની હોય, બાળકોને માટે છાત્રાલયની વાત હોય એવી રીતે અનેક યોજનાઓ નાના નાના વર્ગ માટે કરી છે અને દરેક યોજનાઓ જોજો, દરેક યોજના જોઇએ તો દરેક નાના વર્ગને, પછાત વર્ગના પછી એસ.સી., એસ.ટી. હોય, ઓ.બી.સી. હોય બધા જ વર્ગો માટે કલ્યાણકારી યોજનાઓ અનેક પ્રકારની યોજનાઓ જયારે આ રાજય સરકાર જયારે અમલીકરણ કરી રહી છે ત્યારે હું માનનીય નરેશભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ પ્રસ્તાવને હું મારું અનુમોદન આપું છું. અસ્તુ. ભારત માતાકી જય. વંદે માતરમ

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૫-૪૫ કલાકે ફરીથી મળશે.

**(વિરામ સાંજના ૫-૨૨થી સાંજે ૫-૪૫)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી ઉદયભાઇ કાનગડ. આપનું ભાષણ થઇ ગયું. ડો. પાયેલબેન કુકરાણી.

ડો. પાયલ મ. કુકરાની : माननीय अध्यक्षश्री, महामहीम राज्यपाल श्री ने गृह में जो संबोधन दिया है उस विषय में महिला-बाल विकास पर बोलने की मुझे जो तक मिली है उसके लिए सबसे पहले मैं आपका धन्यवाद करना चाहूंगी।

माननीय राज्यपालश्रीने अपने संबोधन में नारीशक्ति वंदन अधिनियम की बात कही थी। हमारे यशस्वी प्रधानमंत्री सन्माननीय नरेन्द्रभाई मोदी जी ने महिलाओं के लिए एक ऐतिहासिक निर्णय करते हुए लोकसभा और विधानसभा में महिलाओं को 33 प्रतिशत रिज़र्वेशन दिया है। महिलाओं को राजकीय स्तर पर सशक्त बनाने के लिए ये एक बहोत बडा कदम बननेवाला है। हमारी सरकार ने पहले ही पंचायत और म्युनिसिपालिटी में महिलाओं को 50 प्रतिशत रिज़र्वेशन दिया है। प्रधानमंत्री नरेन्द्र मोदीजीने सेल्फ हेल्प ग्रुप के जरीए 3 लाख लखपति दीदी बनाने का संकल्प लिया है। इसके कारण, आर्थिक स्तर पर महिलाएं सशक्त बनेंगी, मज़बुत बनेंगी। जातिवाद को खत्म करने के लिए मोदीजीने पुरे देश को सिर्फ चार जातियां बताई हैं- गरीब, महिला, युवा और किसान। और इस में सब से महत्त्व की जाति है तो वह है महिला- क्योंकि गरीब में भी महिला है, युवा में भी महिला है और किसान में भी महिला है। महिलाओं के लिए हंमेशा अलग सोचते हुए हमारे देश के प्रदानमंत्री जब मुख्यमंत्री थे, तब हमारे महिला और बाल विकास का अलग मंत्रालय बनवाया । और हंमेशा महिलाएं इसका नेतृत्व करें वह उन्हों ने सुनिश्चित किया है।

आप गुजरात सरकार की योजनाएं देखेंगे तो आपको पता चलेगा कि महिलाओं के जीवन के हर एक मुकाम के लिए कोई न कोई योजना बनाई गई है। यानी की हर योजना उम्र की जरूरत के हिसाब से सोच-समझकर बनाई गई है। इसलिए मैं गर्व से कहना चाहूंगी की हमारी डबल इन्जिन सरकार महिला हित के लिए समर्पित है। प्रधानमंत्री श्रीने जब राजकीय और आर्थिक स्तर पर इतना सबकुछ कर रहे हैं तब हर पुरुष की यह जिम्मेदारी बनती है कि वो अपने घर से सामाजिक और मानसिक स्तर पर समानता लाने का प्रयास करे। सामाजिक स्तर पर उन्हों समानता मिले उसके लिए हमें अपनी सोच में समानता लानी पड़ेगी। एक पिता, एक पति और एक भाई होने के तौर पर राज्य के हर एक पुरुष को यह सोचने की जरूरत है की संविधान जो समानता दे रहा है वही समानता हम मानसिक स्तर पर अपनी माताएं, बहनें और पत्नीयों को दे रहे हैं क्या? जब कोई एक भी पुरुष ये समझेगा कि महिला का काम सिर्फ जन्म देना है, घर संभालना है, खाना बनाना है। तब तक महिला समानता के लिए हमें प्रयत्न करते रहना पडेगा। तब तक कहीं न कहीं सरपंच पति और कोर्पोरेटर पति मिलते रहेंगे। आज हम मानते हैं कि महिलाएं एक अच्छी डोक्टर बन सकती है, एक अच्छी वकील बन सकती है, अच्छी मेनेजर बन सकती

है, क्योंकि वहीं उन्हों किसी पुरुष कि राय लेने की जरूरत नहीं पडती है। तो महिलाएं एक अच्छी सरपंच, अच्छी कोर्पोरेटर और विधानसभ्य भी बन सकती हैं, वहां भी उन्हों किसी पुरुष की राय लेने की जरूरत नहीं है। ये सोच जब हम बदल पाएंगे, तब मोदीजी का महिला समानता का स्वप्न है वह हकीकत में पूरा हो पाएगा। और इसकी शुरूआत हमें अपने घर से करनी पडेगी। जय गरीब, जय महिला, जय किसान, जय युवान। साथ ही साथ माननीय अध्यक्ष श्री, सभ्यश्री अमित चावडा जीने एक आलोचना करते हुए जो मैंने अभी वक्तव्य दिया। चार जातियां जो प्रधानमंत्री श्री ने कही है - तो मैं उनको ये कहना चाहूंगी, ये जो आधी आबादी है - महिला और बाल, यानी की पचास प्रतिशत से ज्यादा की आबादी है, वो अगर आपकी सरकार थी तब अगर आपने छोटी सी भी चिंता कि होती तो यही पचास प्रतिशत की आधी आबादी है वो आपको दस प्रतिशत से कम नहीं होने देती। इसी बात के साथ मैं अपने वाणी को विराम देती हूं, धन्यवाद माननीय अध्यक्ष श्री।

શ્રી જનકભાઇ તળાવિયા(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં મને ભાગ લેવાની તક મળી છે એટલે આ ગૃહ પ્રત્યે હું આભારની લાગણી પ્રગટ કરું છું. સહકાર વિષય ઉપર જયારે મને બોલવાની તક મળી છે ત્યારે મારે કહેવું છે કે જે દેશના વિકાસનો પાયો વિના સહકાર નહીં ઉદ્ધારની ભાવના ઉપર રચાયો છે ત્યારે દેશની સરકારોએ આઝાદી પછીના શરૂઆતના ૭૦ વર્ષોમાં સહકારી ક્ષેત્રના વિકાસ માટે સહકાર મંત્રાલય બનાવ્યું જ નહોતું ત્યારે મને કહેતા ગર્વ થાય છે કે દેશનું શાસન જયારથી આપણા દેશના લોકપ્રિય અને વિશ્વપુરુષ એવા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ કરી રહ્યા છે ત્યારે મોદીસાહેબના હાથમાં આવ્યું છે ત્યારથી એમણે સહકાર શબ્દને વિશેષ સમજવાની કોશિષ કરી છે અને ગુજરાતમાં પણ સહકારી પ્રવૃત્તિ દ્વારા જે આ ગુજરાતનો વિકાસ વેગવંતો બનતો જાય છે ત્યારે ગુજરાત સરકારે છેલ્લા કેટલાય વર્ષોમાં સહકારીક્ષેત્રને જે મજબૂત બનાવવાનું કામ કર્યું છે ત્યારે રાજયના મુદુ અને મકકમ મુખ્યમંત્રીશ્રી આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબના કુશળ નેતૃત્વની અંદર સહકારી પ્રવૃત્તિઓના વિકાસની રફતાર સતત આગળ વધી રહી છે ત્યારે એ માટે હું આ ગુજરાત સરકારને પણ વિશેષ અભિનંદન આપું છું. ગુજરાત પાસે અનેક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાની મજબૂત સહકારી સંસ્થાઓ છે ત્યારે આ સંસ્થાઓના વિકાસ માટે જરૂરી એવું મજબૂત સહકારી માળખું પણ છે. સરકાર દ્વારા બજાર સમિતિની પણ જે યોજનાઓ છે કિસાન કલ્પવૃક્ષ યોજના જે ચલાવવામાં આવી રહી છે એમાં અ, બ, ક અને ડ વર્ગની બજાર સમિતિઓ માટે રૂ. ૫ કરોડની મર્યાદામાં પ્રોજેકટ કોસ્ટના ૨૫ ટકાથી લઇ ૫૦ ટકા સુધીની સહાય આપવામાં આવે છે. આદિજાતિ વિસ્તારમાં આ સહાય માટે રૂ.૫ કરોડની મર્યાદામાં પ્રોજેકટ કોસ્ટના ૫૦ ટકાથી ૭૫ ટકા જેટલી સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત બજાર સમિતિઓના ગોડાઉન બનાવવા માટે પણ ૫૦ લાખની મર્યાદામાં પ્રોજેકટ કોસ્ટના ૩૫ ટકા સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ૧૮૮ બજાર સમિતિઓની ૩૩૩ કરોડ રૂપિયા જેવી સહાય ચૂકવવામાં આવી છે. આધુનિક બજાર સ્થાપવા માટેની યોજના અંતર્ગત બજાર સમિતિની સ્થાપના માટે બજાર સમિતિને રૂ. ૫૦ લાખની પ્રોજેકટ કોસ્ટના ૧૦૦ ટકા સહાય સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૧૦માં આ યોજનાનો આરંભ કરવામાં આવ્યો અને એમાં આજ સુધીમાં ૭૭.૪૬ કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવી છે. રાજયપાલશ્રીના સંબોધન ઉપરની આ ચર્ચામાં ભાગ લેવાની જે તક મળી છે ત્યારે મારે કહેવું છે કે ખેડૂતોની સહકારી મંડળીઓ અને ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ માટે અનાજ સંગ્રહશક્તિમાં વધારો થાય એ માટે ૨૫ ટકા ગોડાઉન બાંધકામ કેપીટલ સહાય યોજના પણ અમલમાં આવી છે. આ યોજના અંતર્ગત ઓછામાં ઓછું ૫૦ મેટ્રિક ટન અને મહત્તમ ૧૦૦૦ મેટ્રિક ટનની ક્ષમતાનું ગોડાઉન બનાવવાનું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ખેડૂતો દ્વારા ગોડાઉન બનાવવામાં આવ્યું હોય તો આના બાંધકામમાં ૨૫ ટકા મુજબ મહત્તમ ૫ લાખની કેપિટલ સબસિડી ચૂકવવામાં આવે છે. સરકારી સંસ્થા જો ગોડાઉન બનાવે તો મહત્તમ ૩.૫ લાખની સહાય ચૂકવવામાં આવે છે. કોરોનાના કપરાં કાળમાં વેપારીઓ, કારીગરો અને શ્રમિકોને રોજગાર બચાવવા હેતુ માટે સરકાર દ્વારા આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે ત્યારે આમાં યોજના-૧ હેઠળ કુલ ૧ લાખ ૬૭ હજાર ૮૦૨ ખેડૂતોને ૧૫૬૫.૪૮ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ હેઠળ ૩૪૪૮૮ લાભાર્થીઓને ૯૪૧ કરોડથી વધુ રકમનું ધિરાણ કરવામાં આવ્યું છે. જેમાં આ યોજના-૧ હેઠળ ૬ ટકા અને યોજના-૨ હેઠળ ૪ ટકા વ્યાજ સહાય આપવામાં આવી છે. રાજ્ય સરકાર ખેડૂતોને સમયસર કૃષિ ધિરાણ ૪ ટકાના વ્યાજ સાથે આપે છે. નાબાર્ડ ક્રેડીટ પોલિસી મુજબ ખેડૂતોને ૭ ટકાના વ્યાજદરે કૃષિ ધિરાણ આપવામાં આવે છે. જેમાંથી ૩ ટકા વ્યાજ સહાય કેન્દ્ર સરકાર આપે છે. આ યોજનામાં ડિસેમ્બર-૨૦૨૩ના અંતિત બજેટની જોગવાઇ સામે ૫૨ હજાર ૫૭૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વિકાસને વરેલી આ સરકાર દ્વારા વિવિધ પ્રજાલક્ષી નીતિઓને કારણે ગુજરાતનું સહકાર ક્ષેત્ર ખૂબ જ મજબૂત બનીને મોડલરૂપ ટકાઉ સહકારી માળખા તરીકે ઉભરી આવ્યું છે. રાજ્યપાલશ્રી દ્વારા ગૃહમાં જે સંબોધન થયું છે તે આપણા સૌ માટે દિશાદર્શક બની રહેવાનું છે ત્યારે હું આ

સંબોધનને ગુજરાત રાજ્યની પ્રજાવતી આવકારું છું અને હાર્દિક અનુમોદન આપું છું. જય જય ગરવી ગુજરાત, જય ભારત, જય હિન્દ.

શ્રી ડી.કે.સ્વામી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી,

रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः।
रामानास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहम्
रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर॥

માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું અને આપે મને આજે માનનીય રાજ્યપાલશ્રી દ્વારા આ સભાગૃહને સંબોધન કરવામાં આવ્યું અને તેમાંથી અનેક વિષયો ઉપર આ સભાગૃહની અંદર ચર્ચા ચાલી રહી છે ત્યારે ગુજરાતના ઈતિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આપણા સૌના આદરણીય એવા માનનીય વડાપ્રધાન આમ તો એમને હું તપસ્વી કહીશ તો પણ અતિશયોક્તિ નથી. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે, દિલ્હીથી લઇને ગ્રામ પંચાયત સુધી અત્યારે જે શાસન ચાલી રહ્યું છે અને તેની અંદર જે વિકાસના કામો થઇ રહ્યા છે ત્યારે હું ગુજરાતની સરકારને અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલને આજના દિવસે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો આજે આપણા બાપુ રાજી થતા હશે. સાહેબ આપની ઉપર જે દિવ્ય દર્શન આપી રહ્યા છે તે આજે કહેતા હશે કે ભાજપ બોલે છે તે કરે છે પણ આ ડાબી બાજું બેઠા છે તે બહુ અઘરા છે. આજે બાપુ પણ ત્યાં રહીને ભારતીય જનતા પાર્ટી અને તેની સરકારને... અને બાપુના મનમાં પણ રામ હતા. બાપુએ કોઇ કાર્યક્રમ રામધુન કર્યા વગર ચાલુ કર્યો ન હતો. પૂજ્ય બાપુ અને એમનું આ ગૃહ અને તેમાં આજે જ્યારે રામના નારા થયા ત્યારે આજે ગુજરાતની છ કરોડની જનતા ગદ્ગદિત થઇ ગૌરવ લઇ રહી છે. વાહ અમારી સરકાર, વાહ મોદી સાહેબની સરકાર, વાહ શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલ દ્વારા અનેક વિષયો ઉપર એમણે જે સંબોધન કર્યું જેની અંદર અનેક વિષયો લેવામાં આવ્યા. નર્મદા, આદિજાતિ, આરોગ્ય, ખાણ ખનિજ એવા અનેક વિષયો ઉપર માનનીય રાજ્યપાલશ્રીએ ખૂબ જ ઉંડાણપૂર્વક આ સભાગૃહને સંબોધી જ્ઞાન પિરસ્યુ છે ત્યારે આજે હું શિક્ષણ વિશે વાત કરીશ ત્યારે આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર પહેલાનું શિક્ષણ અને આજના સમયના શિક્ષણની તુલના કરીએ તો આજે ગામે ગામ સ્કૂલોની અંદર બાળકો ખૂબ જ આનંદપૂર્વક ભગવાન રામના નારા સાથે શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો અમારા નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવીશ કે, સાહેબે શિક્ષણ માટે ખૂબ સારું એવું બજેટ ફાળવ્યું છે અને એ બજેટમાં આખા ગુજરાતમાં શિક્ષણ જગતમાં ખૂબ સારો એવો વિકાસ થવાનો છે અને ગુજરાતના બાળકો સારું એવું શિક્ષણ પ્રાપ્ત કરવાના છે. ગુજરાત સરકાર દ્વારા ચાલતા સરકારના જે વિભાગો છે અને સરકારની જે યોજનાઓ છે એ યોજનાઓ દ્વારા ગુજરાતના બાળકો ખૂબ સારું એવું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે જેમાં અનેક યોજનાઓ દ્વારા જેવી કે મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના તેમજ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના જેનો લાખો લોકો લાભ લઇ ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે. મુખ્યમંત્રી કન્યા કેળવણી નીધિ યોજના દ્વારા ગુજરાતમાં અનેક કન્યાઓ સારું શિક્ષણ પ્રાપ્ત કરી ગુજરાતનું નામ રોશન કરી રહી છે. ગુજરાત સરકારે જે અગાઉ વિદ્યાર્થીઓ કોલેજમાં એડમિશન માટે કોલેજે કોલેજે ફરતા હતા એને નાબૂદ કરીને ગુજરાત સરકારે એક જ પોર્ટલથી દરેક વિદ્યાર્થી પોતાનું ફોર્મ ભરીને કોઇ પણ કોલેજમાં એડમિશન મેળવી શકે એવી વ્યવસ્થા ઊભી કરીને શિક્ષણ જગતમાં ગુજરાતે એક ઉત્તમ વ્યવસ્થા ઊભી કરી છે અને એના દ્વારા વિદ્યાર્થી પોતાનું નામ શિક્ષણમાં રોશન કરી શકે અને સારું શિક્ષણ મેળવી શકે એ માટે વ્યવસ્થા ઊભી કરી છે ત્યારે આજના દિવસે અમારા સભ્યશ્રી નરેશભાઇ પટેલ અને કેશાજી ચૌહાણ રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા કરવા માટેનો વિષય લઇને આવ્યા છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું અને જે જે ચર્ચા થઇ છે એના આધારે ગુજરાત ખૂબ આગળ વધશે અને ગુજરાત આખી દુનિયામાં પોતાનું નામ રોશન કરે એવી ભગવાન શ્રીરામના ચરણોમાં પ્રાર્થના કરી મારી વાણીને વિરામ આપુ છું. અસ્થુ, ધન્યવાદ, ભારત માતા કી જય.

શ્રી સંજયસિંહ વિ. મહિડા(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ જે રજૂ કરેલ છે તેમાં મારો ટેકો આપી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને ડેરી ઉદ્યોગ પર બોલવાનો જે મોકો મળ્યો છે તે બદલ સભાગૃહનો આભાર વ્યક્ત કરું છું. આજે ગુજરાત દૂધ ઉત્પાદક સહકારી સંઘની વાત કરીએ તો ભારતનું દૂધ ઉત્પાદન વાર્ષિક ૬ ટકાના દરે વધી રહ્યું છે જે વિશ્વમાં સૌથી ઉંચું છે એના પાયામાં ભારતના ડેરી ઉદ્યોગમાં નાના અને સીમાંત ખેડૂતો તથા જમીન વિહોણા પશુ પાલકો છે. ડેરી ઉદ્યોગના વિકાસ માટે સહકારી સંસ્થાઓનો મહત્ત્વનો ફાળો છે જેના મૉડેલની શરૂઆત ગુજરાતમાં અમૂલના નામથી થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અમૂલના આ વિશાળ વટવૃક્ષની શરૂઆત એક નાનકડા બીજમાંથી થઇ હતી. ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકોએ શ્રી સરદાર સાહેબની પ્રેરણાથી આર્થિક શોષણ વિરુધ ત્રિભોવનદાસ પટેલના નેતૃત્વમાં એક સંગઠિત આંદોલન શરૂ કર્યું હતું. તેઓની સંકલ્પ શકિત અને પુરુષાર્થના સહારે ૧૯૪૬ના પ્રથમ દિવસે બે દૂધ મંડળીઓનું ૨૫૦ લીટર દૂધ

સંપાદનથી સહકારી દૂધ પ્રવૃત્તિના શ્રી ગણેશ કર્યા હતા અને ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે અમુલ ડેરીની સ્થાપના કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અમુલે નવિનતમ ટેકનોલોજી દ્વારા પ્રથમવાર ભેંસના દૂધમાંથી દૂધનો પાવડર બનાવી ભારતના ડેરી ઉદ્યોગમાં ક્રાંતિની શરૂઆત કરી હતી. દૂધના વેપારમાંથી મળતા લાભો દરેક સંઘને સરખી રીતે મળી રહે, એકબીજા દૂધ સંઘો વચ્ચે સ્પર્ધાનું તત્ત્વ નાબૂદ થાય, ઉચ્ચ ગુણવત્તાવાળા દૂધના પદાર્થોનું ઉત્પાદન શક્ય બને અને પોતાની દરેકે દરેક પ્રવૃત્તિનું સુનિયોજીત સંકલન થઇ શકે તે માટે ૧૯૭૩ના નવેમ્બર મહિનામાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની સ્થાપના કરવામાં આવી જેમાં તમામ જિલ્લા દૂધ સંઘો સભાસદ તરીકે જોડાયા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ડેરી ઉદ્યોગ દ્વારા પાછલા ૨૦ વર્ષની સિદ્ધિઓ ગણીએ તો દૂધ ઉત્પાદકોને સતત દૂધના સારા ભાવ મળવાને કારણે ગુજરાતનું કુલ દૂધ ઉત્પાદન જે બે દાયકા પહેલાં ૧.૬ કરોડ લીટર પ્રતિ દિવસ હતું જે હાલમાં વધીને ૪.૩ કરોડ લીટર પ્રતિ દિવસ થઇ ગયેલ છે જે દૂધ ઉત્પાદનમાં ૨૬૮ ટકાનો વધારો સૂચવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનનું ટર્ન ઓવર વર્ષ-૨૦૨૪માં રૂપિયા ૬૩,૦૦૦ કરોડ થયેલ છે. પાછલાં ૨૦ વર્ષોમાં ગુજરાતમાં દૂધ સંઘોની સંખ્યા ૧૨ થી વધીને ૨૩ થયેલ છે તે જ રીતે દૂધ મંડળીઓ જે ૭૬૦૦ હતી તે વધીને ૧૬૩૮૪ થયેલ છે. દૂધ ઉત્પાદકોની સંખ્યા જે બે દાયકા પહેલાં ૨૧ લાખ હતી જે વધીને ૩૬ લાખથી વધુ થયેલ છે. હાલમાં કુલ ૩૬ લાખ દૂધ ઉત્પાદકો પૈકી ૧૧ લાખ મહિલા દૂધ ઉત્પાદકો છે. દૂધ ઉત્પાદકોને પ્રતિદિન રૂપિયા ૧૫૦ કરોડનું ચૂકવણું કરવામાં આવે છે. હાલમાં ગુજરાતમાં અંદાજીત ૩૩૦૦ જેટલી મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓ છે જેનું સંપૂર્ણ સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતના દૂધ સંઘો દ્વારા વર્ષ ૨૦૦૦-૦૧ દરમિયાન ૪૪ લાખ લીટર દૂધ પ્રતિ દિવસ સંપાદન કરવામાં આવતું હતું જે હાલમાં વધીને ૩૦૦ લાખ લીટર પ્રતિ દિવસ થયેલ છે. ગુજરાતના દૂધ સંઘો દ્વારા હાલમાં ૧૩ અન્ય રાજ્યોમાંથી પણ દૂધ સંપાદન કરવામાં આવે છે. ગુજરાતમાં દૂધ સંઘો દ્વારા હાલમાં રાજસ્થાન, હરિયાણા, પંજાબ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, આસામ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બિહાર, ઓરીસ્સામાંથી પણ દૂધ સંપાદન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષ દરમિયાન અમુલ ફેડરેશન દ્વારા અંદાજીત રૂપિયા ૧૨૦૦ કરોડની મિલ્ક પ્રોડકટસની નિકાસ કરવામાં આવેલ જે ગત વર્ષ દરમિયાન રૂપિયા ૫૬૦ કરોડ હતી. અમૂલ દ્વારા વિવિધ દૂધની બનાવટો બાંગ્લાદેશ, નેપાળ, યુએઇ, અફઘાનિસ્તાન, લેબનોન, જોર્ડન, બેહરીન, કતાર, અમેરીકા, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કુવૈત, ઓમાન, આફ્રિકા, ભૂત્તાન, હોંગકોંગ વિગેરેમાં નિકાલ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલકો માટે કલ્યાણકારી યોજનાઓની વાત કરીએ તો દૂધ ઉત્પાદકોના પશુઓની સાર સંભાળ માટે દૂધ સંઘોના ૧૧૦૦થી વધુ પશુ ચિકિત્સકો દ્વારા સતત દૂધ ઉત્પાદકોના ઘર આંગણે સેવાઓ નહિવત દરે આપવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન દૂધ સંઘ દ્વારા ૬૫ લાખથી વધુ પશુઓની સારવાર કરવામાં આવેલ છે, ૭૦ લાખ પશુઓનું રસીકરણ કરવામાં આવેલ છે અને ૭૨ લાખ પશુઓને કૃમિ નિવારણ હેઠળ આવરી લેવામાં આવેલ છે. પશુઓને નહીં નફો નહીં નુકસાનના ધોરણે પશુ આહાર આપવામાં આવે છે અને હાલમાં દૂધ સંઘો પાસે ૧૦ હજાર મેટ્રિક ટન ક્ષમતા ધરાવતા પશુ આહારનાં પ્લાન્ટ છે. પશુ સારવાર, પશુ માવજત અને સહકારી સંસ્થાઓને લગતી સમજ આપવા માટે દૂધ ઉત્પાદકોને સતત માર્ગદર્શન અને ટ્રેનિંગ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમૂલ દ્વારા ગુજરાતના તમામ પશુપાલકોને પણ પોતાના પશુ આહાર માટે જરૂરી વિટામિન, મિનરલ યુકત પૌષ્ટિક આહાર દૂધ સંઘોના પોતાના પ્લાન્ટમાં બનાવીને પશુપાલકોને રાહત દરે પૂરાં પાડવામાં આવે છે. ડિજિટલ ક્રાંતિની વાત કરીએ તો ડિજીટલ પેમેન્ટ ગુજરાતમાં દૂધ ઉત્પાદકો તેમજ ડેરીમાં ભરેલા દૂધનું પૂરેપૂરું ચૂકવણું વધુમાં વધુ સાત દિવસમાં સીધું જ તેમના બેન્કના ખાતામાં ડિજીટલ પેમેન્ટ દ્વારા કરી દેવામાં આવે છે. મંડળીમાં દૂધ ભરવા આવનાર સભાસદોને તેની હાજરીમાં જ તેના દૂધનું સેમ્પલ લઇ અને તેનું ટેસ્ટીંગ કરવામાં આવે છે અને તેની માત્રા નક્કી કરીને વજન કાંટા ઉપર દૂધ મૂકી તુરંત જ દૂધનું માપ, વજન, ફેટ તથા તેના દૂધની લેવા પાત્ર થતી રકમની એક સ્લીપ તુરત જ પશુપાલક સભાસદને હાથોહાથ આપી દેવામાં આવે છે. એસ.એમ.એસ. દ્વારા સભાસદોના મોબાઇલમાં બધી વિગતો સાથેનો એક એસ.એમ.એસ. પણ તુરંત જ પહોંચી જાય છે. અમૂલ અને તેની સાથે સંલગ્ન તમામ દૂધ સંઘો અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના ઇન્ફોર્મેશન ટૅકનૉલૉજીની મદદથી જોડાયેલ દરેક પશુને એનિમલ ટૅગ કરવામાં આવેલ છે. જેથી કરીને તેની સારવાર અને કૃત્રિમ બીજદાન સહેલાઇથી કરી શકાય અને તેનો ડેટા તરત જ મળી શકે તે માટે તથા તે અંગેની વિવિધ એપ્લિકેશન પણ ડેવલપ કરવામાં આવેલ છે. સમગ્ર દૂધ સંપાદનની પ્રક્રિયા ઓટૉમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ સાથે સંકળાયેલી છે. વધુમાં તમામ દૂધ સંઘો, ફેડરેશન અને તેની વિચારણા શાખામાં સોફ્ટવેર અપડેટ કરવામાં આવેલ છે. આમ, ગુજરાત સહકારી ડેરી ક્ષેત્રે ગરીબ મહિલાઓ અને બાળકો માટે પૌષ્ટિક આહાર બનાવવા માટે દૂધ પણ રાહતદરે પૂરું પાડવામાં આવે છે. ભારત માતા કી જય.

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા ગૃહના રામમય બનેલા દિવ્ય વાતાવરણમાં આ લોકશાહીના મંદિરના સૌ માનનીય સભ્યોને મારા હૃદયથી જય સિયારામ. ગુજરાતના મહામહિમ રાજ્યપાલ આદરણીય શ્રી આચાર્ય દેવવ્રતજીના આ ગૃહને આશિર્વાદ અને માર્ગદર્શન સાથે ગુજરાતના વિકાસની ખૂબ સમૃદ્ધ કેડી પર

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

વિકસિત ગુજરાતના સંકલ્પનું આહવાન કર્યું છે. ત્યારે હું આદરણીય રાજ્યપાલશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું. ગુજરાતના પનોતા પુત્ર, યશસ્વી, તેજસ્વી, ઓજસ્વી અને તપસ્વી એવા વિશ્વ નેતા ભારતના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા બે દાયકા પહેલાં ગુજરાતને ભારતનું મોડેલ સ્ટેટ બનાવવાનો પાયો નાંખવામાં આવ્યો ત્યારથી ગુજરાત વિશ્વના સમૃદ્ધ દેશોના સમૃદ્ધ રાજ્યોની બરાબરીથી પણ આગળ વધવાની નેમ સાથે મૃદુ, મક્કમ અને ખૂબ આયોજનબદ્ધ રીતે કામ કરતાં અમારા આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં રોકેટ ગતિથી વિકાસ કરી રહ્યો છે. ભારત દેશ આજે અમૃતકાળમાંથી પસાર થઇ રહ્યો છે. ભારત જ્યારે વર્ષ ૨૦૪૭માં શતાબ્દી પૂરી કરશે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના લક્ષ્યાંકથી ભારત દેશ વિશ્વનો સૌથી પ્રગતિશીલ અને સમૃદ્ધ દેશ બનશે. ત્યારે ગુજરાત પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્ત્વ હેઠળ ભારતનું સર્વશ્રેષ્ઠ રાજ્ય બને તે દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. ભારત દેશના પ્રથમ ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની કર્મભૂમિ, શ્વેતનગરી, મિલ્ક સિટી અને ચરોતરનું ઘરેણું એવા આણંદ વિધાનસભા મત વિસ્તારમાંથી મને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે કામ કરવાનું સૌભાગ્ય મળ્યું છે. આજે આ વિધાનસભા ગૃહમાં હું આણંદ શહેર જે છેલ્લા ૧૩૫ વર્ષથી નગરપાલિકા દ્વારા પ્રજાની સેવા કરે છે તેને મહાવિકાસની દિશામાં લઇ જવા માટે અમારા માનનીય મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે આ જ સત્રમાં આણંદ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે ત્યારે હું આણંદ વિધાનસભાના મત વિસ્તારના જનસેવક તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો, ગુજરાત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ માનનીય સી.આર. પાટિલ સાહેબનો, અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો, અમારા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબનો તથા ગુજરાત સરકારના તમામ માનનીય મંત્રીશ્રીઓનો આણંદ વિધાનસભાના મતવિસ્તારના તમામ પ્રજાજનો વતી ખૂબ-ખૂબ આભાર માની હૃદયથી અભિવાદન કરું છું. આપણા બે ભક્ત કવિઓ નરસિંહ મહેતા અને દયારામે વ્રજની વાટ છોડી વૈકુંઠ જવાનું ઠુકરાવતાં પદો લખ્યાં છે. ‘ વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ રે આવું’ એમ કહે છે ત્યારે વ્રજ એ ગ્રામ નિવાસ છે અને વૈકુંઠ એ શહેરી નિવાસ છે. ગામડું આપણા વડાપ્રધાનશ્રી મોદી સાહેબનું પણ ગમતું એકમ છે. ભારત ગામડાંઓમાં વસે છે એવું દઢપણે માનતા મોદી સાહેબ ગ્રામીણ વિકાસ માટે ખૂબ જ વિશાળ આયોજન કરી રહ્યા છે. ગુજરાત ઔદ્યોગીકરણ અને આધુનિક વેપારમાં દેશના રાજ્યોમાં અગ્રેસર છે. ઉદ્યોગો અને વાણિજ્ય પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં વિપુલ છે એટલે રોજગાર-વ્યવસાયની પુષ્કળ તકો શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ હોવાથી ગ્રામીણ વિસ્તારોમાંથી રાજ્યના શહેરોમાં સ્થળાંતર થઇ રહ્યું છે. દેશનું સૌથી વધુ શહેરીકરણ ધરાવતું રાજ્ય ગુજરાત છે. બે દાયકા પહેલાંના ગુજરાતના શહેરો અને ભારતીય જનતા પાર્ટીના શાસન હેઠળના આજના ગુજરાત રાજ્યના શહેરોમાં આભ-જમીનનો તફાવત દેખાઇ આવે છે. આજના ગુજરાતના શહેરોમાં ફરતી વિશ્વ કક્ષાની મેટ્રો ટ્રેનો, વિશ્વની અનોખી બી.આર.ટી.એસ. ડિઝાઇન ધરાવતી નોન પોલ્યુટેડ ઇલેક્ટ્રિક એર કન્ડિશન્ડ બસો, બે થી આઠ માર્ગીય અસંખ્ય ઓવર બ્રિજ, ચોખ્ખા-ચણાંક એરપોર્ટ જેવા લાગતાં બસ સ્ટેન્ડ, કોર્પોરેટ લેવલના સુવિધાસભર સરકારી સેવા સદનો, આરોગ્ય કક્ષાએ સર્વશ્રેષ્ઠ સેવાઓ આપતી વિશ્વ કક્ષાની હૉસ્પિટલ, ચોખ્ખા-ચણાંક વિશાળ રસ્તાઓ, પર્યાવરણની જાળવણી માટે ગ્રીન ગુજરાત હેઠળ શહેરોમાં જનભાગીદારીથી કરોડો વૃક્ષોનું વાવેતર થઇ રહ્યું છે ત્યારે ગુજરાતના દરેક જિલ્લાના શહેરો વિકાસથી જાજરમાન બની ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની વિકાસલક્ષી સરકારે આઝાદીના અમૃતકાળથી શતાબ્દી વર્ષના વિકાસ માટે એક દીર્ઘદષ્ટિપૂર્ણ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતના વિકાસનો સંકલ્પ આપ્યો છે. તેની પરિપૂર્ણતા માટે ગુજરાતના શહેરો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી યોજના હેઠળ શહેરોની ભૌતિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ માટે, શહેરોના પરિવહન માટે, શહેરોની આગવી ઓળખ ઊભી થાય, શહેરોમાં રહેતાં પ્રજાજનોની સુખાકારી સાથે સલામતી વધે તે માટે સતત કાર્યશીલ રહેશે. વર્ષ ૨૦૨૩-૨૪માં આજ સુધી રૂ.૫ હજાર કરોડથી વધુ રકમના ખર્ચે ગુજરાત સરકારે ૧૫૦૦થી વધુ પ્રકલ્પો પૂર્ણ કરેલ છે. ગુજરાતી એટલે વિશ્વનો શ્રેષ્ઠ વેપારી. ગુજરાતનો વેપારી વિશ્વના કોઇ પણ દેશમાં પોતાની હાજરી ન પુરાવે તેવું બને જ નહીં. ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષો પહેલાં ગુજરાતમાં ગિફ્ટ સિટીની રચનાને વિરાટ ઓપ આપી વિશ્વ કક્ષાનું નાણાકીય કેન્દ્ર બને તે માટે સ્થાપના કરી. આજે ગુજરાતની ગિફ્ટ સિટી વિશ્વનું અનોખું બિઝનેસ સેન્ટર બનેલું છે. મને કહેતાં આનંદ થાય છે કે આજે ગિફ્ટ સિટીમાં ઇન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જ, બુલિયન એક્સચેન્જ, ઇન્ટરનેશનલ બેંકો, જાહેર-ખાનગી ક્ષેત્રની બેંકો, ઇન્સ્યોરન્સ કંપનીઓ, ગ્લોબલ ફંડ સાથે શિક્ષણ ક્ષેત્રે વિદેશી યુનિવર્સિટીના બ્રાન્ચ કેમ્પસ સફળતાપૂર્વક કામ કરી રહ્યા છે. આપણે ગૌરવ કરી શકીએ કે ગિફ્ટ સિટીમાં આજ દિન સુધી ૪૩૧ મિલિયન ડૉલરના નાણાકીય વ્યવહાર થયા છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૯,૩૧૭ કરોડથી વધુ રકમની નિકાસ ગિફ્ટ સિટીના સ્પેશ્યલ ઇકોનોમિક ઝોનમાં થયા છે. વિશ્વ નેતા અને ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર મોદી સાહેબના ‘સ્વચ્છતા ત્યાં પ્રભુતા’ના મંત્ર સાથે ગુજરાતના શહેરો સ્વચ્છ ભારતના મહાયજ્ઞમાં જોડાઇને ગુજરાત રાજ્યની લગભગ ૧૬૫ જેટલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ઘન કચરાનું ૧૦૦ ટકા ડોર ટુ ડોર કલેક્શન કરે છે અને પ્રતિદિન લગભગ ૧૦ હજાર મેટ્રિક ટનથી વધુ કચરાનું પ્રોસેસિંગ કરવામાં આવે છે. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર વધતાં શહેરીકરણથી માત્ર વાકેફ જ નહીં તે બાબતથી સતેજ પણ છે. શહેરો માત્ર વસ્તીની સંખ્યાથી જ મોટા થાય તો અનેક સમસ્યાઓ સર્જાય. તેથી શહેરોનો સર્વોત્તમ અને સર્વસમાવેશક વિકાસ થાય તે માટે સરકાર સતત કાર્યરત રહે છે. ગુજરાતના

શહેરો સુવિધાસભર, સલામતીસભર, સુખાકારીસભર અને સ્વમાનસભર બનવા જઇ રહ્યા છે ત્યારે વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાં તેની ગણના થઇને જ રહેશે તેવો મને દૃઢ વિશ્વાસ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્ય માનનીય નરેશભાઇ પટેલ રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સરકારશ્રીની નિષ્ફળ ગયેલી યોજનાઓની વાહ-વાહ સિવાય કશું જ નથી. શિક્ષણની વાત હોય તો ૧૩ વર્ષ કરતાં પણ વધારે સમય થવા છતાં આજે પણ મારો બોટાદ જિલ્લો સરકારી યુનિવર્સિટીથી વંચિત છે. મારા બોટાદ જિલ્લામાં એક પણ સાઇન્સ કૉલેજ આવેલી નથી. મોટા ભાગના ગુજરાતમાં આજે પણ પૂરતા પ્રમાણમાં શિક્ષકો, ઓરડાઓ, શૌચાલયો અને ખાસ કરીને રમતગમતના મેદાનો જોવા મળતા નથી. આરોગ્યની વાત કરું તો, બોટાદ જિલ્લો બન્યો તેમ છતાં સિવિલ હૉસ્પિટલ નથી, મેડિકલ કૉલેજ નથી. સોનાવાલા હૉસ્પિટલ એકમાત્ર જનરલ હૉસ્પિટલ છે. ત્યાં બ્લડબેંક નથી અને સ્ટાફ પણ જોવા મળતો નથી. ગામડાઓમાં પૂરતા ડૉક્ટરો નથી અને જે ડૉક્ટરો છે એ બોન્ડેડ ડૉક્ટરો છે. બોન્ડ પૂરો થઇ ગયા પછી બીજા ડૉક્ટરની ભરતી કરવામાં આવતી નથી. ગુજરાતના ગામડામાં વસતો કોળી સમાજ, ઓ.બી.સી. સમાજ, ઠાકોર સમાજ, પછાત સમાજની વીસ વર્ષ પહેલાં જે સ્થિતિ હતી એના કરતાં પણ સ્થિતિ વધુ ગંભીર બનતી જાય છે. આ સમાજના બાળકો સરકારી શિક્ષણથી વંચિત બનતા જાય છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ જી-૨૦ની વાત કરી. ગુજરાત સરકારે અનેક વાઇબ્રન્ટ મહોત્સવો કર્યા, કરોડો રૂપિયાનો ગુજરાત સરકારે ખર્ચ કર્યો હોવા છતાં આજે પણ દેશના યુવાનો રોજગારીથી વંચિત છે. આનો ખર્ચ માનનીય પ્રધાનમંત્રીશ્રીના પગારમાંથી અથવા તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના પગારમાંથી કાપવામાં આવે.

અધ્યક્ષશ્રી : (માનનીય મંત્રીશ્રીને ઉદ્દેશીને)માનનીય મંત્રીશ્રી, શ્રી ડી.કે.સ્વામીએ જે શ્લોક કહ્યો.

''रामो राजमणिः सदा विजयते रामं रमेशं भजे
रामेणाभिहता निशाचरचमू रामाय तस्मै नमः ।
रामानास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहम्
रामे चित्तलयः सदा भवतु मे भो राम मामुद्धर ॥''.

એનો અર્થ જાણી લેજો કે જેથી આપને પણ નવી કવિતાઓ અને શ્લોકો તૈયાર કરવાની મજા આવે.

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : આજનો વિધાનસભા ગૃહનો સમય એ ઐતિહાસિક સમય છે. આજે આ ગૃહ રામનામના નારાથી ગૂંજી ઉઠ્યું છે. ચારેય તરફ શ્લોક અને શ્લોક જ. કોઇક મનથી રામ બોલે છે તો કોઇક મજબૂરીથી રામ બોલે છે. પણ રામનું નામ તો સૌએ બોલવું પડે છે. સમયનો બદલાવ તો જુઓ કે રામનું નામ પડતાંની સાથે જ વિરોધ કરનાર લોકોને પણ પ્રભુ શ્રીરામની શરણે થવું પડ્યું છે. આજે દેશ એક થયો છે. છેલ્લા અનેક દિવસોથી લોકોએ ચારે બાજુએથી કવિતાઓ શોધવી પડી. ચારેય દિશાઓથી અલગ-અલગ કવિતાઓ સાંભળવાનો આજે અવસર પ્રાપ્ત થયો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ પ્રસ્તાવ તમામ લોકોએ એક થઇને પ્રભુ શ્રીરામના નામે પસાર કર્યો છે. સંત સુરા અને દાતારની આ ગરવી ગુજરાતની પાવન ધરાને વંદન કરીને સૌ પ્રથમ મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન માટે તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. મહામહિમ રાજ્યપાલશ્રીએ એમના અભિભાષણમાં સમગ્ર ગુજરાતની જનતા માટે શિશુથી લઇને વયોવૃદ્ધ સુધીના પ્રત્યેક વ્યક્તિ માટે 'સર્વજન સુખાય સર્વજન હિતાય' ના સૂત્રને ચરિતાર્થ કરતાં વિકાસના રાજમાર્ગ પર નવા મૂકામો સ્થાપિત કરવા અંગે માર્ગદર્શન આપ્યું છે. સન્માનનીય રાજ્યપાલશ્રીને હું વંદન સહ અભિનંદન પાઠવું છું કે, તેઓએ ગુજરાતના સર્વાંગી વિકાસની એક આગવી નક્કર અને વાસ્તવિક બ્લૂ પ્રિન્ટ ગુજરાતના વિકાસને નૂતન આલેખ રજૂ કર્યા છે. આ સદી, આ વર્ષ, ૨૨મી તારીખ અને આજનો દિવસ ખાસ કરીને ગુજરાત વિધાનસભા માટે પ્રભુ શ્રીરામના નામે લખાયેલો છે. છેલ્લા પાંચસો વર્ષથી દેશ-દુનિયાના ખૂણે-ખૂણેથી સૌ રામભક્તો અને સૌ સનાતનીયોના મનમાં એક ગીત જરૂરથી ગુંજતું હતુંકે,

''कंकर कंकर शंकर जिसका, हर प्राण प्राण में गीता है,
कि जिनकी रचना रामायण, पग पग पर बनी पुनीता है,
जहाँ राम नहीं हैं साँसों में, तो प्राणों का घट रीता है,
नर नाहर श्री पुरुषोत्तम का मंदिर भव्य बनायेंगे,
सौगन्ध राम की खाते हैं, हम मन्दिर वहीं बनायेंगे॥''

માનનીય અધ્યક્ષશ્રી, રામ એ કોઇ નામ નથી. એ વિચાર છે. એ આપણી આસ્થા છે. આ દેશના અનેક રાજનૈતિક દળના અનેક રાજનૈતિક નેતાઓઓ પૂછતા હતા કે, મંદિર વહી બનાયેંગે તારીખ કબ બતાઓગે. મારું એવું માનવું છે કે તારીખ

પૂછનાર તમામ લોકોને તારીખ તો મળી, પરંતુ ફરી એકપણ વખત બીજા કોઇ વિષયમાં અને આસ્થા જોડાયેલા કોઇપણ વિષયોમાં તારીખનું નામ ન લે એવો જવાબ કોઇ નેતાઓએ નહીં, કોઇ રાજનૈતિક પાર્ટીએ નહીં, પરંતુ દેશના સવા સો કરોડ ભારતીયોએ, તમામ સમાજ એક થઇને આપ્યો છે. તારીખ ૨૨મી જાન્યુઆરીના એ દિવસે દેશના શહેરોમાં, ગામડાંઓમાં, ગલીઓમાં દિવાળીના તહેવારમાં જેટલા દીવડાઓ પ્રગટાવ્યા નહીં હોય એનાથી વધુ દીવડાઓ તારીખ ૨૨મી જાન્યુઆરીએ દેશના ખૂણે-ખૂણે પ્રગટાવવામાં આવ્યા છે. આ દિવસ કોઇ નાનો દિવસ ન હતો. આ દેશના નાના-નાના વેપારીઓ કે જેઓ માટીના દીવડાઓ બનાવતા હોય એમના દીવડાઓ દિવાળીના તહેવારમાં ન વેચાય, દિવાળીએ જે સ્ટોક બચી જાય તે બીજી દિવાળીએ વેચાતો હતો, પરંતુ રામ મંદિરના રામમય માહોલમાં આવા એકપણ વ્યકિત પાસે દેશના કોઇપણ ખૂણામાં દીવડાઓ ના બચ્યાં એ પ્રકારનો માહોલ દેશભરમાં જોવા મળ્યો. આ ઐતિહાસિક માહોલમાં દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી, આદરણીય મોદી સાહેબે ઋષિ પરંપરાઓને સંપૂર્ણ રીતે નિભાવીને આ પ્રતિષ્ઠામાં ભાગ લીધો. હું આદરણીય પ્રધાનમંત્રીશ્રીને, રાજ્યના ગૃહમંત્રી તરીકે નહીં પણ આ દેશના એક યુવાન નાગરિક તરીકે અભિનંદન પાઠવું છું. આ દેશના કરોડો લોકોએ વર્ષો-વર્ષથી પોતાના પરિવાર સાથે અનેક મનોકામનાઓ રાખી હતી. આ જ સભાગૃહના અનેક સભ્યશ્રીઓ એવા હતા કે, કોઇકે મીઠાઇની બાધા રાખી હોય તો કોઇકે દૂધની બાધા રાખી હોય, દેશના કરોડો હિંદુઓએ અનેક બાધાઓ રાખી હતી, એવા અનેક હિંદુઓના સપના સાકાર થયા છે. આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રીનો એટલા માટે આભાર માનવો પડે કે, આવા કરોડો લોકોની વર્ષોની બાધાઓ, વર્ષોની ઇચ્છાઓ હતી કે હું મારા વડીલ માતા-પિતા જોડે, એમની સાથે મારા દીકરા-દીકરીને લઇને ભગવાન શ્રી રામલલ્લાના ચરણોમાં વંદન કરીને મારી જિંદગીની મનોકામના પૂરી કરીશ, પ્રભુશ્રીના દર્શન કરીશ, મારી આસ્થાને વંદન કરીશ. આવા કરોડો લોકોની આસ્થાને જે પ્રકારે પ્રધાનમંત્રીશ્રી અને દેશની સરકાર દ્વારા સૌ સમાજોને સાથે રાખીને રામ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવને ઐતિહાસિક મહોત્સવ બનાવવામાં આવ્યો, આ કોઇ નાનો વિષય નથી. આજે દેશના કરોડો લોકોના ગીત બદલાયા, નારા બદલાયા, વિષયો બદલાયા, આજે નારો બદલાઇ ગયો છે. આજે ભારત દેશના ગામેગામથી એક નારો ગૂંજી રહ્યો છે.

**''जयघोष हो रहा उसे सूनो,**
**कण-कण में ज्वाला भर दी है,**
**राम लल्ला के चरणो पर मुंडो की माला धर दी है,**
**नर-नारी, बालक, संत- सभी मिल अवधपूरी को जाएंगे,**
**राम राज्य के स्थापन का हम उत्सव सदा मनाएंगे।।''**

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના મહત્ત્વના તમામ વિષયો કે જેમાં રાજ્યના નાગરિકોના વર્ષો-વર્ષના અથાગ પ્રયત્નથી રાજ્યના વિકાસની ગતિ મળી છે તે તમામ દિશામાં રાજ્યપાલશ્રી દ્વારા એમના ભાષણમાં આ તમામ વિષયોનો ઉમેરો કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, નારી સંરક્ષણ હોય, યુવાનોની વાત હોય કે શિક્ષણની વાત હોય કે ખેતીની વાત હોય. તમામ વિષયો એમની વાતમાં એમણે ઉમેર્યા હતા. આ અમૃતકાળનો સમય ભારતના નવજાગરણનો સમય છે. નયા ભારતમાં નૂતન અને પૂરાતનનો સમન્વય થયો છે. આજનું ભારત એટલે ફિઝિકલ, ડિજિટલ અને સ્પિરિચ્યુઅલ ત્રણેયનો ત્રિવેણી સંગમ છે. આજે આપણી પાસે રામાયણ અને મહાભારતનું અધ્યાત્મ છે અને સાથે આપણી પાસે આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સનો પણ ઉમેરો થયો છે. આપણી પાસે વેદથી વર્ચ્યુઅલ રિઆલિટી સુધીની સફર છે. આપણી પાસે રામજી પણ છે અને આપણી પાસે ફાઇવ જી પણ છે. આધુનિક ટેકનોલોજીની ઉડાન ભરવાની સાથે સાથે આપણે આપણી સંસ્કૃતિ આસ્થાને આજે પણ ભૂલ્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સદસ્યો અને આ દેશની અનેક રાજનીતિક પાર્ટીઓ દ્વારા એમ કહેવામાં આવતું હતું કે રામ મંદિર બનાવવાની શું જરૂર છે? મંદિર તમે બનાવો, પણ મંદિર કરતા પહેલા દેશમાં હોસ્પિટલ અને શિક્ષણની સંસ્થાઓ બને. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર રામમંદિર જ નહીં. રામ મંદિર તો બનાવ્યું જ છે. કાશી વિશ્વનાથ કોરીડોર પણ બનાવ્યો છે. બદ્રીનાથ કેદારનાથનું પણ ડેવલપમેન્ટ થયું છે. ઉજ્જૈન મહાકાલનો પણ કોરીડોર બનાવ્યો છે. એ જ રીતે વર્ષોવર્ષની આપણી ઇચ્છા મુજબ પાવાગઢના મંદિર પર ધજારોહણ પણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર દ્વારા માત્ર મંદિર જ બનાવવામાં આવ્યું છે એવું નથી. આ સરકાર દ્વારા તમામ દિશાએ દેશને એક નવી શકિત આપી છે. સરકાર દ્વારા આપણી આસ્થાના કેન્દ્રોનું તો ડેવલપમેન્ટ કરવામાં આવ્યું જ છે, પરંતુ આઝાદીના ૬૫ વર્ષ સુધી વિકાસનાં જે કામો થયેલાં હતાં એનાથી વિશેષ આ ૧૦ વર્ષમાં ભારત દેશના ખૂણે ખૂણે અનેક ડેવલપમેન્ટ કરવામાં આવ્યું. આ સરકાર દ્વારા આપણી આસ્થાના કેન્દ્રો તો વિકસાવવામાં આવ્યા જ છે, રામ મંદિર પણ બનાવ્યું, પરંતુ સાથોસાથ ૫૦૦ થી વધારે નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવી. ૬૫ વર્ષ સુધી માત્ર એક જ એઇમ્સ હતી, એને ૨૫ સુધી પહોંચાડી છે. ૭ નવી આઇ.આઇ.ટી., ૧૬ નવી ટ્રીપલ આઇટી અને ૩૯૦ યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવ્યું. મેડિકલની સીટો આઝાદીના ૬૫ વર્ષ સુધી હતી, તેને ૧૦ વર્ષમાં ડબલ આંકડા સુધી પહોંચાડવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર મંદિરો બનાવવાનું કામ જ નહીં. મંદિર તો બનાવશું જ. બનાવ્યા અને હજુ વધુ બનાવીશું. પરંતુ સાથે સાથે દેશના વિકાસ માટે નેશનલ હાઇવેની લંબાઇ જે આઝાદીના ૬૫ વર્ષ સુધી ૯૦ હજાર કિલોમીટર સુધી જેમતેમ

પહોંચી શકેલી, એ ૧૦ વર્ષમાં વધારીને ૧,૪૬,૦૦૦ કિલોમીટર સુધી પહોંચી છે. ૪ માર્ગીય રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઇ અઢીગણી વધી છે. એ પ્રમાણે હાઇસ્પીડ કોરીડોરની લંબાઇ ૫૦૦ કિલોમીટર સુધી હતી, એ આજે ૪૦૦૦ કિલોમીટર સુધી પહોંચી છે. એરપોર્ટની સંખ્યા આઝાદીના ૬૫ વર્ષ સુધી જેમ તેમ કરીને ૭૪ સુધી પહોંચેલી. જે એરપોર્ટ હતા એ પણ કેવા હતા એ આપણને બધાને ખબર છે. આજે બસ સ્ટેશન એરપોર્ટ જેવા થયા. ત્યારે એરપોર્ટ બધા બસ સ્ટેશન જેવા હતા. આજે એરપોર્ટની સંખ્યા વધીને ૧૪૯ સુધી પહોંચી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં ૧૦ હજાર કિલોમીટર સુધીની ગેસ પાઇપલાઇન નાંખવામાં આવી. ૪ કરોડ અને ૧૦ લાખ ગરીબ પરિવારોને ઘર આપવામાં આવ્યા. ૧૧ કરોડ ગ્રામીણ પરિવારો સુધી પ્રથમ વખત નલ સે જલ પહોંચ્યું. ૧૦ કરોડ ઘરોમાં ઉજ્જવલા કનેકશન આપવામાં આવ્યા. પ્રગતિ માટેના અનેક પ્રયાસોનું આ પરિણામ છે. એમ જ લોકો નથી કહેતા કે મેરા દેશ બદલ રહા હૈ. આગે બઢ રહા હૈ. ડેમોગ્રાફી, ડેમોક્રસી અને ડાયવર્સિટીની ત્રિપુટી ભારતના દરેક સ્વપ્નને સાકાર કરવાની ક્ષમતા આ ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર ધરાવે છે. મંદિર ડેવલપમેન્ટ, દેશના ખૂણે ખૂણે તો ડેવલપમેન્ટ થયું જ પરંતુ આપણે ચંદ્ર સુધી પહોંચ્યા છીએ. ચંદ્રયાન અને ગગનયાન દ્વારા ભારતે અવકાશમાં તિરંગો લહેરાવ્યો અને જયાં ચંદ્રયાન આપણું લેન્ડ થયું એ પોઇન્ટને નામ આપવામાં આવ્યું ભોલેશંકરજીના નામે શિવશકિત પોઇન્ટ નામ આપવામાં આવ્યું. એ જ પ્રકારે દુનિયાનો સૌથી ઊંચો રેલબ્રિજ કયાં છે તો એ ભારતમાં છે. વિશ્વનો સૌથી ઊંચો વાહનમાર્ગ એ પણ ભારતમાં છે. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડીયમ એ ભારતમાં છે અને એમાં પણ ગુજરાતમાં છે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા એ પણ એકતાનો સંદેશ આપતી હોય એ ભારતમાં છે અને એ પણ ગુજરાતમાં છે. દુનિયાનો સૌથી મોટો સોલર વિન્ડ પાર્ક એ ભારત દેશમાં છે, ગુજરાતની ધરતી ઉપર છે. આપણને સૌને એનાથી ગર્વ થવો જોઇએ. ચાંદ ઉપર પહોંચવાની સાથે આ રાષ્ટ્ર એક સાંસ્કૃતિક રાષ્ટ્ર છે એ અમે કયારેય ભૂલ્યા નથી અને ભૂલી ના શકીએ. ચાંદ ઉપર પહોંચ્યા પછી જમીન સાથે જોડાયેલા રહેવા એ અમારા વિચારો છે, એ અમારા સંસ્કાર છે. આજે ભારત ચંદ્રયાન મોકલે છે તો સાથેસાથે ''મેરી મીટ્ટી મેરા દેશ'' ના માધ્યમથી આજે પણ માતૃભૂમિને વંદન કરે છે. આજે જે કંઇ થઇ રહ્યું છે તેમાં કેન્દ્ર સ્થાને માત્રને માત્ર ભારત છે. એક સમય હતો જયારે દેશના અનેક નેતાઓ, એક જ પાર્ટીના જે પોતાના કપડા ડ્રાયક્લિન કરાવવા માટે આ દેશના લોકોનું વિમાન વાપરવામાં આવતું હતું. એ જ રીતે નેવીના જહાજોનો ઉપયોગ પાર્ટીઓ કરવા માટે અને ફરવા માટે આવાજ નેતાઓના પરિવારો માટે વપરાતું હતું. આજે નેવીના જહાજો દૂર દેશમાં ફસાયેલા ભારતીઓને તેમના ઘરે લાવવા માટે, ગરીબોને તેમના ઘરે પાછા લાવવા માટે આ નેવીના જહાજો વપરાય છે આ ખૂબ મોટો બદલાવ દેશની અંદર આવ્યો છે. આ અનેક નેતાઓ જે મંદિર ઉપર સવાલ ઉઠાવે છે, ડેવલપમેન્ટના અનેક આંકડાઓ સૌની નજરોની સામે છે. ડેવલપમેન્ટ જોડે જોડે મારા દેશવાસીઓની શકિત દુનિયાની ધરતી ઉપર કઇ રીતે પહોંચી એના આપણે સૌએ અનેક દાખલાઓ જોયા છે. પડોશી દેશના લોકો પોતાની ગંદી નજર આ દેશ ઉપર કયારે ઉઠાવી ન શકે એ પ્રકારના અનેક જવાબો ભારત દેશની સેનાઓ દ્વારા જવાબો આપવામાં આવ્યા, એ સર્જિકલ સ્ટ્રાઇક હોય કે પછી અનેક સામનાઓને અને અનેક જવાબો દ્વારા આ દેશની અનેક સીમાઓને સૌથી સુરક્ષિત રાખવામાં આપણે સફળતા પ્રાપ્ત કરી છે. યુક્રેન અને રશિયાનું વોર ચાલતું હતું અને એ યુદ્ધમાં ભારત દેશના વિદ્યાર્થીઓને ભારતમાં પરત લાવવા માટે યુદ્ધ વિરામ કરાવવામાં આવે અને એમાં આ દેશના પ્રધાનમંત્રીને આટલી મોટી સફળતા મળે આનાથી મોટી ગર્વની કોઇ મોટી વાત જ ના હોઇ શકે અને એનાથી પણ વિશેષ પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિદ્યાર્થીઓએ ભારત દેશનો ઝંડો ઊંચો કરીને પોતાની જાન બચાવવી પડે આનાથી વિશેષ શું હોઇ શકે કે કોઇની જાન બચાવવા માટેનું કારણ એ આપણા ભારતનો તિરંગો બને એ આપણા માટે ખૂબ મોટો વિષય છે. જી.૨૦ સમિટની વાત મારા મિત્રએ કરી. શ્રી ઉમેશભાઇ એમ સારા માણસ છે.

અધ્યક્ષશ્રી : અહીંયા બધા સારા માણસો હોય એ જ આવે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ માનું છું કે કયારેક કયારેક સારા માણસોની ભૂલ, ખોટા માણસોના સંગતે ફસાઇ જાય ત્યારે થતી હોય છે પરંતુ આ વ્યકિતમાં મને વાંધો દેખાતો નથી. વિચારો સારા છે, પ્રયાસો સારા છે, જી.૨૦ સમિટની એમણે વાત કરી, જી.૨૦નું આયોજન કરવું, એની મેજબાની કરવાનો અવસર ભારતને મળે આ કોઇ નાનોસૂનો વિષય નથી. જી.૨૦ સમિટ એ એક એવું પ્લેટફોર્મ છે કે જે પ્લેટફોર્મ થકી ભારત દેશની તાકાત દુનિયાના ખૂણે ખૂણે પહોંચી છે. આ દેશના તમામ રાજ્યોની અંદર અલગ અલગ ૨૦૦થી વધારે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું, જે શ્રીનગરમાં દરરોજ વહેલી સવારે આપણે છાપું કે ન્યુઝ ચેનલ ચાલુ કરીએ તો બોમ્બ ધડાકાની અને એટેકની જે ખબરો મળતી હતી એવા શ્રીનગરમાં ટુરિઝમની સૌથી મોટી દુનિયાની બેઠક થાય એ આપણા માટે ગર્વની વાત છે.૨૦૦ થી વધારે બેઠકો દેશભરમાં થઇ. જેમાં ૧૫થી વધારે બેઠકોનું ગુજરાતની અંદર આયોજન થયું અને ગુજરાતની સંસ્કૃતિ, ગુજરાતનું ભોજન આ તમામ વિદેશીઓને કરાવવાનો અવસર મળ્યો. આ વિદેશી મહેમાનોને આપણા મુખ્યમંત્રીશ્રીએ કેવો સરસ પ્રયાસ કર્યો. આ વિદેશી મહેમાનોને મોંઘીદાટ ઇન્ટરનેશનલ બ્રાન્ડેડ વસ્તુઓ ભેટ આપવાના બદલે આપણા ગુજરાતના નાના નાના હેન્ડી ક્રાફ્ટનું કામ કરતા કારીગરોને રોજગારી અને કામ મળે, ગુજરાતનું આ હેન્ડી ક્રાફ્ટ અને ગુજરાતની કેપેસિટી અને એ લોકોની સ્કીલ છે એ દુનિયાના લોકો સુધી પહોંચે એ માટે અલગ અલગ જિલ્લાઓમાંથી અલગ અલગ ભેટ ખરીદવામાં આવી. આ લોકોને કામગીરી મળી અને આપણી આ પ્રોડક્ટ દુનિયા સુધી પહોંચવામાં જી-૨૦નું પ્લેટફોર્મ ખૂબ મહત્ત્વનું સાબિત થયું. જી-૨૦ લાવવું એ આનાથી પહેલાની અનેક સરકારોએ અનેક સપના જોયા પણ દિવસે સપના જોવા જેવી વાત હતી. આ સપનું આપણું સાકાર

થયું છે એ આપણા માટે ખૂબ મોટો વિષય છે. ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે જી-૨૦, વાઇબ્રન્ટ ગુજરાત આ બધા વિષયો ખૂબ મહત્ત્વના છે આના થકી ગુજરાતના વિવિધ સેક્ટરોમાં ખૂબ મોટી રોજગારી ઉપલબ્ધ થવાની છે તેથી હું એવું માનું છું કે જી-૨૦ની સફળતા ખાસ કરીને ગુજરાતના તમામ સફળ કાર્યક્રમો થયા તે બદલ ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને રાજ્ય સરકારની સૌ ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ધોરડોની વાત થઇ. ધોરડો માટે એમ કહેવાય છે કે -

''કચ્છડે આવે કોડથી જોવા લાખો જન
લાગે વ્હાલું લોકોને રૂડું કચ્છનું રણ.''

કચ્છના ધોરડોનું સફેદ રણ એ કંઇ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એના પછી નથી બન્યું. વર્ષો વર્ષથી આ રણ લોકો માટે રાહ જોઇ રહ્યું છે. ત્યાંના લોકો જોડે લિટરલી અન્યાય કરવામાં આવ્યો છે કે લોકો જોડે વર્ષોથી જે જે સરકાર રહી અને એ સરકાર દ્વારા આટલી સુંદર જગ્યા જ્યાં દુનિયા આવી શકે, જે જગ્યા પર ટુરિઝમ આવવાથી આજુબાજુની હજારોની સંખ્યામાં નાગરિકોને રોજગારી પ્રાપ્ત થઇ શકે એ લોકોની રોજગારી ઉપર સો ટકા અન્યાય કરવામાં આવેલો હતો. આ પ્રકારની કામગીરી ના કરવાના કારણે વર્ષો વર્ષ સુધી એ લોકો રોજગારીથી વંચિત રહ્યાં. દેશના પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કચ્છને નવી જાન આપી. કચ્છનું આ સફેદ રણ ગુજરાતના ખૂણે ખૂણે નહીં પણ દેશ અને દુનિયાના ખૂણે ખૂણે સુધી પહોંચાડવામાં આપણને ખૂબ મોટી સફળતા મળી છે અને આ રણમાં આજે દુનિયાના લોકો આવે છે. મને કહેતા આનંદ થાય છે કે હમણાં સુધી ૧૫૦ દેશના ટુરિસ્ટો આ કચ્છના સફેદ રણ ધોરડો સુધી આવ્યાં છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. તાજેતરમાં જ દિલ્હીખાતે યોજાયેલ પ્રજાસત્તાક પર્વની ઊજવણીમાં આપણાં કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરવા આવી. આપણા ટેબ્લોને શ્રેષ્ઠ ટેબ્લોની યાદીમાં સ્થાન મળ્યું એ આપણા સૌ માટે ખૂબ ગર્વની વાત છે. વિકાસની આ યાત્રામાં હવે કચ્છ જરાય પાછું નથી. સતત અવિરત વિકાસ મંત્રને લઇ કચ્છ હવે પૂરપાટ વિકાસના રાજમાર્ગ પર દોડી રહ્યું છે. કચ્છી આભલાને અજવાળા હવે પથરાયા છે વિશ્વ ફલક પર આ માટે હું ગૃહના સદસ્ય તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીનું પ્રવચન એ સરકારની કામગીરીનું પ્રતિબિંબ છે. માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન સમયે આપ સૌને અનુભૂતિ થઇ હશે કે આ સરકાર વિવિધ યોજનાઓ અને પ્રકલ્પોના માધયમથી ગરીબ, વંચિત, શોષિત લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવામાં સફળ રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની આ ડબલ એન્જિન સરકાર યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડે છે. કોઇ પણ નાગરિકનું જીવનનો સૌથી મોટો આધાર એ ''રોટી, કપડાં ઔર મકાન'' હોય છે. આ વ્યાખ્યા અને કહેવતના નામે લોકોએ વોટ જરૂરથી લીધા છે. પરંતુ આ વિષયે પણ કામગીરી જરૂરથી ક્યાંક વહેલી શરૂ થઇ જોઇતી હતી. પરંતુ છેલ્લાં ૧૦ વર્ષમાં આ ડબલ એન્જિન સરકારે એકસાથે કામગીરી કરી. તો ગુજરાતના ખૂણે ખૂણે કેટલો મોટો બદલાવ આવ્યો છે તેના આપણે સૌ લોકો ખુદ સાક્ષી છીએ. પ્રધાન મંત્રી આવાસ યોજના, પહેલા આવાસોના નામે શું મોટામોટા ભ્રષ્ટાચાર થતા હતા એના આપણે સૌ લોકો સાક્ષી છીએ. કઇ સરકાર દ્વારા, કયા રાજયોમાં દેશના શહીદોની વિધવા પત્નીઓના મકાનો કઇ રીતે પોતે કબજે કરી લીધા એના પણ આપણે સૌ લોકો સાક્ષી છીએ. આજે દેશના કરોડો પરિવાર, મારી દેશની કરોડો માતાઓ જેમણે વર્ષોવર્ષથી સ્વપ્નું જોયું હતું. આઝાદીના સમયથી રામ રાજયનું જેમણે સ્વપ્નું જોયું હતું કે કયારેક કોઇક નેતા એવો આવશે કે જે નેતા મારું સ્વપ્નું સાકાર કરશે હું પણ મારા પરિવાર જોડે આ કાચા મકાનમાંથી, ઝૂંપડામાંથી પાકા સ્વપ્નાના ઘરમાં જઇશ. મારા પરિવાર જોડે, નાનાં બાળકો જોડે ત્યાં ભોજન સાથે લઇશ. એનું ભણતર સારું થાય, એનું ભવિષ્ય ઉજ્જવળ થાય એવા અનેક સ્વપ્નાઓ જે ૬૫-૬૫ વર્ષથી આ દેશના નાગરિકો જોતા હતા એવા ગરીબોના આધાર બન્યા, એવા ગરીબોના બેલીમ બન્યા આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ. આજે ચાર કરોડથી વધારે લોકોને આ દેશમાં ઘર આપવામાં આવ્યા. પરિવારનું ભવિષ્ય ઉજવળ બનાવ્યું. આજે ઘરેઘરે નલ સે જલ પહોંચ્યું. આ દેશની કરોડો મહિલાઓનું દુઃખ કોઇ પ્રધાનમંત્રીએ કયારેય ન જોયું. વહેલી સવારે જાગે, દીકરા, દીકરીને તૈયાર કરીને શાળાએ મોકલવાના હોય પરંતુ એને તૈયાર કરીને જે પાણીની જરૂર પડે એ પાણી લેવા માટે કિલોમીટરો દૂર સુધી જવું પડતું હતું. આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીએ આ બધી બહેનો માટે એમના ઘર સુધી નળ પહોંચાડવાનું કામ કર્યું. ઉજ્જવલા યોજના હોય, આ બાળકોને તૈયાર કરે, બાળકોને જયારે શાળાએ મોકલવાના હોય પાણી લઇને આવે એની સાથે જ એણે લાકડું સળગાવીને ઘર માટે ચા બનાવવાની હોય આ બહેનોની શું પરિસ્થિતિ હતી? જયારે વરસાદની સિઝન હોય, ઠંડીની સિઝન હોય ત્યારે લાકડું સળગાવવું એ બહુ મોટી સમસ્યા હતી. એમના સ્વાસ્થ્યને પણ એટલી જ મોટી અસર પડતી હતી. પરંતુ આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીય મોદીસાહેબે આ બહેનોની આ ચિંતા પણ દૂર કરી. ઉજ્જવલા યોજનાના માધ્યમથી ગેસના ચૂલા મળ્યા, ગેસની બોટલ મળી. બહેનોને નાની મોટી ચિંતા હતી. શૌચાલયની તકલીફ હતી. દરેક ઘરે શૌચાલય બનાવવા માટેનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું. જનધન યોજના હોય, અટલ પેન્શન યોજના હોય, સુકન્યા સમૃદ્ધિ યોજના હોય, પ્રધાનમંત્રી જનઔષધ યોજના હોય. શ્રી ઋષિભાઇ અહીંયા બેઠા છે. મુખ્યમંત્રીશ્રી, શ્રી ઋષિકેશભાઇ અને અમારા શેઠ ભામાશા.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪
રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ( મુખ્ય દંડકશ્રી) : માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા ઉપરનો મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સમય લંબાવવા મારી દરખાસ્ત છે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષ સંઘવી(ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે, તેને મને માયા લગાડી રે, દ્વારિકામાં તો અવૈદ્ય બાંધકામ બધું સાફ થઇ ગયું છે. હવે સોમનાથનો વારો છે. આ જ આપણું દ્વારકા જે કૃષ્ણનગરી ખાતે એક ઐતિહાસિક બ્રિજનું લોકાર્પણ થવાનું છે. દુનિયાભરના લોકો જ્યારે કૃષ્ણનગરીમાં આવશે ત્યારે આ સિગ્નેચર બ્રિજ પર જઇ શકશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પ્રધાનમંત્રીશ્રીના વિઝનથી દ્વારિકાનગરી સજાવવાનું કામ ચાલી રહ્યું છે. આવનારા દિવસોમાં દ્વારિકાનગરીમાં દુનિયાભરના લોકો આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે એક મહત્ત્વના વિષય પર ગૃહને અવગત કરવું છે. થોડા દિવસ અગાઉ જૂનાગઢમાં એક સંસ્થા દ્વારા ચોક્કસ લોકો દ્વારા કુપોષણ, દૂષણો દૂર કરવાના નામે એક સભા ગોઠવવામાં આવી. આજે દેશ જયારે દુનિયાભરમાં વિકાસનો એક નવો આયામ પ્રાપ્ત કરી રહ્યો છે ત્યારે આજે ચોક્કસ લોકો દ્વારા સમાજની એકતા તોડવા માટેનો પ્રયાસ છોડવામાં આવતો નથી. જૂનાગઢ નગરીમાં મૌલાના મુફતી સલમાન અઝહરી દ્વારા સમાજને તોડવા માટેના બેફામ સ્ટેટમેન્ટ આપવામાં આવ્યા. આ મૌલાના મુફતી સલમાન અઝહરીએ આ સમાજના ભાગ પાડવાની તમામ કોશિશો કરી. ગુજરાત પોલીસ દ્વારા તમામ પગલાં ભરવામાં આવ્યા. તેમની ઉપર અલગ અલગ કલમો દાખલ કરવામાં આવી. અમારી પોલીસ જયારે મુંબઇ ખાતે ગઇ, ગઇકાલે એ.ટી.એસ. અને જૂનાગઢ પોલીસની ટીમ મુંબઇ ખાતે પહોંચે છે અને આ મૌલાના મુફતી સલમાન અઝહરીને ઍરેસ્ટ કરવા જાય છે ત્યારે આ મૌલાના મુફતી સલમાન અઝહરી દ્વારા હજારો લોકોને ભેગા કરીને ત્યાંનો માહોલ બગાડવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો, વીસ હજાર લોકોને ભેગા કરવામાં આવ્યા, પણ હું ગુજરાતના પોલીસના દસ જવાનોને આ ગૃહમાં અભિનંદન આપું છું. સામી છાતીએ ઊભા રહ્યા, ઍરેસ્ટ કરીને આજે ગુજરાતમાં લઇને આવ્યા છે. જે પ્રકારે સમાજને તોડવાનું ષડયંત્ર રચવામાં આવેલ હતું. તેની સામે કડકમાં કડક પગલાં આ સરકાર દ્વારા ભરવામાં આવશે. ફરી હું આ સભાગૃહને અવગત કરવા માગું છું અને આજે શ્રી અમિતભાઇ ઉડતા ગુજરાતની વાત કરતા હતા. મારે કોઇ રાજકીટ ટિપ્પણી આના પર નથી કરવી. એમની સરકાર અનેક જગ્યાએ છે. હમણાં નવું એલાયન્સ બનાવેલું છે. જો કે એલાયન્સમાં હવે કોઇ રહ્યા નથી. એમના એલાયન્સની પણ અનેક સરકારો છે. મોંઘીદાટ એક જ પ્રોડકટને ચારેતરફ વેચવામાં કોઇ દુકાન નથી ચાલવાની. તે દુકાનોને તાળાં એટલા માટે લાગે છે કે, ચોક્કસ અને જવાબદાર વિપક્ષની ભૂમિકા સામાજિક વિષય હોય ત્યારે તમામ લોકોએ ભજવવી જોઇએ. આ ગુજરાતને ઉડતું ગુજરાત બતાવવા અને બનાવવા માટેનો જે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે આ પ્રયાસ તદ્દન ખોટો છે. આપણી ગુજરાત પોલીસ પ્રોએક્ટિવલી ડ્રગ્સ પકડે છે એટલા માટે આ આંકડો દેખાય છે. પકડાય ત્યારે અભિનંદન આપવા જોઇએ. કોઇ પાકિસ્તાનીઓ અહીં એસ.જી. હાઇવેના પોલીસ સ્ટેશન પર આવીને ૨૦૦-૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જમા કરાવી જતા નથી. આ ભારત પાકિસ્તાની બોર્ડર પર જઇને ગુજરાત પોલીસ અને એ.ટી.એસ.ની ટીમ ગોળીઓનો સામનો કરીને આ ડ્રગ્સ પકડે છે ત્યારે આ પકડાય છે. આ ઉડતું ગુજરાત નથી. આ ડ્રગ્સ પકડતું ગુજરાત છે. હું આપને વિશ્વાસ અપાવું છું કે, તમામ સભ્યોએ યુવાનોનું ભવિષ્ય ધૂંધળું ન થાય તે માટે દુનિયાભરની અંદર ડ્રગ્સ ફેશન બની ગયું છે ત્યારે આપણા રાજ્યમાં આ નથી બનવા દેવાનું. ત્યારે કોઇપણ લત હોય, કોઇને જાણકારી હોય તો પોલિસને માહિતી આપે. અમે સંપૂર્ણ રીતે આની સામે કોઇ અભિયાન નહીં પરંતુ લડાઇ લડવા માટે તૈયાર છીએ. ફરી એકવાર ગૃહના સૌ સભ્યોનો આભાર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬:૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માઘ ૧૭, ૧૯૪૫ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

જામનગરના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામે વર્તુ નદી ડેમ

*15/4/64 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ જીણાવારી ગામ ખાતે વર્તુ નદી પર ડેમ બનાવવા માટે સરકાર દ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવેલ, | (૧) | વર્ષ– ૧૯૯૮ માં |
| (૨) | ઉક્ત સ્થિતીએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) | ઉક્ત યોજનામા જમીન સંપાદન બાબતે લગત અસરગ્રસ્તો/ ખેડૂત ખાતેદારોનો વિરોધ હોઇ, આજ દિન સુધી જીણાવરી ગામના ડુબાણમા આવતા અલગ અલગ ૯૮ સર્વે નંબરમા સમાવિષ્ટ અસરગ્રસ્ત /ખેડૂત ખાતેદાર દ્વારા જમીન સંપાદન અર્થે સહમતી આપેલ ન હોઇ, સહમતી મળ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવાનુ આયોજન છે. |
| (3) | ઉક્ત યોજનામાં ક્યા ગામના કેટલા અસરગ્રસ્તો /ખેડૂત ખાતેદારોની સહમતી મેળવવામાં આવેલ છે? | | |

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ જીણાવારી ડેમ છેલ્લા ૨૬ વર્ષ પહેલાં સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કેટલાંય મુખ્યમંત્રીશ્રીઓ અને મંત્રીશ્રીઓ બદલાઇ ગયા પણ હજી સુધી મારા મત વિસ્તારને ફાયદો કરાવતા આ ડેમની પરિસ્થિતિ જૈસે થે જેવી જ છે. આપણે બજેટમાં લિવીંગ વેલની વાતો કરીએ છીએ. જયારે મારા મત વિસ્તારના આ ખેડૂતો પાણી માટે છેલ્લા ત્રીસ વર્ષથી આ ડેમની માગણી કરી રહ્યા છે. હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ડૂબાણમાં જતા ખેડૂતો જો સહમતિ ન આપે તો આગળ શું કાર્યવાહી થઇ શકે? બીજું, જમીન સંપાદન કરી આ ડેમ બનાવવા માગો છો કે નહીં? માત્ર ૯૭ ખેડૂતોની ૪૮ હેકટર જેટલી જમીન આ ડેમના ડૂબાણમાં જાય છે. તો તે ખેડૂતોને અન્ય જગ્યાએ જમીનની ફાળવણી કરી આ ડેમ બનાવવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : આપના ત્રણ પેટા પ્રશ્નો થઇ ગયા છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તર્જ નદીની ઉપર જીવાદોરી સમાન જે ડેમ બાંધવાનું કામ હતું તેના માટે સન ૧૯૯૮ની અંદર યોજના બનાવવામાં આવી હતી. સન ૨૦૦૬ની અંદર તેના સોઇલ ટેસ્ટીંગ પણ કરવામાં આવ્યા હતા. આ ડેમની અંદર લગભગ ૫૭.૮૫ હેકટર જેટલી જમીનો ડૂબમાં જતી હતી. ૧૦૦ જેટલા સરવે નંબરનો સમાવેશ થતો હતો અને જે તે વખતે તે યોજનાનો ખર્ચ રૂ.૧૩૩૯ લાખ જેટલો થવા જતો હતો. જમીન સંપાદન રેગ્યુલેટરી એવોર્ડની અંદર રૂ.૭૮૦ લાખ જેટલો ખર્ચ થવા જઇ રહ્યો હતો. પરંતુ વખતો વખત અમારા વિભાગના અધિકારીઓ જતા હતા તો લોકો ખૂબ વિરોધ કરતા હતા. વર્ષ ૨૦૧૧ની અંદર લોકોએ વિરોધ કર્યો, વર્ષ ૨૦૧૭ની અંદર પણ લોકોએ વિરોધ કર્યો. તાજેતરમાં ફરી વર્ષ ૨૦૨૩ની અંદર ત્યાં આગળ આ કામગીરી આગળ ધપાવવા માટે અમારા અધિકારીઓ ગયા હતા છતાં ત્યાં કામગીરી કરવા દેવામાં આવી ન હતી. તેમ છતાં માનનીય સભ્યશ્રીની રજૂઆત છે અને હું તેમને વિનંતી કરું છું કે, આ યોજના અમે ચાલુ રાખી છે, યોજના બંધ કરી નથી. અમારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો અભિગમ છે કે, કયાંય પાણી વેડફાય નહીં, ખેડૂતોને પાણી મળે. તેના માટે આ યોજના બંધ કરી નથી. યોજના ચાલુ રાખી છે. પરંતુ અત્યારે સન ૨૦૨૩ના નવા નિયમ પ્રમાણે જે કંઇ વળતર હશે તે આપવામાં આવશે. તમે ખેડૂતોને સાથે લઇને આવો. જે કંઇ વળતર હશે તે આપીશું. આ યોજના બંધ કરવાના નથી. તમે જલદીથી ખેડૂતોને લાવો. આ યોજના પરિપૂર્ણ કરવાની હું જવાબદારી લઉં છું અને પરિપૂર્ણ કરી આપીશ.

અધ્યક્ષશ્રી : શ્રી હેમંતભાઇ એમણે એવું કહ્યું છે કે, જે ૪૭ લોકો બાકી છે તેને સરકાર વળતર આપવા તૈયાર છે. તમે એટલા લોકોને સાથે બેસાડીને સમજાવી દો તો તાત્કાલિક યોજના ચાલુ થઇ જાય. યોજના માટે નાણાકીય જોગવાઇ પણ કરી દીધી છે. તેના સિવાય કંઇ હોય તો બતાવો?

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગામમાં વિન્ડફાર્મ કંપનીનો પોલ ઊભો કરવા માટે ગામ લોકોની સહમતિ ન હોવા છતાં ગૌચરમાં વિન્ડફાર્મ કંપનીનો પોલ જમીન સંપાદન કરીને ઊભો કરી દેવામાં આવ્યો છે. જે ૯૭

ખેડૂતોની જમીન ડેમના ડૂબાણમાં જાય છે તે માત્ર ૪૮ હેક્ટર જેટલી જાય છે. તો સ્વાભાવિક છે કે, કોઇ નાના ખેડૂત બે-ત્રણ વિઘાના જમીન માલિક હોય તો તે જમીન નહીં આપે. તો મારો પ્રશ્ન એ છે કે, એ ખેડૂતોને અન્ય જગ્યાએ જમીન સામે જમીન ફાળવીને આ ડેમ બનાવવા માગો છો કે નહીં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર અમારા મંત્રીશ્રી મુળુભાઇનો પણ વિસ્તાર છે. મેં થોડા દિવસ પહેલાં મુળુભાઇ સાથે મિટીંગ કરીને કહ્યું છે કે, તમે ખેડૂતોને સાથે લાવો. સો ટકા યોજના પૂરી કરી આપીશું. જયારે અમારી સરકાર બુલેટ ટ્રેન, એક્સપ્રેસ હાઇવે જતો હોય તો તેમાં ખેડૂતોને મોં માગ્યા પૈસા આપીએ છીએ. આ તો નાના ખેડૂતો છે, ૧૦૦ જેટલા સરવે નંબરો છે તેમાં અમે વળતર આપવા માટે તૈયાર છીએ.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદે સર્વદે, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે સૌરાષ્ટ્રની ધરાને હરિયાળી કરવા માટે સૌની યોજના (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઇરીગેશન યોજના) બહાર પાડી તેના કારણે અમારા વિસ્તારની અંદર તેમાં પોરબંદર, જામનગર, લાલપુર, જામજોધપુર, ધ્રોલ, આમરણ હોય ત્યાં અવિરત પાણી ચાલી રહ્યું છે અને અત્યારે અમારા શ્રીમતી ભાનુબેનના વિસ્તારમાં પણ પાણી ચાલી રહ્યું છે.અવિરત પાણી નદીઓમાં વહી રહ્યું છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે જામ જોધપુર તાલુકાની સિંચાઇ યોજના પૈકી કેટલી સિંચાઇ યોજનામાં પાકી કેનાલો છે અને, કેટલી કાચી કેનાલો છે? અને જે કાચી કેનાલો છે એને પાકી કરવાનું આપનું આયોજન શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામ જોધપુર તાલુકામાં લગભગ ૮ જેટલી સિંચાઇ યોજનામાં કાચી કેનાલ છે જે કેનાલો પાકી કરવા માટે તાંત્રિક ચકાસણી કરાવીને કામગીરી આગળ ધપાવવાનું અમારું આયોજન છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા ઇચ્છું છું કે, જામ જોધપુર તાલુકાની સિંચાઇ યોજનાઓ પૈકી કેટલી સિંચાઇ યોજના સૌની યોજના સાથે જોડાયેલી છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામ જોધપુર તાલુકામાં ૪ સિંચાઇ યોજના સૌની યોજના સાથે જોડાયેલી છે.

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો.**

**56/4/15* ડૉ .તુષાર અમરસિંહ ચૌધરી) ખેડબ્રહ્મા:( માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અદાણી પાવર લિ .સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧ માં રૂ .૨.૮૯ અને બીડ-૨ માં રૂ . ૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા જી. |
| (૨) | જો હા, તો ઉક્ત કરારો બાદ તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને | (૨) અને (૩) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર લી. સાથેના ઉપરોક્ત કરાર અન્વયે માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના દરની વિગત નીચે મુજબ છે. |
| (૩) | ઉક્ત કરાર બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉક્ત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે? | | |

| ૨૦૨૨ | | | |
|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૮૦ | ૬૦ | ૫.૫૭ |
| ફેબ્રુઆરી | ૨૯૧ | ૨૮ | ૫.૩૮ |
| માર્ચ | ૧૦૪૨ | ૧૦૫ | ૫.૯૨ |
| એપ્રિલ | ૧૪૬૭ | ૧૧૮ | ૬.૨૯ |
| મે | ૭૩૧ | ૧૨૦ | ૭.૦૧ |
| જૂન | ૬૩૩ | ૧૧૭ | ૭.૭૫ |
| જુલાઈ | ૧૭ | ૧૧૨ | ૫.૪૬ |
| ઓગસ્ટ | ૧૫૦ | ૧૧૦ | ૮.૭૬ |
| સપ્ટેમ્બર | ૬૯૭ | ૧૧૭ | ૮.૮૫ |
| ઓક્ટોબર | ૩૨૩ | ૧૨૨ | ૮.૫૪ |
| નવેમ્બર | ૫૬ | ૧૧૭ | ૮.૫૩ |
| ડિસેમ્બર | ૧૨૦ | ૧૨૧ | ૮.૧૬ |
| ૨૦૨૩ )પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૭૫ | ૧૧૧ | ૮.૯૯ |
| ફેબ્રુઆરી | ૪૧૧ | ૧૦૦ | ૯.૦૩ |
| માર્ચ | ૨૦૬ | ૧૪૧ | ૮.૦૪ |
| એપ્રિલ | ૩૬૫ | ૧૧૭ | ૪.૩૮ |
| મે | ૧૦૪ | ૧૨૧ | ૩.૯૯ |
| ઓગસ્ટ | ૬૫૦ | ૧૧૧ | ૩.૨૪ |
| સપ્ટેમ્બર | ૧૨૧૪ | ૧૧૭ | ૩.૯૧ |
| ઓક્ટોબર | ૧૪૯૪ | ૧૨૧ | ૩.૯૮ |
| નવેમ્બર | ૧૨૦૭ | ૧૧૭ | ૩.૮૧ |
| ડિસેમ્બર | ૧૨૯૯ | ૧૧૧ | ૩.૮૯ |

જી.ઈ.આર.સી .દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ મેરીટ ઓર્ડર પદ્ધતિ મુજબ ઉક્ત વીજ મથક, વર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈ માસ દરમ્યાન મેરીટ ઓર્ડરમાં ન આવવાના કારણે જી.યુ.વી.એન.એલ .દ્વારા વીજ ખરીદ કરેલ નથી અને વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ વીજ ખરીદ કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચુકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવેલ છે.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટના મુદાઓના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલ હાઈ પાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા તા.૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ અને તે મુજબ તા.૦૫.૧૨.૨૦૧૮ના રોજ અદાણી પાવર લિ .સાથે બંને વીજ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરવામાં આવેલ .ત્યારબાદ, બદલાયેલ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદર્શક રીતે પાસ થ્રુ) pass-through) થઇ શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ થકી સપ્લીમેન્ટરી કરારોમાં જરૂરી સુધારા મંજૂર કરવામાં આવેલ છે જે મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી .દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૨ના રોજ રીવાઈઝ્ડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે .જે અંતગર્ત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, ઈન્ડોનેશિયન કોલસાનો ઇન્ડેક્સ) એચ.બી.એ (.જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ-૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ .આથી આ પછીના સમયગાળા દરમિયાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતગર્તના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઈમ્પોર્ટેડ કોલસા આધારિત

તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
તારાંકિત પ્રશ્નો

વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ .

વધુમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ .આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ .

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસિટી એક્ટ-૨૦૦૩ના સેક્શન-૧૧ અંતર્ગત ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે .તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો સેક્શન-૧૧ અંતર્ગતનો આદેશ તા.૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત સ્થિતિમાં અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની) એનર્જી ચાર્જ (પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે .

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે, ઇન્ડોનેશિયામાં ભાવ વધારો થવાથી રીવાઇઝ્ડ સપ્લીમેન્ટરી એગ્રિમેન્ટ કરીને હાઇ પાવર કમિટી દ્વારા દરમાં વધારો કરવામાં આવ્યો હતો. મારો માનનીય મંત્રીશ્રીને એક જ પ્રશ્ન છે કે આ જ કરાર કોઇ બીજી કંપની સાથે જો કરવામાં આવ્યો હોત તો એની સાથે પણ આ રીવાઇઝ્ડ સપ્લીમેન્ટરી એગ્રિમેન્ટ હેઠળ ભાવ વધારો આપવામાં આવત કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આજે આ કંપનીએ ઓસ્ટ્રેલિયામાં કોલસાની ખાણ પણ લઇ લીધી છે તો કદાચ આજે નફો વધારે પણ કરતી હોય ત્યારે આપણે રીવાઇઝ્ડ સપ્લીમેન્ટરી એગ્રિમેન્ટ કરીને ભાવ ઘટાડો માગી શકીએ કે કેમ? અને એવી કોઇ જોગવાઇ આ કરારમાં છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી તુષારભાઇએ બહુ સરસ સવાલ કર્યો અને બધા કારણો હું જણાવીશ કે, આપણી પાસે સપ્લીમેન્ટરી એગ્રિમેન્ટ ૩ કંપનીના છે. ટાટા કોસ્ટલ પાવર, અદાણી અને એસ્સાર એ ત્રણે કંપનીઓએ જ્યારે ઇમ્પોર્ટેટ કોલસો ઇન્ડોનેશિયામાં બ્લોક ચેન્જ થયો એના લીધે જે કોલસો ૨૦૨૧માં ૭૫ ડોલરે આવતો હતો એ નવેમ્બર ૨૦૨૧માં ૨૧૫ થયા એ ૨૦૨૨માં ૩૩૦ થયા અને ડોલરનો ભાવ આટલો વધ્યો અને એટલે બધી કંપનીઓએ પોતાનું પ્રોડક્શન બંધ કરી દીધું. સમગ્ર દેશમાં રશિયા અને યુક્રેનના યુદ્ધના હિસાબે ગેસનો સપ્લાઇ પણ ઓછો થયો અને એના લીધે પાવર કટની સમસ્યા સમગ્ર વિશ્વમાં ઊભી થઇ ત્યારે આપણે જી.આર.સી. અને સી.આર.સી.ના હુકમ પ્રમાણે એ લોકો સાથે મિટીંગ કરી અને એ લોકોને જે પ્રાઇસથી કોલસો આવે એનું સપ્લીમેન્ટ કરવાનું એક એગ્રિમેન્ટ કર્યું અને એને હિસાબે આપણે ગુજરાતને સંપૂર્ણ પાવર કટમાંથી બચાવી શક્યા. હાલમાં કોલસાનો ભાવ ૧૨૫ ડોલર છે એને લીધે હાલમાં આ બધી કંપનીઓ પાસે આપણે જુના રેટે એટલે કે ઓછા રેટે વીજળી મેળવી શકીએ છીએ.

બીજુ, ખાસ કરીને વધુમાં જણાવુ કે, વર્ષ ૨૦૦૨માં રાજ્યની મહત્તમ વીજ માગ ૭૭૪૩ મેગાવોટ હતી જે વર્ષ-૨૦૨૩માં વધીને ૨૪૫૨૪ મેગાવોટ થઇ છે એટલે કે લગભગ ત્રણ ગણી આપણી માગ વધી છે અને અગાઉ ખેતીવાડીના જોડાણો જે ૧૫ વર્ષ જેટલા વેઇટીંગમાં હતા અત્યારે વેઇટીંગ લીસ્ટ ફકત ૩ થી ૬ મહિનાનું છે ખેડૂતોને બધાને સમયસર કનેકશન મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેતીવાડી અને ઉદ્યોગોનો વિકાસ થવાથી તેમજ શહેરીકરણને લીધે જીવન-ધોરણે ease of living થવાના કારણે રાજ્યનું per capita consumption એક વ્યકિત વર્ષ દિવસે માથાદીઠ કેટલો વપરાશ કરે તે ૨૦૦૩માં ૯૫૩ જે વર્ષ ૨૦૧૩માં ૧૮૦૦ યુનિટ થયુ અને ૨૦૨૩માં ૨૪૦૨ યુનિટ થયુ આની સામે આપણે જોઇએ તો સમગ્ર દેશનો વીજનો વપરાશ પર યુનિટ ૧૨૫૫ યુનિટ છે. આ જ બતાવે છે કે ગુજરાતમાં ઉદ્યોગ, ખેતીવાડી અને શહેરોનો કેટલો વિકાસ થયો છે અને લોકોનું જીવન ધોરણ કેટલુ ઉંચુ આવ્યુ છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લોકોની માગણી જયારે તેમણે ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે કે અમને ૨૪ કલાક જમવાના સમયે અથવા તો ૨૪ કલાક વીજળી મળે અને જયોતિ ગ્રામ યોજનાના સફળ આયોજનથી દરેક ગામને આજે પણ વીજળી ૨૪ કલાક મળી રહી છે સમગ્ર ભારતમાં આ એક ઇતિહાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મેકસીમમ ડિમાન્ડ સન ૨૦૧૭માં ૧૭ હજાર મેગાવોટ હતી તે સન ૨૦૨૩માં ૨૪૫૪૪ મેગાવોટ એટલે કે ૪૩ ટકાનો વધારો બતાવે છે અને જે વીજ વપરાશ છે તે ૪૧.૨૮ ટકાનો વધારો બતાવે છે. કેન્દ્ર સરકારની સન ૨૦૦૬ની નેશનલ ટેરીફ પોલિસી મુજબ ખાનગી ઉત્પાદકો પાસેથી બીડ કરીને જ વીજ ખરીદી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો. રાજયની કુલ પરંપરાગત સ્ત્રોતની વીજ ક્ષમતામાં આયાતી કોલસાનો ફાળો ૨૫ ટકા છે. સપ્ટેમ્બર ૨૦૨૧-૨૨ આયાતી કોલસા તથા ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અતિશય ભાવ વધારો થવાના કારણે વીજ પ્રોજેક્ટ આ

બધા કોલસા આધારિત પ્લાન્ટો બંધ કરી દેવામાં આવેલા અને સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતાનો પ્રશ્ન ઉઠેલો. આયાતી કોલસા આધારિત આ વીજ મથકોનું સંચાલન વધતી જતી વીજ માગને પહોંચી વળવા માટે એ પ્લાન્ટો ચાલુ રાખવા જરૂરી હતું અને પાવર પ્લાન્ટની કામગીરી ન થવાથી લોડ સેડીંગ અને પાવર કટ થઇ શકે એવી પરિસ્થિતિ હતી. આ વિકટ પરિસ્થિતિને ધ્યાનમાં લઇ રાજયમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ના થાય તથા રાજયના ખેતીવાડી ક્ષેત્રે તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળી રહે તે માટે પાવર એક્ષ્ચેન્જમાંથી વીજ ખરીદી કરી. પાવર એક્ષ્ચેન્જ એવું છે કે તેમાં તમે શેર માર્કેટની જેમ ભાવ પ્રમાણે ખરીદી કરી શકો એટલે એકદમ ટ્રાન્સફરન્ટ સિસ્ટમથી એ ખરીદી કરવામાં આવે છે. ઓકટોબરથી ડિસેમ્બર દરમિયાન અમે વારંવાર દિલ્હીની મુલાકાત લીધી. આપણાં માનનીય અમીતભાઇ અને પીએમઓએ પણ અમને એ સમયે ઘણી મદદ કરી અને ઓકટોબરથી ડિસેમ્બર-૨૧થી આપણે ૫૦૦ મેગાવોટનો શોર્ટ ટર્મનો કરાર કર્યો. ઓકટોબર-૨૧થી ૨૦૨૩ માટે ૧૦૦૦ મેગાવોટનો મીડિયમ ટર્મનો કોન્ટ્રાકટ એટલે આ રીતે આપણે વિવિધ સ્ત્રોતોથી વીજળીનું સપ્લાય ચાલુ રાખ્યો અને ભારત સરકાર પણ એકશનમાં આવી અને ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા ભારતના તમામ આયાતી કોલસા આધારિત જનરેટર્સને વીજળી ઉત્પન્ન કરવા અને સપ્લાય કરવા માટે ઇલેકટ્રિસિટી એક્ટની કલમ-૧૧ નિર્દેશ કરવામાં આવી કે આ પ્લાન્ટો નેશનલ એસેટ છે અને એ પ્લાન્ટ રાષ્ટ્રના હિત માટે ચાલુ રહેવા જ જોઇએ અને એ રીતે સરકારે ઇન્ટરવીંગ કરીને,

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજુ ઘણા પ્રશ્નો પૂછવાવાળા છે, આપ એક મિનિટ બેસજો. આપે વિગતવાર જવાબ આપ્યો છે અને હજુ પણ કોઇને પેટા પ્રશ્ન હોય તો વાત કરી શકે. આ પ્રશ્નમાં પ્રશ્ન ક્રમાંક-૨ માનનીય તુષારભાઇ, ૪માં ડો.કિરીટભાઇ પટેલ, ૯માં શ્રી ગુલાબસિંહભાઇ ચૌહાણ, ૧૨માં શ્રી વિમલભાઇ ચુડાસમાપ્રશ્ન ક્રમાંક-૧૪માં શ્રી દિનેશભાઇ ઠાકોર અને પ્રશ્ન ક્રમાંક - ૨૨માં શ્રી અનંતભાઇ પટેલ એમ લગભગ છ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ આ એક પ્રશ્ન પૂછેલો છે. મને લાગે છે કે આમાં જ તમને બધાંને સ્કોપ આપી દઇએ તો બીજા પ્રશ્નોનો પણ લાભ મળી જાય. બધાંની સંમતિ હોય તો બીજા પ્રશ્નોની પ્રાયોરિટી આપણે લાવી શકીએ. મારી એક પ્રાર્થના પણ છે કે તમે બધાંએ પ્રાયોરિટીમાં લાવવા માટે જ બધાંએ એક પ્રશ્ન પૂછ્યો હશે તો પ્રાયોરિટી આવી ગઇ છે. મારી બીજી પ્રાર્થના એ છે કે પાર્ટીના કાર્યાલયોમાંથી બેસીને પ્રશ્નો પૂછવાની પદ્ધતિ બરાબર નથી. મેં પહેલાં પણ કહ્યું હતું કે એક જ પ્રકારના ડ્રાફ્ટ કરી આપે અને માનનીય ધારાસભ્યશ્રીઓ સહી કરી આપે એ બરાબર નથી. મેં બધાંને કહ્યું હતું કે, એ પદ્ધતિમાં પણ હવે બદલાવ લાવવો જોઇએ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે વીજળી ખરીદવામાં આવે છે એ આટલી બધી સરકારી કંપનીઓ છે છતાં માત્ર ખાનગી કંપનીઓ પાસેથી કેમ ખરીદવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આપણે લગભગ ૩૦ ટકા જેટલી વીજળી આ રીતે કોલસા આધારિત પ્લાન્ટમાંથી ખરીદતાં હતા. જ્યારે ગુજરાત વિન્ડ પાવરમાં સમગ્ર ભારતમાં નં.૧ છે અને સોલારમાં નં - ૨ છે ત્યારે આપણે આવા ઊર્જા સાધનો મારફત પણ સસ્તી વીજળી બનાવીએ છીએ. આપણે કોની-કોની પાસેથી ખરીદીએ છીએ એની પણ માહિતી આપું તો આપણે જી.ઇ.સી.એલ. કંપની પાસેથી લગભગ ૧૮ ટકા વીજળી ખરીદીએ છીએ. રાજ્ય હસ્તકના આપણા યુનિટો પાસેથી ૩ ટકા, કેન્દ્ર હસ્તકના સાહસો પાસેથી ૩૭ ટકા, ખાનગી સાહસો જેવાં કે અદાણી, ટાટા પાવર અને એસ્સાર પાસેથી ૧૭ ટકા, પાવર એક્સચેન્જ એટલે કે બહારથી આયાત કરીને ૧૨ ટકા અને બિન પરંપરાગત સ્ત્રોત એટલે કે સોલાર અને વિન્ડમાંથી ૧૩ ટકા વીજળી ખરીદીએ છીએ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને કનુભાઇ સાહેબને અભિનંદન આપું છું કે યુક્રેનની લડાઇ હોય કે પછી બિપોરજોય વાવાઝોડું હોય આપણી સરકારનું આયોજન ખૂબ સરસ છે. ઉદ્યોગો, ખેતી કે પછી ઘરગથ્થુ વીજ વપરાશમાં કોઇ દિવસ પાવરની તકલીફ પડવા દીધી નથી. મને તો સામેના મિત્રો અદાણીની પાછળ પડી ગયા હોય તેવું લાગે. મારે માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે છેલ્લા સાત વર્ષમાં પાવર એક્સચેન્જમાંથી આપણે જે ખરીદી કરીએ છીએ એમાં આપણો હિસ્સો કેટલો છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વર્ષ ૨૦૧૭માં લગભગ ૩૦૮ ટકા વીજળી પાવર એક્ષચેન્જમાંથી ખરીદી હતી. વર્ષ ૨૦૧૮માં ૮ ટકા, વર્ષ ૨૦૧૯માં ૨.૧ ટકા, વર્ષ ૨૦૨૦માં ૩.૫ ટકા, વર્ષ ૨૦૨૧માં સૌથી વધુ એટલે કે ૧૪.૩ ટકા, વર્ષ ૨૦૨૨માં ૭.૧ અને વર્ષ ૨૦૨૩માં ૬૦૩ ટકા વીજળી ખરીદી હતી. વર્ષ ૨૦૨૧માં ૧૪.૩ ટકા ખરીદી એનો ભાવ એવરેજ રૂ.૪.૯૪/ - હતો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેશભાઇ કહેતાં હતાં કે અદાણીની પાછળ પડી ગયા છે. એવું કાંઇ નથી પણ આપણે પ્રજાના ટેક્ષના પૈસા માનીતાઓને લુંટાવતાં હોઇએ તો ચોક્કસ ચિંતા કરવી પડે. ડબલ એન્જિનની સરકાર હોય એટલે એવું નહિ કે માનીતાઓને ડબલ નફો કરાવીએ. માનનીય મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું છે કે આપણે જે કરાર કર્યો એ મુજબ બીડ-૧માં રૂ.૨.૮૯/ - પ્રતિ યુનિટ ખરીદવાની હતી અને બીડ-૨માં રૂ.૨.૩૫/ - પૈસે ખરીદવાની હતી. આપણે જે ખરીદી કરી છે એ મુજબ વર્ષ ૨૦૨૨માં રૂ.૧૨૪૭/ - ફિક્સ કૉસ્ટ ચૂકવી અને ૬૦૧૦ મિલિયન યુનિટ ખરીદી છે અને એવરેજ ભાવ રૂ.૭.૧૮૫/ - પ્રતિ યુનિટ પડ્યો. વર્ષ ૨૦૨૩માં રૂ.૫.૩૩/ -પ્રતિ યુનિટ એવરેજ કૉસ્ટ પડી. તે મુજબ જોઇએ તો એવરેજ રૂ.૨.૬૨ પૈસે ખરીદવાની હતી તેના બદલે રૂ.૭.૮૫ પૈસે અને બીજા વર્ષમાં રૂ.૫.૩૩ પૈસા એટલે કે ડબલ કરતાં વધારે કિંમત આપણે ચૂકવી છે. બે વર્ષમાં કુલ રૂ.૮૨૬૫ કરોડ વધારે આપીને આ વીજળી ખરીદી છે. આટલો વધારે બોજો પડવાનો હોય, પ્રજાના ટૅક્સના પૈસા જતા હોય તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ૨૫ વર્ષનો કરાર છે. હજુ પણ આઠ વર્ષ

જેટલો સમય બાકી છે તો કરારની સમીક્ષા કરીને નવેસરથી કોઇ બીડ કરવા માગીએ છીએ કે કેમ? અને ખાસ કરીને આટલો બધો ભાવ વધારો આપીએ છીએ તેના બદલે રાજ્યના વીજ ઉત્પાદન કેન્દ્રોમાં રોકાણ કરીને આપણે પોતે ઉત્પાદન કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં જ તેમનો જવાબ છે. ખાસ કરીને રૂ.૮.૭૬ પૈસે જે ખરીદી કરી છે તે ફક્ત ૧૫૦ મિલિયન યુનિટ કરી છે. મેં કહ્યું તે પ્રમાણે જ્યારે ઇમ્પોર્ટેડ કોલસાનો ભાવ ઓછો થયો ત્યારે એટલે કે લગભગ સપ્ટેમ્બર-૨૦૨૩માં તેમની પાસેથી ૧૨૧૪ મિલિયન યુનિટની ખરીદી કરી અને તેનો ભાવ રૂ.૩.૯૧ પૈસા છે. જ્યારે ઇમ્પોર્ટેડ કોલસાનો ભાવ નીચો ગયો ત્યારે વધુ ખરીદી કરી અને જ્યારે ભાવ વધારે હતો ત્યારે બિલકુલ ઓછી ખરીદી કરી છે. જ્યારે સાંજના સમયે સોલાર અને વિન્ડના યુનિટો ઓછા થઇ જાય ત્યારે આવી ખરીદી ઇમરજન્સીમાં કરવી પડતી હોય છે. તેના લીધે જ આ સમયે ઊંચા ભાવે ખરીદી કરવી પડે છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વારંવાર વિપક્ષ દ્વારા અંબાણી અને અદાણીની વાત થઇ રહી છે ત્યારે અને ગુજરાતના મુખ્યમંત્રીના શાસનમાં પારદર્શક વહીવટ ચાલી રહ્યો છે ત્યારે મારા પ્રશ્નથી સમગ્ર ગૃહને બાબત સ્પષ્ટ થઇ જશે. આપના માધ્યમથી હું માનનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજ ખરીદીમાં મેરિટ ઓર્ડર પ્રક્રિયા શું છે? તેના જવાબમાં બધું સ્પષ્ટ થઇ જશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપની દ્વારા વીજ ખરીદી નિયમ આયોગ દ્વારા જણાવેલ મેરિટ ઓર્ડર પ્રમાણે પ્રોટોકોલ મુજબ ખરીદી કરવાની રહે છે. ઉત્પાદન મેળવવામાં પ્લાન્ટની માલિકીને કોઇ પ્રાધાન્ય આપવામાં આવતું નથી, કોનો પ્લાન્ટ છે તે પણ જોવામાં આવતું નથી. મેરિટ ઓર્ડરમાં જે ઓછા ભાવ આવે તેને ઓર્ડર આપવામાં આવે છે. માત્ર બળતણ ખર્ચના ક્રમ મુજબ સસ્તાથી મોંઘા મુજબ વીજ જરૂરિયાત પૂર્ણ થાય તેટલું ઉત્પાદન મેળવવામાં આવે છે. ઇલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ અને ટેલી પૉલિસી મુજબ વીજ કરાર અંતર્ગત ફિક્સ કોસ્ટની ચૂકવણી ઉપલબ્ધતા આધારિત બળતણની ખર્ચની ચૂકવણીમાં હકીકત જળવાયેલ ઉત્પાદન મુજબ કરવાની રહે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા વિવિધ સેક્ટર મુજબ કેટલી વીજળી ખરીદવામાં આવેલ છે? તથા વીજળી ખરીદીમાં વિવિધ સેક્ટરનો કેટલો હિસ્સો છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઊર્જા નિગમ લિ. દ્વારા વિવિધ સેક્ટર મુજબ ખરીદેલી વીજળીની માહિતી નીચે મુજબ છે.

વર્ષ ૨૦૨૨માં જી.ઇ.સી.એલ. કુલ ખરીદીનો ૨૨૮૮૧ મિલિયન યુનિટ એટલે કે ૧૯ ટકા હિસ્સો ધરાવે છે. રાજ્ય હસ્તકના યુનિટો ૩૨૨૫ મિલિયન યુનિટ એટલે કે ૩ ટકા હિસ્સો ધરાવે છે અને કેન્દ્ર હસ્તકના સાહસો ૪૨૩૬૭ મિલિયન યુનિટ એટલે કે લગભગ ૩૫ ટકા જેટલો હિસ્સો ધરાવે છેઅને પાવર એક્ષચેન્જમાંથી આપણે ૧૭,૦૬૨ મિલિયન યુનિટ લીધા છે જે ૧૪ ટકા જેટલો છે. બિન પરંપરાગત સ્ત્રોતથી લગભગ ૧૫,૨૭૮ યુનિટ લીધા છે જે ૧૩ ટકા હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૩માં જી. ઇ. સી. એલ. ૨૨,૪૩૦ એટલે કે, ૧૮ ટકા હિસ્સા સાથે, રાજ્ય હસ્તકના યુનિટો ૩૩૦૨ ત્રણ ટકાના હિસ્સા સાથે કેન્દ્ર હસ્તકના સાહસો ૪૫,૩૫૭ યુનિટ ૩૭ ટકા સાથે અને ખાનગી સાહસો ૨૦,૪૮૮ એટલે કે, ૧૭ ટકા સાથે કે જેમાં અદાણી, ટાટા અને એસ્સાર આવે છે. પાવર એક્ષચેન્જમાંથી ૧૨ ટકા અને બિન પરંપરાગત સ્ત્રોતમાંથી ૧૩ ટકા પ્રમાણેની ખરીદી કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રૂ. ૮ હજાર કરોડ જેટલી રકમ વધારે ચૂકવાતી હોય અને કરારને હજી આઠ વર્ષ જેટલો સમયગાળો બાકી છે તો આટલા વધારે નાણાં જતા હોય તો રાજ્ય સરકાર આ કરારની સમીક્ષા કરીને નવેસરથી કોઇ બીડ કરવા માંગે છે કે કેમ? જેથી, બીજી કંપનીઓ પણ હરિફાઇમાં ભાગ લઇ શકે અને આપણને સસ્તા દરે વીજળી મળી શકે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે વધારે ભાવ નથી જતો. માત્ર પ્રાઇવેટ કંપનીઓ પાસેથી ૧૭ ટકા જ ખરીદે છે. એમાં બધી કંપનીઓ આવી ગઇ. ટોટલના ૧૭ ટકા. એટલે વધારે ભાવ ચૂકવાય છે એવું માનનીય મંત્રીશ્રી કહેતા નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આંકડાના આધારે જ હું કહું છું કે બે વર્ષમાં જે ભાવ ડિફરન્સ થયો. એવરેજ આપણે ૨.૩૫ અને......(વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : તમે વાત કરી એ પછી માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગું છું કે આપણે એવરેજ જે ખરીદી કરી છે, બીડમાં જે ભાવ નક્કી કર્યો છે એના કરતાં વર્ષ ૨૦૨૨માં એવરેજ રૂ. ૭.૧૮૫ના ભાવે ખરીદી કરી હતી.

અધ્યક્ષશ્રી : એમણે કહ્યું કે, જયારે પ્રાયોરિટી હોય, પાવરની ખેંચ હોય ત્યારે અમે સરકારી અને પ્રાઇવેટ એમ બંને જગ્યાએથી ખરીદી કરીએ છીએ. એ સમયે બધી જગ્યાએ ભાવ ઊંચા હોય છે એવી વાત પણ માનનીય મંત્રીશ્રીએ કરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બંને વર્ષના આંકડા જોઇએ તો, એકપણ મહિનો એવો નથી કે જેમાં આપણે કરાર કર્યો હતો એ ભાવે ખરીદી કરી હોય. બધા જ મહિનામાં એનાથી ઉપરના ભાવે જ ખરીદી કરી છે. એમણે કહ્યું કે,

ઇન્ડૉનેશિયામાં કોલસો મોંઘો થયો. હવે તો અદાણીની ઓસ્ટ્રેલિયા અને બીજી કન્ટ્રીઓમાં પોતાની માઇન્સ પણ છે એટલે એમને વધારે સસ્તો કોલસો મળતો હશે. કોલસો વધારે સસ્તો મળે તો ગુજરાતમાં વધારે સસ્તી વીજળી કેમ નથી આપતા?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનો મુદ્દો એવો છે કે હવે વધારે સસ્તી વીજળી કઇ રીતે આપીશું?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૭૦માં ઝીરો કાર્બન કન્ટ્રી કરવાનું નક્કી કર્યું છે ત્યારે આ કોલસા આધારિત પ્લાન્ટોમાંથી વીજળીની ખરીદી કરવાનું સમય જતાં બંધ જ થવાનું છે અને આપણે આ વર્ષે લગભગ ૧૫ હજાર મેગાવોટના સોલર અને વિન્ડના કરારો કર્યા છે. એમાં પણ લગભગ ત્રણ રૂપિયાની આસપાસ આપણે ખરીદી કરવાના છીએ. એટલે આ રીતે આ બધા પ્લાન્ટોમાંથી આપણે એગ્રીમેન્ટ પ્રમાણે ફિક્સ કોસ્ટ આપવી પડશે. આપણે લોકોને સૌથી ઓછા ભાવે વીજળી મળી રહે એના માટેના તમામ પ્રયત્નો કર્યા છે અને સમગ્ર ભારતમાં ગુજરાત જ એક એવું રાજ્ય છે કે જ્યાં ખેડૂતોને અને ઉદ્યોગોને વીજળી પૂરતા પ્રમાણમાં મળી રહી છે. કોઇપણ ગ્રાહકોને એકપણ દિવસ વીજકટનો સામનો કરવો પડ્યો નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે, બીડ-૧ અને બીડ-૨ છે. બીડ-૨ માં જી.એમ.ડી.સી.એ કોલ આપવાનો હતો અને બીડ-૧ એવું છે કે જેમાં ઇમ્પોર્ટ બેઇઝ કોલ આધારિત પાવર સપ્લાય કરવાનો હતો. સુપ્રીમ કોર્ટે બીડ-૨નો કરાર રદ કર્યો. પણ જ્યારે આપણે સેટલમેન્ટ કર્યું ત્યારે બીડ-૧ અને બીડ-૨ બંનેને કમ્બાઇન કરી દીધું કે જે ઇમ્પોર્ટ બેઇઝ કોલ આધારિત હતો. આ બીડ-૧માં સુધારો કરવાની જરૂરત શા માટે પડી? બીજું, ટાટા, એસ્સાર અને અદાણી એમ ત્રણ કંપનીઓ સાથે એગ્રીમેન્ટ થયા. તો આના સુધારા પ્રમાણે બીજી જે બે કંપનીઓ છે એને કેટલા રેટ આપવામાં આવ્યા? એના આધારે એની સ્પષ્ટતા કરે એવી વિનંતી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઇએ તો અદાણી, ટાટા અને એસ્સાર જેવા જેટલા પણ પ્રાઇવેટ આયાતી કોલસાથી ચાલતા પ્લાન્ટો હતા એ પ્લાન્ટો બંધ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૧ જાન્યુઆરી કોલસાના ભાવ ૭૫.૮૪ ડોલર હતો અને જયારે આ ભાવો વધવા લાગ્યા, લગભગ જૂન-૨૦૨૨માં ૩૨૩ ડોલર, ઓગસ્ટમાં ૩૧૯ ડોલર, સપ્ટેમ્બરમાં ૩૨૧ ડોલર, એ સમયનો જ ટૂંકાગાળાનો એકાદ વર્ષ જેટલો આ પ્રશ્ન છે. એના લીધે, આ ત્રણે કંપનીઓએ પોતાના પ્લાન્ટ બંધ કરી દીધા ત્યારે કેન્દ્ર સરકારે સેકશન-૧૧ લાગુ પાડી અને સેકશન-૧૧ હેઠળ પણ જેટલા ભાવે એ લોકો ખરીદે એટલા ભાવે એમને આપણે પૈસા ચૂકવવાનું પ્રોવિઝનલ પેમેન્ટ તરીકે નક્કી કર્યું છે. અદાણીનું આ પેમેન્ટ ફાઇનલ નથી. હજી પણ એમાં વધ-ઘટનો સુધારો આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી વિગતવાર જવાબ આપે છે, પણ જો એમની જગ્યાએ માનનીય નીતિનભાઇ હોત તો હજી મને યાદ આવે છે કે, શું વાત કરો તમે? આમ તો મારે અહીંથી કોમેન્ટ ન કરાય. પરંતુ આજે કહેવું છે કે, તેઓશ્રી બે બાબતો કહેતા. એક તો એ વાત કરતા કે, ૧૦ વર્ષમાં ત્રણ ગણી વીજળી વપરાતી થઇ ગઇ એટલે ગુજરાત સમૃદ્ધ થયું છે. બીજી વાત એ કરતાં કે ગુજરાતના ખેડૂતોને ૧૦ વર્ષે જે કનેક્શન મળતાં હતા તે હવે છ મહિને મળતા થઇ ગયા અને ચાર મહિને મળતા થઇ ગયા. આમ કરીને વિષય પૂરો કરી દેતા. માનનીય મંત્રીશ્રી આ તો માત્ર કોમેન્ટ કરી છે પણ આપે કોઇ જવાબ આપવાનો હોય અને અધૂરો હોય તો વાત કરી શકો છો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી અર્જુનભાઇ અને બધા મિત્રોને એટલું જ પૂછવા માગું છું કે, તમારી પાસે ખેડૂતોની કોઇ ફરિયાદ આવે છે? જો ન આવતી હોય તો પછી આપણે આમાં આગળ ચાલીએ.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપણે આ પ્રશ્નમાં લગભગ ૧૪ મિનિટ જેટલો સમય આપ્યો છે. આ પ્રશ્ન લગભગ ત્રણ પ્રશ્નોની ચર્ચા થાય એટલો સમય ચાલ્યો છે. એટલે હવે આપણે નવો પ્રશ્ન લઇએ. એક પ્રશ્નમાં ૧૫ મિનિટ ન હોય. આ અગત્યનો પ્રશ્ન હતો એટલે આપણે ૫ મિનિટની જગ્યાએ ૧૪ મિનિટ જેટલો સમય આપ્યો છે. માનનીય શૈલેષભાઇ, આ પ્રશ્નમાં હજી પણ આપ છેલ્લે વાત કરી લો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, રાજ્ય સરકારના ટોટલ વીજ પેદા કરતા પરંપરાગત ૧૬ યુનિટ છે, જેની ૮૫૬૬ની ક્ષમતા છે. બિન પરંપરાગત ૬ યુનિટો છે, જેની ૮૭૧ મેગાવોટની ક્ષમતા છે. પવન ઊર્જાથી ચાલતા ૮ યુનિટ છે, જેની ૪૩૫ મેગાવોટની ક્ષમતા છે. આમ, ટોટલ ૯૮૭૨ મેગાવોટની રાજ્ય સરકારની પોતાની ક્ષમતા છે. એના આધારે જે મિલિયન યુનિટ વીજળી પેદા થાય છે એ ૨૭૬૯૧ મિલિયન યુનિટ જ થાય છે. મેગાવોટમાં વધારો થાય છે અને મિલિયન યુનિટમાં ઘટાડો થાય છે. ઓવરઓલ જોવા જઇએ તો રાજ્ય સરકારની પરિસ્થિતિને આધીન ઘરવપરાશ માટે ૧૬૯૧૯ મિલિયન યુનિટનો જ વપરાશ થાય છે અને ખેતી માટે ૨૦૧૯૬ મિલિયન યુનિટનો સમાવેશ થાય છે. આટલો જ ઘર વપરાશ અને ખેતીમાં થાય છે. બાકીનો બધો વપરાશ થાય છે એ ઉદ્યોગો માટે થતો હશે. મારો માનનીય મંત્રીશ્રીને એટલો જ પ્રશ્ન એ છે કે, રાજ્ય સરકારની પોતાની ૯૮૭૨ મેગાવોટની કેપિસિટી હોવા છતાં પણ રાજ્ય સરકારના આ યુનિટોમાં કેમ વધારે વીજળી પેદા થતી નથી? એનું કારણ આપે. મારી પાસે સરકારી જે આંકડા છે તે મુજબ વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૨૨ સુધી રાજ્ય સરકારે ઉદ્યોગો માટે ૧ લાખ કરોડ કરતાં પણ વધારે મિલિયન યુનિટ વીજળીની ખરીદી કરી છે. તો આપણી પાસે મેગાવોટ વધારે હોવા છતાં આ યુનિટોમાં કેમ વધારે વીજળી પેદા કરી શકતા નથી? વીજળી પેદા ન થવાના કારણે આપણે બહારના પ્રાઇવેટ યુનિટો પાસેથી વીજળી ખરીદવી પડે છે. તો સરકારની એવી કંઇ મજબૂરી છે કે આપણે મેગાવોટોમાં વીજળી પેદા કરી શકતા નથી.

તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કેન્દ્રની કોંગ્રેસ સરકારે મેરિટ ઓર્ડર બહાર પાડેલો અને એ મેરિટ ઓર્ડરમાં જે યુનિટો આવતા હોય એમની પાસેથી જ વીજ ખરીદ કરવામાં આવે. આપણા બધા યુનિટો જૂના થયા હોવાથી એની એફિશિયન્સી એટલી ઓછી હોઇ શકે કે જે બીજાની કમ્પેરિશનમાં ન આવી શકે. એટલા માટે બીજેથી વીજળી ખરીદ કરવામાં આવે છે.

**નર્મદાના નાંદોદ અને ગરૂડેશ્વર તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

15/4/331* **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં નાંદોદ અને ગરૂડેશ્વર તાલુકાની હયાત જૂથ પાણી પુરવઠા યોજનાના સુધારણાના કામો હાથ ધરવા માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ, | (૧) | હા જી, |
| (૨) | સદર યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) | સદર યોજનાઓમાં નાંદોદ તાલુકાના ૦૭ ગામો તથા ગરૂડેશ્વર તાલુકાના ૪૬ ગામોનો સમાવેશ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાના કામ કયા તબક્કે છે ? | (૩) | ઉક્ત યોજનાઓ પૈકી એક યોજનાની કામગીરી માહે ૭/૨૦૨૩ થી પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે અને બાકી રહેતી બે યોજનાઓના કામો પ્રગતિમાં છે. જે ક્રમશ: માહે જૂન-૨૦૨૪ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. |

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય મંત્રીશ્રીએ આપેલ જવાબથી મને સંપૂર્ણ સંતોષ છે. મારો પેટા પ્રશ્ન એ છે કે તા. ૩૧-૧૨-૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના નાંદોદ અને ગરુડેશ્વર તાલુકાની હયાત પાણી પુરવઠા યોજના અંતર્ગત કઇ કઇ યોજનાઓ એના સુધારણાના કામ માટે અમલમાં કરવામાં આવી છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય સભ્યશ્રીએ જે રીતે સંતોષ વ્યકત કર્યો. દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જે રીતે જલજીવન મિશન અંતર્ગત હર ઘર નલ એ યોજના અંતર્ગત છેવાડાના ગામડા સુધી શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે એ રીતે રાજય સરકાર, આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કામ કરી રહી છે. નર્મદા જિલ્લાના ૫ તાલુકા. એમાં ૨ તાલુકાના પીવાના પાણીની જે સભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી છે, ત્યારે હું એટલા માટે એમને થોડી વિગતો આપું. તા. ૩૧-૧૨-૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જે હયાત યોજનાઓ હતી એની સુધારણાના કામ કરવા જઇ રહ્યાં છીએ. એમાં એક નાંદોદ તાલુકામાં જીતનગર સુંદરપુરા જૂથ પાણી પુરવઠા યોજનામાં ૭ ગામોનો સમાવેશ થાય છે. બે. કરજણ જમણા કાંઠા જૂથ પાણી પુરવઠા યોજના એમાં ૨૪ ગામનો સમાવેશ થાય છે. ત્રણ. કરજણ ડાબા કાંઠા જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૧. એમાં ૫૭ ગામ. કરજણ ડાબા કાંઠા જૂથ પાણી પુરવઠા યોજના ભાગ ૨. એમાં ૨૧ ગામ. આમ નાંદોદ તાલુકાના કુલ ૧૧૦ ગામ છે એમાંથી ૧૦૯ ગામ જૂથ પાણી પુરવઠા યોજના સાથે જોડાયેલા છે. એમાંના ૧૦૭ ગામમાં જૂથ પાણી પુરવઠા યોજનાનું પાણી અપાય છે. ૨ ગામ એવા છે કે જે સ્વૈચ્છિક રીતે પાણી લેતા નથી. ૧ ગામ એવું છે કે ડૂંગરાળ વિસ્તાર છે, એટલે ત્યાં આપણે પૂરતું પાણી આપી શકતા નથી. એટલે આ રીતે નાંદોદ તાલુકાના જૂથ પાણી પુરવઠા યોજનાના સુધારણાના કામ ચાલી રહ્યાં છે. એ જ રીતે ગરુડેશ્વર તાલુકામાં કુલ ૯૨ ગામ છે. એમાં ૩૧-૧૨-૨૩ની સ્થિતિએ એક જૂથ યોજનાનું જે સુધારણાનું કામ ચાલી રહ્યું છે, એમાં જીતનગર સુંદરપુરા જૂથ પાણી પુરવઠા યોજના. એમાં ૨૨ ગામનો સમાવેશ. નર્મદા નો સોર્સ જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૧. એમાં ૧૨ ગામ. નર્મદા નો સોર્સ જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૨. એમાં ૧૨ ગામ. કોઠી જૂથ પાણી પુરવઠા યોજના. ૩૩ ગામ. કોઠી કરજણ જમણા કાંઠા જૂથ પાણી પુરવઠા યોજના. એમાં ૭ ગામ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આમાં કુલ ૮૬ ગામોનો આ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ છે. ગરુડેશ્વર તાલુકાના ૯૨ ગામમાંથી ૧ ગામ સ્થાનિક સોર્સથી પાણી મેળવે છે અને ૮૬ ગામમાં પાણી અત્યારે મળી રહ્યું છે. ૬ ગામ એવા

છે કે આમાં સામેલ થઇ શક્યા નથી. એને જોડવાનું આ નવી યોજનામાં સમાવેશ થયો છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં કુલ ગરુડેશ્વર અને નાંદોદ તાલુકો. એમાં એક યોજના એવી છે કે...

અધ્યક્ષશ્રી : કેટલા પાના થાય એવું છે? તો પછી ટેબલ પર મૂકજો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : ૩ યોજના.

અધ્યક્ષશ્રી : ૩ યોજના છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : હા, સાહેબ. ગરુડેશ્વર અને નાંદોદ. આ બે તાલુકાની એક યોજના પૂર્ણ થઇ છે. સન ૨૦૨૩ના ૭માં મહિનામાં પૂર્ણ થઇ છે. બાકીની ગરુડેશ્વર તાલુકાની ૨ યોજના ચાલુ છે. ૧૨ ગામની અને બીજી ૧૨ ગામની. એ અમે મે-૨૦૨૪માં આ બન્ને કામ પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. કુલ ૪ સુધારણાની યોજનાનું કામ ચાલુ છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના નાંદોદ અને ગરુડેશ્વર તાલુકાની અમલીકરણ હેઠળની હયાત જૂથ પાણી પુરવઠા યોજનાની સુધારણાના કામો માટેની જૂથ યોજનાની વહીવટી મંજૂરી કયારે આપવામાં આવી છે અને તેની અંદાજિત રકમ કેટલી છે તે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય સભ્યશ્રીએ જે જૂથ યોજનાઓ છે, એની વહીવટી મંજૂરી કયારે આપવામાં આવી અને તેની અંદાજિત રકમ કેટલી તેની માહિતી માગી છે. જીતનગર જૂથ પાણી પુરવઠા યોજના જે ગરુડેશ્વર અને નાંદોદ બન્ને તાલુકાનો એમાં સમાવેશ થાય છે, એની વહીવટી મંજૂરી તા. ૨-૮-૨૧ના રોજ કુલ રૂ.૨૫.૨૪ કરોડના ખર્ચે અપાઇ. બીજી નર્મદા નો સોર્સ જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૧ છે તેની તા. ૨-૮-૨૧માં અપાઇ છે અને એનો કુલ ખર્ચ ૪૨.૭૭ કરોડ રૂપિયા અને ત્રીજી યોજના નર્મદા નો સોર્સ સુધારણા પાણી પુરવઠા ભાગ-૨ એ ગરૂડેશ્વર તાલુકાની છે, અને એની વહીવટી મંજૂરી અપાણી તા. ૯-૮-૨૦૨૧ ના રોજ, એનો અંદાજીત ખર્ચ ૩.૩ કરોડ રૂપિયા છે. આ બધાના એલ.ઓ.ઇ. સન ૨૦૨૧માં અપાઇ ગઇ છે અને પહેલી યોજના છે એ પૂર્ણ થવા આવી છે, બાકીની બે યોજનાઓ જે નર્મદા નો સોર્સ વાળી ભાગ-૧ અને ૨ યોજના છે એ ૯૦થી ૯૫ ટકા પ્રગતિમાં છે એ ટૂંક સમયમાં પૂર્ણ થશે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નર્મદા જિલ્લાના દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં હાલમાં હયાત જૂથ પાણી પુરવઠા યોજના કેટલી છે અને પ્રગતિમાં કેટલી છે અને આવનાર દિવસોમાં કોઇ નવી પાણી પુરવઠા યોજનાનું આયોજન છે કે કેમ? અને એમાં કેટલા ગામોનો સમાવેશ થાય છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ જે એમના દેડીયાપાડા સાગબારા જૂથ પાણી પુરવઠાની એમના વિસ્તારની ચિંતા કરી છે તો પાંચ તાલુકા પૈકીના બે તાલુકા એમાં જે નાંદોદ અને ગરૂડેશ્વર બાકીના ૩ દેડીયાપાડામાં જે વાત કરે છે ત્યારે એની જરવાણી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આ યોજનાઓનો સમાવેશ થયો છે. હાલ આ યોજનાનું એલ.ઓ.ઇ. અપાઇ ગયું છે અને આ યોજનામાં લગભગ મોટા ભાગના ખર્ચમાં દેડીયાપાડામાં લાભાર્થી ગામો ૫૪ જેટલા છે અને એની સાથે સાગબારાના બન્ને મળીને ૫૪ અને જરવાણી જૂથ પાણી પુરવઠા યોજના તો આ યોજના હેઠળ આનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કામોનું કાર્ય લગભગ સન ૨૦૨૪ સુધીમાં આ કામો પૂર્ણ કરવાનું અમારું આયોજન છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગતો હતો પણ જવાબ આવી ગયો છે.

અધ્યક્ષશ્રી : વાહ..પ્રશ્ન ક્રમાંકઃ ૪ને એ આવી ગયો છે એટલે આપણે મૂવ નથી કરતા.

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો.**

50/4/15 ***શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ: ( માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અદાણી પાવર લિ .સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧ માં રૂ .૨.૮૯ અને બીડ-૨ માં રૂ . ૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા જી. |
| (૨) | જો હા, તો ઉક્ત કરારો બાદ તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ | (૨) અને (૩) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર લી. સાથેના ઉપરોક્ત કરાર અન્વયે માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના દરની વિગત નીચે મુજબ છે. |

વીજળી ખરીદવામાં આવી,

અને

(૩) ઉક્ત કરાર બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉક્ત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે?

| ૨૦૨૨ | | | |
|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૮૦ | ૬૦ | ૫.૫૭ |
| ફેબ્રુઆરી | ૨૯૧ | ૨૮ | ૫.૩૮ |
| માર્ચ | ૧૦૪૨ | ૧૦૫ | ૫.૯૨ |
| એપ્રિલ | ૧૪૬૭ | ૧૧૮ | ૬.૨૯ |
| મે | ૭૩૧ | ૧૨૦ | ૭.૦૧ |
| જૂન | ૬૩૩ | ૧૧૭ | ૭.૭૫ |
| જુલાઈ | ૧૭ | ૧૧૨ | ૫.૪૬ |
| ઓગસ્ટ | ૧૫૦ | ૧૧૦ | ૮.૭૬ |
| સપ્ટેમ્બર | ૬૯૭ | ૧૧૭ | ૮.૮૫ |
| ઓક્ટોબર | ૩૨૩ | ૧૨૨ | ૮.૫૪ |
| નવેમ્બર | ૫૬ | ૧૧૭ | ૮.૫૩ |
| ડિસેમ્બર | ૧૨૦ | ૧૨૧ | ૮.૧૬ |
| ૨૦૨૩ )પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૭૫ | ૧૧૧ | ૮.૯૯ |
| ફેબ્રુઆરી | ૪૧૧ | ૧૦૦ | ૯.૦૩ |
| માર્ચ | ૨૦૬ | ૧૪૧ | ૮.૦૪ |
| એપ્રિલ | ૩૬૫ | ૧૧૭ | ૪.૩૮ |
| મે | ૧૦૪ | ૧૨૧ | ૩.૯૯ |
| ઓગસ્ટ | ૬૫૦ | ૧૧૧ | ૩.૨૪ |
| સપ્ટેમ્બર | ૧૨૧૪ | ૧૧૭ | ૩.૯૧ |
| ઓક્ટોબર | ૧૪૯૪ | ૧૨૧ | ૩.૯૮ |
| નવેમ્બર | ૧૨૦૭ | ૧૧૭ | ૩.૮૧ |
| ડિસેમ્બર | ૧૨૯૯ | ૧૧૧ | ૩.૮૯ |

જી.ઈ.આર.સી .દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ મેરીટ ઓર્ડર પદ્ધતિ મુજબ ઉક્ત વીજ મથક, વર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈ માસ દરમ્યાન મેરીટ ઓર્ડરમાં ન આવવાના કારણે જી.યુ.વી.એન.એલ .દ્વારા વીજ ખરીદ કરેલ નથી અને વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ વીજ ખરીદ કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચુકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવેલ છે.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટના મુદાઓના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલ હાઈ પાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા તા.૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ અને તે મુજબ તા.૦૫.૧૨.૨૦૧૮ના રોજ અદાણી પાવર લિ .સાથે બંને વીજ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરવામાં આવેલ .ત્યારબાદ, બદલાયેલ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદર્શક રીતે પાસ થ્રુ) pass-through) થઇ શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ થકી સપ્લીમેન્ટરી કરારોમાં જરૂરી સુધારા મંજૂર કરવામાં આવેલ છે જે મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી .દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૨ના રોજ રીવાઈઝડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે .જે અંતગર્ત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, ઈન્ડોનેશિયન કોલસાનો ઈન્ડેક્સ) એચ.બી.એ (.જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ-૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ .આથી આ પછીના સમયગાળા દરમિયાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતગર્તના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઇમ્પોર્ટેડ કોલસા આધારિત

તારાંકિત પ્રશ્નો

વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ .

વધુમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ .આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ .

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસિટી એકટ-૨૦૦૩ના સેકશન-૧૧ અંતર્ગત ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે .તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો સેકશન-૧૧ અંતર્ગતનો આદેશ તા.૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત સ્થિતિમાં અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની) એનર્જી ચાર્જ (પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે .

મહી નદીની ઉદ્વહન સિંચાઇ યોજનાથી ખેડા અને મહીસાગર જિલ્લાના તળાવ ભરવા બાબત.

* 15/4/355 :શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મહી નદી આધારીત ઉદ્દ્વહન સિંચાઇ યોજનાથી ખેડા અને મહીસાગર જિલ્લાના કુલ કેટલા તથા તાલુકાવાર કેટલા તળાવો ભરવાનું આયોજન છે, | (૧) | મહી નદી આધારીત ઉદ્દ્વહન સિંચાઇ યોજનાથી ખેડા અને મહીસાગર જિલ્લાઓમાં તાલુકાવાર નીચે મુજબના તળાવો ભરવાનું આયોજન છે. |

| જિલ્લોનું નામ | તાલુકાનું નામ | તળાવોની સંખ્યા |
|---|---|---|
| ખેડા | કપડવંજ તાલુકો | ૬૧ |
| | કઠલાલ તાલુકો | ૨૦ |
| | ગલતેશ્વર તાલુકો | ૦૮ |
| | ઠાસરા તાલુકો | ૦૫ |
| મહીસાગર | બાલાશિનોર તાલુકો | ૪૦ |
| કુલ | | ૧૩૪ |

| | | | |
|---|---|---|---|
| (૨) | આ યોજનાથી કેટલા હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ થશે, | (૨) | ૮૧૦૦ હેક્ટર |
| (૩) | ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે તથા તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) | સદર યોજના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ મહી નદી આધારીત ઉદવહન સિંચાઇ યોજનાથી ખેડા અને મહીસાગર જિલ્લાના કુલ કેટલા તથા તાલુકાવાર કેટલા તળાવો ભરવાનું આયોજન છે અને આ યોજનાથી કેટલા હેકટર વિસ્તઆરમાં સિંચાઇનો લાભ થશે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લાની આ યોજનાની અંદર ૭૯૪ કરોડની વહીવટી મંજૂરી મળી છે, એની ટેન્ડરની પ્રક્રિયા પણ પૂરી થઇ ગઇ છે. રૂ.૭૩૦ કરોડની ટેન્ડરની પ્રક્રિયા પૂરી થઇ છે. પંમ્પિંગ સ્ટેશનની વાત કરીએ તો એક માત્ર પંમ્પિંગ સ્ટેશન મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં નમનાર ગામ ખાતે છે. પંપની વિગતો આપું તો છ નંગ પંમ્પ બેસાડયા અને ૧૮૦૦ કિલો મેગાવોટની ક્ષમતા ધરાવે છે. પંપનો હેડ જે આપ્યો છે એ ૭૫ મીટરનો છે. લગભગ ટેંકની ૪૦ લાખ અને ૬૬ હજાર લિટરની કેપેસિટી છે. પાઇપલાઇનની લંબાઇ ૨૬૮ કિલોમીટર છે એમાં સ્ટીલની

પાઇપલાઇન ૧૧૭ કિલોમીટર છે, ડી.આઇ. પાઇપલાઇન ૬૦ કિલોમીટર છે અને એચ.જી.પી. ૯૧ કિલોમીટર છે. આ યોજનાની દસ વર્ષ સુધીની મરામતની જવાબદારી કોન્ટ્રાકટરની જ છે. આ યોજનાનું અમારું આયોજન એને ત્રણ વર્ષની અંદર પૂર્ણ કરવાનું છે. એની અંદર માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ ચાર ગામની અંદર ૫ તળાવોનો લાભિત વિસ્તાર ૧૨૪ હેક્ટર એટલે કુલ ૮૨ મીલીયન ઘનફૂટની અંદર પાણીનો સંગ્રહ થશે. જે રીતે એમણે ઠાસરાની વાત કરી તો ઠાસરાની અંદર ત્યાંના માનનીય સભ્યશ્રીની રજૂઆત હતી અને આ યોજનાની અંદર ઠાસરા તાલુકાનો સમાવેશ થતો ન હતો તેમ છતાંપણ એમાં શકયતા કરીને ૪ ગામ અને ૫ તળાવ ભરવાનું આયોજન આ યોજનામાંથી કરવામાં આવેલ છે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહી નદી આધારીત ઉદ્વહન સિંચાઇ યોજનાથી ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ, ગળતેશ્વર તાલુકાના કેટલા ગામો અને તળાવો થકી કેટલા વિસ્તારને લાભ થનાર છે, આ માટે પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ થનાર છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહી નદી આધારીત ઉદવહન સિંચાઇ યોજનાની અંદર ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ ગળતેશ્વર ગામના લગભગ કપડવંજના ૫૪ ગામ, ૬૦ તળાવો અને લાભીત વિસ્તાર ૩૮૪૮ એમાં કુલ ૯૯૮ એકર મીલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે.કઠલાલમાં ૨૦ ગામોના ૨૦ તળાવોનો સમાવેશ થાય છે એનાથી ૧૫૦ હેકટરને લાભ થશે અને ૩૨૭ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે. ગલતેશ્વરમાં ૭ ગામોના ૮ તળાવોનો સમાવેશ થાય છે એનાથી ૨૮૦ હેકટરને લાભ થશે અને ૧૩૧ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે. આમ લગભગ ૮૧ ગામોની અંદર ૮૮ તળાવો અને ૫૭૭૮ હેકટરમાં ૧૪૫૬ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થશે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કડાણા સુજલામ સુફલામ કેનાલના કામો કમાન્ડ એરિયાના લુણાવાડા તાલુકાના ઉઘરાવિરણીયા ગામનું તળાવ કેનાલથી ૯૦૦ મિટર દૂર છે છતાં પણ આ તળાવ ભરવામાં આવતું નથી તો આ તળાવને ભરવા માગો છો કે કેમ? બીજું, ખાનપુર તાલુકાના ઉત્તર વિભાગમાં ૧૬ જેટલા તળાવો આવેલા છે એ ઉદવહન યોજના કે કોઇ પણ યોજનાથી જોડવામાં આવેલા નથી તો આ ૧૬ તળાવોમાં પાણી ભરવા માગો છો કે કેમ? અને આ માટે કોઇ યોજના મંજૂર કરવામાં આવી છે કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે. મને માહિતીથી અવગત કરાવશો તો જરૂરથી એને યોજનામાં લઇશું. અમે કોઇ પણ ગુજરાતના તળાવ ભરવાના બાકી રાખવા માગતા નથી. તમે માહિતી આપશો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ,

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગત સત્રમાં મેં આ જ પ્રશ્ન પૂછ્યો હતો છતાં આજ સુધી કોઇ કાર્યવાહી થયેલ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, માનનીય ધારાસભ્યશ્રીએ રજૂઆત કરી છે એ રજૂઆતને રજૂઆત સમજીને ચલાવો. એમની આજે અહીંયા મૌખિક રજૂઆત છે એ પ્રમાણે આગળની કાર્યવાહી કરશો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે મારી પાસે આવજો. આ સત્ર સમાપ્ત થાય એટલે તરત જ આગળ કાર્યવાહી કરીશ.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું, પ્રથમ તો પહેલા માનનીય સી.એમ. સાહેબ, માનનીય કુંવરજીભાઇ બાવળિયા સાહેબ અને માનનીય મુકેશભાઇ પટેલનો આભાર માનું છું કારણ કે મારા વિસ્તારની અંદર ૧૫૭ કરોડ અને ૧૬૧ કરોડ રૂ.ની મબલખ રકમથી માલપુર, મેઘરજ અને મોડાસાના તળાવો ભરવા માટેની યોજનાઓની મંજૂરી આપી એના ખાતમુહૂર્ત પણ થઇ ગયા. પરંતુ મારી વર્ષોથી સમસ્યા છે અને મેં અગાઉ પણ કીધેલું છે કે, બાયડ તાલુકાના પૂર્વ અને ઉત્તર પટ્ટામાં જ્યાં આમોદ્રા, ઇન્દ્રાણ અને દેરોલીમાં ૫૦ હજાર જેટલી મોટી વસ્તી ધરાવતા ગામડાં છે. આ ગામડાંમાં મહિ નદીની નજીકથી બાલાસિનોર, વિરપુર તાલુકાથી નજીક અને આ બાજુ કપડવંજ તાલુકાથી નજીક જ્યાં અત્યારે સુવિધા આપી છે. તો ગામોને પાણી ભરવા માટે, કારણ કે ક્વોરી ઉદ્યોગ છે અને પાણી ૬૦૦ ફૂટ નીચા છે એટલે સમસ્યા થાય છે. મેં વારંવાર રજૂઆત લેખિત પણ કરેલી છે તો આના માટે કોઇ યોજના કરીને આ ગામડાઓને લાભ આપવા માગીએ છીએ કે નહીં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની રજૂઆત છે. અમે સરવે કરીને આગળની કાર્યવાહી હાથ ધરીશું.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે
## તારાંકિત પ્રશ્નો

શ્રી માનસિંહ કો. ચૌહાણ : : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પહેલા તો મારો વિસ્તાર ખેડા જિલ્લાના મહિસાગર, બાયડના ધારાસભ્યશ્રીએ વાત કરી એ પ્રમાણે વર્ષોથી પાણીની સમસ્યા છે. કપડવંજનો પૂર્વ વિસ્તાર, ઠાસરાનો કેટલોક ભાગ અને બાલાસિનોર-વિરપુર એમાં ભૌગોલિક દૃષ્ટિએ મારો મતવિસ્તાર ૪ તાલુકામાં વહેંચાયેલો છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી, સિંચાઇ મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ પહેલા તો બજેટમાં રૂ.૧૨૦ કરોડ ફાળવ્યાં એ બદલ ખૂબ ખૂબ આભાર માનું છું. વર્ષોથી આ વિસ્તાર તરસ્યો હતો અને રામ રાજ્ય આવ્યું છે ત્યારે આપણી સરકારે અહીંયા મહી નદી આધારિત ઉદવહન યોજના દ્વારા મહિસાગર જિલ્લાના બાલાસિનોર, કપડવજ અને વિરપુર તાલુકાના કેટલા તળાવો ભરાનાર છે અને એમાં પાણીના કેટલા જથ્થાનો એમાં ઉપયોગ થનાર છે? તળાવ કેટલા ભરાયા છે અને જથ્થો હોય તો આપજો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ગામ ૪૦ છે અને તળાવની સંખ્યા પણ ૪૦ છે. લાભિત વિસ્તાર ૨,૪૯૮ હેકટર છે અને કુલ પાણીનો જથ્થો ૬૫૪ મિલિયન ઘનફૂટ સંગ્રહ થશે.

સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોની સુધારણા

*15/4/325 શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા મહુવા)એસ.ટી :((.માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોના, નહેર સુધારણાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે, | (૧) | છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં કાકરાપાર જળાશય યોજનાની નહેરોના, નહેર સુધારણાના કુલ રકમ રૂ.૫૨૪૩.૦૧ લાખના કામો મંજૂર કરવામાં આવ્યા છે. |
| (૨) | આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) | જૂન-૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) | આ કામો થવાથી કેટલા વિસ્તારને સિંચાઇમાં ફાયદો થશે? | (૩) | ૧૬૦૯૬ હેક્ટર વિસ્તારને સિંચાઇમાં ફાયદો થશે. |

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મૃદુ અને મકકમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી કુંવરજીભાઇ બાવળીયા તેમજ માનનીય મંત્રીશ્રી મુકેશભાઇને મારા કાર્ય વિસ્તારમાં રૂ.૫૨૪૩ લાખના કામો મંજૂર કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે કાકરાપાર યોજનાની કાકરાપાર ડાબા અને જમણા કાંઠા નહેરની મુખ્ય નહેરની કુલ લંબાઇ અને વહન શક્તિ કેટલી છે? અને આ મુખ્ય નહેરથી કયા જિલ્લાના કયા તાલુકાના કેટલા ગામોના કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે? અને ડાબા જમણા કાંઠા નહેરની બાજુના કમાન્ડ વિસ્તાર સિવાયના ખેડૂતોને ઉદવહન કરી સિંચાઇની સુવિધા આપવા માગો છો કે કેમ? આપવા માગતા હોય તો કેટલા સમયમાં?

અધ્યક્ષશ્રી : આ ગામના નામ છે એ તમને લખીને આપી દે તો ચાલશે?

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : હા.

અધ્યક્ષશ્રી : ગામનાં નામ પૂરતું એમને આપી દેજો. બાકીનું બોલો.

શ્રી મુકેશકુમાર ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાકરાપાર ડાબા કાંઠા મુખ્ય નહેરની લંબાઇ લગભગ ૪૦૦ કિલોમીટર છે. એની વહન શક્તિ ૩૮૫૦ કયુસેક છે. કાકરાપાર જમણા કાંઠા મુખ્ય નહેરની લંબાઇ ૪૦૦ કિલોમીટર છે અને વહન શક્તિ ૩૫૦૦ કયુસેક છે. શ્રી મોહનભાઇએ કહ્યું છે કે ગામના નામ, તો તાલુકાના નામ ઉપલબ્ધ છે તો આપી દઉં. સુરત જિલ્લાની અંદર ૮૪ તાલુકાના ૯૦ ગામ, કામરેજ તાલુકાના ૭૩ ગામ, પલસાણાના ૪૮ ગામ, બારડોલીના ૧૦૨ ગામ, મહુવાના ૭૩ ગામ, માંડવીના ૩૩ ગામ, નવસારી જિલ્લાની વાત કરું તો નવસારીમાં ૫૨ ગામ, ગણદેવીના ૫૬ ગામ, જલાલપોરના ૪૨ ગામ, ચીખલીના ૭૯ ગામ, વલસાડના ૭૩ ગામ અને સુરતની વાત કરું ઓલપાડના ૧૧૦ ગામ, ચોર્યાસીના ૨૬ ગામ, માંગરોળમાં ૪૨ ગામ, માંડવીના ૨૩ ગામ, કામરેજના ૧૨ ગામ, ભરૂચની અંદર અંકલેશ્વરના ૪૫ ગામ, હાંસોટના ૪૯ ગામ અને ઝઘડીયાના ૬ ગામ એમ ૧૩૪ ગામોની અંદર ૩૧૩ જમણા કાંઠાના અને ડાબા કાંઠાના ૭૨૧ ગામ એમ ૧૦૩૪ ગામોને લાભ મળે છે. અને કુલ હેકટરની વાત કરું તો ૨,૬૫,૨૫૯ હેકટર જમણા કાંઠાના અને ડાબા કાંઠામાં પાણી મળે છે. અત્યારે જે શ્રી મોહનભાઇના વિસ્તારની અંદર ત્યાં જઇને ખાતમૂહૂર્ત કર્યા છે. ત્યાં ૩૫ દિવસ કેનાલ બંધ રહી

હતી અને શ્રી મોહનભાઇએ જે કામ માંગ્યા છે એ બધા જ કામો અમે કરીને આપ્યા છે. હજુપણ કંઇ બાકી હશે તો અમે કરી આપીશું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જમણા કાંઠાની બાજુમાં ખેડૂતો આવેલા છે એ ખેડૂતો કમાન્ડ વિસ્તાર સિવાયના છે એમને ઉદવહન સિંચાઇની સુવિધા આપીને પાણી આપવું પડે તેમ છે એ આપવા માગો છો કે કેમ? અને કેટલા હેકટરમાં?

અધ્યક્ષશ્રી : તમારા માટે તો એમ કહ્યું કે તમે જે માંગશો એ બધું, એટલે આજે ખાતરી સમિતિ થઇ ગઇ. હવે તમે જોઇ જોઇને આપજો.

શ્રી મુકેશકુમાર ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મોહનભાઇ અમને વિસ્તૃત માહિતી આપશે તો એમને જિલ્લા પંચાયતની યોજનામાંથી આપણે ઉદવહન સિંચાઇ યોજના લઇએ છીએ અને શ્રી મોહનભાઇ, તમારું સૂચન આવકાર્ય છે.

વધુમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ. આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ.

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસિટી એકટ-૨૦૦૩ના સેકશન-૧૧ અંતર્ગત ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે. તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેકટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો સેકશન-૧૧ અંતર્ગતનો આદેશ તા.૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત સ્થિતિમાં અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની )એનર્જી ચાર્જ( પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો**

15/4/46 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** )કાંકરેજ :(**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧માં રૂ.૨.૮૯ અને બીડ-૨ માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે, | )૧) હા, જી. |

)૨( જો હા, તો ઉક્ત કરારો બાદ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

)૩( ઉક્ત કરાર બાદ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉક્ત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે?

)૨( અને )૩( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર લી. સાથેના ઉપરોક્ત કરાર અન્વયે માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના દરની વિગત નીચે મુજબ છે:

| ૨૦૨૨ | | | |
|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૮૦ | ૬૦ | ૫.૫૭ |
| ફેબ્રુઆરી | ૨૯૧ | ૨૮ | ૫.૩૮ |
| માર્ચ | ૧૦૪૨ | ૧૦૫ | ૫.૯૨ |
| એપ્રિલ | ૧૪૬૭ | ૧૧૮ | ૬.૨૯ |
| મે | ૭૩૧ | ૧૨૦ | ૭.૦૧ |
| જૂન | ૬૩૩ | ૧૧૭ | ૭.૭૫ |
| જુલાઈ | ૧૭ | ૧૧૨ | ૫.૪૬ |
| ઓગસ્ટ | ૧૫૦ | ૧૧૦ | ૮.૭૬ |
| સપ્ટેમ્બર | ૬૯૭ | ૧૧૭ | ૮.૮૫ |
| ઓક્ટોબર | ૩૨૩ | ૧૨૨ | ૮.૫૪ |
| નવેમ્બર | ૫૬ | ૧૧૭ | ૮.૫૩ |
| ડિસેમ્બર | ૧૨૦ | ૧૨૧ | ૮.૧૬ |
| ૨૦૨૩ )પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) |
| જાન્યુઆરી | ૪૭૫ | ૧૧૧ | ૮.૯૯ |
| ફેબ્રુઆરી | ૪૧૧ | ૧૦૦ | ૯.૦૩ |
| માર્ચ | ૨૦૬ | ૧૪૧ | ૮.૦૪ |
| એપ્રિલ | ૩૬૫ | ૧૧૭ | ૪.૩૮ |
| મે | ૧૦૪ | ૧૨૧ | ૩.૯૯ |
| ઓગસ્ટ | ૬૫૦ | ૧૧૧ | ૩.૨૪ |
| સપ્ટેમ્બર | ૧૨૧૪ | ૧૧૭ | ૩.૯૧ |
| ઓક્ટોબર | ૧૪૯૪ | ૧૨૧ | ૩.૯૮ |
| નવેમ્બર | ૧૨૦૭ | ૧૧૭ | ૩.૮૧ |
| ડિસેમ્બર | ૧૨૯૯ | ૧૧૧ | ૩.૮૯ |

જી.ઈ.આર.સી. દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ મેરીટ ઓર્ડર પદ્ધતિ મુજબ ઉક્ત વીજ મથક, વર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈ માસ દરમ્યાન મેરીટ ઓર્ડરમાં ન આવવાના કારણે જી.યુ.વી.એન.એલ. દ્વારા વીજ ખરીદ કરેલ નથી અને વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ વીજ ખરીદ કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચુકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવેલ છે.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટના મુદાઓના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલ હાઈ પાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા તા.૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ અને તે મુજબ તા.૦૫.૧૨.૨૦૧૮ના રોજ અદાણી પાવર લિ .સાથે બંને વીજ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ, બદલાયેલ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદર્શક રીતે પાસ થ્રુ ) pass-

through) થઇ શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ થકી સપ્લીમેન્ટરી કરારોમાં જરૂરી સુધારા મંજૂર કરવામાં આવેલ છે જે મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૨ના રોજ રીવાઈઝ્ડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે. જે અંતગર્ત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, ઈન્ડોનેશિયન કોલસાનો ઇન્ડેક્સ (એચ.બી.એ.) જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ-૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ. આથી આ પછીના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતગર્તના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ.

વધુમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ. આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ.

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસિટી એક્ટ-૨૦૦૩ના સેક્શન-૧૧ અંતર્ગત ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે. તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ઇમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો સેક્શન-૧૧ અંતર્ગતનો આદેશ તા.૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત સ્થિતિમાં અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની )એનર્જી ચાર્જ( પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

**રાજ્યમાં ૧૦૦ વર્ષથી જુના ડેમ**

15/4/67 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર)** :**માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ૧૦૦ વર્ષથી વધુ જુના પુરાણા ડેમો ક્યા છે, | )૧) | ૨૯ ડેમો છે. (પત્રક સામેલ છે.) |
| )૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ડેમોની ડેમ સેફ્ટી એક્ટ હેઠળ ચકાસણી કરવામાં આવી, અને | )૨) | તમામ ૨૯ ડેમોની ચકાસણી કરવામાં આવેલ છે. |
| )૩) | ઉક્ત ચકાસણી દરમિયાન ક્યા ડેમો જળસંગ્રહ માટે સક્ષમ છે અને ક્યા ડેમોની સમારકામની જરૂરીયાત હોવાનું સામે આવ્યું ? | )૩) | તમામ ૨૯ ડેમો જળસંગ્રહ માટે સક્ષમ છે તથા બંધ સલામતી સંદર્ભે જરૂરીયાત મુજબ સમારકામ કરવામાં આવે છે. |

તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| પત્રક | | | |
|---|---|---|---|
| ગુજરાતનાં ૧૦૦ વર્ષથી જુના ડેમ | | | |
| **અનુ.** | **ડેમનું નામ** | **વર્ષ** | **જિલ્લો** |
| ૧ | ભાડકા | ૧૮૬૮ | દાહોદ |
| ૨ | પાનેલીયા | ૧૮૮૨ | રાજકોટ |
| ૩ | રેવાનીયા | ૧૮૮૨ | રાજકોટ |
| ૪ | આજવા | ૧૮૯૨ | વડોદરા |
| ૫ | ડોસાવાડા | ૧૯૧૨ | તાપી |
| ૬ | વેરી | ૧૯૦૦ | રાજકોટ |
| ૭ | ધામેલ | ૧૯૧૪ | અમરેલી |
| ૮ | રામધરી | ૧૯૧૪ | ભાવનગર |
| ૯ | પીછાવી | ૧૯૧૬ | ગીર સોમનાથ |
| ૧૦ | વડાતલાવ | ૧૯૧૬ | પંચમહાલ |
| ૧૧ | આધિયા | ૧૯૦૨ | રાજકોટ |
| ૧૨ | અલંગસાગર | ૧૯૦૧ | રાજકોટ |
| ૧૩ | હંસથલ | ૧૯૦૨ | દેવભૂમી દ્વારકા |
| ૧૪ | મોલડી | ૧૯૦૨ | સુરેન્દ્રનગર |
| ૧૫ | રાજવડલા | ૧૯૦૨ | રાજકોટ |
| ૧૬ | મોટા આંકડીયા | ૧૯૦૩ | અમરેલી |
| ૧૭ | ચીમનાબાઈ તળાવ | ૧૯૦૬ | મહેસાણા |
| ૧૮ | પાનેલી | ૧૯૦૬ | રાજકોટ |
| ૧૯ | આનંદપર | ૧૯૦૭ | રાજકોટ |
| ૨૦ | કુવાડવા | ૧૯૦૮ | રાજકોટ |
| ૨૧ | ધનોરા | ૧૯૧૧ | વડોદરા |
| ૨૨ | મોટા બંધારીયા | ૧૯૧૧ | અમરેલી |
| ૨૩ | ખંભાળા | ૧૯૦૧ | પોરબંદર |
| ૨૪ | વીજરખી | ૧૯૦૧ | જામનગર |
| ૨૫ | સાવલી | ૧૯૧૦ | ખેડા |
| ૨૬ | મુવાલીયા | ૧૯૧૧ | દાહોદ |
| ૨૭ | લિમલા | ૧૯૧૨ | સાબરકાંઠા |
| ૨૮ | વાંગરોલી | ૧૯૧૨ | ખેડા |
| ૨૯ | ફકીરવાડી | ૧૯૧૩ | કચ્છ |

**જળસંપત્તિ પ્રભાગ માટે બજેટમાં જોગવાઈ બાબત**

15/04/66 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** ) જામજોધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| **(૧)** | જળસંપત્તિ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ**,** | ૧) |

રૂ. કરોડમાં

| નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૪૯૩.૬૧ |
| ૨૦૨૨-૨૩ | ૫૩૩૯.૦૨ |

**(૨)** જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી**,** અને

૨)

રૂ. કરોડમાં

| નાણાકીય વર્ષ | બજેટ જોગવાઇ | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૪૯૩.૬૧ | ૪૦૪૦.૧૫ |
| ૨૦૨૨-૨૩ | ૫૩૩૯.૦૨ | ૫૨૩૪.૫૦ |

**(૩)** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી **?**

૩)

રૂ. કરોડમાં

| નાણાકીય વર્ષ | ફાળવેલ રકમ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૦૪૦.૧૫ | ૪૦૩૮.૧૫ | ૨.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૨૩૪.૫૦ | ૫૨૩૨.૨૧ | ૨.૨૯ |

| વર્ષ | | વણવપરાયેલ રકમના કારણો |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧) | વહીવટી મંજૂરી અને સૈદ્ધાંતિક મંજૂરી મળવામાં વિલંબ થવાના કારણે કામગીરી સમયસર હાથ ધરી ન હોવાના કારણે. |
| | ૨) | ટેકનીકલ ડિઝાઈનની મંજૂરી મળવામાં વિલંબ થવાના કારણે અંદાજ ફાઈનલ ના થવાથી કામગીરી સમયસર હાથ ધરાયેલ નથી. |
| | ૩) | ટેન્ડર પ્રક્રિયામાં ઓછા દરને કારણે કોન્ટ્રાક્ટરે કામગીરી સમયસર શરૂ ન કરવાના કારણોસર. |
| ૨૦૨૨-૨૩ | ૧) | વહીવટી મંજૂરી અને સૈદ્ધાંતિક મંજૂરી મળવામાં વિલંબ થવાના કારણે કામગીરી સમયસર હાથ ધરી ન હોવાના કારણે. |
| | ૨) | બાંધકામ સામગ્રીના ભાવ વધારાને કારણે કોન્ટ્રાક્ટરે સમયસર કામગીરી શરૂ ન કરવાના કારણોથી. |
| | ૩) | ખરીફ અને રવિ સિઝનમાં પાણીનો પ્રવાહ સતત ચાલુ રહેવાથી કેનાલની મરામત માટેના આયોજિત કામ નવા SOR મુજબ પૂર્ણ થઈ શક્યા નથી. |

## ફિક્સ પગારના કર્મચારીઓની અરજી બાબત

**15/4/57 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (**ખેડબ્રહ્મા**): માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:**-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| **(૧)** તાની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ૨૦૨૩/૧૨/૩૧. -રાજ્યના વર્ગ૩ ફિક્સ પગારના કર્મચારીઓના પગાર વધારો કરવા માટે નાણા વિભાગને કેટલી અરજીઓ મળી, | **(૧)** | અંદાજીત ૧૮૫૬ અરજીઓ |

(૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ યુનિયનો દ્વારા અને કેટલી વ્યક્તિગત છે, અને

(૨)

| વર્ષ | તાથી ૨૦૨૨/૧/૧. .તા૩૧૨૦૨૨/૧૨/ | તાથી ૨૦૨૩/૧/૧. .તા૩૧૨૦૨૩/૧૨/ |
|---|---|---|
| યુનિયન દ્વારા મળેલ અરજીઓ | ૧૭ | ૩૮ |
| વ્યક્તિગત મળેલ અરજીઓ | ૮૮૦ | ૯૨૧ |

(3) મળેલ અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(3) વિભાગના તા.ના ઠરાવથી તા૨૦૨૩/૧૦/૧૮.૦૧ની અસરથી૨૦૨૩/૧૦/ ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા વધારો કરવામાં આવેલ છે.

**સોલાર પાવર પોલીસી અંતર્ગત વીજળી ખરીદી**

15/4/52: **શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ) પાટણ (: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -:

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિન-પરંપરાગત ઊર્જા અંગેની સોલાર પાવર પોલીસી અન્વયે ખાનગી ઉત્પાદકો પાસેથી કેટલી વીજળી ક્યા ભાવે ખરીદવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિન-પરંપરાગત ઊર્જા અંગેની સોલાર પાવર પોલીસી અન્વયે ખાનગી ઉત્પાદક પાસેથી નીચે મુજબની વિગતે વીજળી ખરીદવામાં આવેલ છે:

| વર્ષ | વીજળી )મિલિયન યુનિટ( | સરેરાશ ભાવ(રૂ./યુનિટ) |
|---|---|---|
| **૨૦૨૨** | **૬૦૫૯** | **૪.૭૬** |
| **૨૦૨૩** | **૭૦૧૪** | **૪.૨૯** |

**તાપી જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી**

**<#M***15/4/262* : **ડો.જયરામભાઈ ચેમાભાઈ ગામીત** ) નિઝર( : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસિડી આપવામાં આવેલ છે કે કેમ, | )૧) | હા, જી. |
| )૨( | જો હા, તો કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | )૨( | છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા તાપી જીલ્લામાં વર્ષ ૨૦૨૨માં કુલ ૩૫,૭૮૪ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૩માં કુલ ૩૯,૬૮૦ ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજબિલમાં સબસિડી આપવામાં આવેલ છે. |
| )૩( | ઉક્ત સ્થિતિએ આ ગ્રાહકોને કુલ કેટલી રકમની સબસિડી આપવામાં આવેલ છે? | )૩( | છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા તાપી જીલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત પેટે વર્ષ ૨૦૨૨માં રૂ.૪૮.૩૦ કરોડ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૬૯.૬૭ કરોડની સબસિડી આપવામાં આવેલ છે. |

**પાણી પુરવઠા પ્રભાગ માટે બજેટમાં જોગવાઈ**

**15/4/75 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) :** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** **જવાબ**

)૧ ) પાણી પુરવઠા પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

)૧ )

| વર્ષ | રાજયની જોગવાઇ )રૂ.લાખમાં) | કેન્દ્ર જોગવાઈની રકમ (રૂ.લાખમાં) | કુલ રૂ. રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૫૯૯૮૨.૫૦ | ૩૭૪૦૬.૫૦ | ૩૯૭૩૮૯.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૫૪૫૧૦૨.૦૦ | ૩૫૯૦૧૬.૦૦ | ૯૦૪૧૧૮.૦૦ |

)૨ ) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

)૨ )

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ )રૂ.લાખમાં) | | |
|---|---|---|---|
| | રાજય દ્વારા ફાળવેલ | કેન્દ્ર દ્વારા ફાળવેલ | કુલ રૂ.રકમ (રૂ.લાખમાં) |
| ૨૦૨૧-૨૨ | ૩૯૧૫૮૭.૨૧ | ૨૬૦૬૨૨.૦૭ | ૬૫૨૨૦૯.૨૮ |
| ૨૦૨૨-૨૩ )પ્રોવિઝનલ) | ૬૦૩૪૫૧.૫૯ | ૩૫૯૦૧૬.૩૨ | ૯૬૨૪૬૭.૯૧ |
| ૨૦૨૩-૨૪ )૩૧/૧૨/૨૩-સુધી) | ૫૧૩૫૯૮.૪૫ | ૧૪૯૧૪૨.૫૦ | ૬૬૨૭૪૦.૯૫ |

)૩ ) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

)૩ )

| વર્ષ | વપરાયેલ રકમ (રૂ.લાખમાં) | | | વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) | કયા કારણોસર વણવપરાયેલ રહી ? |
|---|---|---|---|---|---|
| | રાજયની ગ્રાન્ટ | કેન્દ્રની ગ્રાન્ટ | કુલ | | |
| ૨૦૨૧-૨૨ | ૫૨૨૯૭૯.૫૨ | ૨૧૮૦૧૪.૬૭ | ૭૪૦૯૯૪.૧૯ | ઉક્ત ફાળવેલ રકમ પૂરેપૂરી વપરાયેલ છે. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૦૨૨-૨૩ )પ્રોવિઝનલ) | ૬૬૨૫૧૫.૫૭ | ૩૨૦૫૯૨.૯૬ | ૯૮૩૧૦૮.૫૩ | | |
| ૨૦૨૩-૨૪ (૩૧/૧૨/૨૩-સુધી) | ૩૭૭૬૦૦.૫૩ | ૧૩૪૯૧૫.૯૦ | ૫૧૨૫૧૬.૪૩ | ૧૫૦૨૨૨.૫૨ | સને ૨૦૨૩-૨૪ અંતિત ખર્ચ પૂર્ણ રૂપે વાપરવા માટે આયોજન કરેલ છે. |

---------------

**કચ્છના નાના રણમાં મીઠું પકવતા અગરિયા**

**15/4/49શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા): માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છના નાના રણમાં મીઠું પકવતા અગરિયાઓનું મીઠું, નર્મદાની

**જવાબ**

(૧) નર્મદા કેનાલમાંથી કચ્છના નાના રણમાં સીધેસીધું પાણી છોડવામાં આવતું નથી. પરંતુ આકસ્મિક સંજોગોમાં નહેરનો એસ્કેપ ઓપરેટ કરી

| | | | |
|---|---|---|---|
| | કેનાલના છોડવામાં આવતા પાણીને કારણે ધોવાઇ જાય છે, તે હકીકત સાચી છે, અને | | પાણી કાંસ, વોકળા, નદીમાં છોડવામાં આવે છે. જેમાંથી કેટલાક કાંસ, વોકળા, નદી કચ્છના નાના રણમાં સમાવિષ્ટ થતા હોવાથી કેટલાક સંજોગોમાં પાણી આડકતરી રીતે કચ્છના નાના રણમાં જાય છે. અન્ય નદીઓમાંથી જતા જથ્થા કરતા તેનું પ્રમાણ ખૂબ ઓછું હોય છે. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ મીઠું ધોવાઇ જતું અટકાવવા માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૨) | આ બાબતે નિયમ અનુસારની જરૂરી કાર્યવાહી નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા કરવામાં આવશે. |

---------------------------------------------------

દાંતા-અમીરગઢ તાલુકામાં કૃષિ વિષયક વીજ કનેકશન

15/4/171 : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી )દાંતા : (માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા કૃષિ વિષયક વીજ કનેકશન આપવાનાં બાકી છે, | )૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાંતા અને અમીરગઢ તાલુકામાં અનુક્રમે ૨૦૫ અને ૧૯૧ કૃષિ વિષયક વીજ જોડાણ આપવાના બાકી છે. |
| )૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને કેટલા ના મંજૂર કરવામાં આવ્યા, અને | )૨) | ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમા દાંતા અને અમીરગઢ તાલુકામાં અનુક્રમે ૩૮૮ અને ૨૯૯ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને અનુક્રમે ૫૯ અને ૩૨૩ કૃષિ વિષયક વીજ જોડાણ ના મંજૂર કરવામાં આવ્યા. |
| )૩) | ઉક્ત વીજ જોડાણ નામંજૂર કરવાનાં મુખ્ય કારણો શા છે ? | )૩) | • માંગણીના આઠ એકર કરતા ઓછા ક્ષેત્રફળ ધરાવતા સર્વે નંબરમાં એક વીજ જોડાણ હયાત હોવાથી,<br>• આપેલ સમય મર્યાદામાં બોર/કૂવો કરાવેલ ન હોવાને કારણે,<br>• સુક્ષ્મ પિયત પદ્ધતિ ન સ્વીકારવાના કારણે,<br>• વન વિભાગા દ્વારા ના મંજૂર કરેલ હોવાથી,<br>• ખોટા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ હોવાથી,<br>• અરજદારે અરજી રદ કરેલ હોઈ, |

**અમદાવાદ જિલ્લામાં મા અન્નપૂર્ણા યોજના હેઠળ અનાજનું વિતરણ**

**15/4/98 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા)**: માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,
-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩(મા અન્નપુર્ણા યોજના) હેઠળ અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) | માહે જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (મા અન્નપુર્ણા યોજના) હેઠળ અમદાવાદ શહેરમાં ૧,૦૫,૨૪૧.૧૮ મે.ટન અને અમદાવાદ જિલ્લામાં ૫૪,૮૮૯.૩૭ મે.ટન અનાજના જથ્થાનું રાહતદરે વિતરણ કરવામાં આવેલ છે.<br><br>માહે જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ દરમ્યાન ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત અમદાવાદ શહેરમાં ૧,૦૪,૮૨૪.૬૦ મે.ટન અને અમદાવાદ જિલ્લામાં ૫૫,૧૧૯.૫૧ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) | કેટલા પ્રમાણ અને શા ભાવથી વિતરણ કરવામાં આવ્યું? | (૨) | માહે જાન્યુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ દરમ્યાન રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (મા અન્નપુર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી રાહતદરે વિતરણ કરવામાં આવેલ છે. |

માહે જાન્યુઆરી-થી ડિસેમ્બર ૨૦૨૨-૨૦૨૨ માટે (ઘઉં તથા ચોખા(

અતારાંકિત પ્રશ્નો

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણપ્રમાણ- (.ગ્રા.કિ) | વિતરણ ભાવ (પૈસા-રૂ) |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫000- | ૨00. |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦000- | ૩00. |
| | કુલ | કાર્ડદીઠ ૩૫000- | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨000- | ૨00. |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩000- | ૩00. |
| | કુલ | વ્યક્તિદીઠ ૫000- | |

માહે જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ દરમ્યાન ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

) ૧ માહે (જાન્યુઆરી૨૦૨૩ - થી જુલાઇસુધી તથા નવ ૨૦૨૩ -ેમ્બરથી ૨૦૨૩ -
-ડિસેમ્બર૨૦૨૩ સુધી. (ઘઉં તથા ચોખા(

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણપ્રમાણ- (.ગ્રા.કિ) | વિતરણ ભાવ (પૈસા-રૂ) |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫000- | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦000- | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫000- | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨000- | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩000- | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫000- | |

)૨-અને સપ્ટેમ્બર ૨૦૨૩ -માહે ઓગસ્ટ (૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી(

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણમાણપ્ર- (.ગ્રા.કિ) | વિતરણ ભાવ (પૈસા-રૂ) |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫000- | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫000- | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫000- | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫000- | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨000- | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨000- | વિનામૂલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧000- | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫000- | |

)૩) માટે ૨૦૨૩ -માહે ઓક્ટોબર (અમદાવાદ શહેર ((ઘઉં અને ચોખા)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણપ્રમાણ- (.ગ્રા.કિ) | વિતરણ ભાવ (પૈસા-રૂ) |
|---|---|---|---|

તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫૦૦૦- | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦૦૦૦- | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫૦૦૦- | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨૦૦૦- | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩૦૦૦- | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫૦૦૦- | |

)૪) માટે ૨૦૨૩ -માહે ઓકટોબર (અમદાવાદ જિલ્લો ((ઘઉં, ચોખા તથા બાજરીબાજરી ફક્ત )( (ય કાર્ડ માટેઅંત્યોદ

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણપ્રમાણ- (.ગ્રા.કિ) | વિતરણ ભાવ (પૈસા-રૂ) |
|---|---|---|---|
| એએવાય )AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫૦૦૦- | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫૦૦૦- | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫૦૦૦- | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫૦૦૦- | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨૦૦૦- | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩૦૦૦- | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫૦૦૦- | |

---

નવસારી જિલ્લાનો પૂર્ણા ટાઇડલર ડેમ

15/4/80 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ) વાંસદા :(માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પૂર્ણા ટાઇડલર ડેમને ક્યારે મંજૂરી આપવામાં આવી છે, | )૧) તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ ટેન્ડર મંજૂરી આપવામાં આવેલ છે. |
| )૨) ઉક્ત ડેમનું ખાતમુહૂર્ત ક્યારે કરવામાં આવેલ છે, | )૨) તા.૧૮/૦૪/૨૦૨૩નાં રોજ ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે. |
| )૩) ઉક્ત સ્થિતિએ ડેમની કામગીરી કોને કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે ક્યારે આપવામાં આવેલ છે, અને | )૩) ડેમની કામગીરી મે.કેતન કન્સ્ટ્રકશન ,લીમીટેડ અમદાવાદને રૂ! ૮૭.૪૯ કરોડના ખર્ચે આપવામાં આવેલ છે અને તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની થાય છે. |
| )૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ડેમની કામગીરી ક્યા તબક્કે છે? | )૪) કામગીરી પ્રગતિ હેઠળ છે. |

માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં કંપનીઓ પાસેથી વેટની રકમની વસૂલાત

**15/4/224 : શ્રી અમીતભાઇ ચાવડા** ) આંકલાવ ) : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી કંપનીઓ/એજન્સીઓ/પેઢી પાસેથી રૂ. ૧ કરોડ કે તેથી વધુ વેટની રકમ વસુલવાની બાકી છે, અને | )૧) ૩૨૬૭ |
| )૨) ઉક્ત બાકી વસુલાત હેઠળની કંપનીઓ પૈકી કેટલી કંપનીઓ સામે ઉક્ત સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધા ? | )૨) ઉક્ત ૩૨૬૭ કંપનીઓ/એજન્સીઓ/પેઢીઓ સામે ગુજરાત મૂલ્ય વર્ધિત કાયદાની કલમ-૪૪ અન્વયે બેંક ટાંચની કાર્યવાહી, જમીન મહેસુલ કાયદાની કલમ-૧૫૨ અને કલમ-૨૦૦ ની નોટિસ, ગુજરાત મૂલ્ય વર્ધિત કાયદા અન્વયે થર્ડપાર્ટી રીકવરી, મિલકત ટાંચ, બોજા નોંધ, જામીનગીરી, નોંધણી નંબર રદ, આર.આર.સી, હરાજીની કાર્યવાહી, પોલીસ ફરીયાદ વિગેરે લાગુ પડતાં પગલાઓ લીધેલાં છે. |

### અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદી કરાર

**15/4/71 : શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** )માણાવદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| | |
|---|---|
| )૧)અદાણી પાવર લિ. સાથે તા.૦૬/૦૨/૨૦૦૭ તથા તા.૦૨/૦૨/૨૦૦૭ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે વીજ ખરીદી એગ્રીમેન્ટ થયેલ છે, તે હકીકત સાચી છે, | )૧)હા, જી. |
| )૨)જો હા, તો ઉક્ત બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ક્યા દરે વીજ ખરીદવાના એગ્રીમેન્ટ થયેલ છે, | )૨)અદાણી પાવર લિ. સાથે તા.૦૬/૦૨/૨૦૦૭ તથા તા.૦૨/૦૨/૨૦૦૭ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે થયેલ વીજ ખરીદી એગ્રીમેન્ટ અનુક્રમે રૂ.૨.૮૯/યુનિટ તથા રૂ.૨.૩૫/યુનિટ લેવલાઈઝડ દરે થયેલ છે. |
| )૩) ઉક્ત કરારો બાદ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને | )૩) અને )૪) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર લી. સાથેના ઉપરોક્ત કરાર અન્વયે માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના દરની વિગત નીચે મુજબ છે: |

)૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના ક્યા દરે કેટલી રકમ ચુકવવામાં આવી ?

| ૨૦૨૨ | | | | | |
|---|---|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) | એનર્જી ચાર્જ )રૂ-કરોડ) | કુલ રકમ )રૂ-કરોડ) |
| જાન્યુઆરી | ૪૮૦ | ૬૦ | ૫.૫૭ | ૨૬૭ | ૩૨૭ |
| ફેબ્રુઆરી | ૨૯૧ | ૨૮ | ૫.૩૮ | ૧૫૬ | ૧૮૪ |
| માર્ચ | ૧૦૪૨ | ૧૦૫ | ૫.૯૨ | ૬૧૭ | ૭૨૨ |
| એપ્રિલ | ૧૪૬૭ | ૧૧૮ | ૬.૨૯ | ૯૨૨ | ૧૦૪૦ |
| મે | ૭૩૧ | ૧૨૦ | ૭.૦૧ | ૫૧૨ | ૬૩૨ |
| જૂન | ૬૩૩ | ૧૧૭ | ૭.૭૫ | ૪૯૧ | ૬૦૮ |
| જુલાઈ | ૧૭ | ૧૧૨ | ૫.૪૬ | ૯ | ૧૨૧ |
| ઓગસ્ટ | ૧૫૦ | ૧૧૦ | ૮.૭૬ | ૧૩૨ | ૨૪૨ |
| સપ્ટેમ્બર | ૬૯૭ | ૧૧૭ | ૮.૮૫ | ૬૧૭ | ૭૩૪ |
| ઓક્ટોબર | ૩૨૩ | ૧૨૨ | ૮.૫૪ | ૨૭૬ | ૩૯૮ |
| નવેમ્બર | ૫૬ | ૧૧૭ | ૮.૫૩ | ૪૭ | ૧૬૫ |
| ડિસેમ્બર | ૧૨૦ | ૧૨૧ | ૮.૧૬ | ૯૮ | ૨૧૯ |
| ૨૦૨૩ )પ્રોવિઝનલ) | | | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ )રૂ-કરોડ) | એનર્જી ચાર્જ )રૂ/યુનિટ) | એનર્જી ચાર્જ )રૂ-કરોડ) | કુલ રકમ )રૂ-કરોડ) |
| જાન્યુઆરી | ૪૭૫ | ૧૧૧ | ૮.૯૯ | ૪૨૭ | ૫૩૭ |
| ફેબ્રુઆરી | ૪૧૧ | ૧૦૦ | ૯.૦૩ | ૩૭૨ | ૪૭૨ |
| માર્ચ | ૨૦૬ | ૧૪૧ | ૮.૦૪ | ૧૬૫ | ૩૦૬ |
| એપ્રિલ | ૩૬૫ | ૧૧૭ | ૪.૩૮ | ૧૬૦ | ૨૭૭ |
| મે | ૧૦૪ | ૧૨૧ | ૩.૯૯ | ૪૨ | ૧૬૩ |
| ઓગસ્ટ | ૬૫૦ | ૧૧૧ | ૩.૨૪ | ૨૧૧ | ૩૨૧ |
| સપ્ટેમ્બર | ૧૨૧૪ | ૧૧૭ | ૩.૯૧ | ૪૭૪ | ૫૯૧ |
| ઓક્ટોબર | ૧૪૯૪ | ૧૨૧ | ૩.૯૮ | ૫૯૪ | ૭૧૫ |
| નવેમ્બર | ૧૨૦૭ | ૧૧૭ | ૩.૮૧ | ૪૬૦ | ૫૭૭ |
| ડિસેમ્બર | ૧૨૯૯ | ૧૧૧ | ૩.૮૯ | ૫૦૫ | ૬૧૫ |

જી.ઈ.આર.સી. દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ મેરીટ ઓર્ડર પદ્ધતિ મુજબ ઉક્ત વીજ મથક, વર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈ માસ દરમ્યાન મેરીટ ઓર્ડરમાં ન આવવાના કારણે જી.યુ.વી.એન.એલ. દ્વારા વીજ ખરીદ કરેલ નથી અને વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલ વીજ ખરીદ કરારની જોગવાઈઓ મુજબ ફિક્સ કોસ્ટની ચુકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાના આધારે કરવામાં આવેલ છે.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટના મુદાઓના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલ હાઈ પાવર કમિટીની ભલામણને રાજ્ય સરકાર દ્વારા તા.૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ થકી થોડા સુધારા સાથે સ્વીકારવામાં આવેલ અને તે મુજબ તા.૦૫.૧૨.૨૦૧૮ના રોજ અદાણી પાવર લિ .સાથે બંને વીજ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ, બદલાયેલ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતા, વીજદરની ગણતરીમાં લેવામાં આવતો કોલસો મેળવવાનો ખર્ચ વ્યાજબી અને પારદશર્ક રીતે પાસ થ્રુ )pass-through) થઇ શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા તા.૨૫.૦૨.૨૦૨૨ના ઠરાવ થકી સપ્લીમેન્ટરી કરારોમાં જરૂરી સુધારા મંજૂર કરવામાં આવેલ છે જે મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૩૦.૦૩.૨૦૨૨ના રોજ રીવાઇઝ્ડ સપ્લીમેન્ટલ કરાર કરવામાં આવેલ છે. જે અંતર્ગત હાલમાં એનર્જી ચાર્જની ચુકવણી પ્રોવિઝનલ દરે કરવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, ઈન્ડોનેશિયન કોલસાનો ઇન્ડેક્સ (એચ.બી.એ.) જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ-૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ.એસ.ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ. આથી આ પછીના સમયગાળા દરમિયાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતર્ગતના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ.

વધુમાં, આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ. આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહિ.

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૫.૦૫.૨૦૨૨ તથા તા.૨૦.૦૨.૨૦૨૩ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસિટી એક્ટ-૨૦૦૩ના સેક્શન-૧૧ અંતર્ગત ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે. તદુપરાંત કેન્દ્ર સરકાર દ્વારા તા.૨૩.૧૦.૨૦૨૩ના પરિપત્ર થકી ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો સેક્શન-૧૧ અંતર્ગતનો આદેશ તા.૩૦.૦૬.૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

ઉક્ત સ્થિતિમાં અદાણી પાવર મુન્દ્રા લિમિટેડ પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની )એનર્જી ચાર્જ( પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

------

## અતારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લાના વીજ થાંભલા પરના એલ્યુમિનિયમના તાર

**15 / 4 / 44 :** ગેનીબેન નગાજી ઠાકોર ) વાવ : (માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે- :

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર વીજ થાંભલા ઉપર લગાવેલા એલ્યુમિનિયમના કેટલા તારની ચોરી થયાનું સામે આવ્યું, | )૧) છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં ૨૭.૬૪ કી.મી. , ખેરાલુ તાલુકામાં ૩.૫૫ કી.મી. ,સતલાસણા તાલુકામાં ૩.૨૫ કી.મી. ,વડનગર તાલુકામાં ૦.૯૭ કી.મી. ,વિસનગર તાલુકામાં ૪.૦૯ કી.મી. ,ઊંઝા તાલુકામાં ૦.૭૫ કી.મી. આમ કુલ મહેસાણા જિલ્લામાં વીજ થાંભલા પર લગાવેલ એલ્યુમિનિયમના ૪૦.૨૬ કી.મી. તારની ચોરી થયાનું સામે આવેલ છે. |
| )૨) ઉક્ત તારની કિંમત કેટલી થતી હતી,અને | )૨) ઉક્ત તારની કિંમત રૂપિયા ૧૫,૭૭,૭૪૧.૪૪ હતી. |
| )૩) ઉક્ત તારની ચોરી થયાનું સામે આવતા શી કાર્યવાહી કરવામાં આવી અને કેટલી રકમના તારનો કેટલો જથ્થો પરત મેળવવામાં આવ્યો ? | )૩) ઉક્ત તારની ચોરી થયાનું સામે આવતા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. પરંતુ વાયર પરત આવેલ નથી. |

### **કાંકરેજ તાલુકામાં ભુગર્ભજળના સ્તર ઉંડે જતા ખેડૂતોને પડતી મુશ્કેલી** બાબત

**15/4/62 : શ્રી અમૃતજી મોતીજી ઠાકોર ( કાંકરેજ ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે: -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં ભુગર્ભજળના સ્તર ખુબ ઉંડે જતા રહેલ હોવાથી બોર-કુવા મારફતે સિંચાઇ કરતા ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત બાબતના નિરાકરણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ? | (૨) ઉક્ત બાબતના નિરાકરણ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લીધેલાં પગલાં :<br>(૧) ચાંગા- દાંતીવાડા પાઈપલાઈનથી કાંકરેજ તાલુકાના તળાવો તેમજ સુજલામ સુફલામ કેનાલ મારફતે નર્મદાનું પૂરનું વધારાનું પાણી પૂરૂં પાડવામાં આવેલ છે.<br>(૨) ભૂગર્ભજળ રીચાર્જ માટે સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત તળાવ ઊંડા કરવાની, ચેકડેમ ડીસિલટિંગની કામગીરી કરવામાં આવેલ છે.<br>(૩) અટલ-ભુજલ યોજના અંતર્ગત પાણીનો કરકસર યુક્ત ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો અમલ માટે વધારાની સબસિડી આપવામાં આવેલ છે.<br>(૪) પાણીનો કરકસર રીતે ઉપયોગ થાય તે માટે પ્રચાર-પ્રસાર કરી ખેડુતોમાં જાગૃતિ લાવવા વગેરે કામગીરી કરવામાં આવી રહેલ છે. |

### ખેતી વિષયક વીજળીના કલાકો

**15 / 4 / 69** શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા) પોરબંદર :(માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે- :

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતી વિષયક કેટલા કલાક વીજળી આપવામાં આવે છે, | )૧) ૮ કલાક કે તેથી વધુ જરૂરિયાત મુજબ. |

)૨) ઉક્ત આપવામાં આવતી વીજળીના કલાકોમાં છેલ્લે ક્યારે કેટલા કલાકનો વધારો કરવામાં આવેલ, અને

)૨) રાજ્યમાં ઓછા વરસાદના કારણે ખેડૂતને પાકમાં નુકસાન ન થાય તે માટે તા.૦૧.૦૯.૨૦૨૩ થી ૨૧.૦૯.૨૦૨૩ દરમિયાન અલગ અલગ વિસ્તારોમાં કૃષિવિષયક વીજ ગ્રાહકોને ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ હતો અને રાજ્યના જીરા પાકની ખેતી કરતા વિસ્તારોના તમામ કૃષિવિષયક વીજ ગ્રાહકોને ખેતી વિષયક ફીડર મારફતે તા.૦૯.૧૧.૨૦૨૩ થી ૨ કલાકનો વધારો કરી ૧૦ કલાક વીજ પૂરવઠો આપવામાં આવેલ.

)૩) ખેડૂતોને કાયમી ધોરણે ૧૫ કલાક વીજ પુરવઠો આપવા માટે સરકારનું શું આયોજન છે ?

)૩( કોઈ આયોજન નથી.

ઊર્જા પ્રભાગ માટે બજેટમાં જોગવાઇ

15/4/58: ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) ઊર્જા પ્રભાગ માટે નાણાકીય વર્ષ, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ | )૧) ઊર્જા પ્રભાગ માટે નાણાકીય વર્ષ, ૨૦૨૧-૨૨ માં ૧૪૫૨૮.૦૬૩૫ કરોડ અને ૨૦૨૨-૨૩ માં ૧૫૮૨૪.૬૮૧૭ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ |
| )૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | )૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષ, ૨૦૨૧-૨૨ માં ૧૪૩૯૩.૧૭૩૫ કરોડ અને ૨૦૨૨-૨૩ માં ૧૫૮૨૪.૩૧૭૯ કરોડની રકમ ફાળવવામાં આવી, અને |
| )૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી | )૩) |

)રૂ. કરોડમાં)

| વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૪૩૯૦.૫૩૧૯ | ૨.૬૪૧૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૫૮૨૧.૨૭૫૫ | ૩.૦૪૨૪ |

ઉક્ત વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ માં વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ રહેલ છે.

ઉકાઇ જળાશયની સોનગઢ-ઉચ્છલ-નિઝર લીફ્ટ ઈરીગેશન પાઇપલાઇન યોજના

15/4/323 ડૉ .જયરામભાઇ ચેમાભાઇ ગામીત) નિઝર : (માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-:

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉકાઇ જળાશય આધારીત સોનગઢ-ઉચ્છલ-નિઝર લીફ્ટ ઈરીગેશન પાઇપલાઇન યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) | કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ આ યોજનાની અંદાજીત રકમ કેટલી છે અને આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) | યોજનાની અંદાજીત રકમ રૂ.૯૬૨.૧૨ કરોડ છે અને જૂન-૨૦૨૪માં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ આ યોજનાથી આદિવાસી વિસ્તારના ક્યા તાલુકાના કેટલા ગામોના કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે? | (૩) | તાપી જિલ્લાના ૦૪ તાલુકાના કુલ ૧૫૪ ગામોના કુલ ૨૯૮૦૭ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળનાર છે . |

| અ.નં | તાલુકા | ગામો | લાભિત વિસ્તાર )હેક્ટર( |
|---|---|---|---|
| ૧ | સોનગઢ | ૬૨ | ૯૬૨૧ |
| ૨ | ઉચ્છલ | ૩૦ | ૬૫૫૮ |
| ૩ | નિઝર | ૩૨ | ૧૩૬૨૮ |
| ૪ | કુકરમૂંડા | ૩૦ | |
| કુલ | | ૧૫૪ | ૨૯૮૦૭ |

### દાંતા અને અમીરગઢ તાલુકામાં નલ સે જલ યોજના

**15/4/172 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા) :** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨3ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકાના કેટલા ગામોને નલ સે જલ યોજના હેઠળ વર્ષવાર કેટલા કનેક્શનો આપવામાં આવ્યા, | )૧) | બનાસકાંઠા જિલ્લાના વર્ષ ૨૦૨૨ પહેલા “નલ સે જલ” અંતર્ગત મંજૂર થયેલ યોજનાઓ પૈકી દાંતા તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૬૬ ગામોને ૬૨૨૦ કનેક્શનો, અમીરગઢ તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૨૨ ગામોને ૩૬૬૦ કનેક્શનો આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩માં દાંતા અને અમીરગઢ તાલુકામાં કોઇ ગામને કોઇ કનેક્શન આપવામાં આવેલ નથી. |
| )૨) | ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને આ યોજનાનો લાભ આપવાનો બાકી છે, અને | )૨) | ઉક્ત સ્થિતિએ છુટા છવાયા વિસ્તારને બાદ કરી તમામ ઘરોમાં નળ કનેક્શનની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે |
| )૩) | ઉક્ત યોજના હેઠળ આપેલ કનેક્શનો પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | )૩) | ઉક્ત યોજના હેઠળ દાંતા તાલુકામાં રૂ.૯૮.૬૪ લાખ અને અમીરગઢ તાલુકામાં રૂ.૫૩.૪૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

-------------

### પેટ્રોકેમિકલ્સ પ્રભાગ માટે બજેટમાં જોગવાઈ

**15/4/72** 72 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

)૧) પેટ્રોકેમિકલ્સ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટ જોગવાઈ કરવામાં આવેલ,

)૧) પેટ્રોકેમિકલ્સ પ્રભાગ માટે વર્ષવાર કરેલ બજેટ જોગવાઈની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | બજેટ જોગવાઈ રૂ. (લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬,૫૧૨.૧૯ |
| ૨૦૨૨-૨૩ | ૨,૫૧,૭૧૬.૩૮ |

)૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

)૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર ફાળવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | ફાળવેલ રકમ રૂ. (લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬૪૮૮.૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૨,૫૧,૭૨૨.૦૦ |

)૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

)૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર વપરાયેલ અને વણવપરાયેલ રકમની વિગતો તથા કારણો નીચે મુજબ છે:

**વપરાયેલ રકમની વિગતો**

| વર્ષ | બજેટ જોગવાઈ રૂ. (લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬,૪૮૮.૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૨૫૧૭૨૧.૯૩ |

**વણવપરાયેલ રકમની વિગતો તથા કારણો**

| વર્ષ | રકમ | કારણો |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| ૨૦૨૨-૨૩ | રૂ. ૭૦૦૦ (સાત હજાર) | વિભાગના તાબા હેઠળની પેટ્રોલિયમ નિયામકશ્રીની કચેરી ખાતે માત્ર રૂ. ૦.૦૭ લાખની રકમ વણવપરાયેલ રહેલ હતી. જે ફાળવવામાં આવેલ રકમના સાપેક્ષમાં નહિવત છે. |

### બનાસ નદીના વહેણથી નદી કાંઠે થતું ધોવાણ

**15/4/63 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

**(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતી બનાસ નદીના વહેણના લીધે નદી કાંઠાની જમીનનું ધોવાણ થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

**(૧)** હા જી.

**(૨)** જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ધોવાણ અટકાવવા શા પગલાં લેવામાં આવ્યા, અને

**(૨)** બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતી બનાસ નદીના વહેણના લીધે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરના બનાસ સાયફન પાસે ધોવાયેલ ભાગમાં પુન: સ્થાપનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**(૩)** તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વાપરવામાં આવી ?

**(૩)**

| | |
|---|---|
| વર્ષ-૨૦૨૨ | શૂન્ય |
| વર્ષ-૨૦૨૩ | ૩.૪૬૨.૦૦ લાખ. |

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

### રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ કરેલો નીચે મુજબનો પ્રસ્તાવ.

માનનીય રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવોઃ-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના સત્રમાં માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને ગૃહના સભ્યશ્રી નરેશભાઇ પટેલ આવ્યા છે અને જેને આપણા આ જ ગૃહના સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણે સમર્થન આપ્યું છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો અહીંસાના પૂજારી અને સત્યના સાધક એવા મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઇ પટેલ, ગુજરાતના મહાન સપૂત એવા મૂક સેવક પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ, ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકજીને આ ગૃહમાં સ્મરણ કરીને સત સત વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય આજે ટુરિઝમનું હબ બન્યું છે. રાજ્ય સરકારે અતિથિ દેવો ભવની પરંપરાને સ્વભાવગત લાગણીને કેન્દ્રસ્થાને રાખીને રાજ્યમાં આવનારા પ્રવાસીઓની સુખ સુવિધાની ચિંતા કરી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ દેશ અને દુનિયા સમક્ષ મૂકેલા ગુજરાત વિકાસના મોડેલને માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ભારત અને વિશ્વસ્તરે ગુજરાતના ટુરિઝમ ક્ષેત્રનો વિકાસ કરવા માટે કટિબદ્ધ છે અને એટલા માટે જ સન ૨૦૦૧માં પ્રવાસન વિભાગનું બજેટ માત્ર રૂ.૧૨ કરોડનું હતું જે આજે રૂ.૧૪૦૦ કરોડનું બન્યું છે એ જ બતાવે છે કે, પ્રવાસન ક્ષેત્રમાં રાજ્ય સરકારની ઇચ્છા શક્તિ કેટલી પ્રબળ છે. ખુશ્બુ ગુજરાતના કેમ્પનિંગથી શરૂ થયેલી આ પ્રવાસનની સુવિધાઓ આજે એટલી બધી આગળ વધી છે કે લગભગ દર વર્ષે ૧૫ કરોડ કરતા વધારે પ્રવાસીઓ ગુજરાતમાં આવી રહ્યા છે. આપણા રાજ્યમાં માત્ર એકલા ઉદ્યોગો છે એવું નથી, ગુજરાતની અંદર રણ છે, દરિયો છે, જંગલો છે, પહાડો છે, મંદિરો છે, મહાલયો છે, રાજમહેલો છે અને દરેક જિલ્લાની પોતાની કથાઓ છે, ભવાઇઓ છે, ગરબા છે, રંગબેરંગી વેશ પરિધાન છે. આતિથ્ય ટૂરિસ્ટ ડેસ્ક બોર્ડ ઉપર હાલના તબક્કે પ્રવાસન વિભાગ દ્વારા ૧૦૯ જેટલા પ્રવાસન સ્થળોની વિગતો મૂકવામાં આવેલી છે જેમાં ૨૨ જેટલા બિઝનેશ કેટેગરીના પ્રવાસન સ્થળો, ૨૪ ધાર્મિક કેટેગરીના પ્રવાસન સ્થળો, ૪૫ લેઝર કેટેગરીના પ્રવાસન સ્થળો, ૧૮ હેરીટેજ કેટેગરીના પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પ્રવાસીઓને આકર્ષવા માટે ગુજરાતની લોક સંસ્કૃત્તિને ધબકતી રાખવા તેમજ આબાલ-વૃદ્ધ તમામ વર્ગને આ ભાતીગળ સંસ્કૃત્તિની ઝલક આપવા માટે સમગ્ર વર્ષ દરમ્યાન ગુજરાત સરકાર દ્વારા અનેક પ્રકારના મેળાઓ, ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે જેમ કે, તરણેતરનો મેળો, નવરાત્રિ મહોત્સવ, આંતર રાષ્ટ્રિય પતંગ મહોત્સવ, સાપુતારા ખાતે માન્સૂન ફેસ્ટીવલ, માધુપરનો મેળો, ગાંધી મેળો. કેવડિયા ખાતે મેઘમલ્હાર પર્વ, હેરીટેજ ફેસ્ટીવલ, અડાલજની વાવ, ચાંપાનેર, ધોળાવીરા, ઉદવાડા ઉત્સવ, વિશ્વ આદિવાસી દિવસ, ડાંગ દરબાર, પંચ મહોત્સવ, ફૂડ ફેસ્ટીવલ, સીમા દર્શન, શિવરાજપુર બીચ, માનગઢનો વિકાસ, દેવમોગરા સ્થળનો વિકાસ એવા વિવિધ સ્થળોનો આ પ્રવાસન વિભાગ દ્વારા ખૂબ વિકાસ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખ્યાલ છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી તેનું એકતા નગર છે તે આજે કોન્ફરન્સ અને સેમિનાર માટે પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે. સન ૨૦૨૩ દરમિયાન ૯૬ જેટલી કોન્ફરન્સ અને સેમિનારનું સફળતાપૂર્વક ત્યાં આયોજન થયું છે અને અત્યાર સુધીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૧.૭૨ કરોડ કરતા વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીને જો એવોર્ડ મેળવવાની વાત કરીએ તો સન ૨૦૧૮માં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસમાં સૌથી ઉંચી પ્રતિમા તરીકેનું સ્થાન મળ્યું છે. સન ૨૦૧૯માં ટાઇમ્સ મેગેઝીન વિશ્વના ૧૦૦ સૌથી જોવાલાયક સ્થળોમાં આ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પસંદગી થઇ છે. સન ૨૦૧૯માં વર્લ્ડ આર્કિટેકચર ન્યુઝ એવોર્ડ મળ્યો છે. સન ૨૦૨૩ની અંદર ઇન્ડિયા ટુડે બેસ્ટ આઇકોનિક લેન્ડસ્કેપ એવોર્ડ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીને મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સન ૨૦૦૬ની અંદર કચ્છમાં જે રણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી આ રણોત્સવ આજે કચ્છના સામાજીક જીવનમાં આર્થિક પર્યાવરણની રીતે ઉન્નતિનો મોટો આધાર બન્યો છે. આજે ધોરડો પ્રવાસનની વૈશ્વિક ઓળખ બન્યું છે. યુનાઇટેડ નેશન્સની એજન્સી દ્વારા વર્લ્ડ ટુરિઝમ દ્વારા વિશ્વના ટુરિઝમ વિલેજની યાદીમાં ધોરડોનો સમાવેશ થયો છે. થોડા સમય પહેલાં જ ઉઝબેકિસ્તાનની અંદર સમરકંદ ખાતે યોજાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેજમાં સન ૨૦૨૩ના એવોર્ડ સેરેમની કાર્યક્રમની અંદર ભારતમાંથી એક માત્ર સ્થળ પસંદ થયુ હોય બેસ્ટ ટુરિઝમ વિલેજ તો એ આપણું આ ધોરડાના રણોત્સવની પસંદગી થઇ છે એ આપણાં સૌના માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રયાસોથી આ વર્ષે ગુજરાતની ઓળખ સમા નવરાત્રીના ગરબાને પણ યુનેસ્કો દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકે જાહેર કરવામાં આવી છે એ આપણાં સૌના માટે ગૌરવની બાબત છે કે ગરબાને વૈશ્વિક ઓળખ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અપાવી છે. એ જ પ્રકારે ગુજરાતમાં આવેલ પાટણની રાણકી વાવ હોય, ચાંપાનેર ધોળાવીરા ત્રણ વિશ્વ કક્ષાના હેરીટેજ પ્રવાસન સ્થળોમાં તેની પસંદગી કરવામાં આવી છે.

અમદાવાદને દેશના સૌ પ્રથમ હેરિટેજ સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. તદઉપરાંત તાજેતરમાં જ મોઢેરા અને વડનગરને યુનેસ્કો દ્વારા સૂચિત યાદીમાં સમાવેશ કર્યો છે એ આપણાં સૌના માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા આપણા સૌના આદર્શ એવા સ્વામી વિવેકાનંદજીના જીવન સાથે સંકળાયેલા સ્થળોને જોડતી સ્વામી વિવેકાનંદની સર્કિટનો પણ આવનારા દિવસોમાં ગુજરાત સરકાર દ્વારા વિકાસ કરવાનુ આયોજન કરેલ છે. ગાંધી સર્કિટ એટલે કે, મહાત્મા ગાંધીજીના જીવન સાથે સંકળાયેલા સ્થળોનો વિકાસ કરતા આજે આ પ્રવાસન સમગ્ર આજે ગાંધી સર્કિટના સ્થળો છે તે દુનિયાભરના લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. તે જ પ્રકારે ભારતના કરોડો હિન્દુઓનું આસ્થાનું કેન્દ્ર એટલે ભગવાનશ્રી રામ ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ અને લાખો લોકોના બલિદાન બાદ ૨૨મી જાન્યુઆરીએ રામલલ્લા અયોધ્યામાં બિરાજમાન થયા છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા ઉત્તર પ્રદેશમાં અયોધ્યા ખાતે ગુજરાત યાત્રી ભવન બનાવવા માટ ત્યાંની સરકારે સાત હજાર સ્કવેર મીટર જેટલી જગ્યા ફાળવી આપી છે અને ટૂંક સમયમાં ગુજરાત સરકાર ત્યાં ગુજરાતીઓ માટે આ યાત્રીભવન બનાવવા માટે આ વિભાગ કામ કરવાનો છે. નેશનલ ટુરિઝમ - ૨૦૨૧ના રિપોર્ટ મુજબ અગાઉના વર્ષોમાં ગુજરાત રાજ્ય વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં ૧૨મા સ્થાને હતું અને સ્થાનિક પ્રવાસીઓની સંખ્યામાં ૯મા સ્થાને હતું. આજે મને કહેતાં આનંદ થાય છે કે આપણી ગુજરાતની પ્રવાસન નીતિના કારણે વર્ષ ૨૦૨૨માં નેશનલ ટુરિઝમના રિપોર્ટ પ્રમાણે ગુજરાત રાજ્ય વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં સમગ્ર દેશમાં પહેલાં નંબરે છે અને સ્થાનિક પ્રવાસીઓની યાદીમાં એ આજે પાંચમા નંબરે આવ્યું છે. આ બધી સફળતાઓ આમ જ મળી નથી. એના માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨માં હોમ સ્ટેની પૉલિસી જાહેર કરવામાં આવી. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫માં હેરિટેજ પૉલિસી જાહેર કરવામાં આવી. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ની ટુરિઝમ પૉલિસી ફરીથી જાહેર કરવામાં આવી. વર્ષ ૨૦૨૨થી ૨૦૨૭ સુધીની સિનેમેટિક પૉલિસી જાહેર કરવામાં આવી. પ્રવાસનને વેગ આપતી આવી અનેક પૉલિસીઓ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતાવાળી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવી છે ત્યારે આજે સમગ્ર દેશમાં અને વિશ્વમાં ગુજરાત પ્રવાસીઓનું હબ બન્યું છે. હું આપ સાહેબનો આભાર માનું છું કે રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર મને આ ગૃહમાં મારા વિચારો રજૂ કરવાની તક આપી. ધન્યવાદ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેશભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એની ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. ગઇકાલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ રામરાજ્યની વાત કરી અને કહ્યું કે મોદી સાહેબની ગેરેંટી છે એ એક પ્રકારે રામરાજ્ય જ છે. જે રામરાજ્યની કલ્પના થઇ હતી એના માટેના બે શ્લોક છે. એમાંનો એક છે.

''दैहिक दैविक भौतिक तापा। राम राज नहिं काहुहि ब्यापा॥
सब नर करहिं परस्पर प्रीती। चलहिं स्वधर्म निरत श्रुति नीती॥''

એટલે કે જ્યાં દૈવિક, દૈહિક અને ભૌતિક તકલીફ ન હોય, મનુષ્યો એકબીજાને પ્રેમ કરતાં હોય અને પોતાની જે મર્યાદા નક્કી કરી હોય એ પ્રમાણે સ્વધર્મનું પાલન કરતાં હોય. બીજો શ્લોક એવો છે કે

''राम राज राजत सकल, धरम निरत नर नारि।
राग न रोष न दोष दुखः, सुलभ पदारथ चारि॥''

એટલે કે જ્યાં નર-નારી પોતાના ધર્મમાં રત હોય અને જ્યાં કામ, ક્રોધ, દુ:ખ કશું જ ન હોય એ રાજ્યને રામરાજ્ય કહેવાય ત્યારે ગેરેંટીથી રામરાજ્ય કેવી રીતે આવશે? એ કલ્પના થઇ શકતી નથી. મને એક રૂપક યાદ આવે છે. એક રાજા હતો. એનું નામ હાબુચંદ હતું. એનો એક મંત્રી હતો. એનું નામ ગબુચંદ હતું. રાજા ફરવા નીકળ્યા એટલે એના પગમાં ધૂળ ચોંટી ગઇ. રાજાએ હુકમ કર્યો કે આ ધૂળ દૂર કરી નાંખો. આખા ગામમાં ઝાડુ મરાવ્યું પણ ધૂળ તો વધારે ઉડી. બીજા દિવસે નક્કી કર્યું કે હવે પાણી છંટાવી દો એટલે ધૂળ ઉડતી બંધ થઇ જાય. પાણી છાંટ્યું તો કીચડ થઇ ગયો. એનાથી રાજા દુ:ખી થઇ ગયો. રાજાને ખુશ કરવાની જરૂર હતી. એટલે મંત્રીશ્રી પાસે એક ચર્મકાર આવ્યો અને તેણે જોડા બનાવી દીધા એટલે રાજાને એમ થયું કે નવું સંશોધન આવી ગયું અને ઉકેલ મળી ગયો એમ વાત કરી. પછી તો આ જોડા અત્યારે રૂ.૧૦ હજારના થઇ ગયા. તેના ઉપર પૉલિસ કરવા માટે ચેરી બ્લોસમ પોલિસ પણ આવી ગયો, બ્રશ પણ આવી ગયું પરંતુ ધૂળ તો ત્યાંની ત્યાં રહી. તે જ રીતે વહીવટી તંત્રની આ ધૂળ ક્યારે દૂર થશે તેની ચિંતા આ પ્રસ્તાવમાં ક્યાંય કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે નાણાંના અભાવે કેટલીક યોજનાઓનો અમલ કરી શકતા નથી. કરકસરના કારણે આપણી જગ્યાઓ ભરતા નથી અને વહીવટી તંત્ર ખોરંભાઇ ગયું છે. જ્યારે અધિકારીઓને પૂછવામાં આવે તો જવાબ મળે છે કે અમારી પાસે માણસો નથી, અમે શું કરીએ? આઉટસોર્સિંગથી માણસો લાવવામાં આવે છે પણ તેની સામે આપણે બીજા રાજ્યો પાસેથી જે નાણાં લેવાના છે તેની કડક ઉઘરાણી કરી શકતા નથી. નર્મદા યોજના પેટે આપણે મધ્યપ્રદેશ પાસેથી રૂ.૫૨૨૫ કરોડ, મહારાષ્ટ્ર પાસેથી રૂ.૧૭૭૮ કરોડ અને રાજસ્થાન પાસેથી રૂ.૫૭૧ કરોડ મળી કુલ સાડા સાત હજાર કરોડ રૂપિયા લેવાના બાકી છે તે નાણાં આપણને પાછા મળી શક્યા નથી.

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓમાં બાળકોની આરોગ્ય ચકાસણી દરમિયાન એક રિપોર્ટ એવો બહાર આવ્યો છે કે બાળકોના હૃદયરોગની સંખ્યામાં ૫૯ ટકા જેટલો વધારો થયો છે જે ચિંતાજનક વલણ છે. માનનીય આરોગ્યમંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ બાબતે પોસ્ટ કોરોના ચકાસણી કરીને તેના માટે કોરોના જવાબદાર હતું કે નહીં તે બાબતનું આપણે રિસર્ચ કરાવીને તેનો ઉકેલ શોધવો જોઇએ. જેથી નવી પેઢીનું આયુષ્ય વધારી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ખેડૂતોની સંખ્યા ઘટતી જાય છે. જે ખેડૂતો છે તેમાં પણ નાના અને સીમાંત ખેડૂતોની સંખ્યા વધતી જાય છે જ્યારે મોટા અને મધ્યમ કક્ષાના ખેડૂતોની સંખ્યા ઘટતી જાય છે. વર્ષ ૨૦૧૦-૧૧ કરતાં વર્ષ ૨૦૧૫-૧૬માં સીમાંત ખેડૂતોની સંખ્યા ૨,૦૩,૧૯૩ વધી છે. અત્યારે સીમાંત ખેડૂતોની સંખ્યા ૨૦,૧૮,૮૨૭ છે. વર્ષ ૨૦૧૦-૧૧ની સરખામણીમાં વર્ષ ૨૦૧૫-૧૬માં નાના ખેડૂતોની સંખ્યા વધીને ૧,૮૬,૭૬૦ થઇ છે. અર્ધ મધ્યમ ખેડૂતોની સંખ્યા વધીને ૭૦,૭૨૧ થઇ છે. જ્યારે મધ્યમ અને મોટા ખેડૂતોની સંખ્યા ઘણી ઘટી છે. જમીન વધતી નથી પરંતુ ખેડૂતોની સંખ્યા ઘટે છે અને ખેડૂતોની આવક પણ ઘટે છે. ઉત્પાદકતા વધારવા માટેના પ્રયત્નો કરવા જોઇએ તે થતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે ૬૦ લાખ જેટલા કુલ કામદારો છે તેમાં બાંધકામ કામદારોની સંખ્યા સૌથી વધારે છે. અત્યાર સુધીમાં બાંધકામ સેસ પેટે રૂ.૪૫૬૦ કરોડની રકમ જમા થયેલી છે. તેમાંથી વર્ષ ૨૦૨૧માં રૂ.૨૭.૬૫ કરોડની રકમ વપરાયેલી છે અને તે જ વર્ષે વહીવટી ખર્ચ રૂ.૫૬.૨૮ કરોડ થયો છે. કામદારો પાસે જે રકમ પહોંચી તેના કરતાં વહીવટ કરવામાં ડબલ કરતાં વધારે ખર્ચ થઇ ગયો છે. વર્ષ ૨૦૨૨માં રૂ.૪૫.૫૮ કરોડનો વેલ્ફેર પાછળ ખર્ચ થયો, જ્યારે વહીવટી ખર્ચ રૂ.૫૦.૫ કરોડ થયો. ''સોના કરતાં ઘડામણ મોંઘું'' આ કહેવત આ સરકારને લાગુ પડે છે. વેલ્ફેરના ખર્ચ કરતાં વહીવટનો ખર્ચ વધી જાય છે. ગુજરાત એ સમૃદ્ધ રાજ્ય છે. એટલે એના મુખ્યમંત્રીશ્રી માટે પ્લેન લઇ આવે તો એમાં વાંધો હોઇ શકે નહીં પણ વર્ષ ૨૦૧૯માં રૂ.૧૯૭ કરોડનું પ્લેન લાવ્યા. આ પ્લેનનો બે વર્ષનો મેઇન્ટેનન્સ ખર્ચ રૂ.૨૦.૮૦ કરોડ આવ્યો. આટલી રકમમાં તો પ્લેન ભાડે મળી જાય. પ્લેન ભાડે લીધું હોત તો સારું થાત અને જવાબદારી પણ ના આવત. આપણા મુખ્યમંત્રીશ્રી અને ગવર્નરશ્રીએ જેટલો પ્રવાસ કર્યો હશે એટલો પ્રવાસ તો એના ડાયરેક્ટરે કર્યો છે. અલબત્ત, અત્યારે તો એમને કાઢી મૂક્યા છે. આટલા વર્ષ સુધી રાજ્ય સરકારના ધ્યાનમાં ન આવ્યું કે આ પ્લેનનો ઉપયોગ ડાયરેક્ટર એમના પરિવાર સાથે વતન જવા માટે કરી રહ્યા હતા. અનુસૂચિત આયોગની રચના કરવા માટે તા. ૧૭/૦૭/૨૦૧૯ના રોજ રાજ્ય સરકારે જવાબ આપ્યો હતો કે, સક્રિય વિચારણા હેઠળ છે અને આજે વર્ષ ૨૦૨૪ આવી ગયું છતાં પણ સક્રિય વિચારણા હેઠળ છે. રાજ્ય સરકારને આ માટે સમય મળતો નથી. છેલ્લા બે વર્ષમાં સફાઇ કામદારોને ગટર સાફ કરવા માટે ગટરમાં ઊતારવામાં આવ્યા. સુપ્રીમ કોર્ટની મનાઇ હોવા છતાં આ કામદારોને ગટરમાં ઊતારવામાં આવ્યા અને એમાં ૧૧ કામદારોના મોત થયા. આ ઘટનામાં જવાબદારોની સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ કરવો જોઇએ અને માનવ વધ માટે એમને જેલમાં મોકલવા જોઇએ. સુપ્રીમકોર્ટે વારંવાર કહ્યું છે કે, ''આ અમાનવીય કામ છે.'' સુપ્રીમકોર્ટની મનાઇ હોવા છતાં આ કામ કરવામાં આવ્યું છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વિદેશી દારૂ, દેશી દારૂ, બીયર અને અન્ય નશીલા પદાર્થોના આંકડા અને જથ્થા અંગેની માહિતી રાજ્ય સરકારે પ્રશ્નોત્તરીમાં આપી છે. છેલ્લા બે વર્ષમાં રૂ.૧.૯૭ કરોડનો ૫૧ કરોડ બોટલ વિદેશી દારૂ પકડાયો, રૂ.૩.૯૯ કરોડનો ૧ કરોડ લિટર દેશી દારૂ પકડાયો અને રૂ.૧૦.૫૧ કરોડની ૨.૯૯ કરોડ બોટલ બીયર પકડાઇ. અફીણ, ચરસ, ગાંજો, હેરોઇન, પોસડોડા, પાઉડર અને અન્ય ડ્રગ્સ રૂ. ૬૨૦૧ કરોડના પકડાયા. એમાં તા.૧૭/૦૩/૨૦૨૩ની સ્થિતિએ ૩૭૭૧૬ આરોપીઓ પકડવાના બાકી હતા. કુલ રૂ.૬૪૧૩ કરોડના નશીલા પદાર્થો પકડાયા છે. આપણે ગિફ્ટ સિટીમાં એક આઇલેન્ડ બનાવીને ત્યાં છૂટ આપી છે. મહાત્મા ગાંધીજીએ એવું ક્યારેય નહોતું કહ્યું કે, ''તમે કાયદેસર દારૂ ના આવવા દો પણ ગેરકાયદેસર જેટલો વેચાય એટલો વેચાવા દો''. જો ગેરકાયદેસર આપણાથી રોકી શકાતો ન હોય તો દંભ કરવાની જરૂર નથી. આપણે જે સ્થિતિ છે એનો સ્વીકાર કરીને આ નીતિને બદલવા માટે કંઇક વિચારવું પડે, આત્મખોજ કરવી પડે એવી સ્થિતિ ઊભી થઇ છે. આજે ઘેર-ઘેર ગૃહઉદ્યોગની જેમ દારૂ વેચાય છે. પોલીસ અને વહીવટી તંત્રને જવાબદાર ગણવા કરતાં આપણે સૌ એના માટે જવાબદાર છીએ. હજારો લોકો કમોતે મરી રહ્યા છે. મેં જાતે જોયેલા છે. આપણે એના ખરખરે જઇએ છીએ. ગેરકાયદેસર દારૂ ચારેય બાજુ વેચાય છે એને અટકાવીને એવી કોઇ નીતિ લાવવી જોઇએ કે જેના કારણે આ ગેરકાયદેસર લઠ્ઠો વેચાય છે એમાંથી આપણી યુવાન પેઢીને બચાવી શકીએ. એટલે આ ઠરાવ સાથે હું દિલગીરી સાથે સહમત થઇ શકતો નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર(હાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને સભ્યશ્રી કેશાજી ચૌહાણે સમર્થન કર્યું છે એ આભાર પ્રસ્તાવને હું પણ સમર્થન કરવા ઉપસ્થિત થયો છું. રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે આપણે જોઇએ તો આપણા અનેક વિભાગોએ એમાં મહત્ત્વની કામગીરી કરેલ છે. જયારે આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે એમણે રાજ્યના દરેક વિભાગોમાં કેવી રીતે સારામાં સારી કામગીરી થાય તે માટે એ વિભાગોમાં અભૂતપૂર્વ કામગીરી આપણા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળની સરકારે કરી હતી.

**માનનીય સભાપતિ શ્રી પંકજભાઇ દેસાઇ અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, જેના ભાગરૂપે સમગ્ર દેશે એની નોંધ લીધી છે. આમ જોવા જઇએ તો આપણી રાજ્ય સરકારનો ઊર્જા વિભાગ પણ સામાજિક અને આર્થિક વિકાસ માટે એક ખૂબ અગત્યનો અને મુખ્ય જરૂરી માપદંડ છે. મને ખ્યાલ છે કે આપણા રાજ્યમાં ઊર્જા વિભાગમાં એક ઐતિહાસિક નિર્ણય આપણા રાજ્યની સરકારે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના

નેતૃત્વ હેઠળ લીધો હતો. એક સમય એવો હતો કે જયારે ગામડામાં રાત્રે જમવાનો સમય થાય અને બરાબર જમવાના સમયે લાઇટ જતી રહેતી હતી. આપણી રાજ્ય સરકારે જયારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે એમના નેતૃત્વ હેઠળ જયોતિ ગ્રામ યોજનાની શરૂઆત કરી અને જયોતિ ગ્રામ યોજનામાં ૨૪ કલાક આપણા ગ્રામ્ય વિસ્તારમાં લાઇટ મળે એની ચિંતા આપણા રાજ્યની સરકારે કરી હતી. મને ખ્યાલ છે જે દિવસે આ સન્માનનીય સભાગૃહમાં જયોતિ ગ્રામ યોજનાની જાહેરાત થઇ એ દિવસે હું પણ આ સન્માનનીય સભાગૃહમાં એનો સાક્ષી હતો. આ ખૂબ સુંદર યોજનાની જયારે જાહેરાત કરી એ સમયે વિરોધપક્ષોએ આ સન્માનનીય સભાગૃહમાંથી વૉકઆઉટ કર્યું હતું. જયારે ગરીબ પરિવાર હોય, છેવાડાનું ઘર હોય એને સરકારની યોજનાનો લાભ મળે તે માટે સમગ્ર દેશમાં પહેલી વખત જયોતિ ગ્રામ યોજના જેવી યોજના આપણી રાજ્યની સરકાર લઇને આવી હતી. એમાં પણ આપણને વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સહકાર આપ્યો ન હતો. એ વિકાસ એવો હતો કે જેની નોંધ સમગ્ર દેશે લીધી હતી. આપણા રાજ્યના સરપંચશ્રીના ત્યાં ૨૪ કલાક લાઇટ હોય પણ આપણા દેશમાં જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશના વડાપ્રધાનશ્રી કે દેશના રાષ્ટ્રપતિશ્રીના ત્યાં ૨૪ કલાક લાઇટ ન મળે. એમના ત્યાં લાઇટ જાય તો જનરેટર ચાલુ કરવું પડે અને આપણા ગામના સરપંચશ્રીના ત્યાં ૨૪ કલાક લાઇટ મળે. આ ઐતિહાસિક કામગીરી આદરણીય મોદી સાહેબના નેતૃત્વ હેઠળની આપણી રાજ્ય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે જોઇએ તો બીજો એક ઐતિહાસિક નિર્ણય પણ આપણી રાજ્ય સરકારે લીધો હતો. આપણા રાજ્યના ખેડૂતોને જયારે રાત્રે ખેતરમાં પાણી વાળવા જાય અને વીજળી રાત્રે મળતી હતી એનાથી અનેક પ્રશ્નો હતા. તે માટે આપણી રાજ્યની સરકારે હમણાં જ નિર્ણય લીધો કે સમગ્ર દેશમાં સૌપ્રથમ આપણા રાજ્ય એ કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી અને લગભગ રૂ.૩૫૦૦ કરોડ જેટલી માતબર રકમની આપણા બજેટમાં જોગવાઇ કરી એના લીધે, ખેડૂતોને દિવસે ખેત ઉત્પાદન માટે વીજ સપ્લાય મળે એની શરૂઆત આપણા રાજ્યમાં આપણા રાજ્યની સરકારે કરી છે. સમગ્ર દેશમાં આપણી પહેલી રાજ્ય સરકાર હતી કે જેણે આ શરૂઆત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ એક ઐતિહાસિક યોજના ગુજરાત સોલાર રૂફટોપ યોજના છે. આ યોજનાથી રાજ્યના રહેણાંક વીજ ગ્રાહકોને સોલાર એનર્જીના વપરાશમાં વધારાના હેતુથી નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૪,૯૪,૫૬૮ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે. આનાથી આપણી વીજ ઉત્પાદનની જે જરૂરિયાત છે એના જે લાભાર્થી હશે, જેનું કનેકશન હશે એને તો વિનામૂલ્યે આનો લાભ મળવાનો છે પણ જે વધારાનું વીજ ઉત્પાદન થશે એના નાણાં પણ એ લાભાર્થીને, એ વીજ ગ્રાહકને મળવાના છે. આવો એક ઐતિહાસિક નિર્ણય આપણી રાજ્યની સરકારે લીધો છે અને યોજના અમલમાં મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩-૨૪માં લગભગ ૨૩૮૨ મેગાવોટના વધારા સાથે રાજ્યની કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૪૮૬૧૨ મેગાવોટ થયેલ છે. જે પૈકી બિન પરંપરાગત ઊર્જાની સ્થાપિત વીજ ક્ષમતા ૨૨૬૬૮ મેગાવોટ છે. જે કુલ સ્થાપિત વીજ ક્ષમતાના ૪૭ ટકા જેટલી છે. વિશ્વનો સૌથી મોટો એવો ૩૦ હજાર મેગાવોટની ક્ષમતાનો રીન્યુએબલ એનર્જી પાર્ક ખાવડા, કચ્છ ખાતે વિકસાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જેની ૫૦ ટકા વીજ ક્ષમતા ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં અને ૧૦૦ ટકા વીજ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૬માં સ્થાપવાનો લક્ષ્યાંક છે. રાજ્યમાં અનેક નવીન સબ સ્ટેશનો, વીજ રેસાઓ તેમજ વીજ પ્રવાહના માળખાને વધુ સુદઢ કરવાની કામગીરી માટે ૩૬૪૯ કરોડનો ખર્ચ પણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના રાડાનેસડા ગામ ખાતે પડતર જમીન ઉપર સ્થપાનાર અલ્ટ્રા મેગા સોલર પાવર પ્રોજેક્ટ કુલ ૭૦૦ મેગાવોટ પૈકી ૬૦૦ મેગાવોટ સોલર પ્રોજેક્ટ કાર્યાન્વિત થઇ ગયો છે. ગ્રીન હાઇડ્રોજનની વાત કરું તો ભારતના ૭૫માં સ્વાતંત્ર્ય દિને આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાષ્ટ્રીય હાઇડ્રોજન મિશનની ઘોષણા કરી. ત્યારબાદ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૫ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજનની ક્ષમતા હાંસલ કરવાના મહત્ત્વકાંક્ષી લક્ષ્ય સાથે નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન જાહેર કર્યું. આ જે મિશન છે, એમાં રાષ્ટ્રની ઊર્જા જરૂરિયાતના ૫૦ ટકા જરૂરિયાત રીન્યુએબલ ઊર્જાના માધ્યમથી મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ભારત સરકારના લક્ષ્યાંકો સાથે રાજ્યના લક્ષ્યાંકોને સુસંગત કરવા અર્થે સ્વચ્છ ઊર્જા તરફ એનર્જી ટ્રાન્સમિશન માટે રાજ્ય સરકાર મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. આ લક્ષ્યાંકોને પરિપૂર્ણ કરવા માટે ગુજરાત સરકારે રીન્યુએબલ એનર્જી પોલિસી ૨૦૨૩ પણ જાહેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઇએ તો એક સમય એવો હતો કે જો ખેડૂતોને પોતાના ખેતરમાં કૃષિ વીજ જોડાણ જોઇતું હોય તો દસ દસ, બાર બાર કે પંદર પંદર વર્ષ નીકળી જતા હતા. જયારે આજે તો જે વર્ષે અરજી કરે તે જ વર્ષે ત્રણ, ચાર કે છ મહિનામાં કનેકશન મળી જાય છે. આ રીતે ખેડૂતોની પણ ચિંતા જો કોઇએ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની રાજ્યની સરકારે કરી છે. આવી ઐતિહાસિક કામગીરી આપણી રાજ્ય સરકારે કરી છે અને જેના થકી ઉદ્યોગો હોય કે ખેડૂતો હોય. એના માટે પણ આ ઊર્જા વિભાગ થકી અનેક ઐતિહાસિક નિર્ણયો રાજ્યની સરકારે લીધા છે. જેનો લાભ સમગ્ર રીતે રાજ્યને થયો છે. હું આ આભાર પ્રસ્તાવને મારું સમર્થન આપું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન બદલ આભાર માનતો પ્રસ્તાવ અમારા સિનિયર ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ લઇને આવ્યા છે, તેને હું અનુમોદન આપું છું અને એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અત્યારની રાજ્ય સરકારનું જે વિઝન છે અને જયારથી બે દાયકાથી માનનીય તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતના વિકાસનો જે પાયો નાંખ્યો અને એ પાયા ઉપર જે પ્રકારે વણથંભી વિકાસની

યાત્રા માનનીય લોકપ્રિય મુખ્યમંત્રી કે જેમનું નામ છે ભૂપેન્દ્ર. ભૂ એટલે જમીન અને ભૂપેન્દ્ર એટલે વિજય માનનીય શૈલેષભાઇ. એટલે આ અશ્વમેઘ વિજયનો રથ અત્યારે ગુજરાતમાં ફરી રહ્યો છે અને વિજય થતાં થતાં આટલે સુધી વિજય મેળવી લીધો છે અને હવે થોડોઘણો જ બાકી રહ્યો છે. એ જ પ્રકારે દેશમાં માનનીય નરેન્દ્રભાઇનો અશ્વમેઘ વિકાસનો રથ ફરી રહ્યો છે અને અત્યારે દેશની બહાર જઇને દુનિયાના દેશોમાં એ રથ ફરી રહ્યો છે, જેને કોઇ રોકવાની હિંમત કરી શકતું નથી. મા ભારતી, પરમ વૈભવના શીખર ઉપર બીરાજમાન થવાના છે એ દેશની જનતાએ સુનિશ્ચિત કરી લીધું છે. જે પ્રકારે અહીંયા નાની મોટી ટીકાઓ પણ થઇ અને હું માનું છું કે ટીકાઓ કરવી પણ જોઇએ કારણ કે સરકાર જયારે આવડો મોટો વિકાસ કરે છે ત્યારે સીનીયર પ્રતિપક્ષના માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ એક-બે વાત કરી કે તંત્ર ઉપરથી ધૂળ ઉડાવવી પડે. જો તંત્ર ઉપર ધૂળ લાગી ગઇ હોય તો ધોલેરા સર ના બન્યું હોત. જે લોકો ધોલેરા સરની જયારે માનનીય નરેન્દ્રભાઇના કાળમાં નીમ મૂકાણી ત્યારે જે લોકો હસતા હતા કે આવું તો શકય ના બને, કારણ કે સ્વાભાવિક છે કે એ વિચાર પણ જો આ ના કરી શકે એના માઇન્ડમાં આ આવે જ નહીં અને એવા સમયે ધોલેરા સરની નીમ મૂકાણી અને આજે ઔદ્યોગિક સિટી તરીકે ગુજરાત દેશની અંદર ઉપસી રહ્યું છે. એ જ પ્રકારે હમણાં વાત થઇ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા નગર, એ જ પ્રકારે ગિફ્ટ સિટી, હજારો લોકોને એમાંથી નોકરી અને રોજગારી મળી રહેશે, એવા સમયે મને લાગે છે કે દરેક પ્રકારના ગુજરાતના વિકાસને લઇ અને જે પ્રકારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને માનનીય નાણામંત્રીશ્રી, અહીં આખી આગલી હરોળમાં બધા મૃદુ અને મક્કમ છે, બધા કામ વધુ કરે છે, બોલે ઓછું એવા મંત્રીઓ જયારે અહીં બેઠા છે ત્યારે માનનીય નાણામંત્રીનો હું આભાર માનીશ કે છેલ્લા બે દાયકામાં ગુજરાતનું મોટું મહાકાય બજેટ જયારે ફાળવ્યું છે ત્યારે ગુજરાતની જનતાની રહેણી કહેણી, એનું જીવન સ્તર જે ઉંચું આવ્યું છે એ અત્યારે આપણને રસ્તા ઉપર અને ઘરે ઘરે દેખાય છે પછી એ વીજળીની વાત હોય, વીજળીનો વપરાશ જે વધ્યો છે એ એમનેમ નથી વધ્યો. સામાન્ય પરિવારને ત્યાં પહેલાં પંખા નહોતા આજે એમના ઘરે એ.સી. લાગ્યા છે. આ જીવન ધોરણ જે ઉંચું આવ્યું છે એનો પૂરાવો છે. એક-બે દિવસ પહેલાં એવી ચર્ચા થઇ હતી કે ૨૦ વર્ષ પહેલાં જે લોકો જીવન જીવતા હતા એનાથી વધુ પછાત થયું છે. હું દાવા સાથે કહું છું કે જો ગુજરાતનું તંત્ર કામ ના કરતું હોત, આ દેશનું તંત્ર જો યોગ્ય રીતે કામ ના કરતું હોત તો કોરોના કાળમાં એવા સમયે તાત્કાલિક આટલા કરોડ લોકોને, ગુજરાતની જનતાને જે તરત જે રસી આપવાનું કામ કર્યું છે એ કોઇની તાકાત નહોતી, એ આ ગુજરાત સરકારની નીચે ચાલતા તંત્રએ એ કામ કર્યું છે. નહીં તો મને લાગે છે કે આમાં ઘણા લોકો ના હોત. ગુજરાતની જનતાને જે આત્મનિર્ભર બનાવવાનું કામ કર્યું છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એમના તંત્ર દ્વારા થઇ રહ્યું છે. જે પ્રકારે ટીકા થઇ, ક્ષતિઓ પણ અમારામાં હોય, કામ કરીએ છીએ એટલે ક્ષતિ હોય, મને હમણાં એક ફોન આવ્યો હતો કે શ્રી વિનુભાઇ, આપણે ત્યાં સુરતમાં તાપી ઉપર એક પાળો બનાવ્યો છે એટલે ત્યાં થોડા ઘણા ઝાડ કટિંગ કે રોડ વધારે સારો કરવો પડશે પણ એ આગળ ૫૦ વર્ષમાં હતો જ નહીં. હવે એ બનાવ્યો એટલે સ્વાભાવિક છે કે અંદર કંઇકને કંઇક ક્ષતિઓ ઊભી થાય. ગુજરાતની અંદર જે પ્રકારે રસ્તાઓ બનાવ્યા છે એ રસ્તાઓ ઉપર ખાડા એટલા માટે દેખાય છે કે આપણે રોડ બનાવ્યા છે. એ બનાવવાના કામમાં આવડું મોટું બજેટ વપરાય છે. માનનીય અમિતભાઇએ પણ વાત કરી કે લોકોના પૈસા, ટેકસ વેડફાય ત્યારે અમારે બોલવું જોઇએ. હું એમના માટે એક વાત કરવા માગું છું કે જે પ્રકારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દેશમાં હોય કે આ રાજયમાં હોય જે પ્રકારે તંત્ર ચાલી રહ્યું છે, આટલો મોટો વિકાસ થયો છે તો હું માનું છું કે યોગ્ય જગ્યાએ પૈસા વપરાય છે. માનનીય ઊર્જામંત્રી અને માનનીય નાણામંત્રીએ જે પ્રકારે જવાબો સ્પષ્ટ આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી કે જો આની જગ્યાએ માનનીય નીતિનભાઇ હોત તો જે પ્રકારે પોલિટિકલ પ્રશ્નો પૂછવામાં આવે છે એજ પ્રકારે જવાબ આપ્યા હોત પરંતુ નાણામંત્રીશ્રી સૌમ્ય અને મૃદુ છે એટલે એ પ્રકારે એમણે જવાબ આપ્યા. પહેલાં તો ટેન્ડર જ નહોતા થતા. લાગતા વળગતા સગાંવ્હાંલાઓને આપી દેવામાં આવતું હતું. માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતની અંદર આ ટેન્ડર પદ્ધતિ લાગુ કરી, ત્યારથી ટેન્ડર પ્રક્રિયા અને દેશની સરકારે જે નીતિ કરી હતી એ નીતિ અનુસાર રાજય સરકાર વીજળી ખરીદે છે અને ખાલી એક મુદ્દો લાવવામાં આવ્યો, વીજળી ઉત્પાદનમાં જયારે ગુજરાત અગ્રેસર છે તો આ કામ ૫૦ વર્ષ પહેલાં ગુજરાતમાં કોઇને સૂઝયું જ નહોતું? આવડું મોટું વીજળીનું કામ, ૨૪ કલાક વીજળી મળી, વચમાં એક દિવસ એવો આવ્યો હતો કે વીજળીની વિશ્વ લેવલે તંગી ઊભી થાય એવો ભય પેદા થયો હતો અને એવા સમયે માનનીય ઊર્જામંત્રીએ ગુજરાતને વીજળીની કંઇ તકલીફ નહીં પડે એવું વચન આપ્યું હતું અને એ પૂરું કર્યું. એ કાળ આખી દુનિયામાં ચાલતો હતો એવા સમયે થોડો પણ સમય વિજળી ના હોયને તો શું પરિસ્થિતિ થાય? એ ગુજરાતની જનતા જાણે છે ત્યારે આ રાજ્ય સરકાર કામ કરી રહી છે અને માનનીય રાજ્યપાલશ્રીએ પ્રવચન કર્યું છે એનો આભાર પ્રસ્તાવ માનનીય નરેશભાઇ લઇને આવ્યા છે તેમને હું અનુમોદન આપું છું અને એમનો ખૂબ ખૂબ આભાર.

સભાપતિશ્રી : માનનીય સંગીતાબેન.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમને હું અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરું છું. ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે, ''અત્ર નારી તુ પૂજ્યતે, રમતે તત્ર દેવતા:'' એટલે જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાનો વાસ થાય છે. પછી એ કોઇપણ ક્ષેત્ર હોય, એ રાજકીય કે સામાજિક ક્ષેત્રે હોય એના માટે આજે મને એક પંક્તિ યાદ આવે છે-

તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

'' નારી તું નારાયણી, તું છે તારણ હારી, તું છે શક્તિ, તું છે ભક્તિ, તું છે મહાદેવી, પ્રેમની પ્રેરણામૂર્ત મૂર્તિ, સહનશીલતાની દેવી, રીઝે તો જગને તારે અને ખીજે તો સંહારે. નારી તું નારાયણી નહીં અબળા તું નારી કહે નર નારીને સ્ત્રીની બુદ્ધી પગની પાનીએ''

પણ એ નર સમજી લે કે આ કળયુગની સ્ત્રી ખભેખભા મિલાવીને ઉડાન ભરે છે. આધુનિક સમાજમાં મહિલાઓની અગત્યની ભૂમિકા છે. આજે જ્યારે મહિલાઓ માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ નારી શક્તિ વંદનાના ઐતિહાસિક કાયદાથી મહિલા સશક્તિકરણને વધુ વેગ આપ્યો છે પછી એ રાજકીય કે સામાજિક ક્ષેત્ર હોય. આજે દેશની મહિલા દરેક ક્ષેત્રમાં આગળ છે. નારી શક્તિ વંદના અધિનિયમનો કાયદો લાગુ થવાથી મહિલાઓનું સન્માન વધશે. આજે મહિલાઓ પ્રત્યે લોકોની વિચારસરણી અને વિચાર બદલાશે અને એટલા માટે જ્યારે મહિલાઓમાં કોમળતા સાથે અડગતાથી, સહનશીલતાની સાથે મક્કમતાથી, પરિશ્રમની સાથે પરમાર્થતાથી અને આ ઉપરાંત ધીરજતા, ગંભીરતા, નમ્રતા અને પ્રેમનો સંચય એટલે નારી. પ્રકૃત્તિએ નારીમાં મૂકેલા આવા અનેક ગુણોને વધુ સારી રીતે ખીલવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. નારીશક્તિ વંદનાના કાયદાથી હવે મહિલાઓ રાજકિય ક્ષેત્રે ૩૩ ટકા નેતૃત્ત્વ કરી શકશે. આ અધિનયમ લાગુ થવાથી આ સભાગૃહમાં મહિલાઓ ૩૩ ટકા આવશે ત્યારે વિચાર કરો કે આ સભાગૃહનો માહોલ કંઇ અલગ જ હશે. મહિલા રક્ષિત ખૂબ યોજનાઓ છે પછી એ યોજના કેન્દ્ર કે રાજ્ય સરકારની હોય એ યોજનાનો લાભ મહિલાઓ ખૂબ લઇ રહી છે. મહિલાઓ માટે સતત પ્રયત્નશીલ અમારી સરકાર મહિલાઓના ઉત્થાન માટે સતત કામ કરતી આવી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્ત્વમાં દેશમાં સશક્તિકરણનો નવો અધ્યાય શરૂ થયો છે. આજે દેશની દીકરીઓ હાઇટેક જેટ ઉડાવી રહી છે અને સેનામાં કાયમી ભરતી થઇને દેશની સીમાને સુરક્ષિત કરી રહી છે ત્યારે કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજ્યમાં શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ડબલ એન્જિનવાળી સરકાર લોકોના સપના સાકાર કરી રહી છે. ગુજરાત સરકારે મહિલાલક્ષી જનરલ બજેટ તૈયાર કરીને મહિલાઓના સશક્તિકરણ માટે ૮૯૧ મહિલાલક્ષી યોજના કાર્યાંવિત છે. કુલ ૧૭૮ જેટલી માત્ર ને માત્ર મહિલાલક્ષી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આજે રાજ્યમાં આ યોજનાના અમલીકરણ માટે ૭૯ લાખ ૩૩૭.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આજે રાજ્યમાં ૫૨ ટકા મહિલાઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. ગુજરાત રાજ્યમાં ૧૪.૪૧ લાખથી પણ વધુ સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતા ખોલવામાં આવ્યાં છે જેના લીધે આજે દીકરીનું ભવિષ્ય પણ ઉજ્જવળ બન્યું છે. ૩૩ લાખ મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ગેસના કનેકસન મળ્યાં છે. મહિલાઓનું માતૃત્ત્વ સુખમય રહે તે માટે પણ દેશની મહિલાઓને પગાર સાથે મેટરનિટી લીવ મળી છે અને રાજ્યની ગર્ભવતી અને ધાત્રીમાતાઓને પણ ૧ હજાર દિવસ સુધી મળે એવી રીતે ૧ કિલો તુવેરદાર, ૨ કિલો ચણા અને ૧ લિટર ખાદ્યતેલ આપવામાં આવી રહ્યું છે એના માટે રાજ્ય સરકારે ૮૦૦ કરોડની ફાળવણી કરી છે અને એટલા માટે આજે માતાની સાથેસાથે એના બાળકનું પણ ધ્યાન અમારી સરકાર રાખે છે. રાજ્યના એકેએક બાળકો અને સગર્ભા મહિલાઓને રસીકરણ કરી રસીકરણ સેવાઓ અંતર્ગત આવરી લેવામાં આવી છે. ગુજરાત રાજ્યની દરેક મહિલા અને બાળકો ડબલ એન્જિનની સરકારમાં સુખી અને સક્ષમ છે એટલે કહેવાનું મન થાય છે કે રામરાજ્યની શરૂઆત થઇ ગઇ છે. બધાક્ષેત્રનો સર્વાંગી વિકાસ એ ગુજરાત સરકારનો લય છે. આદરણીય નરેન્દ્રભાઇએ જે કેડી કંડારી છે એ કેડી ઉપર ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલી રહી છે અને સરળતાથી વિકાસ થઇ રહ્યો છે. એમાં મહિલા અને બાળવિકાસના ક્ષેત્રે પણ મહિલાઓએ સિદ્ધિ હાંસલ કરી છે. આ સરકારે કેટલું આપ્યું છે એની યાદી તો ઘણીમોટી છે. મહિલાઓને સશકત કરવા માટે, બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે આ સરકારે ઘણું કર્યું છે. ઘણું કરી રહી છે અને કરવાની છે જેથી ગુજરાતની અને દેશની જનતાને પોતાનું ભવિષ્ય યોગ્ય હાથોમાં સોંપ્યું છે તેની પ્રતિતિ થાય છે. માનનીય નરેન્દ્રભાઇની સરકાર હતી અને આજે શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર છે. નીતિ અને નિયત છે. લોકકલ્યાણની નીતિ અને છેવાડાના માણસ સુધી પહોંચે તેવી નિયત ખરેખર વંદનીય છે. હું મારા સુરત શહેરની વાત કરું તો મારા સુરત શહેરમાં લીંબાયત વિસ્તારમાં જયારે અમે સુકન્યા સમૃદ્ધિ યોજનાના એકએક દીકરીઓના જે ખાતા ખોલાવ્યા છે આજે મને આનંદ છે કે ૧૦૦૦૦ થી ૧૨૦૦૦ મારા વિસ્તારની જે દીકરીઓ છે એના અમે ખાતા ખોલાવ્યા છે અને એનો પહેલો હપ્તો પણ અમે પૂરો પાડયો છે. આ દીકરીઓ જયારે મોટી થશે અને પૈસા આવશે ત્યારે એ પૈસામાંથી એ સારું એજયુકેશન લઇ શકશે. એની સાથેસાથે કદાચ એનું મેરેજ કરવું પડે ત્યારે પણ સુકન્યા સમૃદ્ધિ યોજના ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે. આ સરકારની સુશાસનની પ્રણાલિ વંદનીય છે, અભિનંદનીય છે. આ સરકારમાં તમામ વર્ગના લોકોને તેમના કલ્યાણની પ્રતિતિ થાય છે. સરકાર અને સરકારમાં બેઠેલા સૌના હૈયે કવિ કરસનદાસ માણેકની એ પ્રાર્થના જેવી રચના રમતી હોય તેવું લાગે છે.

જીવન અંજલિ થાજો મારું જીવન અંજલિ થાજો.

ભૂખ્યા કાજે ભોજન બનજો તરસ્યાનું જળ થાજો.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી અરૂણસિંહ રણા.

શ્રી અરૂણસિંહ અ. રણા**(**વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાજયપાલશ્રી દ્વારા કરાયેલા સંબોધનના અનુસંધાનમાં મારે બોલવાનું છે ત્યારે ખાણ અને ખનીજ વિભાગ નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ખનીજ ક્ષેત્રોની ફાળવણી, પારદર્શકતા સ્પર્ધાત્મક અને બીન ભેદભાવયુકત રીતે કરવા સૂચવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા ખનીજના કાયદાના તમામ ખનીજો ફકત જાહેર હરાજીથી જ ફાળવવા માટે સુધારો કરેલો છે. ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર હંમેશા પારદર્શકતા આવે, વિશ્વસનિયતા

જળવાય, ખાણ ખનીજની અંદર સંપૂર્ણ આવક થાય એવી આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર હંમેશા કટિબદ્ધ હોતી હોય છે. ગુજરાત સરકાર દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટના સૂચન, કેન્દ્રના કાયદાને ઘ્યાનમાં લઇ ગુજરાત ખાણ ખનીજ છૂટછાટ નિયમો ૨૦૧૭ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે મુજબ તમામ ખાણ ખનીજ નિકાસ જાહેર હરાજીથી જ કરવાની રહેતી હોય છે. જાહેર ખનીજની ફાળવણી માટે રાજય સરકાર દ્વારા વિવિધ ખનીજ સભર વિસ્તારમાં ખનીજ સંશોધન કરી ડીએસ્કેવેશન સરવે કરાવી સંશોધન કર્યા બાદ ભૂસ્તરીય અહેવાલ જી.આર. તૈયાર કરવામાં આવેલો છે અને પારદર્શકતા આવે એ માટે જાહેર હરાજી માટે વિસ્તાર ખનીજ ઉપલબ્ધ જથ્થો પ્રાપ્ત થયેલ જાહેર હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જાહેર હરાજી માટે સરકાર દ્વારા બહોળી પ્રસિદ્ધિ ધરાવતા પેપરમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. જાહેરાત ઓનલાઇન પણ પ્રસિદ્ધ કરવામાં આવતી હોય છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશાં આવી કાર્યવાહી કરવા માટે કટિબદ્ધ છે. ખાણ-ખનીજમાં ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં જોયું હશે તો કોલસાકાંડમાં કેટલો ભ્રષ્ટાચાર? આપણે ગર્વ સાથે કહીએ છીએ કે, આ ગુજરાતની સરકાર આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના દૃષ્ટિકોણથી ચાલી રહી છે અને તમે કોઇ દિવસ ભ્રષ્ટાચારની વાત સાંભળી નથી. કોંગ્રેસના શાસનમાં હંમેશાં ભ્રષ્ટાચાર થતો. સવારમાં પેપર ખોલે તો ખબર પડે આજે કૌભાંડ થયું છે. બીજે દિવસે, ત્રીજે દિવસે પણ આવું જ હોય. વખતો વખત ભ્રષ્ટાચાર કરવામાં આવેલો છે. જાહેર હરાજીમાં બે તબક્કાની પ્રક્રિયા કરવામાં આવે છે. સદર જાહેર હરાજીમાં બોલી બોલનારને ઇરાદાપત્રક આપવામાં આવે છે. સદર ઇરાદાપત્રકમાં શરતો, બોલીઓ, મંજૂરીઓ, કરારખતની કાર્યવાહી કરીને લીઝની ફાળવણી કરવામાં આવે છે. ગૌણ ખનીજમાં પણ ઇ.હરાજી કરવામાં આવે છે. આજદિન સુધી રાજયમાં ગૌણ ખનીજો માટે કુલ ૩૧૨૮ બ્લોક જાહેર કરવામાં આવેલ છે. આ બ્લોકને જાહેર હરાજી માટે મૂકવામાં આવ્યા છે તે પૈકી ૧૯૭૫ બ્લોકસની સફળતાપૂર્વક હરાજી પૂર્ણ થઇ છે. ૧૦૫૧ બ્લોક ધારકોને ઇરાદાપત્રક આપવામાં આવેલા છે. ઉપરોકત પૈકી ૩૬૫ બ્લોક શિડ્યુલ વિસ્તારમાં જાહેર હરાજી દ્વારા ફાળવવામાં આવેલ છે. જેનાથી શિડ્યુલ વિસ્તારમાં રોજગારીની વિપુલ તકો પ્રાપ્ત થશે. ઉપરોકત બ્લોક હરાજી માટે કુલ રૂ.૪૧ કરોડ ૨૩ લાખની આવક સરકારને થઇ છે. પહેલાં કોંગ્રેસના શાસનમાં ખાણ ખનીજમાં માફીયાગીરી થતી હતી. આજે ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કોઇપણ ચમરબંધી હોય તેને કયારેય પણ છોડતી નથી અને છોડવા માગતી નથી. આ ઉપરાંત રાજ્ય સરકારને રોયલ્ટી પેટે કુલ ૧૧૪૫૬ કરોડ રૂપિયાની આવક થઇ છે. આ પારદર્શકતા છે. ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે, અનુસૂચિત ક્ષેત્રોમાં કવોરી લીઝની ફાળવણી માટે વિશેષ જોગવાઇ જી.એમ.એમ.સી.આર-૨૦૧૭માં કરવામાં આવી છે. અનુસૂચિત વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના વ્યક્તિ માટે અનામત રાખવામાં આવેલી છે. આજદિન સુધી અનુસૂચિત વિસ્તારમાં કુલ ૮૬૫ બ્લોક બનાવીને ઇ.હરાજી કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ખૂબ મોટાપાયે પારદર્શક પ્રયાસો કરી રહી છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ આ ગૃહના માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ લઇને આવ્યા છે અને જેને અનુમોદન સભ્યશ્રી કેશાજી ચૌહાણે આપ્યું છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામ માટે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આ વખતના બજેટની અંદર લગભગ રૂ.૨૦૯૮ કરોડની જોગવાઇ કરી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ સને ૧૯૯૫માં અસ્તિત્વમાં આવેલું.માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામોમાં મુખ્ય ૮ યાત્રાધામો ગીર સોમનાથ, દ્વારકા, પાલીતાણા, ડાકોરો, શામળાજી, પાવાગઢ વગેરે ઉપરાંત ૩૫૮ જેવા સ્થાનો માટે યાત્રાધામની પ્રાથમિક સુવિધા અંગેના કામો યાત્રાધામ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલા છે. પાવાગઢ એ વિશ્વ પ્રસિદ્ધ સ્થાનોમાં ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વર્ષોથી માતાના મંદિરમાં ઘ્વજા વગર હિન્દુઓની ધાર્મિક લાગણી દૂભાતી હતી. ઘ્વજા ફરકાવવાનું આ કામ વર્ષો પછી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. આજ રીતે અંબાજી યાત્રાધામ, બહુચરાજી યાત્રાધામ અને દ્વારકા યાત્રાધામમાં પણ વિકાસનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે અને દેવભૂમિ દ્વારકા કોરીડોર બનાવવાનું આયોજન પણ કરેલ છે. પર્વતીય યાત્રાધામોની સફાઇ અને અન્ય યાત્રાધામોની સફાઇ ઝુંબેશ કરીને સફાઇ કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ગુજરાતના વરીષ્ઠ નાગરિકોને ધાર્મિક સ્થાનોએ સરળતાથી દર્શન થાય તે માટે શ્રવણ તિર્થ યોજનાથકી સરકારી બસ એસ.ટી. બસમાં પણ સરકાર દ્વારા સહાય કરવામાં આવે છે અને એજ રીતે સિંધુ દર્શન યોજનામાં ગુજરાત સરકાર સહાય કરે છે અને કૈલાસ માન સરોવર યાત્રા માટે પણ ગુજરાત સરકાર આર્થિક મદદ કરે છે અને ગુજરાતના વરિષ્ઠ નાગરિકોને દર્શનનો લાભ મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીરામ જન્મભૂમિ સબરી સ્મૃતિ યાત્રા માટે પણ ગુજરાતના એસ.ટી., એસ.સી. ભાઇ બહોનેને આર્થિક સહાય ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પવિત્ર યાત્રાધામને પ્રોત્સાહન મળી રહે અને સ્થાનિક રોજગારી મળી રહે તેવા આશયથી વિકાસની વણઝાર કરી છે. મારા મત વિસ્તારની જ વાત કરું તો કંથારપુરા વડ હોય કે ચાપાવાવ હોય ત્યાં પણ પવિત્ર યાત્રાધામ બોર્ડ થકી વિકાસનાં કામો કરવામાં આવ્યાં છે. દહેગામ તાલુકાના ચાપાની વાવ અને કંથારપુરાના મહાકાળી માતાના વડની હાલના વડા પ્રધાન અને તત્કાલ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મુલાકાત લીધેલી હતી. બીજું મારા વિસ્તારનો ભમ્મરીયો કૂવો હોય તેમજ ખાનપુરની વાવનો પણ

યાત્રાધામોમાં વિકાસ થાય તે માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે. આમ, ગુજરાતના જિલ્લે જિલ્લે જે પવિત્ર યાત્રાધામો છે એનો પણ ખૂબ વિકાસ થયો છે ત્યારે માનનીય નરેશભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

( વિરામ બપોરના ૧૧.૨૯થી ૧૨.૩૦)

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહામહિમ રાજ્યપાલશ્રી આ સન્માનીય ગૃહને સંબોધન કરવા બદલ માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને કેશાજી ચૌહાણે જેને અનુમોદન આપ્યુ છે તે પ્રસ્તાવનું હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું છે કે, today the goal of the country is વિકસિત ભારત, સશકત ભારત. We cannot stop until this dream of developed India is fulfilled. સાહેબ યહી સમય હૈ, સહી સમયના અભિગમ સાથે જ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ કિસાન અને કૃષિ માટે One Drop More Crop ની નીતિને અનુમોદન આપ્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત સશકત ભારતના સંકલ્પને સાકાર કરવા ગુજરાતના ગામડાં, કૃષિ અને ખેડૂતો દ્વારા અપાતા યોગદાનને નકારી શકાય નહીં. કૃષિના વિકાસ થકી સમૃદ્ધ ખેડૂત અને વિકસિત રાષ્ટ્રની કલ્પના આઝાદી બાદ શરૂ થયેલી પરંતુ સાચી દિશાનું આયોજન અને નક્કર કામગીરી સને-૨૦૧૪થી જયારે દેશમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યાર બાદ શરૂ થયેલ છે. ભારત સરકાર દ્વારા કૃષિ પાકોના ટેકાના ભાવોમાં મોટો વધારો જે સરકારની ખેડૂતોના ઉત્કર્ષ માટેના અભિગમની પ્રતીતિ કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ગુજરાત સરકારે કૃષિ ઉત્પાદન વધારવા, કૃષિમાં વૈવિધ્યકરણ લાવી જૈવિક ખેતી સાથે બાગાયત, પશુપાલન, એગ્રો પ્રોસેસીંગ, એગ્રો માર્કેટીંગ, ભૂમિ સંરક્ષણ, ડેરી વિકાસને આધુનિક ઇલેકટ્રોનિક સાધનો સાથે પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતો પ્રેરીત થાય તેવી નીતિઓ, યોજનાઓના ઘડતર, અમલીકરણ અને તેના નિરીક્ષણ દ્વારા ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવાની સાથોસાથ વધુ કૃષિ ઉત્પાદનની નીતિ અમલમાં મૂકી ગુજરાતના કૃષિ ક્ષેત્ર દ્વારા રાષ્ટ્ર વિકાસમાં આપેલ યોગદાન વિશેષ છે. આ માટે ગુજરાત સરકાર અને આદરણીય કૃષિ મંત્રીશ્રીએ કરેલ કામગીરીની હું પ્રશંસા કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાવણીથી વેચાણ સુધી ખેડૂતો સાથે અડીખમ ઊભી રહેલી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારી કૃષિ ક્ષેત્રના વિકાસ માટે ગત વર્ષની રૂપિયા ૨૧૬૦૫ કરોડની જોગવાઇ આ વર્ષે રૂ.૫૮૯ કરોડના વધારા સાથે રૂ.૨૨૧૯૪ કરોડની જોગવાઇ કરી છે તે માટે સરકાર, નાણામંત્રી અને કૃષિ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આદરણીય નરેન્દ્રભાઇએ ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા કિસાન સંઘમાં નીતિ અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં આશરે ૮૦ કરોડ ખેડૂતોને અંદાજે ૧૫ હજાર કરોડની સહાય આપેલ છે જે ઐતિહાસિક અને અભૂતપૂર્વ છે. કૃષિ ઉત્પાદનતા વધારી અન્નદાતાને સમૃદ્ધ બનાવવા માટે આધુનિક ટેકનોલોજીમાં ડ્રોનના ઉપયોગ સાથે પ્રિસિઝન ફાર્મિંગને પ્રોત્સાહન આપ્યું છે તે આવકારદાયક છે. ગુજરાતમાં કેસર કેરી, ભાલીયા ઘઉં બાદ કચ્છની ખારેકને જીઆઇ ટેગની માન્યતા મળી છે તે માટે ગુજરાતના ખેડૂતો સાથે કૃષિ વૈજ્ઞાનિકોને પણ અભિનંદન છે. આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ જી-૨૦ વિકાસશીલ દેશોનું નેતૃત્વ કરતા જણાવ્યુ હતું કે, કૃષિ ક્ષેત્રે માનવ કેન્દ્રમાં આ ક્ષેત્ર સામેના પડકારોનો સામનો કરીને માનવતાના ભવિષ્યને આગળ વધારવા માટે સામૂહિક રીતે કામ કરવું જોઇએ. તેઓએ ચાર પ્રાથમિકતાઓ ઉપર ભાર મૂકયો જેમાં ખાદ્ય સુરક્ષા વધારવા માટે કૃષિ વિવિધતાને પ્રોત્સાહન અને સામાજીક સુરક્ષા પ્રણાલિઓમાં સુધારો (૨) આબોહવા અંગે સ્માર્ટ અભિગમ અને (૩) ત્રણ નાના અને સીમાંત ખેડૂતો, મહિલાઓ અને યુવાનો માટે માળખીય સુવિધાઓને મજબૂત બનાવવા આર્થિક તકોનો ઉપયોગ કરવો અને (૪) કૃષિ માટે ડિજિટાઇઝેશનમાં સુધારો કરવો અને કૃષિ ડેટા પ્લેટફોર્મ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે ડિજિટલ ટેકનિકોનો લાભ લેવા આહવાન કર્યું છે. આ ઉપરાંત પણ માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે જણાવ્યુ છે કે, ૨૦૨૩નું વર્ષ એ બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ પણ છે. બાજરી અન્ન સુપર કુડ માત્ર સ્વાસ્થ્ય માટે સારું નથી પણ ખેડૂતોની આવકમાં વૈવિધ્યકરણ અને આબોહવા સ્થિત સાપક્ષતાને પ્રોત્સાહન આપીને ટકાઉ આજીવિકા હાંસલ કરવામાં પણ મદદ કરે છે. ગ્લોબલ ફૂડ સિકયુરીટી એકટ ન્યુટ્રીશ્યન પર આદરણીય વડાપ્રધાને ભાર મૂકી વર્તમાન સમયમાં પડકારો અને સંભવિત ઉકેલો માટે આહવાન કર્યું હતું. ગુજરાતના ખેડૂતોની સમૃદ્ધિ માટે સરકારે કૃષિ યાંત્રિકરણ માટે ટ્રેક્ટર અને વિવિધ ખેત ઓજારોની ખરીદીમાં સહાય માટે રૂ.૭૦૧ કરોડની વન્ય પ્રાણીઓ દ્વારા થતાં પાકને નુકસાન અટકાવવા ખેતરની ફરતે વાડ માટે રૂ.૩૫૦ કરોડ, એગ્રો ફૂડ પ્રોસેસિંગ એકમોની સહાય માટે રૂ.૨૦૦ કરોડ, ખાતેદાર ખેડૂતોના અકસ્માતે થતાં મૃત્યુની સહાય માટે રૂ.૮૧ કરોડ, કૃષિ ક્ષેત્રે ડ્રોન ટૅકનૉલૉજીની સહાય માટે રૂ.૫૬ કરોડ અને મિલેટ્સનો વાવેતર વિસ્તાર વધારવા માટે રૂ.૩૫ કરોડની આ બજેટમાં જોગવાઇ કરી છે તે આવકારદાયક છે. ભારતને વર્ષ ૨૦૪૭ સુધી સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવામાં ગુજરાતનું યોગદાન મહત્ત્વનું રહેનાર છે. રાષ્ટ્રમાં ગુજરાત કૃષિ હબ તરીકે ઊભરી રહ્યું છે. આદરણીય કૃષિ મંત્રીએ આ અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું છે કે આવનારા ૨૫ વર્ષ ગુજરાતની કૃષિ ક્ષેત્રની કાયાપલટનો મહત્ત્વનો ગાળો રહેનાર છે. ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી પણ માનવ જીવનના શારીરિક સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે અને પર્યાવરણની રક્ષા માટે પ્રાકૃતિક ખેતીના ખૂબ આગ્રહી છે. આ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સરકારે રૂ.૧૬૮ કરોડની જોગવાઇ કરી છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો

દેશી ગાયનો નિભાવ કરે તો તેમને પણ મદદરૂપ થવા સરકારે રૂ.૧૯૯ કરોડની જોગવાઇ કરી છે. આમ, સરકારે ખેતી માટે ખૂબ મોટા આયોજનો કર્યા છે. ગઇ કાલે સાથી પક્ષના અમારા અમીતભાઇ જે રીતે વાત મૂકી રહ્યા હતા ત્યારે અમને બધાંને પણ એવું થયું કે અમે નવાં-નવાં છીએ છતાં મારે એમને કહેવું છે કે એમના ૬૫ વર્ષના શાસનમાં એમને કોઇ ગરીબોને સહાય કરવાનો વિચાર ના આવ્યો? ગેસના કનેક્શન આપવાનો વિચાર ના આવ્યો? ઘરનું ઘર કોઇને આપવાનો વિચાર ના આવ્યો. શૌચાલય બનાવવાનો વિચાર ના આવ્યો. ખેડૂતોના ખાતામાં મદદ કરવાનો વિચાર ના આવ્યો? વિધવા બહેનોને પેન્શન આપવાનો વિચાર ના આવ્યો? નાની દીકરીઓ માટે કોઇ યોજના બનાવવાનો વિચાર ના આવ્યો? ઘણાં યુવાનો પોતાના સ્વાસ્થ્યની ચિંતા કરતા હતા. હૉસ્પિટલોમાં જતા હતા. એ વખતે કોઇ સહાય આપણે આરોગ્યમાં નહોતા આપતાં અને એના લીધે નાની-નાની દીકરીઓ પણ વિધવા થઇ. આ બધું એમના રાજમાં થયું છે. જ્યારે મોદી સાહેબે જે કર્યું છે એ તો અભૂતપૂર્વ છે. એમના પ્રધાનમંત્રી કહેતા હતાં કે એક રૂપિયો મોકલું છું અને ૧૫ પૈસા જ પહોંચે છે. આ ૮૫ પૈસાનો હજી હિસાબ આપતા નથી. મોદી સાહેબે કહ્યું છે કે, 'યહી સમય હૈ, સહી સમય હૈ'' અને જે રીતે દેશનો વિકાસ થઇ રહ્યો છે એ માટે નરેન્દ્ર મોદી સાહેબને અને અમારા મુખ્યમંત્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ જે પ્રવચન કર્યું એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વિધાનસભામાં જે ચર્ચા ચાલે છે એના કરતાં વિસ્તારમાં ક્યાંકને ક્યાંક વિપરીત સ્થિતિ દેખાઇ રહી છે ત્યારે ગાંધીજીના ગુજરાતમાં *(xxx) હું મારા વિસ્તારની વાત કરું તો દાંતા અને અમીરગઢ તાલુકામાં વધારેમાં વધારે વન વિભાગ છે. હું વન મંત્રીને વિનંતી કરું છું. આદિજાતિ મંત્રીને વિનંતી કરું છું અને સાથે-સાથે માર્ગ અને મકાન મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું. આ વિસ્તારમાં લગભગ ૬૦થી ૭૦ ટકા વસતી આદિવાસી છેઅને આદિવાસી વિસ્તારમાંથી આ વિધાનસભાગૃહમાં લગભગ ત્રીજી વખત હું પ્રતિનિધિત્વ કરતો હોઉં ત્યારે તે વિસ્તારમાં સૌથી મોટાભાગે અન્યાય થતો હોય તેવું લાગી રહ્યું છે. હમણાં સાથી ધારાસભ્ય કહેતાં હતાં કે ગુજરાતમાં જે થયું છે તે રાતોરાત થયું નથી પણ સાથે સાથે તેમને એ પણ કહું છું કે, તમને પણ કૉંગ્રેસે બોલતા કર્યા છે. અત્યારે યાત્રાધામ અંબાજીનો વિકાસ થઇ રહ્યો છે ત્યારે મને એવું લાગી રહ્યું છે કે તે વિસ્તારની આદિવાસી વસ્તીને દિવસે ને દિવસે સૌથી વધારે અન્યાય થઇ રહ્યો છે. જ રીતે યાત્રાધામ અંબાજીમાં કોરિડોર આવ્યો ત્યારે ગમે તે બહાના હેઠળ જે આદિવાસી નાની નાની જમીન રાખીને બેઠા છે તેને બહાર કાઢવામાં આવ્યા છે.તેમની પાસેથી સસ્તી અને સાદી રીતે જમીન લઇ લેવામાં આવે છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ રેલવેની જે જમીન આવેલી છે, રેલવેનું જે કામ ચાલુ છે તેમાં વન વિભાગ મારફતે ક્યાંક ને વર્ષોથી જે સનદો આપવામાં આવી છે તે સનદોનો ૪૦-૪૦ વર્ષોથી કબજો ધરાવીને બેઠા છે. તે પાંચ એકર જમીનના બદલામાં એક-એક વીઘો અથવા તો તેના કરતાં પણ ઓછી સનદ આપી છે. એમની જે જમીનનો કબજો લઇને બેઠા છે તેટલો જ કબજો બીજો આપવો પડે અને સાથે સાથે વળતર પણ આપવું પડે. એ જ રીતે બીજી પાણી પુરવઠા વિભાગની ચર્ચા કરું ત્યારે ક્યાંક ને ક્યાંક ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે અન્યાય થઇ રહ્યો છે ઉત્તર ગુજરાતના ધરોઇનું પાણી દક્ષિણ ગુજરાતમાં લાવવામાં આવે છે. અમીરગઢ તાલુકાના નાનકડા તળાવનું પાણી અમારા વિસ્તારને આપવાના બદલે બીજા વિસ્તારમાં લઇ જવામાં આવે છે. હું મંત્રીશ્રીઓને વિનંતી કરું છું કે કદાચ તમે ઉત્તર ગુજરાતમાં નર્મદાનું પાણી ન પહોંચાડી શકો પણ અમારા વિસ્તાર દાંતા અને પોસીનાનું પાણી તો લઇ જવાનું બંધ કરો. મારા વિસ્તારમાં ચાર-પાંચ વર્ષથી જે રસ્તાઓ મંજૂર થયા છે તે રસ્તાઓ આજની તારીખ સુધી પૂરા થયા નથી. વન વિભાગની અડચણના કારણે આ રસ્તાઓ પૂરા થતા નથી. હું પર્યાવરણમંત્રી, આદિજાતિ મંત્રી અને માર્ગ-મકાન મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ વિસ્તારના જે રસ્તાઓ મંજૂર થયા છે, જોબ નંબર આપવામાં આવ્યા છે તેનું સંપૂર્ણ કામ વહેલામાં વહેલી તકે ચાલુ કરે. આ વિસ્તારમાં પ્રવાસનની વાત હોય કે આદિજાતિની વાત હોય સૌથી વધારેમાં વધારે મુશ્કેલીઓ છે. અમારા વિસ્તારની મુશ્કેલીઓ નાબૂદ કરે અને સાથે સાથે ફરીથી આ ગૃહનું ધ્યાન ઉપર દોરવા માગું છું કે, હમણાં કલેક્ટર કચેરી અને અમીરગઢ મામલતદાર કચેરીમાંથી જે ડુપ્લીકેટ હુકમો થયા છે તે હું છાતી ઠોકીને કહું છું કે ક્યાંકને કયાંક મામલદાર કચેરી, કલેક્ટર કચેરીએ બીજાના નામે ચાલતી જમીનના ખોટા કામો કર્યા છે તેની વહેલામાં વહેલી તપાસ કરીને તે જમીન પરત કરે.

ડૉ. પ્રદ્યુમન ગ. વાજા(કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના મંગળ પ્રારંભે મહામહિમ રાજ્યપાલશ્રીએ સન્માનનીય ગૃહને જે સંબોધન કર્યું તેનો આભાર પ્રસ્તાવ માનનીય સિનિયર ધારાસભ્ય શ્રી નરેશભાઇ લાવ્યા અને માનનીય સીનિયર ધારાસભ્ય શ્રી કેશાજીએ અનુમોદન આપ્યું ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત અનુસૂચિત જાતિની શૈક્ષણિક યોજનાના વિષય ઉપર હું મારા વિચારો અત્રે રજૂ કરું છું. ભારતીય બંધારણના ભાગ-૪માં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની વાત કરવામાં આવી છે. એ અંતર્ગત સમાજના નબળા લોકોને કોઇપણ જાતના ભેદભાવ વગર સૌને સમાન તક મળે અને એમનો પણ વિકાસ થાય એ માટેની જોગવાઇ કરી છે. સમાજના પછાતવર્ગના નબળા લોકોની સામાજિક, શૈક્ષણિક, આર્થિક ઉન્નતિ થાય અને આ લોકો પણ સમાજની મુખ્ય હરોળમાં જોડાય એ માટે રાજ્ય સરકારે અનેકવિધ પ્રયાસો હાથ ધરેલ છે. આ બંધારણીય જવાબદારી રાજ્ય સરકાર સુપેરે અદા કરી રહી છે. મહામહિમ

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશ અનુસાર આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યા.

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

રાજ્યપાલશ્રીના સંબોધનમાં એમણે વંચિતોના વિકાસની વાત કરી છે. વંચિતોના વિકાસ માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ કહ્યું છે કે, '' દરિદ્રતાના અંતિમ પગથિયે બેઠેલો વ્યક્તિ એ અમારું લક્ષ્ય છે''. પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો એકાત્મ માનવદર્શનનો સિદ્ધાંત છે એ સિદ્ધાંત અંત્યોદયની વિચારધારા ઉપર રહેલો છે. આ જ વસ્તુ સમાનતા, બંધુતા અને સ્વતંત્રતાના પાયા ઉપર આધારિત ભારતના બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકરનું એક સ્વપ્ન હતું કે, વંચિતોનો વિકાસ કરી તેમનામાં માનવ તરીકેની અસ્મિતા ઉજાગર કરવી અને છેવાડાના માનવીને પણ સમાજની મુખ્ય ધારામાં જોડવા. આ બે મહાનુભાવોના સ્વપ્નને સાકાર કરવાનું કોઇએ બીડું ઝડપ્યું હોય તો એના માટે મને ગૌરવ છે. દેશમાં આજે બે ઇન્દ્ર, કેન્દ્રમાં નરેન્દ્ર અને ગુજરાતમાં ભૂપેન્દ્ર. આ બંને ઇન્દ્રોએ આ બીડું ઝડપ્યું છે. અમે એ પાર્ટીના કાર્યકર્તાઓ છીએ કે જે પાર્ટીની પંચનિષ્ઠામાં જ શોષણમુક્ત સમાજ અને સમતાયુક્ત સમાજરચનાની વાત કરવામાં આવી છે. આજે પરમ શ્રદ્ધેય ભારતરત્ન અટલજીને આપણે યાદ કરવા પડે. એમણે આ વિભાગને સન્માન આપ્યું છે. તેઓ સત્તા પર આવ્યા એ પહેલાં આ વિભાગ સમાજ કલ્યાણ તરીકે ઓળખાતો હતો. માનનીય અટલજીએ આ વિભાગનું નામ બદલીને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ કર્યું. કલ્યાણ એટલે અમે યાચક નહીં, પણ ન્યાય એ અમારો અધિકાર છે એટલા માટે અધિકારિતા વિભાગ નામ આપ્યું છે. 'ગરીબી હટાવો' નો જૂઠો ગુમરાહ નારો આપીને ગરીબોને ગુમરાહ કરીને એ લોકોએ નારો તો બરાબર આપ્યો હતો. પણ એમાં સ્પષ્ટતા નહોતી કે, ગરીબી કોની હટાવવાની? ગરીબી પોતાની હટાવીને પોતાને અમીર બનાવવાનાં સપનાં સેવતા હતાં ત્યારે દેશના લોકોએ આજે ચુકાદો આપીને એમને દેશમાંથી જ હટાવી દીધા છે. એનું એકમાત્ર કારણ એ હતું કે, આ નબળા લોકોને એ લોકો પોતાની જાગીર માનતા હતા. એમને ક્યારેય માનવ તરીકે જોયા જ નથી, માત્ર મતબેંક તરીકે જ જોયા છે. આ જૂઠ વધારે સમય ના ચાલી શક્યું એટલે લોકોએ પોતાનો ચુકાદો આપી દીધો છે. 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ' ના સૂત્રને અપનાવી ડબલ એન્જિનની સરકાર સૌને સમાન ન્યાય અને તક મળે એવા ઉમદા હેતુથી વંચિતોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે અસંખ્ય યોજનાઓ લાવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું એના વિકાસનો પ્રથમ સ્તંભ સામાજિક સુરક્ષા હતો. આ વિભાગ માટે રૂ. ૬૧૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસચિત જાતિ માટેની વાત કરવામાં આવે તો, એમાં ખાસ અંગભૂત યોજનાના નાણાં અન્ય જાતિ માટે ના વપરાય તે હેતુથી અલગ-અલગ બજેટ પ્રથા નક્કી કરવામાં આવી છે. જો આનું વર્ગીકરણ કરીએ તો મુખ્ય ચાર ભાગો જેવા કે, શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય ગૃહ નિર્માણ, નિર્દેશ અને વહીવટ. અનુસૂચિત જાતિ કલ્યાણ યોજના હેઠળ ઉકત ચાર ભાગોમાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૩૮૩.૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિતિ જાતિના શિક્ષણની યોજનાઓની વાત કરવામાં આવે ત્યારે શિક્ષણનું મહત્ત્વ આપણને બધાને ખબર જ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, ''શિક્ષણ વો શેરની કા દૂધ હૈ જો પીયેગા વો દહાડેગા '' ડૉ. બાબાસાહેબ આંબેડકરની કલ્પનાને સાકાર કરવા માટે ડબલ એન્જિનની સરકારમાં શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સરકારી ગ્રાન્ટેડ આશ્રમશાળા કે ખાનગીશાળામાં ભણતા ધોરણ-૧થી ૧૦ના વિદ્યાર્થીઓને વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં કોઇ આવકમર્યાદા નથી. છેલ્લાં દસ વર્ષમાં રૂ. ૯૨.૮૪ કરોડનો ખર્ચ કરી ૧૬,૧૧,૯૦૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે. ભારત સરકારશ્રીની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ-૯ થી ૧૦ના વિદ્યાર્થીઓને જે ડે-સ્કૂલર હોય એને રૂ. ૩૫૦૦/- અને જે બોર્ડર એટલે કે જે હોસ્ટેલિયર હોય એને રૂ. ૭૦૦૦/- આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીનું સપનું હોય છે કે હું પણ સ્વનિર્ભર સંસ્થામાં ભણી શકું ત્યારે ફ્રી સરકાર યોજના અંતર્ગત શિક્ષણ ફી ભર્યા વગર સહેલાઇથી પ્રવેશ મળે તેવા ઉમદા હેતુથી આ ફ્રી સીમકાર્ડ શરૂ કરવામાં આવ્યું છે. પસંદ થયેલ દરેક વિદ્યાર્થીઓને સારામાં સારી નામાંકિત સ્કૂલોમાં અભ્યાસ કરવાનું પણ સપનું હોય છે. ત્યારે દુન સ્કૂલ હોય, સોફિયા સ્કૂલ આબુ હોય, મેરી સ્કૂલ અજમેર હોય, સૈનિક સ્કૂલ બારાસરી હોય આ બધી શાળાઓમાં અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરવા માટે રૂ. ૫૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાંતિભાઇ ખરાડીએ પોતાના પ્રવચનમાં જે *(xxx) વાત કરી છે, આ *(xxx) બાબતે કોર્ટમાં કેસ ચાલી રહ્યો હોય ત્યારે સન્માનનીય સભાગૃહમાં આવી ટિપ્પણી થઇ શકતી નથી એટલે એને રેકર્ડ ઉપરથી દૂર કરવા મારી વિનંતી છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મેં એકલાએ ઊભો કર્યો નથી પરંતુ આખા ગુજરાત રાજ્યએ જોયું છે.

ઉપાધ્યક્ષશ્રી : ઠીક છે. માનનીય કાંતિભાઇ, આપ બેસી જાઓ. સબજ્યુડીશ મેટર હોવાના કારણે આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના પ્રારંભે મહામહિમ રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે આ પ્રસ્તાવને અનુમોદન આપેલ છે ત્યારે તેને સમર્થન આપવા હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ પ્રકારના રાજકીય આરોપો કે ટીપ્પણી કર્યા વગર છેલ્લાં ૨૨, ૨૩ અને ૨૫ વર્ષના સમયગાળામાં ગુજરાત રાજ્યની ભા.જ.પ. સરકારે પાણી પુરવઠા વિભાગના નેતૃત્વમાં સમગ્ર રાજ્યમાં જે વિકાસના કામો કર્યા છે એની વિસ્તૃત માહિતી આ સભાગૃહ સમક્ષ રાખવા માગું છું. આ વર્ષના બજેટમાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય નાણાં મંત્રીશ્રીએ પાણી પુરવઠા વિભાગ માટે રૂ.૬૨૪૨ કરોડની જોગવાઇ કરી છે તે બદલ હું રાજ્ય સરકારનો ખૂબ-ખૂબ આભાર વ્યકત કરું છું. સરકારે રાજ્યના તમામ ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી મળે એના માટે અથાગ પ્રયત્નો કર્યા છે અને આવનારા દિવસોમાં હજીપણ એમાં કોઇ ત્રૂટી બાકી હશે તો એને પૂરી કરી એ વિસ્તારોમાં પાણી પુરવઠા વિભાગનું બિરદાવવા લાયક કામ થાય એ દિશામાં પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ગુજરાત રાજ્યમાં છેલ્લાં ૨૨ વર્ષથી ગ્રીડના નિર્માણની સાથો સાથ તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં નવીન તેમજ સુધારણા જૂથ યોજનાના કામ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારશ્રી દ્વારા ભૂગર્ભ જળ આધારિત વ્યકિતગત પાણી પુરવઠા યોજનાના ગામોને સરદાર સરોવર નર્મદા કેનાલ કે અન્ય પાણીના સરફેશ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવા તથા નળ સે જળ કાર્યક્રમ અંતર્ગત જયાં જરૂરિયાત હોય એવા ગામના ફળિયાઓને જૂથ યોજના સાથે જોડવાની કામગીરી કરવાનો નિર્ણય કરીને, અમલીકરણની કાર્યવાહી કરવામાં આવી છે. રાજયમાં કુલ ૧૯,૫૦૦ મીની પાઇપ યોજનાઓના કામ પૂરા કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૭,૫૦૦ યોજનાઓ આદિજાતિ વિસ્તારમાં છે. પીવાના પાણી માટે કુલ ૨,૯૦,૦૦૦ જેટલા હેન્ડપંપો બેસાડવામાં આવ્યા છે. જે પૈકી ૨,૧૬,૦૦૦ હેન્ડ પંપો માત્ર આદિજાતિ વિસ્તારોમાં લગાવવામાં આવ્યા છે. ગત એક વર્ષમાં રૂ.૯૭૦ કરોડની ૧૯ યોજનાઓ જેમાં, ૫૦ લાખ લોકોને જૂથ યોજનાનો લાભ પહોંચશે તેવાં કામોના ખાતમુહૂર્ત પણ કરી દેવામાં આવ્યા છે. જયારે રૂ. ૫૫૦ કરોડની ૧૧ યોજનાઓનું લોકાર્પણ પણ કરી દેવામાં આવેલ છે. પૂર્ણ થયેલી કુલ યોજના ૧૧ છે જેમાં, ૮૨૩ ગામોમાંથી ૪૦ લાખ લોકોને ૪૦૦ એમ.એલ.ડી. પાણીની જૂથ યોજનાના માધ્યમથી ઉપલબ્ધ જળ સલામતી સુરક્ષા પણ આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા ગામડા એવા હોય છે કે જયારે પાણીના બોર હોય કે વાસ્મો અંતર્ગત પાણીની ટાંકી હોય, તો એ ગામની પંચાયત જો સક્ષમ ન હોય તો લોકફાળો હોય પણ ઘણીવાર એમાં વિલંબ થવાના કારણે ગામની પાણી પુરવઠાની સુવિધા લોકો માટે ખૂબ મોડી થતી હોય છે, ત્યારે રાજય સરકારના નેતૃત્વમાં અનુસૂચિત જાતિ વિસ્તારમાં ગામની આંતરિક પાણી પુરવઠાના અમલીકરણમાં વેગ લાવવા માટે અનુસૂચિત જાતિની ૪૦ ટકા કે ૨૫૦ વ્યક્તિથી વધુ વસતિ ધરાવતા ગામો હોય, એ ગામોમાં ૧૦ ટકા સુધીનો લોકફાળો પણ માફ કરવાનું રાજય સરકારે નકકી કરેલ છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં વર્ષોથી જે પાણીની, પાઇપલાઇનની માગણીઓ હતી. એના અનુસંધાને જરૂરિયાતને પહોંચી વળવા રાજય સરકારે ઢાંકીથી નાવડા, નાવડાથી બોટાદ, બોટાદથી ગઢડા, ગઢડાથી ચાવંડ, ચાવંડથી ધરાઇ અને ધરાઇથી ભેંસાણની મોટા પ્રમાણમાં બલ્ક પાઇપલાઇનના કામો હાથ ધરવાનું આયોજન પણ રાજય સરકારે કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારોમાં ગામની આંતરિક પાણી પુરવઠાને ઝડપથી અમલીકરણ અને વેગ આવે એટલા માટે આદિજાતિ વિસ્તારોમાં પણ ૧૦ ટકા લોકફાળો માફ કરેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન આદિજાતિ વિસ્તારમાં કુલ ૪૭૫૮ ગામોને આવરી લેતી ૧૨૩ ગામોની જૂથ પાણી પુરવઠા યોજનાની અંદાજિત રકમ રૂપિયા ૬૨૫૦ કરોડના કામો અત્યારે પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વિસ્તારોની અંદર જૂથ યોજનાઓ થકી ગામડાઓમાં પાણી આપવામાં આવે છે. ઘણીવાર એવા પણ પ્રશ્નો બનતા હોય છે કે ગામના બોર ફેઇલ થઇ ગયા હોય તો જૂથ યોજના થકી વિશેષ યોજનામાં એ ગામના લોકોને પાણી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એકાદ વાત મારા તરફથી મૂકવા માગું છું કે ઘણા ગામો એવા છે કે જયાં પહેલા ૩ હજારની વસતિએ પાણીની ટાંકી આપવામાં આવતી હતી. પછી રાજય સરકારે એ બાબતે ખૂબ ઉંડાણપૂર્વક ચર્ચા કરીને અત્યારે ૧૫૦૦ની વસતિએ પાણીની ટાંકી આપે છે. પણ એમાં ઘણા ગામો એવા હોય કે જયાં ૧ હજારની સંખ્યા હોય કે ૮૦૦ની સંખ્યા હોય. જૂથ ગ્રામ પંચાયત હોય અને બન્ને ગામ વચ્ચેનું અંતર જો લાંબુ હોય તો એવા ગામોને વિશેષ પોલિસીના આધારે જો એક હજારની વસતિ હોય તો પણ પાણીની ટાંકીનો લાભ મળે એ દિશામાં હું રાજય સરકાર અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસને આધાર બનાવીને આપણા સૌના અને ગુજરાતના વિકાસ માટે પ્રયત્નશીલ રહીને સાડા છ કરોડ ગુજરાતીઓના કલ્યાણ અને સમૃદ્ધિ માટે કટિબદ્ધ બનીએ એ જ અભ્યર્થના સાથે હું આ આભાર પ્રસ્તાવને મારું સમર્થન આપીને વિરમું છું.

શ્રી અનિકેત ગિ. ઠાકર**(**પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ મી વિધાનસભાના ચોથા સત્રના પ્રારંભે મહામહિમ રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલ સંબોધન બદલ માનનીય ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે જયારે પ્રસ્તાવને અનુમોદન આપ્યું છે, ત્યારે તેને સમર્થન આપવા માટે અને પંચાયત વિભાગ પર મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગ એટલે ખાસ કરીને જોઇએ તો આગળ ડો. વાજા સાહેબે પણ કહ્યું કે એકાત્મ માનવવાદ અને ભારતીય સંસ્કૃતિના બીજમાં, સંસ્કારમાં જે લોકશાહી છે અને છેક વેદકાલીન સમયથી આ લોકશાહી આપણી સંસ્કૃતિ સાથે વણાયેલી છે. એનું એક સાદું અને નાનું ઉદાહરણ એવું છે કે એ સમયની સુશાસન માટે સભાઓ અપેક્ષિત હતી.

એમાં વૈદિક રુચાઓમાં અને સ્તુતિઓમાં અને સંબોધનોમાં એક એવો શ્લોક છે કે **नमः सभाभ्य, सभापति भ्यास्रच्य नमो नमः**

એટલે કે સભાને વંદન કરવાની વાત છે. આમ રાજયના કોઇપણ છેવાડે વસતો કોઇપણ સમુદાય ખભેખભા મિલાવીને રાજયના વિકાસમાં સીધા ભાગીદાર બને એવી વિકાસલક્ષી નીતી સાથે ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાનું અમલીકરણ થઇ રહ્યું છે. પંચાયત વિભાગ એ ગામડાના છેવાડાના માનવીને લાભ આપતો, વંચિતોનો વિકાસ કરતો વિભાગ છે. રાજયમાં પંચાયતી રાજયના સફળ સંચાલન અને સુદ્રઢીકરણમાં આપણા માનનીય વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી પણ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે ત્યારે ગામડાઓ વિકાસની હરણફાળમાં પાછળ ના રહી જાય તેવા દ્રઢ સંકલ્પ સાથે અને આ વિચારને સાચા અર્થમાં અમલમાં મૂકવા માટે ભારત સરકારશ્રી દ્વારા પંદરમા નાણા પંચ અંતર્ગત પંચાયતી રાજ સંસ્થાઓની આવકના સ્ત્રોતને પહોંચી વળવા માટે કેન્દ્રીય નાણામંત્રીની ભલામણો અન્વયે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતોને અનુદાનની ફાળવણી કરવામાં આવે છે. ગ્રાન્ટમાંથી અનેક કામો થાય છે આમ પંચ એ પરમેશ્વર, જાજા હાથ રળિયામણા અને સત્તાના વિકેન્દ્રીકરણના મૂળભૂત સિદ્ધાંતને ધ્યાનમાં રાખી નાણા પંચની ગ્રાંટમાંથી વિકાસના કામો સહિત તેની પસંદગી અને કામોનો અગ્રતાક્રમ નક્કી કરવા સત્તાના સૂત્રો પંચાયત શાસનની હાર્દ સમી ગ્રામસભાને સોંપવામાં આવેલ છે અને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાનના માધ્યમથી નિર્ણય કરી પંચાયતી રાજને વધુ સુદઢ બનાવ્યું છે. ૧૫મા નાણાં પંચ અંતર્ગત થનાર કામો માટે પંચાયતી રાજ મંત્રાલય ભારત સરકાર દ્વારા ઓન લાઇન ચૂકવણા ફરજિયાત કરવામાં આવ્યા છે. જે માટે પંદરમા નાણાપંચની ગ્રાંટમાંથી થનાર કામો માટે આયોજન તૈયાર કરવાથી લઇ ચૂકવણા કરવા સુધીની તમામ કામગીરી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે ઓનલાઇન કરવામાં આવે છે. કામો યોગ્ય રીતે થાય તેમજ બેવડાય નહીં તે માટે તમામ કામોનું કામ શરૂ કરતા પહેલાં કામ ચાલુ હોય ત્યારે અને કામ પૂર્ણ થાય ત્યાર પછી એમ ત્રણ તબક્કામાં સ્થળ સ્થિતિના ફોટોગ્રાફ, જીઓ ટેગીંગની મદદથી પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવે છે. તમામ ચૂકવણા ડી.એ.સી.ના માધ્યથી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે ઓનલાઇન કરવામાં આવે છે. ત્રણેય પંચાયત કક્ષાએ ઓનલાઇન ચૂકવણાની કામગીરી કરવા માટે ચેકર અને મેકરની ડિજિટલ સીગ્નેચર કી આપવામાં આવી છે. તમામ ગ્રામ પંચાયતોને આ ડી.એ.સી. પૂરી પાડી કર્યરત કરવામાં આવી છે. પંદરમા નાણા પંચના સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૫-૨૬ સુધીમાં રાજયને કુલ ૧૫,૬૫૦ કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે જે પૈકી રાજય સરકાર દ્વારા અત્યાર સુધીમાં મળેલ ૯૨૩૯.૫૦ કરોડની ગ્રાંટ પંચાયતોના ખાતામાં જમા કરી દેવામાં આવી છે. પંદરમા નાણાપંચ અંતર્ગત અત્યાર સુધીમાં ૩,૦૬,૧૯૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૭૯,૯૧૦ કામો પ્રગતિ હેઠળ છે. હાલ રાજયના ૧૪,૫૧૯ થી વધુ ગ્રામ પંચાયતો ઇ-ગ્રામ પંચાયત સ્વરાજ પોર્ટલના માધ્યમથી ઓનલાઇન ચૂકવણાની કામગીરી સફળતાપૂર્વક કરે છે. માનનીય રાજયપાલશ્રીએ માનવ સંસાધન સશકિતકરણની વાત કરી, તે મુજબ જિલ્લા પંચાયત સેવાના કર્મચારીઓને તેમના વતનના જિલ્લામાં પરિવાર સાથે રહી કાર્યક્ષમતા સાથે ફરજ નિભાવી શકે તે માટે સરકારશ્રી દ્વારા સંવેદનશીલ નિર્ણય લઇ આંતર જિલ્લા ફેરબદલીની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન કરવા ઓનલાઇન રીયલ ટાઇમ સોફ્ટવેર કાર્યરત કર્યું જેના થકી પંચાયત સેવાના કુલ ૧૩,૦૪૬ કર્મચારીઓની ઓનલાઇન આંતર રાજય જિલ્લા ફેરબદલી કરવામાં આવી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલો મંત્ર '' સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'' એને આધાર બનાવીને આપણે સૌ ગુજરાતના વિકાસ માટે પ્રયત્નશીલ રહીએઅને સાડા છ કરોડ ગુજરાતીઓના કલ્યાણ અને સમૃદ્ધી માટે કટિબદ્ધ બનીએ એજ અભ્યર્થના સાથે હું રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી દુર્લભજીભાઇ દેથરિયા.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા(ટંકારા):માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના ચોથા સત્રની અંદર મહામહીમ રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચામાં ભાગ લેવા માટે મને તક મળી છે ત્યારે હું આ સન્માનીય સભાગૃહ તથા માનનીય અધ્યક્ષશ્રી આપના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને રોકેટ ગતિ પ્રદાન કરવા આ બજેટની અંદર મારા મોરબી જિલ્લાને બે અમૂલ્ય ભેટો મળી છે જેમાં મોરબી નગરપાલિકાને રૂપાંતર કરીને મહાનગરપાલિકા બનાવી છે અને મોરબી જિલ્લાને એક કૃષિ કોલેજ આપી છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. ભૂતકાળમાં નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર પહોંચે એવી કલ્પના પણ શેખચલ્લી જેવી વાત ગણાતી હતી. પરંતુ જેમ ભગીરથ રાજાએ પોતાના તપ અને કર્મથી ગંગાજીને પૃથ્વી પર લાવીને પ્રજાનું કલ્યાણ કર્યું એમ આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દીર્ઘદ્રષ્ટા, પ્રજાવત્સલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌની યોજના થકી નર્મદાનું અમૃત્ત સમાન પાણી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને પહોંચાડીને ગુજરાતના ખેડૂતોના ખેતરો અને એમના બેંકખાતાને લીલાછમ કરી દીધા છે. વધુમાં મારી જાણ મુજબ આખા વિશ્વની અંદર એક નર્મદા નદી છે એની પરિક્રમા થાય છે. તે નદીના અમૃત જેવા પવિત્ર પાણીને સિંચાઇ માટે ઉપયોગમાં લેવા માટે એમણે દિવસ-રાત એક કરીને આપણા ગામે ગામ ખેતરે ખેતરે પહોંચાડ્યું છે ત્યારે હજુ પણ જ્યાં સિંચાઇના પાણી ઉપલબ્ધ નથી ત્યાં પણ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય સિંચાઇ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાના માર્ગદર્શન નીચે સિંચાઇ અને જળ-

સંપત્તિ વિભાગ દ્વારા સુદૃઢ સિંચાઈની વ્યવસ્થા ગુજરાતમાં ગોઠવાય એ દિશામાં કામ કરી રહી છે. મારો મત-વિસ્તાર મોરબી જિલ્લો અને તાલુકો, ટંકારા તાલુકો અને રાજકોટમાં પડધરી તાલુકો આવે એ આપણે સૌ જાણીએ છીએ તેમજ સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની જીવાદોરી સમાન સૌરાષ્ટ્ર વિસ્તારના દરેક ખેડૂતના મનમાં સૌની યોજના દ્વારા પાણીની ઉપલબ્ધતા થાય તે માટે વારંવાર લગત ધારાસભ્યોએ અને સંસદ સભ્યોએ વિભાગમાં રજૂઆત કરતા હોઇ ત્યારે દરેક યોજનાની મર્યાદાઓ હોય તેમાં સૌની યોજના દ્વારા મહત્તમ વિસ્તારને મહત્તમ માત્રામાં પાણી આપી શકાય તે માટે જળ-સંપત્તિ વિભાગ કાર્યરત છે. સૌની યોજના સૌરાષ્ટ્ર નર્મદા અવતરેલી યોજનાથી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લા, ૧૧૫ ડેમો, હયાત જળાશયો ભરીને આશરે ૯૭૦ કરતા વધુ ગામોના ૮ લાખ એકર જેટલા વિસ્તારોમાં સિંચાઇના પાણીની સુવિધાઓ સુદૃઢ કરવા તથા ૭૩૭ ગામો અને ૩૧ શહેરોને પીવાના પાણીનો લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે એ પૂર્ણતાના આરે છે. સૌની યોજના પૂર્ણ થયે કામગીરીથી વર્ષ ૨૦૨૩ સુધીમાં ૮૫ જળાશયો, ૧૭૦ તળાવો અને ૧,૩૧૯ ચેકડેમો આશરે ૭૭,૪૩૦ લાખ એકર કરતા પણ વધુ વિસ્તારોમાં સિંચાઈની સુવિધા સુદૃઢ થવાની છે ત્યારેત્યારે સરકારશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરીએ છીએ. અભિનંદન આપીએ છીએ. રાજકોટ શહેરમાં જે પાણીની અછત હતી એ દૂર કરવા માટે સૌની યોજના થકી વર્ષ ૨૦૧૬ની દર વર્ષે રાજકોટ શહેરને પાણી પૂરું પડતા આજી-૧ અને ન્યારી-૧ના જળાશયો સૌની યોજના મારફત નર્મદાનું પાણી પૂરું પાડવામાં આવે છે ત્યારે રાજકોટ શહેરની પાણીની અછત હવે ભૂતકાળ થઇ ગઇ છે. સૌની યોજનાથી રાજકોટ, ગોંડલ, મોરબી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, જામનગર, અમરેલી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ વગેરે જિલ્લાઓના ગામોને પણ પીવાના પાણીનો ફાયદો મળે છે. મારા ટંકારા તાલુકાની વાત કરું તો ૨૦૨૩-૨૪ દરમિયાન ૬ જળાશયો, ૯ તળાવો અને ૯૯ ચેકડેમોમાં પાણી ૯૭૫ એમ.સી.એફ.ટી.નો જથ્થો આપી સિંચાઇ તથા પીવાના પાણીનો લાભ આપે છે. મોરબી જિલ્લાની મચ્છુ-૨ એક મધર ડેમ છે. અહીંથી સાની ડેમ સુધીના પાણી પહોંચે છે. વચ્ચે આવતા તમામ ડેમો અને ગામોને પાણી મળતું રહે છે ત્યારે મોરબી જિલ્લાના મચ્છુ સિંચાઇ યોજના મુખ્યનહેર ડાયરેકટ માઇનોર ૨૨૦ મીટર લંબાવી પાઇપ કેનાલથી નેટવર્કનું કામ પૂર્ણ થતા શહેરીજનો ખુલ્લી ગટરના બદલે પાઇપ નહેર બનાવીને ગંદકી તેમજ અકસ્માત થવાની સમસ્યા તેમજ મહદઅંશે ટ્રાફિકની સમસ્યાઓ દૂર થવા પામી છે. એમાં દરેક નહેરના નીચ વાસમાં સિંચાઇના પાણીથી વંચિત ગામોને ભોજેપુર, માધાપુર, અમરેલી હોય તથા ગામોને કુલ કમાન્ડના વિસ્તારના ૭૯૦ હેકટર જમીનને સમયસર સિંચાઇનું પાણી મળી રહ્યું છે. મોરબી જિલ્લામાં પ્રગતિ હેઠળના કામોમાં મચ્છુ સિંચાઇ યોજના તથા મચ્છુ - ૩ સિંચાઇ યોજના નીચે કેનાલનું વધારાનું પાણી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પી.સી. બરંડા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સવારથી આ સભાગૃહ જયશ્રી રામ બોલ્યા વગર, રામ રામ બોલ્યા વગર ચાલુ થયું છે ત્યારે સભાગૃહને મારા જય સીતારામ, રામરામ. ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ નો દિવસ ગુજરાત માટે, દેશ માટે અને વિશ્વ માટે ઐતિહાસિક હતો. દેશના નાગરિકોએ રામમંદિરના દર્શન કર્યા, રામના દર્શન કર્યા અને આખા વિશ્વ ફલક ઉપર આ રામમંદિરને આબેહૂબ માનનીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબે અને એમની ટીમે દેશના ફલક ઉપર અને વિશ્વના ફલક ઉપર મૂકયું એ અભિનંદનને પાત્ર છે. મહામહીમ્ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સદસ્યશ્રી નરેશભાઇ પટેલ જેઓ પ્રસ્તાવ લઇને આવ્યા છે અને કેશાજી ચૌહાણે જેમને ટેકો આપ્યો છે એનું સમર્થન કરું છું અને મારું વકતવ્ય શરૂ કરું છું. મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં મંગળ પ્રારંભે આ સભાગૃહમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ગતવર્ષે જી.૨૦ સમૂહની યજમાની ભારતને મળી જેમાં ભારત દેશના ૧૪૦ કરોડ દેશવાસીઓ અને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની ટીમને હું આ સભાગૃહ વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જી.૨૦ સમૂહની યજમાની ભારતને આંતર રાષ્ટ્રીય સ્તરે અનેક બાબતોમાં પોતાની છબી ઉજાગર કરવા માટે તથા વૈશ્વિક સમસ્યાઓમાં પોતાનો મત મજબૂત કરવા માટે દેશે પ્રયત્ન કર્યો છે. જી.૨૦ની ગુજરાતમાં ૧૭ જેટલી યોજાયેલી વિવિધ બેઠકોની સફળતાનો યશ માનનીય મુખ્યમંત્રીશ્રી અને તેઓની ટીમને ફાળે જાય છે. તે આયોજન બદલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અને સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. બે દાયકા પૂર્વે ગુજરાતના તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સૌનો સાથ સૌનો વિકાસની યાત્રા શરૂ કરેલી, તેના પરિણામે વર્ષ ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરેલી. જે આજે એક વટવૃક્ષ બની ગયું છે તે બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનથી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૧૦મી જાન્યુઆરીથી ૧૨મી જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન લોકોના અભૂતપૂર્વ પ્રતિસાદથી સફળ થયેલી છે. જેમાં ગેટ વે ટુ ફ્યુચર, વાઇબ્રન્ટ ગુજરાત વાઇબ્રન્ટ ડિસ્ટ્રિકટની ગ્લોબલ થીમનો ઉપયોગ કરવામાં આવેલ છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના ભાષણમાં બાળકના જન્મથી વયોવૃદ્ધ થાય ત્યાં સુધી તમામ વર્ગોને આવરી લઇ ગુજરાત સરકારે તેની યોજનાઓ પરિપૂર્ણ કરવા અને લોકોની સુખાકારી વધે તે માટે ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાઓ કટિબદ્ધ છે. મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આદિવાસીઓની વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા અને માળખાકીય સુવિધાઓ દ્વારા આદિવાસી વિસ્તારો અને સમૂહનો સર્વાંગી વિકાસ થાય તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે તેમ જણાવ્યું છે. વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના શરૂ કરવામાં આવી. તે અંતર્ગત આદિવાસીઓના વિકાસ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૮૭૫૫.૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત પેટર્ન યોજના હેઠળ

આદિવાસીઓના વિકાસ માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૩૩૭.૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૧૦૧૦૭ કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારની કલ્યાણકારી યોજનાઓમાં આદિવાસીઓના વિદ્યાર્થીઓ માટે પ્રિ.એસ.એસ.સી.ની યોજના હેઠળ નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ૮૪.૩૧ કરોડના ખર્ચે ૧૦.૪૪ લાખ આદિવાસી વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ધોરણ-૧થી ધોરણ-૮માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને નવેમ્બર-૨૦૨૩માં રૂ.૯૩.૮૭ કરોડના ખર્ચે ૧૦.૪૪ લાખ વિદ્યાર્થીઓને ગણવેશની સહાય આપવામાં આવી છે. હળપતિ જાતિના લાભાર્થીઓ માટે નવેમ્બર-૨૦૨૩માં ૨૪૮૧ મકાનોની કાર્યવાહી પૂર્ણ થયેલ છે તેમજ ૫૧૫ મકાનોની કાર્યવાહી પ્રગતિમાં છે. વ્યક્તિગત આવાસ યોજના હેઠળ ૧૨૧૫ મકાનોની કામગીરી પૂર્ણ થયેલ છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સંબોધન દ્વારા આ ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજીની સરકાર દ્વારા ગુજરાતનો સર્વાંગી વિકાસ અને ગુજરાતની ૭.૫ કરોડની જનતાની સુખાકારી માટે કરાયેલ વિવિધલક્ષી કામગીરીને બિરદાવી છે. જેના ઉપર માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે ટેકો આપ્યો છે તેને હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે, આઝાદીના દાયકાઓ સુધી ઘણાં ભારતીયો પાસે ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે સુવિધાનો અભાવ હતો. વર્ષ ૨૦૦૨માં માનનીય નરેન્દ્રભાઇ મોદીજી ગુજરાતના મુખ્ય મંત્રી બન્યા ત્યારે આપણે સૌ ગુજરાતીઓએ એવી સરકાર જોઇ અને અનુભવી જે સમાજના દરેક વર્ગના વિકાસ માટે કટિબદ્ધ છે. ત્યાર બાદ વર્ષ ૨૦૧૪માં માનનીય નરેન્દ્રભાઇ મોદીજી દેશના વડાપ્રધાન બન્યા અને કરોડો દેશવાસીઓને એવી સરકાર મળી જે સૌનો સાથ સૌનો વિકાસના મંત્રો સાથે પાણી, વીજળી, આરોગ્ય, શૌચાલય, પાકા રસ્તા, પાકા મકાનો, શિક્ષણ, પોષણયુક્ત આહાર વગેરે જેવી વિકાસના પાયાની સુવિધાઓની જાગૃત્તિ પૂરી પાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ હેઠળ રાજયમાં ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ કુલ ૭૨ લાખથી વધુ કુટુંબોને ૩.૫૪ કરોડની જનસંખ્યાને આવરી લઇને તેઓને ભારત સરકારની પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ લાભો આપવમાં આવે છે. જેમાં અંત્યોદય કુટુંબને પ્રતિ માસ કાર્ડ દીઠ ૩૫ કિલોગ્રામ અને અગ્રતા ધરાવતા કુટુંબને વ્યક્તિદીઠ ૫ કિલોગ્રામ અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે. તે ઉપરાંત દર મહિને પ્રતિ કાર્ડ એક કિલોગ્રામ તૂવેરદાળ, એક કિલોગ્રામ ચણા અને એક કિલોગ્રામ ડબલ ફોર્ટીફાઇ મીઠાનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમય હતો કે, રાશન કાર્ડધારકને ચોક્કસ દુકાનેથી જ એણે રાશન લેવું પડતું હતું અને જ્યારે આ રાશન કાર્ડધારક કમાવા માટે કે કામ કરવા માટે વતનથી દૂર જતો ત્યારે એને આ રાશન લેવા માટે પોતાના વતનમાં જવું પડતું અથવા રાશન એણે જતું કરવું પડતું હતું. દેશના યશસ્વી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ આ વિષય પર વિશેષ ધ્યાન આપ્યું અને વન નેશન વન રાશન કાર્ડની યોજના લઇને આવ્યા. વન નેશન વન રાશન કાર્ડની યોજના હેઠળ રાશન કાર્ડને આધાર કાર્ડ સાથે જોડી સમગ્ર સિસ્ટમને ડિજિટલ બનાવી છે જેથી સસ્તા અનાજની દુકાને કોઇ વ્યક્તિ રાશન લેવા જાય અને તેને અંગૂઠો મૂકે તો જ રાશન મળી શકે એવી વ્યવસ્થા ગોઠવાઇ છે. આ યોજના હેઠળ દેશનો કોઇ પણ રાશન કાર્ડધારક પોતાના હિસ્સાનું રાશન દેશની કોઇ પણ સસ્તા અનાજની દુકાન પરથી મેળવી શકે એવી વ્યવસ્થા માનનીય મોદી સાહેબ દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાન્યુઆરી ૨૦૨૩થી નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ગુજરાત બહારના આવા એક લાખથી વધુ કામદારોએ-લોકોએ-રેશન કાર્ડધારકોએ ગુજરાતની અંદર આ યોજનાનો લાભ લીધો છે. વન નેશન વન રાશન કાર્ડ એ પ્રવાસી કામદારો માટે માત્ર એક રાશન કાર્ડ નથી પરંતુ મોદીનું ગેરંટી કાર્ડ બની ચૂક્યું છે. આજે એમને ભરોસો છે કે તેઓ દેશના કોઇ પણ ખૂણે જશે તો પણ એમના ભરણ પોષણના હિસ્સ્સાથી તેઓ ક્યારેય વંચિત રહેશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની જાહેર વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તેમજ દરેક રેશન કાર્ડધારકને સશક્ત બનાવવા માટે માઇ રેશન મોબાઇલ એપ તૈયાર કરવામાં આવી છે જેમાં વિગતવાર માહિતી એમની આંગળીના ટેરવે પૂરી પાડી છે, આ એપ દ્વારા દરેક રેશન કાર્ડધારક તેના રેશન કાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવા પાત્ર જથ્થો, જથ્થાની કિંમત, છેલ્લા ૬ માસના જથ્થાની વિતરણની વિગત, બિલની રસીદ, નજીકની વાજબી ભાવની દુકાનનું સ્થળ વગેરે પ્રકારની માહિતી મેળવી શકે છે તેમજ પુરવઠાને લગતી ફરિયાદ પણ કરી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના ગામડાઓમાં રસોઇ બનાવવા માટે મોટા ભાગે લાકડા, કોલસો, છાણાનો ઉપયોગ થતો હતો.આપણી માતા-બહેનોને ચૂલાથી રસોઇ બનાવતી વખતે ખૂબજ મુશ્કેલી પડતી હતી.

શ્રી કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રી ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલજી જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય ધારાસભ્યશ્રી કેશાભાઇ ઠાકોરે પ્રસ્તાવને અનુમોદન આપેલ છે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાષ્ટ્રને મજબૂત બનાવવા માટે એની શિક્ષા પ્રણાલિ મજબૂત હોવી જરૂરી છે અને એ શિક્ષા પ્રણાલિને મજબૂત કરવા માટે મક્કમ અને મજબૂત અને મૃદુ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને આદરણીય શિક્ષા મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર સાહેબના પ્રયત્નોથી ગુજરાતના શિક્ષણને મજબૂત બનાવવા ગુજરાત થકી રાષ્ટ્ર નિર્માણની વાતને આગળ વધારવા માટે રૂપિયા ૫૫,૧૪૪ કરોડનું જે માતબર બજેટ ફાળવ્યું છે તે ગુજરાત સરકારને અને માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે સન ૨૦૦૨માં ગુજરાતના પનોતા પુત્ર અને આજના ભારતના યશસ્વી અને તેજસ્વી તપસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે કન્યાઓના શિક્ષણનો વ્યાપ વધે, કન્યાઓ શિક્ષણથી જે વંચિત રહેતી હતી તેને શિક્ષણના સાગરમાં સમાવેશ કરવા માટે કન્યા કેળવણી રથની શરૂઆત કરી અને તેના માધ્યમથી આજે વર્ષ ૨૦૨૨ સુધીમાં છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતમાં કન્યા કેળવણી માટે જે પ્રયત્નો થયા તેના આધારે ડ્રોપ આઉટ રેશિયોમાં સખત ઘટાડો થયો છે અને ઝીરો સુધી પહોંચવા આવી ગયો છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રની વાત હોય ત્યારે ગુજરાતનું શિક્ષણ દેશને અને દુનિયાને એક દિશા આપવા માટે જઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેકોલેની શિક્ષણ પ્રથાને ફગાવીને ગાય, ગંગા અને ગીતાની શિક્ષણ પ્રથાને ગુજરાત સરકાર અને ગુજરાતનું શિક્ષણ વિભાગ જયારે લાવી રહ્યું છે ત્યારે પ્રાકૃતિક ખેતીની વાત હોય તો નવી શિક્ષા નીતિમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગાય આધારિત ખેતીની વાત હોય, પ્રકૃતિના જતનની વાત હોય તો આવનારી પેઢી શીખે. ગીતાજીને અભ્યાસક્રમમાં લાવીને આદરણીય વડાપ્રધાને ૨૦૦૨માં કર્મયોગીની તાલીમો શરૂ કરી. આ કર્મયોગીની તાલીમો શરૂ કરવા માટે ગુજરાત સરકારના બધાજ કર્મચારી મિત્રો સાચા અર્થમાં કર્મયોગને આધારે ગુજરાતને, ગુજરાતના નાગરિકોને મદદરૂપ થાય તેવા ઉદેશ્ય સાથે પ્રધાનમંત્રીશ્રીએ કર્મયોગી તાલીમ શરૂ કરાવી હતી. જે કર્મયોગની વાત કરે છે એ ગીતાજીને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે પાઠ્યક્રમમાં સમાવેશ કરીને ગુજરાતની આવનારી પેઢીને સાચા અર્થમાં કર્મયોગી બનાવવાની વાત અને કર્મયોગથી જ્ઞાનયોગ, ભક્તિયોગ અને ગીતાના ૧૮ અધ્યાયથી આવનારી પેઢી વાકેફ થાય અને કૃષ્ણ પરમાત્માના આદર્શોને આગળ વધારનારી નવી પેઢીનું નિર્માણ થાય એવી ચિંતા ગુજરાત સરકાર અને ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગ કરી રહ્યો છે. સર્વ શિક્ષા અભિયાનની વાત આવે ત્યારે આદરણીય અટલજી યાદ આવે. આદરણીય અટલજીએ સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરી અને એના માધ્યમથી ગુજરાતમાં આજે પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ કે ઉચ્ચતર માધ્યમિક વિભાગના અદ્યતન મકાનો બની રહ્યા છે. અદ્યતન વર્ગખંડો બની રહ્યા છે. કૉમ્પ્યુટર શિક્ષણની વાત હોય કે શિક્ષણમાં નવી પ્રણાલી લાવવાની વાત હોય ત્યારે શિક્ષણ વિભાગ આજે મજબૂતાઇથી આગળ વધી રહ્યો છે. દીકરીઓને ભણાવવા માટે સરકાર શિક્ષણમાં એક નવી પહેલ કરી રહી છે. દીકરીઓ ભણે અને આગળ વધે એના માટે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં 'નમો લક્ષ્મી યોજના' અને 'નમો સરસ્વતી યોજના' લાવવામાં આવી છે. જે દીકરીઓ ઘરે બેસે છે, જેને આર્થિક સંકડામણ છે એને મજબૂતાઇથી મદદરૂપ થવા માટેની વાત આ યોજનામાં છે. આજે દીકરીઓ ભણવા જઇ રહી છે ત્યારે એમના માટે સર્વ શિક્ષા અભિયાનના માધ્યમથી ગામે-ગામ ત્રણથી ચાર કિલોમીટરના દાયરમાં સરકારી શાળાઓ આ સરકારે બનાવી છે. ભૂતકાળમાં સરકારી શાળાઓ નહોતી. ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ હતી જે આજુ-બાજુના દાતાઓ દ્વારા ઊભી થતી હતી. સરકારની સહાયથી ચાલતી સંસ્થાઓ હતી. આજે સરકાર પોતે ગામે-ગામ સરકારી શાળાઓ બનાવી રહી છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેવાનો અવસર મળ્યો છે ત્યારે હું આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરું છું. સિનિયર ધારાસભ્યશ્રી નરેશભાઇ અભિનંદન પ્રસ્તાવ લઇને આવ્યા છે એમને મારું અનુમોદન આપવા હું ઊભો થયો છું. માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ગ્રામ વિકાસના વિષય પર બોલવાનો મને અવસર મળ્યો છે ત્યારે મારે કહેવું છે કે ભારત દેશ ગામડાંમાં વસેલો દેશ છે. ગામડું આ દેશનું હૃદય છે એટલા માટે ગામડાંઓનો સર્વાંગી વિકાસ થાય એ ખૂબ જરૂરી છે. ગામડાંઓને ભૂલીને રાષ્ટ્રની પ્રગતિ થઇ જ ન શકે. ભૌતિક અને માનવીય સાધનોનો વધુ સારો ઉપયોગ કરી ગ્રામ પ્રજાની આવક અને તેમનું જીવન-ધોરણ સુધારવા માટે વિકાસ કાર્યોમાં ગરીબને અસરકારક રીતે સામેલ કરી અને વ્યૂહાત્મક પરિયોજનાને ગ્રામ વિકાસ કહી શકાય. મને કહેતાં આનંદ અને હર્ષ અનુભવાય છે કે દેશનું સુશાસન આપણા પ્રધાન સેવક આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથમાં આવ્યું છે ત્યારથી ગામડાંઓનો વિકાસ પુન: ધબકતો થયો છે. આદરણીય મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ ગામેગામ વીજળી પહોંચાડી, રોડ-રસ્તા અને પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આજે ગુજરાતનો વિકાસ અને ગામડાનો વિકાસ અવિરત થાય તે માટે આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને તેમના નેતૃત્વવાળી ગુજરાત સરકાર કામ કરી રહી છે. ગામડાઓમાં સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાની સરકારની નીતિ બદલ હું આદણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબ અને આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર વ્યક્ત કરું છું. ગુજરાતના ગામડાઓને શહેર જેવી સુવિધાઓ આપવા માટે આ સરકાર કટિબદ્ધ છે ત્યારે મને વિશ્વાસ છે કે ગુજરાતના ગામડાઓના વિકાસમાં કોઇ કચાશ નહીં રહે. ઐતિહાસિક નગરી ''તાલધ્વજ'' જે વિસ્તારમાં આવી છે તે વિસ્તારમાંથી હું આવું છું અને તે ભક્ત કવિ નરસૈયાનું જન્મ સ્થળ છે. પૂર્વમાં ખંભાતનો અખાત અને દક્ષિણે અરબી સમુદ્ર ઘુઘવતો આ બંનેનો સંગમ જ્યાં થાય છે તે વિસ્તાર એટલે તળાજા. મને બરાબર યાદ છે કે વર્ષ ૧૯૮૭, ૧૯૮૮ અને ૧૯૮૯માં સૌરાષ્ટ્રમાં વરસાદ

ઓછો પડ્યો હતો ત્યારે ભૂગર્ભ જળ ઊંડા ગયા હતા. ખેડૂતોએ કૂવા અને બોરને ઊંડા કરીને જ્યારે ભૂગર્ભ જળ ઉલેચ્યા ત્યારે એ દરિયાના ખારા પાણીએ તળમાં ૧૦-૧૫ કિ.મી. આગળ ખેતીને બંજર કરી નાંખી ત્યારે તે ગામડા છોડીને જતું રહેવું પડે તેવી પરિસ્થિતિ ઉદભવી હતી. પીવાલાયક પાણી ન મળતાં તે વખતે ત્યાંના લોકો સાંધાના રોગ, પથરી અને દાંત પીળા થવા જેવા રોગોથી પીડાતા હતા. વર્ષો સુધી આ ચાલ્યું પણ ભલું થજો એ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારનું કે તેમણે મહી - પરિએજ યોજના થકી પાઇપના માધ્યમથી આ ગામડાઓને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડ્યું અને ગામડાઓ ફરી ધબકતાં થયા. એ જમાનામાં જ્યારે ગામડાનો યુવાન ગામડું છોડીને શહેર તરફ પોતાના ધંધા રોજગાર માટે જતો હતો ત્યારે આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિચાર્યું કે, આ ગામડાને ફરી ધબકતાં કરવા માટે ગામડાનો યુવાન ગામડામાં જ રોજીરોટી મેળવી શકે, ત્યાં જ ધંધો કરી શકે તે માટે યોજના કરીને આપવી પડે. તે સમયે જ્યોતિગ્રામ યોજના લઇને આવ્યા અને ગામડાને ૨૪ કલાક વીજળી આપી. એ વીજળીના માધ્યમથી ગામડામાં રેહતાં ઉદ્યમી નાગરિકે નાના નાના ઉદ્યોગો ચાલુ કર્યા. હીરા ઘસવાની ઘંટી ઘરે મૂકીને રોજી રોટી રળવા લાગ્યા. સિલાઇ મશીન લાવીને તેમાં પણ નાના નાના ઉદ્યોગો ચાલુ કર્યા. ઘણા બધા આવા નાના વેપારીઓએ પોતાનો ધંધો રોજગાર ચાલુ કરીને ગામડાઓને ધબકતા કર્યા ત્યારે એ ગામડાઓ વિકાસ પામવા લાગ્યા અને શહેર જેવી સુવિધાઓ ગામડામાં મળવા લાગી.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધનને હું આવકારું છું. મારો આજનો વિષય છે આબોહવા પરિવર્તન એટલે કે ક્લાઇમેટ ચેન્જ. આબોહવા પરિવર્તનનો સામનો કરી રહેલા સૌથી ગંભીર પડકારો પૈકી એક વિષય પર હું આ ગૃહ સમક્ષ થોડી માહિતી મૂકવા માગું છું. આબોહવા પરિવર્તન એટલે ક્લાઇમેટ ચેઇન્જ કે જે એક વૈશ્વિક મુદ્દો છે. જેના માટે આપણા બધા તરફથી તાત્કાલિક અને સામૂહિક પગલાંની જરૂર છે. આબોહવા પરિવર્તનનાં પરિણામો પહેલેથી જ સ્પષ્ટ છે. જે વિશ્વભરના સમુદાયો, ઇકો સિસ્ટમ અને અર્થતંત્રોને અસર કરે છે. આપણી જવાબદારી સ્પષ્ટ છે. આવનારી પેઢીઓ માટે ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આપણે આ મુદ્દો આગળ ધપાવવો જ જોઇએ. પ્રથમ અને અગ્રણી આબોહવા પરિવર્તનની જબરજસ્ત વૈજ્ઞાનિક સર્વસંમતિને સ્વીકારીએ. ક્લાઇમેટ ચેઇન્જ પરની આંતર સરકારી પેનલ અને વિશ્વભરની અસંખ્ય વૈજ્ઞાનિક સંસ્થાઓએ આકર્ષક પુરાવા પ્રદાન કર્યા છે. માનવ પ્રવૃત્તિઓમાં ખાસ કરીને વધુ પડતો અસ્મિભૂત ઇંધણનો વપરાશ અને અતિશય વન નાબૂદી આપણી આબોહવાને અભૂતપૂર્વ ફેરફારો તરફ દોરી રહ્યા છે. આબોહવા પરિવર્તનની અસરો દુરોગામી છે અને આપણા ઘરના દરેક ખૂણાને અસર કરે છે. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૯ના રોજ આબોહવા પરિવર્તન અંગે સચોટ પગલાં લેવાના હેતુથી એક અલગ ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની રચના ગુજરાત રાજ્યમાં કરવામાં આવી. ક્લાઇમેટ ચેઇન્જનો વિભાગ એ એશિયા ખંડનો પહેલો અને વિશ્વનો ચોથો સરકારી વિભાગ છે. ગુજરાત રાજ્ય દ્વારા લગભગ ૧૧૦ વિવિધ યોજનાઓ રાજ્યના ૨૭ જેટલા જુદા-જુદા વિભાગો માટે કાર્યરત કરેલ છે. જેમાંથી અમુક રાષ્ટ્રીય સ્તરે પણ કાર્યરત છે. રાજ્યમાં અમુક કાર્યરત યોજનાઓ વિશે વાત કરું તો, સરકારી ઇમારતો પર સોલર સિસ્ટમ, બેટરી સંચાલિત દ્વિચક્રી વાહનો પર સબસિડી, ઘરેલુ રૂફટોપ સોલર માટે સબસિડી, સરકારી શાળાઓમાં ઊર્જા કાર્યક્રમ અંતર્ગત કાર્યક્ષમ પંખા બેસાડવા, સરકારી છાત્રાલયો, સરકારી આદર્શનિવાસી શાળાઓ, યાત્રાધામો, વિશ્રામગૃહો પર સોલર વૉટર હિટીંગ સિસ્ટમ બેસાડવી, સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ માટે સબસિડી યોજના વગેરે. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કુલ ૨૪૫૧ સરકારી ઇમારતો પર સો ટકા સંપૂર્ણ સરકારી સહાય લેખે રૂ. ૨૬૪.૯૯ કરોડના ખર્ચે ૪૮.૭૮ મેગાવોટ રૂફટોપ સોલર કાર્યરત કરવામાં આવેલ છે તેમજ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૫૫૯ સરકારી છાત્રાલયો, સરકારી આદર્શ નિવાસી શાળાઓ, યાત્રાધામો, વિશ્રામગૃહો જેવા સ્થળો પર સો ટકા સંપૂર્ણ સરકારી સહાય લેખે ૨૦ લાખ ૬૦ હજાર લિટર પ્રતિદિન ક્ષમતાના સોલર વૉટર હિટીંગ સિસ્ટમ કુલ રૂ.૩૧.૫૬ કરોડના ખર્ચે સ્થાપવામાં આવેલ છે. ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ દ્વારા રાજ્યમાં સ્વચ્છ અને હરિયાળા વીજ ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકારે જાહેર કરેલ પવન ઊર્જા નીતિ-૨૦૧૬ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન ૬૩૧.૦૭ મેગાવોટ ક્ષમતાની પવનચક્કીના વિન્ડફાર્મ ડિસેમ્બર-૨૦૨૩થી કાર્યરત કરેલ છે. જેથી, રાજ્યની કુલ પવનઊર્જા વધીને ૧૦૪૩૦.૨૩ મેગાવોટ થઇ છે. સોલર વિદ્યુત નીતિ-૨૦૨૧ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં કુલ ૧૧૮૮.૫ મેગાવોટ ક્ષમતાના પાવર પ્લાન્ટ ડિસેમ્બર-૨૦૨૩ સુધી કાર્યરત કરેલ છે. જેથી રાજ્યની કુલ સોલર ઉત્પાદનની ક્ષમતા ૧૦૪૦૬.૫૧ મેગાવોટ થઇ છે. રાજ્ય સરકારની નીતિઓ ગુજરાતના આર્થિક વિકાસ માટે નીચા કાર્બનને સક્ષમ બનાવવા કાર્યરત છે. ગુજરાત લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ પ્રયાસ કરી રહ્યું છે તથા ગુજરાતના લોકો માટે ટકાઉ આબોહવા અને સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે ગ્રીનહાઉસ, વાયુઓના ઉત્સર્જનનું સમન કરવાના સંપૂર્ણ પ્રયાસો માટે કાર્યરત છે. આ સાથે ક્લાઇમેટ ચેઇન્જ પર રાજ્યના સમુદાયોને સશક્તિકરણ, જનજાગૃતિ, શિક્ષણ અને ક્ષમતાના નિર્માણ હેતુ માટે પણ કાર્યરત છે.

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ સન્માનનીય સભાગૃહને મારા જય રણછોડ. ૧૫મી વિધાનસભાના ચોથા સત્રમાં માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રના મુદ્દાઓના સમર્થમાં મારા વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન એ ગામડાનો મુખ્ય વ્યવસાય છે. કારણ કે, ગામડાઓમાં પશુપાલકો મજબુત હશે તો જ આપણું ગામડું મજબુત બનશે. હું જે ગામમાં રહું છે એ ગામમાં બે દૂધ મંડળીઓ છે. એક મંડળીમાં ૪૦૦૦ લિટર દૂધ છે

અને બીજી મંડળીમાં ૧૭૦૦ લિટર દૂધ આવ્યું છે. ગામમાં દરેક ઘરે લોકો ગાય ભેંસો રાખતા હોય છે. આપણા સૌના લોકલાડિલા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે પશુ આરોગ્ય, પશુ સંવર્ધન અને વિસ્તરણ સેવાઓનો લાભ પશુપાલકો પોતાના ગામ બેઠા વિના મૂલ્યે લઇ શકે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૦૨થી 'પશુ આરોગ્ય મેળા અભિયાન'નો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યના દસ ગામદીઠ એક 'ફરતાં પશુ દવાખાના'ની સુવિધા ઊભી કરવાની યોજના હેઠળ કુલ ૪૬૦ 'ફરતાં પશુ દવાખાના' કાર્યરત કરવામાં આવેલ છે. જેનાથી રાજ્યના ૫૩૦૦થી વધુ ગામોના પશુપાલકોને તેમના પશુઓ માટે ગામ બેઠાં વિનામૂલ્યે પશુ સારવારનો લાભ મળી રહ્યો છે. પશુપાલકો માટે આર્થિક રીતે નુકસાનકારક અને જીવલેણ ચેપી રોગોના અટકાવ અને નિયંત્રણ માટે રાજ્ય સરકાર દર વર્ષે વિવિધ રસીકરણ ઝુંબેશ સમયસર હાથ ધરે છે. પશુઓમાં થતાં જાતીય રોગોની સારવાર માટે પણ સમગ્ર રાજ્યમાં 'જાતીય આરોગ્ય કેમ્પ'ના આયોજન દ્વારા પશુઓના જાતીય રોગોનું નિરાકરણ લાવી પશુપાલન વ્યવસાયને નફાકારક બનાવવા માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. વર્ષ ૨૦૦૮-૦૯થી અત્યાર સુધીમાં કુલ ૪૦,૮૦૦થી વધુ જાતીય આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં ૩૦૩૬ જાતીય આરોગ્ય કેમ્પનું આયોજન કરી ૩ લાખ ૪ હજારથી વધુ પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાની દૂધ ઉત્પાદન હરિફાઇ 'તરણેતર મેળામાં પશુ પ્રદર્શન', 'શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ' તાલુકા કક્ષાની પશુપાલન શિબિર અને જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર વિગેરે જેવા પ્રોત્સાહક કાર્યક્રમોનું દર વર્ષે આયોજન થાય છે. આ પ્રકારની યોજનાથી રાજ્યના પશુપાલકોને ઉત્તમ પશુઓ રાખવાની પ્રેરણા મળે છે તથા પશુપાલન વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાનું પ્રોત્સાહન મળી રહ્યું છે. ગૌવંશના નિભાવ અને જીવદયા માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારે બિન-સરકારી અને સેવાભાવી સંસ્થાઓના યોગદાનની નોંધ લીધી છે અને ગૌસેવા, ગૌપાલન અને ગૌરક્ષા માટે ચિંતા સેવી વર્ષ ૨૦૨૨-૨૩થી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' અમલમાં મૂકી છે. આ યોજનામાં પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ ગૌશાળા, પાંજરાપોળ ખાતે રાખવામાં આવતા ગાય અને ભેંસ વર્ગના પશુઓના નિભાવ માટે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' અંતર્ગત પશુ દીઠ પ્રતિદિન રૂ. ૩૦/- લેખે સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩માં 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' હેઠળ કુલ રૂ.૧૭૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. પશુપાલકો અને ખેડૂતોના હીત માટે જિલ્લા બેંકો પણ ખૂબ મહત્ત્વનો ફાળો આપી રહી છે. એ અંતર્ગત મારા વિસ્તાર તેમજ મારા ખેડા જિલ્લા અને આણંદ જિલ્લાની જે ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક, નડીયાદ દ્વારા પણ તેમની બેન્કની સાથે સંકળાયેલી દૂધ ઉત્પાદન સહકારી મંડળીના વિસ્તારના લોકોને પશુ ખરીદવા માટે તથા જે સભાસદો દૂધાળા જાનવર ધરાવતા હોય તેવા પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી ધિરાણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ યોજના હેઠળ પશુ દીઠ રૂ.૧૫,૦૦૦ની લોન આપવાનો નિર્ણય અમારા બેંકના ચેરમેન ખૂબ એકટિવ છે એટલે ખેડૂતો અને પશુપાલકો માટે ખૂબ કાર્યક્રમો કરી રહ્યા છે. પશુપાલન માટે મહત્તમ રૂ. ૨ લાખ સુધીની લોન સરકારશ્રીના વ્યાજ વળતરની યોજનાને આધીન ઝીરો ટકા વ્યાજ દરે આપવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે સરકારશ્રીની ઘર-ઘર કેસીસી અભિયાન હેઠળ પણ બેંક દ્વારા ઘર-ઘર 'કિસાન ક્રેડિટ કાર્ડ'નું અભિયાન હાથ ધરવામાં આવેલ છે. પ્રધાનમંત્રીશ્રી દ્વારા કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાના લાભાર્થીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની જાહેરાત કરી છે ત્યારે કિસાન ક્રેડિટ કાર્ડ મેળવવાથી અત્યાર સુધી વંચિત બાકી રહેલા તમામ ખેડૂતોને ઝીરો ટકાથી સરકારશ્રીની વ્યાજ વળતરની યોજનાને આધીન લાભ આપવામાં આવી રહ્યો છે તેની સાથે સાથે જમીન વિહોણા પશુપાલકો પણ કિસાન ક્રેડિટ કાર્ડ મેળવી શકે તે માટેની કવાયત બેંક દ્વારા શરૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને રાજ્યના અન્ય વિકસિત ડેરી સંઘોની હરોળમાં લાવવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા આ વિસ્તારના સહકારી ડેરી ઉદ્યોગને વિશેષ સહાયની યોજનાની અમલવારી થઇ રહી છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ, મોરબી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ અને જામનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘના કુલ રૂ. ૩૦ કરોડના પ્રોજેક્ટસ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે.પ્રથમ તબક્કે કુલ ૮ કરોડની ફાળવણી કરવામાં આવી રહી છે. ડેરી શક્તિ એ ભારતમાં વિવિધ રીતે મહત્ત્વ ધરાવે છે. એ ઉદ્યોગ તરીકે ૮૦ મિલિયનથી વધુ લોકોને રોજગારી આપે છે. તેમાં મોટા ભાગે નાના અને સીમાંત ખેડૂતો તેમજ જમીનવિહોણા ખેડૂતો તથા મહિલાઓનું ડેરીના ક્ષેત્રમાં મુખ્ય યોગદાન રહેલું છે. આ ક્ષેત્ર ખાસ કરીને મહિલાઓ માટે એક નોકરી પ્રદાન માટે મહત્ત્વનું છે અને મહિલા સશક્તિકરણ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલ છે. ભારતમાં છેલ્લાં ૯ વર્ષની અંદર ડેરી ઉદ્યોગ દ્રરા દૂધ ઉત્પાદનમાં અને વપરાશમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. ભારત આજે વિશ્વમાં દૂધનું સૌથી મોટું ઉત્પાદક છે અને એમાં ૨૪ ટકા યોગદાન આપેલું છે. ભારતની ગ્રામીણ વ્યવસ્થાનો ડેરીના ક્ષેત્રમાં મોટો ફાળો રહેલો છે. સહકારી ડેરીના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને અપડેટ કરવા માટે, ડેરીના પ્રોસેસિંગ માટે, ઇન્ફ્રાસ્ટ્રકચર માટે, ડેરીના ફંડ અને અમલીકરણ, પર્યાપ્ત અને સમયસર ધિરાણ સહાય પૂરી પાડવા માટે કિસાન ક્રેડિટ કાર્ડ અને દૂધનું ઉત્પાદન વધારવા માટે રાષ્ટ્રીય ગોકુલ મિશન શરુ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૯૪૬માં અમૂલની શરૂઆત થઇ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ચૈતરભાઇ વસાવા.

તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રી દ્ધારા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ ગૃહના સભ્યશ્રી નરેશભાઇ પટેલ દ્ધારા જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને સભ્યશ્રી કેશાજી ચૌહાણ દ્ધારા એને અનુમોદન આપવામાં આવેલ છે તેના પર હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના દરેક વિસ્તારમાં હાલના તબક્કે પણ વિકસિત ભારત સંકલ્પ યાત્રાઓ ચાલે છે અને આપણે આઝાદીના ૭૫ વર્ષ, આજે જયારે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવતા હોઇએ છીએ ત્યારે અને આપણે એક ભારત શ્રેષ્ઠ ભારતની વાત કરીએ છીએ અને જયારે આપણે વિશ્વ ગુરુ બનવા તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આજે એક એવો વિસ્તાર છે કે એ વિસ્તારમાં પૂરતા શિક્ષકો માટે આંદોલન કરવા પડે છે. એ વિસ્તારમાં પૂરતા ઓરડા માટે આંદોલન કરવા પડે છે. આજે ગુજરાતની વાત કરીએ તો અંદાજિત ૩૨ હજાર જેટલી કાયમી શિક્ષકોની જગ્યા ખાલી છે. આજે ટેટ-ટાટ પાસ ઉમેદવારો માટે કે જેમનું કાયમી શિક્ષક બનવાનું સ્વપ્ન હતું, છતાંયે એવા યુવાન યુવતીઓ આજે રોડ ઉપર આંદોલન કરી રહ્યાં છે. કૃષિ ક્ષેત્રની વાત કરીએ તો નર્મદા નદીના પૂર એ જયારે કાંઠા વિસ્તારોમાં ભરૂચ, વડોદરા અને નર્મદા..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ચૈતરભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડ. આપની બે મિનિટ હતી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : બે મિનિટમાં શું બોલીએ અમે? વધુ સમય આપો?

ઉપાધ્યક્ષશ્રી : સમય જે ફાળવ્યો હોય એ જ મળે ને?

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમે વાત કરી હતી કે ૪ સભ્યો વચ્ચે એક સભ્ય બોલશે. છ મિનિટ આપો.

ઉપાધ્યક્ષશ્રી : સમય મળતો હોય એ પ્રમાણે જ મળે ને.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ ૧૫ મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહ સમક્ષ જે સંબોધન કર્યું તે અમૂલ્ય સંબોધન બદલ તેમનો આભાર માનતો પ્રસ્તાવ અમારા સિનિયર નેતા સભ્યશ્રી નરેશભાઇ પટેલે રજૂ કર્યો છે અને અમારા વડિલ સભ્યશ્રી કેશાજી ચૌહાણે એને અનુમોદન આપ્યું છે તે બાબતે મને મારું વકતવ્ય રજૂ કરવાની મને તક મળી છે. આ ગૌરવવંતા પ્રસંગ બદલ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચાયત વિભાગની તથા રાજય સરકારની કામગીરીને જે જે માનનીય સભ્યશ્રીઓએ બિરદાવીને સૂચનો કર્યાં છે અને સમર્થન આપ્યું છે, તેવા રચનાત્મક સૂચનોને હું આવકારું છું. આ તબકકે ચર્ચામાં ભાગ લેનાર તમામ માનનીય સભ્યશ્રીઓનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજને વધુ ઊર્જાવાન બનાવવાની અમારી સરકારની નેમ છે. જે અન્વયે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેજા હેઠળ પંચાયત વિભાગ ખૂબ ઉમદા કામગીરી કરી રહેલ છે. સરકાશ્રી દ્ધારા આઝાદીના ૭૫ વર્ષે, આઝાદીના અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલી છે. ''આઝાદીકા અમૃત મહોત્સવ'' એ દેશના લોકો, સંસ્કૃતિ અને સિદ્ધિઓના ગૌરવશાળી ઈતિહાસની યાદમાં ઉજવવામાં આવેલ આપણી દેશવ્યાપી અને લોક કેન્દ્રિત પહેલ હતી. બે વર્ષથી વધુ એવા આ સમયગાળામાં રેકર્ડ બ્રેકિંગ જનભાગીદારી જોવા મળી છે. ભારતના તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બે લાખથી વધુ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. ભારતની સ્વતંત્રતા પછીના ઈતિહાસમાં આ એક અનોખો અને સૌથી મોટી ઉજવણીનો પ્રયાસ છે. જેમાં માતૃભૂમિને શ્રદ્ધાંજલિ આપવા '' મીટ્ટી કો નમન'' અને આપણા હયાત બહાદુરો અને દેશ માટે અંતિમ બલિદાન આપના વીરોના પરિવારજનોના સન્માન માટે '' વીરો કા વંદન ''હેઠળ ૨૦ લાખથી વધુ કાર્યક્રમો યોજાયા છે. રાજયમાં સ્થાનિક બહાદુરોની બલિદાનની ભાવનાને સલામ કરતી ૧૫,૧૩૬ સ્મારક તકતીઓ ''શિલા ફલકમ '' ઊભી કરવામાં આવી. આશા વૃદ્ધિ અને અવિરતપણાની શાબ્દિક અને રૂપાત્મક રીતે નવી કથાઓનું સર્જન કરવા '' વસુધા વંદન'' હેઠળ રાજયમાં ૧૬,૩૩૬ અમૃતવાટીકાઓ બનાવી વૃક્ષારોપણની પહેલ હાથ ધરવામાં આવી. ભારતભરના ઘરોમાંથી માટીનો સંગ્રહ કરી સ્થાનિક સંસ્થાઓના સ્થળેથી ઘરોમાંથી એકત્ર કરાયેલ માટીનું મિશ્રણ- ''અમૃત કળશ'' તૈયાર કરી ગુજરાતની ભૂમિભકિતને ૧૦૮ અમૃતકળશ મારફતે ૮૦૦ યુવાઓ દ્ધારા દિલ્હી પહોંચાડવામાં આવેલ. તેમાંથી દિલ્હી ખાતે અમૃતવાટીકાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઈતિહાસમાં પ્રથમવાર આપણી સરકાર દ્ધારા આઝાદીના ગૌરવપ્રદ ઈતિહાસને બિરદાવવામાં આવી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે અમૃતકાળમાં અમૃત બજેટ બનાવીને વિકસિત નવભારતના નિર્માણ માટે યુવા શકિતના વિકાસને પ્રાથમિકતા આપી છે. આપણા વડાપ્રધાનશ્રી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે સમયે તેમણે કરેલા અથાગ પ્રયત્નોને પરિણામે અનેક રોકાણકારો ગુજરાત તરફ આકર્ષાયા છે. ગુજરાતમાં જેમ જેમ રોકાણો આવતા રહ્યા તેમ તેમ દરેક ક્ષેત્રે વિકાસના નવા દ્ધાર ખુલતા ગયા. રોકાણો અને ઉદ્યોગો વધતા ગુજરાતના યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા પણ વધી છે. આ સાહસિકતાને આર્થિક પીઠબળ પૂરું પાડી તેમના સપનાઓને પાંખો આપવાનું કામ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર અભૂતપૂર્વ રીતે કરી રહી છે. આજે આપણું ગુજરાત ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રેન્કિંગમાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. રાજયના કૌશલ્યવાન યુવાનોને રોજગારી મળી રહે તે માટે સમયાંતરે રાજયમાં ભરતી મેળાનું આયોજન થાય છે. અત્યાર સુધીમાં ૮૬૬ ઔદ્યોગિક ભરતી મેળાના આયોજનથી ૮૪,૫૫૪ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. સરકારશ્રી દ્ધારા અસંગઠિત શ્રમયોગીઓનો પણ વિચાર કરી ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્ધારા અસંગઠિત શ્રમ

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)

યોગીઓની નોંધણી માટે ઇ-શ્રમ પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે જેમાં ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ ૧ કરોડ ૧૪ લાખ ઉપરાંત અસંગઠીત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવેલ છે. વધુમાં બાંધકામ શ્રમિકોને તેઓના કામકાજના નજીકના સ્થળે ઉત્કૃષ્ઠ અને પરવડે તેવા પાયાની મૂળભુત સુવિધાઓ સાથેના સસ્તા ભાડાના કામ ચલાઉ આવાસો મળી રહે તથા બાંધકામ શ્રમ યોગીઓના જીવન સ્તરમાં વધારો થાય તે હેતુથી શ્રમિક બસેરા યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબના નેતૃત્વમાં અનેકવિધ નીતિઓ, યોજનાઓ, વહીવટી પ્રતિબદ્ધતા અને સેવાનું સરળીકરણ જેવા સામાન્ય જનતાને અસર કરે તેવા અનેક અસરકારક નિર્ણાયક નિર્ણયો લઇનેનીતિ અને નિયમોમાં ફેરફાર કર્યા છે. નવી શિક્ષણ નીતિ ૨૦-૨૦ દ્વારા શિક્ષણનું રિવોલ્યુશન કરીને થઇ શકે તેનું વિઝન આપણા દેશને આપ્યું છે. રાષ્ટ્રિય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાનો ફરજિયાત સાર્વત્રિક અમલ શરૂ કરવામાં આવેલ છે, જેમાં રાજ્યમાં કુલ ૫ લાખ ૧૬ હજાર ૬૨૧ વિદ્યાર્થીઓએ બાલવાટિકામાં પ્રવેશ મેળવેલ છે. રાજ્યમાં સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં યુનિવર્સિટીની સહભાગીતા સુનિશ્ચિત થાય તે માટે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩નો અમલ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓના પ્રવેશ, પરિણામ અને રોજગારી સર્વ માહિતી મેળવવાના મુખ્ય ઉદ્દેશથી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓની ક્ષમતામાં વધારો થાય તે હેતુથી આપણી સરકાર દ્વારા સામાર્થ્ય યોજના શરૂ કરવામાં આવેલ છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓના ફીના ભારણને ઘટાડવા માટે સામાર્થ્ય સંસ્થા યોજના અંતર્ગત ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ જી.સી.એ. એસ. શરૂ કરવામાં આવેલ છે. આપણે જાણીએ છીએ કે ગરીબ પરિવારમાંથી પરિવારનો કોઇ સભ્ય બિમાર પડે અને તેને હોસ્પિટલમાં દાખલ કરવાનું થાય તે પરિવાર ઉપર આભ તૂટ્યું હોય તેવા સમયે ગુજરાત સરકાર પરિવારની પડખે ઊભી રહે છે. આપણા ગુજરાતમાં નાગરિકોને સારવારની શ્રેષ્ઠ સુવિધા મળે અને નિરોગી બને તે અમારી સરકારની કટિબદ્ધતા છે. વિશ્વનું સૌથી મોટું આરોગ્ય વીમા કવચ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના અને ગુજરાતની મા યોજનાનું સંકલન થતા ગુજરાતના મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારોની આરોગ્ય વિષયક ચિંતા દૂર થવા પામી છે. લોકોને આરોગ્ય સુરક્ષા કવચ ઉપલબ્ધ કરવા રાજ્ય સરકાર દ્વારા પી.એમ.જે.વાય. યોજના હેઠળ પ્રતિ વર્ષ રૂ.૧૦ લાખ સુધીના ૨,૪૭૧ નિયત કરેલા પ્રોસીજર માટેનું આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવ્યું છે. આ યોજના હેઠળ કુલ ૨.૩૩ કરોડ લાભાર્થીઓની નોંધણી કરીને આયુષ્યમાન કાર્ડ આપેલા છે. આ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ થકી રાજ્યમાં લોકોની આરોગ્ય સુખાકારી હેલ્થ અને વેલનેસ બને દ્દષ્ટિકોણ સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર ઉપચારાત્મક અને નિવારણ એમ બંને પ્રકારની સેવાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે. ઉપરાંત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ આખું વર્ષમાં ૧.૩૨ કરોડથી વધુ બાળકોનું સ્કેનિંગ કરવામાં આવ્યું છે. આમ આપણી સરકાર દ્વારા સેટલમેન્ટ-ડેવલપમેન્ટ ગોલના ફ્રિમેઇલ સૂચાંકો પૈકી સારું સ્વાસ્થ્ય અને સુખાકારીના ગોલને હાંસલ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યાં છે. તાજેતરમાં ગુજરાત અને દેશમાં દેશ-વિદેશના અનેક પ્રમુખો, રાજદ્વારીઓ, વિવિધ દેશોના પ્રતિનિધિઓ, પાર્ટનર ઓર્ગેનાઇઝેશનના પ્રતિનિધિઓ, ઉદ્યોગ જગતના મહાનુભવોની ઉપસ્થિતિમાં ગુજરાત ગ્લોબલ વાઇબ્રન્ટ સમિટની ૧૦મી કડીનું શાનદાર આયોજન થયેલ. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા વર્ષ ૨૦૦૩માં પ્રથમ સમિટથી તેની શરૂઆત કરવામાં આવેલી હતી. અમૃતકાળની આ સમિટમાં ૩૫ દેશો પાર્ટનર કંન્ટ્રી તરીકે જોડાયા હતા. તેમાં વિવિધ દેશોના વડાઓ સહિત ૪૦ થી વધારે મંત્રીશ્રીઓ, ૧૪૦થી વધુ દેશોના ૬૧,૦૦૦ થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ સમિટમાં કુલ ૧,૩૧,૯૪૩ રજિસ્ટ્રેશન થયા હતા. જેમાં ૩,૫૯૦ વિદેશી પ્રતિનિધિઓ હતા. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે વાઇબ્રન્ટ સમિટ તથા દેશના સૌથી મોટા ટ્રેડ શોનું ઉદ્યાટન કરવામાં આવ્યું હતું વાઇબ્રન્ટ સમિટની ૧૦મી કડી સમૃદ્ધ ભારતનું ભવિષ્ય સુનિશ્ચિત કરતો ગોલ્ડન ગેટ-વે બનીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા વિકસિત ભારતના ૨૦૪૭ ને સાકાર કરશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દ્દષ્ટિવંત નેતૃત્વ અને પરિણામલક્ષી આયોજનના કારણે ગુજરાત રોકાણકારોનું માનીતું સ્થળ બન્યું છે. ધારાસભ્ય તરીકે આ એક ગૌરવપ્રદ બાબત છે. સવાયા ગુજરાતના પનોતા પુત્રોને યાદ કરીએ ત્યારે હર્ષની લાગણીનો અનુભવ થાય. રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ, મહાગુજરાત ચળવળના પ્રણેતા પૂજ્ય રવિશંકર મહારાજ અને મહાન ગુજરાત અસ્મિતાના શિલ્પી ઇન્દુલાલ યાજ્ઞિક આ તમામ મહાન વિભૂતિઓ કે જેમણે અર્થપૂર્ણ, લાયક, દૂરંદેશી, ભવ્ય સાંસ્કૃતિક ગુજરાત આપણી સમક્ષ મૂક્યું છે. વંદન છે આ મહાન વિભૂતિઓને, ગુજરાતનો વિકાસ આપણા મહાત્મા ગાંધીજીએ જોયેલ વિઝન પ્રમાણે ભારતીય જનતા પાર્ટીનું સબળ અને સફળ નેતૃત્વ રહ્યું છે. ગાંધીજીના શબ્દોમાં કહું તો વિકાસ ફક્ત આજ માટે નહીં પણ ભવિષ્યની વાત હોય છે. જેમણે ગુજરાતને આગવી ઓળખ પ્રદાન કરી છે એવા રાજયના પનોતા પુત્ર, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નામનો ઉલ્લેખ કર્યા વિના ગુજરાતના વિકાસની વાત અધુરી લાગે છે. પ્રધાનમંત્રીશ્રીએ વિકાસની યાત્રાને પ્રબળ બનાવી છે ત્યારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા એટલે કલ્યાણની યાત્રા તથા સૌના વિકાસની યાત્રા. સરકારી યોજનાઓ થકી લોક કલ્યાણ માટે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર કટિબદ્ધતાપૂર્વક નિરંતર કાર્ય કરી રહી છે. લોકોમાં જન કલ્યાણકારી યોજનાઓ માટે જાગૃતિ આવે તે હેતુથી સમગ્ર ભારત દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ગામના લોકોને પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અન્ન યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, દીનદયાળ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના, પ્રધાનમંત્રી પોષણ અભિયાન, હર ઘર જલ-જલ જીવન મિશન, જનધન યોજના જેવી ૧૭ યોજનાઓનો કરોડો લોકોને લાભ મળ્યો છે. વિકસિત ભારત સંકલ્પ યોજના અંતર્ગત

અનુસૂચિત આદિજાતિ વિસ્તારોમાં સિકલ સેલ એનીમીયા નાબૂદી, એકલવ્ય મોડલ સ્કૂલમાં નોંધણી, શિષ્યવૃત્તિ યોજનાઓ, વન અધિકાર અને વન ધન વિકાસ કેન્દ્રની વધારાની યોજનાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. પંચાયતી રાજ મંત્રાલયની પહેલ રૂપે ૨૦૩૦ના સંયુકત રાષ્ટ્રના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલને ૯ વ્યાપક થીમમાં એકીકૃત કરવામાં આવેલ છે. પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા આ ૯ થીમ આધારીત સ્થાનિક ધ્યેયો ઉપર કામગીરી કરવા પંચાયત સ્થળે વિવિધ વિભાગો દ્વારા થતી કામગીરી અને તેમની પ્રગતિનું મૂલ્યાંકન અને સિદ્ધિ માટે ભારત સરકારશ્રીના પંચાયતી રાજ મંત્રાલયના નેતૃત્વ હેઠળ સંબંધિત તમામ કેન્દ્રિય મંત્રાલયો સાથે સંકલન સાધી પંચાયત વિકાસ સૂચકાંક (પી.ડી.આઇ.)ની રચના કરવામાં આવેલ છે. જેમાં ગ્રામ પંચાયત સ્તરેથી તથ્ય આધારિત મૂલ્યાંકન/આયોજન થવાથી ગ્રામ વિકાસના કામોની ગુણવત્તામાં સુધારો થશે. પંચાયત વિકાસ સૂચકાંક પંચાયતોની પ્રગતિનું રિપોર્ટ કાર્ડ બનવાની સાથે દરેક વિભાગોને ભવિષ્યની યોજનાઓ બનાવવા માટે ખૂબ ઉપયોગી માધ્યમ બની રહેશે. સરકારશ્રી દ્વારા પંચાયત વિકાસ સૂચકાંક (પી.ડી.આઇ.) માટે રાજયના મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ ગવર્નીંગ બોડીની રચના કરવામાં આવેલ છે. પંચાયત વિકાસ સૂચકાંક (પી.ડી.આઇ.) ઉપલબ્ધ ડેટા, સંબંધિત તમામ વિભાગો માટે આગામી આયોજન, યોજનાઓના અમલીકરણ અને દેખરેખ માટે એક મજબૂત આધાર તરીકે કામ કરશે. ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી શહેરી વિસ્તારમાં મળતી ઇ-સેવાઓ જેવી ઇ-સેવાઓ ગ્રામકક્ષાએ મળી રહે તે આશયથી ગુજરાત સરકાર દ્વારા ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. રાજયની ત્રિસ્તરીય પંચાયતીરાજની સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત. જિલ્લા પંચાયતને ઇન્ટરનેટ માધ્યમથી રાજ્યના સચિવાલય સાથે સાંકળી પંચાયતી રાજની સંસ્થાઓનું સુદઢીકરણ કરવાનું આયોજન ધ્યાને લઇ વર્ષ ૨૦૦૭-૦૮માં તત્કાલિન માનનીય મુખ્યમંત્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં ઇ.ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની રચના કરવામાં આવેલી છે. હાલ રાજ્યમાં કુલ ૧૪૧૮૧ ઇ.ગ્રામ સેન્ટરો કાર્યરત છે. ઇ.ગ્રામ સેન્ટર ઉપર જી ટુ સી પ્રકારની ૩૨૧ સેવાઓ અને બી ટુ સી પ્રકારની ૯૫ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં મુખ્યત્વે જન્મ-મરણના દાખલા, વિધવા સહાયના ફોર્મ, રેશનકાર્ડ, મા-કાર્ડ વગેરે લગતી કામગીરી કરવામાં આવે છે. ટેકના ભાવે કૃષિ પેદાશોની ખરીદી માટે ખેડૂતોની ઓનલાઇન નોંધણી, ૭-૧૨, ૮-અના ઉતારા, કરવેરાની પહોંચ, વીજળી બિલ, ગેસબિલ કનેકશન, ગેસ કનેકશન, નોકરી માટેના ઓનલાઇન અરજીપત્રકો, ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીને આવકનો દાખલો, વિવિધ સેવાઓ માટેના સોગંદનામા ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક દ્વારા આપવામાં આવે છે. આધાર ઇનેબલ પેમેન્ટ, મની ટ્રાન્સફર, રીચાર્જ, ટ્રાવેલ ટિકિટ, ઇન્શ્યુરન્સ સેવાઓ, મિચ્યુઅલ ફંડ જેવી બી ટુ સી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આમ રાજ્ય સરકારની વિવિધ સેવાઓ તેમજ વાણિજયક સેવાઓ ગ્રામજનોને ગ્રામ્ય કક્ષાએથી મળવાને કારણે તેમના સમય અને નાણાંનો બચાવ થાય છે. ગ્રામ્ય કક્ષાએ શહેરી વિસ્તાર જેવી સેવાઓ મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા ડિજિટલ સેવાસેતુની જેમ ગ્રામજનોને ગામમાં જ ઇ.સેવાઓ મળી રહે તે હેતુથી કોમન સર્વિસ સેન્ટર યોજના દેશમાં લાગુ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્યની અગાઉની સ.ગ્રામ યોજના શરૂ કરેલ હોઇ તેની ભારત સરકારે નોંધ લઇને તમામ ઇ.ગ્રામ સેન્ટરોને કોમન સર્વિસ સેન્ટર તરીકે જાહેર કરેલ છે. આમ, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી વિકાસને વરેલી આ સરકાર ડિજિટલ ઇન્ડિયા દ્વારા ડિજિટલ સેવાસેતુ થકી આત્મનિર્ભર ભારતની પ્રતિબદ્ધતા સાકાર કરી ગુજરાત દેશનું દિશાસૂચક બની રહે, વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્માણનો વિશ્વાસ પેદા થયો છે. આપણો ભારત દેશ કૃષિપ્રધાન દેશ હોવાથી દેશના મોટાભાગના રાજ્યોમાં કૃષિ થકી દેશ અને જનજનનો વિકાસ સાધ્યો છે. કૃષિ ક્ષેત્રમાં ગુજરાતે છેલ્લા બે દાયકામાં અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે. આજનો ખેડૂત આધુનિક ટેકનોલોજી અપનાવતો થયો છે. ટેકનોલોજીની મદદથી કૃષિ વિષયક સૂઝબૂઝથી કૃષિ ક્ષેત્રે વધુને વધુ સફળતા હાંસલ કરતા થયા છે. કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી ગતવર્ષે રાજ્યમાં ૨૨૪૮૯ એકર વિસ્તારમાં ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે. કૃષિ મહોત્સવ જેવા રાજ્ય સરકારના આયોજનબદ્ધ પગલાંને કારણે ગુજરાતનો કૃષિ વિકાસદર સતત વધતો રહ્યો છે. પ્રાકૃતિક કૃષિમાં ગુજરાતે વિશેષ પ્રાધાન્ય આપી ખેડૂતોને વધુ ઝડપથી સમૃદ્ધ કરવાની દિશામાં પગલાં લીધા છે. પ્રાકૃતિક કૃષિને રાજયમાં વેગ મળે તે માટે દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય નિભાવ માટે સહાય આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ અમલ માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલી છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂકેલા સફળ ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીશ્રીની કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજદિન સુધીમાં ૧૫૪૦૭.૮૨ કરોડની રકમ ખેડૂલ લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે વર્ષ ૨૦૨૩ને આંતર રાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા મિલેટ પાકોના ઉત્પાદન પર તેમજ તેનો રોજિંદા જીવનમાં વપરાશમાં વધારો થાય તેના માટેના પ્રયત્નો હાથ ધર્યા છે. ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા રાજ્યના ખેડૂતોને તેમની ખેતીવાડીના વીજ જોડાણો નિયમિત મળી રહે તે માટે જાહેર કરવામાં આવેલ સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૨૨ અંતર્ગત ૫૦ હજારથી વધુ ખેડૂતોએ તેનો લાભ લીધો છે. રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા ગુજરાત સરકારે એક નવીન અભિગમ અપનાવી કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૭૦૮૪ ગામોમાં દિવસે વીજળી આપવાની શરૂઆત કરી

દેવામાં આવેલ છે. રાજય સરકાર અને મારા વિભાગ દ્વારા ખેડૂતોને લક્ષમાં રાખી લેવામાં આવેલ નિર્ણયો સરકારની તેમના પ્રત્યેની સંવેદનશીલતા છતી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની વ્યક્તિલક્ષી સહાયની વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ લાભાર્થીઓ વચેટિયાઓને નાબૂદ કરી સીધો લાભ અંતરિયાળ વિસ્તારના વંચિત લોકોને મળી રહે અને તેમના જીવન-ધોરણ ઉન્નત થાય અને તેઓ વિકાસની ધારામાં જોડાય તેવા અભિગમ સાથે રાજય સરકાર દ્વારા પ્રત્યેક જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ગરીબ કલ્યાણ મેળાઓ થકી વંચિતોને વિકાસના પ્રવાહમાં સામેલ કરેલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૬૦૪ ગરીબ કલ્યાણ મેળા મારફતે રાજયના જુદા જુદા વિભાગોની વિવિધ યોજનાઓ અન્વયે ૧.૬૬ કરોડ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય સ્તરે ગ્રામ પંચાયતો થકી ગ્રામજનોને તમામ સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે પંચાયત ભવન એ અગત્યનું અને ચાવીરૂપ માધ્યમ બની રહેલ છે ત્યારે આપણા માનનીય વડા પ્રધાનશ્રી દ્વારા પ્રત્યેક ગ્રામ પંચાયતને ગ્રામ પંચાયત ઘર ઉપલબ્ધ કરવા દ્રઢ સંકલ્પ કરેલ છે ત્યારે આ સંકલ્પને સિદ્ધ કરવા અને પંચાયતીરાજ વ્યવસ્થાને સંગીન બનાવવાના ભાગરૂપે રાજય સરકાર દ્વારા ઉપલબ્ધ તમામ યોજનાઓના ભંડોળનો ઉપયોગ કરીને તબક્કાવાર રાજયની જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતના મકાનોને સુવિધાયુક્ત બનાવવા માટે અનુદાન આપવામાં આવેલ છે. વધુમાં પંચાયત વિભાગની કામગીરી અને આંતરમાળખાકીય સુવિધાઓન અગત્યતાને સુપેરે સમજીને ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના મકાનોની યુનિટ કોસ્ટમાં પણ વધારો કરવામાં આવેલ છે.

માનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પંચાયતી રાજના સફળ સંચાલન અને સુદ્દઢીકરણમાં ગામડાઓ વિકાસની હરણફાળમાં પાછળ રહી ન જાય તેવા દઢ સંકલ્પ સાથે આ વિચારને સાચા અર્થમાં અલમાં મુકવા માટે ભારત સરકારશ્રી દ્વારા ૧૫માં નાણાંપંચના સમયગાળા દરમ્યાન વર્ષ ૨૦૨૦-૨૧ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં રાજયને કુલ રૂપિયા ૧૫,૬૫૦ કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના કામોને મંજૂર કરવાની પ્રક્રિયા વધુ સરળ બને તથા કામો ઝડપી તેમજ ગુણવત્તાસભર થાય તે માટે તાંત્રિક અધિકારીશ્રીના તાંત્રિક મંજૂરીના મૂળ સિવિલ કામના અધિકાર સોંપણીમાં ફેરફાર કરી તાંત્રિક સત્તાઓ વધારવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન-અર્બન હેઠળ ભારત સરકારના આવાસન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા શહેરોમાં સ્વચ્છતા રહે તે માટે સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. મને જણાવતા આનંદ થાય છે કે, સ્વચ્છ સર્વેક્ષણ સન ૨૦૨૩માં સુરત મહાનગરપાલિકાને ઈન્દોરની સાથે દેશના સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સ્વચ્છતા અને માળખાકીય સુવિધાને શહેરો પૂરતી મર્યાદિત ન કરતાં રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં શહેર જેવી માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે અર્બન માળખાકીય સુવિધા આયોજન અંતર્ગત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્લાનની યોજના વર્ષ ૨૦૦૯-૧૦થી અમલમાં મુકેલ છે. ગામડાઓને શહેરની સમકક્ષ તમામ સુવિધાઓ મળે તે માટે અને ગ્રામ્ય અને શહેર વચ્ચેની ખાઈ દૂર કરવાના અભિગમ સાથે રાજય સરકારે રુર્બન પ્રોજેકટ હાથ ધરેલ છે. ૧૦ હજારથી વધુ વસતિ ધરાવતા ૧૧૮ ગામો, તાલુકા મથકવાળા ૧૦ હજારથી ઓછી વસતિ ધરાવતા ૮૨ ગામો અને આદિજાતિ વિસ્તારના ૭૦૦૦ની વસતિ ધરાવતા ૫૫ ગામો મળી કુલ ૨૫૫ ગામોમાં હાલ પુરતા ભૂગર્ભ ગટરનું માળખું પૂરું પાડવાનું આયોજન કરેલ છે. "સારી સાફ સફાઈથી જ ભારતના ગામડાઓને આદર્શ બનાવી શકાય છે." આ વિચાર છે આપણા વંદનીય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો અને તેને સાર્થક કર્યો છે આપણા દેશના લોક લાડીલા પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ. આજે સ્વચ્છતા સૌની આદત બની ગઈ છે. જેનું આદર્શ ઉદાહરણ છે ગુજરાતના ગામડાઓની સ્વચ્છતા અને તેના માટે ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિસ્તારમાં શહેરો જેવી સ્વચ્છતા અને સુવિધા પૂરી પાડવા તમામ ગામડાઓમાં સ્વચ્છતાની વણથંભી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ઘન અને પ્રવાહી કચરાના યોગ્ય વ્યવસ્થાપન દ્વારા ગામડાઓને વધુ સ્વચ્છ બનાવવા તેમજ રોગોનો ફેલાવ અટકાવવા તથા સ્વચ્છતા ક્ષેત્રે રોજગારીની નવી તકોનું નિર્માણ કરવા અને તે દ્વારા ગ્રામ્ય પંચાયતોનું સશક્તિકરણ કરી સુખી અને સ્વચ્છ ગ્રામીણ સમાજના નિર્માણના કલ્યાણકારી ઉદ્ધેશ સાથે સ્વચ્છતા એજ સેવા હેઠળ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પસંદગી કરેલ ગામોના ક્લસ્ટરમાં ઘરે ઘરેથી કચરાનું એકત્રીકરણ, સેગ્રીગેશન શેડ ખાતે કચરાનું વર્ગીકરણ કરીવૈજ્ઞાનિક ઢબે અજૈવિક કચરાનો નિકાલ તથા જૈવિક કચરાનો ગોબરધન પ્લાન્ટમાં ઉપયોગ કરી નિકાલ માટેની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવશે. જેનાથી ગ્રામ્ય કક્ષાએ લોકોમાં ગ્રીન એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન પણ મળશે. વધુમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ગ્રામ પંચાયતોને સફાઈના સાધનો પૂરાં પાડી એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઈટ સુધી લઈ જવા પરિવહન સહાય આપને તથા ઉકરડા વ્યવસ્થાપન કરીને ઉકરડા મુકત ગામ બનાવવા માટે સફાઈને લગતા કામો હાથ ધરીને સફાઈ ક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરીને વધુ સારા સ્વસ્થ સમાજનો નિર્માણ કરવાનો ઉદેશ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામોનો વિકાસ અને આપણી ભવ્ય સાંસ્કૃતિક પરંપરાની જાળવણી માટે સરકાર સઘન પગલાં લઈ રહી છે. અંબાજી શકિતપીઠ અને પાવાગઢ જેવા યાત્રાધામોમાં પણ નવતર સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગુજરાતે સ્વચ્છ યાત્રાધામની પહેલ શરૂ કરી છે અને ધાર્મિક યાત્રાધામ સ્થળોની સફાઈની ઝુંબેશ ઉપાડી છે. માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ ઓખા બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ લોકો માટે ખુલ્લો મુકવામાં આવનાર છે. ગુજરાત સરકાર દ્વારા પરિવહન સુવિધાઓ તરફ અનેક પગલાંઓ લેવામાં આવ્યા છે જેમાં નાના-મોટા

તમામ શહેરોમાં વૈશ્વિક કક્ષાનું એરપોર્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. કેશોદ એરપોર્ટ વિસ્તરણ પ્રોજેકટ અંતર્ગત, કેશોદમાં ઈન્ટરનેશનલ એરપોર્ટનું રાજકોટ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યુ છે. આપણા કચ્છના ધોરડોને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજનો એવોર્ડ મળ્યો છે, જેનાથી ગુજરાતનું કચ્છ તેની કુદરતી સંપદા તેમજ મહેમાનગતિના કારણે વિશ્વ વિખ્યાત બન્યું છે. આ ઉપરાંત ઈન્ડિયા ટુરીઝમ સ્ટેટસ ૨૦૨૩ના રિપોર્ટ મુજબ વિદેશી પ્રવાસીઓની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં પ્રથમ સ્થાને છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ૭૫ વર્ષ બાદ આર્થિક, રાજકીય, સામાજીક અને ટેકનોલોજીની વ્યવસ્થાઓમાં આમુલ પરિવર્તનો આવ્યા છે. દીર્ઘદ્રષ્ટા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જુના કાયદાઓના સર્વગ્રાહી મૂલ્યાંકન બાદ આઈપીસી, સીઆરપીસી એન્ડ એવિડન્સ એક્ટમાં સમુચિત ફેરફારો કર્યા છે. જેમાં ઈન્ડિયન પીનલ કોડના સ્થાને હવે ભારતીય ન્યાય સંહિતા અમલમાં આવશે ત્યારે સીઆરપીસીના બદલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અપનાવવામાં આવશે. દેશના નાગરિકોને બંધારણે આપેલા સ્વાતંત્ર્યના હક્કને તેઓ મુકતપણે ભોગવી શકે તે માટે દેશદ્રોહ જેવા દમનકારી આરોપોને નવા કાયદામાંથી રદ કરવામાં આવ્યા છે. બાળકો સાથે થતા જઘન્ય અપરાધોમાં મોતની સજા જેવી કડક જોગવાઈઓનો અમે સખતાઈપૂર્વક અમલ કરી રહ્યાં છીએ. નવા ભારતમાં શાંતિ અને સલામતિની નવતર પરિભાષા આપણે અંકિત કરી છે. ગુજરાતમાં ખાસ મહિલા એસઆરપી બટાલિયન સ્થાપવાનો આપણે નિર્ણય કર્યો છે. બિન હથિયારધારી પોલીસ કોન્સ્ટ્રેબલ અને હથિયારધારી પોલીસ કોન્સ્ટ્રેબલની પારદર્શક રીતે ભરતી કરવામાં આવી છે. આપણા સૌ માટે ગર્વની વાત છે કે ત્રિનેત્ર ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરને ભારત સરકારનો નેશનલ ઈ ગવર્નન્સ ગોલ્ડ એવોર્ડ મળ્યો છે. આવા મિત્રો અનેક રાજય સરકારના ૧૯ જેટલા વિભાગો માટે મારા સાથી ધારાસભ્યશ્રીએ વાત કરી છે. દરેક વિભાગ માટે મહામહિમ રાજયપાલશ્રીએ અને મહામહિમ આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રીએ દરેક ધારાસભ્યને વિસ્તારની માગણીઓ મુજબની આ બજેટમાં જોગવાઈઓ કરી છે ત્યારે મને પણ આપની વચ્ચે એક મહામહિમ રાજયપાલના આભાર પ્રસ્તાવ મૂકવાનો છે ત્યારે આપ સૌએ મને સાંભળ્યો તે બદલ હું આપનો પણ આભાર માનુ છું. મારા સાથી ધારાસભ્યશ્રીઓનો પણ હું આભાર માનુ છું અને મારા નરેશભાઈ અને અમારા ચૌહાણજી જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેમને મારું સમર્થન પાઠવું છું, આભાર.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨-૨૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

માઘ ૧૭, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩:૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે બકરાં એકમ યોજના**

*** 15/4/426 ડો.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ(૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૧૪૦ લાભાર્થીઓ |
| (૨) | ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) | રૂ.૬૩,૦૦,૦૦૦/- |

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આપેલ મારા પ્રશ્નના ઉત્તરથી હું સંતુષ્ટ છું. મારો બીજો પ્રશ્ન એ છે કે બકરાં એકમ (૧૦+૧) આ યોજના હેઠળ છેલ્લા એક વર્ષ દરમિયાન નર્મદા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી અને એક બકરાં એકમ સ્થાપવા માટે કેટલો ખર્ચ થાય છે અને તે પૈકી લાભાર્થીને કેટલો ફાળો ભોગવવાનો રહે છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન વ્યવસાયમાં બકરાં પાલન નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો, જમીન વિહોણા અને ગરીબ માટે આવકનો એકમાત્ર સ્ત્રોત બની રહે છે. કારણ કે, ગુજરાત રાજ્યના વિષમ હવામાન આબોહવા વિસ્તારો કે જ્યાં અન્ય વર્ગના પાલતું પશુઓ જેવાં કે ગાય અને ભેંસ સહેલાઇથી પાળી શકાતા નથી એવા વિસ્તારોમાં બકરાં પાલનનો વ્યવસાય ખૂબ જ સહેલાઇથી થઇ શકે છે. રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના લોકો અનુસૂચિત જાતિ વર્ગના લોકો તથા આદિજાતિ મહિલાઓ બકરાં પાલન કરી પોતાનું ગુજરાન ચલાવી આર્થિક રીતે સદ્ધર થાય તેમજ શુદ્ધ સંવર્ધન થકી ઓલાદ સુધારણા થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા લાભાર્થીઓ માટે બકરાં એકમ સ્થાપના (૧૦+૧) સહાયની યોજના હાલ અમલમાં છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન જણાવ્યો એની વિગતો આ મુજબ છે. ગરૂડેશ્વર તાલુકામાં ૧૬ મહિલા લાભાર્થીઓને મળેલ સહાયની રકમ રૂ.૭,૨૦,૦૦૦/-, ડેડિયાપાડા તાલુકામાં ૫૫ મહિલા લાભાર્થીઓને મળેલ સહાયની રકમ રૂ.૨૪,૭૫,૦૦૦/-, તિલકવાડાની ૯ મહિલા લાભાર્થીઓને રૂ.૪,૫૫,૦૦૦/-, નાંદોદ તાલુકાની ૪૨ મહિલા લાભાર્થીઓને રૂ.૧૮,૯૦,૦૦૦/-, સાગબારા તાલુકામાં ૧૮ મહિલા લાભાર્થીઓને રૂ.૮,૧૦,૦૦૦/- મળી કુલ ૧૪૦ મહિલા લાભાર્થીઓને રૂ.૬૩,૦૦,૦૦૦/-ની ચૂકવણી કરેલ છે અને માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના ઉત્તરમાં જણાવું તો લાભાર્થીને ૧૦ બકરાંના રૂ.૪૦૦૦/- પ્રતિ બકરાં લેખે રૂ.૪૦,૦૦૦/- અને એક નર બકરાંની ખરીદી માટે રૂ.૫૦૦૦/- એમ કુલ રૂ.૪૫,૦૦૦/- સહાયની રકમ પેટે મળે છે. લાભાર્થીએ કરવાના થતાં ખર્ચમાં ખોરાક-પાણીના સાધનોમાં રૂ.૪૫૦૦/-, રહેઠાણ અને ફેન્સિંગ માટે રૂ.૯,૦૦૦/-, ઘાસચારા અને ખાણદાણ માટે રૂ.૨૭,૦૦૦/-, દવાના ખર્ચ માટે રૂ.૨૨૫૦/- અને અન્ય પરચૂરણ ખર્ચ માટે રૂ.૨૨૫૦/- મળી કુલ રૂ.૪૫,૦૦૦/- ખર્ચ કરવાનો રહે છે. આમ રૂ.૯૦,૦૦૦/-ના એકમમાં રૂ.૪૫,૦૦૦/- સરકારની સહાય અને રૂ.૪૫,૦૦૦/- લાભાર્થીએ ભોગવવાના રહે છે. આમ, ખર્ચના ૫૦ ટકા રકમ લાભાર્થીએ ચૂકવવાની થાય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ યોજનાની પારદર્શિતા જળવાય તે માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બકરાં પાલકોની ચિંતા આ રાજ્ય સરકાર સતત કરતી આવી છે પણ આપણાં દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ સમાજના છેવાડાના અને વંચિત બકરાં પાલકોની સતત ચિંતા કરતા રહ્યા છે. તેથી જ આ ચિંતાને સાર્થક કરતાં હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરી લાભાર્થીના ખાતામાં ડી.બી.ટી.થી સહાય મળી રહે અને કોઇ વચેટિયા આવા ગરીબોને મળતી સહાયની રકમમાં ઘપલું ન કરી જાય.તેના માટે સરકારે શ્રી નરેન્દ્રભાઇના વખતથી આ યોજનાને વ્યવસ્થિત સ્વરૂપ આપીને લાભાર્થીઓને સીધી સહાય ચૂકવાય તેવી વ્યવસ્થા કરી છે. રાજ્ય સરકાર દ્વારા અરજી કરવા આઇ-ખેડૂત પોર્ટલ ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવેલ છે. પશુપાલકોને સહાયકારી યોજનાની ઓનલાઇન અરજી કરવા માટે ગ્રામ પંચાયત કચેરી તથા નજીકના કોઇ પણ પશુ દવાખાનામાં સુવિધા પૂરી પાડવામાં આવે છે. ઓનલાઇન અરજીના સાધનિક કાગળોની ચકાસણી થયા બાદ પશુપાલકોના મોબાઇલ નંબર પર પૂર્વ મંજૂરીનો સંદેશો મોકલીને તેની અરજી મંજૂર

થઇ ગયેલ છે તેની જાણકારી પણ પશુપાલકને મળે તેવી સુવિધા છે. લક્ષ્યાંક કરતાં વધુ અરજીઓ મળે તો પાત્રતા ધરાવતી અરજીઓને ઓનલાઇન ડ્રૉ કરીને પૂર્વ મંજૂરી આપવામાં આવે છે. પૂર્વ મંજૂરી મળેલ પશુપાલક દ્વારા બકરાં યુનિટની સ્થાપના કર્યાની ચકાસણી કર્યા બાદ સહાયની રકમ ડી.બી.ટી.થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચૂકવવામાં આવે છે. કોઇ પણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી.

## મહેસાણા જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે સહાય

* 15/ 4/ 414 : શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં ઉક્ત સ્થિતિએ છેલા બે નાણાંકિય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ ૭૯૩ લાભાર્થીઓને રૂ.૧,૭૬,૨૫,૮૫૯/- રકમની સહાય ચૂકવવામાં આવી. |

---

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં શાકભાજી પાકોના વાવેતરમાં ટ્રેલીઝ મંડપ યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધો અને તેમને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં શાકભાજી પાકોના વાવેતર મોટાભાગે ખેડૂતો દ્વારા પરંપરાગત રીતે જમીન પર વેલણ ફેરવીને કરવામાં આવતું હતું. આ પરંપરાગત રીતે કરવામાં આવતી ખેતીમાં સારી ગુણવત્તાવાળા શાકભાજીના પાકો મળતા ન હતા. તેથી વધુ પડતી ગરમી, ઠંડી અને વરસાદના સમયમાં શાકભાજીના ફળ પોચાં પડી જતા અથવા બગડી જતા હતા. જેથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩થી શાકભાજી પાકોમાં ટ્રેલીઝ મંડપ યોજનામાં સહાય આપવાની શરૂઆત કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ઊંઝા તાલુકામાં એક લાભાર્થીને રૂ.૭ હજાર ૮૦૦, કડી તાલુકામાં ૩૭૭ લાભાર્થીઓને રૂ.૮૮ લાખ ૬ હજાર ૪૨૫, ખેરાલુ તાલુકામાં ૭૯ લાભાર્થીઓને રૂ.૧૬ લાખ ૮૧ હજાર ૧૭૦, જોટાણા તાલુકામાં એક લાભાર્થીને રૂ.૨૦ હજાર ૮૦૦, મહેસાણા તાલુકામાં બે લાભાર્થીઓને રૂ.૪૭ હજાર ૧૦૦, વડનગર તાલુકામાં ૧૭૮ લાભાર્થીઓને રૂ.૩૮ લાખ ૪ હજાર ૫૮૯, વિજાપુર તાલુકામાં ૮૭ લાભાર્થીઓને રૂ.૧૭ લાખ ૬૭ હજાર ૪૮૦, સતલાસણા તાલુકામાં ૬૮ લાભાર્થીઓને રૂ.૧૪ લાખ ૯૦ હજાર ૪૯૫ અને વિસનગર અને બેચરાજી તાલુકામાં ઝીરો લાભાર્થી એમ કુલ ૭૯૩ લાભાર્થીઓને રૂ.૧ કરોડ ૭૬ લાખ ૨૫ હજાર ૮૫૯ની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવી? અને તાલુકામાં મહિલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના ખેડૂતોને નીચે પ્રમાણેની વિગતે સહાય ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કડી તાલુકામાં ૨૦ લાભાર્થીઓને રૂ.૭ લાખ ૧૩ હજાર, વડનગર તાલુકામાં ૮ લાભાર્થીઓને રૂ.૨ લાખ ૧૭ હજાર એમ કુલ ૨૮ લાભાર્થીઓને રૂ.૯ લાખ ૩૦ હજાર જેટલી સહાય અનુસૂચિત જાતિના ખેડૂતોને ચૂકવવામાં આવી છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાયના ધોરણો શું છે? અને આ સહાય મેળવવા માટે ખેડૂતે કયા-કયા પુરાવાઓ આપવાના હોય છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેલીઝ મંડપ ત્રણ પ્રકારના બનાવવામાં આવે છે. કાચા મંડપ લાકડા અને વાંસના ટેકાનો ઉપયોગ લઇ બનાવવામાં આવે છે, અર્ધ પાકા મંડપમાં બહારની હરોળમાં લોખંડ અને સિમેન્ટના ટેકા તેમજ લાકડા અથવા વાંસના ટેકાનો ઉપયોગ કરવામાં આવે છે અને પાકા મંડપમાં લોખંડ અને સિમેન્ટના ટેકાનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઊભા કરેલા ટેકાને ગેલ્વેનાઇઝ વાયરથી એકબીજા સાથે બાંધીને જોડવામાં આવે છે અને મંડપની જેમ તૈયાર કરવામાં આવે છે. આ યોજનાની સહાયની વિગતો જણાવું તો, સામાન્ય ખેડૂતને ખર્ચના પચાસ ટકા મુજબ કાચા મંડપમાં મહત્તમ રૂ. ૨૬ હજાર પ્રતિ હેક્ટર, અર્ધ પાકા મંડપમાં રૂ. ૪૦ હજાર પ્રતિ હેક્ટર અને પાકા મંડપમાં રૂ. ૮૦ હજાર પ્રતિ હેક્ટરની સહાય ચૂકવવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને ૭૫ ટકા મુજબ કાચા મંડપમાં મહત્તમ રૂ. ૩૯ હજાર પ્રતિ હેક્ટર, અર્ધ પાકા મંડપમાં રૂ. ૬૦ હજાર પ્રતિ હેક્ટર અને પાકા મંડપમાં રૂ. ૧ લાખ ૨૦ હજાર પ્રતિ હેક્ટરની સહાય ચૂકવવામાં આવે છે. જે લોકો વંશપરંપરાગત રીતે આ ધંધો કરે છે એવા દેવીપૂજક ખેડૂતોને ૯૦ ટકા મુજબ એટલે કે, કાચા મંડપમાં મહત્તમ રૂ. ૪૬,૮૦૦ પ્રતિ હેક્ટર, અર્ધ પાકા મંડપમાં રૂ. ૭૨ હજાર પ્રતિ હેક્ટર અને પાકા મંડપમાં રૂ.૧ લાખ ૪૪ હજાર પ્રતિ હેક્ટર એમ ખેડૂતને ખાતાદીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો, આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની હોય છે. ખેડૂત ખાતેદાર હોવાના પુરાવા તરીકે ૭/૧૨ અને ૮/અની નકલો જોડવાની હોય છે. બેકં એકાઉન્ટની વિગતોમાં બેંક પાસબુક અથવા કેન્સલ કરેલ ચેકની નકલ, જાતિનું પ્રમાણપત્ર, આધારકાર્ડની નકલ, લાકડાના, વાંસના, સિમેન્ટના અને લોખંડના થાંભલા અને તારની ખરીદીના બિલોની વિગતો અરજદાર પૂરી પાડે તો આ સહાય મંજૂર કરવામાં આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના મહેસાણા જિલ્લાની છે. આ જ રીતે, બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને અંબાજીની આસપાસના વિસ્તારોમાં જે બહેનો રહે છે તેઓ પોતાના ખેતરમાં શાકભાજીનું ઉત્પાદન કરે છે. તો આ બહેનોને સહાય ચૂકવવા માંગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મહેસાણા આધારિત છે. શ્રી કાંતિભાઇએ જે વાત કરી એ પ્રમાણે શાકભાજીનું ઉત્પાદન કરતાં ખેડૂતો કે જેઓ મહિલા ખેડૂત હોય, અનુસૂચિત જાતિના હોય, અનુસૂચિત જનજાતિના હોય કે દેવીપૂજક હોય, રાજ્ય સરકાર આવા શાકભાજી ઉત્પાદન કરતાં ખેડૂતોને મદદ કરવા તૈયાર છે. વર્ષ ૨૦૧૨-૧૩માં આ યોજના દાખલ કરી છે. બનાસકાંઠા જિલ્લામાં પણ આ યોજનાનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. આપે જે વિસ્તારની વાત કરી એ વિસ્તારમાં કોઇ ખેડૂતોને આ યોજનાની જાણકારી ન હોય, એને લાભ મળતો ન હોય અને એને લાભ અપાવવો હોય તો તમે જાતે જઇ મારા વતી ખેડૂતોને માર્ગદર્શન આપજો. અમે આ ખેડૂતોને મદદ કરીશું.

**રાજ્યમાં ખેડૂતોને યુરીયા ખાતર ખરીદવા બાબત**

***15/4/239: શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) | ના, જી. |
| (૨) | જો હા, તો યુરીયા ખાતર સાથે કઈ વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવામાં આવે છે અને તે અંગે ક્યારે કોના દ્વારા આદેશ કરવામાં આવેલ છે, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવાના કારણો શાં છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં યુરિયા ખાતરની જરૂરિયાત પડી ત્યારે માનનીય મંત્રીશ્રીએ યુરિયા ખાતર પૂરું પાડ્યું એ બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીએ છીએ. પરંતુ માનનીય મંત્રીશ્રી, ઘણીવાર યુરિયાની સાથે સાથે...

અધ્યક્ષશ્રી : તમે રૂલિંગ પાર્ટીના સભ્યશ્રીઓ જયારે અભિનંદન આપે છે ત્યારે એકબીજાની ટીકા કરતા નથી અને અત્યારે ત્યાં સારું કામ કર્યું છે અને એની પૉઝિટિવ બાબતની સભ્યશ્રી વાત કરે તો તમે બેઠાં-બેઠાં અવાજ કરો છો, આવું ન હોય. એ સારી બાબત નથી.

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર યુરિયાની ખરીદીની સાથે સાથે વેપારીઓ દ્વારા ખેડૂતોને અન્ય દવાઓ કે બીજી બધી વસ્તુઓ પણ પૂરી પાડવામાં આવે છે. ખેડૂતને એ ન લેવી હોય છતાં પણે એને બળજબરીથી આ વસ્તુ પૂરી પાડવામાં આવે છે. તો સરકારશ્રી દ્વારા આવી કોઇ યોજના કે ગાઇડલાઇન બહાર પાડી હોય કે આ દવાઓ લેવી ફરજિયાત છે અથવા સરકારશ્રીએ આવા કોઇ આદેશ કરેલા હોય કે આવી દવાઓ લેવી ફરજિયાત નથી. તો માનનીય મંત્રીશ્રી એની વિગતો જણાવે એવી વિનંતી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ બાબતે પહેલા તો યુરિયા ખાતરની સાથો સાથ બીજું કોઇ ખાતર ફરજિયાત લેવું અથવા આપવું એવો કોઇ સરકારશ્રીનો નિયમ નથી. હું સભ્યશ્રીની વાત સ્વીકારું છું કે મને પણ જુદા- જુદા ખેડૂતો તરફથી આવી રજૂઆતો આવતી હતી. અમે અમારા તંત્ર મારફત તાત્કાલિક પગલાં લીધા અને જે ખેડૂતને યુરિયા જોઇતું હોય તો એને આપવું, પણ સાથો સાથ કોઇપણ બીજા ખાતર કે જેની ખેડૂતને જરૂરિયાત નથી કે બીજી કોઇ દવા એમને સાથે ન આપવી, આ બાબતમાં અમે ખાતાને સ્પષ્ટ સૂચના આપી છે. માનનીય સભ્યશ્રીને જણાવું કે, દાણાદાર યુરિયાની સાથો સાથ નેનો યુરિયા કે જે એક નવી યુરિયા ખાતરની શોધ થઇ છે તે બહું ક્રાંતિકારી શોધ છે, ખૂબ જ લાભદાયક શોધ છે એનું અમુક પ્રમાણ અમે ખેડૂતને ફરજિયાત નહીં પણ મરજિયાત સ્વરૂપે સમજાવીએ છીએ કે, તમે આની સાથોસાથ આટલું પ્રમાણ આનું પણ લેતા જાઓ જેનાથી તમને ખૂબ મોટો ફાયદો થવાનો છે. પણ યુરિયા ખાતર સાથે બીજા કોઇ ખાતરો કે દવાઓ અમે ફરજિયાત આપતા નથી અને એના માટેનો કોઇ નિયમ નથી. હું માનનીય સભ્યશ્રી અને સભાગૃહમાં મોટા પ્રમાણમાં આપણા ખેડૂત સભ્યશ્રીઓ બેઠા છે એ સૌને જણાવવા માગું છું કે, તમને આવી ક્યાંય ફરિયાદ મળે તો મારા ખાતાના અધિકારીશ્રીને અથવા તો મારો સીધો સંપર્ક કરજો. અમે યુરિયા ખાતર સાથે બીજા કોઇ ખાતરો ફરજિયાતપણે ખેડૂતોને લેવા એવું કોઇ દબાણ કરતા નથી.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આમ તો માનનીય રાઘવજીભાઇ ખેડૂત પુત્ર છે અને ખેડૂતોની બધી સારી વાત જાણે છે. આમ તો મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે એટલે હું સંતુષ્ટ છું પણ, દાણાદાર યુરિયાને બદલે નેનો યુરિયાનો વપરાશ કરે તે માટે ખેડૂતોને શા માટે પ્રેરિત કરવામાં આવે છે? અને સરકારશ્રીએ તે અંગે શું પગલા લીધા છે? તે અંગે માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ દાણાદાર યુરિયાની સાથો સાથ નેનો યુરિયા ખેડૂતો વાપરે એના માટે અમે ખેડૂતોને ભલામણ કરીએ છીએ. આ નેનો યુરિયા આપણી એ જાતની એક નવી સંપૂર્ણ સ્વદેશી શોધ છે કે જેનાથી ૫૦૦ મીલી લિટરની બોટલ એટલે કે એક યુરિયાની બેગ સમાન એનું કામ આપે છે અને જો આ દાણાદારનો વપરાશ ખેડૂતો દ્વારા થાય છે ત્યારે આ ખાતરમાં રહેલા નાઇટ્રોજનના તત્વોનો ૩૦ ટકા જેટલો જથ્થો ભેજ સાથે જમીનમાં ઊતરી જાય છે. જે જમીનની ભૌતિક સ્થિતિ બગાડે છે અને હવામાં ઉડી જતાં નાઇટ્રોજનનો વ્યય અટકાવવા માટે ખેડૂતોને નેનો યુરિયા વાપરવા માટે પ્રેરિત કરવામાં આવે છે. આ નેનો યુરિયાના કારણે એક તો જમીન બગડતી નથી કારણ કે દાણાદાર યુરિયા છાંટીએ છીએ એટલે જમીનમાં જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે પ્રશ્ન એ પૂછ્યો છે કે નેનો યુરિયાનો ઉપયોગ વધે એના માટે શું પગલાં લીધાં? એમની એ વાત છે કે આપે કોઇ ડ્રોનનો કે એવો કોઈ ઉપયોગ કર્યો હોય તો કહો.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : હું એ વાત પર આવું છું. પહેલા તો નેનો યુરિયા...

અધ્યક્ષશ્રી : હવે એનો ઉપયોગ વધે એ જ વાત છે.

શ્રી રાઘવજીભાઈ હું. પટેલ : નેનો યુરિયાનું મહત્ત્વ વધે એના માટે ડ્રોન દ્વારા નેનો યુરિયાનો ખેડૂતો વધુમાં વધુ છંટકાવ કરે એના માટે સરકારે સહાય પણ જાહેર કરી છે. ઉપરાંત સખી મંડળની બહેનો કે જેને આપણા યશસ્વી વડાપ્રધાને ડ્રોન દીદી નામ આપ્યું છે, એવી બહેનોને ખેડૂતોના ખેતરોમાં ડ્રોનના માધ્યમથી આવા નેનો યુરિયાના છંટકાવ માટેનું એક આયોજન પણ કર્યું છે. નેનો યુરિયાનો વપરાશ વધે એના માટે જે ખાતર ઉત્પાદક કંપનીઓ છે, એને અમે સૂચના આપી છે કે તમે પ્રદર્શનથી ખેડૂતોના ખેતરોમાં જઇને ખેડૂતોને આ નેનો યુરિયાના જે લાભો છે એ પ્રત્યક્ષ તમે બતાવો, એના પ્રદર્શન કરો. નિદર્શન કરો. અને જો ખેડૂતોના મગજમાં વાત ઉતરશે કે દાણાદાર યુરિયા કરતા નેનો યુરિયાથી ઘણોબધો ફાયદો છે. આમેય સાહેબ ખેડૂતોને બહુ મોટો ફાયદો છે. જે ખેડૂતો નેનો યુરિયા વાપરે છે, તેઓ તો હવે નેનો યુરિયા જ વાપરે છે. કેમ કે કિંમતમાં સસ્તું છે. હેરાફેરી કરવામાં એક થેલીના બદલે એક ૫૦૦ મિલીલીટરની બોટલ, એટલે એક ખેડૂત ત્રણ ચાર બોટલ તો ખિસ્સામાં નાંખીને પણ લઇ જઈ શકે. એટલે કે ટ્રાન્સપોર્ટનો ખર્ચ પણ બચે છે અને દાણાદાર યુરિયાની બેગ કરતા સસ્તું પણ છે. તેનાથી ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં લાભ પણ થાય છે. ઉપરાંત આ સંપૂર્ણ સ્વદેશી ઉત્પાદન છે. જેના પરિણામે સરકારને જે ખાતરની થેલી ઉપર મોટી સબસિડી આપવી પડે છે, એ આ નેનો યુરિયાનું ઉત્પાદન જો વધે અને એનો વપરાશ વધે તો દેશનું હૂંડિયામણ પણ મોટા પ્રમાણમાં બચે. એટલે તમામ રીતે નેનો યુરિયા જે છે તેનો વપરાશ વધે એના માટે સરકાર પ્રયત્નશીલ છે. આ નેનો યુરિયાના છંટકાવ માટે ૫ એકરની મર્યાદામાં એક એકરે ૫૦૦ રૂપિયા લેખે રાજય સરકારનું ખેતીવાડી ખાતું આના માટે સહાય પણ આપે છે. કુલ ૫ વાર છંટકાવ માટે સરકાર સહાય આપે છે. આમ સરકાર સહાય પણ આપે છે. જુદી જુદી ઉત્પાદક કંપનીઓ આ નેનો યુરિયાનો વપરાશ વધે અને ખેડૂતોમાં એની માંગ વધે એના માટે એ પ્રદર્શન, નિદર્શન અને એની ચર્ચા અને સેમિનારો પણ યોજે છે. અમારું ખેતીવાડી ખાતું પણ આના માટે પ્રયત્નશીલ છે. સરવાળે જમીનને પણ

ફાયદો છે, ખેડૂતને પણ ફાયદો છે અને દેશના અર્થતંત્રને પણ મોટો ફાયદો છે. એટલે અમે બધા નેનો યુરિયાનો વપરાશ વધે એ દિશામાં સરકાર કાર્યરત છે.

શ્રી માવજીભાઈ મ. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક મારું સૂચન છે કે સમગ્ર રાજયમાં અને ખાસ કરીને અમારા બનાસકાંઠા માટે એક પ્રશ્ન છે. આમ તો ખેતીવાડી વિભાગની જે સહાયો છે એ આઈ-પોર્ટલ જયારથી ચાલુ કર્યું છે ત્યારથી માંડીને ખેડૂતોને ખૂબ મોટી રાહત થઇ છે. એના લીધે ન્યાય પણ મળે છે. પણ છેલ્લા એક વર્ષથી જે સિસ્ટમમાં બદલાવ લાવ્યા છે, એના કારણે જે છેવાડાનો ખેડૂત હોય કે ગામડાનો માણસ હોય, જેને ખબર નથી. એ લોકોને પોર્ટલની અંદર જે અરજી કરવાની હોય છે. એ અરજી કરવાના સમયમાં પોર્ટલ અડધો કલાક કે કલાકની અંદર કામ કરતું પછી બંધ થઇ જાય છે અથવા તો એની જે મર્યાદા છે, એ મર્યાદા પછી પૂરી થઇ જાય છે. આના પહેલા એવું હતું કે છેલ્લા એક મહિનાની અંદર ખેડૂતોની અરજીઓ લેવામાં આવતી હતી. અરજીઓ લીધા પછી એનો ડ્રો કરવામાં આવતો હતો. એના લીધે ખેડૂતોને પૂરતો ન્યાય મળતો હતો. તો મારું સજેશન છે કે આના માટે કંઇક ફેરફાર થાય તો ખેડૂતોને બધાને ન્યાય સરખો મળી રહે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી એ પ્રશ્ન અમારી પાસે પણ આવી ગયો છે. અગાઉ જુદા જુદા ખેડૂત સંગઠનો, આપણા સન્માનનીય ધારાસભ્યશ્રીઓ બધા સાથે ચર્ચા વિચારણા કરીને અમે આ ઓનલાઇન પદ્ધતિ દાખલ કરી છે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ આખા દેશના વહીવટને ડિજીટલાઈઝેશન કરવા માગે છે. હવે આ ડિજિટલાઈઝેશનથી ઘણા બધા ફાયદા પણ છે, પણ તમે કહો છો એમ અંતરિયાળ ગામડામાં જયાં કવરેજ ન મળતું હોય, બીજા કોઈ ટેકનિકલ પ્રશ્નો થાય. આવા બધા પ્રશ્નો ઊભા થાય એ બનવા જોગ છે. એના માટે અમે ચર્ચા વિચારણા કરી રહ્યાં છીએ. આ પ્રશ્નનો હલ કેવી રીતે થાય અને સરકારની યોજનાના લાભો ખેડૂતોને સમયસર મળી રહે, જરુરિયાતમંદને મળી રહે એ દિશામાં અમે આગળની કાર્યવાહી કરવાના.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે યુરિયા ખાતરની બેગનું જે ટેગ મારેલ વજન હોય છે એ અમૂક સમયે જે કોઇ ડીલર હોય ત્યાંથી ખેડૂતો જયારે એ બેગ લેવા જાય છે ત્યારે એ બેગમાં યુરિયા ખાતરનું વજન ટેગ કરતા ઓછું હોય છે એવી ઘણી જગ્યાએથી ફરિયાદો આવે છે તો શું આ હકીકત સાચી છે? સાથે સાથે મારો બીજો પ્રશ્ન છે કે ઘઉ જયારે પાકવાની તૈયારીમાં આવે, તમાકુ પાકવાની તૈયારીમાં આવે, વરિયાળી પાકવાની તૈયારીમાં આવે, મોલ જયારે પાકવાની તૈયારીમાં આવે ત્યારે યુરિયા ખાતરની અછત જે વર્તાય છે એ હકીકત સાચી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી યુરિયા ખાતરની બેગમાં નિશ્ચિત કરેલા વજન કરતા ઓછું વજન આવે છે એવી કોઇ ફરિયાદ સત્તાવાર રીતે અમને મળી નથી. કોઇ ફરિયાદ આવશે તો અમે તાત્કાલિક એના ઉપર કાર્યવાહી કરીશું. નંબર-૨ યુરિયાની અછત અંગે સભ્યશ્રીએ વાત કરી તો અત્યારે યુરિયાની કોઇ અછત છે નહીં, વચ્ચે એક-બે દિવસ માટે એવી અફવાઓ ફેલાણી હતી, કયાંક કોઇ ગાડી મોડી આવી હોય અને એના હિસાબે લાઇન થઇ ગઇ હોય, કયાંક ગાડીમાં પંકચર પડી ગયું હોય, કયાંક સમયસર ટ્રક ના આવી હોય આવા પ્રશ્નો બન્યા હોય પણ એ એકલ-દોકલ પ્રશ્નો હતા. જયારે સરકારના ધ્યાનમાં કોઇ ફરિયાદો આવી તો એનો તાબડતોબ અમે નિકાલ કર્યો છે. આ વખતે તો અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી પણ જેવા ટી.વી.માં કોઇ સમાચાર આવે તો તરત હું જયાં હોવ ત્યાં મને ફોન કરતા કે, ફલાણા ગામમાં સમાચાર આવ્યા છે, ખેડૂતોને કેમ તકલીફ પડે છે? એટલે અમારી સરકાર, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને કેન્દ્રમાં પણ માનનીય મનસુખભાઇ માંડવિયા રાસાયણિક ખાતર ખાતાના મંત્રીશ્રી છે, આપણે જેટલી જરૂરિયાત છે, જેટલી ડિમાન્ડ કરીએ છીએ એ આપણા રાજયને સમયસર મંજૂર પણ કરે છે અને સમયસર પહોંચાડે છે એટલે આવા કોઇ પ્રશ્નો ઉપસ્થિત થયા નથી અને છતાંય કોઇ સભ્યશ્રીના પોતાના વિસ્તારમાં આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તુરત મારો સંપર્ક કરે. પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તો કયાંય એકલ દોકલ જગ્યાએ થયો હોય પણ સામૂહિક રીતે આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ

*15/4/433 **શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા** (ધ્રાંગધ્રા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ અંતર્ગત કેટલા અગરિયાના બાળકોને શિક્ષણનો લાભ આપવામાં આવેલ છે, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટમાં નીચે મુજબ બાળકોને લાભ આપવામાં આવ્યો છે. |

| વર્ષ | સ્કૂલ ઓન વ્હીલની સંખ્યા | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૨ -૨૩ | ૨૦ | ૩૮૯ |
| ૨૦૨૩-૨૪ | ૨૦ | ૩૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે. |

| વર્ષ | થયેલ ખર્ચ રૂ. |
|---|---|

| | |
|---|---|
| ૨૦૨૨ -૨૩ | ૨,૭૦,૩૦૪ / - |
| ૨૦૨૩-૨૪ | ૧,૨૮,૩૭૦ / - |

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટ શું છે અને એ કયારે શરૂ કરવામાં આવ્યો? આ યોજનામાં કઇ કઇ સુવિધા આપવામાં આવે છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટમાં મને કહેતા આનંદની વાત એ છે કે આપણી નવમી પંચવર્ષીય યોજના સન ૧૯૯૭ થી ૨૦૦૨ અંતર્ગત આપણા સન્માનનીય સ્વ. અટલબિહારી બાજપાઇએ સર્વશિક્ષા અભિયાનની શરૂઆત કરી એના ભાગરૂપે ''સબ પઢે, સબ બઢે,'' ''સૌ ભણે, સૌ આગળ વધે'' એ સૂત્રને સાર્થક કરતા આગળ વધતા આપણે તા.૧૧ જુલાઇ ૨૦૧૮થી સર્વશિક્ષા અભિયાન અંતર્ગત આની શરૂઆત મિત્રો કરવામાં આવી અને એમાં આપણે જે અગરિયા વિસ્તારમાં રણ શાળા છે એમાં તમામને શિક્ષણ પ્રાપ્ત થાય આ એના પાછળનો હેતુ છે અને માનનીય સભ્યશ્રી તા.૩૧-૧-૨૦૨૩ની સ્થિતિએ પ્રશ્નનો જવાબ માગ્યો છે એમાં અગરિયાના બાળકો છે એ સુરેન્દ્રનગર જિલ્લાના સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેકટ નીચે સન ૨૦૨૨-૨૩માં સ્કૂલ ઓન વ્હીલ્સની સંખ્યા ૨૦ છે અને બાળકોની સંખ્યા ૩૮૯ છે. સાથે સાથે સન ૨૦૨૩-૨૪માં સ્કૂલ ઓન વ્હીલ્સની સંખ્યા ૨૦ અને ૩૮૬ વિદ્યાર્થીઓને આપણે આ વ્યવસ્થા પૂરી પાડીએ છીએ. સાથેસાથે માનનીય પ્રકાશભાઇએ જે પ્રશ્ન પૂછયો કે આ આ સ્કૂલ ઓન વ્હીલ્સ પ્રોજેકટ શું છે અને એમાં ગુજરાત એસ.ટી. નિગમની આપણી બિનઉપયોગી બસોમાં નાના મોટા મોડીફીકેશન કરીને તેમાં બાળકો બેસીને અભ્યાસ કરી શકે તે માટે શૈક્ષણિક સાધન સામગ્રી સાથે સજ્જ બસ એટલે સ્કૂલ ઓન વ્હીલ્સ એ કોઇ બસ સ્ટોપ પર સ્ટેશન ના કરે પણ મીઠું પકવતા અગરિયા કે મજૂરોના બાળકો શિક્ષણથી વંચિત ના રહે એના માટે શિક્ષણ વિભાગ તરફથી વર્ષ ૨૦૧૯-૨૦થી શરૂ કરવામાં આવી છે અને આ યોજના અંતર્ગત નીચે મુજબની વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. આ બસની બારીઓમાં નવી ટેકનોલોજીના બ્લુઅર્સ લગાવવામાં આવ્યાં છે જેથી રેતી કે પાણી અંદર પ્રવેશી ના શકે. આરામથી બેસી શકાય તે માટે પી.વી.સી. ફ્લોરિંગની વ્યવસ્થા કરી છે. ગ્રીન બોર્ડ મૂકવામાં આવ્યું છે. અપગ્રેડ સોલાર સિસ્ટમ ૩.૬૦ કે.વી.ની વ્યવસ્થા બસમાં કરી છે. ૨૯ ઇંચ એલ.ઇ.ડી. ટી.વી., ડી. ટુ એચ. સેટઅપ બોક્સ અને ધોરણવાઇઝ ઇ-કનેક્ટ સાથે જોડાણ કરવામાં આવ્યું છે. સાથે સાથે વિદ્યાર્થીઓને ગરમી ના થાય એના માટે પંખા અને ૬ એલ.ઇ.ડી. લાઇટની વ્યવસ્થા કરી છે. સાથે સાથે ફાયર એસ્ટીંગ વ્હીસર્સની પણ વ્યવસ્થા કરી છે. એટલે બાળકો માટે પૂરતી વ્યવસ્થા બસમાં કરવામાં આવી છે. સાથે સાથે રાઇટિંગ ડેસ્ક ૧૮ નંગ, મધ્યાહ્નન ભોજન અને બીજો પોષણયુક્ત ખોરાકની વ્યવસ્થા આ સ્કુલ્સ ઓન વ્હીલ્સ પ્રોજેક્ટમાં કરવામાં આવી છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજનામાં ખર્ચ કેટલું થયું છે? અને યોજના કેટલો ટાઇમ ચલાવવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : ચાલુ ક્યારથી કરી એ તો કહી દીધું પણ કેટલો ખર્ચ થયો એ આંકડો આપવાનો થાય.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સ્કુલ્સ ઓન વ્હીલ્સ પ્રોજેક્ટમાં ઓક્ટોબરથી એપ્રિલ માસ દરમ્યાન ચલાવવામાં આવે છે. જે સમયે મીઠા ઉદ્યોગના કારીગરો મીઠું પકવવાના કામ માટે પોતાના બાળકો સાથે જતા હોય છે. ઓક્ટોબરથી એપ્રિલ માસ દમ્યાન ચલાવવામાં આવે છે. આ પ્રોજેક્ટમાં શાળાના શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે જેમાં બાયસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ ધોરણવાઇઝ લાભ આપવામાં આવે છે. સાથે સાથે સ્થાનિક કક્ષાએથી જીવન કૌશલ્યની પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. ઇ.શાળા એપ્લિકેશનના માધ્યમથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક લાભ પૂરો પાડવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ ખર્ચની બાબત પૂછી છે એમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કૂલ્સ ઓન વ્હીલ્સ પ્રોજેક્ટમાં છેલ્લા ત્રણ વર્ષમાં આવરી લીધેલ બાળકોની સંખ્યા અને તે માટે થયેલ ખર્ચ નીચે મુજબ છે.

વર્ષ ૨૦૨૧-૨૨ આવરી લીધેલ બાળકોની સંખ્યા ૨૯૦ છે, સાથે સાથે થયેલ ખર્ચ રૂ.૬ લાખ ૨૪ હજાર.

વર્ષ ૨૦૨૨-૨૩ આવરી લીધેલ બાળકોની સંખ્યા ૩૮૯ છે, સાથે સાથે થયેલ ખર્ચ રૂ.૨ લાખ ૭૦ હજાર ૩૦૪. વર્ષ ૨૦૨૩-૨૪ આવરી લીધેલ બાળકોની સંખ્યા ૩૮૬ છે, સાથે સાથે થયેલ ખર્ચ રૂ.૧ લાખ ૨૮ હજાર ૩૭૦.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્કુલ્સ ઓન વ્હીલ્સ યોજના કયા કયા જિલ્લામાં કાર્યરત છે? અને તાલુકાવાર વિગતો શું છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલ્સ ઓન વ્હીલ્સ યોજના ગુજરાત રાજ્યના મીઠું પકવતા અગરિયા સમાજના પરિવારો માટે રાજ્યના ૪ જિલ્લાઓમાં છે જેમાં કચ્છ, મોરબી, પાટણ અને સુરેન્દ્રનગર. કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં ૨ બસ, ભચાઉ તાલુકામાં ૩ બસ એમ કુલ ૫ બસ કચ્છ જિલ્લામાં કાર્યરત છે. મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં ૧ બસ, માળિયા તાલુકામાં ૨ બસ એમ કુલ મળીને ૩ બસોની વ્યવસ્થા મોરબીના અગરિયા સમાજના બાળકો માટે કરી છે. પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં ૧૦ બસો અને સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં ૨૦ બસો એમ કુલ મળીને પૂરા ગુજરાતના ૪ જિલ્લાઓમાં ૩૮ બસો આ સ્કુલ્સ ઓન વ્હીલ્સ પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત છે અને વિદ્યાર્થીઓને ઘર આંગણે શિક્ષણ મળી રહે, કોઇ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ના રહે તેના માટેની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

અમદાવાદ શહેર અને જિલ્લામાં ધોરણ-૧થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં આપેલ ગેરકાયદે પ્રવેશ બાબત.

*15/4/248: શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમવાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાના ધો-૧થી ૫ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં ગેરકાયદે પ્રવેશ આપ્યો હોવાની કેટલી ઘટનાઓ બની, અને | (૧) શૂન્ય |
| (૨)ઉક્ત ઘટનાઓમાં કઈ સરકારી શાળાના કેટલા વિદ્યાર્થીઓને કઈ ખાનગી શાળામાં પ્રવેશ આપી કેટલી ફી ઉઘરાવી હોવાનું સામે આવ્યું, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ જવાબદારો સામે શાં પગોલાં લીધાં? | |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછ્યો હતો કે તા. ૩૧-૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળામાં ધોરણ- ૧થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં ગેરકાયદેસર પ્રવેશ આપવાની કોઇ ઘટના બની છે કે કેમ? જવાબમાં શૂન્ય છે. ઉપરોકત ઘટનામાં કઇ સરકારી શાળામાં કેટલા વિદ્યાર્થીઓને કઇ ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં કેટલી ફીની ઉઘરાણી કરવામાં આવી છે એમાં જવાબમાં લખ્યું છે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને ત્રીજો મારો પ્રશ્ન હતો ઉપરોકત સ્થિતિએ જવાબદારો સામે શું પગલાં લીધાં? એમાં લખ્યું છે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમદાવાદ જિલ્લાની દસક્રોઇ તાલુકાની પારડી કાંકરચ પ્રાથમિક શાળા કે જે શાળાની અંદર ધોરણ-૧ થી ૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અન્ય શાળાની અંદર ભણાવવામાં આવતા હતા અને અન્ય શાળાની અંદર ભણાવવામાં આવતા હતા તે માહિતી શિક્ષણ વિભાગના અધિકારી દ્વારા માનનીય મંત્રીશ્રી સમક્ષ શું રજૂઆત કરી અને જે જવાબ આપવામાં આવ્યો છે. મારી પાસે માહિતી છે. જિલ્લા શિક્ષણ અધિકારીનો મારી પાસે પત્ર છે અને એ પત્રની અંદર તા.૩-૮-૨૦૨૩ના રોજ આ શાળાના ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ભણાવવામાં આવતા હતા એ અંગેનો સરકાર દ્વારા એટલે શિક્ષણ વિભાગ દ્વારા તપાસને અંતે એ શાળાના આચાર્યની બદલી કરવામાં આવી હતી. બીજું, આ શાળાના આધારે તા.૨૭-૧૦-૨૦૨૩ ના રોજ શારદા શિક્ષણ તિર્થ પ્રાથમિક શાળા મુ. પારડી, તાલુકો- દસક્રોઇ આની સામે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એક સભ્ય તરીકે માહિતી છે.

અધ્યક્ષશ્રી : બરાબર છે પણ ભૂમિકા ઘણી બધી મૂકી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એનો જવાબ આપવામાં આવ્યો નથી. આ બહુ ગંભીર બાબત છે કે માનનીય મંત્રીશ્રીને પણ વિભાગ દ્વારા જયારે સભાગૃહની અંદર જવાબ આપવાનો છે મારી પોતાની પાસે સભ્યશ્રી તરીકે માહિતી છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછી શકો છો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જ પૂછું છું કે મુખ્યમંત્રી ઓનલાઇન ફરિયાદ નિવારણ તા. ૨૭-૧૦-૨૦૨૩ના રોજ ફરિયાદ કરી હતી અને એની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ શાળાને આર.બી.આઇ. એકટ ૨૦૦૯ મુજબ ૧૮(૫)ની કલમ મુજબ ૧,૦૦,૦૦૦/- રૂપિયાનો દંડ કરવાનો આદેશ પણ કરવામાં આવ્યો છે. મારે તો આપના રક્ષણ સાથે સરકારને પૂછવું છે એક જવાબદાર ધારાસભ્ય તરીકે જયારે કોઇ પ્રશ્ન પૂછતો હોય અને એ પ્રશ્નનો જવાબ વિભાગ દ્વારા જો સાચો પ્રશ્ન હોય તો એનો જવાબ જો સાચો વિધાનસભા ગૃહમાં રજૂ ન થતો હોય તો? આ તો મારી પાસે માહિતી છે અને માહિતી હોવાને કારણે મેં પ્રશ્ન પણ પૂછ્યો હતો તો માનનીય મંત્રીશ્રી આની અંદર બે વસ્તુ કહે કે જે મેં પ્રશ્ન પૂછ્યા છે એ હકીકત સાચી છે? મારી પાસે જિલ્લા વિકાસ અધિકારીનો કાગળ છે અને જવાબ આપના વિભાગ દ્વારા ગુજરાતના સન્માનનીય ગૃહની અંદર કેમ સાચો જવાબ આપવામાં આવ્યો નથી એનો માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે એવી વિનંતી છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ કહે છે કે સાચો જવાબ નથી આપતા પણ સાચો જવાબ જ આપીએ છીએ. શૈલેષભાઇએ પ્રશ્ન પૂછ્યો છે તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળામાં ધોરણ-૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં ગેરકાયદેસર પ્રવેશ આપ્યો હોવાની કેટલી ઘટના બની છે? પ્રવેશની વાત છે. એક પણ ખાનગી સ્કૂલમાં સરકારી શાળાના વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મિત્રો અમે સાચો જવાબ આપીએ છીએ. સાથે ઉક્ત ઘટનામાં સરકારી શાળામાં કેટલા વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ આપ્યો છે અને કેટલી ફી ઉઘરાવો છો. પ્રવેશ શબ્દ છે. એડમિશન, દાખલો કોઇને અમે આપ્યો નથી. હા, એમની વાત સાથે હું સંમત છું. એમણે કહ્યું કે, દસક્રોઇ તાલુકાની પાલડી કાંકરચ ગામની ધોરણ-૧ થી ૫ ની જે શાળા હતી તે શાળાના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ભણાવવામાં આવતા હતા, હા આ સાચી વાત છે અને હું તેમની વાત સાથે સંમત છું. આપણે ગુજરાતની કોઇ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને ખાનગી શાળામાં પ્રવેશ આપીને કોઇ ગેરરીતિ કરેલ

નથી. જે બાબતનો ખુલાસો મારે કરવાનો હતો તે એમણે કરી દીધો છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમદાવાદ દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દસક્રોઇ તથા સંયુકત તપાસ ટીમ બનાવીને તપાસ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. આવા જે મુદ્દાઓ અમારી પાસે આવે છે ત્યારે અમારા મક્કમ અને મૃદુ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સ્પષ્ટ સૂચના છે કે આપણે આવી કોઇપણ બાબત ચલાવી લેવાની નથી. તેમની સૂચનાથી આદેશ પણ કર્યા હતા. તપાસ પ્રક્રિયાને અંતે સદરહું ગામની પ્રાથમિક શાળામાં નોંધાયેલ ધોરણ-૧ થી ૫ ના અંદાજે ૭૭ વિદ્યાર્થીઓ તે જ ગામમાં આવેલ શારદા શિક્ષણ તીર્થ નામની ખાનગી શાળામાં અભ્યાસ કરતા જણાયેલ. શારદા શિક્ષણ તીર્થ શાળાને આપણે ગ્રાન્ટ ઇન એઇડ તરીકે મંજૂરી આપેલી છે. જેના અનુસંધાને પાલડી કાંકરચના સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકની ગેરરીતિ અમને ધ્યાન ઉપર આવી એટલે અમે તા.૩-૮-૨૦૨૩ના હુકમથી ફરજમુક્ત કરી દીધા છે. તેનાથી આગળ વધીને કહું તો મુખ્ય શિક્ષકે તો ભૂલ કરી પણ શારદા શિક્ષણ તીર્થ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાને આપણી સરકાર તરફથી મંજૂરી આપેલ છે તેને પણ આપણે કારણદર્શક નોટિસ આપી છે. આ શાળાના સંચાલક તથા આચાર્યશ્રીને કારણદર્શક નોટિસ પાઠવીને પ્રવર્તમાન નિયમો અનુસાર રૂપિયા એક લાખનો દંડ કરવા માટે હુકમ કરેલ હતો તેમજ સદરહું શાળાની આ પ્રકારની ગંભીર ગેરરીતિ બદલ શાળાની કાયમી માન્યતા રદ કરવા અર્થે નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી ખાતે દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૮-૧૧-૨૦૨૩ના રોજ પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગર દ્વારા સદરહું ખાનગી પ્રાથમિક શાળા ધોરણ-૬ થી ૮ની માન્યતા રદ કરેલ છે. અમે આની અંદર કોઇને છોડવા માગતા નથી. જે ગેરરીતિ થઇ છે અને ધ્યાન પર આવેલ છે તેની સામે નિયામાનુસાર કાયદેસરના પગલાં લીધા છે. વધુમાં શારદા શિક્ષણ તીર્થ બિનઅનુદાનિત પ્રાથમિક શાળા પાલડી કાંકરચના સંચાલકશ્રી અને સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રી સામે પોલીસ ફરિયાદ દાખલ કરીને ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ હતી. જે અન્વયે પોલીસ દ્વારા શાળા સંચાલકની ધરપકડ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી છે. વિશેષમાં પ્રવેશ એટલે જનરલ રજિસ્ટરમાં દાખલ થયેલ વિદ્યાર્થી. અમે કોઇ વિદ્યાર્થીને કયાંય ગેરકાયદેસર પ્રવેશ આપ્યો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ વિગતવાર જવાબ આપ્યો છે. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગીશ કે, તા.૨૭-૧૦-૨૦૨૩ના પત્રમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કહેલું છે કે, તે જ ગામના અન્ય એક વાલીશ્રી અલ્પેશ દિલીપસિંહ ગોરીયાએ તેમના લેખિત નિવેદનમાં જણાવેલ છે કે, તેમનો દીકરો રવિન્દ્રસિંહ અલ્પેશસિંહ ગોરીયા ધોરણ-૪માં શારદા શિક્ષણ તીર્થ પ્રાથમિક શાળામાં ભણે છે. જે બાળકનું નામ એટલે કે, ગોરીયા રવિન્દ્રસિંહનું નામ પાલડી કાંકરચ પ્રાથમિક શાળામાં ધોરણ-૪માં ચાલે છે. પ્રવેશની વાત છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, કોઇને પ્રવેશ આપવામાં આવ્યો નથી. પ્રવેશ આપવામાં આવ્યો છે. આવા ૭૫ બાળકો છે. જે બાળકોને સરકારની પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને પ્રવેશ આપવાના આધારે શારદા શિક્ષણ તીર્થની અંદર તે બાળકોને ભણાવવામાં આવતા હતા. વિદ્યાર્થીઓના નામ સરકારી પ્રાથમિક શાળામાં ચાલતા હતા અને ભણાવવામાં આવે શારદા શિક્ષણ તીર્થમાં. તેની સાથે આ બાળકો પાસેથી ફી પણ લેવામાં આવી હતી તે વિગત પણ પોલીસ ફરિયાદમાં નોંધાઇ છે. માનનીય મંત્રીશ્રી કહે છે કે, પ્રવેશ આપવામાં આવ્યો નથી. તમારા શિક્ષણ વિભાગે ૭૫ વિદ્યાર્થીઓને સરકારી પ્રાથમિક શાળામાં પ્રવેશ આપ્યો છે. માટે આપ જે માહિતી આપી રહ્યા છો તે માહિતી સત્યથી વેગળી છે. પ્રવેશ આપ્યો છે તે સરકાર સ્વીકારે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય શૈલેષભાઇ. પ્રવેશ આપ્યાનું ટેકનિકલ રીતે શાળામાં નામ જયારે ચડાવતા હશો તેને પ્રવેશ આપ્યો એવું કહેતા હશો. પરંતુ સરકારી પ્રાથમિક શાળામાં નામ ચાલતું હોય અને ખાનગી શાળામાં ભણાવતા હોય આવી ઘટના બનેલી છે? તમે આ જવાબની અંદર તે પ્રમાણે જવાબ આપ્યો હોત તો આ પ્રશ્ન ન આવ્યો હોત.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો ત્યાં ભણે છે પણ પાલડી કાંકરચ ખાનગી શાળામાં દાખલ થયેલ નથી અને આ મુદો અમારા ધ્યાન પર આવ્યા પછી અમે કાર્યવાહી કરી છે પરંતુ તે વિદ્યાર્થીને ત્યાં ટ્યુશન તરીકે ભણાવતા હતા એ બાબત અમારા ધ્યાને પણ આવી હતી એના પછી અમે આ કાયદેસરની કાર્યવાહી કરી છે અને વિશેષમાં એમણે સ્વાગત પોર્ટલ પર અરજી પણ કરી હતી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આખો વિષય જાણ્યા પછી મને એવું લાગે છે કે, તમારા સચિવશ્રીએ તમને એ ધ્યાન ઉપર મૂકવું જોઇએ કે, એને પ્રવેશ નથી આપ્યો પણ નિશાળની અંદર આ ઘટના થઇ છે એવો જવાબ આપ્યો હોત તો આ પ્રશ્ન જ ઊભો ન થયો હોત અને એ વાત કરી શકાત અને મને લાગે છે કે, આ બાબતે બ્રીફિંગ કરતા હોય અથવા પ્રશ્ન આવતો હોય ત્યારે તમારા અધિકારીશ્રીઓએ આપનું ધ્યાન દોરવું જોઇએ. તમે એક વખત એમની સાથે મિટીંગ કરીને ફરી આવું ન થાય એ પણ ધ્યાન ઉપર મૂકાવો.

**આણંદ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપના સહાય યોજના**

*** 15/4/425 શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ (પેટલાદ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ:૨૦૨૨-૨૩માં આણંદ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૨૮ |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) | રૂ. ૨૧,૭૦,૦૮૭ /- |

શ્રી કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પશુ પાલન પાસે જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સ્વરોગાર યોજના હેતુસર પશુ પાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા ડેરી ફાર્મ સ્થાપવાની સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને, ઉકત સ્થિતિએ કેટલી રકમ સહાયપેટે ચૂકવવામાં આવી? બીજો પ્રશ્ન છે કે, મારા મત વિસ્તારમાં સમાવિષ્ટ પેટલાદ અને બોરસદ તાલુકામાં કેટલી સહાય ચૂકવવામાં આવી અને મારા મત વિસ્તાર પેટલાદમાં આવેલા પશુ દવાખાના માટે નવા બાંધકામ માટે કોઇ નવી જોગવાઇ સરકાર તરફથી કરવામાં આવી છે કે નહીં?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. મહત્ત્વનો એટલા માટે છે કે, રાજયમાં ખેતી અને પશુ પાલન બે મોટા વ્યવસાયો છે અને બંને આપણા અર્થતંત્રમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સાહેબ, આપ પણ સમગ્ર એશિયાની સૌથી મોટી જિલ્લાની કો-ઓપરેટીવ દૂધ ઉત્પાદક સંઘના અધ્યક્ષ છો અને આપ પણ સુપેરે જાણો છો કે, પશુ પાલન વ્યવસાય થકી માણસોની આર્થિક ઉન્નતિમાં કેટલો મોટો ફાયદો થાય છે અને એનો આપે અનુભવ કર્યો છે અને અમલ પણ કર્યો છે. સાહેબ, આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ વ્યવસાયની અગત્યતા ખૂબ જાણે છે અને એટલા માટે એમણે પશુ પાલકોની આર્થિક હાલત સુધરે, પશુઓની ઔલાદ સુધરે, પશુઓ એના માલિકને વધુમાં વધુ વળતર આપે એ માટે ખૂબ મોટા પ્રમાણમાં સરકાર દ્વારા કાર્યક્રમો કર્યા છે, યોજનાઓ અમલમાં મૂકાવી છે અને માનનીય કમલેશભાઇએ જે પ્રશ્ન પૂછ્યો છે ૧૨ દૂધાળા પશુઓના ડેરી ફાર્મની સ્થાપનાની સહાયનો આ યોજના પણ માનનીય નરેન્દ્રભાઇના વખતથી જ આપણી સરકારે દાખલ કરી છે. ખેડૂતોની આવક બમણી કરવા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સંકલ્પને સિદ્ધ કરવા ગ્રામ્ય કક્ષાએ ખેતી સાથે પુરક રોજગારીની તકો ઉભી થાય એ પણ એટલું જ જરૂરી છે અને ગામડાના લોકો એમાં પણ ખાસ કરીને શિક્ષિત બેરોજગાર યુવાનો પશુ પાલનનો વ્યવસાય સ્વીકારે અને જો કરવા માગતા હોય તો તેમને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો તેઓ પશુ પાલનના વ્યવસાયમાં સહેલાઇથી જોડાઇ શકે એવા હેતુથી આ યોજના અમલમાં મૂકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા આ યોજના જે અમલમાં આવેલ છે એમાં ૧૨ જેટલા દૂધાળા પશુ ડેરી ફાર્મની સ્થાપના પર સહાયની જે જોગવાઇ છે એમાં આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર દ્વારા આ યોજનાને અવિરત પ્રોત્સાહન મળે એના માટેના પ્રયત્નો અમે બધા અમારા ખાતા મારફત કરી રહ્યા છીએ. અહીંયા સભ્યશ્રીના પ્રશ્નમાં જણાવું તો આણંદ જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરેલ અરજીઓઅને ચૂકવેલ સહાયની વિગત જણાવુ તો આણંદ તાલુકામાં ત્રણ અરજી અને ૪,૫૪,૦૧૩ રૂપિયા, ખંભાત તાલુકામાં ૭ અરજી અને ૬,૫૨,૩૧૨ રૂપિયા, પેટલાદ તાલુકામાં ૬ અરજી અને ૩,૮૨,૦૦૦ રૂપિયા, બોરસદ તાલુકામાં ૫ અરજી ૨,૨૬,૯૫૦ રૂપિયા, સોજીત્રા તાલુકામાં ૪ અરજી અને ૪,૫૪૦૧૨ રૂપિયાની સહાય, તારાપુર તાલુકામાં ૨ અરજી મંજૂર થયેલ છે અને અંકલાવ અને ઉમરેઠ તાલુકામાં આ સમયગાળા દરમિયાન કોઇ અરજીઓ મંજૂર થયેલ નથી. આમ, કુલ ૨૮ અરજીઓ મંજૂર કરી રૂપિયા ૨૧,૭૦,૦૮૭ની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં સભ્યશ્રીએ પેટલાદ તાલુકાનું પૂછ્યું છે તો તેની પણ વિગત આવી જાય છે અને માનનીય સભ્યશ્રીએ જે પેટલાદના પશુ દવાખાનાના નવા મકાનના બાંધકામ સંબંધે પ્રશ્ન પૂછયો પણ તે આ પ્રશ્ન સાથે નિસ્બત ધરાવતો નથી પણ માનનીય સભ્યશ્રીને તેના અંગેની જરૂરી વિગતો હું પૂરી પાડીશ. અત્યારે મને જે માહિતી મળી તે ધવલપુરા જૂથ મથક છે ત્યાં બાંધકામ માટે રૂપિયા ૨૪ લાખ મંજૂર કરવામાં આવ્યા છે એટલે તમારો એ પણ પ્રશ્ન સોલ થઇ ગયો છે. આ ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મનો રાજય સરકાર પશુપાલન વિભાગ દ્વારા સારી રીતે અમલ કરવામાં આવી રહ્યો છે અને આ યોજનાના કારણે રાજયના બેરોજગાર યુવકો, પશુપાલકો બધાયને ખૂબ મોટો ફાયદો થશે. સાથો સાથ રાજયના દૂધ ઉત્પાદનમાં પણ વધારો થશે અને લોકોની આવકમાં પણ વધારો થશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની સહાયની યોજનામાં પશુદીઠ કેટલી સહાય આપવામાં આવે છે? અને તે દર કયારથી અમલમાં છે? ગીરમાં ગાયો અને ભેંસના ભાવ રૂપિયા ૫૦ હજારથી લઇ અને રૂપિયા ૫ લાખ સુધીના હોય છે તો આવા દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવા સહાયની રકમમાંથી પશુપાલકો પશુ ખરીદી શકતા નથી તો આ રકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સહાય અંગેની રકમની વિગતો જાણવા માગે છે તો ગાયની ખરીદી માટે મેળવેલા બેન્ક ધીરાણ ઉપર ૫ વર્ષ સુધી સાડા સાત ટકાને બદલે ૧૨ ટકા સુધીની વ્યાજ

સહાય આ ગીર ગાય તેના માટે જો તમે લોન લો તો વિશેષ તેમાં ૫ ટકા વધુ તમને સહાય મળે છે અને આ ૧૨ પશુ ડેરી સ્થાપના માટે સહાયની યોજનાની વિશેષ વાત કરું તો ૧૨ પશુની ખરીદી ઉપર વ્યાજ સહાય સાડા સાત ટકા, કેટલ સીટના બાંધકામ માટેની સહાયમાં ૫૦ ટકાની સહાય, ફોગર ખરીદી ઉપર ૭૫ ટકા સહાય લગભગ ૧૨ હજાર રૂપિયા, મિલ્કીંગ મશીન ખરીદી ઉપર ૭૫ ટકા સહાય ૪૫ હજાર રૂપિયા, ચાપ કટરની ખરીદી ઉપર ૭૫ ટકા સહાય ૨૪ હજાર રૂપિયા, પશુની ખરીદી ઉપરના વીમો ઉતરાવવા માટે ૮ ટકા પ્રિમિયમ પ્રથમ ત્રણ વર્ષના પ્રિમિયમની રકમ ઉપર રૂપિયા ૫૭,૬૦૦ એટલે ૧૧,૫૮,૬૦૦ રૂપિયા જે આ એકમનું ખર્ચ થાય તેમાં સહાયની રૂપિયા ૩,૦૪,૧૫૦ રૂપિયા આ રીતનું સહાયનું ધોરણ છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલકોને કઇ દેશી ઓલાદની ડેરી સ્થાપના માટે વિશેષ સહાય આપવામાં આવે છે ? અને મારો બીજો પ્રશ્ન છે કઇ બાબતની અને કેટલી સહાય આપવામાં આવે છે ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર અને કાંકરેજ જે આપણી દેશી ઓલાદ છે તે ગાયોના સંવર્ધનને પ્રોત્સાહન આપવા દેશી ગાયોના ડેરી ફાર્મની સ્થાપના માટે વિશેષ સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો..... (અધ્યક્ષશ્રીએ વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : એ જવાબ આગળ આવી ગયો છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્વેતક્રાંતિની ભૂમિ, શ્વેતનગરી આણંદથી આવું છું એટલા માટે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપનાની સહાય યોજનામાં કેટલા અને કયા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે કયા ઘટકો ફરજિયાત છે અને કયા ઘટકો મરજિયાત છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના કરવામાં લેવી પડતી બેંક લોન, પશુ વીમો અને કૅટલ શેડ બનાવવા માટે પશુપાલકને મોટી રકમનું રોકાણ કરવું પડતું હોય છે અને એ રોકાણ કરવામાં સહાય આપવાથી બેરોજગાર યુવાનો આ વ્યવસાયમાં જોડાય છે અને ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી મેળવવા માટે યુવાનોને સ્થળાંતર કરવું પડતું નથી. બાર દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપનાની યોજનામાં કુલ છ ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં બાર દૂધાળા પશુની ખરીદી માટે મેળવેલા બેંક ધિરાણ પર પાંચ વર્ષ સુધી વ્યાજ સહાય, પશુના સળંગ ત્રણ વર્ષના વીમાના પ્રીમિયમ પર સહાય, કૅટલ શેડ બાંધકામ ઉપર સહાય, ઇલેક્ટ્રિક ચાફ કટર ખરીદી પર સહાય, મિલ્કિંગ મશીનની ખરીદી પર સહાય અને ફૉગર સિસ્ટમની ખરીદીની સહાયનો સમાવેશ થાય છે. એના ફરજિયાત ઘટકોમાં બેંક ધિરાણ પર પાંચ વર્ષ સુધી વ્યાજ સહાય, પશુના સળંગ ત્રણ વર્ષના વીમા પ્રીમિયમ સહાય અને કૅટલ શેડના બાંધકામ ઉપર સહાયનો સમાવેશ થાય છે. એના મરજિયાત ઘટકોની વાત કરું તો .. (અધ્યક્ષશ્રીએ વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : મરજિયાતમાં અગાઉ કહ્યું એ આવી ગયું.

7

**પોરબંદર ફીશરીઝ ટર્મીનલના ઓકશન હોલની કામગીરી**

***15/4/256 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૦૯૫ (અગ્રતા-૭૬)ના અનુસંધાને **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | પોરબંદર ફીશરીઝ ટર્મીનલ ઉપર ઓકશન હોલની કામગીરી જૂન-૨૦૧૮ માં પૂર્ણ કરવામાં આવેલ, તે દુકાનોની ફાળવણી ઇ-ઓકશનની પ્રક્રિયા તા. ૧૦-૪-૨૦૨૩થી શરૂ કરી બને તેટલી ઝડપથી કાર્યવાહી/ફાળવણી કરવાનું આયોજન હતું તે કાર્યવાહી/ફાળવણી તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે અને | (૧) | ફાળવણી કરવાના તબક્કે . |
| (૨) | ઉક્ત કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તો કેટલી દુકાનોની ફાળવણી ક્યારે કરવામાં આવી, અને | (૨) | શૂન્ય ફાળવણી . |
| (૩) | ઉક્ત કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોય તો તેના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) | • ઓકશન હોલની દુકાનોબુથોની ફાળવણી / કરવા બે વખત પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ માછીમારો દ્વારા રસ દાખવેલ ન હોવાથી .ફાળવણી થઈ શકેલ નથી<br>• અરજદારો ઓકશન હોલ લેવા માટે આગળ આવે તે માટે પ્રોત્સાહનની કામગીરી હાથ ધરાયેલ છે . |

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂન-૨૦૧૮માં આ કામ પૂર્ણ થયું છે પણ આ ઓક્શન હૉલ અને દુકાનોના ભાવ વધારે છે એના કારણે કોઇ હરાજીમાં આવતું નથી. એનો ભાવ ઘટાડવા માગે છે કે કેમ? બીજું કે આ ઓક્શન હૉલ અને દુકાનોનો વહીવટ સ્થાનિક બોટ એસોસિએશનને આપવાની વિચારણા થઇ શકે કે કેમ?

અતારાંકિત પ્રશ્નો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઓક્શન માટેની કાર્યવાહી બે વખત હાથ ધરી હતી પણ માનનીય સભ્યશ્રીના જણાવ્યા અનુસાર અમને પણ રજૂઆત મળી છે કે ભાવ વધુ પડતો છે એટલે ઓક્શનમાં કોઇ ભાગ લેતાં નથી. એના કારણે આ કાર્યવાહી બે વખત મુલતવી રહી છે. એના માટે અમે ખાતાકીય રીતે નિર્ણય લીધો છે કે આમાં ભાવ ઘટાડવા સંબંધી વાજબીપણું ચકાસી તાત્કાલિક નિર્ણય લેવાનો છે. બીજું કે આ ઓક્શન શેડ વહેલી તકે ઉપયોગમાં આવે અને એના લાભાર્થી એનો લાભ લેતાં થાય એ દિશામાં અમે તાત્કાલિક કાર્યવાહી કરાવવા માગીએ છીએ. બીજો પ્રશ્ન શું હતો?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ત્યાંના સ્થાનિક બોટ એસોસિએશનને આ વહીવટ આપવા માટે વિચારો છો કે કેમ? કારણ કે, મોટે ભાગે જે બોટ માલિકો છે એ જ આ દુકાનો અને ઓક્શન હૉલનો ઉપયોગ કરતાં હોય છે. તો એના એસોસીએશનને જો વહીવટ આપવામાં આવે તો સારી રીતે વહીવટ થઇ શકે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને અમે એના માટે વિચારણા કરીશું પણ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓને હું જણાવવા માગું છું કે જ્યારથી આપણા પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન થયા ત્યારે કેન્દ્રમાં પહેલી વખત સ્વતંત્ર મત્સ્યોદ્યોગનો વિભાગ શરૂ કર્યો અને વધારામાં આપણા જ ગુજરાતના પનોતા પુત્ર પુરુષોત્તમભાઇ રૂપાલાને એનો સ્વતંત્ર કેબિનેટ મંત્રી તરીકેનો હવાલો પણ સોંપ્યો અને એના માટે પૂરતી નાણાકીય ફાળવણી પણ કરી. જુદી-જુદી યોજનાઓના માધ્યમથી પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અને બીજી અનેક યોજનાના માધ્યમથી કેન્દ્ર સરકાર આપણા રાજ્યને પૂરતી સહાય આપે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**પશુપાલન પ્રભાગ માટે બજેટમાં જોગવાઇ**

**15/4/237 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પશુપાલન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧)

| નાણાકીય વર્ષ | બજેટમાં જોગવાઈ(રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૮૪૬૦.૯૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૪૩૯૦૬.૩૨ |

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ પૈકી ફાળવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭૯૬૦૫.૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૦૬૨૦૧.૦૧ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

(૩)

| વર્ષ | ઉક્ત ફાળવેલ રકમ પૈકી | |
|---|---|---|
| | રકમ વપરાઈ (રૂ. લાખમાં) | રકમ વણવપરાયેલ રહી. (રૂ. લાખમાં) |
| ૨૦૨૧-૨૨ | ૭૭૩૨૨.૨૨ | ૨૨૮૩.૨૮ |
| ૨૦૨૨-૨૩ | ૯૬૦૩૯.૫૭ | ૧૦૧૬૧.૪૪ |

<u>રકમ વણવપરાયેલ રહેવાના કારણો</u>

<u>વર્ષ : ૨૦૨૧-૨૨</u>

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હેઠળની ગૌશાળા-પાંજરાપોળનાં આધુનિકરણની

યોજનાનો અમલ ન થઈ શકતા તેમજ અન્ય યોજનાઓ હેઠળ કેટલાક લાભાર્થીઓ દ્વારા કામગીરી પૂર્ણ કરી સહાય માટે દાવા રજુ ન કરેલ હોવાનાં કારણોસર, કામધેનુ યુનિવર્સિટી હેઠળની યોજનાઓમાં કર્મચારી-અધિકારીઓના સંદર્ભે સાતમા પગારપંચનું અમલીકરણ ન થવાના કારણે તે પ્રમાણે ચૂકવણું ન કરી શકતા તથા વિવિધ સંવર્ગની મહેકમની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર અને વેટરનરી કૉલેજ હિંમતનગરનું બાંધકામ વિલંબથી શરૂ થવાના કારણે તથા સાતમા પગારપંચ મુજબ ચુકવવણા ન થવાના કારણોસર અને સુચિત મોંઘવારી ભથ્થુ ન ચુકવી શકવાના કારણે બચત રહેતા તેમજ પશુપાલન ખાતા અંતર્ગત વિવિધ યોજનાઓમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર અને પશુસંવર્ધન ફાર્મની કન્ટીજન્સી ખર્ચ ન થવાના કારણોસર, મશીનરી/સાધનોની ખરીદી ન થઈ શક્વાને કારણે, લાભાર્થી દ્વારા યોજનાની શરતો અને બોલીઓ મુજબ સમયમર્યાદામાં યોજનાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ ન હોવાના કારણોસર, કોવીડ-૧૯ ના કારણોસર પશુપાલન શિબિરોનું આયોજન ન થયેલ હોવાથી અને કોવીડ-૧૯ના કારણોસર તરણેતર મેળાનું આયોજન ના થવાથી પશુ પ્રદર્શન ન યોજાયેલ હોવાના કારણોસર, આઉટસોર્સ સેવા અંગેનો અને કચેરીનો ખર્ચ ઓછો થવાથી, ભારત સરકારની યોજનામાં અગાઉની વણવપરાયેલ ગ્રાંટ પરત કરવાની મંજૂરી ન મળેલ હોવાના કારણોસર જેવા વિવિધ કારણોસર કુલ રૂ. ૨૨૮૩.૨૮ લાખ વણવપરાયેલ રહેલ છે.

વર્ષ-૨૦૨૨-૨૩

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હેઠળ રૂ. ૫૫૦.૦૦ કરોડની જોગવાઈ સાથેની બે નવી યોજનાઓનું અમલીકરણ નાણાકીય વર્ષના છેલ્લા બે ત્રિમાસિક સમયગાળામાં થયેલ હોવાથી તેમજ અન્ય યોજનાઓ હેઠળ કેટલાક લાભાર્થીઓ દ્વારા કામગીરી પૂર્ણ કરી સહાય માટે દાવા રજુ ન કરેલ હોવાનાં કારણોસર, કામધેનુ યુનિવર્સિટી હેઠળની યોજનાઓમાં કર્મચારી-અધિકારીઓના સંદર્ભે સાતમા પગારપંચનું અમલીકરણ ન થવાના કારણે તે પ્રમાણે ચૂકવણું ન કરી શકતા તથા વિવિધ સંવર્ગની મહેકમની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર તેમજ કચેરી ખર્ચ ઓછો થવાના કારણોસર, તેમજ પશુપાલન ખાતા અંતર્ગત વિવિધ યોજનાઓમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી રહેવાના કારણોસર, લાભાર્થી દ્વારા યોજનાની શરતો અને બોલીઓ મુજબ સમયમર્યાદામાં યોજનાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ ન હોવાના કારણોસર, આઉટસોર્સ મેનપાવર, મોટરવાહન અને મશીનરી/સાધનો અંગે ઓછો ખર્ચ થવાને કારણે, લમ્પી સ્કીન ડીસીઝ રોગચાળાના કારણે તરણેતર મેળાનું આયોજન ન થતા પશુ પ્રદર્શન ન યોજાયેલ હોવાના કારણોસર જેવા વિવિધ કારણોસર કુલ રૂ. ૧૦૧૬૧.૭૪ લાખ વણવપરાયેલ રહેલ છે.

-----------------------

**પાટણ જિલ્લામાં પશુઓનું રસીકરણ**

**15/4/430 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું,અને | (૧) | ૭,૫૦,૩૫૭ |
| (૨) | આ રસીકરણ ક્યા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું ? | (૨) | પશુઓના જીવાણુંજન્ય અને વિષાણુંજન્ય રોગો માટે |

રાજકોટ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજની યોજનામાં સહાય

15/ 4/ 417 : શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ખેડૂતોને શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) | હા, જી |

| | |
|---|---|
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) કુલ- ૨ (બે) કોલ્ડ સ્ટોરેજને સહાય પેટે કુલ રૂ.૨,૪૯,૯૯,૧૪૨ /- ની ચૂકવણી કરવામાં આવી. |

---

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે બાકી પ્રિમિયમ

15/4/260: શ્રી અરવિંદભાઇ જીણાભાઈ લાડાણી (માણાવદર) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧ ( ખરીફ-૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર,રાજ્ય સરકાર અને ખેડૂતોએ કેટલી રકમનું વીમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ, | )૧ ( ખરીફ-૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ કેન્દ્ ર સરકાર દ્વારા રૂ.૧૫૨૩,૭૫,૭૬,૭૮૬-/,રાજ્ય સરકાર દ્વારા રૂ.૬૯૨,૫૦,૦૦,૦૦૦-/ અને ખેડૂતોએ રૂ.૪૨૬,૦૬,૧૯,૨૯૨ -/રકમનું વીમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ છે. |
| )૨( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વર્ષનું વિમા પ્રિમિયમ રાજ્ય સરકારે ખાનગી વિમા કંપનીઓને ચુકવવાનું બાકી છે કે કેમ, | )૨( હા,જી. |
| )૩( જો હા,તો કેટલી રકમનું પ્રિમિયમ રાજ્ય સરકારે ચૂકવવાનું બાકી છે અને તેના કારણો શાં છે? | )૩( રાજ્ય સરકારના હિસ્સા પેટેની રૂ.૮૩૧,૨૫,૭૬,૭૮૬ -/ પ્રિમિયમની રકમ ચૂકવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

----------------------

**રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલ**

15/4/252: **માન. ધારાસભ્યશ્રી હેમંતભાઈ હરદાસભાઇ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલની ૦૬ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૬ જગ્યાઓ ખાલી છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે? | (૨) ઉક્ત જગ્યાઓ વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ, જેમ બને એમ જલદી ભરવામાં આવશે. |

**અમરેલી જિલ્લામાં ખાણદાણ સહાય યોજનાના લાભ અંગે**

**15/4/422 શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૮૫૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૩૦,૮૫,૨૦૦/- |

ભાવનગર શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના બાબતે.

**15**/4/432: શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી -પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે, અને | )૧( વિદ્યાર્થી દીઠ રૂ.૧૩૬૭૫ - /અથવા જે તે બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમીટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થી દીઠ વાસ્તવિક ફી, બે માંથી જે ઓછું હોય તે મુજબની ફી રી-એમ્બર્સમેન્ટ ચુકવવામાં આવે છે. |
| )૨( વર્ષ ૨૦૨૨-૨૩ ભાવનગર શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે? | )૨ ( વર્ષ ૨૦૨૨-૨૩ માં ભાવનગર શહેરમાં ધોરણ -૧ થી ૮ ના કુલ ૮૩૯૨ વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. |

અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઘઉં યોજના

15/4/421: શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન -ઘઉં યોજના અંતર્ગત ઘઉં પાકમાં કેટલા નિદર્શન આપવામાં આવ્યા, અને | )૧( ૩૨૧ |
| )૨( ઉક્ત સ્થિતિએ સદર નિદર્શનમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | )૨( વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ .૧૦,૪૦,૮૨૯ - /અને વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૧૬,૬૧,૦૩૧-/ |

**પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિ**

15/4/266: **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા)**: માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** / **જવાબ**

)૧( તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી,

)૧( તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનાના કામોમાં નીચેની વિગતે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની ફરીયાદો સરકારને મળી,

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **મળેલ ફરીયાદની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨** | **તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩** |
| **૧** | **પંચમહાલ** | **૧૦** | **૯** |
| **૨** | **દાહોદ** | **૨૫** | **૨૬** |

)૨( મળેલ ફરીયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી,

)૨( મળેલ ફરીયાદો અંગે **પત્રક – અ** મુજબ તપાસ અને કાર્યવાહી કરવામાં આવી,

)૩( ઉક્ત તપાસમાં ઉક્ત જિલ્લાઓમાં કયા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે

)૩( ઉક્ત તપાસમાં પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં આ સાથે સામેલ **પત્રક – બ** માં દર્શાવેલ વિગત મુજબના સ્થળે, ઉક્ત કામોમાં અને પત્રકમાં દર્શાવ્યા પ્રકારની ગેરરીતિ સામે આવી,

આવી, અને

| | | | |
|---|---|---|---|
| (૪) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા? | (૪) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ આ સાથે સામેલ **પત્રક – ક** મુજબ જવાબદારો સામે પગલાં લીધા. |

**પત્રક – અ**

**જિલ્લો:- પંચમહાલ**

| **તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **અરજદાર નું નામ** | **ફરીયાદની વિગત** | **સોંપવામાં આવેલ તપાસની વિગત** | **કરેલ કાર્યવાહીની વિગત** |
| ૧ | રમેશભાઈ ગોકળભાઈ માછી | નદીસર ગામે નરેગા યોજના અંતર્ગત કૌભાંડની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગોધરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં અરજદાર વિકાસના કામોને અવરોધવા માટે ખોટી અરજીઓ કરતાં હોઇ અરજી દફતરે કરેલ છે. |
| ૨ | પટેલ કલ્પેશભાઈ | મોરવા હડફ તાલુકાના ખટવા ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, મોરવા હડફ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં સ્થળ પર કામો હયાત હોઈ અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૩ | પટેલ કલ્પેશભાઈ | મોરવા હડફ તાલુકાના હારેડા ગામે પંચાયત દ્વારા માનરેગ યોજનામાં લખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, મોરવા હડફ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં સ્થળ પર કામો હયાત હોઈ અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૪ | પરમાર દિપકભાઈ | મોરવા હડફ તાલુકાના ચાંદપુર ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, મોરવા હડફ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં સ્થળ પર કામો હયાત હોઈ અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૫ | ભૂપતભાઈ ડાભી | મોરવા હડફ તાલુકાના ચાંદપુર ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, મોરવા હડફ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં તમામ કામો મનરેગાની ગાઇડ લાઇન મુજબ થયેલ છે જેથી અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે |
| ૬ | ભૂપતભાઈ ડાભી | શહેરા તાલુકાના ભેસાલ ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, શહેરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં તમામ કામો મનરેગાની ગાઇડ લાઇન મુજબ થયેલ છે જેથી અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૭ | ભૂપતભાઈ ડાભી | મોરવા હડફ તાલુકાના આગરવાડા ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, મોરવા હડફ | તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં તમામ કામો મનરેગાની ગાઇડલાઇન મુજબ થયેલ છે જેથી અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૮ | પટેલ કલ્પેશભાઈ | મોરવા હડફ તાલુકાના આગરવાડા ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, મોરવા હડફ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાશણી કરતાં તમામ કામો મનરેગાની ગાઇડ લાઇન મુજબ થયેલ છે જેથી અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૯ | ભૂપતભાઈ ડાભી | શહેરા તાલુકાના ખોજલવાસા ગામે પંચાયત દ્વારા મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો કૌભાંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, શહેરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં તમામ કામો મનરેગાની ગાઇડ લાઇન મુજબ થયેલ છે જેથી અરજદારને કામો બાબતે કોઈ વાંધો નથી અરજી દફતરે કરેલ છે. |
| ૧૦ | રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ | વાવડી બૂઝર્ગ ગ્રામ પંચાયાતમાં મનરેગા યોજનામાં થયેલ ભ્રષ્ટાચાર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા | તપાસ દરમ્યાન નાણાકીય અનિયમિતતા, ગંભીર ગેરશિસ્ત વાળા કર્મચારિયોને ફરજ મુક્ત કરેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | બાબત. | પંચાયત, ગોધરા | |
| તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ | | | | |
| ૧ | અમૃતભાઈ લક્ષ્મણભાઈ માછી | શહેરા તાલુકાની વલ્લવપુર ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન મનરેગા યોજના અંતર્ગત કરવામાં આવેલ કામો માપ મુજબ કરેલ નથી તેની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, શહેરા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત દ્વારા તપાસ કરતાં કામોની રૂબરૂ ચકાસણી કરતાં કામો થયેલ છે અને સરકારશ્રીના ધારાધોરણ મુજબ થયેલ છે અરજદારશ્રીની અરજીને સમર્થન મળતું નથી. અરજી દફતરે કરેલ છે. |
| ૨ | જે. બી. સોલંકી | શહેરા તાલુકાની ઊજડા ગામના કામોની સ્થળ તપાસ કરવા બાબત. | ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત પંચમહાલ, ગોધરા | તપાસ ટીમ દ્વારા તપાસ કરતાં અરજીમાં કરેલ આક્ષેપો સત્ય થી વેગળા છે તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતિ થયેલ હોઇ તેમ જણાતું નથી. |
| ૩ | જશુભાઈ મહેન્દ્રભાઈ રાઠવા અને અરવિંદભાઈ મસરૂભાઈ રાઠવા | પરુણા ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં જૂના કામો બીજી વખત બતાવી નાણાનો દૂર ઉપયોગ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, કાલોલ | અરજદારશ્રીએ ગેરસમજને કારણે અરજી કરેલ હોઈ તપાસ કરતા અરજીમાં કોઈ તથ્ય જણાતું નથી અરજી દફતરે કરેલ છે. |
| ૪ | હેમંત મદનસિંહ પુવાર | નદીસર ગામે મનરેગા યોજના અંતર્ગત કૌભાંડની તપાસ કરવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગોધરા | તાલુકા કક્ષાએથી ટેકનિકલ આસિસ્ટન્ટ દ્વારા અરજદારને સાથે રાખી કામો ચકાસતા તમામ કામો બરાબર જણાઈ આવેલ છે જેથી અરજી દફતરે કરેલ છે. |
| ૫ | વિલાસબેન વિજયભાઈ પરમાર | નદીસર ગામે મનરેગા યોજના અંતર્ગત કૌભાંડની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગોધરા | તાલુકાની ટીમ દ્વારા તપાસ કરતાં સ્થળ ઉપર કામો થયેલ છે જેથી અરજી દફતરે કરેલ છે. |
| ૬ | રમેશભાઈ ગોકળભાઈ માછી | નદીસર ગામે મનરેગા યોજના અંતર્ગત કૌભાંડની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગોધરા | તાલુકાની ટીમ દ્વારા તપાસ કરતાં કામો સ્થળ ઉપર થયેલ છે જેથી અરજી દફતરે કરેલ છે. |
| ૭ | અરજણભાઈ વજાભાઈ બારીયા | ચેકડેમ બનાવવામાં ગેરરીતિ થવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, શહેરા | તપાસ કરતાં અરજદારશ્રીએ ગેરસમજના કારણે અરજી કરેલ હતી જે ગેર સમજ દૂર થતાં અરજી દફતરે કરેલ છે. |
| ૮ | અજયસિંહ લાકોડ | નદીસર ગામે મનરેગા યોજના અંતર્ગત કૌભાંડની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગોધરા | તાલુકાની ટીમ દ્વારા તપાસ કરતાં સ્થળ ઉપર કામો થયેલ છે જેથી અરજી દફતરે કરેલ છે. |
| ૯ | કાળુભાઈ રયજીભાઈ મહેરા | રેવન્યુ સર્વે નં.૭૦ માં બોગસ સિંચાઇ કૂવો, ચેકવોલ અને કોઝ વે ના કામોમાં કૌભાંડ થવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગોધરા | તાલુકાની ટીમ દ્વારા તપાસ કરતાં સ્થળ ઉપર કામો થયેલ છે જેથી અરજી દફતરે કરેલ છે. |

**જિલ્લો: દાહોદ**

| તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **અરજદારશ્રીનું નામ** | **ફરીયાદની વિગત** | **સોંપવામાં આવેલ તપાસની વિગત** | **કરેલ કાર્યવાહીની વિગત** |
| ૧ | મોટીખરજ ગ્રામ પંચાયતના ગ્રામજનો | મોજે મોટીખરજ ગામના લાભાર્થીઓના નામે અને સર્વે નંબરમાં નરેગા અને વિવિધ યોજના હેઠળ કામો કરેલ નથી અને કામો થયેલ બોલે છે તેવો ભ્રષ્ટાચાર કરેલ હોઈ તેની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, દાહોદ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨ | કરશનભાઈ કહેરાભાઈ બારિયા | જંબુસર ગ્રામ પંચાયતમાં ગંભીર ભ્રષ્ટાચાર થવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, દેવગઢ બારીયા | લોકપાલશ્રી દ્વારા તપાસ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૩ | કિશનકુમાર પૃથ્વીસિંહ મોહનીયા | ધાનપુર તાલુકાના કંજેટા ગ્રામ પંચાયતના ધીરજપુર ફળિયામાં મનરેગા યોજનાના કામોમાં | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ધાનપુર | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | ભ્રષ્ટાચાર બાબત. | | |
| ૪ | ભાભોર કનુભાઈ રૂપસિંગભાઈ | દાહોદ જિલ્લાના ધાનપુર અને ગરબાડા તાલુકામાં મનરેગા યોજનામાં ગેરરીતિ થવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ધાનપુર અને ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૫ | પલાસ લીલાબેન મથુરભાઈ | વિકાસના કામોમાં ગેરરીતિ આચરવા બબત. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | લોકપાલશ્રી દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૬ | કંથાગર ગ્રામ પંચાયતના ગ્રામ જનો | કંથાગર ગામે મનરેગામાં ભ્રષ્ટાચાર થયેલ છે, જે લાગતા વળગતા અધિકારી સાહેબને લેખિતમાં જાણ કરવામાં આવેલ પરંતુ લાભાર્થીને કોઈ સંતોષકારક જવાબ નહિ મળતા હવે એફ.આઈ.આર કરવા બાબત. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૭ | ડામોર શાંતિલાલ ગમનભાઈ | ફતેપુરા તાલુકાના મનરેગા શાખામાં ખાખરીયા પૂર્વ સરપંચ દ્વારા બોગસ કામગીરી બતાવી ખાતેદારોની જાણ બહાર નાણા ઉપાડી છેતરપીંડી કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૮ | ચારેલ ઉદેસિંહ | અન્યાય અને ભ્રષ્ટાચાર થતો અટકાવવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૯ | કટારા શંકરભાઈ મનાભાઈ | મોજે ગામ બારસાલેડામાં મનરેગાના કુવાના કામમાં ગેરરીતિ આચરેલ જેની સામે તપાસ થવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૦ | મછાર તેરસિંગભાઈ તેજાભાઈ | મનરેગા કામો હેઠળ જૂથ કુવા મંજૂર કરવામાં આવેલ છે તેમાં શ્રીમતી શારદાબેન શૈલેશભાઈ દેવધા સરપંચશ્રી તથા શૈલેશભાઈ સુરતનભાઈ દેવધા કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા ગેરરીતિ આચરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૧ | તેરસિંગ મછાર | મનરેગાના કામો હેઠળ જૂથ કૂવો મંજૂર કરવામાં આવેલ તેમાં સરપંચશ્રીએ ગેરરીતિ આચરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૨ | હરીશકુમાર નવરભાઈ | મનરેગા યોજના હેઠળ ચાલતા કામોની અંદર થયેલ ભ્રષ્ટાચારની ઉચ્ચસ્તરીય તપાસ કરવા બાબત. | કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ, દાહોદ | કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ, દાહોદ દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૧૩ | પલાસ કિરણભાઈ મનુભાઈ | મનરેગા યોજના અંતર્ગત વિવિધ કામોમાં થયેલ ભ્રષ્ટાચાર/ગેરરીતિ તથા નાણાની ઉચાપત બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા અને ધાનપુર | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુર દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૧૪ | પારસિંગ કે ભુરીયા | ઝાલોદ તાલુકા પંચાયતમાં એજન્ટો દ્વારા નાણા પડાવવા બાબતની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ઝાલોદ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૫ | ભરતભાઈ લાલભાઈ માવી | દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાની મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર કરવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ઝાલોદ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૬ | મલસિંહ વીરજી મુનિયા | ઝાલોદ તાલુકાના ગરાડુ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાની ભારત સરકારની ગાઈડલાઈન મુજબ મજુરો મારફતે કામગીરી | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ઝાલોદ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | કરવાને બદલે જે.સી.બી તથા હિતાચી મારફતે તમામ કામગીરી થાય છે જેનું પેમેન્ટ અટકાવવા અને કાયદેસરની કરવા બાબત. | | |
| ૧૭ | સતીશકુમાર કરશનભાઈ | અરજદારશ્રી સતીશકુમાર કરશનભાઈ કટારાની ઓનલાઈન PG પોર્ટલ પર મળેલ ફરિયાદ અંગે કાર્યવાહી કરી કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ઝાલોદ | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદ દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૧૮ | મલસિંહ વીરજી મુનિયા | મનરેગા યોજનામાં છેલ્લા વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ ના ૫ વર્ષના થયેલ કામોની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ઝાલોદ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૯ | સમસુભાઈ ધુળાભાઈ સંગાડા | લીમખેડા તાલુકાની દાંતિયા ગ્રામ પંચાયતમાં નરેગા યોજનાના કામોમાં ઉચાપત કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, લીમખેડા | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડા દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૦ | ભુરીયા ધીરુભાઈ પારસીંગભાઈ / માવી કલ્પેશભાઈ દલુભાઈ | મોજે ગામ દુધિયાઘરા તા.લીમખેડા, જી. દાહોદમાં મનરેગા યોજનામાં ચાલતા કામોમાં ગેરરીતિ થયેલ બાબત. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | લોકપાલશ્રી દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૧ | માનલી ગ્રામ પંચાયતના ગ્રામજનો | લીમખેડા તાલુકાના માનલી ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૨૨માં નવીન કામો ગેરકાયદેસર રીતે મંજૂર કરેલ હોય જેની તાત્કાલિક તપાસ કરી સરકારી નાણાનો દુરુપયોગ અટકાવવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, લીમખેડા | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડા દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૨ | સિદ્દીક ઈસ્માઈલ મફત | પાણીયા ગ્રામ પંચાયતમાં ઓછા ગુણવત્તા અને સ્થળે નહીવત કામગીરી તેમજ અમુક કામોમાં થયેલ નથી અને તેના ઉપર ખર્ચ કરવામાં આવેલ બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, લીમખેડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૩ | સંગાડા રમસુભાઈ આર | મનરેગા યોજના હેઠળ થયેલ ભ્રષ્ટાચાર બાબતે ન્યાયિક તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સંજેલી | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંજેલી દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૪ | અનોપપુરા ગ્રામ પંચાયતના ગ્રામજનો | સિંગવડ ગ્રામ પંચાયત અનોપપુરા નાણાપંચ અને નરેગા વર્ષ ૨૦૧૮/૨૦ પંચાયત દ્વારા કામોના ભ્રષ્ટાચાર કરેલ તેની તપાસ બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિંગવડ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૫ | કેસરપુર ગ્રામ પંચાયતના ગ્રામજનો | ગ્રુપ ગ્રામ પંચાયત કેસરપુરના સમાવિષ્ટ ગામો કુમપુર, ઝરોલા(૨) અને કેસરપુરમાં સને ૨૦૧૭ થી સને ૨૦૨૧ સુધીના ૫ વર્ષ દરમ્યાન નરેગા યોજના અંતર્ગત વિકાસના કામો જેવા કે કેટલશેડ, જમીન સમતલ, સ્ટોન બંધ, તળાવ ઊંડા વિવિધ યોજનાઓના સ્થળ પર કામો નહિ કરી નાણાની ઉચાપત કરેલ છે. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિંગવડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા તપાસ કરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |

| તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | અરજદારશ્રીનું નામ | ફરીયાદની વિગત | સોંપવામાં આવેલ તપાસની વિગત | કરેલ કાર્યવાહીની વિગત |
| ૧ | નાનુભાઈ રતનાભાઈ રાઠોડ | ચાંદાવાડા ગ્રામ પંચાયતમાં લાભાર્થી અને અધિકારીઓની મીલભગતથી ચાલતુ કોભાંડની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, દાહોદ | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, દાહોદ દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨ | પીપલોદ ગ્રામ પંચાયતના ગ્રામજનો | પીપલોદ ગામે ગ્રામ પંચાયત પીપલોદ મારફતે મનરેગાના બોગસ થયેલા કામોની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, દેવગઢ બારીયા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૩ | રમેશભાઈ ધીરાભાઈ પટેલ | દેવગઢ બારિયા તાલુકાના હિન્દોલીયા ગ્રામ પંચાયતમાં નરેગા યોજના અંતર્ગત ચેકડેમ ઊંડાના કામો તેમજ જમીન સમતલના કામોમાં ડે.સરપંચ દ્વારા ગેરરીતિ આચરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, દેવગઢ બારીયા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૪ | દિલીપભાઈ કંચનભાઈ પરમાર | ભાણપુર ગામની અંદર સર્વે નંબર ૧૪૯ માં મનરેગા યોજના હેઠળ નવા ચેકવોલના સરકારી નાણાની ઉચાપત કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ધાનપુર | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુર દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૫ | બારિયા આરતભાઈ ગણપતભાઈ | ગ્રામ પંચાયત બેડાત તા.ધાનપુર, જી.દાહોદમાં મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારના જૂથ કુવા બિલ કુલ બોગસ થયેલા છે. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૬ | નનામી અરજી | ધાનપુર તાલુકાના ઘાટા ઉપરના કાળાખુંટ ગામમાં એનઆરઈજીએ તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી ચાલતા કુવાના કામોમાં કૌભાંડ બાબત | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | લોકપાલશ્રી દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૭ | નિકુંજ મેડા | દાહોદ જીલ્લાના ગરબાડા અને ધાનપુર તાલુકાઓમાં મનરેગા શાખામાં ચાલતી ઉચાપત અને ગેરરીતિ બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ધાનપુર અને ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૮ | પલાસ દીપકભાઈ રામસિંગભાઈ | દાહોદ જીલ્લાના ધાનપુર અને ગરબાડા તાલુકામાં મનરેગા યોજનાઓ હેઠળ થયેલ ભ્રષ્ટાચાર બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ધાનપુર અને ગરબાડા | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડા દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૯ | ભાભોર ભુરસીંગભાઈ દામલાભાઈ | ગ્રામ પંચાયત મારગાળા નરેગા યોજનાના કામોમાં થયેલા ભ્રષ્ટાચાર અંગે તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૦ | ભીખાભાઈ આર.રાવલ | ફતેપુરા તાલુકાના રાવલના વરુણા ગામે માલિકીની જમીનમાં ગેર કાયદેસર પ્રવેશ કરી ધાકધમકી આપી રસ્તો બનાવ્યા અંગે IPC કલમ ૪૪૭, | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | લોકપાલશ્રી દ્વારા તપાસ હાથ ધરી તપાસ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૪૦૬(૨), ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪, ૧૨૦ બી મનરેગા બાબત. | | |
| ૧૧ | માલ સોમભાઈ ગંગાભાઈ | નાના બોરીદા ગ્રામ પંચાયતમાં નાના બોરીદા ગામે પંચાયત ઘર થી માલ સોમાભાઈ ગંગાભાઈના ઘર સુધી કામગીરી કાર્ય વિના નાણા ઉપાડવા તથા સ્થળ તપાસ કરવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ફતેપુરા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૨ | અમાલીયાર બાબુભાઈ | સીમલીયાખુર્દ ગામમાં નરેગાના કામોમાં ભ્રષ્ટાચાર બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૩ | પારસિંગભાઈ લાલુભાઈ બારિઆ | એન.આર.જી તથા અન્ય વિકાસના નાણામાં ભ્રષ્ટાચાર બાબતે ઝીણવટભરી તપાસ કરી કસુરવાર સામે કાયદેસરના પગલા લેવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૪ | ભુરીયા અનિશભાઇ કલીયાભાઈ | ગ્રામ વિકાસના કામો ફક્ત ઓનલાઇન, સ્થળ પર કશું નહિ બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૫ | અશોકભાઈ ડી. ડામોર | દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકામાં છેલ્લા ૪ વર્ષથી ભ્રષ્ટાચાર અને ગેરરીતિ બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૬ | ગારી મુકેશભાઈ વી. | ગરબાડા તાલુકામાં મનરેગા કામોમાં ભ્રષ્ટાચાર આચરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડા દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૧૭ | ગારી મુકેશભાઈ ડી. | દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં મનરેગાના વિકાસના કામોમાં થઇ રહેલ તોફાની ભ્રષ્ટાચારની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૮ | પારસીંગ લાલુ બારીયા | બેંકમાં બારોબાર ખાતા ખોલાવી એ.ટી.એમ. મેળવીને એન.આર.ઈ.જી.એ.ના નાણા ઉપાડી લઇ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી નાણા ઘરભેગા કરવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ગરબાડા | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૯ | થાળા ગ્રામ પંચાયતના ગ્રામજનો | મનરેગા યોજનામાં થાળા(લીમડી) ગ્રામ પંચાયતના સરપંચ ડામોર દીપિકાબેન રાજેશભાઈએ રૂ.૯૫૩૦૫૧/- ની ખાયકી કરેલ બાબત. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | લોકપાલશ્રી દ્વારા તપાસ હાથ ધરી તપાસ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૦ | ડામોર લીમસિંગ દિતા | સીમલીયા ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારશ્રીની તમામ યોજનાના થયેલ કામોની સ્થળ તપાસ, કામો કર્યા વગર બીલો બનાવવા, અગાઉ કરેલ કામો પર નવા કામ દર્શાવી બીલો બનાવવા, તકલાદી અને ગુણવત્તા વગરનું કામ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, ઝાલોદ | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | લુખાવાડા ગ્રામ પંચાયતના ગ્રામજનો | લીમખેડા તાલુકાની લુખાવાડા ગ્રામ પંચાયતમાં લેવલીંગ અને પાળાનું કામ બતાવી ખોટા જોબકાર્ડ બનાવી અને બીલો બનાવી નાણા ઉપાડવા બાબત | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, લીમખેડા | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડા દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૨ | વાંસિયા ગ્રામ પંચાયતના ગ્રામજનો | ગ્રુપ ગ્રામ પંચાયત વાંસિયા તા.સંજેલી જી.દાહોદ દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીનો મનરેગા, નાણાપંચ, એ.ટી.વી.ટી ધારાસભ્ય તથા પંચાયતના કામોમાં કરોડોના ભ્રષ્ટાચાર તપાસ કરવા બાબત. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૩ | ભરવાડ અલ્કેશભાઈ ધનજીભાઈ | ગ્રુપ ગ્રામ પંચાયત મછેલાઈમાં સરકારી કામોમાં ભ્રષ્ટાચાર બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિંગવડ | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૪ | મછાર વિમલભાઈ મહેશભાઈ, વાલા જોતી બારિઆ | અગારા(ર) ગ્રુપ ગ્રામ પંચાયતમાં નરેગા યોજનામાં ભ્રષ્ટાચારનીતપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિંગવડ | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૫ | ભૂતખેડી ગ્રામ પંચાયતના ગ્રામજનો | ગ્રુપ ગ્રામ પંચાયત ભૂતખેડી તાલુકો સીંગવડ, જી.દાહોદ દ્વારા આચરેલ ભ્રષ્ટાચારના કામોની તપાસ કરવા બાબત. | લોકપાલશ્રીને તપાસ તબદીલ કરેલ છે. | લોકપાલશ્રી દ્વારા તપાસ હાથ ધરી તપાસ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |
| ૨૬ | મનુભાઈ સોમાભાઈ વણકર | ભ્રષ્ટાચાર કરનાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે પગલા ભરવા તેમજ અરજદારની ફરિયાદની તપાસ કરવા બાબત. | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિંગવડ | તાલુકા કક્ષાએથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા તપાસ હાથ ધરી અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જેમાં ગેરરીતિ જણાયેલ ન હોય રજૂઆત દફતરે કરવામાં આવેલ છે. |

**પત્રક – બ**

**જિલ્લો:- પંચમહાલ**

| **તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨** | | |
|---|---|---|
| **ક્રમ** | **કામનું સ્થળ / કામનો પ્રકાર** | **તપાસ દરમ્યાન ધ્યાને આવેલ ગેરરીતિની વિગત** |
| ૧ | નદીસર, તા. ગોધરા/કૂવા, કોઝ વે, જમીન સમતલ, ચેકવોલ, પેવર બ્લોક, | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨ | ખટવા, તા.મોરવા (હ)/માટી મેટલ રોડ, ચેકવોલ, કૂવા | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| 3 | હારેડા, તા.મોરવા (હ)/માટી મેટલ રોડ, ચેકવોલ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૪ | ચાંદપુર, તા.મોરવા (હ)/માટી મેટલ રોડ, ચેકવોલ, કેટલ શેડ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૫ | ચાંદપુર, તા.મોરવા (હ)/માટી મેટલ રોડ, ચેકવોલ, કેટલ શેડ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૬ | ભેસાલ, તા. શહેરા/માટી મેટલ રોડ, ચેકવોલ, કૂવા | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૭ | આગરવાડા, તા. મોરવા (હ)/સી સી રોડ, ચેકવોલ, પેવર બ્લોક | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૮ | આગરવાડા, તા.મોરવા (હ)/સી સી રોડ, ચેકવોલ, પેવર બ્લોક | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૯ | ખોજલવાસા, તા. શહેરા/ માટી મેટલ રોડ, ચેકવોલ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૧૦ | વાવડી બુજર્ગ, તા. ગોધરા/પેવર બ્લોક | તપાસ દરમ્યાન ગેરરીતિ જણાયેલ છે. |
| **તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩** | | |
| ૧ | વલ્લવપુર, તા. શહેરા/માટી મેટલ રોડ, ચેકવોલ, પંચાયત ઘર | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨ | ઉજડા, તા. શહેરા/માટી મેટલ રોડ, ચેકવોલ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૩ | પરુણા, તા. કાલોલ/માટી મેટલ રોડ, ચેકવોલ, પેવર બ્લોક, નાળા નું કામ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |

| | | |
|---|---|---|
| ૪ | નદીસર, તા. ગોધરા / કૂવા, જમીન સમતલ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૫ | નદીસર, તા. ગોધરા / કૂવા, કોઝ વે, જમીન સમતલ, ચેકવોલ, પેવર બ્લોક | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૬ | નદીસર, તા. ગોધરા / કૂવા, ચેકવોલ, પેવર બ્લોક | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૭ | ભીમથલ, તા. શહેરા / ચેકવોલ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૮ | નદીસર, તા. ગોધરા / કૂવા, ચેકવોલ, પેવર બ્લોક, જમીન સમતલ, માટી મેટલ રોડ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૯ | નદીસર, તા. ગોધરા / કૂવા, ચેકવોલ, કોઝ વે નાળાના કામ | તપાસ દરમ્યાન કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |

**જિલ્લો: દાહોદ**

| તા.૦૧ / ૦૮ / ૨૦૨૧ થી તા.૩૧ / ૦૭ / ૨૦૨૨ | | |
|---|---|---|
| **ક્રમ** | **કામનું સ્થળ / કામનો પ્રકાર** | **તપાસ દરમ્યાન ધ્યાને આવેલ ગેરરીતિની વિગત** |
| ૧ | મોટીખરજ ગ્રામ પંચાયત, તા. દાહોદ / જમીન સમતલ, કેટલશેડ, તળાવ, ચેકડેમ અને સામુહિક કુવાના કામ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, દાહોદને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨ | જંબુસર ગ્રામ પંચાયત, તા.દેવગઢ બારીયા / રોડ, કુવા, ચેકડેમ, ખેત તલાવડી, પથ્થર પાળા | લોકપાલશ્રી દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ સરપંચશ્રી, ગ્રામ જનો, અરજદારશ્રીઓ દ્વારા કામો સ્થળ પર હયાત છે તેમ નિવેદનો આપેલ છે જેથી કોઈ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૩ | કંજેટા ગ્રામપંચાયત, તા.ધાનપુર / કુવા, રોડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુરને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૪ | ધાનપુર અને ગરબાડા તાલુકો / જમીન સમતલ, કેટલશેડ, જૂથ કુવા, સ્ટોન બંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુરને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૫ | ધાનપુર અને ગરબાડા તાલુકો / સામુહિક કુવા, જમીન સમતલ, ખેત તલાવડી, નવા પંચાયત ઘરો | લોકપાલશ્રી દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજદારશ્રીના નામના કોઈ પણ ઈસમ ગામમાં રહેતા નથી તથા અરજી પાયાવિહોણી છે તેમ ગ્રામજનો અને લાભાર્થીઓ દ્વારા નિવેદન આપવામાં આવેલ છે. |
| ૬ | કંથાગર ગ્રામ પંચાયત, તા.ફતેપુરા / સ્ટોન બંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૭ | ખાખરીયા પૂર્વ ગ્રામ પંચાયત, તા.ફતેપુરા / જમીન સમતલ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૮ | હડમત ગ્રામ પંચાયત, તા.ફતેપુરા / કુવા, ચેકવોલ, સ્ટોન બંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૯ | બારસાલેડા ગ્રામ પંચાયત, તા.ફતેપુરા / કુવા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૦ | નાના બોરીદા ગ્રામ પંચાયત, તા. ફતેપુરા / સામુહિક કુવા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૧ | નાના બોરીદા ગ્રામ પંચાયત, તા. ફતેપુરા / જૂથ કુવા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૨ | આફવા ગ્રામ પંચાયત, તા.ફતેપુરા / સી.સી. રોડ | કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ, દાહોદ દ્વારા અત્રે તપાસ અહેવાલ રજૂ કરેલ છે જેમાં અરજદારશ્રી જેવા ભળતા નામ ધરાવતા અન્ય કોઈ ઈસમ દ્વારા અરજી કરવામાં આવેલ છે તથા તમામ કામો થયેલા છે તે મુજબનું અરજદારશ્રી દ્વારા નિવેદન આપવામાં આવેલ છે જેથી કોઈ ગેરરીતિ જણાતી નથી. |
| ૧૩ | ગરબાડા અને ધાનપુર તાલુકો / નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડા દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ તપાસ દરમિયાન અરજદારશ્રીના નામનો વ્યક્તિ જે તે ગામમાં છે જ નહિ અને મતદાર યાદીના પણ નથી તથા કામોની રેન્ડમલી તપાસ કરતા અરજદારશ્રીના આક્ષેપના અનુસંધાને કોઈ પણ તથ્ય જણાયેલ નથી. |
| ૧૪ | ઝાલોદ તાલુકો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૫ | ઝાલોદ તાલુકો / જૂથ કુવા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૬ | ગરાડું ગ્રામ પંચાયત, તા. ઝાલોદ / નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૭ | મલવાસી ગ્રામ પંચાયત, તા.ઝાલોદ / સી.સી રોડ, જમીન સમતલ, આંગણવાડી, પથ્થરપાળા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદ દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ સરપંચશ્રી, ત.ક.મંત્રીશ્રી,ગામના પ્રતિષ્ઠિત આગેવાનો ને સાથે રાખી તપાસ કરતા કામો સ્થળ પર થયેલ છે. તેથી કોઈ પણ પ્રકારની ગેરરીતી થયેલ નથી તેવું માલુમ પડે છે. |
| ૧૮ | ગરાડું ગ્રામ પંચાયત, તા.ઝાલોદ / મસ્ટરો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ |

| | | |
|---|---|---|
| | | હેઠળ છે. |
| ૧૯ | દાંતિયા ગ્રામ પંચાયત, તા. લીમખેડા / કેટલશેડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડા દ્વારા તપાસ કરતા આક્ષેપિત કામો સ્થળ પર કરવામાં આવેલ છે અને મજુરી માલસામાનના નાણા લાભાર્થીઓને મળેલ છે તે મુજબનું અરજદાર દ્વારા નિવેદન આપેલ છે આથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ ધ્યાને આવેલ નથી. |
| ૨૦ | દુધિયાધરા ગ્રામ પંચાયત, તા. લીમખેડા / સ્ટોન બંડ અને અન્ય કામો | લોકપાલશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલ મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા જણાવ્યા મુજબ ખોટા સર્વે નંબર લખાઈ ગયેલ અને અરજદારશ્રીઓને પણ વાંધો ન હોય કોઈ પણ કાર્યવાહી કરવાની રહેતી નથી. |
| ૨૧ | માનલી ગ્રામ પંચાયત, તા.લીમખેડા / સ્ટોન બંડ, ચેકડેમ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડા દ્વારા રજૂ કરેલ તપાસ અહેવાલ મુજબ કામોના તમામ જરૂરી દસ્તાવેજો ગ્રામ્ય કક્ષાએથી તાલુકા કક્ષાએ રજૂ થયેલ જેમાં સરપંચશ્રી અને ડે.સરપંચશ્રીએ કોઈ મનસ્વી રીતે કામગીરી કરેલ નથી તથા અરજદારશ્રી દ્વારા અરજી ગેરસમજના લીધે કરેલ તે મુજબનું નિવેદન અરજદારશ્રી અને ગ્રામ જનો દ્વારા આપવામાં આવેલ છે જેથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨૨ | પાણીયા ગ્રામ પંચાયત, તા. લીમખેડા / નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૩ | હિરોલા ગ્રામ પંચાયત, તા. સંજેલી / આંગણવાડી કેન્દ્ર | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંજેલી દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા આક્ષેપિત આંગણવાડીનું કામ કરવામાં આવેલ ખર્ચના પ્રમાણમાં સ્થળ પર કરવામાં આવેલ છે. આથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨૪ | અનોપપુરા ગ્રામ પંચાયત, તા. સિંગવડ / ચેકડેમ, નાળા પ્લગ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૫ | કેસરપુર ગ્રામ પંચાયત, તા. સિંગવડ / કેટલશેડ, જમીન સમતલ, સ્ટોન બંડ, તળાવ ઊંડા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ તપાસ કરતાં કામો સ્થળ જણાયેલ છે અને શ્રમિકો દ્વારા કરેલ મજૂરીના નાણા શ્રમિકોને મળેલ છે તે બાબતના શ્રમિકો દ્વારા નિવેદન આપવામાં આવેલ છે અને કામોમાં વપરાયેલ માલસામાનના નાણા માલસામાન પૂરો પાડનાર એજન્સીને ચૂકવવામાં આવેલ છે. આથી કામો નહિ કરવા બાબતે કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |

| **તા.૦૧ / ૦૮ / ૨૦૨૨ થી તા.૩૧ / ૦૭ / ૨૦૨૩** | | |
|---|---|---|
| **ક્રમ** | **કામનું સ્થળ / કામનો પ્રકાર** | **તપાસ દરમ્યાન ધ્યાને આવેલ ગેરરીતિની વિગત** |
| ૧ | ચાંદાવાડા ગ્રામ પંચાયત, તા.દાહોદ / સામુહિક કુવો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, દાહોદ દ્વારા તપાસ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે જેમાં તપાસ દરમિયાન સામુહિક કુવાનું કામ બેવડાતું નથી તેમ જણાયેલ છે આથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨ | પીપલોદ ગ્રામ પંચાયત, તા. દેવગઢ બારીયા / સ્ટોન બંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, દેવગઢ બારીયાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૩ | હિન્દોલીયા ગ્રામ પંચાયત, તા.દેવગઢ બારીયા / ચેકડેમ ઊંડા, જમીન સમતલ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, દેવગઢ બારીયાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૪ | ભાણપુર ગ્રામ પંચાયત, તા. ધાનપુર / ચેકવોલ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુર દ્વારા તપાસ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે જેમાં તપાસ દરમિયાન ચેકવોલનું કામ સ્થળ પર કરવામાં આવેલ છે જેમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૫ | બેડાત ગ્રામ પંચાયત, તા. ધાનપુર / સામુહિક કુવા | લોકપાલશ્રી દ્વારા સદર તપાસ હાથ ધરેલ છે જે હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૬ | કાળાખુન્ટ ગ્રામ પંચાયત, તા. ધાનપુર / કુવા | લોકપાલશ્રી દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજીમાં જણાવ્યા મુજબના લાભાર્થીના નામે કોઈ પણ કુવાના કામો મંજૂર થયેલ નથી તથા સી.સી. રોડના કામો સ્થળ પર થયેલ છે લાભાર્થી દ્વારા અરજી તદ્દન પાયાવિહોણી છે તેવું નિવેદન આપેલ છે તથા અરજી નનામી છે આથી રજૂઆતમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૭ | ધાનપુર અને ગરબાડા તાલુકો / કુવા, કેટલશેડ, જમીન સમતલ, પેવર બ્લોક | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુરને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૮ | ધાનપુર અને ગરબાડા તાલુકો / કેટલશેડ, કુવા, જમીન સમતલ, ચેકડેમ, સ્ટોન બંડ, કમ્પોસ્ટ પીટ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ધાનપુર દ્વારા અત્રે અહેવાલ રજૂ કરવામાં આવેલ છે જેમાં તપાસ કરતા અરજદારશ્રીના નામનો વ્યક્તિ જે તે ગામમાં છે જ નહિ અને મતદાર યાદીના પણ નથી તથા કામોની રેન્ડમલી તપાસ કરતા અરજદારશ્રીના આક્ષેપના અનુસંધાને કોઈ પણ તથ્ય જણાયેલ નથી જેથી કોઈ પણ ગેરરીતિ જણાયેલ નથી. |
| ૯ | મારગાળા ગ્રામ પંચાયત, તા. ફતેપુરા / ચેકડેમ, ચેકવોલ, જૂથ કુવા અને અન્ય કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૦ | રાવલના વરુણા ગ્રામ પંચાયત, તા.ફતેપુરા / રોડ | લોકપાલશ્રી દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજદારશ્રીનું નિવેદન લેવામાં આવેલ જેના અનુસંધાને અરજીમાં કોઈ તથ્ય જણાયેલ નથી. |
| ૧૧ | નાના બોરીદા ગ્રામ પંચાયત, | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ફતેપુરાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ |

| | | |
|---|---|---|
| | તા.ફતેપુરા/રોડ | હેઠળ છે. |
| ૧૨ | સીમલીયા ખુર્દ ગ્રામ પંચાયત, તા. ગરબાડા/નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૩ | ભીલવા ગ્રામ પંચાયત, તા. ગરબાડા/નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૪ | ભે ગ્રામ પંચાયત, તા.ગરબાડા/નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૫ | ગરબાડા તાલુકો/જમીન લેવલ, કેટલશેડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૬ | અભલોડ ગ્રામ પંચાયત, તા.ગરબાડા/કેટલશેડ, જમીન સમતલ, જૂથ કુવા, ચેકડેમ, સ્ટોન બંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડા દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ તપાસ દરમિયાન અરજદારશ્રીના નામનો વ્યક્તિ જે તે ગામમાં છે જ નહિ અને મતદાર યાદીના પણ નથી તથા કામોની રેન્ડમલી તપાસ કરતા અરજદારશ્રીના આક્ષેપના અનુસંધાને કોઈ પણ તથ્ય જણાયેલ નથી. |
| ૧૭ | અભલોડ ગ્રામ પંચાયત, તા. ગરબાડા/જૂથ કુવા, જમીન સમતલ, ગટર, સ્ટોન બંડ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૮ | ભીલવા ગ્રામ પંચાયત, તા. ગરબાડા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગરબાડાને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૯ | થાળા ગ્રામ પંચાયત, તા. ઝાલોદ/રોડ | લોકપાલશ્રી દ્વારા રજૂ તપાસ અહેવાલ મુજબ અરજીમાં દર્શાવ્યા મુજબના કામો સ્થળ પર કરેલ છે તથા અરજદારશ્રીઓ દ્વારા થયેલ કામોને સમર્થન મળેલ છે. |
| ૨૦ | સીમલીયા ગ્રામ પંચાયત, તા. ઝાલોદ/સી.સી રોડ, માટી મેટલ રોડ, પેવરબ્લોક, જૂથ કુવા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ઝાલોદને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૧ | લુખાવાડા ગ્રામ પંચાયત, તા.લીમખેડા/જમીન સમતલ, પથ્થર પાળા | તાલુકા વિકાસ અધિકારીશ્રી, લીમખેડા દ્વારા રજૂ કરેલ તપાસ અહેવાલ મુજબ ખેડૂત ખાતેદારોને જમીન સમતલ ની કામગીરી તેમના દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે અને મજૂરોના નાણા ખાતામાં જમા થયેલ છે અરજદારશ્રી ના નામ ધરાવતી ગામમાં કોઈ વ્યક્તિ અસ્તિત્વ ધરાવતી નથી આથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ ધ્યાને આવેલ નથી. |
| ૨૨ | વાંસિયા ગ્રામ પંચાયત, તા. સંજેલી/નરેગાના કામો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સંજેલીને તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ જે તપાસ હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૨૩ | મછેલાઈ ગ્રામ પંચાયત, તા.સિંગવડ/સ્ટોનબંડ, રોડ, ચેકડેમ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા કરેલ આક્ષેપ મુજબના કામોના સ્થળે અરજદારશ્રીને હાજર રાખી તપાસ કરવામાં આવેલ જેમાં તમામ કામો સ્થળ પર કરવામાં આવેલ છે તથા અરજદારશ્રીને અંગ્રેજી ભાષાનું ઓછું જ્ઞાન હોવાથી ઓછી સમજણના કારણે અરજી કરવામાં આવેલ તે મુજબનું અરજદારશ્રી દ્વારા નિવેદન આપવામાં આવેલ છે આથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨૪ | અગારા ગ્રામ પંચાયત, તા. સિંગવડ/રોડ, સ્ટોન બંડ, ચેકડેમ, પેવર બ્લોક | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજદારશ્રીને સાથે રાખી કામોની સ્થળ તપાસ કરતા કામો સ્થળ પર કરવામાં આવેલ છે તેમ જણાય છે મજૂરીના નાણા લાભાર્થીઓને મળેલ છે તથા અરજદારશ્રી દ્વારા ઓછી સમજણના કારણે અરજી કરવામાં આવેલ છે તે મુજબનું નિવેદન અરજદારશ્રી દ્વારા આપવામાં આવેલ છે આથી કોઈ પણ પ્રકારની ગેરરીતિ જણાયેલ નથી. |
| ૨૫ | ભુતખેડી ગ્રામ પંચાયત, તા. સિંગવડ/નરેગાના કામો | લોકપાલશ્રી દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજદારશ્રીઓએ આવેશમાં આવી અરજી કરવામાં આવેલ છે. કામો સ્થળ પર થયેલ છે જે બાબતનું અરજદારશ્રીઓ દ્વારા નિવેદન આપવામાં આવેલ છે. |
| ૨૬ | જામદરા ગ્રામ પંચાયત, તા.સિંગવડ/કેટલશેડ, સી.સી. રસ્તો | તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિંગવડ દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ અરજીમાં આક્ષેપિત કામોમાં જોબકાર્ડ ધારકો દ્વારા રોજગારી મેળવેલ છે તથા અરજદાર દ્વારા ગેરમાર્ગે દોરાઇને અરજી કરવામાં આવેલ છે તેવું નિવેદન અરજદારશ્રી દ્વારા આપેલ છે આથી અરજી પાયાવિહોણી હોય કોઈ પણ પ્રકારનું તથ્ય જણાયેલ ન હોય ગેરરીતિ જણાયેલ નથી. |

**<u>પત્રક – ક</u>**

**જિલ્લો:- પંચમહાલ**

| **તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **ફરીયાદની વિગત** | **તપાસમાં જણાય આવેલ જવાબદારોની વિગત** | **જવાબદારો સામે લીધેલ પગલાંની વિગત** |
| ૧ | વાવડી બૂઝર્ગ ગ્રામ પંચાયાતમાં મનરેગા યોજનામાં થયેલ ભ્રષ્ટ્રાચાર બાબત. | તપાસ દરમ્યાન ટેક્નિકલ આસિસ્ટન્ટ અને ગ્રામ રોજગાર સેવક જવાબદાર ઠરેલ છે | કર્મચારીઓને ફરજ મુક્ત કરેલ છે. |

**ગીર સોમનાથ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

માઘ ૧૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**15/4/423 ડૉ. પ્રદ્યુમન ગનુભાઇ વાજા (કોડીનાર): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૫૪૫ |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી? | (૨) | રૂ.૧૬,૩૫,૦૦૦ |

--------------

**કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહની ઉચ્ચતર મધ્યમિક શાળાઓ**

15/4/153: **શ્રી અનિરુદ્ધ ભાઈલાલ દવે** (માંડવી): માનનીય **શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા કેટલી અરજી/રજૂઆત સરકારને મળી અને, | (૧) | કુલ ૦૧ રજૂઆત મળેલ છે. |
| (૨) | ઉક્ત અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) | ઉક્ત રજૂઆત સંદર્ભે સ્થળ તપાસનો અહેવાલ મંગાવેલ છે, જે મળ્યેથી વિવિધ પાસાઓને ધ્યાને લઇ, આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

**અરવલ્લી જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપના સહાય યોજના**

**15/4/424 શ્રી પી. સી. બરંડા (ભીલોડા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ:૨૦૨૨-૨૩માં અરવલ્લી જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૧૧૮ |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી ? | (૨) | રૂ. ૨૧,૫૭,૦૦૦ /- |

--------------

**આદિજાતિ વિકાસ વિભાગ માટે બજેટ જોગવાઈ**

15/4/245 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**: **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** **જવાબ**

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

(૧) આદિજાતિ વિકાસ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ

)૧(

| )રૂ .કરોડમાં( | | |
|---|---|---|
| | સને ૨૦૨૧-૨૨ | સને ૨૦૨૨-૨૩ |
| BE | ૨૬૫૬.૪૦ | ૨૯૦૯.૪૯ |
| RE | ૨૪૦૫.૩૧ | ૨૯૬૫.૨૪ |

(૨) તા. ૩૧/૧૨/૨૦૨3 ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

)૨(

| )રૂ .કરોડમાં( | |
|---|---|
| સને ૨૦૨૧-૨૨ | સને ૨૦૨૨-૨૩ |
| ૨૩૬૭.૬૮ | ૨૭૧૧.૩૪ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

(૩)

| )રૂ .કરોડમાં( | | |
|---|---|---|
| )સને ૨૦૨૧-૨૨( | | |
| વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | કારણો: |
| ૨૩૬૩.૬૪ | ૪.૦૪ | કોવિડ-૧૯ નાં કારણે જૂન-૨૧ થી ઓગસ્ટ-૨૧ માં ઓછો ખર્ચ થવાના કારણે અને જગ્યાઓ ખાલી રહેવાને કારણે તેમજ ઓનલાઈન શિક્ષણ શરુ થવાના કારણે બચત રહેવા પામેલ છે. |
| )સને ૨૦૨૨-૨૩( | | |
| વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ | કારણો: |
| ૨૬૯૬.૮૦ | ૧૪.૫૪ | કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી તેમજ તાબાની મદદનીશ કમિશનરશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીના મંજૂર મહેકમની જગ્યાઓ ખાલી રહેવાના કારણે તેમજ આદર્શ નિવાસી શાળા અને સરકારી છાત્રાલયોના બાંધકામની પ્રગતિના કારણે બચત રહેવા પામેલ છે . |

### ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

**15/4/265** શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : **માનનીય મંત્રીશ્રી ( ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ, | (૧) | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ નથી પરંતુ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તક ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ છે જેની બજેટ જોગવાઈ નીચે મુજબ છે. |

(રૂ. લાખમાં)

| વર્ષ | બજેટમાં જોગવાઈ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૧.૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૮.૬૩ |

(રૂ. લાખમાં)

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૧.૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૮.૬૩ |

(રૂ. લાખમાં)

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

(૩

| વર્ષ | વપરાયેલ રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૧.૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૮.૬૩ |
| નાણાકીય વર્ષ દરમિયાન ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કોઈ રકમ વણવપરાયેલ રહેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |

**શિક્ષણ પ્રભાગ માટે બજેટમાં કરેલ જોગવાઈ**

15/4/270 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ** (વાંસદા)**: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

)૧ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

)૧(

| **વર્ષ** | **કૂલ રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૯૧૪૫.૪૨ |
| ૨૦૨૨-૨૩ | ૩૧૧૭૯.૩૨ |

)૨ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

)૨(

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાંટ (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૮૭૪૧.૫૫ |
| ૨૦૨૨-૨૩ | ૪૦૬૧૮.૬૬ |

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

)૩ (ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

)૩(

સને ૨૦૨૧-૨૨ માં વણવપરાયેલ રકમના કારણો :

| | | (રૂ. કરોડમાં) |
|---|---|---|
| **વર્ષ** | **ખર્ચ** | **બચત** |
| ૨૦૨૧-૨૨ | ૩૧૮૦૭.૦૪ | - |
| ૨૦૨૨-૨૩ | ૪૦૧૮૧.૩૫ | ૪૩૭.૩૧ |

- પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સને ૨૦૨૨-૨૩ માં વણવપરાયેલ રકમના કારણો :

- ખાલી જગ્યાઓ ભરાયેલ ન હોવાથી બચત રહેવા પામેલ છે.
- યોજનાકીય બાબતોના અમલીકરણમાં ઓછો ખર્ચ થયેલ છે.
- પી.એમ.પોષણ યોજનામાં અંદાજીત લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ .જયારે ખર્ચ લાભાર્થી વિદ્યાર્થીઓની ખરેખર સંખ્યાના આધારે થતો હોઇ બચત રહેવા પામેલ છે.
- મુખ્ય સદર ૨૦૭૧ હેઠળ ઓછો ખર્ચ થયેલ છે.

----------------

**શૈક્ષણિક સંસ્થાઓમાં માધ્યમિકના વર્ગો શરૂ કરવા બાબત**

૧૫/૦૪/૧૦૨ **શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર- ખાડીયા): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓ કે સ્કુલોમાં નવા માધ્યમિક વર્ગો શરૂ કરવા કેટલી અરજીઓ મળી, અને | )૧( પત્રક -અ મુજબ |
| )૨( ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી સંસ્થા કે સ્કુલોને માધ્યમિકના વર્ગો શરૂ કરવા મંજૂરી આપવામાં આવી ? | )૨( પત્રક -બ મુજબ |

પત્રક -અ

| વર્ષ | ક્રમ | જિલ્લો | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૧. | અમદાવાદ શહેર | ૩૧ | ૦૦ | ૦૦ |
| | ૨. | અમદાવાદ જિલ્લો | ૨૪ | ૦૦ | ૦૦ |
| | કુલ | | ૫૫ | ૦૦ | ૦૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૧. | અમદાવાદ શહેર | ૩૦ | ૦૦ | ૧૮ |
| | ૨. | અમદાવાદ જિલ્લો | ૩૪ | ૦૪ | ૧૩ |
| | કુલ | | ૬૪ | ૦૪ | ૩૧ |

પત્રક -બ

| વર્ષ | ક્રમ | જિલ્લો | ખાનગી | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | ૧. | અમદાવાદ શહેર | ૨૮ | ૦૦ | ૦૦ |
| | ૨. | અમદાવાદ જિલ્લો | ૨૪ | ૦૦ | ૦૦ |
| | કુલ | | ૫૨ | ૦૦ | ૦૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | ૧. | અમદાવાદ શહેર | ૨૯ | ૦૦ | ૧૩ |
| | ૨. | અમદાવાદ જિલ્લો | ૩૩ | ૦૪ | ૦૯ |
| | કુલ | | ૬૨ | ૦૪ | ૨૨ |

**રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમા શિક્ષકોની ખાલી જગ્યા**

*15/4/435: **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **-**

## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

)૧ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે,

)૧(

| વર્ષ | સરકારી શાળાઓમાં ખાલી જગ્યાઓ | | | બિનસરકારી અનુદાનિત શાળાઓમાં ખાલી જગ્યાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ |
| ૨૦૨૨ | ૧૦૫૭ | ૧૨૮૭ | ૨૩૪૪ | ૫૨૦૬ | ૫૪૫૩ | ૧૦૬૬૯ |

)૨ (ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે પૈકી કેટલી જગ્યાઓમાં જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવી, અને

)૨(

| વર્ષ | ઉક્ત સ્થિતિએ સરકારી શાળાઓમાં થયેલ જ્ઞાન સહાયકોની ભરતી | | | ઉક્ત સ્થિતિએ બિનસરકારી અનુદાનિત શાળાઓમાં થયેલ જ્ઞાન સહાયકોની ભરતી | | |
|---|---|---|---|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | કુલ |
| ૨૦૨૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૨૩ | ૬૭૧ | ૦૦ | ૬૭૧ | ૩૪૬૭ | ૦૦ | ૩૪૬૭ |

)૩ (ઉક્ત બાકી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવામાં આવશે?

)૩ (રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની પ્રથમ તબક્કાની ભરતી પ્રક્રિયા અન્વયે ૪૧૩૮ જ્ઞાન સહાયકો તથા સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૩૦૭૧ જ્ઞાનસહાયકોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરેલ છે તથા સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં બીજા તબક્કાની ભરતી પ્રક્રિયા હાલ કાર્યવાહી હેઠળ છે.

### પંચમહાલ જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ

**15/4/418 શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| )૧ ( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ(૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | )૧ ( | ૧૧૫ લાભાર્થીઓ |
| )૨ ( | ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | )૨ ( | રૂ.૫૧,૭૫,૦૦૦/- |

----------

### બનાસકાંઠા જિલ્લામાં પશુઓનું રસીકરણ

**15/4/429 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| **પ્રશ્ન** | | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું,અને | (૧) | ૫૨,૨૯,૪૭૪ |
| (૨) | આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું ? | (૨) | પશુઓના જીવાણુંજન્ય અને વિષાણુંજન્ય રોગો માટે |

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

- - - - -

### સાબરકાંઠા જિલ્લામાં પપૈયાના પાક માટે સહાય

15/ 4/ 413 : શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને | (૧) | હા,જી |
| (૨) | જો હા, તો પપૈયા પાકના વાવેતર માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) | કુલ-૫૪૭ લાભાર્થીઓને કુલ રૂ.૧,૫૩,૪૪,૭૨૭ /- રકમની સહાય ચૂકવવામાં આવી. |

---

### **દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

**15/4/428 શ્રી રમેશભાઇ ભુરાભાઇ કટારા (ફતેપુરા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) | ૧૭૫ |
| (૨) | તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) | ૪૪,૮૩૯ |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત મેળામાં કુલ કેટલાપશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) | ૨૨,૪૫૭ |

### વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/4/420 : શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, અને | )૧( | ૧૧૬ |
| )૨( | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨( | ૯૦ |
| )૩( | તે પેટે વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | )૩( | વર્ષ ૨૦૨૨ :રૂ .૧૧૦.૦૦ લાખ<br>વર્ષ ૨૦૨૩ :રૂ. ૭૦.૦૦ લાખ |

### **સુરત જિલ્લામાં પશુઆરોગ્ય મેળા**

**15/4/427 શ્રી સંદીપ દેસાઇ (ચોર્યાસી): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| (૧) | તા- ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) | ૧૬૭ |
| (૨) | તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) | ૨૫,૮૧૨ |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત મેળામાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) | ૧,૪૯૭ |

કચ્છ જિલ્લામાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સહાય

15/4/416 : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચુકવવામાં આવી? | (૨) | કુલ-૫૪ લાભાર્થીઓને રૂ.૬૯,૨૧,૯૮૮/-ની સહાય ચુકવવામાં આવી. |

**કૃષિ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઇ**

**15/4/233**: શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાની કૃપા કરશે કે:-

**પ્રશ્ન** / **જવાબ**

**)૧(** કૃષિ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

**)૧(** કૃષિ પ્રભાગ માટે વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબની રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **બજેટ જોગવાઇ )રૂ.લાખમાં(** |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૪૬૧૯૪૪.૪૭ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૩૫૯૪૬૮.૧૧ |

**)૨(** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**)૨(** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| **અ .નં.** | **વર્ષ** | **ફાળવવામાં આવેલ રકમ )રૂ.લાખમાં(** |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૩૩૫૮૮૦.૩૧ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૯૩૬૫૧.૧ |

**)૩(** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

**)૩(** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબ રકમ વપરાઈ અને નીચે મુજબનાં કારણોસર બાકીની રકમ વણવપરાયેલ રહેલ છે.

| **અ .નં.** | **વર્ષ** | **વપરાયેલ રકમ )રૂ.લાખમાં(** | **વણવપરાયેલ રકમ )રૂ.લાખમાં(** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૨૮૯૬૯૩.૯ | ૪૬૧૮૬.૪૧ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૨૮૨૦૦૫.૦૪ | ૧૧૬૪૬.૦૬ |

**નીચે મુજબનાં કારણોસર બાકીની રકમ વણવપરાયેલ રહેલ છે.**

- વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ખેડૂતો દ્વારા કલેઇમ ઓછા મળવાના કારણે તથા વર્ષ ૨૦૨૧-૨૨માં ડ્રમ અને ટોકર વિનામૂલ્યે પૂરા

પાડવાની યોજનામાં ખેડુતો દ્વારા દાવા રજૂ ન કરવાના કારણે .

- વર્ષ ૨૦૨૧-૨૨માં બીજ ઉત્પાદન કાર્યક્રમમાં ખરીફ ૨૦૨૧ દરમિયાન સતત અને પાછોતરા વરસાદના લીધે ખરીફ-૨૧ ઉત્પાદીત મગફળી, સોયાબીન, તલ, મગ તેમજ અડદ જેવા પાકોને ભારે નુકશાન થયેલ હોઈ લક્ષ્યાંક મુજબ ઉત્પાદન મળેલ ન હોવાથી .
- વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત એગ્રો કોર્પોરેશન લી . દ્વારા અમલી યોજનામાં ખર્ચ ઓછો થવાના કારણે તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ઈથેનોલ પ્રોડક્શન યુનિટો સ્થાપવાની કામગીરી પ્રગતિમાં હોવાના કારણે .
- બાગાયત ખાતાના કોઇ લાભાર્થી અરજદારને જે તે કામગીરી માટે મંજૂરી અપાયા બાદ કોઇ સંજોગોને કારણે બાગાયતી પ્રવૃત્તિ હાથ ન ધરે કે, મંજૂર થયેલ સહાય માટે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન કરી શકે તે સંજોગોમાં જે તે વર્ષે સહાય ચુકવી શકાતી ન હોવાના મુખ્ય કારણોસર ખર્ચ ન થતાં બચત રહેવા પામેલ છે.
- વિવિધ સંવર્ગની જગાઓ ખાલી રહેવાના કારણે .

**આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

15/4/440: **શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા)** : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો, | )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો, |

| ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ(** |
| ૫૯૪૦૩૫ | ૫૦૯૩૮૫ |

**નોંધ-:** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૨( તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને | )૨( તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

| ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ(** |
| ૫૯૬૮૧૫ | ૪૬૭૫૭૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૩( તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ? | )૩( તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

| મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ(** |
| ૩૧૪૯૦૭ | ૨૪૫૮૯૬ |

**છોટાઉદેપુર જિલ્લામાં એજીઆર-૩ યોજના અંતર્ગત ક્ષેત્રિય નિદર્શનો**

**15/4/419: શ્રીઅભેસિંહ મોતીભાઇ તડવી** (સંખેડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં એજીઆર-૩ યોજના અંતર્ગત કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા,અને | (૧) | કુલ ૨૪૩૦ ક્ષેત્રીય નિદર્શનો ગોઠવવામાં આવ્યા, અને |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત નિદર્શનો માટે વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે? | (૨) | વર્ષવાર ચૂકવેલ સહાયની રકમ નીચે મુજબ છે: |

| વર્ષ | ચુકવેલ સહાયની રકમ (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૦,૦૦,૦૦૦/- |
| ૨૦૨૩-૨૪ (૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ) | ૫૭,૨૦,૦૦૦/- |

--------------------

**અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી બાબત**

15/4/400: **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** (સાબરમતી): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલી માધ્યમિક ગ્રાન્ટ-ઈન-એઈડ સ્કુલોમાં છેલ્લા બે વર્ષમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન કુલ કેટલા શિક્ષકો વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થયા, અને | (૧ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલી માધ્યમિક ગ્રાન્ટ-ઈન-એઈડ સ્કુલોમાં છેલ્લા બે વર્ષમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન કુલ **૬૨૫** શિક્ષકો વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થયેલ છે. |
| (૨( ઉક્ત સ્કુલોમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન નિવૃત્ત થયેલા શિક્ષકોની અવેજીમાં કેટલા શિક્ષકોને નિમણૂક આપવામાં આવી, અને | (૨( અમદાવાદ શહેરની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન નિવૃત્ત થયેલા શિક્ષકોની અવેજીમાં નિયમિત શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી **૬૨૫** પ્રવાસી શિક્ષકોને નિમણૂક આપવામાં આવી. |
| (3) ઉક્ત સ્થિતિએ જો ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન નિવૃત્ત થનાર શિક્ષકોની અવેજીમાં ભરતી ન કરી હોય તો વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને અસર ન થાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે? | (3) ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન નિવૃત્ત થનાર શિક્ષકોની સામે જ્ઞાનસહાયકોને નિમણૂક આપવામાં આવેલ .જે અન્વયે અમદાવાદ શહેરમાં માધ્યમિક વિભાગમાં **૧૬૬** જ્ઞાનસહાયકોને નિમણૂક આપવામાં આવેલ છે . જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને અસર થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

**15/4/441: શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર): માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો, | )૧( | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો, |

| ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ(** |
| ૧૦૯૮૯૦૫ | ૧૬૬૭૯૭૫ |

**નોંધ-:** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

)૨( તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

)૨( તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ(** |
| ૧૧૦૦૭૫૩ | ૯૫૦૧૦૯ |

)૩( તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

)૩( તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **મહિલાઓને ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ(** |
| ૬૯૬૪૨૫ | ૪૯૮૫૦૫ |

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

**15/4/439: શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** / **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર, જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

)૧( મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી ,પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO)દ્વારા જમા થાય છે.

)૨( ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણામાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઇ ,

)૨( જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર નાણાંકીય વર્ષવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી ઉભી થઇ.

| **ક્રમ** | **જિલ્લો** | **ઉભી થયેલ માનવદિન રોજગારી** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૨-૨૩** | **વર્ષ ૨૦૨૩-૨૪ )તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત (** |
| ૧ | અરવલ્લી | ૨૩૭૮૯૯૧ | ૨૨૩૬૭૨૧ |
| ૨ | સાબરકાંઠા | ૧૬૦૮૬૬૫ | ૧૫૯૯૨૨૪ |

**નોંધ -: મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે .**

)૩( ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે , અને

)૩( રૂ.૨૫૬ -/

)૪( ઉક્ત દર ક્યારથી અમલમાં છે?

)૪( તા.૦૧/૦૪/૨૦૨૩ થી

**ઉત્તરવહી ચકાસણીમાં ભૂલ બાબતે શિક્ષકોને દંડ**

૧૫/૪/૨૪૦ **શ્રી કિરિટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાની ઉત્તરવહીના માર્ક્સમાં સરવાળામાં ભુલ કરી હોય તેવા કેટલા શિક્ષકોને કેટલી રકમનો

) ૧ (

| વર્ષ | સરવાળામાં ભૂલ કરનાર કુલ શિક્ષકોની સંખ્યા | | ભૂલ બદલના દંડની કુલ રકમ )રૂપિયામાં( | |
|---|---|---|---|---|
| | ધોરણ - ૧૦ | ધોરણ - ૧૨ | ધોરણ - ૧૦ | ધોરણ - ૧૨ |
| ૨૦૨૨ | ૧૬૨૧ | ૩૧૧૪ | ૨૨૨૬૯૫૦ | ૬૦૭૪૦૦૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| દંડ કરવામાં આવ્યો, | ૨૦૨૩ | ૧૭૨૯ | ૨૭૫૪ | ૨૫૭૬૬૫૦ | ૪૫૬૩૬૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા શિક્ષકોએ કેટલી દંડની રકમ જમા કરાવી,

)૨(

| વર્ષ | સરવાળામાં ભૂલ કરનાર દંડ ભરેલ શિક્ષકોની સંખ્યા | | ભૂલ બદલ વસૂલ કરેલ દંડની રકમ)રૂપિયામાં( | |
|---|---|---|---|---|
| | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ |
| ૨૦૨૨ | ૧૪૫૫ | ૨૩૨૬ | ૧૯૦૧૯૧૫ | ૩૯૬૮૨૦૦ |
| ૨૦૨૩ | ૧૧૦૮ | ૧૬૭૨ | ૧૫૯૯૭૫૦ | ૨૫૭૩૭૧૬ |

)૩( ઉક્ત સ્થિતિએ કેટલા શિક્ષકો પાસેથી કેટલી દંડની રકમ વસુલવાની બાકી છે, અને

)૩ (

| વર્ષ | સરવાળામાં ભૂલ કરનાર બાકી શિક્ષકોની સંખ્યા | | બાકી લેણી દંડની રકમ )રૂપિયામાં( | |
|---|---|---|---|---|
| | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ |
| ૨૦૨૨ | ૧૬૬ | ૭૮૮ | ૩૨૫૦૩૫ | ૨૧૦૫૮૦૩ |
| ૨૦૨૩ | ૬૨૧ | ૧૦૮૨ | ૯૭૬૯૦૦ | ૧૯૮૯૮૮૪ |

)૪( બાકી રકમ વસુલવા શાં પગલાંલેવામાં આવ્યા?

)૪ (

- માર્ચ -૨૦૨૨ની પરીક્ષામાં ભૂલ બદલ દંડ ભરવામાં બાકી રહેલ વિષય શિક્ષકોની શાળાને તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે જાણ કરવામાં આવેલ છે.
- માર્ચ -૨૦૨૩ની પરીક્ષાની ભૂલ બદલ નોટિસ ઇસ્યૂ કરેલ છે.જ્યારે બીજી નોટિસ આપવાની કામગીરી પ્રગતિ પર છે .
- સરવાળા ભૂલ બાબતે મૂલ્યાંકનકાર શિક્ષકને ભૂલ પ્રત્યક્ષ બતાવીને જ દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે .
- સરવાળા ભૂલો ન થાય તે માટે મૂલ્યાંકન કેન્દ્રો પર મૂલ્યાંકનકાર ટીમમાં જ એક વેરીફાયરની નિમણૂક કરવાની કામગીરી કરવામાં આવેલ છે .

અમદાવાદ શહેર અને જિલ્લામાં આર.ટી.ઇ એક્ટ-૨૦૦૯ હેઠળ મેળવેલ બોગસ પ્રવેશ બાબતે.

15/4/249: શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

પ્રશ્ન — જવાબ

)૧ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં આવક વધુ હોવા છતાં ઓછી આવક બતાવીને આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ હેઠળ કેટલા વિદ્યાર્થીઓએ બોગસ પ્રવેશ મેળવ્યાનું સામે આવ્યું,

)૧(

| બોગસ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|
| જિલ્લો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ |
| અમદાવાદ શહેર | ૦ | ૭ |
| અમદાવાદ | ૦ | ૦ |

)૨( તે અન્વયે ઉક્ત વર્ષવાર બોગસ પ્રવેશ મેળવનાર સામે શા પગલાં લીધાં, અને

)૨ (વાલીની વધુ આવકને કારણે બાળકના આર.ટી.ઇ .હેઠળ પ્રવેશ રદ કરવામાં આવેલ છે.

)૩ (આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ હેઠળ બોગસ પ્રવેશ અટકે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

)૩ (ચાલુ શૈક્ષણિક વર્ષથી આર.ટી.ઇ .હેઠળ ફોર્મ ભરતી વખતે જે વાલી ઇન્કમટેક્ષ રીટર્ન ભરતા હોય તેમના ઇન્કમટેક્ષ રીટર્ન આર.ટી.ઇ.ના ફોર્મ ભરતી વખતે અપલોડ કરવા જણાવવામાં આવે છે .જેથી આવા વાલીની આવક વધુ ધ્યાને આવે તો તે જ સમયે ફોર્મ રીજેક્ટ થઇ શકે.

**મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે બજેટમાં ફાળવેલ રકમ**

**15/4/254 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

પ્રશ્ન — જવાબ

)૧( મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

)૧(

| વર્ષ | જોગવાઈ )રૂ .લાખમાં ( |
|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૪૮,૪૧૭.૨૬ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૯૦,૦૦૨.૭૦ |

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

)૨( તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતીએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી , અને

)૨(

| વર્ષ | ખર્ચ )રૂ .લાખમાં ( |
|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૪૮,૩૪૨.૭૯ |
| ૨૦૨૨-૨૦૨૩ | ૭૦,૨૩૧.૫૧ |

)૩( ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

)૩(

| વર્ષ | વપરાયેલ રકમ )રૂ .લાખમાં ( | વણવપરાયેલ રકમ )રૂ.લાખમાં( | કારણો |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૦૨૨ | ૪૭,૪૫૯.૯૪ | ૮૮૨.૮૫ | )૧ (માળખાકીય સુવિધાઓ ક્ષેત્રે ભારત સરકારશ્રીની ગ્રાન્ટ ન મળવાને કારણે<br><br>)૨ (પી.એફ.આર અને ડી.પી.આર, બનાવવાની કામગીરી કોરોનાના કારણે વિલંબિત થઈ હોવાના કારણે.<br><br>)૩ (કોરોનાનાં કારણે વ્યક્તિગત લાભાર્થીઓવાળી યોજનામાં અમુક ઘટકો તળે લાભાર્થીઓ ન મળવાથી . |
| ૨૦૨૨-૨૦૨૩ | ૬૬,૪૧૫.૭૧ | ૩૮૧૫.૮૦ | )૧ (મત્સ્ય ઉતરાણ કેન્દ્રો વિકસાવવા માટેના ડી.પી.આર ની મંજૂરી ન મળેલ હોવાના કારણે<br><br>)૨ (વ્યક્તિગત લાભાર્થીઓવાળી યોજનામાં અમુક ઘટકો તળે લાભાર્થીઓ ન મળવાથી.<br><br>)૩ (ભારત સરકારશ્રીની PMMSY યોજના હેઠળ ભારત સરકારશ્રીની ગ્રાન્ટ ન મળવાથી . |

--------------------------------

**ગ્રામ વિકાસ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

**15/4/268 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** **જવાબ**

માઘ ૧૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**(૧)** ગ્રામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

**(૧)** ગ્રામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર નીચેની વિગતે બજેટમાં રકમની જોગવાઇ કરવામાં આવેલ હતી.

| **કરવામાં આવેલ જોગવાઈ રકમ (રૂ.લાખમાં)** | |
|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩** |
| ૩૫૦૯૬૦.૫૯ | ૩૦૨૦૯૦.૨૦ |

**(૨)** તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**(૨)** તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચેની વિગતે રકમ ફાળવવામાં આવી હતી,

| **જોગવાઇ પૈકી ફાળવવામાં આવેલ રકમ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩** | **નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ)** |
| ૨૪૭૧૦૧.૨૧ | ૩૧૩૬૫૪.૩૯ | ૨૨૭૩૫૪.૭૨ |

**(૩)** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

**(૩)** ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચેની વિગતે રકમ વપરાઇ અને વણવપરાયેલ રહેલ હતી.

| **વપરાયેલ રકમ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|
| **નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨** | **નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩** | **નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ)** |
| ૨૪૬૮૧૯.૯૭ | ૩૧૩૩૦૧.૨૩ | ૨૨૩૨૭૬.૩૮ |

| **વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|
| ૨૮૧.૨૪ | ૩૫૩.૧૬ | ૪૦૭૮.૩૪ |
| ઉક્ત રૂ.૨૮૧.૨૪ લાખ પગાર ભથ્થાની ગ્રાન્ટ હોવાથી તથા જગ્યાઓ ભરાયેલ ન હોવાથી વર્ષ-૨૦૨૧-૨૨માં ગ્રાન્ટ વણ વપરાયેલ હતી. | ઉક્ત રૂ.૩૫૩.૧૬ લાખ પગાર ભથ્થાની ગ્રાન્ટ હોવાથી તથા જગ્યાઓ ભરાયેલ ન હોવાથી વર્ષ-૨૦૨૨-૨૩ માં ગ્રાન્ટ વણવપરાયેલ હતી. | નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ચાલુ વર્ષે ડીસેમ્બર માસમાં ગ્રાન્ટ આવેલ હોવાથી ગ્રાન્ટ ફાળવવાની પ્રક્રિયા બાકી હોવાથી વણવપરાયેલ છે. |

**ખાનગી સ્કુલમાં ફી નિયમન**

15/4/103 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| **(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખાનગી સ્કુલોની ફી નિયમીત કરતી અમદાવાદની ફી નિયમન સમિતિ કટ ઓફ ફી નું સ્લેબ વધારવા સંચાલકો જ પ્રયત્ન કરે છે તે હકીકત સાચી છે કે કેમ, અને | **(૧)** હા |
| **(૨)** જો હા તો, ઉકત સ્થિતિએ સરકારે આ અંગે શું કાર્યવાહી કરી છે? | **(૨)** સરકારશ્રીએ સમિતિની રચના કરેલ છે. કાર્યવાહી ચાલુ છે. |

અમદાવાદ જિલ્લામાં ગુણોત્સવ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મુલ્યાંકન.

15/4/401 **શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ** (સાબરમતી): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

પ્રશ્ન જવાબ

## તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ગુણોત્સવ અંતર્ગત અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મુલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૧)

| જિલ્લો | ક્રમ | શૈક્ષણિક વર્ષ | મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ | મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૧ | ૨૦૨૧-૨૦૨૨ | ૧૧૪૧ | ૧૧૪૧ |
| | ૨ | ૨૦૨૨-૨૦૨૩ | ૧૧૪૭ | ૧૧૪૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવ્યા ?

(૨) બે વર્ષમાં સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ પગલા :-

૧. મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ ૨.૦ અંતર્ગત રીપોર્ટકાર્ડ આપવા આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો તેમજ સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ તેમજ ટકા પણ દર્શાવવામાં આવે છે.

૨. અમદાવાદ જિલ્લામાં રેડ અને બ્લેક કેટેગરીમાં આવેલ શાળાઓ (નીચું પરિણામ મેળવનાર શાળાઓ)ના શિક્ષકો અને આચાર્યો માટે કુલ ૨૫ તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૨૦૯ આચાર્યો અને ૭૪૧ શિક્ષકોને ગ્રેડ સુધારાણા માટેની તાલીમ આપવામાં આવેલ. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના વ્યાખ્યાતાઓ દ્વારા શાળાઓનું હેન્ડ હોલ્ડિંગ કરી શાળાઓને માર્ગદર્શિત કરવામાં આવે છે. વ્યાખ્યાતો દ્વારા ગત બે વર્ષમાં ૧૧૩ જેટલી શાળા મુલાકાતો કરી ગુણોત્સવ અંતર્ગત શાળા ગ્રેડ સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

૩. રાજ્ય કક્ષાએથી અમદાવાદ સહિત તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના પ્રાચાર્યશ્રી, બી.આર.સી. કોર્ડીનેટર, સી.આર.સી. કોર્ડીનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રીવ્યુ કરવામાં આવે છે.

૪. ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરીમાં નિયમિતતા માટે મોનીટરીંગ કરવામાં આવે છે તેમજ સુધારાત્મક પગલા માટે શાળાઓને માર્ગદશન આપવામાં આવે છે.

૫. વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રીપોર્ટકાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

### અમદાવાદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા સહાય

15/4/402: શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧ અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, અને | )૧( | ૧૯૫ |
| )૨ ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | )૨( | ૧૩૬ |
| )૩ ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી સહાય ચુકવવામાં આવી ? | )૩( | ૩.૨૭૨.૦૦ લાખ |

---------------------

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

અધ્યક્ષશ્રી : સભાગૃહ સમક્ષ તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ કરવામાં આવેલો પ્રસ્તાવ અને તેના ઉપરના સુધારા ઉપરની ચર્ચા હવે આગળ ચાલશે.

રાજ્યપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે જેને અનુમોદન આપ્યું છે તે નીચે મુજબ છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ જે સંબોધન કર્યું છે તેના માટે આ ગૃહના સિનિયર સભ્ય માનનીય નરેશભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે જે અનુમોદન આપ્યું છે તેને હું પણ મારું સમર્થન આપું છું. ગુજરાત મૉડલને વર્ષ ૨૦૧૪ પછી દેશના મૉડલ તરીકે પ્રસ્થાપિત કરનાર આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રીના આશીર્વાદથી આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રીએ વિકાસના ફળ ગુજરાતની ધરતી ઉપર ઉતારવાનું જે કામ કર્યું છે તેનું પ્રતિબિંબ મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં દેખાય છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૧૪ પછી દિલ્હી જઇને આખા દેશની માંગણી સંતોષવાનું કામ કર્યું છે. જે લોકોને પોતાનું આવાસ નથી તે લોકોને પોતાનું ઘર અપાવવા તા.૨૦/૧૧/૨૦૧૬થી આ યોજનાની શરૂઆત સમગ્ર દેશમાં કરી છે. અત્યાર સુધીમાં વર્ષ ૨૦૧૬-૧૭થી વર્ષ ૨૦૨૨-૨૩ સુધી લગભગ પાંચ લાખ જેટલા મકાનો આ દેશની સાથે આપણા રાજ્યમાં પણ પ્રાપ્ત થયા છે. આપણા પ્રધાનમંત્રીશ્રીએ ગરીબ લોકો વતી કામ કર્યું છે તે માટે આપણે તેમને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. તે જ રીતે મનરેગા યોજનામાં પણ કામ થયું છે અને તેમાં પણ ૧૦૦ દિવસની ગૅરંટી પણ આપવામાં આવી છે અને લગભગ તેનું મહેનતાણું પણ વધારવામાં આવ્યું છે. ''સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ''ના મોદી સાહેબના મંત્રના અનુસંધાનમાં આપણા ગુજરાતનું જે મૉડલ પ્રખ્યાત થયું છે તે કામોનું પ્રતિબિંબ પણ આ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આપણને પ્રતિબિંબિત થાય છે. ''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત આપણા રાજ્યમાં વર્ષ ૨૦૨૪ સુધીમાં કોઇ પણ ઘર શૌચાલય વગરનું ન રહી જાય તે માટે મુખ્યમંત્રીશ્રીએ કટિબદ્ધતા વ્યક્ત કરી છે તેનું પણ પ્રતિબિંબ આ પ્રવચનમાં નજરે પડે છે. એ જ રીતે જે ગોબરધન વેસ્ટ જાય છે એના માટે બાયોગેસ પ્લાન્ટનો કાર્યક્રમ આપણી ભારત સરકાર અને ગુજરાત સરકારના સહિયારા પુરુષાર્થથી બનાવવામાં આવ્યો છે. આપણા માનનીય અધ્યક્ષશ્રીએ પણ એમની ડેરીમાં આ પ્લાન્ટ બનાવ્યો છે. સી.એન.જી. સુધીનું ઉત્પાદન આ પ્લાન્ટમાં કરવામાં આવ્યું છે. આવા પ્રોજેક્ટોના કારણે જે વેસ્ટ જતી વસ્તુઓ છે એમાંથી ઉત્પાદન તરફ વળવાનો પ્રયાસ આપણી સરકારે કર્યો છે. એ જ રીતે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા કાર્યક્રમમાં પણ આપણી સરકારે ઘણું બધું કામ કર્યું છે. આપણી યોજનાઓનું પ્રતિબિંબ આ કાર્યક્રમમાં પડે છે. બીજો એક 'સ્વચ્છતા હી સેવા' નો કાર્યક્રમ છે. માનનીય શ્રી મોદીસાહેબે આખા દેશમાં આ કાર્યક્રમ શરૂ કરીને આખા વિશ્વમાં સ્વચ્છતાનો સંદેશો આપ્યો છે. દેશના વડાપ્રધાનશ્રીએ હાથમાં ઝાડું પકડીને આખી દુનિયાને સ્વચ્છતાનો સંદેશો આપ્યો અને આખી દુનિયાએ આ સંદેશાના વખાણ કર્યા. આ કાર્યક્રમના કારણે આખા દેશમાં ઠેર-ઠેર નગરોમાં અને ગામડાઓમાં સ્વચ્છતાની ઝુંબેશો ચાલી હતી. હમણાં જ આપણે જોયું કે, ૨૨મી જાન્યુઆરીએ આપણા વડાપ્રધાનશ્રીએ રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરી. આ પ્રતિષ્ઠા અગાઉ પણ મંદિરો, શાળાઓ, શૌચાલયો જેવા સ્થળોએ આપણા ધારાસભ્યશ્રીઓએ અને સાંસદશ્રીઓએ જાતે જઇને સ્વચ્છતા કરી હતી. આનો પણ આમજનતામાં ઘણો પડઘો પડ્યો છે. અમે પણ અમારી હિંમતનગર નગરપાલિકા દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના સંદેશાના અનુરુપ હિંમતનગર શહેરના રોડ-બિલ્ડિંગના એ ગ્રેડના કોન્ટ્રોક્ટરોના સહયોગથી આખા હિંમતનગર શહેરમાં એક અઠવાડિયા સુધી સ્વચ્છતાની ઝુંબેશ ચલાવીને આખા શહેરને સ્વચ્છ કર્યું હતું. અમે ગામડાઓ સુધી આ સ્વચ્છતાનો સંદેશો પહોંચાડ્યો હતો. માનનીય વડાપ્રધાનશ્રીએ આ કાર્યક્રમ ગાંધી જયંતિથી શરૂ કર્યો હતો. તા. ૧૫/૦૯/૨૦૨૩થી તા. ૧૫/૧૦/૨૦૨૩ સુધી આ કાર્યક્રમ આપ્યો હતો. આ કાર્યક્રમની સફળતાને જોતાં આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રીએ બે મહિનાનું વિશેષ એક્ષટેન્શન પણ આપ્યું હતું. રોગોનું મૂળ આમાં છે એટલા માટે સ્વચ્છતા હી સેવાનો કાર્યક્રમ આપ્યો હતો.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા કરવા માટે ઊભો થયો છું. માનનીય સભ્યશ્રી, શ્રી નરેશભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો અને શ્રી કેશાજી ચૌહાણે ટેકો આપ્યો એમાં હું મારો સુર પુરાવું છું. આદિજાતિ વિસ્તારના દરેક ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ લઇને ડબલ એન્જિન સરકારની ગૅરંટીવાળી ગાડી આવી ત્યારે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાની વિસ્તારથી માહિતી પૂરી પાડવા, લોકોને જાગૃત કરવા, યોજનાની માહિતી ઘરઆંગણે પોતાના ગામ સુધી મળે એ માટે આ યાત્રા જે ગામમાં જાય એ ગામના લોકો ઢોલ, વાજા, શરણાઇ સાથે એમનું સ્વાગત કરતાં અને આ યાત્રાનો શુભારંભ શરૂ થાય ત્યારે લાભાર્થી અથવા ગામના આગેવાનો, ભાઇઓ, વડીલો બધા સાથે મળીને લાભાર્થીને મંચ પર બોલાવીને સરકારની યોજનાનો લાભ આપવા માટે આ સંકલ્પ યાત્રાનો જે હેતુ છે

તે માટે રાજ્ય સરકારની તમામ યોજનાઓનો જ્યારે લાભાર્થીને બોલાવીને લાભ આપવામાં આવે છે ત્યારે લાભાર્થી ખુશ થઇ જાય છે અને કહે છે કે, અગાઉની સરકારોમાં આવી કોઇ યોજનાનો લાભ મળ્યો ન હતો. પ્રધાનમંત્રી આવાસ યોજના હોય, ખેડૂતોના ઓજાર હોય કે યુવા, મહિલા, ખેડૂતો અને ગરીબો માટે દરેક ક્ષેત્રે આ સરકારે મહત્ત્વની કામગીરી કરી છે. વિકસિત ભારત યાત્રા ૨૦૪૭ની સંકલ્પ યાત્રા અંતર્ગત આ વિસ્તારોમાં માતૃશક્તિ શિક્ષણને પોષણ આપવા માટે સરકારશ્રીએ કામગીરી કરી છે. આદિજાતિ વિસ્તારની વાત કરું તો, આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૪૭૭૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં યોજનાઓ હાથ ધરી, વનબંધુઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે સરકારશ્રી કાર્યરત છે. વ્યકિતલક્ષી યોજનાઓ થકી આદિજાતિ વિસ્તારમાં આંતરમાળખાકીય સગવડો ઊભી થાય તે માટે સરકારશ્રીએ પ્રયત્ન કર્યો છે. શિક્ષણ અને આર્થિક વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિજાતિ વિસ્તારમાં આરોગ્ય અને શિક્ષણ અંગે લાભ આપવામાં આવે છે. આદિજાતિ વિસ્તારમાં જ્યારે શિક્ષણ નબળુ હતું ત્યારે કોઇને ખબર ન હતી અને તે વખતે ઘણી ગંભીર પરિસ્થિતિ હતી. આદિજાતિ વિસ્તારમાં અભ્યાસ કરવા તેમજ જમવા માટેની સગવડો ન હતી પણ જ્યારથી આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી  છેવાડાના વિસ્તારમાં એ વખતે જ્યાં પ્રાથમિક શાળાના ઓરડા ન હતા ત્યારે આજે દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાના ૨૦૦૦ જેટલા ઓરડાઓની કામગીરી થઇ રહી છે અને વહેલી તકે પરિપૂર્ણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી બાળકોના અભ્યાસ, જમવા  અને બેસવા માટેની સગવડ આ સરકારશ્રી દ્વારા પૂરી પાડવામાં આવી છે તેમજ સ્માર્ટકલાસ અને કમ્પ્યુટરની સુવિધા પણ અર્પણ કરવામાં આવેલ છે. પહેલા પોતાના બાળકના અભ્યાસ માટે વાલીઓ ખૂબ ચિંતા કરતા હતા કે મારો દીકરો ભણી-ગણીને આગળ વધશે, દીકરાને એન્જિનિયર કે ડૉકટર બનાવવાની વાલીઓની ખૂબ ઇચ્છાઓ થતી હતી પરંતુ તે વખતની સરકારમાં ઇચ્છાઓ નિષ્ફળ જતી હતી. આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે દાહોદ જિલ્લાના ગરીબ વિસ્તારોની ચિંતા કરી છે. તે વખતે જમીન વેચીને બાળકને અભ્યાસ કરાવતા હતા પરંતુ આજે જમીન વેચવી પડતી નથી. આજે બાળકને અભ્યાસ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યુવૃત્તિ થકી મેડિકલ હોય, એન્જિનિયર હોય એ તમામ ક્ષેત્રે એમના ખાતામાં શિષ્યવૃત્તિની પૂરેપૂરી રકમ જમા કરવાનું સરકારશ્રીએ બીડું ઉપાડ્યું છે. હું પણ દાહોદ જિલ્લાના છેવાડાના વિસ્તારમાંથી આવું છું. રાજસ્થાનની બોર્ડર હોય કે મધ્યપ્રદેશની બોર્ડરના તમામ આદિવાસી ગામોના વિસ્તારોમાં ગરીબ માણસોને બોર્ડરનો લાભ મળતો હોય છે. બોર્ડર વિલેજમાં આવતા ગામે-ગામ અને પરગામને જોડતાં રસ્તાઓ, દવાખાના કેન્દ્ર સુધી જોડતા રસ્તાઓ, પ્રાથમિક શાળા કે આ ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓ અને નદીઓના પુલ વિગેરે વન બંધુ કલ્યાણ યોજનામાંથી મંજૂર કરવામાં આવ્યા છે. બોર્ડર વિલેજમાં ગરીબ અને વિધવા બહેનો તથા બી.પી.એલ લાભાર્થીઓને ગાયો અને ભેંસોનો લાભ આપવામાં આવે છે. બોર્ડર વિલેજમાં આ પ્રકારના કામો કરવામાં આવે છે. સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાઓના બાંધકામ માટે રૂ.૨૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારોમાં ગરીબ બાળકો માટે દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારોમાં ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતા અંદાજે ૧૩,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવે છે. જે તે વખતે વિદ્યાર્થીઓ માટે ગણવેશની સગવડતા ન હતી પણ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ્યારે આવી સગવડો ઉપલબ્ધ કરવામાં આવેલ છે ત્યારે હું ખૂબ આનંદ અનુભવું છું. હું માનનીય રાજ્યપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરી સમર્થન કરું છું. જય હિન્દ, જય ભારત.

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ વિધાનસભા ગૃહમાં જે પ્રવચન કર્યું તે બદલ આભાર માનતો પ્રસ્તાવ જે માનનીય સભ્યશ્રી નરેશભાઇ લાવ્યા છે, તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર. ગતિશીલ ગુજરાતનું રુડું નામ આપવામાં આવ્યું. કોઇપણ રાજ્યની અંદર કૃષિ, આરોગ્ય, શિક્ષણ, રોજગાર અને ઉદ્યોગ. આ મહત્ત્વના પાયાના ૫ સ્તંભો છે. એ સ્તંભો થકી જ આ રાજ્યનો વિકાસ થતો હોય છે. આ રાજ્યની અંદર છેલ્લાં ઘણાં વર્ષથી એટલે કે ૨૦૦૩થી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ કરવામાં આવે છે. અસંખ્ય રાજ્યના, અસંખ્ય દેશના મહાનુભાવો ગુજરાતની મુલાકાતે આવે છે. એની આંકડાકીય માહિતી જ્યારે આવે તો એક ચિત્ર એવું ઊભું થાય કે આટલા કરોડો રૂપિયાના રોકાણો થયા હોય તો આટલા કરોડો રૂપિયાના રોકાણો પછી લોકોને રોજગારી મળી જશે. કોઇ બેકાર નહીં રહે. બીજા રાજ્યના લોકોને રોજગારી માટે અહીં આવવું પડશે. આવું એક ચિત્ર ઊભું થાય. તેમ છતાં શ્રમ વિભાગની વાત આવે ત્યારે, રોજગારીના આંકડાની વાત આવે ત્યારે આ રાજ્યમાં કેટલા શિક્ષિત બેરોજગાર છે, રોજગાર વિભાગ દ્વારા એના આંકડા વિધાનસભા ગૃહમાં રજૂ થતા હોય છે. એમાં જોઇએ તો આજે પણ લાખો લોકો બેરોજગાર છે. સ્વાભાવિક છે કે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ થતી હોય અને મોટા ઉદ્યોગો આવતા હોય, ઉદ્યોગો સ્થપાતા હોય, ત્યારે તેમને સસ્તા ભાવે અને ભાડા પટ્ટે સરકાર જમીન આપે અને અન્ય સુવિધાઓ પણ આપે. જેથી ઉદ્યોગો વધે અને લોકોને રોજગારી મળે. પરંતુ વાઇબ્રન્ટ ગુજરાતના આંકડા આપણે જોઇએ અને રોકાણના આંકડા જોઇએ તો હું માનું છું કે આજુબાજુના રાજ્યોના લોકોને પણ રોજગારી માટે અહીં આવવું પડે એવું એક ચિત્ર ઊભું થાય છે.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જો આ રાજ્ય ગતિશીલ ગુજરાત હોય અને આ રાજયમાં બધા સુખી સંપન્ન રીતે રહેતા હોય તો મારે સરકારને પૂછવું છે કે મહામહિમ રાજયપાલશ્રીએ જે પ્રવચન આ વિધાનસભા ગૃહમાં કર્યું તે પ્રવચનની બુકલેટમાં જે યોજનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં ગતિશીલ અને સુખી ગુજરાતની વાત કરવામાં આવી છે અને જે ચિત્ર ઊભું કરવામાં આવ્યું છે, તો માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની બુકલેટમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના. આજે આપણી રાજયની સવા છ કરોડની વસતિમાં ૬૦ ટકા કરતા પણ વધારે લોકો સરકાર દ્વારા જે વિનામૂલ્યે અનાજ આપવામાં આવે છે તેનો લાભ લે છે. તો સરકાર કયા મોઢે કઇ રીતે કહી શકે કે આ રાજયમાં ગરીબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઘર આપવાની અનેક યોજના છે. એ અનેક યોજનાઓને આધીન સરકાર ઘર આપવાની વાત કરે છે ત્યારે બુકલેટમાં લખ્યું છે કે શ્રમિકોની બસેરા યોજના પણ દાખલ કરવામાં આવશે. ઘર આપવાની વાત અલગ પણ શ્રમિકો જે છે કે જેને કંઇ નથી. એની યોજના લઇને સરકાર જયારે આવતી હોય તો સરકાર કઇ રીતે એમ કહી શકે કે આ ગુજરાત ગતિશીલ ગુજરાત છે. આજે પણ રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ગરીબ કલ્યાણ મેળાઓ કરવામાં આવે છે. ગરીબ કલ્યાણ મેળાઓ એનો મતલબ એ થાય કે એસ.સી. હોય, એસ.ટી. હોય, ઓ.બી.સી. હોય કે અન્ય કોમ્યુનિટી હોય એ કોમ્યુનિટીને આજે પણ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી એને યોજનામાં રાહત આપવામાં આવે છે તો ગરીબ કલ્યાણ મેળાનો મતલબ શું થયો? શ્રમસેતુ પોર્ટલ યોજના, એ યોજના અંતર્ગત આ બુકલેટમાં લખ્યું છે, ૧ કરોડ ૧૪ લાખ અસંગઠિત કામદારો આ રાજયમાં નોંધાયા છે, એટલે એ વાત ઉપરથી આપણે સમજી શકીએ કે ઉદ્યોગોની આપણે વાત કરતા હોઇએ તો આજે શ્રમિક વર્ગ છે, સંગઠિત કામદાર વર્ગ છે એની સંખ્યા આજે આપણે જોઇએ તો ૧ કરોડ અને ૧૪ લાખ કરતા પણ વધારે છે. આ રાજય સરકાર દ્વારા અસંગઠિત કામદારોને ભોજન મળી રહે, સવારે એના ઘેરથી નીકળે તો એને ભોજન મળી રહે, રાજયના ૧૭ જિલ્લાઓમાં ૬૦ લાખ ૨૦ હજાર કરતા પણ વધારે ગરીબ લોકોને આ ભોજનનું વિતરણ કરવામાં આવે છે. આમ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં માનનીય રાજયપાલશ્રીએ આ ગૃહમાં વાત કરી એનાથી એવું સ્પષ્ટ દેખાય છે કે રાજય સરકારના સિક્કાની એક બાજુ હોય અને બીજી બાજુ આ પણ છે અને આના માટે રાજય સરકારે ગંભીરતાથી વિચારવું પડશે. ખાસ કરીને રાજય સરકાર દ્વારા દસ વર્ષનું ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવે છે. એ ભરતી કેલેન્ડરને આધીન સરકારી ભરતીઓ કરવામાં આવે છે. છેલ્લા દસ વર્ષના જયારે આકડા આપણે જોઇશું ત્યારે એમ થશે કે રાજય સરકાર દ્વારા જે ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું એ ભરતી કેલેન્ડરને આધીન પણ સરકારી દફતરોની અંદર, સરકારી વિભાગોની અંદર આજે પણ લોકોને રોજગારી મળતી નથી. ગઇ કાલે માનનીય મુખ્યમંત્રીશ્રી ભગવાન શ્રી રામનો સરકારી સંકલ્પ લઇને આવ્યા, એ સરકારી સંકલ્પને સૌએ સર્વાનુમતે વધાવ્યો, સર્વાનુમતે મંજૂર કર્યો, માનનીય મુખ્યમંત્રીશ્રી તો દાદાના હુલામણા નામે જાણીતા છે. માનનીય નાણામંત્રીશ્રી માટે પણ કોઇ મંત્રીશ્રીએ કહ્યું કે ભામાશાનું એમને બિરૂદ આપવામાં આવ્યું છે. તો સરકાર એ વિચારી ના શકે કે ભગવાન શ્રી રામનો આપણે સંકલ્પ લઇને આવ્યા છીએ તો આપણે એવો કોઇ સંકલ્પ લઇને ના આવીએ કે માનનીય ગર્વનરશ્રીના પ્રવચનની બુકલેટમાં લખ્યું છે કે ગરીબ કલ્યાણ યોજનાઓ, શ્રમિક બસેરાઓ, ગરીબ કલ્યાણ મેળાઓ, શ્રમ સેતુ પોર્ટલ, મફત ભોજન વિતરણ આવી યોજના કરી છે. વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ સીટો આ રાજયની પ્રજાએ આપને આપી છે અને આજે પણ આપનું *(xxx) માટે આપ જે કરી રહ્યા છો, ભરતી મેળો જે ભરી રહ્યા છો..

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતની રાજય સરકાર દ્વારા અને જે રીતે શબ્દ નથી મળતો માનનીય અધ્યક્ષશ્રી, જે પાર્ટીથી એ લોકો ચાલી રહ્યા છે તો શું એવો સંકલ્પ સરકાર ના લાવી શકે કે ૨૭ વર્ષથી અમારી સરકાર છે અને સરકારને આધીન અમે સ્વીકારીએ છીએ કે આજે આ રાજયની અંદર આટલી આટલી પરિસ્થિતિ ગરીબોની છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા જયારે ગરીબો માટે મફત ભોજન વિતરણની યોજના જયારે ચાલુ કરવામાં આવી ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે આ કોંગ્રેસના કારણોસર આ યોજનાને મારે ચાલુ રાખવી પડશે. પરિસ્થિતિ આજે શું થઇ કે, આ યોજના થકી જે સરકાર જો કંઇક છુપાવવા માગતી હોય તો એ આંકડાકીય માહિતી છુપાવવા માગતી હોય તો આ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના આધારે એ નક્કી થઇ જાય કે આ ગુજરાત રાજયની અંદર ૬૦ ટકા કરતા વધુ લોકો આ અનાજનું સેવન કરે છે. ખાસ કરીને પ્રવાસન વિભાગની વાત કરીશ. ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ''. વાકય બહુ રૂડું રૂપાળું છે. રાજ્ય સરકારને અભિનંદન પણ આપું છું કે, પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યના કંઇક એવા અસંખ્ય નાના મોટા મંદિરોમાં સરકારશ્રીએ ગ્રાન્ટ આપીને એનો વિકાસ પણ કર્યો છે. એ આપણા આસ્થાના સ્થાનો છે એ આસ્થાના સ્થાનોને સરકારે ડેવલપ કર્યા છે એ માટે સરકારને અભિનંદન આપું છું. ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'' અને જો આપ પ્રયાસની વાત કરતા હોય તો સરકાર એક નજરે કેમ જુએ છે? આ રાજ્યમાં હિન્દુ ધર્મ માટે જે રાજ્ય સરકાર કરી રહી છે તો જૈન ધર્મ પણ છે, બૌદ્ધ ધર્મ પણ છે, પારસી ધર્મ પણ છે, શીખ ધર્મ પણ છે, મુસલિમ ધર્મ પણ છે તો ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ''માં આ ધર્મને કેમ અલિપ્ત રાખવામાં આવે છે? કયા કારણોસર ગુજરાત સરકાર એવું તો શું

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બતાવવા માગે છે? સૌનો સાથ અને સૌનો પ્રયાસ હોય તો આ લોકોને તમે કેમ સાથે રાખતા નથી? આ લોકોના ધાર્મિક સ્થળ માટે સરકાર દ્વારા કેમ ફાયદો આપવામાં આવતો નથી? છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ. આ રાજ્ય સરકાર પોલીસ વિભાગ દ્વારા નસાબંધી માટેની નીતિ છે એ નીતિને આધીન જે રાજ્ય સરકાર આવનારા દિવસોમાં એન્ટી નાર્કોટીક ટાસ્ક ફોર્સની રચના કરવા જઇ રહી છે એ માટે માનનીય ગૃહમંત્રી નથી તો એમને હું આવકારું છું કે, આવનારા દિવસોની યુવા પેઢી ડ્રગ્સ તરફ જઇ રહી છે એને રોકવાનું આ ભગીરથ કામ યોજના દ્વારા થશે. આજે ગૃહમાં શ્રી નરેશભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં આ રાજ્યમાં આજે વિકાસનું એક પહેલું છે અને બીજી બાજુ ગરીબીનું પણ એક પહેલું છે માટે રાજ્ય સરકાર રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ શ્રી નરેશભાઇ લઇને આવ્યાં છે એને હું ટેકો આપી શકતો નથી.

શ્રી જે. વી. કાકડીયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં મને માનનીય રાજ્યપાલશ્રીના સંબોધનની ચર્ચામાં ભાગ લેવા માટેની તક મળી છે ત્યારે હું ગૃહનો હાર્દિક આભાર માનીને મારી વાત ગૃહ સમક્ષ મૂકું છું. આજે માનનીય રાજ્યપાલશ્રીના સંબોધનની ચર્ચામાં મત્સ્ય ઉદ્યોગ વિષય પર જ્યારે બોલવાનું થયું છે ત્યારે ગુજરાતને ૧૬૦૦ કિલોમિટર જેટલો લાંબો દરિયા કિનારો મળ્યો છે અને આ દરિયા કિનારા ઉપર ૧૬૦ જેટલા નોટિફાઇડ થયેલ મત્સ્ય બંદર તથા મત્સ્ય ઉતરાણ કેન્દ્રો આવેલા છે જ્યાં માછીમારી પ્રવૃત્તિ માટે ૩૭,૯૬૫ જેટલી બોટો નોંધાયેલી છે. આપણે ત્યાં બારમાસી મત્સ્ય ઉદ્યોગ વિકસાવવાની પ્રવૃત્તિ હાથ ધરવા યુરોપિયન યુનિયનના નોર્મ્સ મુજબની લેન્ડિંગ - બર્ફિંગ ફેસેલિટી તથા ઓકશન હોલ અને મત્સ્ય પકડાયેલ જથ્થાને આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. મત્સ્ય ઉદ્યોગના વિકાસ માટે ગુજરાત સરકારે કેટલાક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના વિકાસ માટે મહત્ત્વની જોગવાઇ કરી છે જેમાં વેરાવળ મત્સ્ય ઉદ્યોગ બંદરને અપગ્રેડ ૧,૭૦૧ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે. પોરબંદર મત્સ્ય ઉદ્યોગ બંદરને અપગ્રેડ રૂ.૧,૧૩૩ કરોડ ૩૦ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે. સલાયા મત્સ્ય ઉદ્યોગ ઉતરાણ કેન્દ્ર અપગ્રેડ કરવા રૂ.૩૭૩ લાખના ખર્ચે કરવામાં આવ્યું છે. આ રીતે સચાણા, મિયાણા અને નવા બંદર મત્સ્ય ઉતરાણ કેન્દ્ર અપગ્રેડ કરવા અનુક્રમે ૩૪૧ લાખ, ૭૮.૯૭ લાખ અને રૂ.૧૧૫ લાખના ખર્ચે અપગ્રેડ કરવામાં આવ્યું છે જેનો સીધો લાભ ગુજરાતના હજારો માછીમારોને મળી રહ્યો છે. મત્સ્ય ઉદ્યોગ બંદર લાઇટિંગ ફેસિલિટી પૂરી પાડવા સરકાર દ્વારા કુલ રૂ.૧,૭૬૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ભાંભરા પાણીમાં મત્સ્ય ઉદ્યોગનો વિકાસ કરવા માટે એફ.એસ.એલ. ૫-૧૦૨/૧.૦૨ સ્કીમ અંતર્ગત મહત્ત્વપૂર્ણ જન હિતલક્ષી યોજના પણ સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવે છે. રાજ્યમાં ઉપલબ્ધ ખાર લેન્ડ પૈકીનું કુલ ૮,૧૧૯ હેકટર જમીન ફાળવીને સરકારશ્રી દ્વારા લાભાર્થીઓને ફાળવીને લાભ આપવામાં આવ્યો છે. ડીઝલ, કેરોસીન અને વેટ સહાય જૂથ વીમા યોજનાનો લાભ પણ મત્સ્ય ઉદ્યોગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોને રાજય આપી રહી છે. જે માટે ૨૦ મીટરથી ઓછી લંબાઇની યાત્રિક હોડી માટે પ્રતિ લિટર ૧૫ રૂપિયા ડીઝલ વેટ સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૨૦ વર્ષ પહેલા (અંતરાય) કાંઇ વાંધો નહીં, બોલોમાં હવે ૧૫ જણા રહ્યા છો વયા આવો અમારી ભેગા અને મોદીસાહેબની વિકાસ યાત્રામાં સહભાગી બનો. શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની વિકાસ યાત્રા ચાલે છે એના સહભાગી બનો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, શ્રી વિમલભાઇ, એમને બોલવા દો. તમે શાંતિ રાખો.

શ્રી જે. વી. કાકડીયા : માછીમારી માટે દરિયાઇ સાધનો ખરીદવા માટે પણ સહાય આપવામાં આવે છે. છેલ્લા ૨૦ વર્ષથી ૩,૦૦,૦૦૦ કરતા વધુ લાભાર્થીઓને ૩૯૧ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આ બધી યોજનાને કારણે માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલા જે પરિવારો છે એમના આર્થિક અને સામાજિક ધોરણમાં બહુ મોટો હકારાત્મક બદલાવ આવેલો જોવા મળે છે. માછીમારોના હિતમાં અને સુરક્ષાના ધોરણો જાળવવા સરકારશ્રી દ્વારા ઓનલાઇન ડીઝલ અને બોટ ટોકન પ્રેસ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. જેનાથી એક જ કલીક કરીએ અને બોટ અને ખલાસીઓની વિગતો મળી શકે છે. જેનાથી આપણી દરિયાઇ સુરક્ષા પણ મજબૂત બને છે. આમ મત્સ્ય ઉદ્યોગક્ષેત્રે ઉપકારક પગલાં ભરીને આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો રાજય અને ભારત સરકારમાં કામ કરી રહ્યા છે એટલે હું મોદીસાહેબ અને એના વડપણ હેઠળની ભારત સરકારને અભિનંદન પાઠવું છું અને સાથે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારને પણ ખૂબ અભિનંદન આપું છું. છેલ્લા ૨ વર્ષથી જળાશયો અને તળાવોની ટેન્ડર પ્રક્રિયા ઓનલાઇન કરી ઇજારો આપવાની પદ્ધતિ પારદર્શક કરવામાં આવી છે. વળી મત્સ્ય ઉદ્યોગ ખેડૂતોને કે.સી.સી. ધિરાણ આપવાની પણ વ્યવસ્થા સરકારશ્રીએ ગોઠવી છે. આ પ્રકારની પારદર્શક નીતિ આ સરકારે બનાવી છે ત્યારે રાજયપાલશ્રીના ગૃહ અને સંવર્ધન જે થયું છે એમાં આપણે સૌ માર્ગદર્શક છે જેથી હું આ સંબોધનને રાજયની પ્રજાવતી આવકારું છું અને મારું સમર્થન આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મને રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં ભાગ લેવાનો અવસર મળ્યો છે ત્યારે હું આ સન્માનનીય ગૃહનો હાર્દિક આભાર માની મારી વાતને ગૃહમાં મૂકું છું. માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં ગૌ સંવર્ધનના વિષય ઉપર જયારે મારે બોલવાનું છે ત્યારે આપણે બધા જાણીએ છીએ કે આપણે ઋષિકાળ દરમિયાનથી ગાયને માતા માનતા આવ્યા છીએ અને ઋષિકાળ દરમિયાન ગાયને ધન તરીકે

માનવામાં આવતું હતું. ગાયને માતા માનવા પાછળ એવું છે કે ગાયને એટલા માટે માતા માનવામાં આવે છે કે માત્ર મનુષ્ય જે હોય છે એની અંદર ૯ મહિનામાં બાળકને જન્મ આપે છે. ગાય એક જ એવું પશુધન છે જે ૯ મહિને જન્મ આપે છે એટલા માટે આપણે ગાયને માતા માનીએ છીએ. ગુજરાતની અંદર લગભગ ૯૬ લાખ જેવું ગાયનું પશુધન નોંધાયેલું છે અને હમણા હમણા જયારે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના પ્રયાસની વાત થઇ ત્યારે અમારા સન્માનનીય સભ્યશ્રીએ વાત કરી કે માત્ર સૌનો સાથ અને સૌનો વિકાસ નથી થયો ત્યારે મારે પણ એની અંદર વાત કરવી છે કે ગુજરાતની અંદર બૌદ્ધ સરકીટ પણ બનાવવામાં આવ્યું છે. રીવર ફ્રન્ટ ઉપર પણ બુદ્ધ ભગવાનની મૂર્તિ સરસ મૂકવામાં આવી છે. તારંગાની અંદર જૈન તિર્થ પણ બનાવવામાં આવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ તેમ હજયાત્રા જયારે કરવાની થાય છે ત્યારે પહેલાના સમયની અંદર માત્ર હજયાત્રા જે કરતા હોય એને જ સબસિડી આપવામાં આવતી હતી. હિન્દુ ધર્મ માટે સબસિડી કે કોઇપણ તિર્થસ્થાને જવું હોય તો એના માટે કંઇ હતું નહીં. જયારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર શ્રવણ તિર્થ યોજના થકી જેમને મંદિર જવું હોય એમના માટે યોજના બનાવવામાં આવી છે. સૌના સાથ, સૌના વિકાસની પણ વાત થઇ છે. હજયાત્રાની પણ વાત કરીએ તો એમના સમય દરમિયાન જે હજયાત્રાળુ હતા એના કરતા પણ અત્યારે હજયાત્રાળુની અંદર ઘણો વધારો થયો છે. ગાય આપણી માતા છે. આપણે બધા જાણીએ તેમ તેનું દૂધ ખૂબ જ પૌષ્ટિક હોય છે. ઘણાબધા રોગો મટાડવા ગીર ગાય અને કાંકરેજ ગાયનું દૂધ ખૂબ જ ઉપયોગી છે, ગુણકારી છે. તે દૂધ પીવાથી ઘણા રોગ મટાડી શકીએ છીએ. કહેવાયું છે કે, ગાયનો ઓરા ખૂબ જ મોટો હોય છે અને તેની આજુબાજુમાં રહેવાનું ચાલુ કરીએ તો નાના મોટા રોગ મટી જતા હોય છે. વર્ષ ૨૦૧૩ની અંદર ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવી. આપણે બધા જાણીએ છીએ તેમ ગીર અને કાંકરેજ ગાયની અસલ ઓલાદ હતી તે ઘટાડાને રોકવા માટે અને નવી ઓલાદોનું જતન અને વૃદ્ધિ થાય તેના માટે આ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યની અંદર લગભગ ૧૬૮૯ જેટલી ગૌશાળાઓ છે, ૨૨૩ જેટલી પાંજળાપોળ છે. ટોટલ ૧૯૧૨ જેટલી સંસ્થાઓ ગૌસેવા અને ગૌ સંવર્ધનની પ્રવૃત્તિ કરી રહી છે. ગયા વર્ષે સરકાર દ્વારા ૫૦૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. આ વર્ષે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ પશુદીઠ રોજના ૩૦ રૂપિયા આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ની અંદર લગભગ ૧૨૦૮ જેટલી સંસ્થાઓને ૧૪૮ કરોડ રૂપિયાથી વધારે સહાય આપવામાં આવી છે. આપણે બધા જાણીએ છીએ અને સોશિયલ મીડિયાનો બધા ઉપયોગ કરતા હોય છે. આપણે હમણાં જોયું હશે કે, આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દક્ષિણ ભારતના પ્રવાસે હતા ત્યારે તેઓ પણ સ્થાનિક ગાયની નસલને ઘાસચારો ખવડાવી રહ્યા હતા. તેમણે આ રીતે રાજ્યને પ્રેરિત કર્યું છે ત્યારે હું શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન પાઠવું છું. ગાય માટે આ સરકાર ખૂબ જ ચિંતા કરતી હોય છે. સરકાર ગાય માટે, દૂધાળા પશુઓ માટે ઘણી બધી યોજનાઓ ઉપર કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત સાહેબ ગીર ગાય અને કાંકરેજ ગાય હોય તેની અંદરથી જીવામૃત બનાવી રહ્યા છે. તે જીવામૃત બનાવવાની અંદર ૧૮૦ લિટર પાણી, ૧૦ લિટર ગૌમૂત્ર હોય, ૧૦ કિલોગ્રામ ગાયનું છાણ હોય, ૨ કિલોગ્રામ ચણાનો લોટ, ૨ કિલોગ્રામ ગોળ, એક મુઠ્ઠી જૂના લીમડાની નીચેથી લીધેલી માટી લેવામાં આવે છે. જીવામૃત જયારે ખેતરની અંદર નાખવામાં આવે તો ખૂબ જ ફાયદો થાય છે. પ્રાકૃતિક કૃષિની અંદર ઘણાબધા ખેડૂતો જોડાઇ રહ્યા છે. હમણાં અમારા સાણંદની અંદર આવો પ્રાકૃતિક કૃષિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યારે મારા વિધાનસભા વિસ્તારની અંદર લગભગ ૨૫૦૦ જેટલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. પેસ્ટીસાઇડ ખાઇને ઘણા લોકો બીમાર થઇ રહ્યા છે. ત્યારે ગાય આધારિત ખેતી કરીને લોકો રોગમુક્ત થઇ રહ્યા છે. લોકો ગાય આધારિત ખેતી કરે તેના માટે હું પણ આ ગૃહના માધ્યમથી વિનંતી કરું છું. છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ. ગાયમાતા માટે કહું તો, ''દૂધ તુમ્હારા અમૃત જેસા, મૂરત તુમ્હારી મમતા જેસી, ગવ્ય તુમ્હારા ભવ્ય બનાતા, ધરતી તુમસે સુખદસી, બલાયે ટાલ સગુન બનાતી, તુમ કાન્હા કી દુલારસી''. જય શ્રીરામ, જય ગૌમાતા.

શ્રી કિરીટકુમાર કે. પટેલ(ઉંઝા):માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ સભ્યશ્રી નરેશભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને સભ્યશ્રી કેશાજી ચૌહાણે જેને ટેકો આપ્યો છે તે પ્રસ્તાવને હું સમર્થન આપું છું. ગતવર્ષ દરમ્યાન રાજ્યના પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે થયેલ કામગીરી પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના લોકપ્રિય અને ગૌરવશાળી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ચાલતી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા ચાલીસ જેટલા વર્ષ બાદ દેશમાં અંગ્રેજોના વખતથી ફક્ત કારકુનના નિર્માણના ઉદ્દેશથી ચાલતી શિક્ષણ નીતિની વિસ્તૃત સમીક્ષા કરી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની જાહેરાત કરી. જેને સમગ્ર દેશના શિક્ષણવિદો, ચિંતકો, બૌદ્ધિકો, શિક્ષણ જગતના લોકો અને આમજનતા દ્વારા અભૂતપૂર્વ આવકાર મળ્યો છે. સમગ્ર દેશવાસીઓને આના ઉપરથી ભારતના ઝડપી વિકાસની આશા બંધાઇ છે. આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ગુજરાત રાજ્યમાં જૂન-૨૦૨૩થી અમલ શરૂ કરવામાં આવ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાનો ફરજિયાત અને સાર્વત્રિક અમલ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં પાંચ વર્ષથી વધુ અને છ વર્ષથી નીચેના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. દેશભરમાં ગુજરાત રાજય બાલવાટીકા શરૂ કરનારું સૌ પ્રથમ રાજય બન્યું છે જે આપણા સૌ માટે આનંદ અને ગૌરવની વાત છે જે અંતર્ગત રાજ્યમાં વર્ષ દરમ્યાન ૫ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી પ્રાથમિક શાળામાં ગણીત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા

વિષયોના ઉચ્ચ અભ્યાસ કરેલા લાયક શિક્ષકો મળી રહે તે માટે વિદ્યા સહાયકોની નિમણૂકની લાયકાતમાં સુધારો કરી એન્જિનિયરિંગ, ફાર્મશી, એમ.સી.એ. કે બી.બી.એ.ની લાયકાત ધરાવતા ઉમેદવારોને પણ વિદ્યા સહાયકોની નિમણૂક માટે લાયક ગણવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલ ઓફ એક્સલન્ટ અંતર્ગત પ્રાથમિક શાળામાં જ્ઞાન સહાયકની નિમણૂક કરવાનું ચાલુ કરવામાં આવ્યું છે જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૯,૬૦૦થી પણ વધુ જ્ઞાન સહાયક શિક્ષકોની નિમણૂક આપવાનું કાર્ય પૂર્ણ કરેલ છે અને બાકીની જગ્યા ભરવાનું કામ તબક્કાવાર પ્રગતિમાં છે. રાજયમાં સરકારી શાળાઓમાં મધ્યમ વર્ગના હોંશિયાર વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે પ્રોત્સાહન મળી રહે એ હેતુથી મુખ્ય મંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશિપ યોજના સરકારે ચાલુ કરેલ છે જે અંતર્ગત સરકારી તેમજ અનુદાનીત બિન સરકારી શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ ૬થી ૮નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂપિયા ૫ હજાર, ધોરણ ૯થી ૧૦નો અભ્યાસ કરવા માટે રૂપિયા ૬ હજાર અને ધોરણ ૧૧-૧૨માં અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂપિયા ૭ હજારની સ્કોલરશિપ ચૂકવવામાં આવનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે રાજય સરકાર દ્વારા સામાજિક ભાગીદારીથી રાજયમાં રક્ષાશક્તિ સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે જે પૈકી ૫ રક્ષાશક્તિ સ્કૂલો ચાલુ શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવી છે જેમાં ગુજરાત રાજયની સરકારી તેમજ અનુદાન મેળવતી ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ માટે રાજય સ્તરની કોમન એન્ટરન્સ ટેસ્ટ દ્વારા મેરીટના ધોરણે ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ પાસેથી કોઇ ફી લેવામાં આવતી નથી એટલે કે નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવે છે જેના દ્વારા શિસ્તબદ્ધ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરીત યુવા પેઢીનું નિર્માણ થશે જે ભારત દેશને વિકાસના ઉંચ્ચ શિખર પર લઇ જવા માટે સમર્થ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર શૈક્ષણિક ગુણવત્તા સુધારવા પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના મિશન નિપુણ ભારત અંતર્ગત બાલવાટીકા અને ધોરણ-૧,૨ના વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિ આધારીત શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જે માટે રાજય સરકાર દ્વારા વિદ્યાર્થી પ્રવૃત્તિ પોથી ગણીત અને ગુજરાતી ભાષા માટે સ્વઅધ્યયન પોથી તેમજ સ્વતંત્ર સર્જનનો મહાવરો વધે તે માટે ચિત્ર પોથી અને લેખન બૂક પણ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ૨૦૦૦ જેટલી સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણીત અને વિજ્ઞાન વિષયના પ્રાયોગિક કાર્ય માટે સ્ટેમલેબ શરૂ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા શાળામાં શૈક્ષણિક અને સહ અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટે શાળા સિદ્ધિ યુથ અને ઇકો-ક્લબ ગણીત, વિજ્ઞાન ક્લબ, એક ભારત શ્રેષ્ઠ ભારત, એકમ કસોટી, ટ્યુનિંગ ઓફ સ્કૂલ, ફીટ ઈન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન, શાળા સલામતી અને સુરક્ષા જેવા કાર્યક્રમોની અમલવારી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વિદ્યાર્થી, વાલી અને સમાજમાં વિવિધ કલાઓનું મહત્ત્વ વધે અને તેને ઉત્તેજન મળે તે માટે એનસીઆરટીની ગાઇડ લાઇન મુજબ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ જેવી કે કંઠ્ય સંગીત, વાદ્ય સંગીત, નૃત્ય, વિઝયુઅલ આર્ટ, સ્થાનિક રમકડાં બનાવવા, સ્થાનિક રમતો શીખવવી, એકપાત્રીય નાટ્ય અભિનયની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ છે જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી કલા પ્રતિભાને ઓળખી, તેને પ્રોત્સાહિત કરી સમાજમાં કલાનું મહત્ત્વ વધારવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા મિશન સ્કૂલ ઓફ એકસલન્શ અંતર્ગત રાજયની ૫૩,૪૨૭ પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને બાકીની ૪૩,૭૫૦ જેટલી શાળાઓમાં જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસ વિકસાવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. રાજયની ૬૦૩૭ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબનો વિકાસ કરવામાં આવ્યો છે અને વધુ ૧૫ હજાર કોમ્પ્યુટર લેબ વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. તદઉપરાંત રાજયની ૩૦,૫૦૦થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, રાજય સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓથી અને સકારાત્મક અભિગમથી રાજયમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે લોક સહયોગ અને લોક ભાગીદારીના કારણે નામાંકન વધારવા અને ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો કરવા નોંધપાત્ર સફળતા મળેલ છે. માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર નરેશભાઇ પટેલ જયારે પ્રસ્તાવ લાવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વસ્થ અને તંદુરસ્ત સમાજ વિકસિત રાજય અને વિકસિત દેશનું નિર્માણ કરે છે. રાજયના નાગરિકોને પ્રાથમિક તેમજ ઉચ્ચ સ્તરીય આરોગ્ય સુવિધાઓ તેમના ઘરઆંગણે મળી શકે તે માટે ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આરોગ્ય અને તબીબી સુવિધાઓનું એક વિશાળ નેટવર્ક ઊભું કર્યું છે. ખાસ કરીને રાજયના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી ક્ષેત્રોના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં વસતા ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોની આરોગ્ય સુખાકારી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જેના પરિણામે છેલ્લાં ૨૦ વર્ષો દરમિયાન ગુજરાતમાં આરોગ્ય માળખું વધારે મજબૂત બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારના પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો મારફતે ત્રિસ્તરીય આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. રાજયમાં ૯૨૩૧ પેટા કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. જે અન્ય રાજયોની સરખામણીમાં અગ્રીમ હરોળમાં છીએ.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ, દુર્ગમ અને અંતરીયાળ વિસ્તારોના છેવાડાના માનવીને પ્રાથમિક તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. રાજયમાં ગરીબલક્ષી અગરિયા, આદિજાતિ સરહદી વિસ્તાર, સાગર ખેડૂ સર્વાંગી વિકાસ હેઠળ કુ-૯૮ મોબાઇલ હેલ્થ યુનિટ અને ૩૦ અગરિયા વિસ્તારના મળીને ૧૨૮ જેટલા મોબાઇલ કોમ્પ્રિહેન્સીવ હેલ્થકેર યુનિટ પણ મંજૂર કરવામાં આવેલ છે. મહામારી અટકાવવા માટે ગુજરાત રાજયના જાહેર પ્રભાગ દ્વારા પાણીજન્ય રોગચાળો, સિકલસેલ એનિમિયા કન્ટ્રોલ પ્રોગ્રામ, રાષ્ટ્રીય હડકવા નિયંત્રણ કાર્યક્ર, લેપ્ટોસ્પઇરોસિસ નિયંત્રણ કાર્યક્રમ, કલાઇમેટ ચેન્જ હ્યુમન હેલ્થ રાષ્ટ્રીય પ્રોગ્રામ, ટોબેકો નિયંત્રણ કાર્યક્રમ વગેરેનો અમલ કરાવવામાં આવે છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા જુલાઇ-૨૦૨૩માં નેશનલ સિકલસેલ એનિમિયા એલિમીનેશન મિશન-૨૦૪૭ની શરૂઆત કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૬થી સિકલસેલ કન્ટ્રોલ પ્રોગ્રામ ચાલી રહેલ છે જે અંતર્ગત અત્યાર સુધીમાં આદિજાતિ વિસ્તારમાંથી અંદાજિત ૧ કરોડ લોકોનું સ્ક્રીનીંગ પણ કરવામાં આવેલ છે. જેમાં ૭.૧૯ લાખ સિકલસેલ ટ્રેઇટ તથા ૩૧,૭૫૭ સિકલસેલ ડિસીઝના દર્દીઓ મળી આવેલ છે. આ ઉત્કૃષ્ઠ કામગીરી બદલ કેન્દ્ર સરકાર તરફથી રાજયને પ્રાઇમ મિનિસ્ટર એવોર્ડ ફોર એકસલન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન એનાયત કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સબ સેન્ટર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર આરોગ્ય વિષયક સેવાઓના સમન્વયના ભાગરૂપે આયુષ્યમાન આરોગ્ય મંદિરની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ રોગોને અટકાવવાનો તેમજ રોગ વિશે સમાજમાં જાગૃતિ ફેલાવવા માટેનો છે. દરેક વ્યકિતને ગુણવત્તાયુકત અને સાતત્યપૂર્ણ સર્વગ્રાહી પ્રાથમિક આરોગ્ય સારવાર કોઇ તકલીફ વિના એક સમાન રીતે તેમના ઘરની નજીક ૩૦ મિનિટની અંદર જ મળી રહે તે માટે કુલ-૯૮૬૬ આયુષ્યમાન આરોગ્ય મંદિર કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ ૭,૫૩૫ આયુષ્યમાન આરોગ્ય મંદિર ઉપર કૉમ્યુનિટી હેલ્થ ઓફિસરની ભરતી પણ કરવામાં આવેલ છે. ટેલિમેડિસિન અને ઇ-સંજીવની ઓ.પી.ડી. બાબતે ટેલિમેડિસિન અંતર્ગત રાજ્યના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર અને સબ સેન્ટરના કૉમ્યુનિટી હેલ્થ ઓફિસર વીડિયો કન્સલ્ટેશન દ્વારા દર્દીને તજજ્ઞ તબીબની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકે છે. ગુજરાત રાજયમાં હાલમાં કુલ ૧૯ ટેલિમેડિસિન હબ કાર્યરત છે. આ હબ ખાતે સ્ત્રી રોગ નિષ્ણાત, ફિઝિશિયન, બાળ રોગ નિષ્ણાત, જનરલ સર્જન, સ્કિન સ્પેશિયાલિસ્ટ, ડેન્ટલ સર્જન, ઓર્થોપેડિક, રેડિયૉલૉજિસ્ટ, આંખોના ડૉક્ટરની સેવાઓ ઉપલબ્ધ છે. રાજયમાં પ્રતિ દિન આશરે ૧૫,૦૦૦થી વધુ ટેલિકન્સલ્ટેશન થઇ રહ્યા છે. અત્યાર સુધી લાખોની સંખ્યામાં દર્દીઓએ તેની સારવાર પણ લીધી છે.

ઇ-સંજીવની ઓ.પી.ડી.માં દર્દી મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને વીડિયો કૉલના માધ્યમથી તજજ્ઞ ડૉક્ટર સાથે પરામર્શ કરી શકે છે અને ઓનલાઇન પરામર્શ કર્યા બાદ દર્દીને પોતાના મોબાઇલ પર ઇ-પ્રિસ્ક્રિપ્શન પ્રાપ્ત થાય છે. જેના દ્વારા દર્દી નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર ઉપરથી વિનામૂલ્યે દવા મેળવી શકે છે. રાજ્યમાં અત્યાર સુધી ૨૦૪૧ ડૉક્ટરના રજિસ્ટ્રેશન થયેલ છે અને ૧૦ લાખ કરતાં વધુ કૉલ એટેન્ડ થયેલા છે. પરિવાર કલ્યાણ બાબતે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના વિવિધ સૂચકાંકો પૈકી સારું સ્વાસ્થ્ય અને સુખાકારીમાં આપણા રાજ્યનો સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ આવેલ છે. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના અસરકારક અમલના કારણે રાજયમાં માતા મૃત્યુ દર તેમજ બાળ મરણ દરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સરકારી હૉસ્પિટલ, વડોદરા ખાતે માતાનું ધાવણ આપતી સી.એલ.એમ.સી. બેંક કાર્યરત કરવામાં આવેલ છે. જેને દેશમાં સૌ પ્રથમ એન.ક્યુ.એ.એસ. સર્ટિફિકેશન મળેલ છે. મા યોજના એ રાજ્ય સરકારાની સફળ અને લોકોપયોગી મુખ્યમંત્રી અમૃતમ-મા અને મા-વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારીને આ યોજનાને આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સાથે સાંકળી લેવામાં આવી છે. જેમાં પ્રતિ વર્ષ કુટુંબ દીઠ ૧૦ લાખ સુધીની ૨૪૭૧ નિયત કરેલ પ્રોસિજર માટે આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ રાજ્યની ૨૫૦૭થી વધુ હૉસ્પિટલો સંકળાયેલ છે અને યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨.૧૮ કરોડ લાભાર્થીઓની નોંધણી કરીને આયુષ્યમાન કાર્ડ આપવામાં આવેલ છે. રાજ્યમાં ચાલુ નાણાકીય વર્ષમાં ૮.૮૬ લાખ લાભાર્થી દાવા માટે કુલ ૨૪૪૦ કરોડનો લાભ પ્રજાજનોને આપેલ છે. મારે એમાં એક વાત ઉમેરવી છે કે કોઇ એક પક્ષના રાષ્ટ્રીય આગેવાન દ્વારા જ્યારે ચૂંટણીનો માહોલ ચાલતો હતો ત્યારે શાસકપક્ષને જાહેર સભામાં ગાળો ભાંડવામાં આવતી હતી ત્યારે તેના સાથી મિત્રએ કહ્યું કે ''ભાઇ આયુષ્યમાન કાર્ડ હેઠળ તારા હૃદયનું ઓપરેશન મફત કરાવ્યું છે એના કારણે તું ઊભો છું. આયુષ્યમાન કાર્ડના કારણે આપણને જે લાભ મળ્યો એના કારણે તું અત્યારે બોલી રહ્યો છું અને તું શાસકપક્ષને ખોટી ગાળો બોલી રહ્યો છું.'' ત્યારબાદ બધાં જ લોકો અમારી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. તે આયુષ્યમાન કાર્ડને આભારી છે. રાજ્યના મુખ્યત્વે શહેરી વિસ્તારોમાં સેકન્ડરી કેરની આરોગ્ય સંભાળની સેવાઓ પૂરી પાડવા માટે કુલ ૧૦,૪૭૪ પથારીઓની સુવિધા સાથે ૮૭ જેટલી જુદી-જુદી સરકારી હૉસ્પિટલો અને ૪૬૩૪ પથારીઓ સાથે ૧૧૪ જેટલી ગ્રાન્ટ ઇન એઇડ હૉસ્પિટલો કાર્યરત છે. ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા બાબતે ઓછા સમયમાં વિનામૂલ્યે ૨૪ x ૭ પ્રિ-હૉસ્પિટલ સેવા પૂરી પાડતી અને સમગ્ર ગુજરાતમાં જેને મોદી સાહેબની ગાડી કહેવામાં આવે છે એવી સુવિખ્યાત થયેલ ૧૦૮ ઇમરજન્સી એમ્બયુલન્સ સેવા હેઠળ ૮૦૦ એમ્બ્યુલન્સ, ૨ બોટ એમ્બ્યુલન્સ તથા ૧ એર

એમ્બ્યુલન્સની સેવાઓ ઉપલબ્ધ છે. રાજ્ય સરકારે કઠવાડા, અમદાવાદ ખાતે ૧૫ એકરના કેમ્પસમાં આર્ટ ઓફ ઇમરજન્સી રિસર્ચ સેન્ટરની સ્થાપના કરેલ છે અને આ સુવિધા ઊભી કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરું છું. માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ઉદ્યોગ વિષય પર મને જ્યારે બોલવાનો અવસર મળ્યો છે ત્યારે મારે કહેવું છે કે ઉદ્યોગો એ વિકાસનું ચાલકબળ છે. રાષ્ટ્રના ઝડપી અને ટકાઉ વિકાસ માટે ઉદ્યોગ જ વિકાસનો પાયો છે. મારે અર્થ સાથે જણાવવું છે કે દેશનું શાસન જ્યારથી વિકાસ પુરુષ એવા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથમાં આવ્યું ત્યારથી તેમણે નવા ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકો ભારતમાં આવે તેના માટે અનુકૂળ વાતાવરણ અને જરૂરી માળખાકીય સગવડો સાથે કર રાહતો આપીને ઉદ્યોગોને સ્થિર થવાની તક પૂરી પાડી છે. એક સમય એવો હતો કે જ્યારે આપણે સ્વરક્ષણ માટે મોટાભાગના સાધનો માટે બીજા દેશ પર આધાર રાખવો પડતો હતો. આજે શ્રી મોદી સાહેબના સફળ અને વિઝનરી નિર્ણય થકી આપણે તેજસ જેવા નવી પેઢીના વિમાનો બનાવીને સેનામાં સામેલ કર્યા છે. આજે આપણે બ્રહ્મોસ મિસાઇલની નિકાસ કરીએ છીએ. આધુનિક ડ્રોનનું નિર્માણ આપણે ત્યાં થાય છે. કોઇ પણ દેશનો વિકાસ સરકારની નીતિઓના આધારે થતો હોય છે. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ સારી નીતિ બનાવી ઉદ્યોગોનો વિકાસ કર્યો છે. મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, હું પણ એક ઉદ્યોગ જગતમાંથી આવું છું અને સરકારી અને રાષ્ટ્રીય નીતિના આધારે ડિફેન્સ અને એરો સ્પેસ, એર બસ, બોઇંગ જેવા પાર્ટ્સ સપ્લાય કરવાની મને પણ તક મળી છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદૃષ્ટિથી ચાલુ વર્ષે G -20ની ઇવેન્ટ ભારતમાં મળી હતી. જે સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે તે માટે આપણે નરેન્દ્ર મોદી સાહેબના આભારી છીએ. આત્મનિર્ભર ભારતનું સપનું આજે સાકાર થયું જણાય છે માટે હું આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબના સફળ નેતૃત્વને અભિનંદન પાઠવું છું. સ્ટાર્ટ-અપ પૉલિસી અને મેક ઇન ઈન્ડિયાના વિઝનથી આજે દેશ ઉદ્યોગના વિકાસની નવી ઊંચાઇ પર છે. યુદ્ધ વિમાનોના ઉત્પાદન માટે આપણે આગળ વધી રહ્યા છીએ. મોબાઇલ ઉત્પાદન માટે સેમી કંડક્ટર ઉત્પાદન એકમો આપણે ત્યાં ધમધમતા થવા શરૂ થયા છે. દેશનું ગ્રોથ એન્જિન ગણાતાં ગુજરાતમાં પણ આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા ઉદ્યોગોના વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે જે માટે હું ગુજરાત સરકારને પણ અભિનંદન આપું છું. વાઇબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતે કરેલ નવી પહેલથી ઉદ્યોગો માટે ક્રાંતિકારી વાતાવરણનું નિર્માણ કર્યું છે. ધોલેરા સર, સાણંદ તથા બેચરાજી નવા ઉદ્યોગ સ્પોટ તરીકે ખૂબ ઝડપથી ઊભરી રહ્યા છે. ઇકો ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝ, ટુરિઝમ ઓટોમોબાઇલ સેક્ટર, સોલાર ઊર્જા, સેમી કન્ડક્ટર સેક્ટર, રેલવે પ્રોજેક્ટ, પેટ્રોલિયમ સેક્ટર, કૃષિ આધારિત ઉદ્યોગો, પ્રવાસ ઉદ્યોગ, ફાર્મા સેક્ટર જેવા અનેક ઉદ્યોગો માટે ગુજરાત સરકાર સાનુકૂળ નીતિ અપનાવી ગુજરાતમાં ધમધમી રહ્યા છે. હું રાજકોટથી પ્રતિનિધિત્વ કરું છું. રાજકોટનો અમારો ફાઉન્ડરી ઉદ્યોગ પૂરા વિશ્વમાં નિકાસ કરે છે અને ખૂબ મોટા પ્રમાણમાં નિકાસ કરીને હૂંડિયામણ ઉત્પન્ન કરે છે. ઓટો પાર્ટ્સ ઉદ્યોગ, મોરબીના સિરામિક ઉદ્યોગ, દરિયાઇ ક્ષેત્રે મીઠાં ઉદ્યોગ, અંકલેશ્વરનો કેમિકલ ઉદ્યોગ, ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ, સોલાર ઊર્જા અને વિન્ડ એનર્જી જેવા ઉદ્યોગો સાથે મેડિકલ ઉદ્યોગો પણ ખૂબ જ વિકાસ પામ્યા છે. સરકારની સાનુકૂળ નીતિઓના કારણે આ શક્ય બન્યું છે. ગુજરાતનો વિકાસ આજે દેશના વિકાસમાં બહુ મોટો ફાળો આપી રહ્યો છે. રિલાયન્સ અને અદાણી તથા નિરમા જેવા મોટા ગુજરાતી ઉદ્યોગ ગૃહો આજે દેશમાં ડંકો વગાડી રહ્યા છે. રોજગારીની વિપુલ તકોની શક્યતા અને ગુણવત્તાયુક્ત ઉત્પાદને વિશ્વમાં ગુજરાતની શાખ વધારી છે. જે આપણા માટે ગૌરવની બાબત છે. માનનીય રાજ્યપાલશ્રી દ્વારા ગૃહમાં સંબોધન થયું તે આપણા સૌ માટે પ્રેરણાદાયક બની રહેવાનું છે ત્યારે હું આ સંબોધનને સમગ્ર ગુજરાત રાજ્યની પ્રજા વતી આવકારું છું અને હાર્દિક અનુમોદન આપું છું.

**(વિરામ સાંજના ૫.૨૯થી ૬.૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કિરીટસિંહ સ. ડાભી(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રસ્તાવનો માનનીય શ્રી નરેશભાઇ પટેલ આભાર-પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે હું એને મારું સમર્થન જાહેર કરું છું અને મારા વિચારો રજૂ કરું છું. હાલના આપણા વડાપ્રધાનશ્રી અને જે-તે વખતના આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દીર્ઘદૃષ્ટિથી પીવાના પાણી અંગેની વ્યવસ્થા કરી હતી. આ વ્યવસ્થાના ભાગરૂપે આજે આપણા હાલના ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબે તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સલામત અને પીવાનું પર્યાપ્ત પાણી લોકોને મળી રહે એ માટેના પ્રયત્નો કર્યા છે અને આ પ્રયત્નો આજે સફળ થતા જાય છે. સરકારે પાણી પુરવઠા માટે માત્ર ભૂગર્ભજળ પર આધાર નહીં રાખતાં મહદંશે સરફેસ વૉટર પૂરું પાડવા માટેની સરદાર સરોવર કેનાલ તેમજ પાણી પુરવઠા યોજનાઓથી રાજ્ય સરકારના ગામો અને શહેરી વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની દીર્ઘદૃષ્ટિના કારણે લોકોને ઘર-ઘર સુધી પાણી આપવાની યોજના આજે સાર્થક થઇ ગઇ છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભજળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના અંતર્ગત ગામોને સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા અન્ય પાણીના સોર્સ પર આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવા તથા નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત જરૂરિયાતમંદ ગામો, ફળિયા અને જૂથોને પાણી

યોજના સાથે જોડવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. સવારના પહેલા સેશનમાં કોઇ સાથી ધારાસભ્યશ્રીએ એવું કહ્યું હતું કે, 'ધરોઇ ડેમનું પાણી અમારું છે અને આ પાણી બીજા લઇ જાય છે'. ગુજરાતમાં નર્મદા ડેમ બન્યો ત્યારે આવા આક્ષેપો કરનારા લોકોએ નર્મદા ડેમ ઉપર દરવાજા નહીં મૂકવા દેવા માટેના પૂરા પ્રયત્નો કરેલા. નર્મદા ડેમ બન્યા પછી વર્ષ ૨૦૦૦માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન બન્યા પછી તુરત જ નિર્ણય કર્યો હતો અને ડેમના દરવાજા બન્યા પછી આજે કચ્છ સુધી પાણી પહોચ્યું છે. હું તો ધોળકા વિસ્તારમાંથી આવું છું. ધોળકા, ધંધુકા, સાણંદ, વિરમગામ અને દસક્રોઇ તાલુકામાં ફતેવાડી કેનાલ છે અને હાલના કેન્દ્રીય સહકારિતા મંત્રી અને માનનીય શ્રી અમિતભાઇ શાહ સાહેબે નિર્ણય કર્યો કે, નર્મદા કેનાલમાં એનો સમાવેશ કરવો. એનો સમાવેશ કર્યા પછી અત્યારે ખેડૂતોને ફતેવાડી કેનાલમાં પાણીનો વધારે જથ્થો મળવા લાગ્યો. છેવાડાના ગામ સુધી ખેડૂતોને પાણી મળવા લાગ્યું. જેના કારણે ખેડૂતો અત્યારે એકના બદલે બે સિઝનમાં ડાંગરનો પાક લઇ રહ્યા છે. ખેડૂતો પણ ખૂબ સદ્ધર થઇ ગયા છે. જે – તે વખતના આપણા સહકારિતા મંત્રીશ્રી, હાલના કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી રાજ્ય સહકારી બેંકમાં અને ગુજરાતની જિલ્લા સહકારી બેંકમાં પ્રથમવાર ચેરમેન બન્યા ત્યારે એમણે જે-તે બેંકને નુકસાનીમાંથી બહાર કાઢી હતી. એ વખતે ખેડૂતો ૧૬ ટકા, ૧૫ ટકા અને ૧૪ ટકા મંડળીમાં વ્યાજે ધિરાણ લેતાં અને એ ધિરાણનું એટલું બધું વ્યાજ હતું કે જે ખેડૂતો ભરી શકતા ન હતા અને દેવામાં ડૂબી જતા હતા .માનનીય અમિતભાઇ શાહ સાહેબ જયારે પહેલી વાર જિલ્લા સહકારી બેંકના ચેરમેન બન્યા પછી પહેલા જ વર્ષે એમણે રૂ.૧૦૦ કરોડનો નફો કર્યો અને એ રૂ .૧૦૦ કરોડના નફાના કારણે આજે એના પરિણામો મળ્યા છે .ગુજરાત રાજ્યમાં દરેક ખેડૂતો અને જિલ્લા સહકારી બેંકો ખોટમાં જતી હતી એને જિલ્લા સહકારી, રાજ્ય સહકારી અને એપેક્ષ બેંક મારફત એમણે બધી જિલ્લા સહકારી બેંકોને પ્રોફિટમાં લાવતા કરી આજે રૂ .૩ લાખ સુધીનું ધિરાણ ખેડૂતોને મફતમાં મળે છે .આ એમની દીર્ઘદષ્ટિ છે .એવી જ આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, માનનીય અમિતભાઇ સાહેબ અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની જે વ્યવસ્થાઓ છે એના કારણે ગુજરાત રાજ્યમાં અત્યારે ઘરે-ઘરે નળમાં પાણી મળી રહ્યું છે .ગરીબ માણસો માટેની ઘણી બધી યોજનાઓ પણ સરકાર લાવી છે .આયુષ્યમાન કાર્ડ હોય, ગેસના ચૂલા હોય આ બધી યોજનાઓ સરકાર લાવી છે .હમણાં નવી વિશ્વકર્મા યોજના આવી છે .એમાં નાનામાં નાના સમાજને એ યોજનાઓનો લાભ મળી રહે એટલા માટે ૧૮ યોજનાઓ છે . ગુજરાત રાજ્યના એકપણ વ્યકિત કે એકપણ સમાજને એ લાભ ન મળે એવું બને નહીં તે માટે એ યોજનાઓનો લાભ પણ અત્યારે ગુજરાતની જનતા ખૂબ મોટા પ્રમાણમાં લઇ રહી છે .અત્યારે ફોર્મ પણ ભરાવા માંડ્યા છે અને લોકો પોતાની જરૂરિયાતો પૂરી કરવા માંડ્યા છે .પાણી પુરવઠાની વાત કરીએ તો અનુસૂચિત જાતિ વિસ્તારોમાં પણ ગામની આંતરિક પાણી પુરવઠા અમલીકરણમાં વેગ લાવવા માટે અનુસૂચિત જાતિના ૪૦ ટકા કે ૨૫૦થી વધુ વસતિ ધરાવતા ગામને દસ ટકા સુધીનો લોકફાળો માફ કરેલો છે .સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવનારા વર્ષોની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા અને દરિયાકાંઠાના છેવાડાના ગામોને જળ સલામતી પ્રદાન કરવા જુદી-જુદી જગ્યાએ ૨૭ કરોડ લિટરની ક્ષમતા વાળી ટેન્ક બનાવવામાં આવી છે .અત્યારે ગુજરાત રાજ્યના દરેક ગામોમાં ૫૦ હજાર લિટરથી દોઢ લાખ લિટર સુધીની ટાંકીઓ વાસ્મો દ્વારા બનાવવામાં આવી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટસિંહ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અનંતકુમાર હ .પટેલ(વાંસદા : (માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નરેશભાઇ જે રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો પ્રસ્તુત કરું છું .અત્યારે ગુજરાત રાજ્યમાં જુદી-જુદી આવાસની સ્કીમો ચાલી રહે છે તેમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય સ્કીમ, વન બંધુ કલ્યાણમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાઓ, આદિમ જૂથ માટે જન-મનની આવાસ યોજના એવી જ રીતે શહેરી વિસ્તારના લોકો માટે પ્રધાનમંત્રીની શહેરી આવાસ યોજનાની વાત કરવામાં આવી છે .હું આ બાબતે ધ્યાન દોરવા માગું છું કે, જયારે પંડિત દીનદયાળ યોજના જે બક્ષીપંચ અને ઓ.બી.સી .સમાજના લોકો માટે છે તે દરેક વિસ્તારમાં એકસરખી હોવી જોઇએ એવું મારું માનવું છે .એવી જ રીતે વનબંધુ કલ્યાણ યોજનામાં પ્રધાનમંત્રી આવાસ યોજના કે જે આદિવાસી ગ્રામ્ય વિસ્તારમાં લાગુ કરવામાં આવે છે એમાં, એકદમ નાના અને જેમનાથી પોતાનું આવાસ બની શકતું નથી એમના માટેની યોજના હોય છે .આ યોજનામાં મોટાભાગે ૦ થી ૧૭ કે ૨૦ સુધીનો સ્કોર આપવામાં આવે છે .એ આવાસ યોજનામાં એમના દ્વારા મહત્ત્વનો લાભ મેળવવામાં આવે છે .પરંતુ છેલ્લાં વર્ષ ૨૦૦૫ કે વર્ષ ૨૦૦૬થી આર્થિક, સામાજિક મોજણી અટકી ગઇ છે એના કારણે જે તે વ્યકિતને જ આ યોજનાનો લાભ મળે છે. બીજી તરફ શહેરી વિસ્તારની વાત કરીએ તો ત્યાં પણ ગરીબના આવાસો બનાવવાની વાત છે પરંતુ બંને જગ્યાએ અસમાનતા જોવા મળે છે .આપણે જયારે કહીએ છીએ કે એક ભારત શ્રેષ્ઠ ભારત અને સૌનો સાથ સૌનો વિકાસ તેવા સમયે ગ્રામ્ય વિસ્તારોના આવાસો માટે માત્ર રૂ.૧,૨૦,૦૦૦-/આપવામાં આવે છે એની સાથે એને શૌચાલય બનાવવા માટે રૂ.૧૨,૦૦૦/- અને બાથરૂમ બનાવવા માટે રૂ.૫૦૦૦/- આપવામાં આવે છે. જયારે શહેરી વિસ્તારની વાત કરીએ તો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંનેમાંથી રૂપિયા ભેગા કરીને એમને રૂ .૩,૫૦,૦૦૦ -/આપવામાં આવે છે .અહીંયા બંને જગ્યાએ સૌનો સાથ અને એક ભારત શ્રેષ્ઠ ભારત દેખાતું નથી .ગ્રામ્ય વિસ્તારમાં સિમેન્ટના જે ભાવ હોય છે એ જ ભાવ શહેરી વિસ્તારમાં પણ હોય છે . શહેરી વિસ્તારમાં માણસ પોતાનું ઘર બનાવે છે અને ગ્રામ્ય વિસ્તારમાં પણ માણસ જ પોતાનું ઘર બનાવે છે .પરંતુ બંને આવાસો વચ્ચેની રકમમાં ખૂબ અંતર છે .બંનેની આવાસની રકમમાં આસામાન અને જમીનનો ફરક છે ત્યારે મારે આ સભાગૃહમાં રાજ્યપાલશ્રીએ પોતાની જે વાત કરી એના પ્રસ્તાવમાં જો વધારે રકમ જો વધારે રકમ બન્ને જગ્યાએ આપવામાં

આવે, શહેરી વિસ્તારમાં પણ અને ગ્રામ્ય વિસ્તારમાં પણ, તો એવું એક ભારત, શ્રેષ્ઠ ભારત જોઇ શકાય. એવી જ રીતે આપણે જયારે વીજ બિલ પ્રોત્સાહન યોજના શહેરી વિસ્તારમાં જે નગરપાલિકાઓને મળે છે, એવી જ રીતે મોટી ગ્રામ પંચાયતોને પણ વીજળીના મોટા બિલ ભરવા માટે કંઇ ને કંઇ અનુદાન આપવાનું હોય છે અને એ માટે એમને પણ એટલું જ પ્રોત્સાહન આપવાનું હોય છે. શહેરી લોકો પણ એ જ છે અને ગ્રામ્ય લોકો પણ એ જ છે. અત્યારે જનમંચ કાર્યક્રમ કરવામાં આવ્યો. આદિમ જૂથને આવાસો આપવાની વાત કરવામાં આવી, પરંતુ અમારા વિસ્તારની વાત કરીએ તો અમારા વિસ્તારમાં આદિમ જૂથ ખૂબ મોટા પ્રમાણમાં રહેતા હોવા છતાં પણ એમને આવાસો ફાળવવામાં આવ્યા નથી. ચીખલી વિસ્તારની વાત કરીએ તો માત્ર ૧૪ આવાસ, વાંસદા વિસ્તારની વાત કરીએ તો માત્ર ૨૩ આવાસ આપવામાં આવ્યા છે. આદિજાતિના લોકો પોતે ખેતમજૂર છે. એમની પાસે જમીન હોતી નથી. એમની પાસે જમીન ન હોવાને કારણે એ આવાસ બનાવી શકતા નથી. અધિકારીઓ એમની પાસે ૭-૧૨ નો પત્ર માગે છે. તો જ એમના આવાસ બને એવી વાત કરે છે, ત્યારે આદિમ જૂથના લોકોને પણ એમનું આવાસ મળવું જોઇએ. જમીન ન હોવાની વાત હોય ત્યારે આપણે સરકારી રીતે પણ એમને આવાસ માટેની જગ્યા આપવી જ જોઇએ. કેમ કે ગામમાં જો એમની વસતિ નહીં હોય તો ખેતરમાં મજૂરી કોણ કરશે. આ થશે તો એ કરશે પણ અને રહેશે પણ. મોટા ભાગે આદિમ જૂથના પરિવારો રહેતા હોય છે. એ બધા જ પરિવારો ગૌચરની જમીનમાં રહેતા હોય છે અથવા તો ખરાબાની જમીનમાં રહેતા હોય છે, ત્યારે એમના માટે સ્પેશ્યલ જમીન ફાળવવી જોઇએ અને બન્ને જગ્યાએ આવાસો માટે એનો ભાવ સરખો હોવો જોઇએ. જયારે સાડા ત્રણ લાખ રૂપિયા શહેરોમાં આપવામાં આવે તો એટલા જ સાડા ત્રણ લાખ રૂપિયા ગ્રામ્ય વિસ્તારમાં પણ આપવા જોઇએ અને આદિમ જૂથના લોકોને સ્પેશ્યલ જગ્યા એમના ઘર માટેની ફાળવવી જોઇએ એવું મારું માનવું છે. એટલા માટે હું આ પ્રસ્તાવને સમર્થન આપતો નથી.

શ્રી દિવ્યેશભાઇ ૨. અકબરી(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને માનનીય રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં ઉદ્યોગ વિષય ઉપર બોલવાનો મને અવસર મળ્યો છે, ત્યારે મારે કહેવું જોઇએ કે ઉદ્યમ અને ઉદ્યોગનું મહત્ત્વ સમજી શકાય તેવું છે. એ દેશ ઝડપથી અને ટકાઉ વિકાસ કરી શકે. ઉદ્યમ અને ઉદ્યોગ એ જ વિકાસનો પાયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગૌરવ થાય છે કે દેશનું શાસન જયારથી વિકાસ પુરુષ એવા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથમાં આવ્યું ત્યારથી એમણે નવા ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકો ભારતમાં આવે એ માટે સકારાત્મક વાતાવરણ, જરૂરી માળખાકીય સુવિધાઓ, કર દરમાં રાહતો આપી ઉદ્યોગોને સ્થિર થવાની તક પૂરી પાડી છે. સ્ટાર્ટ અપ પોલિસી અને સ્કિલ ઇન્ડિયા વીઝનથી આજે દેશના ઉદ્યોગો વિકાસની નવી ઊંચાઇ પર છે એ વાતથી કોઇ અજાણ નથી. હું આ ગૃહના માધ્યમથી આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબને હાર્દિક અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉદ્યોગોના વિકાસ માટે ખૂબ જ અનુકૂળ માહોલ ઉભો કરીને આપણા મક્કમ અને નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉદ્યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડયું છે. ગુજરાતની વાત કરું તો તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય શ્રી મોદી સાહેબે ગુજરાતમાં વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટ ૨૦૦૩માં શરૂઆત કરી ઉદ્યોગો અને રોકાણકારોને આકર્ષવા જે પ્રયત્ન કરેલો તેના કારણે આજે ગુજરાત એક દેશ હોય એવી ધંધા રોજગારી ખેંચી લાવવામાં સફળ રહ્યું છે. તાજેતરમાં જ આપણે ૧૦મી વાઇબ્રન્ટ સમિટ સફળતાપુર્વક સંપન્ન કરી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૩થી ૨૦૧૯ની સમિટ દરમ્યાન કુલ ૧,૦૪,૮૭૨ પ્રોજેકટો માટે એમ.ઓ.યુ. થયા હતા. નવેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ આ બધી સમિટમાં નોંધાયેલ પ્રોજેકટ પૈકી ૭૨૦૧૮ પ્રોજેકટો ઉત્પાદન માટે તૈયાર થઇ ગયેલ છે અને કાર્યરત છે. ૨૩૩૨ પ્રોજેકટો અમલ હેઠળ છે જેનો સિદ્ધિ આંક જોઇએ તો ૭૦.૯૦ ટકા જેટલો થવા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના અગ્રીમ ઉદ્યોગપતિ અને ગુજરાતી તરીકે ગૌરવ લઇ શકીએ એવા આપણા મુકેશભાઇ અંબાણી દ્વારા તાજેતરમાં ૧૦મી વાઇબ્રન્ટ સમિટમાં પોતાની સ્પીચમાં કહેલ કે માનનીય નરેન્દ્રભાઇ મોદી સૌથી સફળ પ્રધાનમંત્રી છે અને દેશનું ઔદ્યોગિક મૂડીરોકાણ વધે તે માટે તેમના દ્વારા શકય તેટલા તમામ ઔદ્યોગિક ઉદારીકરણ માટે અને વહીવટી મંજૂરી લેવામાં સફળ થયા છે .પરિણામે વિશ્વમાં ભારત અને ગુજરાત વિશ્વ ઉદ્યોગપતિઓ માટે પસંદગીનું મૂડી રોકાણનું હબ બન્યું છે .ગુજરાત ઉદ્યોગકારો માટે પ્રવેશદ્વાર બની ગયું છે તેમજ જામનગર ખાતે ૫૦૦૦ એકર ઉપર ધીરુભાઇ અંબાણી ગ્રીન એનર્જી ઇન કોમ્પલેકસનું નિર્માણ કરવામાં આવનાર છે તેમજ રીન્યુએબલ એનર્જી અને કૃષિ ઉદ્યોગ સાથે સંકળાયેલ સેકટરો માટે પણ વિશ્વ ઉદ્યોગપતિઓ દ્વારા મૂડીરોકાણ કરવામાં આવશે જેના લીધે માનનીય વડાપ્રધાનશ્રીના વિઝન વિકસિત ભારત સન ૨૦૪૭ નિશ્ચિતપણે ભારત વિશ્વની પ્રથમ ઇકોનોમી બનશે એ અમને ખાતરી છે .હાલના બજેટમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે અનેરા આયોજનોનો જે સમાવેશ કરવામાં આવ્યો છે તેની ટૂંકી ઝલક આપને આપું તો ટેકસ્ટાઇલ ઉદ્યોગને પ્રોત્સાહિતરૂપે રૂ.૧૬૦૦ કરોડની જોગવાઇ કરેલ છે ત્યારે વર્ષ ૨૦૧૯ની અંદર ટેકસ્ટાઇલ પોલિસીને પણ આપણે યાદ કરવી પડે .જેમાં વ્યાજ સહાય, પાવર ક્રેડીટ સહાય તથા ટેકસ્ટાઇલ સહાયનો સમાવેશ કરી છેલ્લા ૫ વર્ષની અંદર ૮હજાર કરોડથી વધુ સહાય ચૂકવીને આ ઉદ્યોગોને મોટું પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે જેના કારણે ખેડૂતોને પણ કપાસના ખૂબ જ સારા ભાવો મળતા થયા છે અને જગતના તાતના ઘરે પણ આ યોજનાથી ખુશીની લહેર આવી છે .લઘુઉદ્યોગ

એમ.એસ.એમ.ઇ.ને પણ આત્મનિર્ભર ગુજરાતની નીતિ અંતર્ગત રૂ.૧૫૫૦ કરોડની જોગવાઇ કરેલ છે .હું પણ બ્રાસ સિટી તરીકે ઓળખાતા જામનગર શહેરમાંથી આવું છું જયાં અમારા બ્રાસ ઉદ્યોગનો સમાવેશ એમ.એસ.એમ.ઇ.માં થાય છે પરંતુ ખુશીની વાત એ છે કે છેલ્લા ઘણા સમયથી અમારા બ્રાસ ઉદ્યોગના નાના ગણાતા બ્રાસનું રીસાઇકલીંગ કરતા ઉદ્યોગો આજે પણ આઇ.પી.ઓ .બહાર પાડે છે અને જનતાના મૂડીરોકાણથી ખુદને આત્મનિર્ભર બનાવવા સક્ષમ બની રહ્યા છે .ગુજરાત સરકારની આ પ્રકારની નીતિઓને કારણે ઔદ્યોગિક ક્ષેત્રોમાં ગુજરાતને મીની જાપાન તરીકે ઓળખ મળી છે .ઉદ્યોગ વસાહતની વિકાસની વાત કરીએ તો ગુજરાતની અંદર હાલ ૨૪૦ જી.આઇ.ડી.સી .કાર્યરત છે તથા અનેક પ્રાયવેટ એસ્ટેટ પણ દરેક સિટીમાં ડેવલપ થઇ રહ્યા છે .આ ઔદ્યોગિક વસાહતોમાં અંદાજીત ૧ લાખ ૩૦ હજારથી વધુ એકમો કાર્યરત છે જેના કારણે એક કરોડ આસપાસના લોકોને રોજગરી મળી રહી છે .૨૫ લાખ જેટલા યુ.પી .બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ વગેરે પ્રરપ્રાંતથી આવેલા કર્મચારીઓને પણ રોજગારી ગુજરાત ઉદ્યોગ પૂરો પાડી રહેલ છે .ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલ માટે માળખાકીય સગવડો ઉભી કરવા માટે ડીપ સી પાઇપલાઇન નાખવા માટે પણ આ બજેટની અંદર ૪૪૦ કરોડની જોગવાઇ કરી છે .જે આપણી આ સરકારની ઉમદા નીતિમાં પ્રગટ થાય છે .ટ્રાન્સપોર્ટેશન સરળતાથી થાય તે હેતુ અને ઉદ્દેશથી ગતી કાર્ગો ટર્મીનલ રફાળેશ્વર અને અમારા બેડી પોર્ટના વિકાસ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે તેના માટે પણ અમે નાણામંત્રી અને મુખ્યમંત્રીનો આભાર માનીએ છીએ. ગુજરાતનો વિકાસ એ દેશના વિકાસમાં બહુ મોટો ફાળો આપી રહેલ છે. રિલાયન્સ, અદાણી, નિરમા, ઝાયડસ જેવા વિવિધ મોટા ગુજરાતી ઉદ્યોગ ગૃહો આજે દેશમાં ડંકો વગાડી રહ્યા છે. રોજગારીની વિપુલ તકો અને ગુણવત્તાયુકત ઉત્પાદને વિશ્વમાં ગુજરાતની શાખ વધારી છે જે આપણા સૌ માટે ગર્વની વાત છે. માનનીય રાજયપાલશ્રીએ આ ગૃહને સંબોધન કરેલ છે તે આપણા સૌ માટે પ્રેરણાદાયક બની રહેવાનું છે ત્યારે હું આ સંબોધનને સમગ્ર ગુજરાત રાજયની પ્રજાવતી આવકારું છું અને હાર્દિક અનુમોદન આપું છું. જય જય ગરવી ગુજરાત. જય શ્રી રામ.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી વિધાનસભાના ચોથા સત્રમાં માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચામાં મહિલા અને બાળ વિકાસ વિષય ઉપર મને જયારે બોલવાનો અસર મળ્યો છે ત્યારે એક મહિલા હોવાને નાતે સરકારશ્રીની મહિલાલક્ષી યોજનાઓ માટે ભારત સરકાર અને રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સ્ત્રી અને શકિત પરસ્પરના પર્યાય એવા બે શબ્દોની ગહનતા, મહાનતા અને સાર્થકતાને પામવા સ્વયં વિશ્વ ચેતના સ્વરૂપ સ્ત્રી શકિતને મારા વંદન.કેન્દ્ર સરકાર દ્વારા નારી શક્તિ વંદન અધિનિયમ અંતગર્ત જાહેર ક્ષેત્રમાં ૩૩ ટકા પ્રતિનિધિત્વ આપવાનો ઐતિહાસિક નિર્ણય કરીને મહિલા સશક્તિકરણને વેગ આપ્યો છે. મહિલાઓને સંરક્ષણ ક્ષેત્રે અને કેન્દ્રિય મંત્રી મંડળમાં પણ વિશેષ સ્થાન પ્રદાન કરવામાં આવ્યું છે. દેશના નિર્માણમાં પુરુષની સાથે સ્ત્રીનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. બધા જ ક્ષેત્રોમાં મહિલા અગ્રેસર રહી શકે તે માટે આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ નીચે ચાલતી સરકારમાં અનેક યોજનાઓ આ પ્રભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દ્વારા ચાલુ વર્ષે ૬,૮૮૫ કરોડ રૂપિયાની મહિલા અને બાળ વિકાસ વિભાગના વિકાસ માટે આ વખતના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા સુકન્યા સમૃદ્ધી યોજના, ગુજરાત સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના અને તાજેતરમાં નમો લક્ષ્મી યોજનામાં રૂ. ૧,૨૫૦ કરોડ, નમો સરસ્વતી યોજનામાં રૂ.૨૫૦ કરોડ અપાયા. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૫૫.૧૧૪ કરોડનું બજેટ આપવામાં આવ્યું છે. ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક મદદ માટે રૂ.૨,૩૬૩ કરોડ, વ્હાલી દીકરી યોજનામાં રૂ.૨૫૨ કરોડનું બજેટ આપવામાં આવ્યું છે. આવી જ રીતે સરસ્વતી વિદ્યા સાધના, નમોશ્રી જનરક્ષક યોજનાની ભેટ આપી છે. રૂ. ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડ અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ આપી શિક્ષણ પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે. ટેક હોમ રેશન યોજના અંતર્ગત બાળકોને બાળ શક્તિના પેકેટ, કિશોરીઓને પૂર્ણા શક્તિના ૧ કિલોના એવા ૪ પેકેટ પ્રતિ માસ આપવામાં આવે છે. જ્યારે સગર્ભા અને ધાત્રી માતાઓને પ્રતિ માસ માતૃશક્તિના ૧ કિલોના એવા ૪ પેકેટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં એવરેજ ૧૭,૫૧,૨૭૦ લાભાર્થીઓને પૂરક પોષણનો લાભ આપવામાં આવ્યો છે. આપણે સૌએ જોયું છે કે તારીખ ૨૨મી જાનયુઆરી નાં રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ અયોધ્યામાં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનના ગર્ભગૃહમાં મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પેટલને સ્થાન આપી આ દેશની નારી શક્તિનું સન્માન વધાર્યું છે. આપણામાં કહેવત છે કે, જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ થાય છે. માનનીય રાજ્યપાલશ્રી દ્વારા ગૃહમાં જે સંબોધન થયું એ આપણા સૌ માટે પ્રેરકદાયક બની રહેશે. તે માટે હું આ સંબોધનને આવકારું છું અને મારું અનુમોદન આપું છું. મહિલા અને બાળ કલ્યાણના મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાને હું અભિનંદન આપું છું.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના પ્રારંભે મહામહીમ રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભામાં સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્યશ્રી નરેશભાઇ પટેલ જે આભાર

પ્રસ્તાવ લઇને આવ્યાં છે અને માનનીય ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે પ્રસ્તાવને અનુમોદન આપેલ છે તેને હું સમર્થન સાથે મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો બનેલો શબ્દ નથી પરંતુ લાખો કરોડો લોકોના સ્વપ્ના સાકાર કરવાનું સ્થળ છે. ગુજરાતની આ છબી રાતોરાત બની નથી. બે દાયકા પૂર્વ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે સૌનો સાથ, સૌનો વિકાસ સાથે શરૂ કરેલી વિકાસ યાત્રાનું પરિણામ છે. વર્ષ ૨૦૦૩માં બે દાયકા પહેલા વાઇબ્રન્ટ ગુજરાત સ્વરૂપે વાવેલું નાનકડું બીજ આજે વિશાળ અને વાઇબ્રન્ટ વટવૃક્ષ બની ગયું છે. છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે. આ સરકાર દ્વારા માત્ર વિકાસની જ રાજનીતિના મંત્ર સાથે જનસુખાકારીના અને રાજયના વિકાસ માટેના આયોજન કર્યા છે. આ સરકારે માત્ર રાજયની સાડા છ કરોડ જનતાની સુખાકારીની જ ચિંતા કરી છે. મૃદુ, મિતભાષી એવા માનવતાવાદી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં સુશાસન આપીને જે રીતે વિકાસ કર્યો છે એના થકી ગુજરાત દેશના અગ્ર હરોળના રાજય તરીકે વિકાસ પામેલ છે. માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં રાજયના સર્વાંગી વિકાસની સાથેસાથે સર્વસમાવેશક વિકાસની ઝલકનો પોતાના પ્રવચનમાં સમાવેશ કર્યો છે. ગામના છેવાડાના માનવીને પણ તમામ સરકારી યોજનાઓનો લાભ મળી રહે એ રાજય સરકારની નેમ છે. ત્રિસ્તરીય પંચાયતી માળખાને સુદ્રઢ બનાવવા ગ્રામ, તાલુકા, જિલ્લા પંચાયત મકાનોનું નવીનીકરણ, રેકોર્ડોનું મોર્ડનાઇઝેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ગામડાંઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી પગલાં સરકાર લઇ રહી છે. પંચાયતી રાજની વહીવટી કામગીરી વધુ ઊર્જાવાન બનાવવા છેલ્લા ૨ વર્ષમાં પંચાયત વિભાગ દ્વારા વર્ગ-૩ની વિવિધ સંવર્ગની ૧૨૭૮૯ જગ્યાઓ ઉપર નિમણૂક પત્રો એનાયત કરવામાં આવેલ છે. ૧૫મા નાણાપંચ અંતર્ગત પાંચ વર્ષમાં ૨૦૨૫-૨૬ સુધીમાં રાજયને કુલ રૂ.૧૫૬૫૦ કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે જે પૈકી રાજય સરકાર દ્વારા અત્યાર સુધીમાં મળેલ રૂ.૯૨૩૯.૫૦ કરોડની ગ્રાન્ટ પંચાયતોના ખાતામાં જમા કરી દેવામાં આવી છે. જે પૈકી ચાલુ વર્ષે રૂ.૨૨૦૦ કરોડના કુલ ૩૪૦૦૦ જેટલા કામોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરવામાં આવેલા છે. નાણાપંચની ગ્રાન્ટમાંથી થનાર તમામ કામો માટે આયોજન તૈયાર કરવાથી લઇને ચૂકવણી કરવા સુધીની તમામ કામગીરી ઇગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે ઓનલાઇન કરવામાં આવે છે. રાજયની ૧૦૦ ટકા ગ્રામ પંચાયતોને પંચાયત ઘર ઉપલબ્ધ થાય તેવા હકારાત્મક અભિગમ સાથે રાજયની તમામ જર્જરિત ગ્રામ પંચાયતો અને ઘરવિહોણી ગ્રામ પંચાયતોના મકાનોનું બાંધકામ ઝડપથી પૂર્ણ કરવા સત્તાનું વિકેન્દ્રીકરણ કરી ગ્રામ પંચાયત ઘર બનાવવાની તમામ સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપવામાં આવે છે જે અંતર્ગત સન ૨૦૧૬થી ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં કુલ ૫૬૮૮ નવા ગ્રામ પંચાયત ઘરો મંજૂર કરવામાં આવેલ છે જે પૈકી ૩૩૦૮ ગ્રામ પંચાયત ઘર પૂર્ણ થયેલ છે તથા ૧૭૦૭ ગ્રામ પંચાયત ઘરો પ્રગતિ હેઠળ છે. ગ્રામ વિસ્તારોમાં સરકારી યોજનાઓ સહજ રીતે સુલભ થાય તેમજ ગામડાંના લોકોને દૂર સુધી કામગીરી અર્થે જવું ન પડે એ માટે મોટી જૂથ ગ્રામ પંચાયતનું વિભાજન કરી ગ્રામ પંચાયત બનાવવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ આપેલ મંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસને આધાર બનાવીને આપણે સૌ ગુજરાતના વિકાસ માટે પ્રયત્નશીલ રહીએ અને સાડા છ કરોડ ગુજરાતીઓના કલ્યાણ અને સમૃદ્ધિ માટે કટિબદ્ધ બનીએ એ જ અભ્યર્થના સાથે હું રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપી વિરમું છું. ભારત માતા કી જય. જય જય ગરવી ગુજરાત.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને આ સંબોધનની ચર્ચામાં ઉદ્યોગ વિભાગ પર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ શહેર, રાજ્ય હોય કે રાષ્ટ્ર હોય તેની ઉન્નતિમાં ઉદ્યોગનો બહુ મોટો ફાળો હોય છે. આપણે ગુજરાતની વાત કરીએ તો વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં ભૂકંપ આવ્યો અને વર્ષ ૨૦૦૨માં કોમી રમખાણો થયા. વિશ્વ આખું ચિંતા કરતું હતું કે ગુજરાત ક્યારે બેઠું થશે. માનનીય વડાપ્રધાન અને તે સમયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ની સાલમાં લોન્ચ કર્યું અને ગુજરાતની બ્રાન્ડ આખા વિશ્વમાં પ્રસ્થાપિત કરી. એમના પ્રયત્નોથી ગુજરાતમાં મોદીયુગ ચાલુ થયો. તેમની દીર્ઘદષ્ટિથી દરેક સેકટર હોય, આજે ગુજરાતમાં ટુરિસ્ટની કલ્પના થઇ શકતી ન હતી તે ટુરિસ્ટનું બ્રાન્ડિંગ કરી વિશ્વના ટુરિસ્ટો અને દેશના ટુરિસ્ટોને ગુજરાતમાં લાવ્યા. આપણો કપાસ રૂ બનીને બહાર નીકળી જતો હતો. સ્પિનિંગ મિલો લાવ્યા અને તેના માધ્યમથી વેલ્યુ એડિશન થયું. અમારું મોરબી સિરામિક ઉદ્યોગમાં પા-પા પગલી ભરતું હતું તેને ગેસ આપી આજે ભારતનું ૯૨ ટકા અને વિશ્વનું ૮ ટકા સિરામિક મોરબીથી બનીને જાય છે. તેવા બધા જ સેકટરોમાં ૩૬૦ ડિગ્રીએ કામ કરી ગુજરાતને વિશ્વમાં પ્રસ્થાપિત કર્યું. તેમની દીર્ઘદષ્ટિ હતી અને દેશભાવના હતી તેને લઇ મોદી સાહેબને સન ૨૦૧૪માં દેશના વડાપ્રધાન બનાવ્યા. વર્ષ ૨૦૧૪ પછી ભારતમાં મોદીયુગ ચાલુ થયો. તે સમયે દેશમાં અનેક સમસ્યાઓ હતી. આપણું અર્થતંત્ર વિશ્વમાં અગિયારમા નંબરે હતું. છાશવારે આતંકવાદી હુમલા થાય, ભારતની આબરું વિશ્વમાં કવેશ્ચન માર્ક પર હતી. મોદી સાહેબે મજબૂત નેતૃત્વ આપ્યું અને ભારત વિશ્વનું અગિયારમું અર્થતંત્ર હતું તે વર્ષ ૨૦૨૩માં વિશ્વના પાંચમા અર્થતંત્ર પર પહોંચ્યું. તાજેતરમાં જી-૨૦ સમિટ થઇ અને તેમાં વિશ્વના બધા દેશો ભાગ લઇ રહ્યા હતા. વિશ્વને કયાં જવું તેનું કોઇની પાસે વિઝન ન હતું ત્યારે માનનીય વડાપ્રધાન અને વિશ્વનેતા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશ્વને કહ્યું કે, ''વસુધૈવ કુટુંબકમ્'' વન ફેમીલી વન અર્થ, વન ફયુચર. આ સિદ્ધાંત ઉપર જ પૃથ્વી સુખી થઇ શકશે. આખા વિશ્વમાં તે પછી મોદીયુગ ચાલુ થયો.

## માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ એ સતત ચાલતી પ્રક્રિયા હોય છે. આપણે ત્યાં ત્રણ પ્રકારની વ્યવસ્થા હોય છે. અમુક માણસો સમયથી પાછળ ચાલતા હોય છે, અમુક સમય સાથે ચાલતા હોય છે અને અમુક સમયથી આગળ ચાલતા હોય છે. ગુજરાત રાજ્ય એ સમયથી આગળ ચાલતું રાજ્ય છે. તાજેતરમાં જે વાઇબ્રન્ટ ગુજરાત થઇ તેમાં આપણે ૨૦૪૭નું વિઝન આપ્યું છે. સાડાત્રણ ટ્રિલિયનનું લક્ષ્ય આપ્યું છે. બીજા રાજ્ય કે દુનિયા વિચારી ન શકે તે લક્ષ્યાંક આપણે સેટ કર્યું છે. આ સાડાત્રણ ટ્રિલિયનનું લક્ષ્યાંક પૂરું કરવા માટે ૩૬૦ ડિગ્રીએ આપણી સરકાર કામ કરી રહી છે. જય જવાન, જય કિસાનના બે નારા તો દેશમાં ચાલતા હતા. જય જવાન એટલે કે સૈનિક છે તે આપણા દેશની રક્ષા કરતો હોય છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૈનિકોનું બળ વધાર્યું. સૈનિકોને કોઇપણ વસ્તુ જોઇતી હોય, ગોળી જેવી વસ્તુ પણ આપણે ત્યાં ઇમ્પોર્ટ કરવી પડતી હતી. ઉદ્યોગોને પ્રમોટ કરી આજે ડિફેન્સના મોટાભાગના ઉત્પાદનો ગુજરાતમાં અને ભારતમાં થઇ રહ્યા છે. જય જવાન પછી જય કિસાનનો નારો હતો. કિસાન જગતનો તાત કહેવાય છે. કિસાનને મજબૂત કરવાનું કામ મોદી સાહેબે કર્યું છે. આ દેશમાં ઉદ્યોગો માટે કયાંકને કયાંક ઉદાસિનતા હતી. મોદી સાહેબે કહ્યું કે, દેશને આગળ વધારવો હોય અને આપણે કાયમી ઇમ્પોર્ટ કરીશું તો દેશ કયારેય આગળ નહીં વધી શકે. એટલે ઇમ્પોર્ટ ઓછું થાય અને દેશના ઉદ્યોગો મજબૂત થાય તે પ્રકારે જય ઉદ્યોગ સાહસિકનો નારો ચલાવ્યો. આ નારાને ગુજરાતે અને ભારતે વધાવી લીધો. આ દિશામાં પણ ૩૬૦ ડિગ્રીએ કામ કર્યું અને આજે આવા ઉદ્યોગોની ઉન્નતિ થઇ રહી છે. એક-એક માણસમાં રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ થયું છે. આજે દરેક લોકો મારા ગુજરાતની પ્રોડકટ, મારા ભારતની પ્રોડકટ, મારા દેશની પ્રોડકટ પ્રત્યે જાગૃત થયા છે. દરેકના મગજમાં એક નવી ચેતના જાગૃત થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૨મી તારીખે અયોધ્યા ખાતે રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો. ત્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કહ્યું કે, કાલચક્ર બદલાઇ રહ્યું છે. તેમાં વિશ્વને સુખી કરવું હોય તો રામ ભગવાનના સિદ્ધાંતો છે તે અપનાવશો તો જ વિશ્વ સુખી થશે. એટલે કાલચક્ર બદલાવવાની શરૂઆત થઇ છે. આજે આપણે જોઇએ તો બધી ઘટના એવી બનતી જાય છે અને આપણને સૌને પ્રતિતી થાય છે કે, વિશ્વ ઉન્નતિની દિશા તરફ આગળ વધી રહ્યું છે. ત્યારે આપણે સૌ ભાગ્યશાળી છીએ, એવા પ્રદેશમાં એટલે કે ગુજરાતમાં આપણો જન્મ થયો છે ત્યારે તેના વિશે એક વાત કરીને મારું વક્તવ્ય પૂરું કરીશ. અંગ્રેજો વેપાર ઉદ્યોગના માધ્યમથી આખી પૃથ્વી પર છવાયા હતા.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કર્યું તેના માટે આપણા સિનિયર સભ્યશ્રી નરેશભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને કેશાજી ચૌહાણે ટેકો આપ્યો છે એ પ્રસ્તાવને હું પણ મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય વિશે વાત કરવા જઇ રહી છું. મને ખબર છે કે જ્યારે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્ય મંત્રી હતા ત્યારે એમણે ૨ લાખ રૂપિયાની મા અમૃતમ યોજના કેશલેસ યોજનાની શરૂઆત કરી હતી અને આજે આ યોજના આગળ વધીને આયુષ્યમાન ભારત સુધી પહોંચી છે. મને કહેતા આનંદ થાય છે કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ૫ લાખ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી અને ૫ લાખ રૂપિયા આપણા ઉદાર મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તરફથી આ યોજનામાં મળે છે અને આમ, ગુજરાતના લોકોને કુલ ૧૦ લાખ રૂપિયા સુધીની સારવાર આ યોજના દ્વારા પ્રાપ્ત થાય છે. ગુજરાત રાજયમાં કુલ ૨૫૦૦ એવી ખાનગી અને સરકારી હોસ્પિટલો છે જેમાં આ યોજના દ્વારા લોકો મફત સારવાર મેળવી શકે છે. મને ખબર છે કે, જ્યારે કોઇ મધ્યમ વર્ગના ઘરમાં બીમારી આવે ત્યારે એને ખૂબ તકલીફ પડતી હતી અને એ લોકો એવું વિચારતા હતા કે, અમે આ ટ્રીટમેન્ટ નહીં જ કરાવી શકીએ પરંતુ આ યોજના દ્વારા આજે ગુજરાતના દરેક લોકો આ ગંભીર બીમારીમાંથી મુક્તિ મેળવી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરના અસારવા વિધાનસભાની ધારાસભ્ય તરીકે કામ કરું છું, મારા વિસ્તારમાં મેડિસિટી એવી સિવિલ હોસ્પિટલ આવેલી છે આ સિવિલ હોસ્પિટલમાં મને ખબર છે કે, યુ.એન. મહેતા જે વિભાગ છે એમાં કિડની, લિવર, હાર્ટ ટ્રાન્સફરનું ખૂબ મોટું કામ થાય છે અને આ કામ દ્વારા આખા દેશના લોકો અહીં આ સર્જરી કરાવવા આવે છે અને આ સર્જરી માટે આ સ્થળ લોકો માટે વિશ્વાસ પાત્ર બન્યું છે. એજ રીતે સિવિલ હોસ્પિટલમાં કેન્સર વિભાગ પણ આવેલો છે તેમાં જે દર્દીઓ છે તેમને દૂરથી મેઇન હોસ્પિટલ સુધી ન આવવું પડે એના માટે જિલ્લા મથકો પર પણ તેમને માટે કેમો થેરાપીની સિસ્ટમ ઉભી કરવામાં આવી છે અને દર્દી ત્યાં એની ટ્રીટમેન્ટ લઇ શકે છે. એ જ રીતે મારા વિસ્તારમાં એક કિડની હોસ્પિટલ પણ છે, હું અહીંયા બેઠેલા સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તમે અમારા વિસ્તારની આ કિડની હોસ્પિટલની એક દિવસ મુલાકાત જરૂર લેજો. જ્યારે દર્દી ત્યાં આવે છે ત્યારે એને એવું લાગતું જ નથી કે હું કોઇ સરકારી હોસ્પિટલમાં આવ્યો છું પરંતુ કોઇ સારી પ્રાઇવેટ હોસ્પિટલ હોય એવી આ કિડની હોસ્પિટલ આપણી સરકારે બનાવી છે. ત્યાં રોજ એટલા દર્દીઓ આવે છે, ડાયાલીસીસ થાય છે અને મને કહેતા આનંદ થાય છે કે, આ ડાયાલીસીસ સેન્ટરો તાલુકા સુધી આપણે મૂક્યા છે અને કુલ ૨૭૨ ડાયાલીસીસ સેન્ટરો આપણા ગુજરાત રાજયમાં ચાલે છે. એનાથી વધારે આપણે દર્દીઓની ચિંતા એ પણ કરી છે કે, દર્દી એકલા નથી આવતા એની સાથે એના સગા સંબંધી પણ આવે છે તો એને ૩૦૦ રૂપિયા ભાડું પણ ગુજરાત સરકાર ચૂકવે છે. એજ રીતે હું વાત કરીશ કે કેન્સર વિભાગમાં અત્યારે એચ.વી.પી. નામની એક રસી છે એ રસી મહિલાઓને સર્વાઇકલ કેન્સર ન થાય એના માટે ૯ થી ૧૪ વર્ષની દીકરીઓને આ રસી આપવામાં આવે છે અને આ રસી આપવાથી મહિલાઓને સર્વાઇકલ કેન્સર થતું નથી. હમણા જ આપણા આરોગ્ય મંત્રીશ્રીએ ૪થી ફેબ્રુઆરીએ કેન્સર ડે હતો એ દિવસે વિસનગરમાં એમણે આ રસીનો કેમ્પ કર્યો હતો એમાં ૩૦૦ દીકરીઓને આ

રસી આપવામાં આવી હતી. અહીંયા બેઠેલા દરેક સભ્યોને હું વિનંતી કરું છું કે બધા જ સભ્યોએ પોત પોતાના વિસ્તારમાં દીકરીઓને આવી રસી અપાવવી જોઇએ કારણ કે આનાથી સર્વાઇકલ કેન્સર થતું નથી. બીજી વાત હું ખાસ એ કહીશ કે, સિવિલ હોસ્પિટલની એક મોટી સિદ્ધિ એ પણ છે કે અંગદાન, અંગદાન અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલમાં કુલ ૧૪૨ અંગદાન થયા છે. અંગદાન કરાવવું તે કોઇ સહેલી વાત નથી તેના સગાં-સંબંધીઓને તૈયાર કરવા તે ખૂબ મોટી વાત છે અને આ ૧૪૨ અંગદાન દ્વારા અહીંયા જે લોકોનું અંગદાન કરાવ્યું છે તેને બિરદાવવા માટે આપણા મંત્રીશ્રી ઋષિકેશભાઇ અને આપણા મુખ્યમંત્રીશ્રી પણ ત્યાં જઇ તેના સ્ટાફ અને તેના સગાંને અભિનંદન આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત જરૂર કહીશ કે સિવિલ હોસ્પિટલ પહેલાં કેવી હતી પરંતુ આજે સ્વચ્છતાના કારણે સિવિલ હોસ્પિટલનું આખું ચિત્ર બદલાઇ ગયુ છે અને લોકો ત્યાં ટ્રીટમેન્ટ કરાવતા થયા છે. સિવિલ હોસ્પિટલમાં જે બહેનો ડિલિવરી માટે આવે છે તે બહેનો માત્ર અને માત્ર ગરીબ ઘરની હોય છે પરંતુ સિવિલ હોસ્પિટલમાં સિઝર બહુ ઓછાં પ્રમાણમાં થાય છે અને બહેનોની નોર્મલ ડિલિવરી કરાવવામાં આવે છે. અને તેની સાથે સાથે તેને ઘરે પણ હોસ્પિટલમાંથી ખિલખિલાટ ગાડી દ્વારા મૂકવા માટે જાય છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર જે ગૃહના માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને જેને કેશાજી ચૌહાણે અનુમોદન કર્યું છે તેને હું પણ મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં હમણાં જ જે સન્માનનીય વડાપ્રધાનશ્રી યુગ પુરુષ એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રામ મંદિરની જયારે પ્રતિષ્ઠા કરી ત્યારે તેમણે જે વાત કરી છે કે, દેવથી દેશ અને રામથી રાષ્ટ્ર માટે જે પ્રકારે આ નવો સમય કાલચક્ર બદલાયુ છે અને જે નવો સમય ચાલુ થયો છે તે પ્રમાણે આપણું ગુજરાત પણ ૨૦૦૧થી માંડી અને આજે વર્ષ ૨૦૨૪ સુધીમાં અનેક પ્રકારની ઉપલબ્ધીઓ હાંસલ કરી શકયો છે. વર્ષ ૨૦૦૧થી પહેલાંનુ જે ગુજરાત અને આજનું ગુજરાત તે રાત અને દિવસ જેટલો ડિફરન્સ આપણા ગુજરાત માટે થયો છે અને તેના માટે અભિનંદનને પાત્ર છે સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કે જેમણે ગુજરાતના મુખ્યમંત્રી બન્યાં પછી ૧૮-૧૮ કલાક સુધી કામ કરી અને ગુજરાતની અંદર જે તકલીફો પડતી હતી, ગુજરાતનો જે સર્વાંગી વિકાસ હતો તે વિકાસ માટે તેમણે અનેક પ્રકારના પગલાં ભર્યા, અનેક પ્રકારની યોજનાઓ લાવી અને તેના કારણે આજે ગુજરાત તે સમગ્ર દેશ માટે નહીં પણ સમગ્ર વિશ્વની અંદર એક રોલ મોડલ તરીકે પ્રસ્થાપિત કરવાનું કામ આ સન્માનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ સાહેબે કર્યું છે અને તેને લઇને તાજેતરમાં આપણું જે વાઇબ્રન્ટ થયું અમૃતકાળનું વાઇબ્રન્ટ સમિટ કરી તેની અંદર પણ આજ દિવસ સુધી ના થયું હોય એ પ્રકારના સો દેશો કરતા પણ વધારે દેશોના રાજકીય મહાપુરુષો ત્યાંના સી.ઓ, કંપનીના ઉધોગપતિઓ તેમણે આવીને અનેક પ્રકારના એમ.ઓ.યુ.પણ કર્યા જેના કારણે ગુજરાતની અંદર વેપાર, ધંધો અને રોજગાર માટેની પુષ્કળ પ્રમાણમાં વિપુલ તકો ઉભી થાય તે પ્રકારનું કામ આજે ગુજરાતની અંદર થયુ છે અને તે જ પ્રકારે જી-૨૦ની અંદર પણ જે પ્રકારે દેશનું સુકાન માનનીય નરેન્દ્રભાઇએ સંભાળ્યું અને સમગ્ર વિશ્વએ શ્રી નરેન્દ્રભાઇને એક રોલ મોડલ તરીકે વિશ્વ નેતા તરીકે પ્રસિદ્ધિ અપાવી અને ભારતની સોળે પ્રકારે ખીલે એ પ્રકારનું કામ કર્યું છે. એ જ પ્રકારે આપણા રાજયપાલશ્રીએ પણ આચાર્ય દેવવ્રતજીએ પણ પ્રાકૃતિક ખેતી માટે કરી અને ગાયથી ખેતી કરી અને સમગ્ર રાજયની અંદર એક સારું ઉદાહરણ પૂરું પાડે એ પ્રકારનું કામ કર્યું છે. એ જ રીતે સહકારીતાની બાબતમાં હમણાં તાજેતરમાં દિયોદરમાં સન્માનનીય આપણા ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમીતભાઇ શાહ સાહેબની આગેવાનીની અંદર સમગ્ર દેશની અંદર એક દાખલો બેસે કે નાનામાં નાનો ખેડૂત પણ સહકારી બેન્કની અંદર, સહકારી મંડળીની અંદર કામ કરે તો તેને પણ શું ફાયદો થાય છે તે દેશની અંદર ત્યાંથી ક્રેડિટ કાર્ડ એક નાનામાં નાના માણસ પશુપાલકને કે જેની પાસે કોઇ જ આવકનું સાધન ના હોય તેને પણ આપવાનું કામ આપણા અધ્યક્ષશ્રી શંકરભાઇ સાહેબ, ઉપાધ્યક્ષ સાહેબશ્રી જેઠાભાઇ સાહેબ તેમની પંચમહાલ બેન્ક, બનાસ બેન્ક અને બનાસ ડેરીના માધ્યમથી કરીને સમગ્ર દેશની અંદર ક્રેડિટ કાર્ડ આપવાની શરૂઆત પણ હમણાં તાજેતરમાં કરી છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ ગૃહને સંબોધન કર્યું છે તે બદલ માનનીય સભ્યશ્રી નરેશભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરી માર્ગ અને મકાન વિભાગની સિદ્ધિઓ રજૂ કરવા માગું છું.

સૌ પ્રથમ મારા પાદરા વિધાનસભાની વાત કરીશ. પાદરા વિધાનસભામાં પાદરા-જંબુસર રોડ કે જ્યાં ઘણા અકસ્માતો થતા હતા. ઘણા વર્ષોથી પાદરા વિધાનસભા મત વિસ્તારની જનતાની માગણી હતી કે આ રોડને ફોર લેન કરવામાં આવે. આ માગણીને ધ્યાને લઇને માનનીય મુખ્યમંત્રીશ્રીએ રોડ મંજૂર કરી, રિ-ટેન્ડરિંગ કરી તેનું ખાતમૂહુર્ત ગણતરીના દિવસોમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવાનું છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર છે. સાથે પાદરા વિધાનસભા મત વિસ્તારમાં રોડ રિ-સર્ફેસિંગ માટે રૂ.૧૪.૮૭ કરોડની ગ્રાન્ટ આપવા બદલ પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર માનું છું. ગુજરાતના વિકાસ માટે માર્ગ અને મકાન વિભાગ ખૂબ જ અગત્યનો છે. પહેલાં કોંગ્રેસની સરકારમાં ગુજરાતમાં રોડ નહોતા. રોડમાં ખાડા કે ખાડામાં રોડ એ જ નક્કી ના કરી શકાય એવી પરિસ્થિતિ ગુજરાતની હતી. આજે સમગ્ર ગુજરાતમાં નાના ગામ સુધી પણ ડામરના રોડ પહોંચી ગયા છે. આજે ગુજરાતની બહાર જઇએ તો તરત જ આપણને અનુભૂતિ થાય કે આપણે વિકાસશીલ ગુજરાતની બહાર આવ્યા છીએ અને સૌથી સારો વિકાસ હોય તો એ આપણા ગુજરાતમાં છે. એક

કહેવત છે કે ''કરેલા કર્મો તો અહીંયા જ ભોગવવાના છે.'' જેવી રીતે કોંગ્રેસે ગુજરાતને ખાડામાં નાંખ્યું હતું આજે એ જ કોંગ્રેસ ખાડામાં જઇને બેઠું છે અને જેટલા વર્ષો ગુજરાતને વિકાસથી દૂર રાખ્યું છે એટલા વર્ષો તો કોંગ્રેસ આ ગુજરાતથી દૂર જ રહેવાનું છે એની અનુભૂતિ પણ ગુજરાતની જનતાએ કરાવી દીધી છે. (અંતરાય) પહેલાં તો કદાચ ૫૬ સીટની લક્ઝરી બસમાં બેસતું હતું. હવે વર્ષ ૨૦૨૭માં સાઇકલ પર પણ નહિ રહે એવું લાગે છે. આ આખું સભાગૃહ ભારતીય જનતા પાર્ટીનું થવાનું છે. રાજ્યના વિકાસ માટે રાજ્યના કુલ ૪૭૦૫ કિ.મી. લંબાઇના ૮૯૩ કામોને રૂ.૮૪૪૩ કરોડની મંજૂરી આપવામાં આવી છે તથા પંચાયત વિભાગના રસ્તાઓના કુલ ૧૦૪૧૯ કિ.મી. લંબાઇના ૩૪૩૨ કામોને રૂ.૪૭૨૬ કરોડની મંજૂરી આપવામાં આવી છે. કુલ ૧૧૧ કિ.મી. લંબાઇને રૂ.૧૮૩ કરોડના ખર્ચે ચાર માર્ગીય કરવામાં આવી છે. કુલ ૧૨૯ કિ.મી. લંબાઇને રૂ.૪૪૯ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળા કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ૩૫ પુલોના બાંધકામ મજબૂતીકરણ રિપેરિંગની કામગીરી રૂ.૩૧૬ કરોડના ખર્ચે પૂર્ણ તથા ૯૨૩ કિ.મી. લંબાઇની રીસરફેસિંગ કામગીરી રૂ.૪૮૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. સૌથી લાંબો દરિયા કિનારો ધરાવનાર આપણા રાજ્યની કોસ્ટલ હોઇવે યોજનામાં પ્રથમ તબક્કામાં કુલ રૂ.૧,૭૭૦ કરોડની રકમનાં ૨૮ કામો હાથ ધરવામાં આવેલ છે. જેમાંથી પાંચ કામો રૂ.૪૮.૬૩ કરોડના ખર્ચે પૂર્ણ તથા રૂ.૧,૧૯૪ કરોડની અંદાજીત રકમના ૨૨ કામો પ્રગતિ હેઠળ છે. આ ગૃહમાં મને મારા વિચારો રજૂ કરવાની તક આપવા બદલ માનનીય અધ્યક્ષશ્રીનો ખૂબ ખૂબ આભાર.

શ્રીમતી ભાનુબેન બાબરિયા**(**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું તે બદલ માનનીય ધારાસભ્ય શ્રી નરેશભાઇ પટેલે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને માનનીય ધારાસભ્ય શ્રી કેશાજીભાઇ ચૌહાણે ટેકો આપ્યો છે તે આભાર પ્રસ્તાવને હું પણ સમર્થન આપું છું. સાથે સાથે આ સમર્થનમાં જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેમાં શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, શ્રી રમેશભાઇ કટારા, શ્રી જે. વી. કાકડિયા, શ્રી કનુભાઇ પટેલ, શ્રી કિરીટકુમાર કે. પટેલ, શ્રી રમેશભાઇ ટીલાળા, શ્રી કિરીટસિંહભાઇ ડાભી, શ્રી દિવ્યેશભાઇ અકબરી, શ્રીમતી કંચનબેન રાદડીયા, શ્રી લક્ષ્મણજીભાઇ ઠાકોર, શ્રી પ્રકાશભાઇ વરમોરા, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શ્રી ચૈતન્યસિંહ ઝાલા તેમજ સામેના પક્ષમાંથી શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી અરૂણભાઇ અને શ્રી માવજીભાઇ દેસાઇએ ચર્ચામાં ભાગ લીધો છે. ગુજરાતનું ગૌરવ, પ્રખર રાષ્ટ્ર ભક્ત, નીડર, સામાજિક સમરસતાના હિમાયતી, વહીવટી કુશળતા ધરાવતા, યુવાનોના પ્રેરણાસ્ત્રોત, માઁ ભારતીના સપૂત એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભારતને દુનિયાના નકશા પર એક અલગ જ ઓળખ અપાવી છે અને આપણા સૌનું નામ વિશ્વમાં ગાજતું કરીને આપણને સૌને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર તેમના નેતૃત્વમાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે. આજે ગુજરાત ઉદ્યોગ, શિક્ષણ, કૃષિ, આરોગ્ય ક્ષેત્ર હોય કે મહિલાઓના સશક્તિકરણની વાત હોય કે યુવાનો, બાળકો, ખેડૂતો, ગરીબોની વાત હોય, સર્વ ક્ષેત્રમાં ગુજરાત વિકાસનું રોલ મૉડલ બન્યું છે. છેવાડાના અંતિમ પગથિયે બેઠેલો વ્યક્તિ અમારું પ્રથમ લક્ષ્ય છે અને એટલે જ પ્રજાના આશીર્વાદથી ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે અને છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના હાથમાં શાસન આપ્યું છે. ગઇકાલે હું સાંભળતી હતી કે ઘણા બધા વિષયો ઉપર નકલી-નકલી એવી ચર્ચા થતી હતી ત્યારે મને કહેવાનું મન થાય છે કે નકલી-નકલી વાતો કરવાવાળાને આજે પ્રજાએ અસલિયત બતાવી દીધી એ ગૃહમાં આજે સાબિત થઇ રહ્યું છે. શ્રી શંકરભાઇ ચૌધરી સાહેબે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે જ્યારે ગૌરવવંતુ પદ સંભાળ્યું ત્યારે તેમણે તેમના આભાર પ્રવચનમાં ત્રણ બાબતો ઉપર વિશેષ ભાર આપ્યો હતો અને કહ્યું હતું કે દેશ આઝાદ થયો ત્યારે આ દેશ સમક્ષ ત્રણ મુખ્ય પડકારો હતા. આ દેશના લોકોને ભારતના બંધારણે આપેલા મૂળભૂત અધિકારો દેશના નાગરિકો સુધી પહોંચે તેની ચિંતા કરવી. તેમણે બીજી વાત એ વાત કરી હતી કે આ દેશમાંથી સામાજિક અસમાનતા અને પછાતપણું દૂર કરવું. ત્રીજી વાત કરી હતી કે આર્થિક પ્રગતિ એ રીતે હાંસલ કરવી કે પ્રગતિના માપદંડમાં વિકાસની નિશાનીના છેલ્લા પગથિયે બેઠેલા વ્યક્તિની ઉન્નતિ થાય એટલે કે અંત્યોદયની ભાવના સાર્થક થાય. વિકાસ એ ગુજરાતની તાસીર રહી છે. આપત્તિઓને અવસરમાં પલટવાનું સામર્થ્ય ગુજરાતના મિજાજમાં છે. આપણા સરળ અને સૌમ્ય માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સંવેદનાસભર ત્વરિત પગલાં લઇને વંચિતો, મહિલાઓ અને બાળકોની સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા એક પછી એક નક્કર કાર્યો હાથ ધર્યા છે. આજે ગુજરાત આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સૂત્ર સાથે વિકાસને તેજ ગતિથી આગળ વધારી રહ્યું છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે કે, ''છેવાડાનો માનવી પણ પોતાના ઘરની છત્રછાયા હેઠળ શાંતિ, સલામતી અને સુરક્ષા મેળવીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે''.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ટીમ ગુજરાતે આજે ગુજરાતના ખૂણે-ખૂણાનો વિકાસ કરીને ઊંચાઇના શિખરો સર કર્યા છે. ગુજરાતે વિકસિત ભારત-૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલાં લીધા છે. વર્ષ ૨૦૪૭માં આઝાદીની એક સદી તરફ આપણે જઇ રહ્યા છીએ ત્યારે આપણું ભારત સંપૂર્ણ વિકસિત ભારત બને એ દિશામાં આપણી સરકાર કામ કરી રહી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં અનેક લોકો ભાગીદાર થયા અને દેશહિત માટે, દેશના વિકાસ માટે અને આ દેશને વિશ્વગુરુ બનાવવા માટે અનેક લોકોએ સંકલ્પો પણ લીધા છે. હું વાઇબ્રન્ટની વાત કરું તો, એકસમયે વર્ષ ૨૦૦૩માં અમદાવાદમાં વાઇબ્રન્ટ સમિટ મળી હતી એ સમયની પરિસ્થિતિથી આપણે બધા વાકેફ જ છીએ. કચ્છનો ભૂકંપ અને ગોધરાકાંડ જેવી પરિસ્થિતિમાંથી ગુજરાતને કેવી રીતે

બહાર કાઢવું? એ આપણા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ માટે એક ચેલેન્જ હતી. એક પછી એક આફતને અવસરમાં પલટવા માટે તેમણે સૌથી પહેલાં વાઇબ્રન્ટ સમિટની શરૂઆત કરી હતી અને વિશ્વના રોકાણકારોને કહ્યું કે, ''તમે ગુજરાત આવો, ગુજરાતમાં તમારા ઉદ્યોગોને સ્થાપિત કરો'' અને આ માટે તેમણે આમંત્રણ આપ્યું હતું. માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના શબ્દોમાં કહું તો, ''વાઇબ્રન્ટ એ બ્રાન્ડીંગ નહીં, પરંતુ બોન્ડીંગ છે''. વિશ્વના અનેક દેશો આજે ગુજરાતમાં મૂડી રોકાણ કરી રહ્યા છે. આજે આપણું વાઇબ્રન્ટ એ વટવૃક્ષ બની ગયું છે. ''મેરી મિટ્ટી, મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત આ દેશની આઝાદીમાં અનેક વીર શહીદોએ પોતાના જીવની આહુતિ આપી છે. આ વીર શહીદોની યાદમાં ગામડે-ગામડે શિલા ફલકમ્ બનાવવામાં આવી. આપણી આ ભારતભૂમિ આપણી માતા છે. સમગ્ર વિશ્વમાં ભારત એક એવો દેશ છે જ્યાં ભૂમિને માતા કહેવામાં આવે છે અને એટલે જ આપણે 'ભારતમાતા' કહીએ છીએ. આવનારી પેઢીમાં માતૃભૂમિનું ગૌરવ જળવાઇ રહે, આપણા વીર શહીદોની યાદ આપણા વારસામાં રહે અને દેશભક્તિની ખુમારી દરેક પ્રજામાં રહે તે માટે આ કાર્યમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. દિલ્હીમાં અમૃત વાટિકા બનાવવા માટે ૭૫૦૦ કળશમાં દેશના ખૂણે-ખૂણેથી માટી વહન કરીને અમૃત કળશ યાત્રા કાઢવામાં આવી હતી. આ અમૃત ભારતયાત્રા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે. ગ્રામ્ય વિસ્તારમાં જ્યારે કાર્યક્રમો થતા હતા ત્યારે દરેક લોકો માટી હાથમાં લઇને કંઇકને કંઇક સંકલ્પ કરતા હતા અને એ માટી દિલ્હી પહોંચાડવામાં આવી. જ્યારે અહીંથી લોકો અમૃતવાટિકા જોવા જશે ત્યારે આપણને સૌને ગૌરવ થશે. દરેક વ્યક્તિને મનમાં એવો અહેસાસ થશે કે, મારા ગામની માટી આ અમૃતવાટિકામાં આવી છે. આ કામ જો કોઇ કરી શકે તો એ આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ કરી શકે. આદરણીય વડાપ્રધાનશ્રી દ્વારા સશક્ત ભારત માટે મહિલા સશક્તિકરણને પણ વેગ આપવામાં આવ્યો છે. રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓનું પણ પૂર્ણ યોગદાન રહે તે માટે પહેલા સ્થાનિક સ્વરાજ્યમાં ૫૦ ટકા મહિલા અનામત આપવામાં આવી અને તેના પરિણામે, ઘણી બધી જગ્યાએ આજે બહેનો રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહી છે. એ જ રીતે હવે કેન્દ્રમાં નારી શક્તિ વંદન અધિનિયમ આવ્યો છે ત્યારે મને બહેનો માટે કહેવાનું મન થાય છે કે,

**''ક્ષીણ નહીં, અબલા નહીં, નાહીં વહ બેચારી હૈ, ક્ષીણ નહીં, અબલા નહીં,**
**નાહીં વહ બેચારી હૈ, જોશભરા લિબાસ પહને ગર્વસે ચલતી આજ કી નારી હૈ.''**

આ દેશની મહિલાઓને શ્રેષ્ઠ સન્માન આપવા બદલ હું દેશના વડાપ્રધાનશ્રીનો ખૂબ-ખૂબ આભાર માનું છું. તેમણે હંમેશા મહિલાઓની સાથે સાથે દીકરીઓ અને બાલિકાઓની પણ ખૂબ ચિંતા કરી છે. મહિલા સશક્તિકરણની વાત આવી એટલે મારે આ સભાગૃહને હર્ષ સાથે કહેવું છે કે, હમણાં જ તારીખ ૨૪મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઊજવણી આ સભાગૃહમાં કરવામાં આવી. આ ઊજવણી એક અનોખી રીતે કરવામાં આવી ત્યારે દીકરીઓ માટે મારે કહેવું છે કે, **વિધાતાની નવનિર્માણની કળાકૃતિ છે તું, વિધાતાની નવનિર્માણની કળાકૃતિ છે તું, એક દિવસ તો તારા અસ્તિત્વની ઊજવણી કર. જીવન આખું વિતાવ્યું બીજાઓના સપના પૂરા કરવા, જીવન આખું વિતાવ્યું બીજાઓના સપના પૂરા કરવા, એક દિવસ તો તારા સપનાઓને મુક્ત મને ઉડવા દે તું. તારી ઉત્તમ ઉડાન આગળ ગગન લાગે પણ નાનું, તારી ઉત્તમ ઉડાન આગળ ગગન લાગે પણ નાનું, તારી વિશાળ પાંખોની હેઠળ આખું વિશ્વ ધીરતો તું.**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની ૧૩ જેટલી બાલિકા પંચાયતની દીકરીઓ, અમદાવાદ સમરસ કન્યા છાત્રાલયની દીકરીઓ, ગાંધીનગર છાત્રાલયની દીકરીઓ મળીને ૧૮૨ આ સભાગૃહની સભ્યશ્રી બની હતી અને એક કલાક માટે આ સભાગૃહનું સંચાલન કર્યું હતું. તેજસ્વિની વિધાનસભા નામ સાથે આ કાર્યક્રમ કર્યો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ વિધાનસભાના સંયુકત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન થયું હતું ત્યારે એ બાલિકાઓમાં જે પાત્રો ભજવવામાં આવ્યા હતા એમાં મુખ્યમંત્રીશ્રી, વિધાનસભાના અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી અને ધારાસભ્યશ્રીઓ. એ રીતે સંસદીય પ્રણાલિકા પ્રમાણે આ સભાગૃહનું એક કલાક માટે દીકરીઓએ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં આપણા મુખ્યમંત્રી સાહેબશ્રી હાજર રહ્યા હતા અને એમણે દીકરીઓને ભવિષ્ય માટે આશીર્વચન પણ પાઠવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે આપશ્રીએ જે વાત કહી હતી એ વાતને મારે આજે આ સભાગૃહ સમક્ષ દોહરાવવી છે. આપશ્રીએ કહ્યું હતું કે, આ દીકરીઓના સ્વરૂપે માં જગદંબા સાક્ષાત ગુજરાત રાજ્ય અને માનનીય નરેન્દ્રભાઇને આશીર્વાદ આપીને એમ કહેતી હોય એવું લાગે છે કે, હવે આ દેશ અને ગુજરાત રાજ્યની પ્રગતિને કોઇ રોકી શકે એમ નથી. એ દિવસે એક વિશેષ વાત એ પણ હતી કે, એ દિવસે દરેક દીકરી આપણી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ સાડી પહેરીને જ આ સભાગૃહમાં આવી હતી. એ ધોરણ-૯થી અભ્યાસ કરતી દીકરીઓ હતી. પરંતુ આ સભાગૃહમાં આવવું એના માટે ખૂબ જ સન્માનની વાત હતી. એટલા માટે એ દીકરીઓએ સંસદીય પ્રણાલિકાનું પણ એ પ્રમાણે પાલન કર્યું હતું. એ જ દિવસે કોર્પોરેશનમાં જનરલ બોર્ડ મળ્યું. જિલ્લા પંચાયતોમાં સામાન્ય સભા મળી. આમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં એકસાથે ૧૩૦૦ દીકરીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આપશ્રી અને માનનીય મુખ્યમંત્રી સાહેબશ્રીનો ખૂબ સહકાર રહ્યો હતો એ માટે આ ગુજરાત રાજ્યની દીકરીઓ હંમેશ માટે આપની આભારી રહેશે.

અધ્યક્ષશ્રી : વિધાનસભાના મહિલા ધારાસભ્યશ્રીઓ પણ આવીને પ્રેક્ષક દીર્ઘામાં બેઠાં હતા. એમણે પણ દીકરીઓને પ્રોત્સાહિત કરી હતી.

માઘ ૧૭, ૧૯૪૫ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમની સફળતાના ભાગરૂપે મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતમાં એકસાથે તમામ સ્તરે લોકશાહીના સત્રમાં વધુ દીકરીઓ દ્વારા ભાગ લેવાનો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો હતો અને એના લીધે એશિયા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને ઇન્ડિયા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ પણ થયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં તેઓ જયારે મુખ્યમંત્રી હતા ત્યારથી અનેકવિધ યોજનાઓ દીકરીઓ અને મહિલાઓ માટે સાકાર કરવામાં આવી. જેવી કે ચિરંજીવી યોજના, બેટી બચાઓ-બેટી પઢાઓ યોજના, કન્યા કેળવણી રથ, સરસ્વતી સાધના સાઇકલ સહાય યોજના, વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ૧૮૧ અભયમ્, માતા યશોદા એવોર્ડ અને પૂર્ણા યોજના લાવીને મહિલાઓને સ્વનિર્ભર થવા પ્રેરણારૂપ બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતમાં સમાજમાં દીકરીઓની સતત ઘટતી જતી સંખ્યા અન્વયે લોકોમાં જાગૃતિ લાવીને દીકરીઓ પ્રત્યેની સંકુચિત માનસિકતા બદલવા તથા દીકરીઓના જન્મ, શિક્ષણ, સુરક્ષા, સલામતીને પ્રોત્સાહન આપવા આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તેઓ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે બેટી બચાઓ-બેટી પઢાઓ અભિયાન શરુ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં આ ગૃહમાં ઘણા બધા સભ્યો જયારથી આ કાર્યક્રમ શરુ થયો એના સાક્ષી રહ્યાં હશે. એક રાજયના મુખ્યમંત્રી છેવાડાના ગામડામાં જાય, ધોમધખતા તાપમાં જાય અને દીકરીઓના માતા-પિતાને વિનંતી કરે કે હું તમારા આંગણે ભીખ માગવા આવ્યો છું. મારે ભિક્ષામાં કશું નથી જોઇતું. મારે ભિક્ષામાં તમારી દીકરીને ભણાવો અને તમારી દીકરીનું શાળામાં નામાંકન કરાવો એ માટે હું તમારે ત્યાં ભીખ માંગવા આવ્યો છું. મુખ્યમંત્રીશ્રીની સાથે મંત્રીશ્રીઓ, અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ બધા જ સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવવાનું આયોજન કર્યું અને દીકરીઓને બચાવવા માટેની જે વાત કરી, એના લીધે વર્ષ ૨૦૧૯-૨૦ના આંકડા મુજબ આજે દીકરીઓની સંખ્યા ૮૯૦થી વધીને ૯૫૫ સુધી જે વધારો થયો છે એ ખૂબ જ મહત્ત્વની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે અને દીકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે થઇને વ્હાલી દીકરી યોજના અમલમાં મૂકી છે. આ યોજના થકી દીકરીઓના જન્મથી ૧૮ વર્ષ સુધીમાં ૪ હજારથી લઇને ૧ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા કન્યાઓનું શાળામાં ૧૦૦ ટકા નામાંકન થાય. કન્યાઓ શાળામાં આવતી થાય તે માટે કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત કરાવી. ગામે ગામે કન્યા કેળવણી રથનું પ્રસ્થાન કરાવેલ. જેના ફળ સ્વરૂપે આજે ગુજરાતની દીકરીઓ ભણીને આગળ વધી રહી છે અને પોતાના સ્વપ્નોને પણ સાકાર કરી રહી છે. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના શરુ કરાવી હતી તે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૮૫૯૯ વિદ્યાર્થીનીઓને રૂપિયા ૫૫૩ કરોડ ૨૩ લાખની સહાય પણ ચૂકવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી દ્વારા સશક્ત ભારત માટે મહિલા સશક્તિકરણને પણ વેગ આપવામાં આવ્યો છે. આજે તેમના નેતૃત્વમાં એવા એક સમાજનું નિર્માણ થયું છે કે જયાં મહિલાઓ પણ પુરુષની સાથે ખભેખભા મિલાવીને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપી રહી છે.

